ॐ

શ્રી વીતરાગાય નમઃ

# અનુભવપ્રકાશના કિરણો

## (ભાગ–૭)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો)

(પ્રવચન નં. ૧૬૧ થી ૧૮૧)

પ્રકાશક

**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

૫૮૦, જૂની માણેકવાડી,

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ

ભાવનગર-૩૬૪૦૦૧

ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :

- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
- શ્રી ડોલરભાઈ હેમાણી (પૂના) : મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૧૮–૧૨–૨૦૧૫ (પૂજ્ય ભાઈશ્રીની ૮૩મી જન્મજયંતિ)

પ્રત : ૧૦૦

પૃષ્ઠ સંખ્યા : ૪૦૪ + ૮ = ૪૧૨

પડતર કિંમત : ૯૬૬/–

મૂલ્ય : ૨૦/–

લેસર ટાઈપ સેટિંગ :

**પૂજા ઈમ્પ્રેશન્સ**

૧૯૨૪/, ૬, શાંતિનાથ બંગલોઝ,

શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે

ભાવનગર–૩૬૪૦૦૧

ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :

**બુક પબ**

અમદાવાદ

ફોન : ૯૮૨૫૦૩૦૩૪૦

# પ્રસ્તાવના

અનંત કાળથી આ જીવ જન્મ-મરણ તથા તેના અંતર્ગત રહેલા અનેક પ્રકારના દુઃખ ભોગવી રહ્યો છે. અનાદિથી અનેક પ્રકારના સુખપ્રાપ્તિના ઉપાય કર્યા છતાં વર્તમાન દુઃખ વિદ્યમાન છે તે અનુભવગોચર છે. સુખ તથા દુઃખની તાત્ત્વિક સમજણ જીવને નહિ હોવાથી દુઃખમાં જ સુખનો અનુભવ કરી રહ્યો છે. પરંતુ ક્ષણિક, પરાધીન માનેલા સુખમાં તેને ક્યાંય તૃપ્તિ થઈ નથી તથા થતી નથી. અનેક પ્રકારના શુભાશુભ વિકારીભાવમાં પ્રત્યક્ષપણે આકુળતાનો અનુભવ થઈ રહ્યો છે છતાં અજ્ઞાનવશાત્ જીવ ભ્રાંતિથી જ સુખ કલ્પી રહ્યો છે. દોષિત ભાવમાં આકુળતા, મલિનતા, વિપરીતતા હોવા છતાં તેમાં સુખનો અનુભવ મિથ્યાભ્રાંતિથી થઈ રહ્યો છે. ધર્મના નામે અનેક પ્રકારના ધર્મસાધન કર્યા છતાં આજ દિન પર્યંત જીવ ધર્મ નામ સુખથી વંચિત જ રહ્યો છે. આ પ્રત્યેક સંસારીજીવની પરિસ્થિતિ રહી છે. આજે પણ જીવ ધર્મસાધન કરી રહ્યો છે પરંતુ ધર્મ નામ સુખ પ્રાપ્ત થાય છે કે નહિ તેની તપાસ, અંતર ખોજ નહિ હોવાને કારણે ઓઘે ઓઘે ધર્મસાધન કરી ધર્મ કર્યાનું અભિમાન સેવે છે. આવી વિષમ સ્થિતિમાં શ્રીગુરુ એક જ આ જીવને માર્ગદૃષ્ટા બનીને માર્ગ-ઉપાય દર્શાવી શકે છે.

આ કળિકાળમાં અધ્યાત્મયુગ પ્રવર્તક, માર્ગપ્રકાશક, આત્મદૃષ્ટા દિવ્ય વિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ભવ્ય જીવોના તારણહાર બની મહાવિદેહ ક્ષેત્રથી ભરતમાં પધાર્યા. મહાવિદેહમાં પ્રત્યક્ષપણે વિચરી રહેલ શ્રી સીમંધરસ્વામીની ધર્મસભાના એક અદ્વિતીય પુરુષ તથા ભાવિ તીર્થંકરદ્રવ્યે ભરતભૂમિમાં જન્મ લઈને સર્વ ભવ્યોને મોક્ષનો માર્ગ અર્થાત્ સત્ય સુખનો પંથ દર્શાવ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ સુખ તથા દુઃખનું સ્વરૂપ સમજાવ્યું. દુઃખના કારણો તથા સુખના કારણો દર્શાવ્યા. ૪૫ વર્ષ સુધી દિવ્યદેશનાનો અવિરત પ્રવાહ વહાવી ભવ્ય જીવોને પ્રવચનઅમૃતનું પાન કરાવ્યું. તેઓશ્રીનો આ દિવ્યદેશનાનો અનંત ઉપકાર અવિસ્મરણીય છે.

વીતરાગતા એ તેઓશ્રીનો જીવનમંત્ર હતો. ભેદજ્ઞાન એ તેઓશ્રીનો અખંડ જાપ હતો. સમ્યક્ત્વરૂપ અમૃતનું પાન કરીને તેઓશ્રીના શ્રીમુખેથી વહેતી વાણી સાંભળનાર જીવોને અમૃતપાન કરાવી અજરઅમર કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ સોનગઢ-સુવર્ણપુરીમાં નિવાસ કરી અનેક સત્શાસ્ત્રો ઉપર પ્રવચન કરી વીતરાગસુખામૃત કઈ રીતે પ્રગટ થાય તે રહસ્ય ખોલ્યું છે. પોતે

તો સત્‌શાસ્ત્રના રહસ્યને ઘૂંટડા ભરી ભરીને પાન કર્યું જ છે પરંતુ જેઓને પ્રત્યક્ષ દેશનાનો મંગળ અવસર પ્રાપ્ત થયો છે તે સર્વ જીવોએ આ રહસ્યામૃતના ઘૂંટડા ભરી ભરી પીધા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની ધર્મસભાના વિરલ વ્યક્તિત્વના ધારક શાંત તથા ગંભીર એવા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈએ તેઓશ્રીની દિવ્યદેશનાનો લાભ વર્ષો સુધી લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના અનુભવપ્રધાન પ્રવચનોને આત્મસાત કરી પ્રત્યેક વચનમાંથી નીતરતી વીતરાગતાને તથા તદાશ્રિત્ પ્રવાહિત સુખના ઘૂંટડા ભરી ભરી પીધા. તેઓશ્રીને પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પ્રત્યક્ષ સમાગમનો અપૂર્વ લાભ પણ પ્રાપ્ત થયો તથા એકાવતારી પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીના પરિચયમાં રહી તેઓશ્રીના પ્રગાઢ પુરુષાર્થની પરિણતિના દર્શન કર્યા છે. પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના હૃદયમાં પેસી તેમના અંતરંગ ભાવોનો સ્પર્શ કર્યો છે.

આમ આવા નિકૃષ્ટ કાળમાં જ્યાં એક સમ્યગ્દષ્ટિ ધર્માત્માનો યોગ થવો દુર્લભ છે તેવા કળિકાળમાં આ વિરલ પુરુષને ત્રણ-ત્રણ ધર્માત્માઓનો પ્રત્યક્ષ સમાગમ પ્રાપ્ત થયો. આજીવન સંતચરણમાં રહી તેઓશ્રીના અંતેવાસી થઈને રહ્યા. તેઓશ્રીએ ભાવનગર સ્થિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિન મંદિરમાં અનેક સત્‌શાસ્ત્રો ઉપર ધારાવાહી પ્રવચન કર્યા છે. જેમાં તેઓશ્રીને સ્વયંને સ્વાનુભવ થવામાં નિમિત્ત થયેલ, શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત ગ્રંથ શ્રી 'અનુભવ પ્રકાશ' ગ્રંથ ઉપર પણ પ્રવચનો કર્યા છે.

શ્રી દીપચંદજી સાધર્મી તરીકે પ્રસિદ્ધ છે. તેઓ આમેરના રહીશ હતા. પૂજ્ય ભાઈશ્રીના શબ્દોમાં કહીએ તો શ્રી દીપચંદજી સિદ્ધાંતજ્ઞાનના મર્મજ્ઞ હતા. તેઓશ્રીનું અનુભવ સંબંધીનું જ્ઞાન અતિ સ્પષ્ટ, સૂક્ષ્મ તથા નિર્મળ હતું. તેઓશ્રીએ અનુભવ પ્રકાશ, ચિદ્‌વિલાસ, અધ્યાત્મ પંચ સંગ્રહ, આત્માવલોકન આદિ ગ્રંથોની રચના કરી છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર થયેલા પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. અનુભવ પ્રકાશ ગ્રંથમાં પૂજ્ય શ્રી દીપચંદજીએ અનુભવ સંબંધિત અનેક માર્મિક વાતો સરળ ભાષામાં સ્પષ્ટ કરી છે. સ્વાનુભવ કઈ રીતે થાય તે વાત તેઓશ્રી ફેરવી ફેરવીને કહે છે. સચોટ હૃદયસ્પર્શી સિદ્ધાંતને સમજાવવા અપાયેલ દૃષ્ટાંત, તેઓશ્રીની અનુભવકુશળતાને પ્રસિદ્ધ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી અનેક વાર ઇડરમાં નિવૃત્તિ અર્થે ગયેલ છે. ત્યાં જઈ તેઓશ્રીએ અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો કરી અનુભવરસપાન પોતે તો કર્યું, સાથે સાથે જે તેમના સમાગમ અર્થે આવ્યા તેઓ પણ પોતાને ધન્ય અનુભવવા લાગતા. આત્મ-અનુભવ કઈ રીતે થાય, તેની ખોજ કઈ રીતે

કરાય, આત્મ-અનુભવ નહિ થવામાં કયા પ્રકારની ભૂલો રહી જાય છે, તે કઈ રીતે દૂર થાય ઈત્યાદિ અનેક સૂક્ષ્મ વાતોને પ્રવચનમાં સ્પષ્ટ કરી મુમુક્ષુજીવો ઉપર અનુપમ ઉપકાર કર્યો છે. અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો આપતાં તેઓશ્રીનો આત્મા ખીલી ઉઠતો. અનેક રહસ્યને લઈને આવતી વાણીનો પ્રત્યક્ષ અનુભવ કરનાર મુમુક્ષુજીવોના હૃદયપટમાં આજે પણ એ દૃશ્યો તાદૃશ્ય થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રીના અનુપમ ઉપકારને વ્યક્ત કરવા શબ્દો ઓછા પડે છે. એક મરણથી બચાવનાર પ્રત્યે પણ ઉપકારવૃત્તિ જીવોને થઈ આવે છે તો આ તો અનંત જન્મ-મરણથી બચાવનાર મહાપુરુષ, તેમના ઉપકારો કઈ રીતે વિસ્મૃત થાય ! ન જ થાય. પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલ આ પ્રવચનોનો મુમુક્ષુજીવ ઊંડાણથી સ્વાધ્યાય કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરવામાં આવેલ છે. કુલ નવ ભાગમાં આ પ્રવચનો પ્રકાશિત થશે, જેમાં બહારગામ થયેલા પ્રવચનો પણ સમાવિષ્ટ કરવામાં આવશે.

આ મંગલ અવસરે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની તથા શ્રી દીપચંદજીના ચરણકમળમાં કોટિ કોટિ વંદન હો !

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સી.ડીમાંથી અક્ષરશઃ ઉતારી લેવામાં આવેલ છે. જ્યાં જ્યાં અવાજ ખરાબ છે ત્યાં ડોટ મૂકી છોડી દેવામાં આવેલ છે, જરૂર લાગે ત્યાં વાક્ય રચનાની પૂર્ણતા કરવા કૌંસ ભરવામાં આવેલ છે. સંકલન કાર્યમાં પૂર્ણ ચીવટતા રાખવાનો યત્‌કિંચિત્ પ્રયત્ન કરવામાં આવેલ છે. તેમ છતાં કોઈ જગ્યાએ ત્રુટી રહી જવા પામેલ હોય તો શુદ્ધ અંતઃકરણપૂર્વક વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા યાચીએ છીએ. ગ્રંથના ટાઈપ સેટિંગ બદલ મે. પૂજા ઈમ્પ્રેશન્સ, ભાવનગરનો તથા સુંદર મુદ્રણ કાર્ય માટે મે. બુક પબ, અમદાવાદનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ સર્વ જીવો પ્રસ્તુત ગ્રંથનો સ્વાધ્યાય કરી અનુભવપ્રકાશ સંપ્રાપ્ત કરી જન્મ-મરણથી મુક્ત થાઓ, એ જ ભાવના.

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર

## ‘અનુભવપ્રકાશના કિરણો’ ભાગ-૭ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| ડો. મહેશભાઈ અને ડો. ગીતાબેન, મુંબઈ | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રી હીરાલાલ જૈન, ભાવનગર | ૧,૧૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી ચારુબહેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી બેલાબહેન જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| પૂજાબેન ચિદ્રૂપભાઈ દેસાઈ, સુરત | ૧,૦૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| ધારા ઋષભ શાહ, , ભાવનગર | ૧૫૧/- |

# પ્રવચન અનુક્રમણિકા



| પ્રવચન નં. | અનુભવપ્રકાશ પૃષ્ઠ સંખ્યા | પાના નં. |
|---|---|---|
| ૧૬૦. | ૧-૨ | ૦૦૧ |
| ૧૬૧. | ૨-૩ | ૦૨૧ |
| ૧૬૨. | ૩ થી ૬ | ૦૩૯ |
| ૧૬૩. | ૩ થી ૬ | ૦૬૧ |
| ૧૬૪. | ૬ | ૦૭૪ |
| ૧૬૫. | ૬-૭ | ૦૯૫ |
| ૧૬૬. | ૯ | ૧૦૪ |
| ૧૬૭. | ૧૦-૧૧ | ૧૨૪ |
| ૧૬૮. | ૧૧ થી ૧૩ | ૧૪૭ |
| ૧૬૯. | ૧૩ થી ૧૮ | ૧૭૧ |
| ૧૭૦. | ૨ | ૧૯૪ |
| ૧૭૧. | ૫ | ૨૧૨ |
| ૧૭૨. | ૩ | ૨૨૯ |
| ૧૭૩. | ૧૦ | ૨૪૭ |
| ૧૭૪. | ૬ | ૨૬૫ |
| ૧૭૫. | ૧૩ | ૨૮૨ |
| ૧૭૬. | ૧૫ | ૨૯૮ |
| ૧૭૭. | ૧૪-૧૫ | ૩૧૬ |
| ૧૭૮. | ૧૪ | ૩૩૨ |
| ૧૭૯. | ૨૬ | ૩૪૮ |
| ૧૮૦. | ૩૨ | ૩૬૩ |
| ૧૮૧. | ૩૫ | ૩૮૦ |

## શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# અનુભવ પ્રકાશના કિરણો

(ભાગ-૭)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનો

## ઈડરમાં ચાલેલા પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનો

## તા. ૧૩-૬-૧૯૯૦, પાના નં. ૧-૨, પ્રવચન નં. ૧૬૦

'**ગુણ અનંતમય પરમપદ,...**' પરમપદ છે એ અનંત ગુણમય છે. અને શ્રી જિનવર ભગવાનનું જે પદ છે એ પણ અનંત ગુણમય પરમપદ છે. એવું શ્રી જિનવર ભગવાનનું અનંત ગુણમય પરમપદ છે. જિનેશ્વરપદ, ઉત્કૃષ્ટ પદ. '**જ્ઞેય લખત હૈં જ્ઞાનમેં,...**' પરમપદનો ઉપાદેયભૂતપદ એમ પણ એવો અર્થ કરે છે. પરમ ઉપાદેયભૂત એવું પદ તે પરમપદ. '**જ્ઞેય લખત હૈં જ્ઞાનમેં,...**' એવું જે નિજ જ્ઞેય છે એ જ્ઞાનમાં લક્ષગત થાય છે. નીચે અર્થ કર્યો છે.

'**શ્રી જિનવર ભગવાન અનંતગુણમય પરમપદસ્વરૂપ છે. તેઓ નિજસ્થાનમાં સદા અચલ રહ્યા થકા જ્ઞાનમાં જ્ઞેયને જાણે છે.**' '**અચલ સદા નિજસ્થાન.**' એમ પણ થાય એનો અર્થ કે જે સ્વજ્ઞેય છે એ જ્ઞાનમાં લક્ષગત થાય છે કે જે સદાય અચળ નિજ સ્થાનસ્વરૂપ છે. સ્વજ્ઞેય પોતે સદા અચળ નિજસ્થાન સ્વરૂપ છે, સ્વસ્થાનસ્વરૂપ છે એ જ્ઞાનમાં જ્ઞેય થાય છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં જ્ઞેય સહજ જણાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- સહજ જણાય છે. જ્ઞાનમાં જ્ઞેયરૂપ લક્ષગત થાય છે.

'**પરમ દેવાધિદેવ પરમાત્મા, પરમેશ્વર, પરમ પૂજ્ય, અમલ,...**' એટલે મળરહિત. '**અનુપમ,...**' જેની ઉપમા કોઈને આપી નથી

શકાતી. '**આનંદમય, અખંડિત, ભગવાન નિર્વાણનાથને નમસ્કાર કરી શ્રી અનુભવ પ્રકાશ નામનો ગ્રંથ કરું છું,...**' નિર્વાણનાથ એટલે સિદ્ધપદ. એને નમસ્કાર કરી '**શ્રી અનુભવપ્રકાશ નામનો ગ્રંથ કરું છું, જેના પ્રસાદથી પદાર્થનું સ્વરૂપ (યથાર્થ પ્રકારે) જાણી નિજ આનંદ ઉત્પન્ન થાય.**' જેમના પ્રસાદથી એટલે જેમની કૃપાથી. જેમની કૃપાથી પદાર્થનું સ્વરૂપ એટલે સ્વ પદાર્થનું સ્વરૂપ યથાર્થ પ્રકારે જાણી (અર્થાત્) સ્વસન્મુખ થઈને જાણતા. એનું નામ યથાર્થ પ્રકાર છે. સ્વસન્મુખ થઈને જાણતાં નિજ આનંદ ઉત્પન્ન થાય.

પદાર્થ એટલા આનંદસ્વરૂપ છે અથવા એટલા અસીમ આનંદસ્વરૂપ છે, પોતે અગાધ આનંદસ્વરૂપ છે, કે એવું પોતાનું સ્વરૂપ જાણતાં અથવા સ્વસન્મુખ થઈને જાણતાં, સ્વસન્મુખ થતાં, સ્વસન્મુખ જાણનારી પર્યાય આનંદમય થઈ જાય છે. એવું પોતાનું અંગ છે. અંગભૂત છે એકબીજા. મૂળ આનંદની એ ખાણ છે અને આનંદની જે પર્યાય છે, એ બંને એકબીજાના અંગભૂત છે. પર્યાય આમ હતી (-પરસન્મુખ હતી) એ અંગ વિકૃત થતું હતું. આમ (-સ્વસન્મુખ) થઈ તો પોતાના અનંત આનંદને નિહાળ્યો. પોતે આનંદમય થઈ. એવી રીતે આનંદ ઉત્પન્ન થાય છે.

'**પ્રથમ, આ લોક છ દ્રવ્યનો બન્યો છે. તેમાં પાંચ દ્રવ્યથી ભિન્ન...**' જે છ દ્રવ્યનો બનેલો લોક છે એમાં પાંચ દ્રવ્યથી ભિન્ન '**સહજસ્વભાવરૂપ સચ્ચિદાનંદાદિ અનંતગુણમય...**' સત્ નામ સત્તા, શાશ્વતપણું. ચિદ્ નામ જ્ઞાન, દર્શન અને આનંદ વગેરે અનંત ગુણમય ચિદાનંદ આત્મા છે. '**તે (ચિદાનંદ આત્મા) અનાદિના કર્મસંયોગથી અનાદિથી...**' એ આત્માને અને કાર્મણવર્ગણાને બંધ પર્યાયે સંબંધ છે, એક ક્ષેત્રાવગાહ (સબંધ છે) અને એના વિપાક ઉપર જીવની દૃષ્ટિ છે અથવા જીવનું આકર્ષણ છે, ખેંચાણ છે એટલે અનાદિથી તે અશુદ્ધ થઈ રહ્યો છે. અવસ્થામાં મલિનતા પ્રવર્તી રહી છે.

'**તેથી (તેણે) પરપદમાં પોતાને માની પરભાવ કર્યા...**' હવે એનું સ્પષ્ટીકરણ લીધું છે કે એ જે અશુદ્ધ થઈ રહ્યો છે તો એમાં શું કર્યું છે ? કે પોતે પરપદમાં પોતાને માનીને દેહાદિ પરપદમાં, શરીરાદિ પરપદમાં પોતાને માની પરભાવ કર્યા. પરભાવ કર્યા એટલે પરસ્વરૂપે હું. પરપદમાં

પોતાપણું માનીને પરસ્વરૂપે હું, એવા ભાવ કર્યા. અને '**તેથી જન્માદિ દુઃખ સહન કરે છે.**' જન્મ-મરણના સર્વ પ્રકારના દુઃખ સહન કરવાનું એક જ કારણ છે કે પરપદમાં સ્વપણું માન્યું છે અને પરપદમાં સ્વપણું માનતાં પરભાવ થયા વિના રહે નહિ. એટલે આ કારણ છે. જન્મ-મરણ આદિ દુઃખ થવાનું કારણ પરમાં સ્વપણું માનવું એટલું જ છે. પરપદમાં સ્વપણું ગયું ત્યાં અહીં દુઃખ ગયું. સીધે સીધી વાત એ છે.

મુમુક્ષુ :- અહીંયાં જે દુઃખનું વર્ણન છે-જન્મ આદિ એ તો સંયોગિક પ્રતિકૂળતામય દુઃખની વાત છે. જન્મ હોય ત્યારે પ્રતિકૂળતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- આદિમાં બધા પ્રકાર લઈ લેવા.

મુમુક્ષુ :- આમ તો મોટાભાગે સંયોગિક જ ...

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો શું છે કે જીવને જે અશાતાથી પીડા થાય છે અને જે દેહમાં હુંપણું થાય છે, એ દેહમાં હુંપણું અને પીડા આ બંનેનો એવો એક નિયોગ છે, યોગાનુયોગ છે કે જીવ અવશ્ય એથી દુઃખી થાય છે. ખરેખર તો મૂળ કારણ તો દેહમાં હુંપણું છે એ છે. પીડા તો જ્ઞાનનું જ્ઞેય છે ખરેખર. પીડાથી એટલું દુઃખ નથી થતું જેટલું એમાં હુંપણું કરવાથી દુઃખ થાય છે. આ એક તાત્ત્વિક વિષય છે આ સંબંધમાં. દુઃખના વિષયમાં જો કોઈ તાત્ત્વિક વાત હોય તો આ છે. જેમ કે જ્ઞાનદશામાં પણ અશાતા અને પીડા થાય છે. તોપણ જે દેહમાં હુંપણું માનીને મિથ્યાત્વ અવસ્થામાં દુઃખ થાય છે એ પ્રકારે દુઃખ નથી થતું. મુખ્યપણે પીડા જ્ઞાનનું જ્ઞેય બને છે. અને અસ્થિરતાથી જેટલું ખેંચાણ થાય છે એટલું જ દુઃખ થાય છે. એટલે અલ્પ દુઃખ થાય છે. એટલો ફેર પડે છે.

એટલે એમ લીધું છે. '**પરપદમાં પોતાને માની...**' પરપદમાં પોતાને માની '**પરભાવ કર્યા...**' અને પરભાવ કર્યા '**તેથી જન્માદિ દુઃખ સહન કરે છે.**' નહિતર એટલું દુઃખ ન થાય. વધારેમાં વધારે દુઃખ જન્મતી વખતે અને મરતી વખતે છે. પછી જે બધા દુઃખ છે એ એથી નીચી કોટીના છે. બીજાની અપેક્ષાએ. બાકી જે મૂંઝવણનું દુઃખ છે એ સૌથી વધારે છે.

મુમુક્ષુ :- મૂંઝવણ એને કહેવી કે પોતે ઇચ્છા મુજબ ધારે અને ન

થાય એને મૂંઝવણ કહેવી ?

પૂજ્ય ભાઈશ્રી :- અસમાધાન. અસમાધાનના અસંખ્ય પ્રકાર છે. જેમકે એક માણસને અપમાન થયું એટલે આપઘાત કરે. તો એમાં અસમાધાન મુખ્ય કારણ છે. અથવા કોઈ માણસને આબરૂ હતી અને આબરૂ જાય એવી રીતે પ્રસંગ ઊભો થયો. એ સહન ન થાય તો આપઘાત કરે છે. તો મૃત્યુના દુઃખને પસંદ કરે છે પણ પોતાની આબરૂ-કીર્તિ જાય એને પસંદ નથી કરતો. તો એમાં અસમાધાન મોટું કારણ છે. આમ થવું નહોતું જોઈતું ને કેમ થયું ? બસ.

મુમુક્ષુ :- મૃત્યુ કરતાં ઓલાને વધારે મહત્ત્વ આપી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલું મહત્ત્વ આપ્યું. એટલી કલ્પનામાં આવી ગયો પોતે કે મારી આબરૂ ગઈ. એ એક કલ્પના થઈ જીવને. આબરૂ સંબંધીની કલ્પના છે આ. અને એને અસમાધાન એટલું બધું થાય છે કે એને એમ લાગે છે કે બહેતર છે કે હું ન જીવું આ પરિસ્થિતિમાં. બસ, એ અસમાધાનનું દુઃખ છે. મૃત્યુ કરતાં પણ વધારે છે એટલે તે મૃત્યુને પસંદ કરે છે. અને કોઈ જીવો તો એવા મૃત્યુને પસંદ કરે છે કે જેની અંદર ઘણી પીડા થયા પછી મૃત્યુ થાય. જેમકે બળે છે માણસ. એમાં તીવ્ર જ્વલનની વેદના છે, સળગે છે ત્યારે. પછી તો એ સહન ન થાય તો બચાવો બચાવો કરે. પણ એકવાર તો એ પોતાના હાથે પગલું ભરે છે, કદમ ઉઠાવે છે.

'**આવી દુઃખ પરિપાટી પોતાના અશુદ્ધ ચિન્તવનથી થઈ છે.**' '**આવી દુઃખ પરિપાટી...**' એટલે દુઃખની પરંપરા. પરિપાટીનો અર્થ કે આવા અનેક પ્રકારના દુઃખની પરંપરા. '**પોતાના અશુદ્ધ ચિન્તવનથી થઈ છે.**' અશુદ્ધ ચિંતવન એટલે પોતે પોતાને અશુદ્ધપણે ચિંતવ્યો છે સ્વીકારીને. સ્વીકારીને ચિંતવ્યો છે. હું આવો, હું આબરૂવાળો. હું આબરૂવાળો હતો એટલે આબરૂ ગઈ. આબરૂ નહોતી અને આબરૂ જવાનો પ્રશ્ન નથી. હું આબરૂવાળો હતો ને મારી આબરૂ ગઈ. એટલે પહેલેથી પોતાને અશુદ્ધ માન્યો છે. આબરૂવાળો માન્યો એ અશુદ્ધ છે, દેહવાળો માન્યો એ અશુદ્ધ છે, રાગવાળો માન્યો એ અશુદ્ધ છે. એવી (દુઃખ પરિપાટી) પોતાના અશુદ્ધ ચિંતવનથી થઈ છે.

'**(પણ) જો તે પોતાના (સહજ) સ્વરૂપની સંભાળ કરે તો એક**

**ક્ષણમાં સર્વ દુઃખનો નાશ થાય,...**' જેવું પોતાનું અનંત ગુણમય સ્વરૂપ છે એમ જ્યાં સંભાળે અથવા અવિકારી સ્વરૂપ છે એમ સંભાળ લે. અનંત આનંદમય છે એમ સંભાળ કરે. હવે જુઓ ! અહીંયાં એક વિશેષતા શું છે લખનારની-'દીપચંદજી'ની કે જો તે પોતાના સહજ સ્વરૂપની સંભાળ કરે એટલે વિચાર કરે એમ નથી લેતા. સંભાળવું એટલે સમ્હાલવું. સંમાલ ઉપરથી સંભાળ શબ્દ આવ્યો છે.

એટલે શું છે કે જેમ કોઈ માણસ પોતાની મૂળ જાતિ ભૂલીને કાંઈક ખોટું કામ કરતો હોય અને જ્યારે એને એમ લાગે કે અરે..! હું ફલાણો-ફલાણો. તો તરત જ ઓલી વાત છૂટી જાય છે. બીજી કોઈ રીતે ન છૂટે એ આ એક અવલંબન લેવાનો પ્રકાર છે. સંભાળનો અર્થ શું છે ? આધાર લેવો. એટલે વિચારવું શબ્દ નથી લીધો એમણે. જો પોતાના સ્વરૂપની સંભાળ કરે એટલે આધાર લ્યે પોતાના સ્વરૂપનો કે હું કોણ ?

મુમુક્ષુ :- વિચાર કરે તો તો તત્કાલ દુઃખનો નાશ થાય..

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- એક ક્ષણમાં સર્વ દુઃખનો નાશ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- દુઃખનો નાશ થાય એ વિચારથી ન થાય. એ સંભાળથી થાય.

મુમુક્ષુ :- સંભાળમાં તો જોઈને, કોઈ ચીજને જોઈને સંભાળવામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવો પોતાને જોવે છે કે હું આવો. બસ. તે જ ક્ષણમાં દુઃખનો નાશ થઈ જાય.

મુમુક્ષુઃ- એને માટે અવલોકન બહુ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અવલોકન કરે એટલે એ પોતાને જેવો છે એવો પોતાના અવલોકનમાં આવે છે. એક ક્ષણમાં દુઃખનો નાશ થઈ જાય, બીજી ક્ષણ ન લાગે એને. આટલો એકદમ જેને એમ કહીએ કે તત્કાળ લાભપ્રદ ધર્મ છે. તે જ સમયે એનો લાભ થાય છે. બીજો સમય ઉધારીનો નથી કે અત્યારે કામ કરે અને પછી બીજા ક્ષણે એનું ફળ મળે. એવું નથી. જે ક્ષણે પોતે પોતાને સંભાળે છે એ જ ક્ષણે દુઃખનો અભાવ છે. કેમકે...

મુમુક્ષુ :- અવલોકનથી આગળની વાત છે. પ્રતિભાસ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકનમાં શું છે કે સીધું જ્ઞાનથી જોવું. અવલોકન શબ્દનો અર્થ 'દીપચંદજી' તો અનુભવ જ કરે છે. જેમકે 'આત્મ અવલોકન' નામનો એમણે ગ્રંથ કર્યો..

મુમુક્ષુ :- આમ ચર્ચામાં જે અવલોકન શબ્દનો પ્રયોગ થાય છે એ બહુ Preliminary stage ની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આપણે એવી રીતે લઈએ છીએ. આપણે Preliminary stage માં લઈએ છીએ. પણ શું છે કે વિચારથી આગળની વાત છે અને આમાં આધાર લેવાની વાત છે. આધારબુદ્ધિ આવે છે આની અંદર. પોતાને જ્યાં સંભાળે છે ત્યાં હું અનંત આનંદમય છું. દુઃખની ગંધ નથી એમાં. પોતાનું સ્વરૂપ દેખે છે એની અંદર કે હું તો અનંત આનંદસ્વરૂપ જ છું. આટલો અગાધ જેમાં આનંદ ભર્યો છે તો એમાં દુઃખનો પ્રવેશ થઈ શકે એવું નથી અથવા તો દુઃખથી અતિ દૂર એવું આ સ્વરૂપ છે. અથવા આ સ્વરૂપથી દુઃખ અતિ દૂર રહે એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- આગળ લીધું છે સ્વરૂપની સંભાળ. આગળ લીધું છે સ્વરૂપની સંભાળ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. '**જો તે પોતાના (સહજ) સ્વરૂપની સંભાળ કરે તો એક ક્ષણમાં સર્વ દુઃખનો નાશ થાય,...**' એટલે શું છે કે એની વાસ્તવિકતામાં આવવું જોઈએ. જે વાચ્ય છે એની વાસ્તવિકતામાં આવવું જોઈએ.

આ કોઈપણ પ્રકારના દુઃખનો અભાવ થવાનો અમોઘ ઉપાય છે. ખાલી ન જાય. અમોઘનો અર્થ એ છે કે નિષ્ફળ ન જાય એવો ઉપાય છે. કોઈ વખત તો એ દુઃખ મટે અને કોઈ વખત ન મટે એવું નથી. જાય જ છે. મટે જ. મટે જ મટે. એનું કારણ શું છે ? કે સત્તા નથી, જે સુખની સત્તા છે એમાં દુઃખની સત્તા નથી. Accident વખતે Ambulance માં આ ચર્ચા લીધી હતી કે જે શરીરની વેદના છે એમાં જ્ઞાનની સત્તા નથી અને જ્ઞાનમાં જેમાં એ વેદના જણાય છે એમાં વેદનાની સત્તા નથી. વેદના જેમાં જણાય છે એવા જ્ઞાનમાં વેદનાની સત્તા નથી.

મુમુક્ષુ :- વેદના જેમાં જણાય છે એવા જ્ઞાનમાં...

પૂજ્ય ભાઈશ્રી :- એવા જ્ઞાનમાં વેદનાની સત્તા નથી. જેમ આ ચીજ જ્ઞાનમાં જણાય છે તો આની સત્તા જ્ઞાનમાં નથી. બસ, એવી જ રીતે વેદના છે. વેદના એવી જ રીતે છે. જ્ઞાનથી તદ્દન ભિન્ન એવો ભાવ છે. જેને પ્રવેશ નથી અરસરપસમાં એકબીજાનો. વેદનામાં જ્ઞાનનો પ્રવેશ નથી, જ્ઞાનમાં વેદનાનો પ્રવેશ નથી. આમાં જ્ઞાનનો પ્રવેશ નથી, આ જ્ઞાનમાં પ્રવેશ નથી. બસ, એવી રીતે ભિન્ને ભિન્ન છે.

મુમુક્ષુ :- સુખ જે છે એ જ્ઞાનમાં...

પૂજ્ય ભાઈશ્રી :- સુખ છે એ જ્ઞાન અને સુખ અભિન્ન સ્વરૂપે અનુભવાય છે. કેમકે એ એનું રૂપ છે. જ્ઞાનનું જ રૂપ છે સુખ. એટલે જુદું નથી. પોતે પોતાના રૂપથી જુદો નથી. એટલે ભેદનો નિષેધ કર્યો છે કે જ્ઞાનગુણ અને સુખગુણ એનો ભેદ કરીશ નહિ તું. ભેદનો નિષેધ કર્યો. એ બેને જોવા હોય ત્યારે એક અભેદ અભિન્નભાવે જોજે, અભિન્ન વસ્તુએ જોજે, અભેદસ્વરૂપે જોજે. એવી રીતે લીધું છે.

મુમુક્ષુ :- ભેદના એ વિભાવ છે, એનું સ્વરૂપ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- ભેદ પાડવા જતાં, ભેદ કરતા વિભાવ ઉત્પન્ન થઈ જાય છે. કેમકે ભેદ નથી ને ભેદ કરે છે માટે વિભાવ ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- ... લક્ષણથી .. અલગ અલગ છે. દોનોં ગુણોં કો સ્વભાવતત્ત્વ લક્ષણભેદ તો હૈ હી. સત્તારૂપે અલગ નહીં દેખના ચાહિયે. એક સત્તા અલગ કરનેકે લિયે ભેદ નહીં કરના. દોનોં ગુણોં કી અલગ અલગ સત્તા તો હૈ લેકિન એક દ્રવ્ય કે આધાર સે..

પૂજ્ય ભાઈશ્રી :- એક વસ્તુભુત હૈ. એક વસ્તુ કી દોનોં વિશેષતાએં હૈં.

મુમુક્ષુ :- એ તો એમ કહે છે કે ... કે સુખગુણ અલગ હૈ, જ્ઞાનગુણ અલગ હૈ. દોનોં ગુણ અલગ અલગ હૈ, ઉસકી સત્તા અલગ અલગ હૈ. અપન જો વિચારતે હૈં, શાયદ વહ એક ગુણમેં સબ ગુણ કા રૂપ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વહ ભી હૈ. ઔર એક વસ્તુના અવલંબનમાં બેય આવી જાય છે એમ કહેવું છે. અવલંબનનો વિષય ગુણભેદ નથી.

મુમુક્ષુ :- દોનોં ગુણ સ્વતંત્ર હોતે હુએ ભી એક Common આધાર

હૈ. એક ગુણમાં બધા ગુણનું રૂપ આવી જાય છે. જ્ઞાનગુણ તમે લ્યો છો એમાં સુખ ન આવ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- રૂપ તો આવે છે.

મુમુક્ષુ :- અનુભવ મેં, જો અભેદ અનુભવ હોતા હૈ ઉસમેં સબ ગુણ,...

પૂજ્ય ભાઈશ્રી :- જે સ્વભાવની જાતિ છે એ જાતિમાં બંનેનો સમાવેશ છે. જ્ઞાન અને સુખ બંનેનો. પણ જે વિભાવ છે એની જાતિનો સ્વભાવ જાતિમાં સમાવેશ નથી. આ બે વચ્ચે ફેર છે. બે વચ્ચે ફરક છે કે પેલા બે એક જાતિમાં જાય છે. આત્માની જે જાત છે એમાં એક જાતમાં સમાય છે. તો વિભાવ એની જાતમાં નથી સમાતો. આ ફરક છે. બીજું, ગુણભેદ, દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ, ગુણ-ગુણીના ભેદ, આપસઆપસ ગુણમાં ભેદ, આપસઆપસ પર્યાયમાં ભેદ આ બધો જે ભેદનો વિષય છે એ પદાર્થના બંધારણને સમજવા માટે માત્ર જાણવાનો વિષય છે. પછી અવલંબન લેવા માટે એ વિષયને પકડવાનો નથી. બીજું, ભેદથી જ્યારે વસ્તુનું સ્વરૂપ જાણ્યું ત્યારે એની સાથે અભેદતા શું છે એ સહિત જાણ્યું તો જાણ્યું બરાબર છે. એકાંતે ભેદ સમજતા વસ્તુનું સ્વરૂપ એવું એકાંતે ભેદસ્વરૂપ નહિ હોવાથી જ્ઞાનમાં વિપર્યાસ ઉત્પન્ન થાય છે. એટલે ભેદ અને અભેદ અનેકાંતપણે સાથે હોવાથી ભેદને પણ અભેદતા સહિત જ સમજવું એ એની યથાર્થતા છે. ...

અથવા આ તો એક વિજ્ઞાન છે ને ? એટલે વૈજ્ઞાનિક દૃષ્ટિથી જો વિચાર કરીએ તો આંખ છે તે Brain નથી. અને હોજરી છે એ મુખ નથી. એટલે અલગ અલગ અવયવ છે. શરીરના પ્રત્યેક અંગને અવયવ અલગ અલગ હોવા છતાં.. આ તબીબી વિજ્ઞાનનો વિષય છે. આખા શરીરને એના Metabolism જેવું છે પાછું. કે ભિન્નતા હોવા છતાં અભિન્નતા પણ છે. એક માણસને હોજરીમાં પચ્યું નથી તો મોળ આવશે એના મોઢામાં સીધી. એ તો ખાઈ નાખ્યું છે. પછી તો મોઢાને કાંઈ સંબંધ નથી, ગળે ઉતર્યા પછી. પણ જો અહીંયાં Indigestion થયું અને Vomit થવાની તૈયારી થઈ તો પહેલી મોઢામાં મોળ આવશે. હવે Brain ની અંદર એક માણસને કોઈ એવો વિચાર આવ્યો કે આ બહુ દુઃખમય પરિસ્થિતિ છે. તો આંખમાં આંસુ આવવા માંડશે. તો બધા

અવયવો જુદાં હોવા છતાં અનેક રીતે એ એવી રીતે સંકળાયેલા છે કે દરેક પોતપોતાનું કામ કરવા છતાં એકબીજાની એકબીજા ઉપર Effect આવે છે.

માણસને Tension આવે તો ઝાડો-પેશાબ થઈ જાય. કોઈને Vomit પણ થઈ જાય, કોઈને ચક્કર આવવા માંડે. હાથ-પગ કંપવા માંડે. તો એ આખું શરીર છે એને એનું Metabolism કહે છે કે બધા અવયવો જુદાં જુદાં હોવા છતાં પણ પાછું અમુક સંકળાયેલો પણ, એકબીજા સાથે સંકળાયેલી પણ એની અંદર વૈજ્ઞાનિક પરિસ્થિતિ ઊભી છે.

એમ જ્ઞાન તે સુખ નહિ હોવા છતાં, જ્ઞાન સુખ નથી, જ્ઞાનગુણ તે સુખગુણ નથી, છતાં એક વસ્તુની જ બે વિશેષતા હોવાથી અખંડ પદાર્થની એ વિશેષતા છે એ એનું Metabolism છે. એ જો ન ખ્યાલમાં રહે તો જ્ઞાન અને સુખ બે જુદી જુદી વસ્તુ સમજાશે કે જે રીતે વસ્તુનું સ્વરૂપ નથી. વસ્તુનું સ્વરૂપ નથી એ રીતે.

એટલે એ તો બહુ દ્રવ્યાનુયોગની સૂક્ષ્મ સમજણનો વિષય છે. પણ અધ્યાત્મના વિષયમાં તો બહુ સીધી સાદી Line છે. અધ્યાત્મના વિષયમાં સૂક્ષ્મતામાં કદાચ બધા જીવોનો ઉપયોગ નથી જતો પણ સીધી સાદી Line એ છે કે અવલંબન વસ્તુમાં એક વસ્તુભૂત પદાર્થ છે એનું અવલંબન છે. તો ગુણભેદનું સ્થાન ? તો કહે છે, એ જાણવાના વિષયમાં છે. અવલંબન લેવા માટે, આધાર લેવા માટે એ રીતે એનો આદર નથી કરવાનો. આદર તો અભેદતાનો કરવાનો છે. ભેદનો આદર નથી કરવાનો, ભેદ જાણવાનો વિષય છે.

એટલે સ્વરૂપની સંભાળ કરે તો. એમાં અખંડ સ્વરૂપની સંભાળ કરે તો '**એક ક્ષણમાં સર્વ દુઃખનો નાશ થાય,..**' છે. અથવા તત્ક્ષણ સર્વ દુઃખનો નાશ થાય છે. '**જેવું કાંઈ શાશ્વત આનંદમય પરમપદ છે તેને પામે.**' અને જે મૂળ સ્વરૂપ છે શાશ્વત આનંદમય એવા પરમપદ તેને પામે. પામે એટલે અનુભવ કરે. પ્રાપ્ત કરવું, અનુભવ કરવું બેય એક જ વાત છે.

મુમુક્ષુ :- અહીં સ્વરૂપની સંભાળમાં સ્વરૂપનો અનુભવ એ વધારે, અવલોકન કરતાં વધારે Fit થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ કરે એટલે શું છે કે હું આવો છું એમ સંભાળવું છે. હું આમ છું એમ સંભાળવું છે. તો સંભાળ કરતા આનંદની ઉત્પત્તિ થાય છે, અનુભવની ઉત્પત્તિ થાય છે.

હવે '**(એ પદ કાંઈ અન્ય વસ્તુ નથી પણ પોતાનું જ સ્વરૂપ છે.)**' એટલે સ્વપણે એને જોવાય છે. '**તેની સંભાળ કરતાં...**' એટલે પોતાની સંભાળ કરતાં જ '**સ્વરૂપ પ્રાપ્તિ થાય છે,...**' અથવા સ્વરૂપ અનુભવ થાય છે. '**એનો ઉપાય દર્શાવીએ છીએ-**' હવે આટલી વાત સ્થાપી તો છ દ્રવ્યનું સંક્ષેપમાં સ્વરૂપ કહી અને પોતાનો આત્મા ભિન્ન છે એમ લઈ લીધું. આત્મા ભિન્ન છે છતાં અનાદિથી દુઃખી છે એનું કારણ લઈ લીધું. સ્વરૂપ સંભાળે તો એક ક્ષણમાં દુઃખનો નાશ થાય. એમ કહીને એ ઉપાય પણ દુઃખના નાશનો લઈ લીધો.

મુમુક્ષુ :- છ પદાર્થ દેખાડીને પાંચેય પદાર્થને છોડીને એક જ જીવ લીધો.

પૂજ્ય ભાઈશ્રી :- એક ઉપર વાત લઈ લીધી અને એકમાં સુખ-દુઃખનો વિષય લઈ લીધો.

હવે સંભાળ કરતાં જે સ્વરૂપની પ્રાપ્તિ થઈ એમ કહ્યું, અનુભવ થયો એમ કહ્યું તો કહે છે, હવે અનુભવનો ઉપાય દર્શાવીએ છીએ. અનુભવ કેવી રીતે થાય છે એનો માર્ગ, એનો ઉપાય સ્પષ્ટ કરે છે.

'**જે પરિણામ ઊલટી (ગુલાંટ ખાઈ) પરમાં પોતાને માની સ્વરૂપનું વિસ્મરણ કરી રહ્યા છે તે જ પરિણામ સુલટી (સવળા થઈ) સ્વરૂપને પોતારૂપ માની પરનું વિસ્મરણ કરે તો મુક્તિકામિનીનો (મુક્તરમણીનો) કંથ થાય.**' હવે આટલું ટૂંકાણમાં લઈ લીધું.

આમની વિશિષ્ટતા એ છે કે વારંવાર તે સ્વરૂપ પ્રાપ્તિનો ઉપાય કહે છે. અને એટલો બધો સંક્ષેપમાં કહે છે અને છતાં અનુભવપદ્ધતિથી કહે છે. આટલી વિશેષતા છે. અનુભવપદ્ધતિ એ એવી એક પદ્ધતિ છે કે પોતાને પોતાનો અનુભવ કરવાનો હોવાથી અને એમાં અન્ય પદાર્થની સાથે કાંઈ સંપર્ક નહિ હોવાથી વિસ્તારનો વિષય નથી એની અંદર કાંઈ. અનુભવ છે એ પોતે આરાધના છે. અને સ્વયંની આરાધનાનો કોઈ વિસ્તાર કરવાનું કારણ એટલા માટે નથી કે વિકલ્પનો જ્યાં વિસ્તાર નથી તો વાણીનો કેવી રીતે વિસ્તાર કરવો ? વિકલ્પ પોતે જ સંક્ષેપ

પામીને નાશ થઈ જાય છે ત્યારે આરાધના શરૂ થાય છે. એવી એક પોતાની પોતાના સ્વરૂપને વિષે અભિન્ન ભાવની આ પ્રવૃત્તિ છે. તો જેમાં અભિન્નતા છે એનો શું વિસ્તાર કરવો ? ભંગભેદ હોય એનો વિસ્તાર થાય. પણ જેમાં ભંગભેદ સમાપ્ત થઈ જતા હોય એનો શો વિસ્તાર કરો તમે ? અથવા ટૂંકામાં બહુ લઈએ સીધે સીધું.

જે પોતાના પરિણામ છે એ પોતાને ગ્રહી લે છે. અંતર્મુખ થઈને એ ગ્રહણ કરવાની જેમાં ક્ષમતા છે, કુશળતા છે અથવા અનુભવ કરવાની જેને આવડત થઈ, Grip આવી ગઈ છે એ કાર્યની, તો એ તો સંભાળી જ લે છે પોતાને. ફટાક કરતો. બસ ! આમાં વિસ્તાર શું કરવો ? એનો શું વિસ્તાર થાય ? એક તો વાણીનો બહુભાગ વિષય નથી. અને બીજા ભંગભેદનો જેની અંદર ઉત્પાદ નથી. એનો વિસ્તાર શું થાય ? તો એનો વિસ્તાર નથી થતો છતાં એ જ વાતને અવિસ્તારપણે છતાં અનેક જુદી જુદી રીતે એક જ વાતને પોતે રજુ કરે છે. એ ગ્રંથકર્તાની વિશેષતા છે.

મુમુક્ષુ :- આ એક Sentence માં ચાર લીટીમાં આખા જન્મ-રમણનો સાર લઈ લીધો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અરે..! બાર અંગનો સાર લઈ લીધો. અનુભવ તો બાર અંગનો સાર છે. સ્વાનુભવ એટલે ભગવાનના બાર અંગનો સાર.

'**જે પરિણામ ઊલટી...**' એટલે બીજી બાજુ પરસન્મુખ થઈને '**પરમાં પોતાને માની...**' પોતાની હયાતી પરમાં માની. આ દેહાદિમાં. '**સ્વરૂપનું વિસ્મરણ કરી રહ્યા છે...**' સ્વરૂપને ચૂકી જાય, ચૂકી ગયા છે. '**તે જ પરિણામ...**' અનુભવનું કામ તો પરિણામ જ કરશે. '**તે જ પરિણામ સુલટી (સવળા થઈને)...**' સ્વસન્મુખ થઈને, અંતર્મુખ થઈને '**સ્વરૂપને પોતારૂપ માની...**' પોતાનું જે જ્ઞાનાનંદમય સચ્ચિદાનંદમય સ્વરૂપ છે એને પોતા સ્વરૂપે માનીને, સ્વીકારીને '**પરનું વિસ્મરણ કરે...**' છે. પરને ભૂલી જાય છે એ વખતે.

સ્વમાં સ્વપણાનો વિકલ્પ નથી. તેથી અપેક્ષિત એવું જે પર. સ્વની અપેક્ષાએ પર છે ને ? નહિતર તો જે વસ્તુ છે એ છે. પરનું વિસ્મરણ છે એમાં. '**તો મુક્તિકામિનીનો કંથ થાય.**' બસ !

અબંધભાવ થઈ ગયો. અબંધ પરિણતિનો સ્વામી થયો. બહુ સરસ શૈલી જે એમની છે એ ઘણી સરસ શૈલી છે ! ભાષા છે એ Theory છે, It self definition છે. પણ અનુભવની ભાષા છે, અનુભવને વ્યક્ત કરતી અનુભવપૂર્ણ અનુભવ પદ્ધતિવાળી ભાષા છે એ વિશેષતા છે એની.

મુમુક્ષુ :- પોતે જે અનુભવી રહ્યા છે એ જ કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવને જ વ્યક્ત કરે છે. એટલે એમની ભાષાની અંદર અનુભવપ્રધાનતા છે.

હવે પોતે પ્રશ્ન ઉઠાવે છે કે '**એવા પરિણામમાં કાંઈ ક્લેશ તો નથી...**' એમાં કાંઈ દુઃખ તો જીવને થતું નથી. જેમાં સવળો થયો અને સ્વરૂપને પોતાના સ્વરૂપે માનતા આનંદ ઉત્પન્ન થયો, આનંદમય દશાની પ્રાપ્તિ થઈ એમાં કાંઈ ક્લેશ તો નથી. તો એવા પરિણામ કેમ કરતો નથી જીવ ? આ આત્મા એવા પરિણામ શા માટે નથી કરતો ? જ્યારે એમાં ક્લેશ નથી અને સુખ ને આનંદ ને શાંતિ છે તો શા માટે જીવ એવા પરિણામ કરતો નથી ? આ પ્રશ્ન ઉઠાવ્યો છે પોતે.

'**સમાધાન :- અનાદિકાળથી (આ જીવ) અવિદ્યામાં (મિથ્યાત્વમાં) પડ્યો છે.**' અવિદ્યામાં પડ્યો છે એટલે શું છે કે એનું જે જ્ઞાન છે એ વિપરીત કામ કરી રહ્યું છે. પોતે મહા દેવાધિદેવ છે. છતાં અવિદ્યાને લઈને એણે એમ માન્યું છે કે હું એક જગતનો જંતુ છું. હું એક જગતનો જંતુ છું. આ એની અવિદ્યા છે.

મુમુક્ષુ :- અપને કો પરમાત્મા નહિ ગિનકર જંતુ માનતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- જંતુ માને છે. છે પરમાત્મા. હું એક જગતનો જંતુ છું. હું તો એક સાધારણ પ્રાણી. મારે ભૂખ લાગે ત્યારે ખાધા વિના ચાલે નહિ, તૃષા લાગે ત્યારે પાણી પીધા વિના ચાલે નહિ. શ્વાસોશ્વાસમાં હવા વિના ચાલે નહિ. અને બીજી નાની મોટી હજારો ચીજ વિના મને ચાલે નહિ. એટલે પોતાને જંતુ માની લીધો છે. શુદ્ર પ્રાણી. શુદ્રતા ઘણી છે.

મુમુક્ષુ :- દેહદેવળમાં બિરાજમાન પરમાત્માને ભૂલીને દેહદેવળને જ પરમાત્મા માની લીધો.

પૂજ્ય ભાઈશ્રી :- દેહસ્વરૂપે જ માની લીધો પોતાને.

'**અનાદિકાળથી (આ જીવ) અવિદ્યામાં (મિથ્યાત્વમાં) પડ્યો છે.**

**મોહની ગાંઠ નિબિડ (નિવડ) પડી છે.**’ એમ સાધારણ નથી. નિવિડ એટલે ઠોસ. છૂટે નહિ એવી કઠણ. ‘**મોહની ગાંઠ નિબિડ (નિવડ) પડી છે. આત્મા અને પરનું એકત્વસંધાન થઈ રહ્યું છે.**’ આત્મા અને પરપદાર્થ એ તો મુખ્ય તો પુદ્ગલ સાથે છે. બીજા ચાર સાથે તો કાંઈ સંબંધ નથી. ‘**આત્મા અને પરનું એકત્વસંધાન થઈ રહ્યું છે.**’ એટલે એકમેકપણે તન્મય થઈને અનુભવ થઈ રહ્યો છે. એનો દૃષ્ટાંત લે છે.

‘**જેવી રીતે કોઈ પુરુષને અફીણનો અમલ ચઢ્યો છે,...**’ કોઈ પુરુષને અમલ એટલે નશો ચડ્યો છે. જેમ કોઈ પુરુષને નશો ચડ્યો છે. ‘**તે દુઃખ પામે છે...**’ જ્યારે એને નશો ચડ્યો છે ત્યારે કાંઈ સુખી નથી. ‘**પણ છૂટી શકતો નથી.**’ જે અફીણની આદતથી છૂટી નથી શકતો. આ બહુ સારો દૃષ્ટાંત છે. જે વ્યસનનો દૃષ્ટાંત આપે છે એ બહુ સારો છે કે વ્યસનથી જીવ દુઃખી છે, છતાં જીવ વ્યસન છોડી શકતો નથી. એમ સંસારમાં જીવ શા માટે આ ક્લેશના પરિણામ કરે છે ? અને અક્લેશ શાંતિના પરિણામ નથી કરતો ? એ દુઃખી છે તો કેમ કરે છે ? કે એ પણ એક Poison છે. જેમ ઝેર ઝેરને માગે છે. અફીણ અફીણને માગે છે. એ અફીણ ન ખાય તો મરી જાય.

મુમુક્ષુ :- દુઃખી છે એમ જાણે છતાં લે છે.

પૂજ્ય ભાઈશ્રી :- છતાં એ ચાલે નહિ એને. ચાલે નહિ. એમ આ જીવને અનાદિથી એવી ગાંઠ પડી છે કે એ વિભાવ કર્યા વિના રહી શકતો નથી. એને વિભાવ વગર રહેવું જ મુશ્કેલ છે. એક ક્ષણ પણ વિભાવ વગર રહેવું એને મુશ્કેલ થઈ પડે છે. આ પરિસ્થિતિ અફીણીયા જેવી થઈ ગઈ છે.

મુમુક્ષુ :- વિભાવ વગરની પોતાની જાતને ઓળખી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખી નથી અને એને વિભાવ વગરની પોતાની જાત છે એનો સ્વીકાર નથી, વિશ્વાસ નથી એને.

અફીણ ખાવાથી ‘**દુઃખ પામે છે પણ છૂટી શકતો નથી. શાથી ? કે (અમલ) ઘણો ચઢ્યો છે,...**’ અથવા ઘણા વખતથી એણે અફીણ ખાવાની ટેવ પાડી દીધી છે શરીરમાં. એટલે Toxication જે થયું છે એ એને Demand કરે છે કે મને અફીણ જોઈએ.. અફીણ જોઈએ. એમ આને Toxication ચડી ગયું છે. ‘**(અમલ) ઘણો ચઢ્યો છે, છૂટવાથી**

**સુખ છે, ક્લેશ (દુઃખ) નથી,...**' કાંઈ છૂટવાથી. '**પણ તલપ લાગતાં તે લે ને લે જ.**' રહી જ ન શકે. એને જ્યારે અફીણની તલપ લાગે ત્યારે એ અફીણ લીધા વગર રહી જ નથી શકતો. બહુ Practical દૃષ્ટાંત લીધું છે.

મુમુક્ષુ :- ઓલું બધું ભૂલી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધું ભૂલી જાય એટલે એને રગુ તૂટતી હોય એવું લાગે. એ આના જેવી વાત છે કે એ અફીણ ખાય ખાયને મરવાનો છે. ઝેર એટલું બધું થઈ જશે કે અફીણ ખાય ખાયને પણ મરવાનો છે. અને જો એકદમ અફીણ બંધ કરે તો મરી જાય. એકદમ બંધ નહિ કરી શકે. જે Gradually એનો Doze ઘટાડી... ઘટાડી... ઘટાડી... ઘટાડી... ઘટાડીને નાશ કરી શકશે. Same position આત્માની છે. આત્મા ક્રમશઃ વિભાવને તોડતો જાય છે. જે ચૌદ ગુણસ્થાન છે પછી અંતર્મુહૂર્તમાં કોઈ પસાર કરે ચૌદ ગુણસ્થાનમાં ગમે તેટલો સમય લે વધારે, ઉત્કૃષ્ટ અસંખ્ય સમય. જોકે બેય અસંખ્ય સમય છે પણ એક લઘુ અને દીર્ઘ છે. પણ ક્રમ પડે, પડે ને પડે જ. જે સમયે સમ્યગ્દર્શન અને સ્વાનુભવ થાય એ જ સમયે કોઈ પૂર્ણ ન થાય. કેમ ? કે અનાદિનો એને કેફ ચડેલો છે આ. એ કેફ છોડવામાં ક્રમ પડે, પડે ને પડે જ. એ નશો એમ ને એમ ન છૂટે. આ એનો નિયમ જ છે. ઝેર ઝેરને માગે છે.

મુમુક્ષુ :- પાત્રતા મેં ભી યહી નિયમ પડતા હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં. પાત્રતા આને મેં ક્રમ નહીં પડતા. સમ્યગ્દર્શન મેં ક્રમ નહીં પડતા. યહ દો ચીજ ઐસી હૈ. સમ્યગ્દર્શન જબ હુઆ સો હો ગયા પૂરા. પાત્રતા મેં ભી ક્રમ નહીં પડતા. પાત્રતા મેં યહ બાત જરૂર હૈ કિ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ઉસકી સ્થિતિ હૈ. વૈસે તો સમ્યગ્દર્શનમેં ... હોતા હૈ ક્ષયોપશમ ઔર ક્ષાયિક બલવાન હોતા હૈ. લેકિન હૈ પૂરા કા પૂરા. ઐસે પાત્રતા હૈ સો પાત્રતા હૈ. ઉસકો આને મેં ક્રમ નહીં પડતા.

મુમુક્ષુ :- શ્રદ્ધાને પલટવામાં કોઈ ક્રમ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધાને પલટવામાં ક્રમ નહિ, પાત્રતાને આવવામાં ક્રમ નહિ. જ્યારે જીવ પોતાના કલ્યાણ માટે તૈયાર થાય

અંતરની ભાવનાથી, એ જ સમયે પાત્રતા પ્રગટે છે. એ જ સમયે પ્રગટે છે.

**'તલપ લાગતાં તે લે ને લે જ. તેવી રીતે આ (જીવ) પરમોહથી બંધાઈ રહ્યો છે.'** પર મોહમાં એને જે આકર્ષણ છે, પર સંબંધી જે આકર્ષણ છે, એમાં અટક્યો છે, રોકાઈ ગયો છે, પ્રતિબદ્ધ થયો છે. એનાથી છૂટે તો સુખ છે. સ્વરૂપમાં પરિણામ આવી જાય તો સુખ છે. છતાં છૂટતો નથી. છતાં છૂટતો નથી. **'અનાદિના સંયોગથી છૂટતાં સુખ થાય છે છતાં જૂઠું જ દુઃખ માને છે.'** અનાદિના સંયોગથી છૂટતાં સુખ થાય છે. હવે સંયોગો છૂટવાથી સુખ છે છતાં આ જીવ તો એમ માને છે કે આ બધું છૂટશે તો મારો આધાર વયો જશે. એટલે દુઃખ માને છે. સંયોગ છૂટતા એને સુખ છે, માને છે કે સંયોગ છૂટે તો મને દુઃખ થાય. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- આ અનાદિનું અજ્ઞાન કેટલું ઘાટું થઈ ગયું છે !

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાઈ કા લડકે કા પ્રસંગ બના ન ? ઉસ વક્ત એક બાત જાનને કો મિલી. સ્મશાન ગેય થે હમ. સ્મશાન મેં ભી યહી ચર્ચા (ચલ રહી થી). સબ મુમુક્ષુ લોગ થે. ચર્ચા ચલતી થી. 'ગુરુદેવ'કે સાથ જો 'નારણભાઈ' થે જો મહાવિદેહમેં સાથમેં થે. 'નારણભાઈ'કો દીક્ષા લેને કા વિચાર થા. જબ 'ગુરુદેવ'ને દીક્ષા લી તો ઉસકે શિષ્ય કી તરહ ઉસકો ભી દીક્ષા લેને કા વિચાર થા. 'ગુરુદેવ'ને બોલા કિ નહીં. મેરા તો માર્ગ હી અલગ હૈ. મૈં તો કોઈ દીક્ષા દેનેવાલા નહીં. યહ દીક્ષા ભી આગે જાકર છોડનેવાલા હું. તો ફિર દીક્ષા ઉનકે સાથ લેનેકા તો કોઈ સવાલ નહીં રહા. ... આપસમેં પરિચિત થે.

લેકિન ઉનકો યહ ભી એક બાત થી. ઉસકો એકલૌતા લડકા થા. ઉસકે લડકે કે સાથ ઉસકા બહુત લગાવ થા. વહ લડકા યુવાન અવસ્થા મેં મર ગયા. તો ઉસકો Reaction તો આયા. લેકિન ઉસકો યહ ભી પતા ચલા કિ મેરા લગાવ થા ઈસકે લિયે Reaction હુઆ. અબ યહ લગાવ કા નિમિત્ત હી નહીં રહા. તો વાસ્તવમેં તો મેરા જહાં બંધન થા વહ બંધન કા નિમિત્ત તૂટ ગયા. મૈં કૈસે દુઃખી હો રહા હૂં ? દુઃખ કૈસે મુજે હોના ચાહિયે ?

ફિર ઉસને 'ગુરુદેવ' કો ચિઠ્ઠી લિખી. તો 'ગુરુદેવ' કો લાલ સ્યાહી

સે ચિઠ્ઠી લીખી. કાલી સ્યાહી સે નહીં લીખી કે જે મને બંધનનું કારણ, રોકાણનું કારણ હતું એવો જે મારો પુત્ર એનું અવસાન થઈ ગયું છે અને મારો જે રાગ છે એ રાગનું નિમિત્ત તૂટી ગયું છે. એ નિમિત્ત તૂટતા હવે હું મારું કામ કરવા માટે Free થઈ ગયો છું એવું મને લાગે છે. એને હું એક શુભ પરિસ્થિતિ ગણીને લાલ સ્યાહીથી કાગળ લખું છું. દેખિયે ! લૌકિક મેં કૈસે બન સકતા હૈ. યહ બાત ચલી થી સ્મશાન મેં. મૈંને તો આગે નહીં સુની થી. First time સુની. યહ ભી એક વ્યવહાર હૈ આપસ મેં. લોકોત્તર Line મેં. ઐસા વ્યવહાર કિયા થા. લાલ અક્ષર થે. કંકોત્રી લખી એવી રીતે 'ગુરુદેવ'ને કાગળ લખ્યો. 'ગુરુદેવ' કે સાથ બોલને કી બહુત છૂટ થી.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ના પત્રમાં એમણે પ્રસંગને...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અશુભ કીધો. એમ જ છે.

મુમુક્ષુ :- બંને સાચા જ છે બેય રીતે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

એ '**છૂટવાથી સુખ છે, છતાં છૂટતો નથી. અનાદિના સંયોગથી છૂટતાં સુખ થાય છે છતાં જૂઠું જ દુઃખ માને છે. તેને મટાડવાને માટે પ્રજ્ઞાછીણીને, આત્મા અને પરના એકત્વસંધાનમાં નાખે,...**' હવે એ છૂટવાથી જે સુખ છે, છૂટવાથી તો સુખ છે એને જૂઠું દુઃખ માને છે. તો એ જૂઠું દુઃખ મટાડવાનો ઉપાય ભેદજ્ઞાન અહીંયાં લઈ લીધો. જે 'સમયસાર'નો મોક્ષ અધિકારનો વિષય પ્રજ્ઞાછીણીથી લીધો છે એ વાત એમણે અહીંયાં નાખી.

'**તેને મટાડવાને માટે પ્રજ્ઞાછીણીને,...**' એટલે જ્ઞાનને સૂક્ષ્મ કરીને. '**આત્મા અને પરના એકત્વસંધાનમાં નાખે,...**' એટલે ભિન્ન ભિન્ન કરે. જ્ઞાન, જ્ઞાન છે. એ જ્ઞાન જ્ઞાનમાં વળે એટલે પરનું અનુસંધાન છૂટી જાય. જ્ઞાન પોતે જ્યારે જ્ઞાનમાં વળે ત્યારે એનું એકત્વ અનુસંધાન છૂટે છે અથવા જ્ઞાન જ્ઞાનને વેદે, પરવદેનથી મુક્ત થઈને જ્ઞાન જ્ઞાનને વેદે એટલે એનું એકત્વ અનુસંધાન છૂટી જાય છે. દુઃખથી છૂટવાનો આ જ ઉપાય છે. ગમે ત્યારે જીવને દુઃખભાવ ઉત્પન્ન થાય, આ એની Practical side છે, જ્યારે જ્યારે પણ આ જીવને દુઃખભાવ ઉત્પન્ન થાય ત્યારે એકદમ સાવધાન થઈને જ્ઞાનને સંભાળે અને જ્ઞાનમાં રહેલા

જ્ઞાનવેદનને ગ્રહણ કરે, વાત Finish. એ જ વખતે Finish. દુઃખ ક્યાં ગાયબ થઈ ગયું એ ખબર નહિ પડે. કેવી રીતે ગાયબ થઈ ગયું એ ખબર નહિ પડે.

મુમુક્ષુ :- જ્ઞાનવેદનમાં એટલે કઈ રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન છે એની અંદર જ્ઞાનવેદન છે. જ્ઞાન પોતે વેદકસ્વભાવી છે. એટલે ક્યારે પણ જ્ઞાન પોતે વેદ્યા વિનાનું રહેતું નથી. વેદવાનું કાર્ય કર્યા જ કરે છે. તો એ પોતે વેદવાનું જે કાર્ય કરે છે એ પોતે જ્ઞાન જ છે.

મુમુક્ષુ :- જ્ઞાનવેદન જો કહતે હૈં, જ્ઞાન અપના જો શક્તિરૂપ ધર્મ હૈ ઉસહી કો વેદતા હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, ઉસહી કો વેદતા હૈ. વૈસે સબ જીવોં કી યહી હાલત હૈ. નિગોદ સે લેકરકે સિદ્ધ તક. જ્ઞાન જ્ઞાનકો વેદે ઔર જ્ઞાન પર કો વેદ સકતા હી નહીં. ઔર જ્ઞાન મેં પર કે વેદન કી કોઈ ગુંજાઈશ નહીં, કોઈ અવકાશ નહીં. યહ વસ્તુસ્થિતિ હૈ. બસ, સંભાલ લો ઉસ સ્થિતિ કો. યહ વસ્તુસ્થિતિ હૈ ઉસકો સંભાલ લેવે. ઉસકો વહ ચૂક ગયા હૈ. તો ચૂક ગયા હૈ વહ સંભાલ લે. બસ ! ઉતની બાત હૈ. ઈસસે જ્યાદા કુછ નહીં.

મુમુક્ષુ :- જ્યારે દુઃખનું વેદન છે ત્યારે જ.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે બસ, આટલો પોતાના સંભાળમાં આવી જાય એટલે દુઃખનો પત્તો નહિ લાગે ક્યાં ગયું એ. એકદમ ખલાસ. એ જ Second. કેમકે દુઃખ તો પરવેદનના અધ્યાસથી છે, પરને જાણવાથી દુઃખ નથી. પણ પરવેદનના અધ્યાસથી દુઃખ છે. પર તો પર છે. પર પર તરીકે જણાય તો પરનો જ્ઞાતા-દૃષ્ટા રહે. પણ પરવેદનના અધ્યાસથી દુઃખ છે. બસ ! જેવું પોતાનું સ્વસંવેદન સ્વરૂપ સંભાળે એટલે વાત ખતમ. દુઃખ ખતમ.

મુમુક્ષુ :- હું જાણનાર છું, દુઃખ વેદવું એ મારો સ્વભાવ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હું મને જ વેદું એ જ મારો સ્વભાવ છે.

સર્વજ્ઞ અરિહંત પરમાત્માની પ્રતિમાજીના દર્શન કરવામાં મુખ્ય કોઈ વાત હોય તો સ્વસંવેદનને સંભારવાની છે. કેમકે અરિહંત પ્રતિમા એટલે પરિપૂર્ણ સ્વસંવેદનની મૂર્તિ. ચોથા ગુણસ્થાને અનુભવ થાય છે એ તો

જઘન્યભાવનું સ્વસંવેદન છે. પણ એ જ જાતિનું પૂર્ણ સ્વસંવેદનનું મૂર્તિમંત કોઈ સ્વરૂપ હોય તો અરિહંત પ્રતિમા છે. એટલે એમને જોતાં પોતાના સ્વસંવેદનને જોવે. જેમ અરિસામાં આકૃતિ જોતાં પોતાના મુખને લક્ષમાં લે છે કે આ તો મારું મોઢું દેખાય છે. આકૃતિ ઊઠી છે અરિસાની સપાટી ઉપર. પણ લક્ષ કેવી રીતે જાય છે ? કે આ મારો ચહેરો દેખાય છે. જ્ઞાનમાં પોતા ઉપર આવે છે. ઉપયોગ અહીંયાં છે અને લક્ષ અહીંયાં પોતા ઉપર જાય છે. બસ ! એવું જ છે આ અરિહંત પ્રતિમાનું કે ઉપયોગ અરિહંત પ્રતિમા ઉપર જાય છે અને લક્ષ સીધું આત્મા ઉપર જાય. આવું અનંત સ્વસંવેદનમય મારું સ્વરૂપ છે. એમ સીધું લક્ષમાં આવે. આ દર્શનની પદ્ધતિ છે. જૈનદર્શનમાં દર્શન કરવાની પદ્ધતિ જ આ છે. એટલા માટે એની સ્થાપના છે.

કેમકે એ સ્વસંવેદન ભાષાગોચર નથી. ભાષાગોચર નહિ હોવાથી સાધક મહાત્માઓએ એને મૂર્તિમંત બનાવી નાખ્યું. અમૂર્તને મૂર્તિમંત બનાવી નાખ્યું. વાણીગોચર નહિ હોવાથી મૂર્તિમાં ખડું કરી દીધું. અથવા સ્વસંવેદનની મૂર્તિ ઘડી. અમૂર્તની મૂર્તિ ઘડી. આ એક બહુ મોટું કામ કર્યું છે. જોકે આ કામ તો કુદરતે કર્યું છે. જે શાશ્વત પ્રતિમા છે એ કુદરતે આ કામ કરેલું છે. સાધકોને તો એના ઉપરથી પોતાનો અનુભવ ગ્રહણ થયો એટલે એમને થયું કે આ તો કુદરતી વસ્તુ જ આમ છે તો આ તો કૃત્રિમ પણ કરી શકાય છે. માટે આપણી જે ભાવના છે એને શા માટે મૂર્તિમંત ન કરીએ ? સાકાર કરીએ. ભાવનાને સાકાર કરે છે. એનું નામ સ્થાપના નિક્ષેપ છે. નયનો વિષય છે સમ્યગ્જ્ઞાનનો.

શ્વેતાંબર લોકોને પૂછીએ છીએ કે તમે મૂર્તિને કેમ અલંકાર ચઢાવો છો ? તો ત્યાં જે મહારાજ છે, સાધુઓ સાથે ચર્ચાઓ થાય છે ને કોઈવાર, આચાર્યો સાથે. તો કહે એ તો બાળ જીવોને સમજાવવા માટે. ખરેખર મૂર્તિની સ્થાપના જ્ઞાનીઓ કરે છે. બાળ જીવો નથી કરતા. અને બાળ જીવો સમજે શું એમાં ? જેને સ્વસંવેદનની ખબર નથી એમાં શું સમજે કે એની મૂર્તિ કેવી રીતે કરવી ? એટલે ખરેખર તો એ જ્ઞાનીઓને નય છે અને નિક્ષેપ છે એ નયના વિષયને નિક્ષેપ કહેવામાં આવે છે માટે આ જ્ઞાનીઓનું કાર્ય છે.

મુમુક્ષુ :- બાળજીવ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- બાળજીવ એટલે અજ્ઞાનીઓ એમ કહે. એ બાળ જીવોને સમજાવવા માટે એમ કે અલંકાર (ચડાવીએ છીએ). પણ બાળ જીવોનો વિષય જ નથી આ તો. આ તો જ્ઞાનીઓનો વિષય છે. મૂર્તિઓ તો જ્ઞાનીઓએ બનાવી છે. તો જ્ઞાની આવું કરે ? એ તો અજ્ઞાનીઓ કરે, એમ એનો અર્થ થયો. એટલે નય નિક્ષેપની ખબર નથી એ લોકોને. સમ્યગ્જ્ઞાનનો નય શું ? એનો વિષય નિક્ષેપ શું ? આમ કહે ચાર નિક્ષેપ પાછા. એના શાસ્ત્રમાં આવે. કારણ કે અમુક વાત તો એની એ રહી ગઈ છે ને એટલે. બાકી કાંઈ ખબર નથી કે કેવી રીતે નયનો વિષય નિક્ષેપ થાય છે.

મુમુક્ષુ :- એ લોકોની એક દલીલ એવી છે કે કોઈપણ પોતાના વડીલોને નગ્ન Picture ન લે, એના ઉપર ઘરેણા ન પહેરાવે અને સારા ન લાગે. ત્યારે એણે એમ કીધું, આંગી જે કરીએ છીએ, પહેલા કપડા પહેરાવીએ છીએ ... ત્યારપછી ઘરેણા પહેરાવીએ છીએ. એની ઉપર ઘરેણા પહેરાવીએ છીએ. એવો જવાબ (આપે છે). એને ખબર પડી ગઈ કે આ લોકો...

પૂજ્ય ભાઈશ્રી :- પણ નગ્નપણું છે એ લૌકિક દૃષ્ટિએ બિભત્સ સૂચક છે, અલૌકિક દૃષ્ટિએ નહિ. તો આ તો તમે લૌકિકદૃષ્ટિમાં આવ્યા.

મુમુક્ષુ :- અને પાછા કપડા પહેરાવ્યા એટલે સંસારી કરી દીધા.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એનો અર્થ એમ છે કે જે વસ્તુને ગ્રહણ કરતાં રાગાદિ પરિણામ થતાં હતા એવી જે દોષિત સ્થિતિ હતી, એ દોષિત સ્થિતિમાં એમને મૂકી દીધા. આપણા વડીલ દારૂ પીતા હોય, પછી એ ચાલ્યા ગયા પછી, સ્વર્ગસ્થ થયા પછી એમના ફોટામાં સાથે દારૂની બાટલી મુકાય નહિ. ચિતરે એની સાથે કે હાથમાં રાખીને ફોટો ઘરમાં રખાય નહિ. કેમકે એણે ત્યાગ કર્યો હતો માટે. બીડી પીતા હોય અને બીડીનો ત્યાગ કરી નાખ્યો. તો પછી બીડી પીધેલો ફોટો રાખે ?

મુમુક્ષુ :- અને જ્યાંથી વીતરાગતાનું આલંબન લેવું છે અને રાગ સહિત જોવાનું...

પૂજ્ય ભાઈશ્રી :- એ નગ્ન થયા એમાં કેટલી પવિત્રતા પ્રગટી ત્યારે નગ્ન થયા એનો ખ્યાલ નથી ત્યારે આવો વિચાર આવ્યો ને ? કેટલી નિર્દોષતા અને કેટલી પવિત્રતા પ્રગટ થયા પછી એ નગ્ન થયા છે, એનું

ભાન હોય તો આ તર્ક આવે નહિ.

મુમુક્ષુ :- છોડવાને બદલે જેને છોડ્યું એને પાછું ગ્રહણ કરાવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જો તમારે એમની મૂર્તિ કરવી હતી તો જે સાધુના કપડા છે એવી કરવી હતી ઓછામાં ઓછી. તો કાંઈક હજી શોભત. ગૃહસ્થ ત્યાગ કરીને સાધુના કપડા પહેરે છે ને ? તો એ ત્યાગી તરીકે દેખાય છે. એ જેમના શિષ્યો સાધુઓ એટલે એમના શિષ્યો, જે અરિહંતના શિષ્યો ત્યાગી એમ એના ગુરુ અત્યાગી ? ...

(વિશેષ લઈશું...)

અહો ! સત્પુરુષના હૃદયનું ગાંભીર્ય ! માન-અપમાનની બુદ્ધિ નહિ હોવા છતાં, પોતાનો આત્મા બાહ્ય મહાત્મ્યને ન ભજે, તે અર્થે જેઓ અત્યંત જાગૃત છે, અન્ય મહાત્માઓ પ્રત્યે અને પાત્રતાવાન ઉત્કૃષ્ટ મુમુક્ષુ પ્રતિ જેઓ સહજ બહુમાનપૂર્વક વિનમ્રતાપૂર્ણ વ્યવહારથી પ્રવર્તે છે. દૃષ્ટિ સમ્યક્ હોવાથી જેમને મહા વિવેક પ્રગટ થયો છે. ધર્મ-પ્રભાવના પ્રવર્તાવતાં, મુમુક્ષુઓને 'આશ્રયમાર્ગ' બોધવા છતાં, પ્રાપ્ત મહત્વથી જેઓ અંતરથી નિસ્પૃહ રહે છે, તેમ છતાં અંતેવાસી સુપાત્ર જીવની ભક્તિભાવનાને કેવળ નિષ્કારણ કરુણાથી અનુમોદે છે, સ્વદોષને પણ પ્રગટ કરી જે પરસ્પરની ઐક્યતાને વૃદ્ધિગત કરે છે. તેવી સ્વ-પર કલ્યાણક વિચિક્ષણતાના ધારક ધર્માત્મા પ્રત્યે હૃદય નમી પડે છે. ખરેખર તેઓ આશ્ચર્યની પ્રતિમા જ છે. જેમ જેમ તેમના સમ્યક્ ચરણની સમીપ જવાય છે, હૃદય વારંવાર બહુમાનથી પોકારી ઊઠે છે અહો ! અહો !

(અનુભવસંજીવની - ૧૦૫૨)

## તા. ૧૪-૬-૧૯૯૦, પાના નં. ૨-૩, પ્રવચન નં. ૧૬૧

.. એ વિષય લીધો છે. જે સમાધાનનો Paragraph છે એમાં નીચે એ વાત છે કે '**ચેતના અંશ-અંશને પોતાનો જાણે (કે) જેમાં જડનો પ્રવેશ નથી.**' ચેતના છે, ચૈતન્યપણું છે. દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી એ એના અંશો છે. દ્રવ્ય-ગુણ-પર્યાય છે તે એના અંશો છે. તો એમાં ચૈતન્યપણું જે ચેતના છે એમાં જડનો પ્રવેશ નથી. જડમાં ચેતનાનો પ્રવેશ નથી. એ કેવી રીતે, અનુભવ પદ્ધતિથી એ કેવી રીતે જાણવું ? વિચાર પદ્ધતિથી કેવી રીતે જાણવું એમ નહિ. પણ અનુભવ પદ્ધતિથી કેવી રીતે જાણવું, એ સંબંધી અહીંયાં 'દીપચંદજી'નું સ્પષ્ટીકરણ છે.

પ્રશ્ન એમ છે કે '**એવા પરિણામમાં કાંઈ ક્લેશ તો નથી...**' એવા પરિણામ એટલે શું ? કે આત્મા સવળા પરિણામ કરીને પોતાના સ્વરૂપને સંભાળે તો એમાં કાંઈ આત્માને દુઃખી થવાનું કારણ નથી. એ તો આત્માના સુખ પ્રગટવાનું કારણ છે. ક્લેશ મટવાનું કારણ છે. '**એવા પરિણામમાં કાંઈ ક્લેશ તો નથી (તો) એવા પરિણામ (ચિદાનંદ આત્મા) કેમ કરતો નથી** ?' શા માટે જીવ પોતાના અહિતના પરિણામ કરે છે કે જેમાં દુઃખ છે ? આત્મહિતના પરિણામમાં તો સુખ છે. ક્લેશનો અભાવ છે. તો એવા ક્લેશના અભાવરૂપ પરિણામ શા માટે જીવ કરતો નથી ? અને ખોટા દુઃખી થવાના પરિણામ કરે છે. આ પ્રશ્ન ઉઠાવ્યો છે. એનું સમાધાન છે.

'**અનાદિકાળથી (આ જીવ) અવિદ્યામાં (મિથ્યાત્વમાં) પડ્યો છે.**' અવિદ્યા કહો, મિથ્યાત્વ કહો કે અજ્ઞાન કહો. પોતાના હિતની પોતાને ખબર નથી. પોતાના અહિતની પણ પોતાને ખબર નથી. '**મોહની ગાંઠ નિબિડ (નિવડ) પડી છે.**' અનાદિકાળથી. આ પણ અનાદિકાળથી છે. '**મોહની ગાંઠ નિબિડ પડી છે.**' એટલે પરપદાર્થમાં વ્યામોહ થાય છે. આ સારું છે, આ સારું નથી. આ ચીજ સારી છે, આ ચીજ સારી નથી. ભાણામાં બે ચીજ પડી હોય. આ દાળ છે. એક વાટકામાં દાળ છે અને એક વાટકામાં કેરીનો રસ છે. આ ચીજ સારી

છે. આના કરતાં આ ચીજ સારી છે.

મુમુક્ષુ :- ઇષ્ટ-અનિષ્ટ જ કરતો હોય.

પૂજ્ય ભાઈશ્રી :- આ પણ પુદ્ગલના પરમાણુ છે, આ પણ પરમાણુ છે. એકનો સ્વાદ જુદો છે, બીજાનો સ્વાદ જુદો છે. સ્વાદની જુદાઈ અવશ્ય છે. પણ સારી-નરસી ચીજ ક્યાંથી લાવ્યો ? સારા-નરસાપણું ક્યાંથી ઊભું કર્યું ? એ મોહની નિબિડ ગાંઠ પડી ગઈ છે. જે પરમાણુમાં સારાપણાની કલ્પના કરી એ એક વ્યામોહ થયો જીવને. ચીજ કોઈ સારી નથી, ચીજ કોઈ ખરાબ નથી. એને વ્યામોહ થાય છે. એ અનાદિથી મોહની એવી નિબિડ ગાંઠ પડેલી છે.

'**આત્મા અને પરનું એકત્વસંધાન થઈ રહ્યું છે.**' અને પરપદાર્થને આત્મારૂપ કરે છે, પોતારૂપ કરે છે. ઇષ્ટ-અનિષ્ટપણું કરતાં પરપદાર્થને આત્મારૂપ કરે છે. એનો દૃષ્ટાંત લે છે. '**જેવી રીતે કોઈ પુરુષને અફીણનો અમલ ચઢ્યો છે,...**' એટલે અફીણનો નશો ચઢ્યો છે. તે વખતે તે દુઃખી છે. '**દુઃખ પામે છે પણ છૂટી શકતો નથી. શાથી** ? **કે (અમલ) ઘણો ચઢ્યો છે,...**' એટલા માટે છૂટી શકતો નથી. અને ઘણાં કાળથી અફીણનું એને બંધાણ છે. '**છૂટવાથી સુખ છે, ક્લેશ (દુઃખ) નથી, પણ તલપ લાગતાં તે લે ને લે જ.**' એવી એની પરિસ્થિતિ છે. આ અફીણનો દૃષ્ટાંત એટલા માટે લીધો છે કે જીવને અનાદિ કાળથી મોહ છે.

જેમ અફીણનું બંધાણ લાંબા કાળથી હોય તો અફીણ વગર ચાલે નહિ. એવી જીવની પરિસ્થિતિ થઈ જાય કે ચલાવી ન શકે. અસહ્ય પરિસ્થિતિમાં આવી જાય છે. એને અફીણ લેવું જ પડે છે. એમ આ જીવને વિભાવથી દુઃખ છે. પણ કર્મના ઉદયમાં ખેંચાઈને એ વિભાવીક પરિણામ પાછો કરે જ છે. કર્યા વગર રહી શકતો નથી. એવી એની પોતાની સ્થિતિ વ્યામોહને લઈને છે.

'**તેવી રીતે આ (જીવ) પરમોહથી બંધાઈ રહ્યો છે.**' અને પરપદાર્થ પ્રત્યે મોહ કરતાં એને દુઃખ છે તોપણ અને એ મોહ છૂટે તો એને સુખ છે તોપણ, છતાં પણ છૂટતો નથી. ખરેખર તો મોહથી દુઃખ છે. અને એવો મોહ ન કરે તો સુખ છે. તોપણ છૂટી શકતો નથી. તોપણ ફરી ફરીને મોહ કરે છે. છતાં છૂટતો નથી. '**અનાદિના સંયોગથી છૂટતાં**

**સુખ થાય છે...'** સંયોગમાં મમત્વ કરતાં દુઃખ છે અને એ સંયોગ છૂટતાં એ સંબંધીનો વિચાર પૂરો થાય છે, એનું દુઃખ મટી જાય છે તોપણ '**જૂઠું જ દુઃખ માને છે.**' સંયોગ છૂટે ત્યારે જૂઠું દુઃખ માને છે.

કાલે એક દૃષ્ટાંત લીધો હતો, 'નારણભાઈ'નો. એ સંયોગ છૂટતી વખતે દુઃખ માને છે. ખરેખર તો સંયોગ છુટતા તો એ પ્રકારના વિકલ્પના મોહથી કાયમ માટે છૂટ્યો. પુત્રનો દાખલો હતો. તો એને મોહથી દુઃખ હતું. પુત્રનો સંયોગ છૂટતાં એ પ્રકારનો વિકલ્પ છૂટ્યો એટલે એને દુઃખ છૂટ્યું ખરેખર. પણ એના બદલે એ વખતે એ દુઃખી થાય છે. એનો વિયોગ થાય છે ત્યારે દુઃખી થાય છે. આ જીવનો વ્યામોહ છે. એ મોહને લઈને દુઃખ છે. એ વખતે એટલું જ વિચારે ને ભાઈ, આત્માને ન્યાય કરવા માટે, કે બીજાને એવું થાય છે ત્યારે પોતે કેમ દુઃખી નથી થતો ? અને પોતાને એવું થાય ત્યારે દુઃખી થાય છે ? હવે ત્રાજવાનું પલ્લું બદલી નાખે. એ છાબડામાં પોતાને મૂકી દે. એવું જ બીજાને ત્યાં તો બને છે. ત્યારે તો પોતે દુઃખી થતો નથી. તો એનો અર્થ એ છે કે આ પોતાપણું કર્યું એનું દુઃખ છે.

'**સંયોગથી છૂટતાં સુખ થાય છે છતાં જૂઠું જ દુઃખ માને છે. તેને મટાડવાને માટે...**' એવું દુઃખ મટાડવાને માટે '**પ્રજ્ઞાછીણીને, આત્મા અને પરના એકત્વસંધાનમાં નાખે,...**' એટલે આત્મા અને પર બંનેનું એકપણું થઈ ગયું છે ત્યાં જ્ઞાનનો પ્રયોગ કરે કે આમાં આત્મા શું ? પોતે શું ? અને પર શું ? પરને પોતારૂપે કરી રહ્યો છે. એ એકત્વસંધાન છે. જ્ઞાનનો પ્રયોગ એવી રીતે કરે કે પોતે પોતે રહે અને પર પર રહે. બંને જુદા રહે. તો દુઃખ નહિ થાય. ક્યાંય દુઃખ થવાનો અવસર નથી.

એમ કરવા માટે '**ચેતના અંશ-અંશને પોતાનો જાણે...**' કે ક્યાંય કોઈ ચૈતન્યના અંશમાં જડનો પ્રવેશ નથી. ચૈતન્યના કોઈ અંશમાં '**જડનો પ્રવેશ નથી.**' અને જડના કોઈ અંશમાં ચૈતન્યનો પ્રવેશ નથી એટલે મારો પ્રવેશ નથી. મારામાં જડનો પ્રવેશ નથી, જડમાં મારો પ્રવેશ નથી.

ખાસ કરીને આ પ્રયોગ જમતી વખતે કરવામાં ઘણી અનુકૂળતા છે. કેમકે જીભ ઉપર સ્વાદ આવે છે ત્યારે જીવને એમ લાગે છે કે સ્વાદનો આત્મામાં કાંઈક પ્રવેશ થાય છે. જે ચીજ પોતાને સારી લાગે

છે એ જાણે આત્મામાં ઉતરે છે, એનો રસ જાણે આત્મામાં ઉતરે છે એવું જીવને લાગે છે.

મુમુક્ષુ :- એવું અનુભવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું લાગે. અનુભવમાં તો લાગે જ તે. એવો વિચાર નથી આવતો. એવો અનુભવ થાય છે જીવને. એને અહીંયાં પોતે પરપ્રવેશભાવ કહેશે. 'દીપચંદજી' એને પરપ્રવેશભાવ કહે છે. કે પરપ્રવેશ કરી જાય છે પોતામાં. કોઈ અવકાશ નથી આત્મામાં. વળી જોવાની ખુબી એ છે કે જીભ ઉપરનો જે સ્વાદ છે એ કેટલીક Second નો જ છે. એક માણસને દસ Minute કે પંદર Minute જમતા લાગે છે. Normal case માં. તો કેટલા કોળિયા લે છે ? અને બીજી ક્રિયાઓ કરે છે. અને જે પરમાણુઓ જીભ ઉપર મૂકે છે એ અંદર ઉતારે છે. જો તપાસ કરવામાં આવે તો જીભ ઉપર બે-પાંચ Second થી વધારે કોઈ પરમાણુઓ રહેતા નથી. અને જે કાંઈ Charm છે એ એટલો જ છે જમવામાં. બાકી કોઈ Charm નથી જમવામાં. અને છતાં એમાં એ વખતે પોતે પોતાને કેટલું નુકસાન કરે છે એનો પોતાને ખ્યાલ નથી એટલે સીધો પરપ્રવેશ આપી દે છે. પોતામાં પરનો પ્રવેશ કરાવી નાખે છે. એવી પરિસ્થિતિમાં રોજીંદુ ભોજન લેવામાં આવે છે.

હવે આ એક ઊંધી Practice છે. ઊંધો વિચાર નથી. આ ઊંધી Practice ચાલે છે. પછી અવાજ હોય તો કર્ણપ્રિય અવાજ અને કર્ણને અપ્રિય અવાજ, ઠંગી-ગરમી હોય તો એમાં પણ સુહાતુ અને અસુહાતુ હોય છે. એવી જ રીતે પાંચેય ઇન્દ્રિયના વિષયની અંદર પોતે એ ઊંધી Practice માં મૂકે છે. અને સતત એ Practice કર્યે જાય છે. એક પછી.. એક પછી... એક પછી (એક) ઉદયના કાર્યોમાં એ બધી Practice ચાલુ જ છે. તો પ્રયોગ કેમ કરવો ? ઊંધો પ્રયોગ તો ચાલે જ છે. પ્રયોગ સવળો કરવાની વાત છે.

મુમુક્ષુ :- પોતાની મુર્ખાઈ કેટલી છે પોતે ચેતન અને જડનો પ્રવેશ માને છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રવેશ નહિ થઈ શકતો હોવા છતાં પ્રવેશ થયાનો અનુભવ કરે છે એને અધ્યાસ કહે છે. એટલે તો 'શ્રીમદ્જી'એ કહ્યું કે અધ્યાસના ત્યાગને શ્રીજિન ત્યાગ કહે છે. બાહ્ય પદાર્થના ત્યાગને

ત્યાગ ન કહ્યો. અધ્યાસના ત્યાગને શ્રીજિને ત્યાગ કહ્યો છે. એ વાત લીધી છે.

હવે એ પ્રયોગ કેવી રીતે કરવો ? એ નીચેના Paragraph થી વિષય શરૂ થાય છે. કાલે અહીં સુધી આપણે ચર્ચા કરી હતી.

**'જે આ (જ્ઞાન) પરમાં પોતાને જાણે છે તે આ જ્ઞાન નિજ વાનગી (છે).'** વાનગી એટલે Sample. **'જે આ (જ્ઞાન) પરમાં પોતાને જાણે છે...'** પરમાં પોતાપણું જાણે છે. પોતા સ્વરૂપે. પરને પોતા સ્વરૂપે જાણે છે તે આ જ્ઞાન પોતે જ પોતાની વાનગી છે. કૌંસમાં એનો અર્થ કર્યો છે કે '**(જે જ્ઞાન પરમાં પોતાને જાણે છે તે જ્ઞાન જ નિજ વાનગી છે.)**' તે જ્ઞાન જ પોતાનું જ્ઞાનસ્વરૂપી આત્માનું એક Sample છે. જુઓ ! બીજા કોઈ ગુણની પર્યાયને વાનગીમાં નથી લીધી. ગુણ તો બધા પરિણમે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, પુરુષાર્થ બધા ગુણો પરિણમે છે. છતાં જ્ઞાનને નિજ વાનગીમાં લીધું છે. વિધિનો વિષય લેવો છે ને એમને ? પ્રયોગની વિધિ કેવી રીતે કરવી છે. એટલે જ્ઞાનની વાત લીધી છે કે જ્ઞાન છે એ નિજવાનગી છે.

મુમુક્ષુ :- જે સતતપણે જણાઈ રહ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- સતત સ્વભાવ અંશરૂપ છે. સતતપણે તો બધા ગુણોનું પરિણમન ચાલુ છે. પણ આ સ્વભાવ અંશ છે. આત્મા સ્વભાવે જે જ્ઞાનસ્વરૂપી છે એનો અંશ ખુલ્લો છે. એટલે ત્યાંથી આત્માની જાતિ ઓળખાય છે. ઓળખાણ કરવાની વાત છે. આ આપણે Sample ઉપરથી ઓળખાણ કરીએ છીએ કે નહિ ? કાપડમાં કાપડના Sample આવે છે, અનાજમાં અનાજના Sample આવે છે, ખાંડમાં ખાંડના Sample આવે છે, ચામાં ચાના Sample આવે છે. એ ઉપરથી જ બધું કામ થાય છે ને ?

મુમુક્ષુ :- ખાંડની આખી બોરીમાંથી Sample કાઢે...

પૂજ્ય ભાઈશ્રી :- બધી જ જગ્યાએ Sample ઉપરથી જ બાકીનું બધું નક્કી થાય છે. જેટલું વેપારનું Volume છે એ Sample ઉપરથી નિશ્ચિત થઈ જાય છે કે આ Sample ઉપરથી આટલો માલ આ જાતનો મારે લેવો કે વેચવો.

**'આ નિજ (જ્ઞાન) વાનગી ઘણા સંતો ઓળખી ઓળખીને**

**અજરમઅમર થયા,...**' કેટલો લાભ છે આનો ? જો જ્ઞાનના Sample ઉપરથી જ્ઞાનસ્વભાવી આત્માની ઓળખાણ થાય તો એના ફળમાં અજરઅમર પદ છે, શાશ્વત પદ છે, જન્મ-મરણનો નાશ છે. અમર એટલે મરે નહિ તે. અજરમાં વૃદ્ધાવસ્થા ન આવે, જન્મ ન થાય એ બધું એમાં આવી ગયું. તો એક ઓળખાણની અંદર અજરઅમરપદની પ્રાપ્તિ છે. જુઓ ! વિષય કેટલો સરળ અને સુગમ છે. કોઈ જીવ એવો નથી કે જેને કોઈ કાળે પણ જ્ઞાન પ્રગટ ન હોય. જ્ઞાનનો પર્યાય કોઈ જીવને ક્યારેય ઉપસ્થિત ન હોય, અનુપસ્થિત હોય એવું ક્યારેય હોતું નથી.

મુમુક્ષુ :- અનુપસ્થિત હોય તો જીવ જ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો Practical side છે. પોતે તપાસે તો ક્યારે જ્ઞાન નથી કામ કરતું ? ક્યારે જ્ઞાન હાજર નથી ? ક્યારે જ્ઞાન ગેરહાજર છે ? કે ક્યારેય નથી. આ તો સીધી વાત છે. હવે જેનાથી આત્માને ઓળખાણ કરવી છે એનો Sample સદાય મોજૂદ છે. ગ્રંથનું જ્ઞાન તો ગ્રંથની ઉપલબ્ધિ થાય ત્યારે વાંચીને વિચારે. અહીંયાં એ પરિસ્થિતિ નથી. ગમે તે હાલત હોય જીવની. કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જ્ઞાનને લેવા જાવું નથી. જ્ઞાનનો પ્રવાહ સદાય મોજૂદ છે. પ્રવાહપણે ભલે તેની તે પર્યાય મોજૂદ નથી પણ પ્રવાહપણે તો જ્ઞાન સદાય મોજૂદ છે, સદાય હાજર છે. આટલી તો સાધનની સુવિધા છે કે સાધન સદાય ઉપલબ્ધ છે. આ જીવને પોતાનું સાધન ક્યારેય ગેરહજાર છે, મોજૂદ નથી એવું નથી. સદાય ઉપલબ્ધ છે, નિરંતર ઉપલબ્ધ છે.

મુમુક્ષુ :- આ વાનગી સાધન થયું ?

પૂજ્ય ભાઈશ્રી :- એ સાધન છે. જ્ઞાન જ સાધન છે. '**ज्ञानमेवैकं साधनादिविधौ चितः**'. સાધનની વિચારણા કરવામાં આવે તો જ્ઞાન જ એક સાધન છે. બીજું કોઈ સાધન નથી.

**'આ નિજ (જ્ઞાન) વાનગી ઘણા સંતો ઓળખી ઓળખીને અજરઅમર થયા,...**' જે જે સંતો થયા તે બધા આ એક વિધિએ અજરઅમર થયા છે. ત્રણ કાળ અને ત્રણ લોકને વિષે કોઈ બીજી કાર્યપદ્ધતિ નથી, કોઈ બીજી વિધિ નથી કે બીજું કામ કરતા અજરઅમર થાય. બીજા કારણથી અજરઅમર થાય એવું કોઈ નથી.

**'તે કહેવામાત્ર જ ન ગ્રહે,...'** એટલે જ્ઞાન સાધન છે, જ્ઞાન વાનગી છે એ કોઈ માત્ર કહેવા સાંભળવાની વાત નથી. Practical side ની વાત છે એમ કહેવું છે. એટલે આ વાતને કહેવામાત્રમાં ન લઈ જવી. એક અહીંયાં નિર્દેષ છે એ 'દીપચંદજી'નો બહુ સારો છે કે અનુભવ પદ્ધતિની વાત અનુભવ પદ્ધતિએ ગ્રહણ કરવી. અનુભવ પદ્ધતિની વાત વિચાર પદ્ધતિએ ગ્રહણ ન કરવી, વ્યાખ્યા પદ્ધતિએ ગ્રહણ ન કરવી. પણ અનુભવની વાત અનુભવ પદ્ધતિએ જ ગ્રહણ કરવી. એટલે પ્રયોગનો વિષય વ્યાખ્યામાં મર્યાદિત કરવામાં આવે છે તો ત્યાં પણ પોતે એ કાર્યથી વંચિત રહી જાય છે, કાર્યના લાભથી પણ વંચિત રહી જાય છે અને વિષય હાથમાં આવતો નથી. એ પરિસ્થિતિ છે. એટલે કહેવામાત્ર જ ન ગ્રહે. કહેતાં કહેતાં પણ કેટલું કહે છે ! કે કહેવામાત્રની વાત નથી, બોલવામાત્રની વાત નથી, વિકલ્પ કરવા પૂરતી વાત નથી.

**'પણ ચિત્તને ચેતનામાં લીન કરે,...'** જ્ઞાનને જ્ઞાનસ્વભાવમાં લીન કરે અથવા જ્ઞાનને જ્ઞાનના આધારમાં લઈ જાય. જો જ્ઞાનને જ્ઞાનના આધારમાં લઈ જાય તો પોતાનો અનુભવ થાય અને **'સ્વરૂપ-અનુભવનો વિલાસ સુખનિવાસ છે તેને કરે.'** સુખની પ્રાપ્તિ થાય. શું કહે છે અહીંયાં ? કે ચિત્તને ચેતનામાં લીન કરે. એ વિષય ઘણો સંક્ષેપમાં અહીંયાં લઈ લીધો છે. જ્ઞાન છે ત્યાં જ જ્ઞાનસ્વભાવ છે. જ્યાં જ્યાં જ્ઞાન પર્યાય છે ત્યાં ત્યાં જ્ઞાનસ્વભાવ છે. સ્વભાવ શું ? એ દૃષ્ટિથી થોડું અન્વેષણ અથવા શોધ અહીંયાં ચાલવી જોઈએ.

હવે એ જ્ઞાન કેવું લેવું છે ? કે માત્ર જ્ઞરૂપ છે એવું જ્ઞાન. કોઈ ઉપાધિવાળું જ્ઞાન નહિ, જ્ઞેયાકૃતિવાળું જ્ઞાન નહિ, મતિ-શ્રુતના ભંગભેદવાળું જ્ઞાન નહિ, ઇન્દ્રિય તરફના જુકાવવાળી જેની દિશા ઊલટી છે એ પણ વાત નહિ. જ્ઞાન કહેતાં સામાન્ય જ્ઞાન. જ્ઞ... જ્ઞ... જ્ઞ.. જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ...જ્ઞપણે જે પ્રવાહ ચાલે છે એવું જે જ્ઞાન સામાન્ય છે એ જ્ઞાન સામાન્ય છે ત્યાં જ્ઞાનસ્વભાવ છે. કારણ કે સ્વભાવ પણ સામાન્ય છે. જે જ્ઞાન સામાન્ય છે એવો જ જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાન સામાન્ય જેવું વ્યક્ત છે એવો જ અવ્યક્ત જ્ઞાન સ્વભાવ સામર્થ્યરૂપે છે.

એ જ્ઞાનના આધારે જ્ઞાન સામાન્યના આધારે જ્ઞાનસ્વભાવ ઉપર પોતે જ્ઞાનને લઈ જાય ત્યારે બીજો કોઈ વિસ્તાર નથી એ વિષયનો.

પોતે જ જ્ઞાન અને પોતામાં જ પોતાનો સ્વભાવ. એમ જ્યાં પરિસ્થિતિ આવે, પોતામાં પોતાને ગ્રહણ કરવાનો જ્યાં વિષય આવે ત્યારે કોઈ પરસન્મુખતા રહેતી નથી. પરાશ્રય કે પરાવલંબનનો ત્યાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પોતે જ જ્ઞાન અને પોતાના જ સ્વભાવને ગ્રહણ કરે. આ એક વિચારથી ન સમજાય તો અવલોકનથી સમજાય એવો વિષય છે. વિચાર આ વાતને સમજવા માટે થોડો ટૂંકો પડે છે. ભાષા પણ ઓછી પડે છે. વિચાર પણ ઓછો પડે છે. પહોંચ નથી. પણ અવલોકનમાં એ વાત સમજાય જાય છે. એટલા માટે એ વાત લેવામાં આવે છે કે જ્ઞાનથી જ્ઞાન પોતાનું, જ્ઞાન પોતાનું પોતામાં જ્ઞાનથી અવલોકન કરે તો એને જ્ઞાનસ્વભાવ શું એનો પત્તો લાગે.

એક દૃષ્ટાંત લઈએ. એક માણસને હીરાની ઓળખાણ નહોતી એ હીરો ઓળખતા થયો. તો એણે શું કર્યું ? હીરાના પુસ્તકો વાંચ વાંચ કર્યા ? એની Books આવે છે. Literature તો દરેક વિષયનું આવે જ છે. કોઈપણ Technical subject હોય તો એનું Literature તો Available હોય છે પણ Technical side માં ખાલી Literature એ પર્યાપ્ત નથી.

મુમુક્ષુ :- કોઈએ વાંચ્યા જ નહિ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- કદાચ કોઈએ વાંચ્યા હોય તોપણ એ પર્યાપ્ત જ્ઞાન છે ? વિજ્ઞાનમાં પણ એવું છે. જે Science ના વિદ્યાર્થી હોય એને બરાબર સમજાય છે કે જે કાંઈ Science માં Theory થી વાત સમજવામાં આવે છે એને Practical side થી જો ન સમજવામાં આવે તો એ વાત ખરેખર એને સમજાતી નથી. એને Practical કરવો જ પડે. Practical કરીને જ સમજવું જોઈએ.

આ તો એક હીરાની વાત આપણે લઈએ. તો એણે શું કર્યું ? કે સતત હીરાને જોયા કર્યો. શું કર્યું ? શિખડાવનાર એમ કહે ખરા કે જો ભાઈ ! આ જે હીરાનો પત્થર છે એની અંદર હીરાનું તેજ છે. અને એ જે હીરાનું તેજ છે એ તમને પરખતા આવડવું જોઈએ. તમારી સમજણમાં એની પરખ હોવી જોઈએ કે આ કેવો તેજવાળો હીરો છે. કેમકે એની અંદર પણ હીનાધિકપણું છે. બધાય એક સરખી કિંમતના, એકસરખી જાતના પત્થર નથી હોતા. તો એના તેજની જે પરખ છે

એના ઉપરથી એનું મૂલ્યાંકન કરવામાં આવે છે. હવે કોઈપણ માણસ એમાં તૈયાર થાય છે, શીખે છે એ વિષયને, ત્યારે એને એની Practice પણ કરવી પડે છે. સતત અવલોકન. જેટલું અવલોકન વધારે કરે એટલી એની ખૂબીઓ વધારે જણાય છે. બસ, આ ચૈતન્યહીરાની પરખનો વિષય છે.

જ્ઞાન પોતાના જ્ઞાનનું અવલોકન કરે. એ જ્ઞાન વાનગી જ્ઞાન સ્વભાવી હીરાને, ચૈતન્ય હીરાને સ્પષ્ટ કરતું એક કિરણ છે. જે બહાર Light મારે છે. તેજનો પુંજ આત્મા છે. જ્ઞાનતેજનો પુંજ આત્મા છે. એનું એક કિરણ બહાર આવે છે. એ કિરણ બહાર આવે છે ત્યાંથી અંદરમાં જવાની ગુફા છે. આ એક ફક્ત Only Chanel છે. એક જ જગ્યાએ આ છે. બાકી જીવના બધા ગુણના પરિણમનમાં ક્યાંય સ્વભાવનો પત્તો ન લાગે એવી પરિસ્થિતિ છે. ચેતના સિવાય, જ્ઞાન સિવાય.

મુમુક્ષુ :- એ કિરણ જ માર્ગ દેખાડે છે. એ કિરણ જે બહાર આવે છે એ જ માર્ગ દેખાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ કિરણ એની જાતને પ્રકાશે છે. જ્ઞાનનું કિરણ જ્ઞાનની સ્વભાવ જાત છે એને પ્રકાશે છે, પ્રસિદ્ધ કરે છે. એટલે એમ લીધું છે કે '**प्रसिद्धं ज्ञानमेवैकं साधन**' એ એક પ્રસિદ્ધ સાધન છે. '**साधनादिविधौ चितः**' આત્માની સાધનની વિધિ જે છે એમાં '**प्रसिद्धं ज्ञानमेवैकं साधन**' '**स्वानुभूत्येकहेतुश्च**' એકમાત્ર સ્વાનુભૂતિનું આ જ કારણ છે, આ સિવાય બીજું કોઈ કારણ નથી. એટલે બીજે મહેનત ન કરવી એમ કહે છે. બીજી રીતે મહેનત ન કરવી, બીજા પ્રકારે મહેનત કરવી, પરિશ્રમ ન કરવો. '**स्वानुभूत्येकहेतुश्च तस्मात्तपरमं पदम्**' આ 'પંચાધ્યાયી'ની ૪૦૧ ગાથા છે. માટે એને પરમપદ કહીએ છીએ. અનેક ગુણ પરિણમે છે પણ આને પરમપદ કહીએ છીએ.

મુમુક્ષુ :- વિચાર કરીએ તો ભૂલી જ જવાય છે, અનુભવ ભૂલાતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવનો વિષય ભૂલાતો નથી. અનુભવથી જે વાત શીખી હોય એ જીવ ભૂલે નહિ.

મુમુક્ષુ :- માણસ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નાનપણમાં, બાળપણમાં નદીએ તરતા શીખ્યા હોય. ગામડામાં ઉછેર હોય, નદીએ નાવા જતા હતા. નદીમાં. બાળપણમાં શીખ્યા હોય પણ ૫૦ વર્ષની ઉંમરે ભૂલથી પાણીમાં પડી જાય તો તરવા માંડે, બૂડે નહિ પછી. શરીરને પાણીની સપાટી ઉપર રાખવું એ એક કળા છે. હાથ-પગ ચલાવવાની એક કળા છે. જોકે કળા એટલે બધે હદ સુધીની છે કે વગર હાથ-પગ ચલાવે પણ માણસ સપાટી ઉપર તરે છે. અમારે (એક) ભાઈના પિતાશ્રી છે ને એ બહુ સરસ તરતા હતા. 'સીતાપુર' એમનું જે ગામડું છે ત્યાં તળાવ છે. પગ ચલાવીને તો સૌ તરે પણ હાથ-પગ ચલાવ્યા વિના એ તરતા હતા. થોડું કાંઈક એમ કહેતા હતા કે શ્વાસોશ્વાસની થોડીક એની અંદર ક્રિયા છે. પણ દૂરથી તો કાંઈ દેખાય નહિ. કળા એ કળા છે. એ Theory નો વિષય છે ? Theory માં તો એમ કહે કે તમારે તરતા શીખવું હોય તો હાથ-પગ ચલાવવા, તો તમે તરી શકો.

... જેટલા કોળિયા, જેટલા ટુકડા પ્રવાહીને કે ઘનના જીભ ઉપર આવ્યા પ્રમાણમાં એ બધાનો સ્વાદ લીધો. હજારો સ્વાદ લીધા. ક્યો સ્વાદ છે ? જીભને સ્વાદ નથી અને જ્ઞાનને પણ સ્વાદ નથી. સ્વાદ વગરનું રહેવું એ એનું સ્વરૂપ છે અને એ એનો સ્વભાવ છે. સર્વ જ્ઞેયોને જાણવા છતાં કોઈપણ જ્ઞેયની અસર વગરનું રહેવું એ જ્ઞાનનો સ્વભાવ છે. કોઈ જ્ઞેયની અસર જ્ઞાન ઉપર ન રહે એવું જ્ઞાન સ્વભાવે કરીને જ નિર્લેપ છે. એ અવલોકનથી જાણવું. વિચારથી નહિ. જ્ઞાનના વારંવારના અવલોકનથી, સતત અવલોકનથી એ જાણતાં એનું જે નિર્લેપપણું છે એ એનો સ્વભાવ છે, એ સ્વભાવનો પરિચય થાય છે અને સ્વભાવ ઓળખાય છે. જેમ હીરાનો પરિચય કરીને હીરાને ઓળખે, એમ જ્ઞાનનો પરિચય કરીને જ્ઞાનને ઓળખે-જ્ઞાનસ્વભાવને ઓળખે.

મુમુક્ષુ :- એ પદાર્થમાં જેમ જીભમાં લુખાશ છે, એવી રીતે ચેતન પદાર્થમાં જ્ઞાનમાં નિર્લેપ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન લુખું જ રહે છે. કોઈપણ જ્ઞેયની અસરતળે રહેતું નથી. પણ આ જીવે અનંત દુઃખ ભોગવ્યા. અત્યારે શું એના જ્ઞાનમાં અસર છે ? અને જે જગતના સુખો કહેવાય છે એ પણ અનંત ભોગવ્યા. શું જ્ઞાનમાં એની અસર છે ? અરે..! કાલે કેરી ખાધી

હોયને આજે પૂછે કે સ્વાદ કેવો હતો ? તો કહે, સહેજ યાદ આવે છે કે આવો હતો. ચાર દા'ડા જવા દો. ચાર દા'ડા જવા દો હજી. વિસ્મરણ ન કરવું હોય તોપણ વિસ્મરણ થઈ જશે. કેમકે એ ચીજ એવી છે. નિર્લેપ ચીજ છે. સ્વભાવથી જ નિર્લેપ ચીજ છે. કોઈ ચીજની અસર રહી શકતી નથી, રાખવી હોય તોપણ.

ભાવતી ચીજને મોઢામાં ટકાવી રાખવાની મહેનત કરજો ને. જે બે-ચાર Second માં ઉતરી જાય છે એના બદલે એમ કહે કે આ ચીજ સારી લાગે છે. રહેવો દો હમણા જીભ ઉપર. બહુ કુદરતી પરિસ્થિતિ છે આ. એ ટકી શકે નહિ. ઉપયોગ બહારમાં ગમે તેટલું સુહાતુ હોય, એ ઉપયોગ ફરી જ જાય. અન્ય જ્ઞેયમાં જ્ઞાનનો ઉપયોગ ટકાવવો હોય તોપણ ન ટકી શકે એવી પરિસ્થિતિ કુદરતી છે. એક સ્વરૂપમાં ટકાવવો હોય તો સાદિઅનંત કાળ પર્યંત સ્થિર રહી શકે. પરમાં ન રહી શકે. આ એક પ્રયોગનો વિષય છે.

**'ચિત્તને ચેતનામાં લીન કરે,...'** હવે એ કેવી રીતે (કરે), એ તો નીચે પાછો પ્રયોગનો વિસ્તાર છે. **'તે કેવી રીતે કરે તે કહેવામાં આવે છે.' 'નિરંતર પોતાના સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે,...'** આ ભાવનાનો વિષય આવ્યો. સ્વરૂપપ્રાપ્તિની ભાવના, એ વગર આ પ્રયોગ સંભવ નથી. જે મુમુક્ષુજીવને સ્વરૂપપ્રાપ્તિની તીવ્ર ભાવના છે એ જ પોતાના જ્ઞાનના અવલોકનમાં આવી શકશે. નહિતર અવલોકન ચાલુ નહિ થાય. કેમકે એને સંબંધ છે. આ એક એવું કામ છે કે જે કામની પોતાની ટેવ નથી કે Practice નથી એવું કામ છે. અને બહારમાં જે વાતની Practice ન હોય જ કામ ગમે તેટલું સહેલું દેખાતું હોય તોપણ અઘરું થઈ પડે છે.

એક દૃષ્ટાંત લઈએ છીએ. એક ૧૦ વર્ષની ઘરમાં દીકરી હોય. એ રોટલી વણી શકે છે. પણ ૭૦ વર્ષનો માણસ એ રોટલી નથી વણી શકતો. જોવે છે રોજ. એને ખબર છે કે આવી રીતે રોટલી વણાય છે. ગોળણાને પાટલી ઉપર રાખીને વેલણ ફેરવવામાં આવે છે અને હજારો વાર એ પ્રક્રિયાને જોઈ છે. છતાં પણ એ રોટલી વણતા ન આવડે જ્યાં સુધી એની Practice ન હોય ત્યાં સુધી. કામ તો સીધું સાદુ છે. કોઈ Higher technical subject નથી એટલો બધો કે બહુ મોટી Technique

છે આની અંદર. સામાન્ય હાથની કળા છે તોપણ એ Practice વગર સાધ્ય થતી નથી.

અહીંયાં એમ કહે છે કે જ્યારે પોતાના જ્ઞાનના અવલોકનની Practice કરવી છે. જ્ઞાન નિજ અવલોકનની Practice કરે તો એને માટે એની ભાવના એ અપેક્ષિત પર્યાય છે. ભાવના વગર એ કાર્ય એમ ને એમ થતું નથી.

મુમુક્ષુ :- અવલોકનમાં નથી અવાતું એનું આ Pin point કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનાની ખામી છે. એથી વધારે જો ઊંડાણથી એનું અવગાહન કરવામાં આવે કે જીવને કેમ ભાવના નથી ? પોતાનું હિત થાય એવું કામ.. 'અતિ નિર્જરતા વણ દામ ગ્રહે' જ્યાં કાંઈ ખરચો નથી કરવાનો. છતાં પોતે કેમ કરતો નથી ? પોતાનું હિત પોતે શું કરવા કરતો નથી ? કે એને હિતનું મૂલ્યાંકન આવ્યું નથી, અહિતનું પણ મૂલ્યાંકન આવ્યું નથી. મોહની નિબિડ ગાંઠ પડી છે. એ જે 'દીપચંદજી'એ આગળ લીધું કે મોહની ગાંઠ નિબિડ પડી છે, એનું કારણ છે. નહિતર તો ગણિતથી સમજાવી શકાય છે આ વાતને. કે જો જીવ પરમાર્થ માર્ગની અંદર અગ્રેસર થાય તો એને અનંત ભવના અનંત જન્મ-મરણના, અશાતાના, પીડાના, મૂંઝવણના, સર્વ પ્રકારના, સમસ્ત પ્રકારના દુઃખનો નાશ થાય. કેટલા નુકસાનથી બચે. અને 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત જ્ઞાન સહિત જો.' અનંત જ્ઞાન, અનંત દર્શન સહિત અનંત સમાધિ સુખની પ્રાપ્તિ સાદિ અનંત કાળ સુધી (થાય). આટલો નફો. આટલું નુકસાન ન થાય અને આટલો ઉપરાંત નફો થાય. બેય Side clear છે. આટલી વાત ગણિતથી સમજે છતાં નિજ હિતના કાર્યનો પ્રારંભ ન કરે અને એની ભાવના ન ઊભી થાય એનું કારણ શું ? મોહની નિબિડ ગાંઠ પડી છે. દર્શનમોહ બળવાન છે. નહિતર આ ગણિતમાં શું ભૂલ પડે એવું છે ? કોઈ અટપટુ તો ગણિત નથી. સીધું સાદુ ગણિત છે. નુકસાનની આટલી Side બંધ થાય છે. નફાની આટલી Side ખુલે છે. આમાં શું બીજી ન સમજાય એવી વાત છે ? છતાં દર્શનમોહ બળવાન છે. એ મૂલ્યાંકનને જીવ વિસ્મરણ કરીને પોતાને નુકસાન કરે છે.

જીવ એવા પરિણામ કરે છે કે પોતે જ પોતાને દુઃખમાં ધકેલે. દુઃખની પ્રાપ્તિ કરાવે તો એનું કારણ શું ? કે આવું જે હિત-અહિતના વિષયનું જે મૂલ્યાંકન છે એનું વિસ્મરણ છે ત્યાં. એ વિસ્મરણ કેમ થયું ? આ જે અનંત સંસારનું કારણ એવો જે દર્શનમોહ છે એનું બળવાનપણું કેટલું છે એ માપવાની વાત છે. અહીંયાં મપાય છે એનું બળવાનપણું કે કેટલો બળવાન છે. એટલે દર્શનમોહની મંદતાના કાળમાં જેટલું કામ આ બાજુના વિકાસનું થાય છે એટલું દર્શનમોહની તીવ્રતાના કાળમાં નથી થઈ શકતું. એટલે એ પગથિયું જે છે એનું અહીંયાં મહત્ત્વ છે. દર્શનમોહની તીવ્રતા-મંદતાનો જે વિષય છે એનું મહત્ત્વ અહીંયાં છે.

મુમુક્ષુ :- દર્શનમોહની મંદતા પ્રયત્નપૂર્વક થાય છે કે સહેજે થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- બંને વાત લાગુ પડે. બંનેની અપેક્ષા જુદી જુદી છે. એક અપેક્ષા પ્રયત્નપૂર્વક એ છે એ વાત છે કે જો ખરેખર પોતે દુઃખી છે એવું એને પોતાને લાગે અને સુખી થાવું છે એમ લાગે તો પ્રયત્ન ઉપડશે. અને આમ જુઓ તો બધી પર્યાય સહજ જ છે. બધી પર્યાય છે એ સહજ છે. કેમકે કૃત્રિમતા અને સહજતા પરસ્પર વિરૂદ્ધ છે. અને સ્વરૂપ સહજ હોવાથી માર્ગ પણ સહજ છે. અને આ સહજ માર્ગ પ્રત્યેનો વિષય છે એટલે એની સહજતા પણ છે.

મુમુક્ષુ :- આજ સુધી જીવે બધું કરીને કાંઈ કર્યું છે કોઈ દિવસ ... જીવે આજ સુધી જેટલું કાંઈ પણ થયું છે એ કાંઈ પણ થયું છે એમાં એમ જ સમજ્યો છે કે મેં કર્યું તો થયું છે. સહેજે કોઈ વસ્તુ એણે સ્વીકારી નથી કે થયું. એટલે હંમેશા કર્તૃત્વના ભાવથી જ જોવાનો એક અભ્યાસ છે જીવને.

પૂજ્ય ભાઈશ્રી :- પણ ભાવના તો સહજ છે ને ? સ્વરૂપ પ્રાપ્તિની ભાવના એ આત્મ કલ્યાણની ભાવના, એ તો સહજ જ હોવી જોઈએ ને. એમાં કૃત્રિમતા શું કામ આવે ?

મુમુક્ષુ :- દુઃખનું કારણ સમજે એટલે સહેજે સુખની ભાવના જાગવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જાગવી જોઈએ. આમાં શું છે ? નિર્દોષતા છે, પવિત્રતા છે, ક્લેશનો અભાવ છે, પરમશાંતિનો ઉપાય છે, અનંત

શાંતિનો ઉપાય છે. આ બધું તો સહજ સ્વરૂપે છે. તો એની ભાવના તો સહજ જ આવવી જોઈએ ને. જ્યારે આવી સુંદર માર્ગની રીતિ-નીતિ છે તો એને એની ભાવના તો સહજ જ આવવી જોઈએ ને.

મુમુક્ષુ :- ભાવના તો સહજ છે પણ છતાં પોતાને વારંવાર સમજાવવો પડે. જેના વગર તો પોતે સહજ થતો પણ નથી પાછો.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો કહ્યું કે બંને લાગુ પડે છે આને. વાત તો સાવધાની છે, વારંવારની જે જાગૃતિ છે. જે પાત્રતાના પત્રમાં ૧૦૫માં પત્રમાં 'કૃપાળુદેવે' કહ્યું કે ઉપયોગથી એક પળ પણ ભરનાર. ઉપયોગ... ઉપયોગ.. ઉપયોગ... શબ્દ લીધો છે ને ? એક પળ પણ ઉપયોગથી વાપરે છે. એ એની સાવધાની છે, જાગૃતિ છે. એટલે જાગૃતિ છે ત્યાં પુરુષાર્થ છે. અને સહજતા પણ છે. જે પાત્રતા છે એ સહજ જ આવી છે, એમ બંને પડખા એને લાગુ પડે છે.

મુમુક્ષુ :- જેટલી ભાવના છે એટલું વળવાપણું નથી. વળવાપણું ક્રમે ક્રમે જ થાય છે. ભાવના ભલે અંતરંગમાં હોય એને સમજાય તોપણ નથી થતું...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે ભાવનાથી બળ ઘણું આવે છે. ભાવનાથી બળ ઘણું આવે છે. એ મોટી વાત છે. અને સ્વરૂપ પ્રાપ્તિની જે ભાવના છે, સ્વરૂપની ભાવના લીધીને અહીંયાં ? એટલે સ્વરૂપપ્રાપ્તિની જે ભાવના છે એ ભાવના એકદમ દર્શનમોહને મંદ કરે છે. જે દર્શનમોહની મંદતામાં જ જે કાર્ય સિદ્ધિ છે અને દર્શનમોહની તીવ્રતામાં આટલું મોટું ગણિત Fail જાય છે. આ ગણિત તો બુદ્ધિગમ્ય છે, સમજાય એવું છે છતાં Fail જાય છે. એ ભાવનાના કાળની અંદર સફળ થાય છે.

એટલે જેને પોતાના ચિત્તને ચેતનામાં લીન કરવું છે, આ જે જ્ઞાનનો પ્રયોગ લીધો ને ? એમાં પાયાનો વિષય ભાવનાનો છે. ભાવના વગર આ પ્રયોગનો પ્રવેશ નથી, પ્રયોગનો પ્રારંભ નથી, શરૂઆત નથી થતી. એટલે એ વાત જ્યાં સુધી ઊભી ન થાય ત્યાં સુધી, એટલે ભાવના જ્યાં સુધી ઊભી ન થાય ત્યાં સુધી પ્રયોગ કરવા જેવો છે એ વાત નિષ્ફળ જાય છે. પ્રયોગ કરવા જેવો છે એ વાત નિષ્ફળ જાય છે. સફળ નથી થતી. ખબર છે એ ખબરવાળું જ્ઞાન બેખબરું થઈ જાય છે.

આ બહુ મોટી વાત છે.

એટલે ભાવના ન ઉત્પન્ન થતી હોય તો ફરી ફરીને પોતાના આત્માને પૂછવા જેવું છે કે કેમ તારે કલ્યાણ નથી કરવું તારું ? તારે તારું અકલ્યાણ કરવું છે ? શું હજી કેટલું પરિભ્રમણ કરવું છે ? હજી પરિભ્રમણનો થાક નથી ? કેમ થાક લાગતો નથી ? દુઃખથી તું કેમ થાકતો નથી ? ક્લેશથી કેમ થાકતો નથી ? ફરી ફરીને એ વિષય ઉપર એને જવું જોઈએ કે જેથી ભાવનાની ઉત્પત્તિ થાય.

જ્યાં સુધી એ ભાવનામાં મગ્ન ન રહે, જો નિરંતર એ પોતાના સ્વરૂપ પ્રાપ્તિની ભાવનામાં ન આવ્યો હોય તો દર્શન-જ્ઞાનચેતનાનો જે પ્રકાશ છે, એને જે ઉપયોગના દ્વારમાં જે કિરણ છે, એ કિરણને જે પકડવું છે એ સ્વસ્વરૂપે એની ચિંતવના નહિ આવે, સ્વસ્વરૂપે એની દઢતા નહિ થય. શું કહેવું છે ? કે દર્શન જ્ઞાનનો ચેતનાનો જે પ્રકાશ છે, તેજનું જે કિરણ છે એ ઉપયોગ દ્વારમાં, ઉપયોગરૂપી દરવાજે એ ભગવાન આવીને ઊભેલા છે. આપણે એમ કહીએ ને કે જો અમારા દરવાજે ભગવાન આવે તો અમે એનું સ્વાગત કરીએ. કેવું સ્વાગત કરીએ ? કે સ્વાગત કરતાં અમને અમારું ભાન ન રહે એવું સ્વાગત અમે કરીએ. ભાન ભૂલીને સ્વાગત કરીએ. એ એવી એક પરિસ્થિતિ છે. દર્શન-જ્ઞાનચેતનાનો પ્રકાશ છે એ જ ભગવાન આત્માનું સ્વરૂપ છે અને એ ઉપયોગ દ્વારામાં મોજૂદ છે.

આ જીવનો અપરાધ કેટલો ? કે ભગવાન દરવાજે ખડા છે, આ સામું જોતો નથી. આ શરીરની સામું જોવે છે, કપડાની સામું જોવે છે, આ બીજાની સામું જોવે છે, ત્રીજાની સામું જોવે છે, મકાનની સામું જોવે છે. આ બધું જેટલું દશ્યમાન રૂપી છે એની સામું જોવે છે. પણ જે દર્શન-જ્ઞાન ચેતનાનો પ્રકાશ જે ઉપયોગ દ્વારામાં છે, જે પોતે જ ભગવાનસ્વરૂપ છે એને જોતો નથી. એટલી ઉપેક્ષા વર્તે છે. બીજી બાજુની અપેક્ષાને લઈને આની ઉપેક્ષા છે. વિચારણીય વિષય છે.

એક સામાન્ય સગા હોય, સબંધી હોય, વેવાઈ હોય અને ઘરે આવે અને આવજો ન કહો, આવો એમ ન કહે. દરવાજે આવે એને આવો એમ ન કહે, આવકાર ન આપે અને ધ્યાન ન આપે એના પ્રત્યે. જે કામ કરતા હોય એ કામ એમ ને એમ ચાલુ રાખે, ધ્યાન જ ન

આપે. તો આવનારને એમ થાય છે કે કદાચ હું અત્યારે આવ્યો છું એ પસંદ નથી પડ્યું. મારા પ્રત્યે કાંઈક નારાજગી, મારા આગમનની આ નારાજગી છે, બીજું કાંઈ નથી. આટલું તો ઓછામાં ઓછું સમજે છે. કોઈ વેવાઈ Insult સમજે એ તો વળી વધારે વાત છે, અપમાન સમજે એનું. પણ નારાજગી તો સામાન્ય માણસને ખ્યાલમાં આવી જાય છે કે આપણે આવ્યા અને આવો એમ ન કહ્યું માટે પસંદ નથી. સામાન્ય માણસ પણ આટલો આદર સત્કારની અપેક્ષા રાખે છે.

આ તો પ્રભુ વીતરાગ છે એટલે એને અપેક્ષા નથી, નારાજ થતાં નથી. એ અનંત કાળથી દરવાજે ઊભા રહે છે, ઊભા રહેવાના છે. પોતે સામું ન જોવે તોપણ ઊભા રહેશે, સામું જોશે તોપણ ઊભા રહેશે. અપરાધ પોતાને કેટલો કરવો એ પોતે નક્કી કરે. એ સીધી વાત છે. ભાવના ચીજ એવી છે.

જો એ ચૈતન્યપ્રકાશને સ્વસ્વરૂપે, પોતાના સ્વરૂપે જોવામાં આવે છે કે દઢપણે ચિંતવવામાં આવે છે તો અહીંથી ચિદ્રસની સ્વરૂપરસની એક પરિણતિ ઉત્પન્ન થાય છે. 'અનુભવપ્રકાશ'નો આ વિષય એકદમ સ્વરૂપ પરિણતિનો લીધો છે. અહીંથી જ તે-પ્રારંભથી જ તે. જો ઉપયોગદ્વારમાં દર્શન-જ્ઞાનચેતનાનો જે પ્રકાશ છે એમાં સ્વપણું ચિંતવવામાં આવે છે તો એની એક સ્વરૂપરસની પરિણતિ, ચિદ્રસની એક પરિણતિ છે એ અહીંથી ઉત્પન્ન થાય છે.

હવે એ સ્વરૂપરસ શું, ચિત્પરિણતિ શું એ વિષયથી જીવ બિલકુલ અજાણ્યો છે. જીવ એટલો બધો એનાથી અજાણ્યો છે કે એની નિરાકુળતા, એની શાંતતા, એની નિર્દોષતા એ અનુભવનો વિષય હોવાથી એને ખબર જ નથી. પણ જો યથાર્થ પદ્ધતિથી એ કાર્ય કરવામાં આવે તો આ એક પરિણતિ-ચૈતન્યરસની એક પરિણતિ અહીંથી ચાલુ થાય છે. ચૈતન્યરસની પરિણતિ આ પ્રકારે જો અંતરમાં ચાલુ કરવામાં ન આવે, માર્ગનો કોઈ બીજો ઉપાય નથી. કોઈ બીજી વિધિથી, કોઈ બીજી પદ્ધતિથી કાંઈ થઈ શકે એવું નથી. એક ડગલું પણ નહિ, એક અંશે પણ નહિ. એક ડગલું એટલે એક અંશે પણ નહિ. આ અઢી લીટીમાં જે વાત છે એ વાત એકદમ સાક્ષાત્ પ્રયોગનો વિષય છે.

મુમુક્ષુ :- '**ઉપયોગ દ્વારમાં દઢ ભાવે (ચિંતવે).**' દઢ ભાવે એટલે

સ્વપણે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વપણે. સ્વપણાની એમાં દઢતા આવે છે. સ્વપણાની. એટલે હુંપણે, હુંપણે દઢતા કરે છે. એ પ્રયોગનો વિષય શું છે ? કે જીવ વિચાર કરે છે ત્યારે આત્માનો વિચાર પણ પરતત્ત્વ તરીકે થાય છે. એ પ્રયોગનો વિષય નથી. એ પરતત્ત્વ તરીકે જ્યાં સુધી વિચારમાં લે છે ત્યાં સુધી પોતે પોતાથી દૂર રહે છે. એવી પરિસ્થિતિ છે. દૂર રહે છે.

એવું છે કે જીવને સ્વપણું છે એમાં જ રસ છે. પરમાં રસ નથી. પારકો દીકરો ગમે એટલો રૂપાળો હોય અને પોતાનો ગમે તેટલો કદરૂપો હોય. રસ કોનામાં છે ? પાડોશીના દીકરામાં રસ છે કોઈને ? જગતમાં ઉથલપાથલના અનેક પ્રસંગો બને છે. રસ કેમ નથી આવતો ? પોતાને થોડો લાભ-નુકસાનનો છેડો અડતો હોય તો કેમ રસ આવે છે ? એટલે જ્યાં સ્વપણું છે ત્યાં જ રસ છે.

અહીં તો એમ કહે છે ને કે '**ચિદ્પરિણતિથી સ્વરૂપરસ થાય છે.**' ચિદ્પરિણતિ એ એક લુખ્ખી ચીજ નથી. જેમાં સ્વરૂપરસ સારી રીતે આવેલો છે એવી એક ચીજ છે, એવી એક પરિણતિ છે કે જેમાં સ્વરૂપરસ ગાઢ છે. એનું કારણ પણ એ છે કે ભાવનાથી ઉત્પન્ન થયેલી ચીજ છે. ભાવનામાં પણ રસ ઘણો છે. શુષ્કજ્ઞાન અને ભાવનામાં વિરૂદ્ધતા એટલા માટે છે કે શુષ્કજ્ઞાન જેને છે એને ભાવનારહિતપણું છે. ભાવનાસહિતપણું છે ત્યાં જ્ઞાનની શુષ્કતા નથી થતી. નહિતર તો શું કરે કે શાસ્ત્ર તો વાંચવાનું બને છે. પણ શાસ્ત્ર વાંચતા વાંચતા નિરસ કેમ થાય છે જીવ ? ભાવના નથી. ઉપાડ ભાવનાથી છે.

મુમુક્ષુ :- એને પોતાની વાત લાગતી જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતાની વાત ન લાગે તો કોઈ રીતે એ વાતની અસરમાં જીવ નહિ આવે.

મુમુક્ષુ :- અંતર રસ કેળવવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- આ એક ટૂકડા ઉપર Practical side થી જો ઊંડા ઉતરવાનું બને તો કામ પૂરું થઈ જાય. બાકીનો પછી ગ્રંથ વાંચવાની જરૂર નથી. હજી તો 'દીપચંદજી' ગ્રંથનો પ્રારંભ કરે છે. અને પ્રારંભમાં આ વાત લીધી છે. જોકે અનેક જગ્યાએ ફેરવી ફેરવીને આ

વિષય એમણે ઘૂંટ્યો છે આમાં અને ફેરવી ફેરવીને સ્પષ્ટ કર્યો છે, પ્રકાશ્યો છે. પણ આટલી વાત છે એમાં સીધેસીધી માર્ગની સુગમપણાથી, સરળપણાથી સીધી જ માર્ગની સિદ્ધિ થાય એવી વાત લઈ લીધી છે.

મુમુક્ષુ :- માર્ગ આટલો સરસ છે એ જીવ માનતો નથી. માન્યતા પણ એની આડે આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જુઓને ! અઢી લીટીની વાત છે.

એક, જીવ નિરંતર પોતાના સ્વરૂપ પ્રાપ્તિની ભાવનામાં રહ્યા કરે. એ ભાવનાપૂર્વક પોતામાં સમયે સમયે ઉત્પન્ન થતો દર્શન-જ્ઞાનચેતનાનો પ્રકાશ છે એમાં સ્વપણું ચિંતવે, સ્વપણે એને દૃઢતાથી જોવે, અવલોકન કરે. ચૈતન્યરસની, ચિદ્રસની પરિણતિ ઉત્પન્ન થઈ જાય. પરિણતિ ન થાય ત્યાં સુધી પરિણામમાં કોઈ બળવાનપણું નથી. પરિણતિ આવી એટલે સમજવું કે હવે આ રસ ઘટ્ટ થઈને જામ્યો છે. એનું બળવાનપણું થયું.

જે બીજા-ત્રીજા ઉદયની અંદર, પરિણામોની અંદર ફેરફાર થઈ જાય છે પછી જીવને એમ થાય છે કે અરે..! આપણે આટલું વાંચ્યું, આટલું વિચાર્યું, આટલું સાંભળ્યું અને ઘડી ઘડીમાં આ બધું કેમ આમ થઈ જાય છે ? પણ પરિણતિ થઈ નથી. જે મુખ્ય વાત એ છે કે પરિણતિ નથી થઈ. પરિણતિ ન થાય ત્યાં સુધી એનું બળ નથી. ગમે ત્યાં હારી જાય, કોઈપણ ઉદયમાં.

મુમુક્ષુ :- અઢી લીટીમાં વિધિ દેખાડી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :- અઢી લીટીમાં તો ગજબ કામ કર્યું છે !

મુમુક્ષુ :- ઉપયોગમાં એને ભાવી નથી એટલે પરિણતિ નથી થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાવના નથી. ભાવનાથી પરિણતિ થાય છે. ભાવનાથી ઉપયોગાત્મક કરે, ઉપયોગથી પરિણતિ થાય. ભાવનાને ઉપયોગાત્મક કરવું એ વારંવારની Practice છે. (અહીં સુધી રાખીએ...)

## તા. ૧૫-૬-૧૯૯૦, પાના નં. ૩ થી ૬, પ્રવચન નં. ૧૬૨

... આપના દર્શન કરવા છે. બહુ ભાવના થઈ છે આપના દર્શન કરવાની, ઘણી ભાવના થઈ છે. 'કૃપાળુદેવ' બહુ વિચિક્ષણ છે. એમને ખ્યાલ આવી ગયો છે કે હવે આમનો દેહનો લાંબો સમય નથી રહેવાનો. પણ આમને ઉત્કૃષ્ટ વેદનામાં લાવવાની જરૂર છે. આ જે વેદનાનો વિષય આપણે પહેલા ચાલી ગયો ને ? આ 'સોભાગભાઈ'ની વેદનાનો વિષય છે. ઉત્કૃષ્ટ વેદનામાં લઈ આવ્યા છે. એટલે શું કર્યું છે એમણે ? પગથિયા મૂક્યા. બહુ સારું. તમારો પત્ર મળ્યો છે હમણાં એક-બે અઠવાડિયામાં આવું છું. વળી એક-બે અઠવાડિયા થાય ત્યારે પાછો બીજો વાયદો કરે કે હજી બે-ત્રણ અઠવાડિયા પછી આવી શકીશ. વળી બે-ત્રણ અઠવાડિયા થાય ત્યાં વળી એકાદ અઠવાડિયાનો વાયદો કરે. એમ અઠવાડિયા, બે અઠવાડિયા, ત્રણ અઠવાડિયાનો વાયદો છથી આઠ મહિના સુધી કર્યો અને છ આઠ મહિમામાં તો 'સોભાગભાઈ' હવે રહી શકે એવી પરિસ્થિતિ નથી.

છેલ્લો કાગળ એમ લખે છે કે આ રીતે તમારા આવવાના વાયદાથી કાંઈ આવવાનું બનતું નથી. મને એમ લાગે છે કે મારું શરીર માંદગીથી નહિ છૂટે પણ આપના દર્શનના વિયોગની વેદનામાં છૂટી જશે. એ જ્યારે શબ્દ એમણે લખ્યા ને પછી સીધા આવ્યા 'સાયલા'. કે હવે પાકી ગયું છે. તીવ્ર પાત્રતામાં આવી ગયા. ચાલો 'ઈડર'. છોકરાઓ મોટા મોટા. આ તો વૃદ્ધ એટલે છોકરાઓ તો મોટા જ હોય ને. છોકરા કહે, બાપાજીની તબિયત ક્યાં છે મુસાફરી કરી શકે એવી ? એ તમારું કામ નથી. તમારે એમનો વિકલ્પ કરવાનો નથી. એમની તબિયત સારી છે કે નથી સારી એનો વિકલ્પ તમારે નથી કરવાનો. હું કહું છું કે મારી સાથે આવે. ગોસળિયા કમનસીબ કે ન આવ્યા. રજા આપી, નહિતર તો આજ્ઞા આપે નહિ.

જુઓ ! મહા સુદ દશમે પત્ર લખ્યો છે. ૭૪૧ નંબરનો. '**ઈડર જવાનો હાલ વિચાર રાખીએ છીએ. ત્યારે રહેશો. શ્રી ડુંગરને આવવા માટે વિનંતી કરશો. તેમને પણ તૈયાર રાખશો. તેમના ચિત્તમાં એમ**

**આવે કે વારંવાર જવાનું થવાથી લોક-અપેક્ષામાં યોગ્ય ન દેખાય. કેમકે અવસ્થા ફેર. પણ એવો વિકલ્પ તેમણે કર્તવ્ય નથી. પરમાર્થદૃષ્ટિ પુરુષને અવશ્ય કરવા યોગ્ય એવા સમાગમના લાભમાં તે વિકલ્પરૂપ અંતરાય કર્તવ્ય નથી.**' એ તો અંતરાય છે. '**આ વખતે સમાગમનો વિશેષ લાભ થવા યોગ્ય છે.**' જે એમને પેટમાં હતી એ વાત કરી નાખી છે. '**માટે શ્રી ડુંગરે કંઈ બીજો વિકલ્પ છોડી દઈ આવવાનો વિચાર રાખવો.**' આ એમને અહીંયાં લઈ આવ્યા છે 'ઈડર'. અહીંયાં જે એમને કહેવું હતું એ કહી દીધું. છેલ્લામાં છેલ્લી જે એમને હૃદય ખોલીને અનુભવ કેમ કરવો એ વાત એમણે અહીંયાં (કરી) છે. એના પછી 'સાયલા'માં આવીને તરત જ એ સ્વાનુભવમાં આવ્યા છે. એમના દેહાંત પહેલાના અઢારમા દિવસે. અને ત્યારપછી અઠવાડિયે એમણે કાગળ લખાવ્યો છે કે આપની કૃપાથી બે ફાટ દેહ અને આત્મા જુદો પડી ગયો છે.

એટલે કહેવાનો મતલબ એ છે કે એમનો જે સમાગમ છે એનું સફળપણું એ જ ભવમાં થઈ ગયું. એક અઠવાડિયું જે એમને બોધ મળ્યો અને ત્યારપછી એક અઠવાડિયું પુરુષાર્થમાં લાગ્યો. એટલે ભાવ તો ભાસી ગયો પ્રત્યક્ષ સમાગમમાં અને એક અઠવાડિયું પુરુષાર્થ કર્યો. એ અઠવાડિયામાં અનંત ભવનો છેદ થઈ ગયો. હવે એની શું કિંમત થાય ? જે ભવમાં અનંત ભવનો છેદ કર્યો એની કિંમત બીજી શું થાય ? એની કોઈ કિંમત નથી. એની કોઈ Terminology નથી જગતમાં. કામ પૂરું થઈ ગયું. શરીર ભલે અસ્વસ્થ હતું, જીર્ણ હતું, મુસાફરીમાં અનુકૂળતા, અગવડતા આવી હોય, પ્રતિકૂળતા જે કાંઈ હોય, હિસાબ શું કરવો ? એનો શું હિસાબ થાય ? હિસાબ થાય નહિ.

મુમુક્ષુ :- બેસી શકે એવું નહોતું છતાં સાયલા ...

પૂજ્ય ભાઈશ્રી :- છતાં 'સાયલા'થી 'ઈડર' સુધી ઉપાડ્યા.

મુમુક્ષુ :- 'ભાવનગર'થી 'ઈડર' આવવું હતું તોપણ... આજથી સો વર્ષ પહેલા. કાંઈ સગવડ નહોતી. આટલું ચઢવું એ પણ...

પૂજ્ય ભાઈશ્રી :- સો વર્ષ પહેલા. કાંઈ સાધન નહિ. ૯૫ વર્ષ થયા. ૧૯૫૨માં લગભગ... ૧૯૫૨નો પત્ર છે ને ? ૭૪૧. ૫૩. ૪૬ ને ૭ - ૫૩. ૯૩ વર્ષ થયા. ૯૩ વર્ષ પહેલા આવ્યા.

મુમુક્ષુ :- એમની વિચિક્ષણ એ છે કે જે વ્યક્તિની પાત્રતા હોય એટલું જ આપતા. એને વધારે નહિ આપતા. બીજું વધારેમાં વધારે એ છે કે જીવમાં પોતામાં ઈચ્છા ઉત્પન્ન થાય એવી વાત હંમેશા કરી છે. એટલે એને પોતાને ભાવ થાય એ વાત વારંવાર...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના જગાડી છે. ... એ શૈલી હતી એમની. વ્યક્તિકગત સંપર્ક હતો ને એટલે એ શૈલી રાખી હતી એમણે. અને શું 'સોભાગભાઈ'ને ખેંચ્યા છે ! એ તો એક એક પત્રો વાંચવા જેવા છે. બહુ ખેંચ્યા છે, બહુ ખેંચ્યા છે. એવું ખેંચ્યુ છે.. એવું ખેંચ્યુ છે કે જાણે હમણાં તાણતા તાણતા હમણાં તૂટી જશે એમ લાગે. એવું ખેંચ્યુ છે. એમ લાગ્યું કે નહિ હવે પાકી ગઈ છે. છ થી આઠ મહિના ટીંગાડ્યા. આવું છું.. આવું છું.. કરીને ટીંગાડ્યા છે. હમણાં આવું છું.. હમણાં આવું છું... હમણા આવું છું ને. આમ ટીંગાડ્યા છે.

મુમુક્ષુ :- સાહેબ ! એટલો બધો મુમુક્ષુજીવોમાં રંગ અને પ્રેમ હતો કે સોભાગભાઈ ઉપર પત્ર આવે તો સોભાગભાઈ દરેકે દરેકે મુમુક્ષુજીવ પાસે જઈને પત્ર વંચાવે અને પાછું... એટલે એટલું બધું આપસમાં પણ એમને બહુ જ પ્રેમ હતો.

પૂજ્ય ભાઈશ્રી :- એ કામ 'અંબાલાલભાઈ'ને સોપ્યું હતું. એટલે જેટલા 'કૃપાળુદેવ'ના પત્રો જેના ઉપર જાય એ બધા 'અંબાલાલભાઈ' પાસે પાછા કેન્દ્રિત થાય. અને 'અંબાલાલભાઈ' એને નકલ કરાવીને Circulate કરે. તમારો પત્ર આવ્યો હોય તો બીજા બધા મુમુક્ષુને એની નકલ વાંચવા મળે. એ બધી પ્રવૃત્તિ 'અંબાલાલભાઈ'એ સંભાળી હતી અને એમણે ઘણો ભોગ આપ્યો છે.

આ પુસ્તક તરત તૈયાર થયું એનું કારણ એ છે. ૧૯૫૭માં દેહ છોડ્યો છે અને ૧૯૬૧માં આવડું મોટું Volume બહાર પડ્યું છે. જે દિ' આટલા Press ના સાધનો નહોતા. અમસ્તુ આ પુસ્તકની Copy કરીને Press માં કરાવવું હોય તો આજે Press ની અંદર છ-આઠ મહિના લાગી જાય, બાર મહિના લાગી જાય. તૈયાર Mater હોય. ઓલું તો એમને થોડુંઘણું ભેગું કરવાનું બાકી હતું. બાકી ઘણુંખરું એમની પાસે હતું. ચોથે વર્ષે તો એમણે પહેલી આવૃત્તિ પ્રકાશિત કરી નાખી છે. કેમકે પહેલેથી આ Circulate કરવાની પદ્ધતિ ચાલુ હતી. 'મનસુખભાઈ'

એટલે એમના નાના ભાઈ અને 'અંબાલાલભાઈ', બે જણાએ સંપાદનનું કામ ચાલુ કરી દીધું. 'અંબાલાલભાઈ'ને એટલું સમજાઈ ગયું કે આની અંદર પરમાર્થ તત્ત્વ બહુ પડ્યું છે. એક એક પત્રની અંદર ઘણું ઊંડું તત્ત્વજ્ઞાન, અનુભવજ્ઞાન આની અંદર રહેલું છે. એ વાત 'અંબાલાલભાઈ'ને ખ્યાલમાં હતી.

મુમુક્ષુ :- 'કાવિઠા'માં સાહેબ જોયું આપે ? સાહેબ ! 'કાવિઠા'માં કેટલું દૂર ઘર છે એમનું. અહીંયાં રસોઈ કરે ત્યાં અને અહીંયાં સાંભળીને પોતે ... દે. સામે ઘર સુધી દૂર છે. છતાં પણ એ સાંભળી લે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બે ભાઈઓના જ ઘર છે. 'ઝવેરચંદભાઈ'ના દીકરા. અમે ગયા હતા. બે-ત્રણ વર્ષ પહેલા 'અગાસ' ગયા ને પછી 'કાવિઠા' ગયા હતા. 'કાવિઠા'માં એ લોકો બહુ પ્રેમથી બધાને આવકારે છે. જેટલા જોવા આવે છે, એ ઘર જોવા આવે છે એ બંને ઘર બતાવે છે કે આ ઘરમાં 'અંબાલાલભાઈ' રસોઈ કરે. 'અંબાલાલભાઈ' પોતે જ રસોઈ કરતા હતા. એ પોતે Advocate છે. એણે રસોઈ શીખી લીધી હતી. કેમકે એ વખતમાં રસોઈયા Available નહોતા. પોતે રસોઈ શીખી લીધી. પોતે રસોઈ કરીને જમાડતા હતા. અને એ રસોઈ કરે, એમનું જે રહેવાનું બીજું મકાન છે એ થોડું દૂર હતું. લગભગ સોએક વારનું Distance છે. ત્યાં એ પોતે આરામ કરતા. અથવા બધા મુમુક્ષુઓ આવે તો ત્યાં ધર્મસભા જેવું પણ ત્યાં જ થતું. એ મોટો Hall છે જરા. એ Hall મોટો છે. આથી પણ મોટો છે. લગભગ આવડો Hall છે. એટલો મોટો Hall છે. બધું બતાવ્યું હતું. અહીંયાં સૂતા હતા, અહીંયાં બેસતા હતા, અહીંયાં ધ્યાન કરતા હતા. એ બધું બતાવ્યું. જમતા હતા એ સ્થળ બતાવ્યું. બે ભાઈઓના ઘર હતા. સગા ભાઈના ઘર હતા.

મુમુક્ષુ :- પત્રો... શું કહેવું છે કે 'ઈડર'ના જે અમુક પત્રો હતો એ આમણે સંભાળ્યા, 'વવાણિયા' જે પત્રો હતો એમણે ત્યાં મોકલાવ્યા પછી. એટલે બધાએ આમ જે થોડા થોડા પત્રો જેની પાસે આવ્યા હતા એ પછી પોતાની પાસે રાખ્યા છે. બીજા મુખ્ય બધા પત્રો 'અગાસ'માં મોકલ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'અગાસ'માં અમે એની Photostate copy જોઈ

હતી.

મુમુક્ષુ :- એ તો બધા પત્રોના જે વચનામૃત આખું છે એનું આખું તામ્રપત્ર કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ક્યાં કરી ?

મુમુક્ષુ :- 'અગાસ'માં કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'અગાસ'માં. તાંબા ઉપર.

મુમુક્ષુ :- એ પોતે પણ ...

પૂજ્ય ભાઈશ્રી :- તાંબા ઉપર તો થાય જ છે.

મુમુક્ષુ :- એટલે શું છે પછી કોઈ જીવોને પાછું પોતાની વધઘટ કરવાની કાંઈ ઇચ્છા થાય તો કરી ન શકે.

પૂજ્ય ભાઈશ્રી :- કેમ આ બહેનશ્રીના પત્રો ચાંદી ઉપર ન જોયા ? 'બહેનશ્રી'ના સ્વાનુભવના દિવસના જે પત્ર છે એ ચાંદી ઉપર થયા છે. એમના જ અક્ષરમાં છે. એ રીતે કરી શકાય છે. Same dicto to dicto એમના અક્ષર છે.

મુમુક્ષુ :- કોઈ વધઘટ ન કરી શકે. ભવિષ્યમાં કોઈને Verify કરવું હોય તો પછી કરી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ અમે 'અગાસ'ની અંદર જોયું કે જેટલા અમુક નામ વગરના પત્રો છે એની Photo state નથી મળતી. અને કેટલીક Photo state એવી જોઈ કે જે મૂળ ગ્રંથમાં, પુસ્તકમાં સંકલિત નથી. અને એ બેય વાત, જેમણે દેખાડ્યું, પ્રકાશન વિભાગમાં જે ભાઈઓ કામ કરે છે એને અમે બોલાવ્યા. પહેલા અમે તપાસ્યું. અમને એમ લાગ્યું કે આ કેમ આમ રહી ગયું ? પછી Manager છે એ ભાઈને બોલાવ્યા. આ લોકો આમ કહે છે. એમણે પણ જોયું. બરાબર છે. અમારા તો ખ્યાલમાં જ નથી. પ્રકાશન કરો છો અને તમારા ખ્યાલમાં નથી એ વાત કેવી રીતે બને ? અત્યાર સુધી અમારા ખ્યાલમાં નથી એ વાત. કેટલાક પત્રો જે પ્રકાશિત થયા છે એ Photo state માં નથી. અને જે Photo state માં છે એ પ્રકાશિત થયેલા નથી. એવા કેટલાક પત્રો છે. પહેલુંવહેલું અમે થોડું (ધ્યાન ખેંચ્યું હતું).

અમને તો સંશોધન કરવાનું કારણ શું બન્યું કે કેટલાક પત્રોમાં બહુ મહત્વનો વિષય આવ્યો છે. એટલે અમને એમ થયું કે ચાલો, એની

Photo state જોઈએ, કોના ઉપર લખેલો છે. આમાં નામ નથી લખ્યું પણ પેલામાં તો નામ હશે ને. એટલા ખાતર અમે એક Photo state કઢાવી હતી. એમાંથી અમને ધાર્યા બહારનું નવું જાણવા મળ્યું. એવું જાણવા જતાં, નામ જાણવા જતાં અમને આ નવી શોધ થઈ ગઈ કે આ તો આવું બન્યું છે. એ લોકોએ Confirm કર્યું કે બરાબર છે, તમારી વાત સાચી છે.

મુમુક્ષુ :- મુમુક્ષુઓમાં જે અનન્ય પ્રેમ જોયો, સાહેબ ! એવો પ્રેમ તો અત્યારે દેખાતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સાચી વાત છે.

... ક્યાંય રસ ન આવે. એક આનંદને હિસાબે આત્મા આનંદમય છે અને જીવને એની અંદરથી બહાર નીકળવું ન ગમે, પોતાના આનંદથી બહાર નીકળવાનો પરિણામ એને ન થાય. અનંત કાળ સુધી સિદ્ધપદમાં (રહે છે) એનું કારણ પરમાનંદ છે. પરમ આનંદ ત્યાં વર્તે છે. છતાં એને મુખ્ય ગુણ અહીંયાં નથી કીધો. જ્ઞાનને મુખ્ય ગુણ કીધો છે. આખો 'સમયસાર'નો આ Tone છે. 'સમયસાર' શાસ્ત્રનો આ Tone છે. અને એનું કારણ એ છે કે જીવને પ્રયોજનની સિદ્ધિ કોઈપણ ગુણથી નહિ, જ્ઞાનથી થાય છે. '**प्रसिद्धं ज्ञानमेवैकं साधन**' આ મુખ્ય વાત છે.

(પૃષ્ઠ-૪). '**સર્વ ગુણોમાં જ્ઞાન (ગુણ) પ્રધાન છે. શાથી ? કે જ્ઞાન વિશેષ ચેતના છે. જ્ઞાન સર્વનું જ્ઞાતા છે.**' આનંદ કોઈને જાણતો નથી. પોતાને નહિ, કોઈને નહિ. જ્યારે જ્ઞાન આનંદને પણ જાણે છે અને જ્ઞાન પોતાને પણ જાણે છે, બીજા સર્વને જાણે છે. એટલે જ્ઞાનની પ્રધાનતા છે, વિશેષતા છે. '**(તથા જ્ઞાન સૂક્ષ્મ છે)**' આપણે ઓલા જ્ઞાનના પ્રકરણમાં 'તત્ત્વાનુશીલન'માં સૂક્ષ્મતા લીધી છે ને ? ઘણું કરીને લીધી છે. 'દિપચંદજી' જ્યારે જ્ઞાનની વાત કરે છે ત્યારે કોઈ વાત રહી જાય છે કે નહિ ? સૂક્ષ્મતા લીધી છે. છઠ્ઠું. સૂક્ષ્મતા લીધી છે.

'**જ્ઞાન સૂક્ષ્મ છે. સૂક્ષ્મ ન હોત તો ઈન્દ્રિયગ્રાહ્ય હોત. તેથી સૂક્ષ્મતા વડે જ્ઞાનની સિદ્ધિ છે.**' હવે જુઓ ! જ્ઞાન ઈન્દ્રિય ગ્રાહ્ય નથી એમ કહે છે. સામાન્ય રીતે જીવ એમ સમજે છે કે આંખથી ચક્ષુનું જ્ઞાન થાય છે, જોવાનું જ્ઞાન થાય છે કે કાનથી સાંભળવાનું જ્ઞાન થાય છે માટે

એ જ્ઞાન ઇન્દ્રિય ગ્રાહ્ય છે અથવા મનથી જ્ઞાનને આપણે સમજી શકીએ છીએ કે અત્યારે હું આંખથી જોઉં છું, અત્યારે હું કાનથી સાંભળું છું. વગેરે. પણ અહીં એ જ્ઞાન નથી લીધું. જ્ઞાનનું જે સૂક્ષ્મત્વ છે કે જે સૂક્ષ્મત્વને લઈને એ ઇન્દ્રિયગ્રાહ્ય નથી. જ્યારે જ્ઞાન પોતે અંતર્મુખ થઈને અતીન્દ્રિય પર્યાય ધારણ કરે છે ત્યારે જે જ્ઞાનમાં જ્ઞાનનું સ્વસંવેદન ઉત્પન્ન થાય છે, એવું જ્ઞાનનું સ્વરૂપ કહેવું છે. ઇન્દ્રિયગ્રાહ્ય જ્ઞાન તે જ્ઞાન નહિ.

'**(જ્ઞાન સૂક્ષ્મ છે) સૂક્ષ્મ ન હોત તો (તે) ઇન્દ્રિગ્રાહ્ય હોત, તેથી સૂક્ષ્મતા વડે જ્ઞાનની સિદ્ધિ છે. સત્તાગુણ વિના સૂક્ષ્મ શાશ્વત ન હોત.**' હવે અસ્તિત્વગુણ લીધો. જો સત્તાગુણ ન હોત તો સૂક્ષ્મ એવું જે આ જ્ઞાન તે શાશ્વત ન હોત. ક્ષણિક થઈને મટી જાત. એનો નાશ હોત. પણ નહિ, સદાય શાશ્વત છે. '**વીર્યગુણ વિના સત્તાનું નિષ્પત્તિસામર્થ્ય ક્યાંથી હોત ?**' સ્વરૂપની રચના. નિષ્પત્તિ એટલે રચના. વીર્યગુણનું કાર્ય છે. એ એના વિના સત્તાની રચના ક્યાંથી હોત ? '**અગુરુલઘુગુણ વિના વીર્ય હલકું ભારે થતાં, જડતાને ધારણ કરત.**' એમ કે પુરુષાર્થ કેટલો જાત ? બહુ પુરુષાર્થ ઘટી જાત તો જડ થઈ જાત. અથવા આત્મામાં ને આત્મામાં પુરુષાર્થ એટલો બધો વધી જાત કે જડનું પણ કામ કરી લેત. શરીરનું પણ આત્મા કામ કરે અને આત્માનું પણ કામ કરે. અરિહંત ભગવાનને અનંત વીર્ય પ્રગટ્યું. અનંત ચતુષ્ટયમાં, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય (પ્રગટ થયા). એટલું ભારે પણ ન થાય, ઘટીને એટલું હલકું પણ ન થાય નિગોદની પર્યાયમાં કે જડ થાય કે જડના કાર્ય કરે. એટલા માટે અગુરુલઘુગુણ છે.

'**પ્રમેયગુણ વિના અગુરુલઘુગુણનું પ્રમાણ ક્યાંથી હોત ?**' જે મર્યાદા રહે છે કે ચૈતન્ય ચૈતન્યમાં રહે છે અને જડ નથી થતું. એનું કારણ એનામાં પ્રમેયત્વ છે. એમાં પ્રમેયત્વને લઈને એનું પ્રમાણ જળવાઈ રહે છે. પ્રમાણ બહાર નથી જતું કાંઈ. '**અપ્રમાણ થતાં (તેને) કોણ માનત ?**' અને જ્યારે પ્રમાણ જ ન રહેત તો અપ્રમાણ થતાં કોણ એને માનત ? આમાં આવે છે ને ? ... સર્વવ્યાપક લેતા હતા ને ? પ્રમાણ નથી ક્યાંય. એનું પ્રમાણ નથી. સર્વવ્યાપક છે. કોઈ પ્રમાણ નથી જીવનું. નહિ. ક્ષેત્ર પ્રમાણ છે, ગુણ પ્રમાણ છે. પર્યાય

પ્રમાણ છે અને દ્રવ્ય પ્રમાણ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી એની સપ્રમાણતા છે.

**'અપ્રાણ થતાં (તેને) કોણ માનત ? વસ્તુત્વ વિના પ્રમાણ કોનું કહીએ ?'** એ વસ્તુત્વ ગુણ લીધો. વસ્તુત્વ વિના પ્રમાણ કોનું કહીએ. ચીજ હોય તો એનું પ્રમાણ હોય ને ? માટે વસ્તુત્વ પણ આત્મામાં છે. **'અસ્તિત્વ વિના વસ્તુત્વ કોના આધારે કહીએ ?'** અને વસ્તુત્વ કહીએ તો વસ્તુમાં અસ્તિત્વ વગર કોના આધારે વસ્તુ ? હયાતી વગર વસ્તુત્વ કોનું હોત ? એ અસ્તિત્વ વગર વસ્તુત્વ હોઈ શકે નહિ.

**'અસ્તિત્વ વિના વસ્તુત્વ કોના આધારે કહીએ ? પ્રદેશત્વ વિના અસ્તિત્વ કોનું નિરૂપીએ ?'** જો એનું ક્ષેત્રફળ ન હોય, ક્ષેત્ર જ ન હોય તો એ અસ્તિત્વ ક્યાં રહે છે ? અધ્ધર કાંઈ ક્ષેત્ર વગરનું અસ્તિત્વ છે ? કે એવું નથી. માટે પ્રદેશત્વ પણ એનો ગુણ છે. **'પ્રભુત્વ વિના પ્રદેશપ્રભુતા ક્યાંથી રહેત ?'** જો એનામાં એ પ્રભુત્વ ન હોત તો પોતાના પ્રદેશમાં બીજા કોઈનો પ્રવેશ ન થઈ શકે એવી પ્રભુતા ક્યાંથી રહે ?

મુમુક્ષુ :- સત્તા અને અસ્તિત્વ બેય જુદાં જુદાં લીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- સત્તા એટલે હયાતી લેવી ને ?

પૂજ્ય ભાઈશ્રી :- સત્તામાં શાશ્વતપણું લેવું. સત્તામાં શાશ્વતપણું (લેવું છે). સત્તાગુણ વિના સૂક્ષ્મ છે તે શાશ્વત ન હોત. એમ લેવું. અને અહીંયાં અસ્તિત્વ વિના વસ્તુ કોનામાં રહેત ? એમ લીધું. એટલે આધારભાવ લીધો. અસ્તિત્વને આધારભાવ લીધો. વસ્તુનો આધાર શું ? કે અસ્તિત્વગુણને લઈને વસ્તુ આધારિત છે. ઓલામાં શાશ્વતપણું લીધું. બેયમાં જુદી જુદી વાત લીધી. આ તો વિશેષતા છે. એટલે તો ઘણાં એમ કહે છે કે આ જ્ઞાનમાં આટલી બધી વાત લીધી છે એ શું ? એટલે ધર્મ કહીને ચોખ્ખું કરી નાખ્યું. ગુણને અનેક ધર્મ છે. ગુણને બીજો ગુણ નથી.

એવી રીતે 'સમયસાર'ની અંદર જે 'અમૃતચંદ્રાચાર્યદેવે' ૪૭ શક્તિ લીધી તો જ્ઞાનશક્તિ જુદી લીધી છે અને સર્વજ્ઞશક્તિ જુદી લીધી છે. દર્શનશક્તિ જુદી લીધી છે અને સર્વદર્શિત્વશક્તિ જુદી લીધી છે. પછી

સ્વચ્છત્વશક્તિ જુદી લીધી છે. જ્ઞાનને લઈને સ્વચ્છતા છે ને ? જે પ્રતિબિંબ પડે છે, જ્ઞાનમાં જ્ઞેયોનું જે પ્રતિબિંબ પડે છે એ તો જ્ઞાનની નિર્મળતા અને સ્વચ્છતા છે. તો એ જ્ઞાનનો ધર્મ છે. સ્વચ્છત્વ શક્તિ લીધી છે. એ સ્વચ્છત્વશક્તિનું રૂપ છે. એમ આ ધર્મ લીધા છે એ બધી શક્તિઓનું રૂપ છે. એ બધી શક્તિઓ છે આત્મામાં. સૂક્ષ્મત્વ શક્તિ છે, વસ્તુત્વશક્તિ, અસ્તિત્વશક્તિ. પછી પ્રકાશ શક્તિમાં સંવેદન લીધું છે કે જ્ઞાનને જ વેદન હોય છે. જ્ઞાન સિવાય ક્યાંય વેદન નથી હોતું. પણ સ્વસંવેદનની પ્રકાશશક્તિ જુદી લીધી. જ્ઞાનશક્તિ, સર્વજ્ઞશક્તિ, સ્વચ્છત્વશક્તિ અને પ્રકાશશક્તિ ચાર લીધી. આ વિષયની સૂક્ષ્મતા છે. અને એ મહાન આચાર્યો છે એટલે એમનો ઉપયોગ કામ કરે છે. એક એક શક્તિને પકડે છે અને પછી એની પરિભાષા કરે છે. એક એક શક્તિની. 'સમયસાર'માં સ્પષ્ટ કર્યું છે.

પછી પાછી ચિતિશક્તિ લીધી છે. એમાં દર્શન અને જ્ઞાન બેય આવી ગયા. ચિતિશક્તિ લીધી છે. અને જીવત્વ શક્તિમાં ચૈતન્યભાવનું ધારણ કરવું એનું નામ જીવત્વશક્તિ છે. '**આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ.**' એમાં પાછું ચૈતન્ય એના પેટામાં લઈ લીધું.

મુમુક્ષુ :- ચિતિ અને જ્ઞાનશક્તિમાં શું ફેર ?

પૂજ્ય ભાઈશ્રી :- ચિતિશક્તિ અજડત્વરૂપ ચિતિશક્તિ છે. જડનો અભાવ એનું નામ ચૈતન્ય. નાસ્તિથી લીધું. અસ્તિથી ન લીધું. જડના અભાવરૂપ ચૈતન્યશક્તિ અને '**સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ.**' નિરાકાર ઉપયોગમયી દર્શનશક્તિ.

મુમુક્ષુ :- અસ્તિ-નાસ્તિ કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ અસ્તિથી. ઉપયોગમયી.

મુમુક્ષુ :- છે બેય એક જ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ એક કહેવી કે બે કહેવી એ જુદી વાત છે. છે બેય જુદી જુદી શક્તિ. શક્તિ અપેક્ષાએ જુદી જુદી શક્તિ છે. પણ જુદી સમજવી, જુદી પાડવી મુશ્કેલ પડે. આચાર્યોને, મહાન આચાર્યોને એક એક શક્તિ જુદી પકડાય છે.

મુમુક્ષુ :- એને તો સ્વસંવેદનપૂર્વક વાત છે એટલે એને તો બધું

અનુભવપૂર્વક વાત થઈ...

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવપૂર્વક વાત છે. બરાબર છે. બહુ સૂક્ષ્મ વિષય છે.

**'સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.'**

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ને શક્તિયાં કંઠસ્થ કી થી.

પૂજ્ય ભાઈશ્રી :- ૪૭ એ ૪૭. એકદમ કંઠસ્થ. અને કેટલું Speed થી બોલી જતાં ! દૂસરે સુનનેવાલે તો Follow up નહીં કર સકે. ઈતને Fast બોલતે થે. ૪૭ શક્તિકા વર્ણન (કરતે સમય). 'સમયસાર' ઉપર એમને ઘણું ... એ રીત જે બધા ગુણનો વિષય લીધો છે એ લગભગ 'સમયસાર'ની મોટા ભાગની શક્તિઓ આમાં લીધી છે અને કોઈ કોઈ શક્તિ 'સમયસાર'માં નથી લખી એવી પણ 'દીપચંદજી'એ લીધી છે.

મુમુક્ષુ :- સર્વજ્ઞતા કે બિના દર્શનકો કૌન જાનતા ?

પૂજ્ય ભાઈશ્રી :- એક ચારિત્રશક્તિ ત્યાં નથી લીધી. અહીંયાં **'ચારિત્ર વિના દર્શન-જ્ઞાનની સ્થિરતા ક્યાં રહેત ?'** પછી 'પરિણામત્મકત્વ' એમાં ચેતનાવિલાસ લીધું છે એ પણ નવી લીધી છે. ભાવ, અભાવ એ બધી છે એમાં.

મુમુક્ષુ :- અસંકુચિત શક્તિ આવી ગઈ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આમાં છે. 'સમયસાર' છે. અસંકુચિત વિકાસત્વ નામની શક્તિ છે.

મુમુક્ષુ :- આપણે 'અનુભવપ્રકાશ' નથી એટલે અહીંયાં દર્શન વિના સામાન્ય વિશેષ જ્ઞાન ન રહે, ...

પૂજ્ય ભાઈશ્રી :- એ છએ છ કારકો લઈ લીધા છે. પછી **'સ્વયંસિદ્ધ વિના પરાધીનતા આવત.'** એ 'સમયસાર'માં નથી. **'અજ વિના ઊપજ્યા કરત.'** અજ એટલે જન્મ નહિ તે. એવી આત્મામાં શક્તિ છે. જન્મ-મરણ કરવાની શક્તિ નથી, એ તો વિભાવભાવ છે. જન્મ-મરણ ન કરે એવી આત્મામાં શક્તિ છે. એ આત્માની શક્તિ છે. અજ-નહિ જન્મેલું તે, જન્મ નહિ લેવો તે. એ આત્માની શક્તિ છે.

મુમુક્ષુ :- ૪૭ શક્તિ...

પૂજ્ય ભાઈશ્રી :- .. કોઈ નવી લીધી છે. ૪૭માં નથી એવી લીધી છે. કોઈ કોઈ ..

મુમુક્ષુ :- એક ગુણમાં કેવી રીતે અનંત ગુણનું રૂપ આવે છે એવી રીતે...

પૂજ્ય ભાઈશ્રી :- માટે જ્ઞાનના એક લક્ષણ ઉપરથી અનંત ગુણમયી અખંડ આત્મસ્વરૂપ લક્ષગત થાય છે, પ્રતિભાસમાં આવે છે, અવલોકનમાં આવે છે. જેમકે સોનાની ઓળખ છે. તો સોના જેવું જ પીત્તળ છે. વજનપણું, ચિકાશપણું, પીળાપણું છતાં સોનાપણું છે એ ઓળખાણનો વિષય છે. સોનાપણું એ ઓળખાણનો વિષય છે. જેટલા લોકો સોનું ખરીદે છે એ સોનાને ઓળખે છે એમ નથી. એને ખોટું લાવીને આપે તો ખબર ન પડે. કેમકે એને ઓળખાણ નથી. ઓળખાણ બીજી વસ્તુ છે અને સોની તો કસોટી ઉપર ઘસીને નક્કી કરે કે આ સોનું નથી અથવા સોનું છે તો બીજું કેટલું સોનું છે અને આમાં કેટલું બીજું સોનું નથી એ બધું નક્કી કરી દે. ૫૦ ટકા અંદર સોનું હોય તો કહે આઠ વલ્લુ સોનું છે. પોણો સો ટકા સોનું હોય તો કહે બાર વલુ સોનું છે. એ સોનાની ઓળખાણને લઈને કહી શકે છે કે આમાં બાર ભાગ સોનાના છે, ચાર ભાગ બીજી ધાતુના છે. તાંબુ છે કે ચાંદી છે. એ ઓળખાણનો વિષય છે. સોનાપણું એ જુદી ચીજ છે.

પીળુ એટલું સોનું નહિ. એક કહેવત છે અમારે ગુજરાતીમાં પીળું એટલું સોનું નહિ. ઉજળું એટલું દૂધ નહિ. સફેદ એટલું દૂધ નહિ. એમ કહેવાય છે. એનો અર્થ શું ? કે એની પરખ આવવી જોઈએ. પરખ વગર બધું નકામું.

એમ આત્માનું-જીવનું જ્ઞાનમયપણું, જીવત્વપણું એ ઓળખાણનો વિષય છે. ઓળખાણ થાય તો એ જીવને ઓળખે છે. એ અજીવમાં જીવપણું કોઈ અંશમાં નથી આવતું. પછી ગમે તેવો રાગ હોય. સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ હોય, શુભભાવનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ (રાગ હોય), આત્મા સંબંધીનો વિકલ્પ હોય તોપણ એ જીવ નથી અને અજીવ છે. એ જીવની ઓળખાણવાળો નક્કી કરી શકે છે. જીવનું ભાવભાસન ન હોય તો રાગને જીવ માનશે. એટલા માટે જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન છે,

એ ભેદજ્ઞાનપૂર્વક ઓળખાણ છે અને ભેદજ્ઞાનપૂર્વક અનુભવ છે. અનુભવનું કારણ એક ભેદજ્ઞાન છે, બીજું કોઈ એનું કારણ નથી.

(પૃષ્ઠ-૫). **'એવું નિજજ્ઞાન કેવી રીતે થાય તે કહેવામાં આવે છે :–'** આવા બધા જેમાં વિશેષણો સમાયેલા છે એવું જે આત્મજ્ઞાન, નિજજ્ઞાન, અનુભવજ્ઞાન તે કેવી રીતે થાય ? આ ફરીને ઉપાડે છે પાછો વિષયને. થોડું થોડું બીજું વર્ણન કરીને પાછો તેનો તે અધ્યાત્મનો વિષય લઈ આવે છે. આ ગુણભેદ છે એ દ્રવ્યાનુયોગનો વિષય લીધો. પાછા અધ્યાત્મ ઉપર આવશે.

મુમુક્ષુ :- આનો જવાબ કહીને પાછો પ્રશ્ન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પાછો પોતે પ્રશ્ન કહીને એનો ઉત્તર શરૂ કરશે. આખા ગ્રંથની શૈલી જ એવી લીધી છે.

**'પ્રથમ અનાદિથી (ચાલ્યો આવતો) પરમાં અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે,...'** હવે જેને સ્વાનુભવ કરવો છે, આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું છે એણે પહેલા શું કરવું ? કે પરપદાર્થમાં જે અહંરૂપ હું-હુંપણું, જે મમરૂપ એવો જે ભાવ થયો છે એનો નાશ કરવો. પહેલા એનો નાશ કરે. પરપદાર્થમાં અહંપણાનો નાશ કરે. દેહ આદિ પરપદાર્થ છે, બીજા પણ સંયોગો છે એમાં અહંપણું થાય છે, મારાપણું થાય છે. મમપણું એટલે મારાપણું, અહંપણું એટલે હુંપણું. એ પ્રકારનો નાશ કરે. અહંપણારૂપ અને પોતાપણારૂપનો નાશ કરે.

હુંપણું થાય છે, પોતાપણું થાય છે એનો નાશ કરે તો (આત્મજ્ઞાન) થાય. એ ચાલુ રહે અને આત્મજ્ઞાન થાય એમ ન બને. આત્મામાં આત્મબુદ્ધિ અને દેહમાં પણ આત્મબુદ્ધિ, આત્મામાં-જ્ઞાનાદિ ભાવમાં પણ અહંપણું થાય અને રાગ અને દેહ(માં પણ અહંપણું થાય એમ બને નહિ). વિધ્વંસ એટલે એને તોડી નાખવો, છેદી નાખવો, એનો નાશ કરી નાખવો.

મુમુક્ષુ :- મૂળથી નાશ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મૂળથી નાશ કરવો. રાગરૂપભાવનો પણ વિધ્વંસ કરે. રાગરૂપભાવનો (વિધ્વંસ) એટલે રાગને પણ તોડે.

**'જ્યારે પરરાગ મટે ત્યારે વીતરાગ થાય...'** એટલે એ વીતરાગતા લીધી એની અંદર. મિથ્યાત્વનો નાશ લીધો. પરભાવરૂપ રાગનો નાશ

લીધો. એટલે વીતરાગતા થાય. હવે એ વાતને જરા વધારે ખોલે છે. રાગ એટલે શું ? કેવો રાગ કરે છે ? મિથ્યાત્વ અવસ્થામાં અથવા અજ્ઞાનભાવમાં આ જીવ કેવો રાગ કરે છે ?

**'જ્યારે પરપ્રવેશનો અભાવભાવ થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય...'** હવે જ્ઞાનની વાત લીધી. પહેલાં મિથ્યાદર્શનની વાત લીધી, પછી વીતરાગતાની વાત લીધી, પછી જ્ઞાનની વાત લીધી. જ્ઞાનમાં સ્વસંવેદન લીધું. અને એ સ્વસંવેદન... આ વચન જે છે 'દીપચંદજી'નું એ બહુ સારું છે વિચારવા માટે. **'જ્યારે પરપ્રવેશભાવનો અભાવભાવ થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય...'** હવે જ્ઞાનમાં જ્ઞાનનું વેદન એ તો એનું સ્વરૂપ છે. પણ એવું સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન એટલે અનુભવજ્ઞાન ક્યારે થાય ? એનો અનુભવ નથી થતો પોતાને. અનુભવ તિરોભૂત છે. તો અનુભવ ક્યારે થાય ? કે પરપ્રવેશભાવનો અભાવ થાય ત્યારે. પરપ્રવેશભાવ એટલે શું ? કે જે ભાવને લઈને બીજો પદાર્થ મારામાં પ્રવેશે છે અથવા હું બીજા પદાર્થમાં પ્રવેશું છું, એવો એક અનુભવ છે એને પરપ્રવેશભાવ કહે છે.

કાલે આપણે દૃષ્ટાંત લીધો હતો કે જે માણસને જે ચીજ ભાવે છે એ ચીજ એની જીભ ઉપર આવે છે ત્યારે એને એમ થાય છે કે એનો રસ જીભ મારફત મારામાં ઉતરે છે. હું રસને મારામાં ઉતારું છું એમ એને લાગે છે. ખરેખર એ વખતે પરપદાર્થનો પ્રવેશ પોતામાં થતો હોય એવો એક અનુભવ થાય છે. પરપદાર્થ પ્રવેશી શકતો નથી. છતાં એવો અનુભવ થાય એને મિથ્યા અનુભવ કહે છે. અને એવો અનુભવ જ્યાં સુધી જીવને થાય છે ત્યાં સુધી એનો સ્વસંવેદનભાવરૂપ, સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન છે એ આવિર્ભૂત થઈ શકતો નથી. જે તિરોભૂત છે એ તિરોભૂત રહી જાય છે.

મુમુક્ષુ :- અવરાયેલો રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અવરાયેલો રહે છે.

આત્માનું સ્વસંવેદનરૂપ જે નિજજ્ઞાન અથવા આત્મજ્ઞાન છે એ કરવામાં પ્રતિબંધક કોઈ ભાવ હોય તો પરપ્રવેશભાવ છે. એટલે ઉદયના કાળમાં પરપ્રવેશભાવ જે વર્તે છે એ સ્વસંવેદનને ઉત્પન્ન થવા નહિ દે.

પરપ્રવેશભાવ ક્યારે મટે ? કે એનું જુદાંપણું એને પોતાને ભેદજ્ઞાનથી થાય ત્યારે. ત્યાં સુધી પરપ્રવેશપણું ચાલુ રહેશે. એના માટે ભેદજ્ઞાનનો પ્રયોગ કરવો એ એક જ સાધન છે, બીજું કોઈ સાધન નથી.

જ્ઞાન જુદું, જ્ઞાનમાં જ્ઞાનનો અનુભવ જુદો અને જ્ઞેય જુદું. બેય જુદે જુદો સ્વાદ છે, જુદાં જુદાં ભાવ છે. એનો અનુભવ પણ જુદો જુદો છે. એનું ફળ પણ જુદું જુદું છે. એનો સ્વાદ અને પ્રકૃતિ પણ જુદી જુદી છે. જુદાને જુદું ન જાણે તો સ્વસંવેદન રોકાઈ જાય. ભિન્ન કરે તો સ્વસંવેદનની ઉત્પત્તિ થાય. સ્વસંવેદન કરવાના વિકલ્પથી પણ સ્વસંવેદન થતું નથી. પણ ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલે અને પર્યાપ્ત માત્રામાં ભેદ પડી જાય, જ્ઞાનનો અને પરનો, રાગાદિનો, કારણ કે ત્યાં તો બીજું કોઈ પર નથી, રાગ જ પર છે, એટલે સહજપણે આપોઆપ સ્વસંવેદન ઊપજી આવે છે. વિકલ્પ પણ નથી હોતો એ વખતે સ્વસંવેદન કરું એમ. પણ સ્વસંવેદન થઈ આવે છે. મૂળ ભેદજ્ઞાન જોઈએ.

ચિંતવનમાં તો બીજો પદાર્થ નથી પણ રાગ છે એ પરતત્ત્વ છે અને જ્ઞાન છે એ સ્વતત્ત્વ છે. જ્ઞાન અને રાગ જે જુદાં છે એ ઘણો તાત્ત્વિક વિષય છે. એકદમ તાત્ત્વિક વિષય છે. જ્ઞાનમાં સ્વપણું થતાં રાગમાં પરપણું થાય અને રાગમાં સ્વપણું થતાં, અહંપણું થતાં જ્ઞાન ચૂકાય જાય, તિરોભૂત થઈ જાય. અંતરંગમાં જ્ઞાન અને રાગની ભિન્નતાનો જે પ્રયોગ છે એટલે કે અવલોકનથી ઉપયોગમાં એ વાતને લેવી, રાગ અને જ્ઞાનને ઉપયોગમાં જુદાં જુદાં ગ્રહણ કરવા, એ રીતે રાગ અને જ્ઞાનની ભિન્નતા થાય તો સ્વસંવેદન આપોઆપ ઊપજે છે. સ્વસંવેદન કરવું નથી પડતું, સ્વયં જ થઈ આવે છે. અને એમ ન થાય તો સ્વસંવેદન ઢંકાયેલું રહે છે. આ જગ્યાએ વાત બહુ સારી લીધી છે. આ એક સિદ્ધાંત પરપ્રવેશનો અભાવભાવ જે છે અથવા એનો સદ્‌ભાવભાવ છે એ વિષય કોઈ અન્ય શાસ્ત્રમાં જોવા નથી મળતો.

મુમુક્ષુ :- મૌલિક શબ્દ છે. પરપ્રવેશ શબ્દ જે છે એ મૌલિક શબ્દ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની વાત બરાબર લીધી છે. ક્યાંય બીજે શાસ્ત્રમાં એ પ્રકાર નથી લીધો. અને અનુભવપ્રધાન વિષય લીધો છે.

જો જીવ પોતાના અનુભવનું અવલોકન કરે તો એને ચોક્કસ લાગે છે કે કાં હું પરમાં પેસી જાઉં છું, કા પર મારામાં પેસી જાય છે. જેમકે શરીરની વેદના લ્યો. શરીરની પીડા અને વેદના તો શરીરની પર્યાય છે, જડ પરમાણુની પર્યાય છે. એક અહીંયાં ગુમડું થયું અને વેદનાનો લબકારો છે. એ પરમાણુનું પરિણમન છે. આત્માને તો જ્ઞાન થાય છે. એ વેદનાની સત્તામાં જ્ઞાનની સત્તા નથી, જ્ઞાનની સત્તામાં વેદનાની સત્તા નથી. છતાં પણ મને વેદના થાય છે, એ પરપ્રવેશભાવ છે. શરીરમાં પ્રવેશ કરી લીધો. એ સ્વસંવેદનને મારે છે, સ્વસંવેદનને રોકે છે.

મુમુક્ષુ :- જ્યારે સોઈ લગાવે છે તો પરપ્રવેશે સોઈ મારામાં ઘુસી ગઈ એમ જ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મારામાં ઘૂસી એમ લાગે છે. Injection મારે છે તો જાણે મારામાં પ્રવેશ કરે છે એમ લાગે છે. કાંઈ નથી થતું. આત્મપ્રદેશોમાં કોઈ કાણું પાડી શકતું નથી. પ્રદેશમાં આત્મપ્રદેશો એટલા ઘનિષ્ટપણે રહેલા છે, જેને ચૈતન્યઘન કહેવામાં આવે છે, એટલું બધું ઘનિષ્ટપણું છે કે કોઈ પ્રવેશ કરી ન શકે. છતાં અનુભવ એવો કરે છે. એને પરપ્રવેશભાવ કહેવામાં આવે છે. એ સ્વસંવેદનને રોકે છે.

મુનિરાજ છે જંગલમાં. એને ઝેરી જીવડાઓ કરડે છે. વીંછી છે, સર્પ છે. ઝેરી પ્રાણીઓ પણ એને કરડે છે. અને વેદના શરૂ થાય છે. ઝેર પ્રસરે છે શરીરમાં ત્યારે રૂંવાડે રૂંવાડે બળતરા થાય છે. ઝેરની Effect શું છે ? કે જેમ કોઈ બાળતું હોય, સળગાવતું હોય એવી રીતે રૂંવાડે રૂંવાડે એવી વેદના ઉત્પન્ન થાય. મુનિરાજ છે એ ભિન્ન જ્ઞાનના વેદનમાં, સ્વસંવેદનમાં એકાગ્ર રહી જાય છે, શુદ્ધોપયોગમાં રહી જાય છે. વેદનાનું જ્ઞાન થાય છે. વેદના મને થાય છે એવો અનુભવ નથી થતો. વેદનાને જાણે જરૂર. પણ મને થાય છે એવો અનુભવ નથી થતો. એટલા સ્થિર છે પોતાના વેદનની અંદર-સ્વસંવેદનની અંદર.

આ એક જ્યારે જ્યારે પરપ્રવેશપણાનો અનુભવ થાય ત્યારે અવલોકનમાં ઉતરીને ભિન્ન પડવાનો એક પ્રયોગ કરવાનો વિષય છે. આ સાધન છે. સ્વસંવેદન, નિજજ્ઞાન, આત્મજ્ઞાન આ એનું સાધન છે.

મુમુક્ષુ :- વ્યાપકતાનું અવલોકન થાય વ્યાપકતાને ત્યાં તપાસે તો બે ભિન્ન ભિન્ન...

પૂજ્ય ભાઈશ્રી :- વ્યાપકતાને તપાસે એટલે વેદન પણ સાથે પકડાય. જેટલામાં વેદન વ્યાપે છે એટલામાં જ્ઞાન છે. જ્ઞાનવેદન જેટલામાં વ્યાપે છે એટલામાં જ્ઞાન છે. એથી બહાર જ્ઞાન નથી. અને વેદન હંમેશા પ્રત્યક્ષ હોય છે. પરોક્ષ હોતું નથી. એટલે અનંત પ્રત્યક્ષ અને અનંત સ્વસંવેદનની મૂર્તિરૂપ જે આત્મતત્ત્વ, એ જે આખો ચૈતન્યપિંડ છે, ચૈતન્યગોળો છે એમાં અહંપણું-સ્વપણાની દૃઢતા થઈ કે વેદના આદિ પીડા કે કોઈપણ બીજો પરપ્રવેશભાવનો ઉદયભાવ એ ક્યાંનો ક્યાંય દૂર ચાલ્યો જાય છે. ઘણું એ બે વચ્ચે દૂરવર્તીપણું છે. એવો આખો વિષય જુદો પડી જાય છે.

દૃષ્ટિનો વિષય જે ધ્રુવ છે એ પણ એમ બતાવે છે કે અંદર કાંઈ થાય તો ફેરફાર થાય ને ? પોતે તો ધ્રુવ જ રહે છે. પોતે જે ધ્રુવ છે એવી જે દૃષ્ટિ, એ દૃષ્ટિમાં પણ ધ્રુવત્વભાવ આવી જાય છે. એટલે પરિણમનમાં ધ્રુવત્વ જાણે ઊભું થાય છે. જેવું સ્વરૂપ ધ્રુવ છે તો ધ્રુવપણું એની પર્યાયમાં આવી જાય છે. એટલે પંચમગતિને ધ્રુવગતિ કહી છે. 'ધ્રુવ અચલ અને અનુપમ ગતિ પામેલ સર્વ સિદ્ધને.' ધ્રુવગતિ કહી છે. ધ્રુવત્વ તો દૃષ્ટિથી ઊભું થયેલું છે. એ તો ઉપરનું પરિણમન છે. જ્યાં પોતે ધ્રુવ છે પછી શેનો સ્પર્શ થાય ? પ્રવેશ થવાનો તો પ્રશ્ન જ નથી. પણ સ્પર્શ પણ શેનો થાય ? ધ્રુવને શેનો સ્પર્શ થાય ?

મૂળ આત્મતત્ત્વને અનુસરતું જે પરિણમન છે એ વસ્તુનું કવચ થઈ જાય છે. આમાં નથી આવતું કે Current લાગશે, આઘા રહેજો. તો કોઈવાર Current leak થતો હોય તો નજીક પણ ન જવાય. કેમકે એના હવાના પરમાણુમાં વાતાવરણની અંદર પણ ઝણઝણાટી લાગે છે. આ જે મૂળ ધ્રુવતત્ત્વ છે એ એવું ધ્રુવ છે કે એના પરિણમનની ધ્રુવતામાં બધા વિભાવભાવો એટલા બધા દૂર રહે છે કે કોઈ નજીક ન આવી શકે. એની કોઈ નજીક ન આવી શકે. ફરતો એવો Current ચાલે છે.

આમાં 'રામાયણ'માં એ વિષય આવે છે કે 'સીતાજી'નો જે સ્વયંવર છે એમાં એમણે એક ધનુષ્ય મૂક્યું છે. વિદ્યા સાધેલું ધનુષ્ય છે. રાજાઓ તો ઘણા આવ્યા હતા. બધા ક્ષત્રિયો હતા. પણ કેટલાક તો નજીક જ નહોતા જઈ શકતા. ધનુષ્યની આજુબાજુ એવો એક Current ચાલતો હતો, વિદ્યાને લઈને, કે નજીક જાય તો ઊડીને આઘા

પડે. ઊડી ઊડીને આઘા પડે. ફેંકે એને. Current એને ફેંકી દે પાછળ. એવો એક અનંત શક્તિનો જે પુંજ છે અને એ ધ્રુવપુંજ છે, શાશ્વતપુંજ છે એના પરિણમનમાં એક Current ઊભો થાય છે તો વિભાવભાવો તો ઊડી ઊડીને આઘા રહે. કોઈ નજીક-સમીપ જ ન આવી શકે ને. વસ્તુને એનું એક કવચ ઊભું થઈ જાય છે. એની નજીક કોઈ ન આવી શકે. જે વિભાવ દૂર કરવા કઠણ છે, કાઢવા કઠણ છે, મટાડવા કઠણ છે એવું એક સમયે જીવને લાગે છે, મુમુક્ષુતાની પ્રારંભની ભૂમિકામાં. કે અરે..! આ રાગ તો ઘર કરી ગયેલી ચીજ છે. એક સમય પણ રાગ વગર રહેવાતું નથી. ઇચ્છા અને રાગ વગર એક સમય રહેવાતું નથી, એક ક્ષણ પણ હોતો નથી જીવ. અહીંયાં કહે છે કે હવે એ નજીક આવવા મુશ્કેલ છે. પરિસ્થિતિ બદલાય ગઈ. વાત છે પોતાના સ્વરૂપમાં તન્મયતાની. એકલું તન્મયપણું. અને એ સ્વસંવેદન છે.

'**પરપ્રવેશનો અભાવભાવ થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય અથવા...**' આ એક એક ટૂકડા એવા છે કે એના વાચ્યમાં જાય તો કલાકો નીકળી જાય. પોતાને તો અનેક પ્રકારના પરપ્રવેશના ઉદય વર્તે છે તો એના વાચ્યમાં ચાલ્યો જાય છે.

પરમાત્મ ભાવના કરતા કરતા પરમાત્મપદ નજીક આવે ત્યારે પરમાત્માના તેજથી મન પહેલેથી જ મરી ફીટે છે. મન પહેલાં મરી જાય છે. શાથી ? કે શૌર્યવાનના તેજથી કાયર સંગ્રામ વિના જ ભાગી જાય. લડાઈ કર્યા વિના ભાગી જાય અને સૂર્યના તેજથી અંધકાર પહેલેથી જ નાશ થઈ જાય તેમ અહીં જાણવું. એમ આ ચૈતન્ય પ્રકાશનો પુંજ છે. વિભાવ તો પહેલેથી જ, મન તો પહેલેથી જ મરી ફીટે છે.

ભાવમન છે એ જીવનો બહિર્મુખભાવ છે. ભાવમન જેને કહે છે એ જીવનો બહિર્મુખ ભાવ છે. હવે જ્યાં અંતર્મુખી પરિણમનમાં જમાવટ થવા માંડી, કારણ કે એ તો જેમ ઘી ...જાય, ઠરતું જાય અને ઘન થતું જાય એમ ધ્યાનની અંદર તો પરિણતિ છે એ અંદર સ્થિરતાની જમવટ થતી જાય છે. તો મન તો ક્યાંય પડ્યું રહ્યું. એ તો બહિર્ભાવ છે. આ બધી તો અંદરની જમાવટ છે. પરિણતિ સાથે ઉપયોગ ભળી ભળીને અંદર જામતું જાય છે, પરિણમન સ્થિર થતું જાય છે, ઘનિષ્ટ

વિજ્ઞાનઘન થતું જાય છે. મન તો ક્યાંય મરી ફીટે છે. ક્યાયં મરી ગયું છે. મનને તો ગોતવા જાય તો પત્તો લાગે એવું નથી. ખોવાય જાય છે.

**'અથવા પોતાનાં દ્રવ્યગુણ પર્યાયનો વિચાર કરી નિજપદને જાણે...'** દ્રવ્ય-ગુણ અને પર્યાયથી પોતાના સ્વરૂપને જાણે. એ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપ્ય-વ્યાપકપણે તો સ્વરૂપ જ છે. સ્વરૂપના એ અંગ છે દ્રવ્ય, ગુણ અને પર્યાય. જેમ વૃક્ષમાં ડાળી, પાંદડા, મૂળ, થડ બધે વૃક્ષત્વ જ વ્યાપેલું છે. એમ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આત્મા જ વ્યાપેલો છે. આત્મા વ્યાપ્ય છે, આત્મા પોતે વ્યાપક છે. એ રીતે વ્યાપ્ય-વ્યાપકભાવથી **'નિજપદને જાણે અથવા...'** અથવા અથવા કરીને અર્થ જુદાં જુદાં કરે છે.

**'અથવા ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.'** આ એક બહુ સરસ વાત કરી છે. **'ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.'** ઉપયોગ પોતે જ્ઞાનરૂપ પર્યાય છે. ઉપયોગ તો જ્ઞાનની પર્યાય છે. પણ જ્ઞાનની પર્યાય જ્ઞાનવસ્તુ સાથે અભેદ છે. જેમ આ લાકડું છે એની લંબચોરસ અવસ્થા છે. તો લાકડાથી જુદી કે લાકડા સાથે છે ? તો માત્ર પર્યાયને નહિ જોતાં આખી વસ્તુને પકડવી. ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુ જ્ઞાયક છે. જ્ઞાયક વિના જ્ઞાનરૂપ ઉપયોગ ન હોય. તો ઉપયોગથી જ્ઞાયકવસ્તુને, જ્ઞાનરૂપ વસ્તુને જાણવી. પર્યાયત્વ લક્ષમાંથી છોડી દો.

મુમુક્ષુ :- માત્ર જ્ઞાનને ? માત્ર જ્ઞાનને જાણો એમ નહિ પણ...

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુને જાણવી, વસ્તુને જાણવી.

જેમ કે હીરો ચમકે છે. તો ચમક ઉપરથી આખા હીરાને પકડો એમ કહે છે. એકલી ચમકને ન પકડો. ચમક ઉપરથી આખા હીરાને પકડો. આ એક જે એમની પદ્ધતિ છે આખા ગ્રંથમાં, સંક્ષેપથી પ્રયોગ કરાવી દે છે. જોકે પ્રયોગનો વિષય જ એવો સંક્ષેપવાળો છે. પણ એમણે જે ભાષા કરી છે એ તો બહુ જ અનુભવપ્રધાન ભાષા છે, પ્રયોગપ્રધાન ભાષા છે.

**'ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.'** આમ તો જે પર્યાય છે ને એ પણ વસ્તુનું અંગ હોવાથી વસ્તુભૂત છે. તો પર્યાયને પણ તમે વસ્તુપ્રધાનતાથી જુઓને. પર્યાયપ્રધાનતાથી શા માટે જુઓ છો ? એ ટેવ ખોટી છે. પર્યાય વસ્તુનું અંગ છે માટે વસ્તુભૂત છે. તો એને

વસ્તુની પ્રધાનતાથી જુઓને. ઉપયોગ છે એ પર્યાય છે. પણ એને વસ્તુની પ્રધાનતાથી જુઓ તો જ્ઞાનરૂપ વસ્તુ જાણવામાં આવે. જેમ ચમકથી હીરો પકડાય છે એમ.

મુમુક્ષુ :- અંશ સે અંશી.

પૂજ્ય ભાઈશ્રી :- અંશથી અંશી.

આ એક Right chanel છે. જે જ્ઞાનરૂપ વસ્તુ છે એ સામર્થ્યરૂપ છે અને સામર્થ્યરૂપ હોવાથી અવ્યક્ત છે, અપ્રગટ છે. હવે ત્યાં પહોંચવું છે. તેમાં તન્મયતા કરવી છે. પહોંચવું છે એટલું શું ? એમાં તન્મયતા કરવી છે. તો જો આ Chanel ન હોય તો, હીરાની ચમકથી જો હીરાને પકડવો એવી Chanel ન હોય તો વિચારની અંદર એની કલ્પના જ કરવી પડે. બીજું શું થાય ? તો એનો વિકલ્પ મટે કેવી રીતે ? જે જ્ઞાનરૂપ વસ્તુ છે એને વિકલ્પગોચર નથી કરવી, પણ પ્રત્યક્ષપણે આશ્રયગોચર કરવી છે. અથવા તન્મયપણે, સ્વમયપણે, પોતામયપણે એને કરવી છે. એ કેવી રીતે કરે ? કે જ્ઞાન ઉપયોગમાં, જ્ઞાનના ઉપયોગમાં જ્ઞાનરૂપવસ્તુને જાણે તો. બહુ Practical side નો વિષય લીધો છે.

મુમુક્ષુ :- અંશથી અંશીને જોવો એટલે અંશમાં રોકાઈ ન જવું ?

પૂજ્ય ભાઈશ્રી :- અંશ છે ત્યાં જ અંશી છે. જ્યાં જ્ઞાનરૂપ ઉપયોગ અંશ છે ત્યાં જ અંશી છે. લક્ષ લક્ષણનો ભેદ છે.

મુમુક્ષુ :- ત્યાં જ જ્ઞાયક છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં જ જ્ઞાયક છે. જ્યાં ચમક છે ત્યાં જ હીરો છે. જરાય દૂર નથી. ચમક... ચમક... ચમક... ચમક... જે પત્થરમાં થાય છે ત્યાં જ હીરો છે. ત્યાં એકલી ચમકની પર્યાય નથી એમ કહેવું છે. વસ્તુને પકડો. ચમકને નહિ પકડો. વસ્તુને પકડો એમ કહે છે. આ એક કાર્યપદ્ધતિ છે. બહુ સુંદર છે. એમની જે શૈલી છે...

મુમુક્ષુ :- આ જે જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. થાય છે જાણવા.. જાણવા.. જાણવાનું થાય છે એમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં વસ્તુને પકડો એમ કહે છે.

મુમુક્ષુ :- જાણનારને પકડો.

પૂજ્ય ભાઈશ્રી :- જાણનારને પકડો. બસ ! આટલી જો એક Practical side હસ્તગત થાય તો અનુભવ જરાય દૂર નથી. અને એ

Practical side વિધિની અંદર ન આવે તો બાકી બીજી કોઈ રીતે પત્તો ખાય એવું નથી. ગમે તે કરીને મરી જાય, કૂટાય જાય, મરી જાય ગમે તે કરેને. વસ્તુ હાથમાં નહિ આવે. '**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' Bold type માં નાખ્યું છે. ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.

મુમુક્ષુ :- Bold type મૂક્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ સમજીને મુક્યા છે. આ એક બહુ મહત્ત્વપૂર્ણ વિષય છે. ઘણું મહત્ત્વ છે. નહિતર આત્મવસ્તુનો વિચાર જ કર્યા કરે. અનુભવ ન થાય. અને વિચાર છે એ તો મનથી થાય છે. અને અનુભવમાં તો મન તો મરી જવું જોઈએ. મન તો પહેલા મરી જવું જોઈએ, એમ કહે છે. એટલો બધો અનુભવ અને મનને બે વચ્ચે ભાવે દૂર, એકબીજા ભાવ ઘણા દૂર છે એકબીજાથી.

મુમુક્ષુ :- અજ્ઞાની ઉપયોગમાં વિકલ્પ ..

પૂજ્ય ભાઈશ્રી :- કાં તો ઉપયોગમાં વિકલ્પને જાણે અને કાં તો ઉપયોગમાં ઉપયોગને જ પકડે. વસ્તુને ન પકડે. બહુ બહુ તો શું કરે ? કે કોઈ વિકલ્પ ન કરે તો ઉપયોગમાં ઉપયોગને પકડે એટલે પર્યાયિત્વને પકડી લે. તો એ તો કલ્પનામાત્ર છે. કારણ કે પર્યાય તો દ્રવ્યથી જુદી રહી શકતી નથી. ચમકથી હીરો કેવી રીતે દૂર રહે ? જે ચમક છે હીરાની એમાંથી હીરો કેવી રીતે દૂર રહે ? અને એને દૂર કેવી રીતે તમે કરી શકો ? કરવા માગો તોપણ. કલ્પના કરો તો જુદી વાત છે. વસ્તુતાએ ન થઈ શકે. અસંભવ અને અશક્ય છે.

એમ સમયે સમયે આત્મપ્રદેશોમાંથી ઉઠતો જે જ્ઞાનનો પર્યાય લાવવો પડતો નથી. અરે..! લાવવો પડતો નથી, રોકી નથી શકાતો. આત્મપ્રદેશમાંથી સમયે સમયે જ્ઞાન તો ઉભરાયને બહાર આવે છે. કેમકે અંદર ભર્યું છે બહુ. અનંત ઠાંસીને ભરેલું છે તે પ્રદેશે પ્રદેશેથી ઉભરાઈને બહાર આવે છે. એને તો રોકી નથી શકાતું. બસ, વસ્તુને પકડો. ત્યાં વસ્તુને પકડો. ચમકથી હીરાને પકડો. અનુભવ આવી ગયો. આટલું જ સંક્ષેપમાં છે. આથી વધારે કોઈ વાત નથી. બીજી રીતે કહીએ તો 'સોભાગભાઈ'ને આ વાત કરી છે.

મુમુક્ષુ :- ઈસી સ્થાન પર.

પૂજ્ય ભાઈશ્રી :- આ પહાડ ઉપર આવીને આ વાત કરી છે.

મુમુક્ષુ :- જે બોધબીજ આપ્યું એ આ.

પૂજ્ય ભાઈશ્રી :- બોધ આપ્યો એ આ. ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુ છે એને જાણો. જેટલું બને એટલું અંદર જાવ. જુઓ ! ઉપયોગની અંદર જાવ. જ્ઞાનરૂપ વસ્તુ છે. અખંડ વસ્તુ બિરાજમાન છે. એ જ ભગવાન આત્મા છે, એ જ ચિદ્‌ઘન વસ્તુ છે, ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણવી. હથેળીમાં જેમ આમળો પકડાવે એવી રીતે આત્માને પકડાવ્યો છે. થોડી Grip આવવી જોઈએ, Practice કરવી જોઈએ તો Grip આવે. પછી એટલું સહજ છે. જેમ આ કેમ પહેલા રોટલી શેકે તો આડીઅવળી થઈ જાય, વાંકીચુકી થઈ જાય, જાડીપાતળી થઈ જાય. પછી વાતો કરતા કરતા કેટલી થઈ જાય ? દુનિયાભરની પંચાત કરતા કરતા કેટલી રોટલી કરી નાખે. એ Grip આવી ગઈ એને. વેલણ ફેરવવાની Grip આવી ગઈ. કાંઈ બહુ ઉપયોગ પણ ન દેવો પડે. એમ ને એમ ફટાફટ તૈયાર થઈ જાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વેલણ ઉપાડવું ન પડે. એવા Skilled બૈરાઓ હોય છે. વેલણ ન ઉપાડે. એમ ને એમ ફેરવ્યા જ કરે એટલે થઈ જાય. અને એના માપનું થાય એટલે ખબર પડે પાછું એને કાંઈ ફૂટપટ્ટી લેવી ન પડે. બધી એક જ Size ની થાય.

મુમુક્ષુ :- આ જીવમાં એટલી તાકાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- Practice છે. હા. જીવમાં એટલી બધી તાકાત છે. સહજ સિદ્ધપદ પ્રગટે છે. સહજાત્મસ્વરૂપ જ છે. એનું નામ જ સહજાત્મસ્વરૂપ છે. ક્યાંય કૃત્રિમતા જ ન કરવી પડે. જરાય કૃત્રિમતા ન કરવી પડે. કૃત્રિમતાને અને એને વિરોધાભાસ છે. વિરોધ છે. એવી વસ્તુ છે.

'સાયલા' આવીને કેમ અનુભવ લઈ લીધો ? કે આ વાચ્ય પકડાઈ ગયું. આવી ચીજનું વાચ્ય પકડાઈ જાય એટલે અનુભવ જરાય દૂર નથી. અને એ ન પકડાય તો બીજી કોઈ રીતે પત્તો ખાય એવું નથી. માર્ગ નથી પણ આ સિવાય બધા ઉન્માર્ગ છે. ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે તે જ માર્ગ છે અને બાકી બધા ઉન્માર્ગ છે. જ્ઞાનરૂપ વસ્તુ હું છે, એ પોતે છે એટલે એમાં હુંપણું કરવાનું છે, સ્વપણું

કરવાનું છે.

'પરમાગમસાર'માં ૭૩૩માં લીધું છે. સ્વપણે વેદાતું જ્ઞાન તે આત્મા છે. આટલો ટૂકડો પડ્યો છે. સવારે પુસ્તક આપ્યું એમાં ૭૩૩ નંબરમાં સ્વપણે વેદાતું જ્ઞાન તે આત્મા છે. અને એ બોલ 'અનુભવપ્રકાશ' ઉપરના પ્રવચનનો છે. 'પરમાગમસાર'નો એ બોલ 'અનુભવપ્રકાશ' ઉપરના પ્રવચનનો છે. સ્વપણે વેદાતું જ્ઞાન. ખોલી ખોલીને વાત કરી છે. બધી વાત ખોલી નાખી છે. જ્ઞાન સ્વપણે વેદાય છે ? એટલે કે હુંપણું જ્ઞાનમાં આવે છે ? જે હુંપણું રાગમાં થતું હતું એ હુંપણું જ્ઞાનમાં આવે છે ? બસ, આ આત્મા છે. આ આત્માનો અનુભવ છે. બાકી આ સિવાય કોઈ બીજી વાત નથી. એટલું સુગમ, સરળ અને સહેલું છે. (અહીં સુધી રાખીએ...)

જ્ઞાન સામાન્યનો આવિર્ભાવ થવાથી અને જ્ઞાન વિશેષનો તિરોભાવ થવાથી, જ્ઞાનમાત્ર એવા સ્વ-સ્વરૂપનો પોતારૂપે અનુભવ થાય છે. અન્ય પદાર્થમાં સુખબુદ્ધિ મટવાથી આસક્તિ મટવાથી જ્ઞેયાકાર જ્ઞાન નીરસ થવાથી, જ્ઞાનનું બાહ્ય પદાર્થ પ્રત્યે ખેંચાણ ઘટી જવાથી, અને આત્મિક સુખ પ્રતિ આસક્ત થવાથી, જ્ઞાનવિશેષ તિરોભૂત થઈ શકે છે, વા થાય છે. (અનુભવસંજીવની - ૧૦૬૪)

જ્ઞાનીપુરુષના સમાગમની ઉપાસના વિના, જીવ સ્વચ્છંદે સ્વરૂપનો સિદ્ધાંતનો નિશ્ચય કરે તે છૂટવાનો માર્ગ નથી, તેમ કરવા જતાં વિપર્યાસ થવાનો સંભવ છે, જીવનું પરમાત્મ પણું સર્વ શ્રુતજ્ઞાનનો સાર છે, પરંતુ તે સ્વરૂપ યથાતથ્ય પ્રગટે નહિ ત્યાં સુધી જિજ્ઞાસુ રહેવું; મોક્ષાર્થી રહી સત્‌પુરુષના આશ્રયે આજ્ઞાએ નિશ્ચય કરવો, તે મોક્ષના બીજભૂત છે. નહિતો પરમાત્મપણાનું અભિમાનની પ્રવૃત્તિ થાય, જે વીતરાગ સર્વજ્ઞ પુરુષોની અશાતના રૂપ છે. આવી ગંભીરતા વિચારણીય છે. (અનુભવસંજીવની - ૧૦૬૫)

## તા. ૧૫-૬-૧૯૯૦, પાના નં. ૩ થી ૬, પ્રવચન નં. ૧૬૩

... આ પરિણતિ તોડે પહેલી, ભાવનામાં આ પરિણતિ એની છૂટી જાય અને આ નવી પરિણતિ ઊભી કરે. વિરૂદ્ધ રસની (પરિણતિ) છે. પરસ્પર વિરૂદ્ધ રસ છે. એક ચિદ્રસ છે એક પુદ્‌ગલરસ છે.

મુમુક્ષુ :- બેય એક જ સમયે થાય છે. આ બાજુ તૂટે અને આ બાજુ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ Practice નો વિષય છે એટલે એમાં થોડો Time જાય છે. Practice ના વિષયના હિસાબે Time જાય છે. કારણ કે વારંવાર કરે ને ? નિરંતર, વારંવાર સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે. દર્શનમોહ પણ સારી રીતે મંદ થવાનું આ એક જ સાધન છે, બીજું કોઈ સાધન નથી.

મુમુક્ષુ :- એક વાક્ય એ લખ્યું છે કે હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે. ચૌદ પાના ઉપર લખ્યું છે કે હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. દર્શન-જ્ઞાનચેતનાના પ્રકાશમાં હુંપણું, સ્વપણું થાય એવી પરિણતિથી આત્મા પ્રગટે. એ તો આખો ગ્રંથ જ એના ઉપર છે. 'અનુભવપ્રકાશ'નો આખો ગ્રંથ જ એના ઉપર છે. આ એક ગ્રંથ એવો છે કે ... લઈ જાય. આ એક ગ્રંથ એવો છે અનુભવમાં લઈ જાય જીવને. એવી જબરદસ્ત વાત છે. **'આત્મપરિણતિમાં આત્મા છે. હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે.'** Bold type માં લીધું છે. હું છું એવી પરિણતિ વડે.

મુમુક્ષુ :- એના પછી પણ લખ્યું છે **'હું છું પણાની માન્યતા સ્વપદનું સાધન છે.'**

પૂજ્ય ભાઈશ્રી :- **'હું છું પણાની માન્યતા સ્વપદનું સાધન છે. હું-હું પરમાણ હું કહું છું- હું-હું પરિણામોએ સ્વપદની આસ્તિક્યતા (જે) કરી...'** અસ્તિત્વ ગ્રહણ. હું-હું પરિણામ દ્વારા સ્વપદનું ગ્રહણ થાય છે.

મુમુક્ષુ :- એટલું સ્પષ્ટ કોઈપણ પુસ્તકમાં નથી. આ જે વાક્યો એમણે બતાવ્યા એવા એક પણ ગ્રંથમાં આવા વાક્યો સ્પષ્ટ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જબરજસ્ત છે. 'દીપચંદજી' પોતે અસાધારણ જ્ઞાની થઈ ગયા ! અસાધારણ જ્ઞાની !! અધ્યાત્મ અને સિદ્ધાંત બંનેની શૈલી એમની કૃતિમાં જે આવે છે..

મુમુક્ષુ :- જ્ઞાનીને કહેવાનું પણ કેટલું છે આટલું જ કહેવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- બાકી બધું આ કહેવા માટે વિસ્તાર કરે છે.

એ કેવી રીતે કરે ? આત્મરસ કેવી રીતે પ્રગટ કરે ? એવો પ્રશ્ન ઉઠાવીને એ ઉત્તર લીધો છે. (પૃષ્ઠ-૩). '**નિરંતર પોતાના સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે,...**' સ્વરૂપ પ્રાપ્તિની ભાવના જેની ઉત્કૃષ્ટ ચાલે છે ત્યારે એમાં નિરંતર એ ભાવના રહે છે. નહિતર એ ભાવના ક્યારેક આવે છે. વળી જીવ પોતાના ઉદયના કાર્યોમાં લાગી જાય છે. ક્યારેક આવે છે, વળી જીવ પોતાના ઉદયના કાર્યોમાં લાગી જાય છે. એનું કોઈ સાતત્ય નથી રહેતું. સતતપણું નથી રહેતું. પણ જે જીવ આત્મરસને ઉત્પન્ન કરનાર છે એને આ પ્રકાર ઉત્પન્ન થાય છે. એ પોતાના સ્વરૂપની ભાવનામાં નિરંતર રહે છે.

'**દર્શનજ્ઞાન-ચેતનાનો પ્રકાશ (પોતાના) ઉપયોગ દ્વારામાં દઢ ભાવે (ચિંતવે).**' પ્રકાશ છે એટલે શું ? અહીંયાં એ થોડું વિચારવા જેવું છે. પ્રકાશ એટલે વેદન. દર્શન-જ્ઞાનચેતનાનું જે વેદન છે.. વેદન એનો અર્થ કેમ થાય છે ? કે આત્મામાં જે પ્રકાશશક્તિ છે, જ્ઞાનશક્તિ, આનંદશક્તિ, સુખશક્તિ, વીર્યશક્તિ એમ પ્રકાશશક્તિ પણ છે. જે ૪૭ શક્તિનું વર્ણન છે એમાં પ્રકાશશક્તિ, ૧૨મી પ્રકાશશક્તિ છે. અને 'અમૃતચંદ્રાચાર્યદેવે' એની વ્યાખ્યા એવી કરી છે કે '**સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ.**' પ્રકાશશક્તિમાં વેદન લેવું છે. સ્વસંવેદન લીધું છે. સ્વસંવેદનનું પ્રગટ થવું તે પ્રકાશશક્તિનું કાર્ય છે.

અહીંયાં દર્શન-જ્ઞાનચેતનાનો જે પ્રકાશ છે એટલે દર્શન-જ્ઞાન-ચેતનામાં જે વેદન છે, એ વેદનને ઉપયોગ દ્વારમાં દઢ ભાવે, દઢપણે ભાવે. ભાવવું એટલે ભાવનાથી રુચવું, ભાવનાપૂર્વક રુચવું. પોતાના દર્શન-જ્ઞાનચેતનાનું વેદન ઉપયોગ દ્વારની અંદર સારી રીતે ભાવવામાં આવે એ વેદનને તો સ્વરૂપરસ ઉત્પન્ન થાય છે. ચૈતન્ય પરિણતિથી

સ્વરૂપરસ ઉત્પન્ન થાય છે. સ્વરૂપરસ કહો કે આત્મરસ કહો. આત્મરસ ઉત્પન્ન થાય છે.

આપણે તો સ્વાધ્યાયમાં ઘણીવાર ચર્ચાય છે કે પરિણામની બધી તાકાત જે-તે પરિણામની, કોઈપણ પરિણામ છે એની, કોઈપણ પરિણામની તાકાત તે પરિણામમાં ઉત્પન્ન રસમાં રહેલી છે. વિપરીતતામાં પણ એવું જ છે કે રાગની અંદર જે રાગરસ છે એને જ બંધતત્ત્વ, ભાવબંધતત્ત્વ કહેવામાં આવ્યું છે. જે ભાવબંધ તત્ત્વ કહેવામાં આવ્યું છે એ 'બંધ અધિકાર'માં 'સમયસાર'ની અંદર એ રાગરસને કહ્યું છે, રાગની ચીકાશને કહ્યું છે. અહીંયાં જે આત્મશક્તિ ઉત્પન્ન થઈ તે સ્વરૂપરસમાં ઉત્પન્ન થઈ છે. એટલે ત્યાં સ્વરૂપની શક્તિ પ્રગટ થઈ. એનો આ પ્રયોગ લીધો છે.

અહીંયાં ભાવનામાં મગ્ન રહેવું એ પણ સાક્ષાત્ પરિણમનનો વિષય છે અને દર્શન-જ્ઞાન ઉપયોગની અંદર જે ચેતનાનો પ્રકાશ છે એ વેદનરૂપ એટલે અનુભવરૂપ છે અને એની જે દૃઢતા છે એને લઈને સ્વરૂપરસ, આત્મરસ, ચૈતન્યરસ ઉત્પન્ન થાય છે. આ જે સ્વરૂપરસ છે એ અબંધભાવ છે. અથવા સંવર, નિર્જરા તત્ત્વ છે.

મુમુક્ષુ :- દર્શન-જ્ઞાન દોનોં કા વેદન અભેદ રૂપ સે હોતા હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :- હાં. ચેતના શબ્દ લિયા હૈ ન ઈસલિયે દર્શન-જ્ઞાન લિયા હૈ. ક્યોંકિ ચેતના મેં દોનોં આ જાતા હૈ ઈસલિયે. ફિર ભી દર્શન હૈ વહ ગ્રહણ નહીં હોતા હૈ. બુદ્ધિકા વિષય નહીં હૈ. વહ પર્યાય બુદ્ધિગમ્ય નહીં હૈ. જ્ઞાનકા જો પર્યાય હૈ વહ બુદ્ધિ મેં ગ્રહણ હોતા હૈ. તો મુખ્યતયા જ્ઞાનકા જો વેદન હૈ ઉસકો હી ચેતના કા વેદન કહને મેં આતા હૈ. વહ તો શાસ્ત્ર મેં ચેતના શબ્દ કા પ્રયોગ ઈસલિયે હૈ કિ ચેતના શબ્દ કા પ્રયોગ વેદાંત આદિ મેં ભી હૈ. વહાં જ્ઞાન કા સ્વીકાર કિયા ગયા હૈ, દર્શન કા સ્વીકાર નહીં કિયા. લેકિન નહીં કિયા ઈસલિયે કિ વહાં દર્શન કો નહીં સમજ સકતે, વહ તો બુદ્ધિગ્રાહ્ય હૈ નહીં. કેવલજ્ઞાનગોચર હૈ દર્શનઉપયોગ. સમજ મેં આ સકતા હૈ શ્રુતજ્ઞાન મેં, ફિર ભી ગ્રહણ નહીં હો સકતા. પક્કડ મેં નહીં આતા. ઈતના સૂક્ષ્મ પરિણમન હૈ. ઈસલિયે ચેતના મેં દોનોં બાત હૈ. જૈનદર્શન મેં યહ દો બાત હૈ. જૈનદર્શન કે અલાવા કોઈ ઔર જગહ ચેતના મેં દર્શન-જ્ઞાન દો બાત

નહીં હૈ. એકેલે જ્ઞાન કી બાત હૈ. ચેતના કહો યા જ્ઞાન કહો, જ્ઞાન કહો યા ચેતના કહો.

અહીંયાં ભાવનાનો એક ક્રમ એ લીધો છે. જો પોતાના સ્વરૂપની ભાવનામાં નિરંતર જીવ મગ્ન રહેતો હોય તો એ આગળની વેદનની ભૂમિકામાં આવે છે. ઉપયોગદ્વારમાં જે પ્રકાશ છે, પ્રકાશ છે એટલે જે વેદન છે એ વેદન પકડાતું નથી. એ કેમ પકડાતું નથી ? કે પોતે સ્વરૂપની ભાવનામાં નથી માટે. જો સ્વરૂપની ભાવનામાં રહેતો હોય તો એ વેદનને ગ્રહણ કરી શકે છે. વેદનમાં આવતા અને એની દૃઢતામાં આવતા અહીંયાં ચિત્પરિણતિ ઉત્પન્ન થાય છે અને સ્વરૂપરસની ઉત્પત્તિ થાય છે, આત્મરસની ઉત્પત્તિ થાય છે. આ એકદમ સંક્ષેપમાં અધ્યાત્મ પર્યાયમાં આવવાનો 'દીપચંદજી'એ વિષય લીધો છે. એકદમ સંક્ષેપમાં લઈ લીધો છે. એક જ .. ભાવનાનું લીધું છે, પછી તો સીધો વેદનનો વિષય લઈ લીધો છે. આગળ થોડી વાત કરી કે જ્ઞાન છે એ તો નિજ વાનગી છે અને એ જ્ઞાનના લક્ષણને વાનગી એટલે Sample-લક્ષણને ઓળખીને ઘણા સંતો અજરઅમર થયા છે. એ બધું વર્ણન લીધું. પણ કેવી રીતે પોતાના અનુભવનો વિલાસ કરે, સ્વાનુભવ કેવી રીતે કરે એના માટે એકદમ સંક્ષેપમાં આ વાત લઈ લીધી.

મુમુક્ષુ :- આત્મકલ્યાણની તીવ્ર ભાવના વગર જીવ પ્રયોગમાં ન આવી શકે. અને પ્રયોગમાં જે ભાવના.. આ જે નિજ સ્વરૂપની ભાવના, પ્રયોગ વગર નિજ સ્વરૂપની ભાવના ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનોપયોગમાં જ્ઞાનવેદનની જે પ્રસિદ્ધિ છે એ પ્રસિદ્ધિમાં એ જ્ઞાનવેદનની પ્રસિદ્ધિ એને થતી નથી. સામાન્ય રીતે જીવને એમ લાગે છે કે વેદન પકડાતું નથી. આ એક સામાન્ય પરિસ્થિતિ છે જીવની કે વેદન પકડાતું નથી. પણ કેમ પકડાતું નથી ? કે પોતે ભાવનારહિત છે માટે પકડાતું નથી. નિરંતર ભાવનામાં રહેલા જીવને દર્શન-જ્ઞાન ઉપયોગમાં રહેલો જે પ્રકાશ એટલે વેદન એ ગ્રહણ થાય છે. ગ્રહણ થાય છે એટલું નહિ પણ એને દૃઢપણે એ ભાવનામાં ભાવે છે, વિશેષપણે સ્વસ્વરૂપે ભાવે છે, સ્વપણે ભાવે છે અને એમાંથી પરિણતિ થઈને સ્વરૂપરસ ઉત્પન્ન થાય છે. એમાંથી પરિણતિ ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- જીવ ભાવના વિહિન તો છે નહિ. ભાવના વગરનો તો નથી. ભાવના તો ક્યાંક ને ક્યાંક કામ કરતી હોય છે. તો ઓલી ભાવનાથી દૂર જાય અને આ બાજુની ભાવના પ્રગટ થાય તો...

પૂજ્ય ભાઈશ્રી :- પરતત્ત્વની ભાવના છે. પરતત્ત્વમાં રાગ પણ છે, પરતત્ત્વમાં દેહાદિ સંસારના અનેક સંયોગિક પદાર્થો છે. એ ભાવના તો વિપરીત ભાવના છે. એ ભાવના તો કદી સફળ થવાની નથી. અનંત કાળથી સંસારની ભાવનામાં તો ઊભો જ છે. તો શું મળ્યું એને ? સિવાય દુઃખ કાંઈ નથી મળ્યું. એકાંતે દુઃખી થતાં પરિભ્રમણ કરે છે. હવે તો પોતાના સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે અને એ પણ નિરંતર ભાવના રહે. આ મુખ્ય વાત છે, પાયાની વાત આ છે.

શાસ્ત્ર સંબંધીનું જાણપણું જ્ઞાન, એમાં ભાવના નથી રહેતી. એટલે શુષ્કતા આવે છે. ભાવનાવાળાને શાસ્ત્રજ્ઞાન હોય કે ન હોય, કાંઈ ફરક નથી પડતો. એ અધ્યાત્મ પરિણતિમાં આવી જાય છે કે આવી શકે છે. આ લાભ ભાવનાનો સીધો છે.

મુમુક્ષુ :- ... જે રીતે

પૂજ્ય ભાઈશ્રી :- ધમપછાડા કરીને. એવું છે. પણ ત્યારે ભૂમિકા ચોખ્ખી હોય છે. અનાદિનો જે વિભાવરસ છે અને દર્શનમોહનો રસ છે, અનંતાનુબંધીનો રસ છે એ ગળે કેવી રીતે ? એ ગળી જાય તો જ નબળો પડે ને ? જે એકદમ પુષ્ટ થયેલો રસ છે એ ગળી જાય છે ક્યારે ? કે આ પરિસ્થિતિ ઊભી જાય છે ત્યારે. ત્યાં સુધી ગળતો નથી.

મુમુક્ષુ :- એવી ભાવનાવાળાને માતાજીએ Guarantee આપી. ચૌદ બ્રહ્માંડ ફરી જાય. ભાવના કદી નિષ્ફળ જતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના કદી નિષ્ફળ જતી નથી. ચૌદ બ્રહ્માંડ ફરી જાય, ભાવના નિષ્ફળ જતી નથી. એ આ ભાવનાની વાત છે. એ કોઈને પણ એમ જ કહેતા કે તમે ભાવનાવાળા છો તો ભાવનામાં વૃદ્ધિ કરોને. તમને તો સ્વરૂપની ભાવના છે, આત્મપ્રાપ્તિની ભાવના છે એમાં વૃદ્ધિ કરો. કેમકે એ અપર્યાપ્ત છે ત્યાં સુધી બધી કઠીનતા છે. પર્યાપ્ત ભાવના થયે તો વેદન પકડાય છે. દર્શન-જ્ઞાનના ઉપયોગમાં ચૈતન્યનો જે પ્રકશ છે, વેદન છે એ પકડાય છે. ચૈતન્યની પરિણતિ ઉત્પન્ન થાય છે, સ્વરૂપરસની (પરિણતિ ઉત્પન્ન થાય છે).

મુમુક્ષુ :- બીજા જે Obstacle-બીજા રસ હતા એ તો ઊડી ગયા. તો જ્ઞાન ચોખ્ખું થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રતિબંધક રસ ન રહ્યો. એટલે બહુ સંક્ષેપમાં પણ આ જગ્યાએ આ કામ થાય છે. એ લાંબીચોડી વિચારધારાનો પ્રશ્ન નથી. અનેક ન્યાયો, અનેક પ્રકારનું Logic, યુક્તિ, તર્કની કોઈ જરૂર નથી. ભાવનાવાળાને કોઈની જરૂર નથી.

મુમુક્ષુ :- જીવને ભાવના ન ઉત્પન્ન થવાના કારણમાં આ પૂર્વના કોઈ મિથ્યાત્વના...

પૂજ્ય ભાઈશ્રી :- એ વિભાવરસ પોસાય છે જીવને ત્યાં સુધી ભાવના શું કરે ? ક્યાંથી થવાની હતી ? એમ છે.

મુમુક્ષુ :- તો એનો અર્થ એવો થયો કે જીવ પોતે જ ભૂલ કરે છે અને પોતે જ...

પૂજ્ય ભાઈશ્રી :- ચાલતી પરિસ્થિતિ એને મંજૂર છે તો ક્યાંથી પરમાત્મા પધારશે ? પરમતત્ત્વ તો પરમાત્મ પરમેશ્વર તત્ત્વ છે. એની જે પર્યાયમાં પધરામણી છે એમાં એનાથી જે વિરૂદ્ધ ભાવો છે એ પોસાતા હોય ત્યાં સુધી ક્યાંથી એ આવશે ?

મુમુક્ષુ :- બાર ભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- બાર ભાવનામાં પણ બાર ભંગ પડે છે. અહીં તો એક સ્વરૂપ પ્રાપ્તિની ભાવના છે. જોકે બારેયનો સરવાળો એક સ્વરૂપ પ્રાપ્તિ છે.

મુમુક્ષુ :- પોતાની ભાવનાની વૃદ્ધિ કરવા માટે...

પૂજ્ય ભાઈશ્રી :- વીસ દોહરામાં એક વાત લીધી છે કે 'તુજ વિયોગ સ્ફુરતો નથી.' એ જે બીજું કાંઈ નથી રુચતું અને એક આત્મા જ જોઈએ એ દર્શનમોહને મંદ કરે છે. એટલે ભાવનામાં તો બધા જ મુખ્ય મુખ્ય ગુણ આવી જાય છે. લક્ષમાં તો એક જ્ઞાનનો જ પર્યાય આવે છે. ભાવનામાં તો બધા ગુણ આવી જાય છે.

મુમુક્ષુ :- 'કૃપાળુદેવ'માં એક વાક્ય આવે છે ને 'મન મહિલાનું વહાલા ઉપરે, બીજા કામ કરંત'.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ .. સજ્ઝાયમાં આવે છે. 'યશોવિજયજી'નું પદ છે. 'મન મહિલાનું વહાલા ઉપરે, બીજા કામ

કરંત' આ તો Practical તરત ખ્યાલ આવી જાય છે. વ્યવહારું દૃષ્ટાંત લીધો છે. એ જેમ બીજા બધા કામ કરે છે તોપણ એક બાજુ જ એનું મન છે. એવી જ રીતે આ ભાવનાનો વિષય છે. બીજા કામ કરે છે તો એક જ બાજુ ભાવના...

મુમુક્ષુ :- અનંત કાળમાં મૂળ ભૂલ આ જીવની આ રહી ગઈ. અનંત કાળ સુધીમાં અત્યાર સુધીમાં ભૂલ આ રહી ગઈ કે યથાર્થ ભાવનામાં નથી આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- બસ. ઉત્કૃષ્ટ પાત્રતાનું પૂજ્ય 'બહેનશ્રી'એ વર્ણન કર્યું, વચનામૃતમાં કે મારે એક મારો આત્મા જ જોઈએ છે અને બીજું કાંઈ નથી જોઈતું. એ વર્તમાન પાત્ર છે અને ઉત્કૃષ્ટ પાત્ર છે. આખા ખાસ પ્રકારની પાત્રતા છે. અને જ્યાં સુધી... એ વિષયમાં ખુલાસો કર્યો કે મુમુક્ષુજીવ તત્ત્વને યથાર્થપણે સમજે ...

ભાવનાવાળા જીવને પોતાની ભૂલની ખબર પડે છે કે આ જગ્યાએ મારી ભાવનાને ઠેસ પહોંચે છે. જ્યારે ક્ષયોપશમવાળા ભૂલ થાય તો ખબર નથી પડતી કે કઈ જગ્યાએ ભૂલ થાય છે. એની બુદ્ધિ ત્યાં કામ નથી કરી શકતી. એટલી સ્થૂળ રહે છે.

મુમુક્ષુ :- ભાવના સ્વયં જાગૃત અવસ્થા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના જાગૃતિ સહિતની હોય છે. ક્યાં ભૂલે છે એ પેલાને ખબર પડતી નથી. જ્યારે આને ખબર પડે છે, કેમકે ભાવનાને ઠેસ પહોંચે છે. એટલે બહુ સીધીસાદી વાત એક આમાં થઈ જાય છે, આ કામ કરવા માટે...

એ ૨૩મા અને ૨૪મા વર્ષમાં બંનેમાં એ પત્ર લીધો છે કે આ જીવને પરિભ્રમણ કેમ ટળે ? એક વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે. અને મારું પરિભ્રમણ કેમ ટળે એ વિષયમાં દૃઢ થઈને ઝુર્યા વિના માર્ગના એક અંશનું પણ ભાન થાય એવું નથી.

૮૬મા પત્રમાં. વર્ષ ૨૩મું છે. એ (એમની) ભૂમિકાનું વર્ષ છે. **'અનંતકાળ થયા જીવને પરિભ્રમણ કરતાં છતાં તેની નિવૃત્તિ કેમ થતી નથી અને તે શું કરવાથી થાય ?'** બસ. મારું પરિભ્રમણ અનંત કાળથી ચાલે છે. જીવ એટલે પોતાને લેવો છે. આ તો સ્વલક્ષી વિચારણાનો વિષય છે ને ? તો બીજા જીવને તો લક્ષમાં લેવાનો નથી.

તો મારા જીવને અનંત કાળ થયા પરિભ્રમણ ચાલે છે અને હજી મને નિવૃત્તિ પરિભ્રમણની આવતી નથી તો હું શું કરું તો હું પરિભ્રમણથી નિવૃત્ત થાઉં ? '**આ વાક્યમાં અનેક અર્થ સમાયેલ છે. તેને વિચાર્યા વિના કે દઢ વિશ્વાસથી ઝૂર્યા વિના માર્ગના અંશનું અલ્પ ભાન થતું નથી. બીજા બધા વિકલ્પો દૂર કરી આ એક ઉપર લખેલું સત્પુરુષોનું વચનામૃત વારંવાર વિચારી લેશો.**' આ જગ્યાએ ઊંડા ઉતરી જાવ. આ એક જ વાત ઉપર ઊંડા ઉતરી જાવ. અને ઊંડા ઉતરી જાવ એટલું નહિ જ્યાં સુધી એનો નિવેડો ન આવે તો દઢ થઈને જીવ ઝૂરે. આ પરિસ્થિતિમાં આવે. તો છૂટકો છે. નહિતર કોઈ કાળે છૂટકો નથી.

એ જ વાત એમણે ૧૯૫માં લીધી છે. '**માર્ગની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે,...**' જેને મોક્ષમાર્ગની ઈચ્છા થઈ છે કે મારે હવે પરિભ્રમણ નથી કરવું. મોક્ષમાર્ગમાં આવી જવું છે. '**તેણે બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે :-**' લાંબીચોડી કોઈ વાતમાં જવાની જરૂર નથી. કે '**અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ? અને તે શું કરવાથી થાય ?**' બસ. આ જે સ્વરૂપપ્રાપ્તિનો વિષય છે, સ્વરૂપલક્ષનો વિષય છે, આત્મપ્રાપ્તિનો, એને શબ્દો જુદા જુદા મૂક્યા છે. નાસ્તિથી પરિભ્રમણનો વિષય મુક્યો છે.

'**આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે; અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના,...**' ચિંતના કર્યા વિના એટલું જ નહિ '**તેને માટે દઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી; પૂર્વે થયું નથી; અને ભવિષ્યકાળે પણ નહીં થશે.**' અત્યારે આ પરિસ્થિતિ છે, ભૂતકાળમાં એ પરિસ્થિતિ હતી, ભવિષ્યમાં પણ એ જ પરિસ્થિતિ છે. એ વગર કોઈ રીતે પણ જ્ઞાન થવાનું નથી ત્રણે કાળને વિષે. '**અમે તો એમ જાણ્યું છે.**' અમે એમ જાણ્યું છે એટલે અમે તો એમ અનુભવ્યું છે, એમ કહેવું છે. '**માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું જાણવું શું ? તે જણાય છે.**' પછી આ સિવાય હવે શું જાણવું ? તો કહે છે, એ ત્યારપછી જણાશે. પહેલા તું આ જગ્યાએ આવી જા. પછી બીજો પ્રશ્ન કરજે કરવો હોય એ. આનું શું ને

તેનું શું ? આ એક જગ્યાએ આ વાતને કેન્દ્રિત કરી નાખી છે 'દીપચંદજી'એ.

મુમુક્ષુ :- ૧૩૩મું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પોતાના વિષે લીધું છે.

**'રાત્રિ ને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે,...'** આ ૨૩મું વર્ષ છે. **'ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું ? હાડ, માંસ અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે.'** હાડ, માંસ અને મજ્જામાં પણ એ જ રંગ રંગાયેલો છે. ભાવનામાં કેટલા તરબોળ છે ! સ્વરૂપ પ્રાપ્તિની ભાવનામાં કેટલા તરબોળ છે ! કે હાડ, માસ અને મજ્જામાં એ જ રંગ રંગાયેલો છે અમારે તો.

**'એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે,...'** અમારું રૂંવાડુ પણ એનો વિચાર કરે છે, એમ કહે છે. એક એક રૂંવાટી એનો વિચાર કરે છે કે આત્મપ્રાપ્તિ ક્યાં ? આત્મ પ્રાપ્તિ કેમ ? કેવી રીતે ? **'અને તેને લીધે નથી કંઈ જોવું ગમતું, નથી કંઈ સુંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું; નથી કંઈ ચાખવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતી કે નથી ઊઠવું ગમતું, નથી સૂવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઈ જ ઊગતું જણાતું નથી. તે હો તોપણ ભલે અને ન હોતોપણ ભલે એ કંઈ દુઃખના કારણ નથી, દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે,...'** અત્યારે જે વિષમ આત્મા પ્રવર્તી રહ્યો છે એ મને દુઃખનું કારણ છે. મારો આત્મા કેમ પ્રગટ થતો નથી ? આ દુઃખનું કારણ છે.

**'દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે. એ વૃત્તિને લીધે સમાધિ રહે છે.'** પછી કૌંસમાં એટલું લખ્યું છે કે આત્માની લગની આવી હતી. ૨૩મા વર્ષમાં આવી

આત્માની લગની હતી. ત્યારે ૨૪મા વર્ષમાં સમ્યગ્દર્શન અને સ્વાનુભવની પ્રાપ્તિ થઈ છે. આ સ્થિતિએ એ આવ્યા છે. ખુલ્લો ચિતાર છે. સારું છે કે એ લખાણમાં આવ્યું છે તો આજે મુમુક્ષુને વિચારવાનો એક વિષય મળે છે કે આ એક સ્થિતિ હતી.

મુમુક્ષુ :- પોતાની દશાને મેળવવા માટે તો બહુ સારી વાત છે. પોતાની ચાલતી દશાને મેળવવા માટે તો ઘણી સારી વાત છે. પરમાત્મા કેટલો દૂર છે આ દશાથી.

પૂજ્ય ભાઈશ્રી :- મેળવી લેવું કે પોતે કેટલો દૂર છે અને કેટલો નજીક છે.

મુમુક્ષુ :- સાંભળતા આપણને એવું લાગે તો જીવને પોતાને કેવો ભાવ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો તરબોળ હતા ભાવનામાં. એ આખો નીતરતો વિષય છે. ભાવના નીતરે છે એમની.

મુમુક્ષુ :- એમના પત્રમાં એમણે કીધું છે ત્યાં સુધી પોતાની દશા કેવી કેવી વધતી જાય છે અને એના પોતાના ભાવો કેવી રીતે બદલાતા જાય છે એનું પ્રત્યક્ષ આમ જોઈએ તો ચિત્ર સામે ખડું થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જીવંત વસ્તુ જોવા મળે છે. જીવંત પુરાવા છે આ બધા.

અમે હમણા સ્વાધ્યાયમાં આ ગ્રંથ લીધો છે-'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. લગભગ દસેક મહિના થયા. ૨૬મું વર્ષ ચાલે છે. પણ અનેકવાર એ વિચાર આવે છે કે આ એક જીવંત કથાનુયોગ છે. 'સોભાગભાઈ' અને 'શ્રીમદ્જી' એ બે વચ્ચેનો જે પત્ર વ્યવહાર ચાલ્યો છે એ તો એક જીવંત કથાનુયોગ છે. જીવતી વસ્તુ સામે જોવા મળે એવી વાત છે.

મુમુક્ષુ :- પોતાના માટે અરીસો જ છે આમ જોઈએ તો. પોતાની ક્યાં સ્થિતિ છે એ જોવું હોય તો અરીસાથી પોતે જોઈ પણ શકે.

પૂજ્ય ભાઈશ્રી :- અંતર અવલોકન કરે તો બરાબર પોતે સમજી શકે તેમ જ છે.

૨૦ દોહરામાં તો સ્વરૂપલક્ષે જો એ દોહરા લે ને તો એવી રીતે પોતાની નિંદા કરી છે કે '**નથી પ્રફુલ્લિત ભાવ;...**' એટલે સ્વરૂપ પ્રત્યેનો મહિમા નથી. '**અંશ ન એકે સ્નેહનો,...**' મારામાં આત્મા

પ્રત્યેનો સ્નેહ જ ક્યાં છે ? '**ન મળે પરમ પ્રભાવ.**' અને મારા ઉપર કોઈ પ્રભાવ નથી મારા સ્વરૂપનો. બધું એવી રીતે જ લીધું છે. જો સ્વરૂપ ઉપર એને ઉતારો કે '**હે પ્રભુ !**' એટલે પોતાનો પ્રભુ. તો એ વેદના ઉત્પન્ન થાય એવા દોહરા છે. ભાવના ઉત્પન્ન થાય અને વેદના ઉત્પન્ન થાય એવા એ દોહરા છે. સ્વરૂપ ઉપર લઈ જાવ. '**અચળરૂપ આસક્તિ નહિ,...**' પોતાના સ્વરૂપની આસક્તિ નથી. '**નહીં વિરહનો તાપ;**' ૨૬૪ છે. ૨૯૫ પાને.

'**નહીં વિરહનો તાપ;...**' પોતાના સ્વરૂપનો વિરહ છે, વિયોગ છે એનો કોઈ તાપ લાગતો નથી. '**કથા અલભ તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ.**' અને આત્માની જે કથા છે, એના પ્રેમની જે કથા છે આત્મા પ્રત્યેના, એનો પણ વિરહ છે. એનો પણ પરિતાપ નથી. અને તોપણ મને આકુળતા થતી નથી. મારું કર્મ તો જુઓ ! '**તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.**' આ મારું કર્મ કેવું છે કે મને એનું દુઃખ પણ થતું નથી ! જેનું દુઃખ લાગવું જોઈએ એનું દુઃખ મને થતું નથી. આ તો મારું કર્મ કેવું છે ? બહુ સરસ વિષય લીધો છે.

'**એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય; નહિં એક સદ્‌ગુણ પણ મુખ બતાવું શુંય?**' કોને મોઢું બતાવું ? એમ કહે છે. બહુ લખ્યું છે. એ વિષય છે સ્વરૂપની ભાવનાનો, ચૈતન્યના પ્રકાશના વેદનનો અને ચૈતન્ય પરિણતિથી સ્વરૂપરસનો વિષય અઢી લીટીમાં મૂક્યો છે.

મુમુક્ષુ :- ... ત્યાં સુધી તે ..

પૂજ્ય ભાઈશ્રી :- પોતાના અવગુણનો પશ્ચાતાપ થાય તો જ એનો રસ ગળે છે. નહિતર દોષ ફરીને ઉત્પન્ન થઈ આવે છે. લાગે કે આવો દોષ ન થયો હોત તો સારું હતું. પણ ફરીને કેમ થાય છે ? પશ્ચાતાપ (નથી થતો એટલે).

હવે સ્વાનુભવની વાત કરે છે. કે '**દ્રવ્યગુણપર્યાયને યથાર્થ અનુભવવા એ (જ) અનુભવ છે.**' એટલે કે અનુભવમાં ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનું અવલંબન છે અને જ્ઞાનાદિ ગુણ પર્યાયમાં પ્રગટ થઈને એનો અનુભવ થાય છે. અનુભવે છે પર્યાય, તોપણ લક્ષ ત્રિકાળી આત્મસ્વભાવ ઉપર છે. એનું નામ યથાર્થતા છે. એવો યથાર્થ અનુભવ

થવો તે જ અનુભવ છે. અને એવા '**અનુભવથી પંચ પરમગુરુ થયા અને થશે.**' એવા અનુભવથી પંચપરમગુરુ થયા અને થશે. જેટલા કોઈ ભુતકાળમાં પંચ પરમગુરુ થયા તે અનુભવના પ્રસાદથી થયા છે. એમનો એક 'જ્ઞાનદર્પણ' નામનો ગદ્યમાં ગ્રંથ છે. એની ૧૫૪ નંબરની ગાથાનો આધાર લીધો છે. ૧૫૪ નંબરનું પદ છે.

**પંચ પરમગુરુ જે ભયે, જે હોંગે જગમાંહિ;**
**તે અનુભૌ પરસાદ તૈં; યામેં ધોખો નાંહિ. ૧૫૪.**

એમાં બીજી વાત નથી. ધોખો એટલે આ સિવાય બીજી વાત નથી. પંચપરમેષ્ઠી પદ છે. નમો અરિહંતાણં, એ પંચ પરમગુરુમાં પણ છે. તે અનુભવના કારણે ઉત્પન્ન થયેલા પદ છે. અનુભવ વિના એ પદ નથી.

'**તે પ્રસાદ (કૃપા, પ્રભાવ) અનુભવનો છે. અરિહંત, સિદ્ધ (પણ એ) અનુભવ-આચરણને સેવે છે,...**' અરિહંત અને સિદ્ધ શું કરે છે ? કે નિરંતર સ્વાનુભવનું આચરણ જેને વર્તી રહ્યું છે તે અરિહંત અને સિદ્ધ છે. તે પણ '**અનુભવ-આચરણને સેવે છે, (સ્વરૂપ) અનુભવમાં અનંતગુણના સર્વ રસ આવે છે.**' એક ક્ષણનો જે સ્વરૂપ અનુભવ છે એમાં આત્માના અનંતે અનંત સર્વ ગુણ શુદ્ધ થઈને પરિણમનગોચર થાય છે એટલે એનો રસ આવે છે. અનુભવ આવે છે. ભલે એ અનંતના નામ ન આવડે, જુદાં જુદાં અનંત ઓળખાય નહિ તોપણ અનંતનો રસ એમાં આવે છે. જેમ કોઈ એક ખાવાની ચીજમાં અનેક જાતના તેજાના, મસાલા, મેવા બધું નાખ્યું હોય. સેંકડો ચીજ નાખી હોય. કેસર ને કસ્તુરી ને અંબર ને ફલાણું. ખાય ત્યારે એને ભલે એક એકનો જુદો સ્વાદ ન પડે કે આ કેસરનો સ્વાદ અને આ ફલાણાનો સ્વાદ. પણ એનો જે સમગ્ર સ્વાદ છે એમાં બધાનો સ્વાદ આવી જાય છે અને એ બધાના સ્વાદને એક નામ આપે છે કે આ ફલાણી ચીજ મેં ખાધી. એવી રીતે એક સ્વાનુભવમાં અનંત ગુણનો રસ છે. એ પણ 'જ્ઞાનદર્પણ'નું પદ એમાં લીધું છે. ૧૫૩ નંબરનું.

**ગુણ અનન્તકે રસ સબ, અનભૌ રસકે માંહિ;**
**યાતૈં અનુભૌ સારિખો, ઔર દૂસરો નાંહિ. ૧૫૩.**

આ પદ પત્રની અંદર 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં દોહરાવેલું છે. એ

'દીપચંદજી'નું 'જ્ઞાનદર્પણ'નું પદ છે. એ હિસાબે એમણે 'દીપચંદજી'ના ગ્રંથો, બીજા 'દોલતરામજી'ના પદો દોહરાવ્યા છે એનું કારણ છે. વાંચેલા અને કેટલાક તો કંઠસ્થ થઈ ગયેલા છે. જે પત્રોની અંદર દોહરાવેલા છે. રટણ ...

(એક મુમુક્ષુ) છેલ્લી વખતે 'મુંબઈ'થી સાથે આવ્યા ને ? પછી લગભગ સાથે જ રહેતા હતા. ત્યાં 'ઘિયા'ના મકાનમાં. એ બહારની ઓસરીમાં સૂઈ રહેતા હતા. બાબુજી એકાંતમાં અંદરના રૂમમાં એકાંતમાં એકલા સૂતા હતા. પછી સવારે કાંઈક પરવારતી વખતે કાંઈક પદ ગણગણતા હશે. એટલે એણે ચર્ચામાં પ્રશ્ન કાઢેલો કે તમે કાંઈક બોલો છો તો શું બોલો છો ? બાથરૂમમાં જતા આવતા કાને પડી હશે કે કાંઈક ગણગણે છે. સ્પષ્ટ સંભળાય એવી રીતે નહિ. તો પછી 'દોલતરામજી'નું એક પદ છે એ પદ એમણે કહ્યું કે આ પદ સવારે ગુંજતું હતું. 'નલીની લટકાયો' કરીને છે. પોપટનું. 'જ્યોં શુક નભ ચાલ બિસરી નલીની લટકાયો.' એ પદ એમને કંઠસ્થ થઈ ગયું હતું. ચાલતું હતું. રસ આવતો હશે. એ રસ ઘૂંટવા માટે એમ બોલતા હતા. એમ આ પદ દોહરાવ્યું છે.

મુમુક્ષુ :- પોપટનું દૃષ્ટાંત બહુ સરસ છે. જીવને લાગુ પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એકદમ. એ તો એના ઉપર જ છે ને. એના ઉપર જ છે. 'દોલતરામજી'નું એના ઉપર જ પદ છે. જીવ પોતે પોતાના સામર્થ્યને ભૂલ્યો છે. પોપટની જેમ. પોપટ ઊડવાના સામર્થ્યને ભૂલ્યો એટલે ભુંગળીમાં લટકાણો. નહિતર એ વખતે પાંખ ફડફડાવે એટલી જ વાર છે. એમ આ જીવનું અનંતુ સામર્થ્ય છે. પણ હું રોટલાના આધારે જીવું છું, હું પાણીના આધારે જીવું છું, હવાના આધારે જીવું છું, સંયોગના આધારે જીવું છું. સામર્થ્યને ભૂલે છે.

મુમુક્ષુ :- પેલો પણ હું ભ્રમમાં એટલે હું પકડાય ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- આ પણ પકડાય છે. એ પીંજરામાં આવે છે. આ પણ દેહના પીંજરામાં આવે છે. પછી કોઈ સારો દેહ મળે, કોઈ નબળો મળે તો કોઈ નાનું પીંજરું...

## તા. ૧૬-૬-૧૯૯૦, પાના નં. ૬, પ્રવચન નં. ૧૬૪

.. તો જાણે છે. વળી વિચારજ્ઞાનમાં આત્મા છે, એના દ્રવ્ય-ગુણ-પર્યાય છે એવી અનેક વાતો, અધ્યાત્મની વાતો બધું ઉપયોગમાં (આવે,) સમજાય છે. પણ એ ઉપયોગમાં પોતાને જ જ્ઞાનરૂપ વસ્તુ છે એનું જાણવું તે સ્વાનુભવ છે. એ વસ્તુ જ્યાં સુધી બનતી નથી ત્યાં સુધી જે પારમાર્થિક આત્માને લાભ છે અથવા સુખ છે, અતીન્દ્રિય સુખ છે, અતીન્દ્રિય આત્મિક આનંદ છે એ વસ્તુ અનુભવગોચર થતી નથી.

આ સ્થળે ઊંડા ઉતરવાનો અર્થ એ છે કે જ્યાં સુધી જ્ઞાનરૂપ વસ્તુ પોતાના ઉપયોગમાં ન જણાય ત્યાં સુધી ત્યાં જ જાણવાનો પ્રયત્ન ચાલુ રાખે. સામાન્ય રીતે ઉપયોગને એમ સમજવામાં આવે છે કે આ બધું જાણે છે તે ઉપયોગ. એ એક ખ્યાલ છોડવા જેવો છે. ઉપયોગમાં જ ઉપયોગ અવલોકન કર્યા કરે. ઉપયોગ પોતે જ પોતાનું અવલોકન કર્યા કરે. શરૂઆતમાં તો અથવા તો જે પરિસ્થિતિ ચાલુ છે એમાં તો એ જ જણાશે કે મારો ઉપયોગ અનેક જ્ઞેયો પ્રત્યે જાય છે. કાંઈ વાંધો નહિ. આ અભ્યાસ ચાલુ રાખે. કેમકે પોતાનો હેતુ અનેક જ્ઞેયેનો જાણવાનો નથી. સ્વપરપ્રકાશકપણાને લીધે અને અનાદિની સ્વરૂપસ્થિરતા નહિ હોવાને લીધે અને નહિ હોવાથી ઉપયોગની ચંચળતાના સદ્ભાવને લીધે ઉપયોગ તો બહાર જવાનો. અનેક જ્ઞેયો પ્રત્યે જવાનો. પણ એ ઉપયોગનું સ્વરૂપ નથી.

હવે જ્યારે પોતે એ ઉદ્દેશ્ય નક્કી કર્યો કે મારે મારા સ્વરૂપને જાણવું છે. અને અનુભવી પુરુષ-જ્ઞાનીપુરુષ એમ કહે છે કે તારું સ્વરૂપ તો તારા ઉપયોગમાં જ છે અને તું ઉપયોગમાં જ જો, તને તારું સ્વરૂપ જણાશે. ત્યારે પોતાના ઉપયોગમાં પોતાના સ્વરૂપને જાણવાના ઉદ્દેશ્યથી પોતાના ઉપયોગને જોવે. કોણ જોવે ? ઉપયોગ પોતે જ જોવે. જોનાર પણ ઉપયોગ અને જેમાં જોવું છે એ પણ પોતે ઉપયોગ. ક્યાં સુધી જોવે ? કે જ્યાં સુધી જ્ઞાનરૂપ વસ્તુ ન જણાય ત્યાં સુધી આ પ્રયત્ન અને આ અભ્યાસ ચાલુ રાખે. તો આ વિષયની સફળતા થાય

એવું છે. અપેક્ષિત વાત ભાવના, પાત્રતાની તો છે જ. એ વગર તો અમસ્તું પણ આ પ્રકારનું અવલોકન છે એ શક્ય જ નથી. ભલે સમજમાં આવ્યું હોય કે આવું અવલોકન કરવું જોઈએ. પણ થઈ નહિ શકે. પણ જો યથાર્થ ભાવના અને પાત્રતામાં જીવ આવી ગયો અને સ્વરૂપ પ્રાપ્તિની ભાવના હોય એને આ કામ કરવું છે ને ? ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને કોને જાણવી છે ? કે જેને જ્ઞાનરૂપ વસ્તુનો અનુભવ કરવો છે, પ્રાપ્ત કરવું છે એની વાત છે આ તો. એવો જીવ જ્યારે પોતે ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને શોધે છે, ખોજે છે ત્યારે એની શોધ નિષ્ફળ નથી જતી.

મુમુક્ષુ :- મૂળમાં ભાવના અને પાત્રતા જે જીવને ...

પૂજ્ય ભાઈશ્રી :- બીજાને તો કેવી રીતે થવાનું ? બીજાને તો જાણવા મળશે તોપણ કરી નહિ શકે. ઉપયોગમાં જાણરૂપ વસ્તુને જાણવા માટે જે અવલોકન ઉપયોગમાં ઉપયોગને પોતાને પોતામાં અવલોકન કરવું જોઈએ એ અવલોકન નહિ થાય. હજી તો અવલોકન કરશે ત્યારે પહેલા તો એમ લાગે છે કે ઉપયોગ ઘણો ભમે છે. ઉપયોગનું ભ્રમણ કાંઈ થોડું નથી. અને આટલું બધું ભ્રમણ હોવા છતાં, ઉપયોગનું આટલું બધું ભ્રમણ હોવા છતાં આ આત્માને થાક કેમ નથી લાગતો ? એ બધા પડખાં થોડા થોડા સમજવામાં આવશે. પોતાના અવલોકનથી સમજવામાં આવશે. પછી એ જ ઉપયોગ પોતાના વિભાવભાવને જાણવામાં પણ અવલોકનનું કામ કરશે. ઉદ્દેશ પોતાના આત્માને જાણવાનો હોવાથી પછી સરવાળે ઉપયોગમાં જ જાણરૂપ વસ્તુ હોવાથી, જ્યાં સુધી ઉપયોગમાં જાણરૂપ વસ્તુ ન જણાય ત્યાં સુધી જાણવાનો પ્રયત્ન કરે.

જાણરૂપ વસ્તુ ઉપયોગની બહાર નથી. માટે ઉપયોગમાં જ જ્ઞાનરૂપ વસ્તુને જાણે. એ તો એમ ને એમ ચાલુ રાખે છે. આ તો એક કોઈ હીરો ખોવાઈ ગયો હોય એના જેવી વાત છે. ઘરમાં હીરો ખોવાઈ ગયો છે. તો ઘરબહાર ગોતવાનો સવાલ નથી. ઘર છોડીને બહાર ગોતવાનો (સવાલ નથી). જ્યારે પોતાને ખબર છે કે એક કલાક પહેલાં અહીંયાં આ ડાબલીમાં હીરો હતો અને અત્યારે નથી. આપણે ડાબલી લઈને ક્યાંય બહાર ગયા નથી. જોતા જોતા પડી ગયો છે એ બરાબર છે

કે આ હાથમાંથી જ પડી ગયેલો છે. હવે પડી ગયો છે ઘરમાં, પોતાના હાથે પડી ગયો છે તો બહાર શોધવા જવાનો તો પ્રશ્ન રહેતો નથી.

એમ અનુભવી પુરુષનું આ વચન છે કે જ્ઞાનરૂપ વસ્તુને જો તારે જાણવી હોય, આત્માનો અનુભવ કરવો (હોય), જાણવો નામ અનુભવ કરવો, તો ઉપયોગમાં જ શોધ એને. ન રાગમાં શોધ, ન શાસ્ત્રમાં શોધ, ન કોઈ બીજા સ્થાને શોધ, ન કોઈ તીર્થમાં શોધ, ન કોઈ તીર્થક્ષેત્રમાં, કોઈ પરક્ષેત્રમાં, પરદ્રવ્યમાં, પરભાવમાં ક્યાંય શોધવાનો પ્રશ્ન નથી. અંતરમાં જ ખોજ કરવાની છે અને તે ઉપયોગમાં ઉપયોગ પોતે જ ખોજ કરે. આ એક સ્થળે જો જીવ ઊંડો ઉતરે તો પણ કામ કરી જાય એવું છે. અનંત કાળે જે કામ નથી કર્યું એ કામ કરી જાય એવું છે.

'અનુભવપ્રકાશ'માં આવા ટુકડા ઠામ ઠામ આવે છે. આ ગ્રંથની અંદર. કોઈ વિશેષ અટપટી વાતોમાં કે અટપટા વિચારમાં પણ જીવને ઉપયોગને લઈ જવાનો સવાલ નથી રહેતો. બહુ સીધી, સાદી સરળ સુગમ કાર્યપદ્ધતિ Practical side ની જેને કહીએ, આ છે કે તારા જ ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને તું જાણ.

કેમ કે ગુણનું કાર્ય એના પર્યાયમાં છે, વસ્તુનું કાર્ય એના પર્યાયમાં છે. અનંત ગુણ હોવા છતાં બીજા બધા ગુણનું વિકૃત પરિણમન હોવાથી ક્યાંયથી વસ્તુનો પત્તો નથી લાગતો. એક જ્ઞાનમાં અવિકૃતપણું છે. વિકૃતપણું પણ છે સંસાર અવસ્થામાં, મિથ્યાત્વ અવસ્થામાં અને એ અવસ્થામાં અવિકૃતપણું પણ છે. તો વિકૃતપણું છે એ તો સમજીને છોડી દેવા જેવું છે. જે અવિકૃતપણું છે ત્યાંથી સ્વરૂપનું ગ્રહણ થાય છે. વિકૃતપણું એટલે શું છે કે જ્ઞાનમાં જે ભ્રમ છે, જ્ઞાનના ઉપયોગની જે ચંચળતા છે એ આદિ પ્રકારે જે વિભાવ છે એ બધા વિભાવ છે એ એનું-જ્ઞાનનું સ્વરૂપ નથી. એ જ્ઞાનનું મૂળ સ્વરૂપ નથી. જ્ઞાનનું મૂળ સ્વરૂપ તો પોતે પોતાને અનુભવે એ જ જ્ઞાનનું મૂળ સ્વરૂપ છે. સ્વસંવેદનમાં રહે એ જ જ્ઞાનનું મૂળ સ્વરૂપ છે.

મુમુક્ષુ :- જીવની સંસાર અવસ્થામાં જ્ઞાનના બંને સ્વરૂપ સાથે રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનના બેય સ્વરૂપ છે. વિભાવ પણ છે અને સ્વભાવ પણ છે. જો સ્વભાવ ન હોત તો કોઈને પત્તો ન લાગત.

જો સ્વભાવ જ્ઞાનમાં આંશિકપણે પણ વ્યક્ત ન હોત, આંશિકપણે એટલા માટે છે કે વિભાવ છે માટે પૂરેપૂરો નથી સ્વભાવ.

મુમુક્ષુ :- નહિતર તો પૂરેપૂરો પડ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અને મૂળ શું છે કે અંશ ઉપરથી આખા અંશીને ગ્રહણ કરવાનું જ્ઞાનનું સામર્થ્ય છે, જ્ઞાનમાં શક્તિ છે. એટલે એક અંશ ઉપરથી પૂરા સ્વભાવને પોતે ગ્રહણ કરી લે છે.

મુમુક્ષુ :- ૧૪૪માં આપ્યું છે. સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ.

પૂજ્ય ભાઈશ્રી :- સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ જ આવે એને. વિશ્વાસ આવે કે આવો જ મારો સ્વભાવ છે. એ ભાવભાસન આવે, આવે ને આવે.

હવે જો '**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' તો પછી કેવો જણાય છે, જ્ઞાનરૂપ વસ્તુ કેવી જણાય છે ? કે '**અનંત મહિમાનો ભંડાર,...**' ખાણ હાથમાં આવે છે. કહેવાય છે કે સ્વરૂપનું ભાવભાસન થયું. પણ એનું બીજું નામ એ છે કે અનંત ગુણની ખાણ જે છે એનો પત્તો લાગી ગયો. ખાણમાં ઉતરશે પછી. પણ ખાણ અહીંયાં છે એ ખબર પડી ગઈ. અનંત ગુણ રત્નોની ખાણ ભરેલી છે અને અહીંયાં જ છે. ક્યાંય બહાર જવાની જરૂર નથી. પોતામાં જ છે, કોઈ જગ્યાએ બહાર જવાની જરૂર નથી.

'**અનંત મહિમાનો ભંડાર, સાર,...**' સાર એટલે સારભૂત, સારભૂત એટલે સુખરૂપ. '**અવિકાર,...**' જેમાં વિકારનો એક અંશ પણ નથી. એનો કોઈપણ પડછાયો-પ્રતિબિંબ પણ જ્યાં નથી એવો અવિકાર '**અપાર શક્તિથી મંડિત મારું સ્વરૂપ છે,...**' ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે ત્યારે મારું સ્વરૂપ કેવું છે, જ્ઞાનરૂપ વસ્તુ એટલે મારું સ્વરૂપ, કે અનંત મહિમાનો ભંડાર હું છું, આખા જગતમાં સારભૂત મારું જ સ્વરૂપ છે, ત્રણે કાળે અવિકારી મારું સ્વરૂપ છે. અપાર શક્તિથી-જેનો કોઈ પાર-સીમા નથી, હદ નથી, બેહદ શક્તિથી ભરેલું મારું સ્વરૂપ છે. '**એવો ભાવ પ્રતીતિ વડે કરે.**' પ્રતીતિ સહિત કરે. એવો ભાવ વિશ્વાસ વિના નથી. એનો વિશ્વાસ આવે છે. આ વિશ્વાસ એ એક એવો વિશ્વાસ છે કે ચૌદ બ્રહ્માંડ હલી જાય, પોતાના વિશ્વાસમાં પોતે ન હલે. એવો વિશ્વાસ સહિત એવો ભાવ કરે છે. પછી '**ધ્યાન ધર્યે**

**નિશ્ચલતા થાય.**' એમ જ્ઞાનમાં જાણે કે જો આનું ધ્યાન ધરવામાં આવે તો અવશ્યમાં એમાં ઠરી જવાય એવું જ છે. અથવા જગતમાં ઠરવાનું ઠામ જ આ એક છે.

ઉપયોગે ભ્રમણ ઘણું કર્યું અને ઉપયોગ ભમ્યો તોપણ ક્યાંય ઠરીને ઠામ નથી થયો. કોઈ જગ્યાએ સારું લાગ્યું, કોઈ જગ્યાએ સારું ન લાગ્યું પણ તોય ક્યાંય ઉપયોગ ઠરીને ઠામ થયો નથી. આ એક એવું સ્થાન છે પોતાનું સ્વરૂપ કે એમાં ઉપયોગ સદાયને માટે સ્થિર રહે. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત જ્ઞાન સહિત.' એમ જ્ઞાન જાણે છે. કાર્ય ભલે પછી થશે. એવી અંતિમ અવસ્થા તો સિદ્ધપદની છે પણ જ્ઞાન એમ પ્રથમથી જ જાણે છે (કે) આ મારું ઠરવાનું સ્થાન છે. બીજું કોઈ મારે ઠરવાનું સ્થાન આ જગતમાં નથી.

મુમુક્ષુ :- પોતે પોતાને ઘરમાં...

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું સ્વસ્થાન છે. બહુ જ મધુર વાતો છે આ બધી 'અનુભવપ્રકાશ'ની. મીઠાશ ઘણી છે એની અંદર. એમાં પણ ઢુંઢારી તમે વાંચો (તો) બહુ મીઠાશ છે ભાષામાં. મૂળ ગ્રંથ ઢુંઢારીમાં છે 'દીપચંદજી'નો. બહુ મીઠી ભાષા છે.

'**નિજરૂપ જ્ઞાનને જ અનુપમ પદનું સર્વસ્વ જાણે.**' નિજ સ્વરૂપ અથવા પોતાના સ્વરૂપજ્ઞાનને જ, આત્મજ્ઞાનને જ, સમ્યગ્જ્ઞાનને જ, અનુભવજ્ઞાનને જ '**અનુપમ પદનું સર્વસ્વ જાણે.**' આ અનુપમ પદ જે સર્વોત્કૃષ્ટ સિદ્ધપદ છે એનું મૂળિયું આ જ્ઞાનમાં છે, અનુભવજ્ઞાનમાં છે, સ્વરૂપજ્ઞાનની અંદર રહેલું છે. એમ પણ જ્ઞાન જાણે. ધ્યાન ધર્યે નિશ્ચળતા થાય એમ જાણે અને આવું જે આત્મજ્ઞાન છે, એ જ અનુપમપદનું એટલે સર્વોત્કૃષ્ટ પદનું સર્વસ્વ છે એટલે મૂળ છે એમ જાણે અથવા મૂળ કારણ છે એમ જાણે.

'**આ સ્વરૂપના જ્ઞાન વિના પરની માન્યતા કરી સંસારી દુઃખી થયા.**' આવા સ્વરૂપજ્ઞાન વિના સંસારમાં સંસારી જીવો જે દુઃખી થયેલા છે એ પરમાં પોતાપણાની માન્યતા કરીને. પછી શરીરમાં, સંયોગમાં, બધી જ જગ્યાએ, પરમાં પોતાની માન્યતા કરીને અનંત સંસારી જીવો દુઃખી થયા. '**તે પરની માન્યતા કેવી રીતે મટે ? તે કહેવામાં આવે છે :-**' અહીંથી પ્રશ્ન ઉઠાવ્યો છે. ફરીને ભેદજ્ઞાનનો વિષય લેશે. કેમકે પરમાં

સ્વપણાની માન્યતા તો દઢ થઈ ગયેલી છે. આ માન્યતાને દર્શનમોહ કહે છે અથવા મિથ્યાત્વ કહે છે. અને તે નિબિડ થયેલો છે. સાધારણ નથી પણ અનંત કાળથી જેનું પરિણમન થઈ થઈને ઘટ્ટ થઈ ગયેલો દર્શનમોહ છે. નિબિડ એટલે ઘટ્ટ થઈ ગયેલો છે. એને કેવી રીતે મટાડે ?

અનંત કાળથી ઘટ્ટ થયેલો અને પરમાં સ્વપણાની માન્યતાના એવા રૂઢ સંસ્કાર હોવા છતાં, આત્માનો પ્રયત્ન જે દિ' શરૂ થાય છે ત્યારે એ બરાબર ટાળી શકે છે. એને ટાળવામાં કોઈ અશક્યપણું નથી કે ન થઈ શકે એવી ચીજ નથી કે અનંત કાળથી એમ થયું છે માટે અનંત કાળ લાગે એવું પણ નથી. આ એક આત્માની શક્તિની વિશેષતા છે કે અનંત કાળના દર્શનમોહના નિબિડપણાને, ઘટ્ટપણાને તોડવામાં બહુ લાંબો સમય લાગતો નથી.

જો જીવ પાત્રતામાં આવે તો છ મહિના ઉત્કૃષ્ટ સમય લીધો છે. ઉત્કૃષ્ટ સારી એવી પાત્રતામાં આવે તો છ મહિનાથી વધારે સમય નથી. હવે ક્યાં અનંત કાળ, દર્શનમોહના પરિણમનનું જે ઘટ્ટપણું થયું છે, ક્યાં અનંત કાળના એ દઢ થયેલા સંસ્કાર, દઢ થયેલો મોહ અને છ જ મહિનામાં એના ભુક્કા કાઢે તો આત્માનું સામર્થ્ય કેટલું !

એટલે શાસ્ત્રમાં એક દૃષ્ટાંત એવો લીધો છે કે આત્મા તો સિંહ જેવો છે. અને એને જે વિભાવ ચોંટેલા છે, મલિનતા ચોંટેલી છે એ તો સિંહ ઉપર બેઠેલા બધા મચ્છરા છે. મચ્છર. ભલે મચ્છર અસંખ્ય બેસી ગયા છે. એની ના નથી. કેમકે અનાદિનો સિંહ સૂતો છે. એટલે મચ્છર એટલા બધા બેસી ગયા છે કે જાણે મચ્છર જ મચ્છર દેખાય છે. સિંહનો કલેવર જ દેખાતું નથી. સમજી લ્યો એકવાર. એટલા બધા મચ્છર બેઠા છે. પણ એ અસંખ્ય મચ્છરની તાકાત ભેગી કરો તો સિંહની તાકાતના પ્રમાણમાં એની તાકાત કેટલી ? કાંઈ જ નહિ. એની સામે સરખામણી કરવાનો સવાલ જ ઊભો થતો નથી. કેમ ? કે સિંહ જેવો જાગૃત થઈને હલચલ કરવા માંડે છે કે અરે..! મારા ઉપર આટલું બધું શું આ ? થર કેમ જામ્યા છે ? મચ્છરના થર, અસંખ્ય મચ્છરોના થર લાગ્યા. ત્યાં સિંહનું કલેવર ન દેખાતું હોય. મચ્છર જ મચ્છર દેખાતા હોય. પણ એ ખાલી નિંદ્રામાંથી જાગૃત થઈને આમ સળવળાટ જેને કહે છે ત્યાં કેટલા ઊડી જાય એ કહેવું મુશ્કેલ છે.

મુમુક્ષુ :- આળસ મરડ્યા પહેલા જે ધ્રુજારી આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેટલા વયા જાય ? કે મોટા ભાગના વયા જાય. આવું સામર્થ્ય આટલું બધું આત્મામાં છે.

જે દિ' આત્મા જાગૃત થયો કે મારે મારું કલ્યાણ કરી જ લેવું છે. હવે આ મારું જે ધ્યાન ગયું કે મારે મારું કલ્યાણ કરવું જોઈએ અને એ વાત ચુકવી ન જોઈએ એટલું જે ધ્યાન ગયું ને (એમાં) ઘણું સાફસૂફી થઈ જાય છે. એને સ્વરૂપ પ્રાપ્તિનું લક્ષ કહીએ છીએ આપણે. બે વાત કરી હતી ને ? એક સ્વરૂપપ્રાપ્તિનું લક્ષ અને એક મૂળ સ્વરૂપનું લક્ષ. એમાં પહેલું સ્વરૂપ પ્રાપ્તિનું લક્ષ છે. એક લક્ષે તો સુગમતા થઈ જાય છે. પાત્રતામાં જીવ આવી જાય છે ને. એટલે માર્ગની સરળતા, સુગમતા થઈ જાય છે.

વિભાવ કાઢવા કઠણ છે એ વાત નહિ રહે એને માટે. જે ખરેખર તૈયાર થયો છે પોતાનું કલ્યાણ કરવા માટે, એને તો કલ્યાણ થવાનું જ છે. ન થવાનો પ્રશ્ન જ નથી. અંતરની ભાવના નિષ્ફળ જતી જ નથી. ચૌદ બ્રહ્માંડ ફરે તોપણ. એ વાત નક્કી જ છે. 'બહેનશ્રીએ' અનુભવગમ્ય વિષય લીધો છે. એટલે એ તો કાંઈ નથી પછી. જે અનાદિ દૃઢ થઈ ગયેલું છે, થર જામેલા છે એ નીકળવામાં પાત્રતામાં આવ્યા પછી છ જ મહિના છે. એટલે આ લક્ષ થયા પછી છ મહિના.. એ પણ Maximum, હોં ! છ મહિના લાગે જ એવું નથી. એવા વીર્યવંત જીવો છે, થયા છે અને હોય છે કે દિવસોમાં, કલાકોમાં કામ કરી લે છે. મહિના નથી લાગતા એને. એવા પણ છે. આ તો બહુ મંદ વીર્યવાળા જીવોની Limit બાંધી છે. તીવ્રતાવાળાની Limit આ નથી બાંધી. મંદ વીર્યવાળાની આ મર્યાદા બાંધી છે, છ મહિનાની. અને તે પણ અતીશય મંદવાળાની. સામાન્ય મંદવાળા હોય તો બે-ચાર મહિનામાં કામ કરી નાખે. અતિશય મંદ હોય એને છ મહિના લીધા છે. એવું કામ છે. આથી સુંદર સરળ, સુગમ માર્ગ બીજો ક્યો હોઈ શકે ? અનંત કાળ સુધી નુકસાન કર્યું. અને એ નુકસાનને Wipe off કરતાં અને નફો કરતા વાર નહિ. કેટલું સરળ અને સુગમ ગણાય !

**'સ્વરૂપના જ્ઞાન વિના પરની માન્યતા કરી સંસારી દુઃખી થયા. તે પરની માન્યતા કેવી રીતે મટે ? તે કહેવામાં આવે છે.'** એ માન્યતા

કેવી રીતે મટાડવી ? આ માન્યતા ઉપરથી વિષય લીધો. માન્યતા એટલે દર્શનમોહ છે આ. અને અનંત સંસારનું મૂળ કારણ દર્શનમોહ અથવા આ માન્યતા છે. પરની માન્યતા એટલે પરને સ્વપણે માનવું તે પરની માન્યતા. પરમાં સ્વરૂપની માન્યતા.

એ માન્યતા તોડવામાં '**ભેદજ્ઞાન વડે...**' ભેદજ્ઞાન એક જ ઉપાય છે. '**ભેદજ્ઞાન વડે પર અને નિજના અંશ અંશને ન્યારા ન્યારા જાણે.**' ભેદજ્ઞાન વડે એટલે બે વચ્ચે જુદાઈ છે એનું જ્ઞાન. માત્ર વાંચીને નહિ, વિચારીને નહિ પણ પ્રયોગાત્મકપણે આ ભેદજ્ઞાનનો પ્રકાર ચાલવો જોઈએ. અને એ ભેદજ્ઞાનનો પ્રકાર કોઈ પ્રયોગાત્મક જાણે ત્યારે આ એક પરિસ્થિતિ ઊભી થાય છે કે પરના અંશે અશને તપાસવામાં આવે છે. પોતાના અંશોને પણ તપાસવામાં આવે છે. અને એ તપાસતા માલૂમ પડે છે કે ખરેખર બે ચીજ જુદી જ છે, ન્યારી ન્યારી જ છે. એકમાં બીજાને કાંઈ લેવા દેવા નથી.

આપણે એ ચર્ચા ભેદજ્ઞાનના પ્રયોગની કરીએ છીએ ત્યારે પ્રાથમિક પ્રયોગ એ રીતે લઈએ છીએ કે જીવને પરમાં સ્વપણાની માન્યતાની ફળશ્રુતિ શું છે ? કે હરખ અને શોક. જે-તે પ્રસંગે જીવને હર્ષ થાય છે, હર્ષ વેદાય છે. એટલા માટે આ વાતને દૃષ્ટાંતમાં લેવામાં આવે છે કે એ એક સર્વસામાન્ય અનુભવ છે બધા જીવોનો, બધા મનુષ્યનો. એટલે એનું દૃષ્ટાંત સમજવા માટે લેવું પડે. અને પ્રયોગમાં પણ એ જ વાતને લેવી પડે. દૃષ્ટાંત સમજવામાં આવે એ જ વાતનો પ્રયોગ પછી કરવામાં આવે છે. તો હર્ષ અને શોક છે એ વેદનનો વિષય છે અને અનુભવનો વિષય છે. અને ભેદજ્ઞાન દ્વારા પણ અનુભવ જ કરવો છે. ભેદજ્ઞાન દ્વારા આત્માનો વિચાર નથી કરવો, પણ ભેદજ્ઞાનથી આત્માનો અનુભવ કરવો છે. એટલે જે સ્વાનુભવ કરવો છે એની કાર્યપદ્ધતિ પણ અનુભવપદ્ધતિ જ હોવી જોઈએ. તો જ એ અનુભવથી અનુભવનું કાર્ય થાય. અનુભવના કાર્ય માટે અનુભવનો પ્રયત્ન જ કામિયાબ છે, સફળ છે. અનુભવરૂપી કાર્ય માટે અનુભવ સિવાયની કાર્યની કોઈ પદ્ધતિ હોય (તો) બધું નિષ્ફળ જશે. એ એક સહેલાઈથી સમજી શકાય એવી વાત છે.

મુમુક્ષુ :- અનુભવના કાર્ય માટે અનુભવનો જ પ્રયત્ન...

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવનો જ પ્રયત્ન જોઈએ.

હવે અત્યારે અવળો ઊલટો અનુભવ થઈ રહ્યો છે કે કોઈ પ્રસંગ બનતા આ જીવને હર્ષ થાય છે, કોઈ પ્રસંગ બનતા આ જીવને શોક થાય છે, દુઃખ થાય છે. આ બંને અનુભવગોચર ભાવો છે.

મુમુક્ષુ :- પદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માનીને થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માનીને થાય છે અથવા તો જે પદાર્થમાં મારાપણું છે ત્યાં જ હરખ-શોક થાય છે. એવો જ પ્રસંગ કે જ્યાં મારાપણું નથી ત્યાં હરખ-શોક નથી થતો. બરાબર છે ? દુનિયાના પ્રસંગો તો બધાય દેખાય છે. પણ જેમાં પોતાપણું કર્યું છે ત્યાં જ હરખ થશે કે શોક થશે. એ સિવાય કોઈ જગ્યાએ નહિ (થાય). એવા પ્રસંગ અનેક જાણવા મળશે જ્ઞાનને. એટલે જ્ઞાન જાણે તેથી સુખ દુઃખ નથી પણ મમત્વપૂર્વક જાણે ત્યારે એને સુખ-દુઃખ છે. તો મમત્વમાં શું કર્યું ? કે જડ અને ચૈતન્ય પદાર્થને સેળભેળ કર્યા, મિશ્ર કર્યા. ત્યારે મમત્વ થયું છે. જો બેની એકતા ન કરવામાં આવી હોત તો તો જુદું રહી ગયું, તો મમત્વ નથી. તો જ્યાં મમત્વ નથી ત્યાં દુઃખ નથી. જેનું મમત્વ નથી એનું દુઃખ નથી, એનું સુખ પણ નથી. ખબર પડે કે ફલાણા તો બહુ સુખી થઈ ગયા. તો કહે, આપણે પણ શું લેવા દેવા ? કાંઈ નહિ. કોઈનું સુખ જોઈને કાંઈ પોતાને સુખ થતું નથી.

મુમુક્ષુ :- ઘણા પદાર્થ તો એવા હોય જેમાં આપણે કાંઈ ન હોય પણ ઈષ્ટ-અનિષ્ટ કરીએ. ઈષ્ટ-અનિષ્ટ કરીએ પણ એમાં કાંઈ આપણે લેવા-દેવા ન હોય એટલે હરખ-શોક નથી થતો.

પૂજ્ય ભાઈશ્રી :- હરખ શોક નહિ થાય. એટલે અનુભવગોચર વસ્તુ છે ને આ તો ? જ્યાં પોતાને હરખ-શોક થાય છે ત્યાં તપાસવાનું છે, ત્યાં અવલોકન કરવાનું છે કે જે પદાર્થથી તને હર્ષ થયો એ પદાર્થ આત્મામાં આવ્યો કે ન આવ્યો ? તો અત્યારે આત્મા એટલે બીજી કોઈ ખબર નથી કે આત્મા શું ચીજ છે ? પણ મારામાં આવ્યો કે ન આવ્યો ? અને મારામાં આવ્યો એટલે કે જ્ઞાનમાં આવ્યો કે ન આવ્યો ? પરપદાર્થ જ્ઞાનમાં આવી ગયો કોઈ ? જ્ઞાનને મળી ગયો ? જ્ઞાન અને પદાર્થને એકમેકપણું થઈ ગયું ? ભળી ગયા એકબીજામાં ? કે નહિ. જ્ઞાનમાં કાંઈ આવતું નથી.

જે કારણે શોક થયો, દુઃખ થયું તો તપાસી લે જ્ઞાનને કે મારામાંથી શું ગયું ? જ્ઞાન એટલે પોતે અહીંયાં. મારામાંથી શું ગયું છે ? જો આ તપાસણી ચાલુ રાખે તો અનેક પ્રસંગો એને અનુભવગોચર થાય છે, અનેક પ્રસંગોનો અનુભવ એને સ્પષ્ટ થાય છે કે ખરેખર મારામાં કાંઈ આવતું નથી અને હું હરખાઈ જાવ છું. મારામાંથી કાંઈ ઘટતું નથી, જાતું નથી, છૂટતું નથી અને હું દુઃખી થઈ જાઉં છું. નથી મળતું, નથી મારામાંથી કાંઈ જાતું, મને કાંઈ નવું મળતું નથી. મારામાં છે એ મારા જ્ઞાનમાંથી કાંઈ જાતું નથી. અને હરખ-શોક જે થાય છે. એવો એને પછી પાછળનો બધો કાળ સમજાય જાય છે. કે અનંત કાળમાં મને કાંઈ મળ્યું નથી અને ઘણા પ્રસંગે હું હરખાઈ ગયો છું. અનંત કાળમાં મારામાંથી કાંઈ ગયું નથી ને ઘણા પ્રસંગે હું દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખીના દાળિયા થઈ ગયો છું, હેરાન-હેરાન થઈ ગયો છું. પણ મારામાંથી કોઈ દિવસ કાંઈ ગયું જ નથી. હું તો અખંડ તત્ત્વ જ્ઞાનમય એમ ને એમ છું. એ વાત જ્યારે અવલોકનથી જણાય છે ત્યારે કોઈ અંશે, કોઈ અંશે પરનો કોઈ અંશ સ્વ અંશમાં આવતો નથી. સ્વનો જ્ઞાનનો કોઈ અંશ પરમાં ભળતો નથી કે જાતો નથી.

એમ અંશે અશંથી એટલે ક્યાંય પણ, એક અંશે પણ એકત્વ કરવાની, ભેળસેળ કરવાની વાત નથી રહેતી. પણ અવલોકનનો પ્રયોગ હોવો જોઈએ. વિચારથી તો આ વાત સમજાય એવી છે. પણ વિચારથી સમજાય અને અવલોકનથી સમજાય એમાં બહુ મોટો ફરક છે. વિચારથી સમજાય છે ત્યાં સુધી સમજવાની અનુભવ પદ્ધતિ નથી. અને પોતાના અનુભવને પકડીને અવલોકન કરાય છે ત્યારે અનુભવ પદ્ધતિથી સમજાય છે. અનુભવ પદ્ધતિથી સમજાય છે એ ભૂલાતી નથી. આપણે જે રોટલીનું દૃષ્ટાંત લઈએ છીએ કે રોજ હજાર વખત રોટલી બનાવતા જોઈએ પણ રોટલી બનાવતા ન આવડે. બનાવવાનો પ્રયત્ન કરીએ તો જ બનાવતા આવડે. પછી ભલે પાંચ વખત ન આવડે અને છઠ્ઠી વખત આવડે.

એ જેમ અનુભવસિદ્ધ કાર્ય થાય છે. જોવાથી એ સમજાય છે ખરું કે આવી રીતે રોટલી બને છે. સમજાય છે ખરું પણ આવડતું નથી. એ તો પોતે એની Practice કરે તો જ આવડે. એમ અવલોકન પદ્ધતિ છે

એ એક Practice નો વિષય છે કે જ્યારે જ્યારે પોતાને અનુભવ થાય ત્યારે અવલોકનમાં ઉતરી જાય. શેનું દુઃખ થયું ? શેનું સુખ થયું ? પોતાના અનુભવને તપાસવા લાગે. અને અનુભવથી જોવે કે આ ખોટું થાય છે. કાંઈ આવ્યું નથી, કાંઈ ગયું નથી. એ રીતે જો ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલુ રાખે તો પ્રથમ ભાવભાસન આવે છે પછી એના ફળ સ્વરૂપે અનુભવ થાય છે. સ્વરૂપનિર્ણયનું કારણ પણ ભેદજ્ઞાન છે અને ત્યાર પછીના ભેદજ્ઞાનના ફળસ્વરૂપે સ્વાનુભવ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રસંગે પ્રસંગે અને કાર્યે કાર્યે તપાસવું જોઈએ. અને ભૂલ પણ વારંવાર જ કરે છે ને. વારંવાર જ ભૂલ કરે છે ને ? પોતે પણ વારંવાર જ ભૂલ કરે છે. તો જ્યારે જ્યારે ભૂલ કરે ત્યારે ભૂલ ન થાય એની એને પોતાને કાર્યપદ્ધતિ ચાલુ કરવી જોઈએ. તો જ ભૂલ ટળે. નહિતર ભૂલ ન ટળે.

મુમુક્ષુ :- આ કરતાં કરતાં કરનાર પોતે છે એમ પાછું શુભભાવ એના પછી દૃઢ થતો જાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- વિચારપદ્ધતિથી એક આગળની કાર્યપદ્ધતિ આ છે. જે પ્રયોગપદ્ધતિ છે એ વિચાર પદ્ધતિથી આગળની કાર્યપદ્ધતિ છે. અને એ જ કાર્યસિદ્ધિનું કારણ છે. માત્ર વિચાર છે એમાં કાર્યસિદ્ધિ નથી. એટલે વિચારબળથી આગળ જઈને જ્ઞાનબળમાં આવવું પડે છે. સવારે બોલ આવ્યા ને જિજ્ઞાસાબળ, વિચારબળ, જ્ઞાનબળ, ધ્યાનબળ એ બધી જે વાતો (છે) એમાં વિચારબળમાંથી આગળ ચાલવામાં આ જ્ઞાનબળનો પ્રયોગ છે.

મુમુક્ષુ :- અવલોકન અને ભેદજ્ઞાન મેં ક્યા ફર્ક હૈ ? અવલોકન કે બાદ ભેદજ્ઞાન શુરુ હોતા હૈ ? અવલોકન મેં દેખના હોતા હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકનપૂર્વક હી ભેદજ્ઞાન હોતા હૈ. ઉસકે સિવા ભેદજ્ઞાન નહીં હોતા.

મુમુક્ષુ :- અવલોકન મતલબ દેખના હુઆ ઔર ભેદજ્ઞાન મતલબ ?

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકન કા વિષય શુરૂ-શુરૂ મેં બહુત રહતા હૈ. ફિર વહ ભેદજ્ઞાન પર આ જાતા હૈ, આગે જાકરકે.

મુમુક્ષુ :- અવલોકન મતબલ તો સિર્ફ દેખના હુઆ. અવલોકન કા

Stage હુઆ પહલે ઉસમેં દેખના હુઆ કિ ક્યા હો રહા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. શુરૂ મેં ભેદજ્ઞાન નહીં હોતા હૈ. શરૂ મેં અવલોકનકા અભ્યાસ હોતા હૈ, Observation ચલતા હૈ. વહ Observation ચલતા હૈ ઉસમેં કોઈ ઉદ્દેશ લેકરકે અવલોકન કરતા હૈ. અવલોકન જિસને ચાલુ કિયા ઉસકા કોઈ ઉદ્દેશ હૈ. તો ઉસ ઉદ્દેશ કા દૃષ્ટિકોણ હાથ મેં હૈ ઔર અવલોકન ચલતા હૈ તો વહ જીવ ભેદજ્ઞાન પર આતા હૈ. ઐસા હૈ.

મુમુક્ષુ :- અવલોકન તો ભેદજ્ઞાન પહેલાંની પ્રક્રિયા છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાનનું Starting ત્યાંથી થાય છે. નહિતર શું થાય ? કે ભેદજ્ઞાનનો વિચાર થાય પણ ભેદજ્ઞાનનો પ્રયોગ ન થાય.

આપણે 'ગુરુદેવ'ની કૃપાથી ભેદજ્ઞાનનો વિષય તો 'સમયસાર' આખો ભેદજ્ઞાનનો ગ્રંથ છે. એટલે 'સમયસાર' અનુસાર ભેદજ્ઞાનની ચર્ચા ચાલે છે, વાતો ચાલે છે પણ Theoratical રૂપથી ચાલે છે. ભેદજ્ઞાનના પ્રયોગની ચર્ચા નથી, આપણા મુમુક્ષુ સમાજમાં. 'સમયસાર' 'ગુરુદેવે' વારંવાર સંભળાવ્યું. 'સમયસાર'માં, આખા 'સમયસાર'માં બધા જ અધિકારમાં ભેદજ્ઞાનનો વિષય આચાર્ય મહારાજે લીધો છે. અને એમ કહીએ કે બધા અધિકારમાં, અધિકારના પારેપારો જુદો, એક પારામાં બીજો પારો નથી. પણ સળંગ સૂત્ર ભેદજ્ઞાન છે. આખા 'સમયસાર'નું સળંગ સૂત્ર લઈએ તો ભેદજ્ઞાન છે. એટલે બધા જ અધિકારમાં ભેદજ્ઞાનનો વિષય પોતે લીધો છે સારી રીતે. અને આચાર્ય મહારાજની પદ્ધતિ પ્રયોગાત્મક છે. પણ જીવ પોતાની યોગ્યતાની કચાશને લઈને અથવા યોગ્યતાની ક્ષતિને લઈને એ વિષયને વિચાર અને વિકલ્પમાં સિમિત કરી નાખ્યો છે. કેમકે પ્રયોગ પણ વિચાર દ્વારા સમજવો પડે છે પહેલા. પછી એ પ્રયોગનો પ્રારંભ થાય છે. પણ એ પ્રયોગનો પ્રારંભ અયોગ્યતાને લઈને જીવ નથી કરતો. એટલી યોગ્યતા નથી, પાત્રતા નથી. એટલે શું કરે છે કે એ વિષય વિચારમાં સિમિત થઈ જાય છે. ભેદજ્ઞાનનો વિષય જે પ્રયોગનો છે, ખરેખર તો જે પ્રયોગનો વિષય છે, એને સમજતી વખતે એ સમજણના પાંજરામાં જ પૂરી દીધો. અને પ્રયોગ સુધી ન આવ્યો તો એ વિચારની સફળતા નહિ થાય. એ વિચાર નિષ્ફળ જશે.

કેમકે જેમ મીઠાઈ છે એ ખાવાની ચીજ છે. એ સુંઘવાની કે જોવાની ચીજ નથી. અને માણસ સુંઘ્યા કરે અને જોયા કરે તો કાંઈ પેટ ભરાય નહિ, ખાય તો જ પેટ ભરાય. એમ ભેદજ્ઞાનનો વિષય પ્રયોગ કરવાનો છે, એના વખાણ કર્યા કરો, એની ચર્ચા કર્યા કરો, એનો વિચાર કર્યા કરો પણ જો પ્રયોગ ન કરવામાં આવે તો શું એનો અર્થ છે ? કે મીઠાઈ બહુ સારી, મીઠાઈ બહુ સારી એના જેવી વાત થઈ ગઈ.

મુમુક્ષુ :- મીઠાઈ લેવા જાય ત્યારે બધો વિચાર કરે પણ ખાવા બેસે ત્યારે એવો વિચાર તો તો કાંઈ અર્થ જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એ અનુભવનો વિષય છે.

પહેલા આત્માને સમજતી વખતે તો બધા પડખેથી એના વિચારથી સમજી લે પણ અનુભવકાળે તો અભેદ અનુભવ કરવાનો છે. એનો કોઈ વિચાર નથી.

અહીંયાં Paragraph માં જે એક વચન આવ્યું કે '**ભેદજ્ઞાન વડે પર અને નિજના અંશ અંશને ન્યારા ન્યારા જાણે.**' પણ કેવી રીતે ? આ પ્રશ્ન છે. સમજવામાં વાત સાદી છે કે જડના અંશને ચૈતન્યમાં ભેળવવાના નથી. ચૈતન્યના અંશને જડમાં ભેળવવાના નથી. રાગના અંશને જ્ઞાનમાં ભેળવવાનો નથી, જ્ઞાનના અંશને રાગમાં ભેળવવાનો નથી. પણ પ્રયોગાત્મક રીતે. જાણે એનો અર્થ આ છે. જાણે એટલે વિચારીને જાણે, સમજમાં જાણે એટલી મર્યાદામાં આ વાત નથી. જ્યારે ભેદજ્ઞાનનું જ પ્રકરણ છે ત્યારે એટલી મર્યાદામાં આ વાત નથી. પણ પ્રયોગથી અનુભવ કરીને જણાય તો એનું જાણ્યું બરાબર છે.

'કૃપાળદેવ'ના એક પત્રમાં આવે છે કે અનુભવ જ્ઞાનને જ જ્ઞાન કહ્યું છે. યાદ નથી, પત્ર યાદ નથી. એક પત્રમાં આવે છે. અનુભવ જ્ઞાનને જ જ્ઞાન કહ્યું છે. એટલે જે Infromation મળે છે એને જ્ઞાન નથી કહેતા કે આ જાણવા મળ્યું એને જ્ઞાન નથી કહેતા. આમ ભેદજ્ઞાન થાય એમ જાણવા મળ્યું એને જ્ઞાન નથી કહેતા. અનુભવ જ્ઞાનને જ જ્ઞાન કહે છે. અહીંયાં 'દીપચંદજી' એને એમ કહેશે કે સમજણનું અમલીકરણ કરવું તેનું નામ જ્ઞાન છે. પોતે એવો શબ્દ વાપરે છે. મૌલિક ભાષા છે ને એમની. અમલીકરણ લીધું.

મુમુક્ષુ :- સમજણને પ્રયોગમાં મૂકવી.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે સમજણને લાગુ કરવી એમ કહો, પ્રયોગમાં મૂકવી કહો, સમજણનો અમલ કરવો એમ કહો. પોતે એક જગ્યાએ એવો શબ્દ વાપરે છે. આગળ આવશે.

'**હું ઉપયોગી,...**' એટલે ઉપયોગસ્વરૂપી. ઉપયોગીનો અર્થ છે ઉપયોગસ્વરૂપી. હું જ્ઞાનસ્વરૂપી કહો કે ઉપયોગસ્વરૂપી કહો. '**મારું ઉપયોગિત્વ ગ્રંથો ગાય છે.**' સદ્‌ગ્રંથોમાં જે આત્માના ગુણ ગાયા છે, આત્માની મહિમા ગાઈ છે એ મારું ઉપયોગિત્વ છે એ ગ્રંથો ગાય છે. એ મારું જ ગીત છે. 'ગુરુદેવ' તો બહુ કહેતા કે ભાઈ ! સર્વજ્ઞ ભગવાને દિવ્યધ્વનિમાં તારા જ ગીત ગાયા છે. એટલે તારી જ મહિમા કરી છે. માણસ બહુ મહિમા કરે ત્યારે ગીત ગાય ને ? સર્વજ્ઞ ભગવાને દિવ્યધ્વનિમાં આત્માના એટલે તારા જ ગીત ગાયા છે. બીજા કોઈના ગીત નથી ગાયા એવો તું મહિમાવંત પદાર્થ છો. ગ્રંથો પણ તારું ઉપયોગિત્વ ગાય છે.

'**હું દેખું જાણું છું.**' એટલે કે હું દેખું-જાણું છું એ એક મારો ઉપયોગનો વ્યાપાર છે. '**આ નિશ્ચય...**' '(**હું દેખનાર-જાણનાર છું, જ્ઞાતા-દૃષ્ટા છું.**)' દેખું-જાણું છુંનો એવો સાદો અર્થ કર્યો છે. એટલે કે હું દેખું-જાણું છું એ સિવાય બીજું કાંઈ કરતો નથી, કરી શકતો પણ નથી. બસ. આમાં લીધું છે. 'ગાંધીજી'ના પ્રશ્નો છે ને ? એમાં બહુ સરસ વાત લીધી છે. ૨૭ વર્ષમાં જે 'ગાંધીજી'ના પ્રશ્નનો ઉત્તર આપ્યો છે, પહેલા જ પ્રશ્નનો જે ઉત્તર આપ્યો છે. આત્મા શું કરે છે ? આ પ્રશ્નનો ઉત્તર છે. '**આત્મા શું છે ? તે કંઈ કરે છે ?**' બે પ્રશ્ન છે. આમ તો ત્રણ પ્રશ્ન પૂછે છે આત્માને કર્મ નડે છે કે નહિ ?

મુમુક્ષુ :- ૫૧૭ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ૫૩૦ પત્રાંક છે, પાનું-૪૨૪ છે. ૪૨૫ પાના ઉપર ઉત્તર છે. પ્રશ્ન ૪૨૪ પાના ઉપર છે. 'ડરબન'થી લખેલા કાગળનો જવાબ છે. 'ડરબન' કાગળ લખ્યો છે પોતે. હવે બગડો કર્યો છે ને આ બાજુ એમાં એનો ઉત્તર છે. એમાં છેલ્લી દોઢ લીટીમાં મુદ્દો છે, આપણે જે ચર્ચા કરીએ છીએ એ.

'**વાસ્તવ્ય વિચાર કર્યેથી...**' એટલે પદાર્થના સ્વરૂપનો વાસ્તવિક વિચાર કરવાથી એમ ખરેખર સમજાય છે કે '**આત્મા ઘટપટાદિનો**

**તથા ક્રોધાદિનો કર્તા થઈ શકતો નથી,...**' છેલ્લી દોઢ લીટી. '**આત્મા ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્તા થઈ શકતો નથી,...**' હવે ઘટપટાદિનો કર્તા થઈ શકતો નથી એ વાત ખ્યાલમાં આવે છે. પણ ક્રોધાદિનો કર્તા નથી થઈ શકતો ? આત્મા ક્રોધ તો કરે છે. 'દીપચંદજી' કહે છે કે આત્મા તો દેખે-જાણે છે. આત્માનું કાર્ય દેખવું-જાણવું છે. ક્રોધ કરવો એ આત્માનું કાર્ય નથી. કેમકે આત્માને અહીંયાં સ્વભાવરૂપ આત્મા લેવો છે. જો સ્વભાવે કરીને આત્મા ક્રોધ કરી શકતો હોય તો એ ક્રોધને મટાડી ન શકાય. એનું સ્વભાવિક કાર્ય થઈ ગયું. માટે વાસ્તવિક વિચાર જો આત્માનો કરવામાં આવે તો.

'ગાંધીજી'ને કેટલી સૂક્ષ્મ વાતો લખી છે ! 'ગાંધીજી' કેટલું સમજ્યા હશે એ બીજી વાત છે. પણ પોતે કેટલી વાત મૂકી દીધી છે, એક લીટીમાં પણ ! કે '**વાસ્તવ્ય વિચાર કર્યેથી આત્મા ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્તા થઈ શકતો નથી, માત્ર નિજસ્વરૂપ એવા જ્ઞાનપરિણામનો જ કર્તા છે, એમ સ્પષ્ટ સમજાય છે.**' આત્મા તો દેખે-જાણે છે. આ કીધું ને. હું તો દેખું-જાણું છું.

એમાં શું છે કે ક્યાં સુધી જીવ ક્રોધાદિનો કર્તા છે ? કે જ્યાં સુધી ક્રોધાદિ વિભાવમાં હુંપણું સ્થાપ્યું છે ત્યાં સુધી કર્તા છે. જ્યારે જ્ઞાનમાં હુંપણું સ્થાપ્યું ત્યારે ક્રોધાદિ થતાં માલુમ પડે છે પણ હું કરું છું એમ કર્તાપણું થતું માલુમ પડતું નથી. આ એક પરિસ્થિતિ બદલાઈ જાય છે. રાગ મટતા નથી. રાગ અને ક્રોધ જ્ઞાનદશામાં પણ હોય છે. જ્ઞાનીને પણ પ્રશસ્ત-અપ્રશસ્ત આદિ રાગાદિ ભાવ થાય છે, ચારિત્રમોહ છે એટલો, રાગ-દ્વેષ બધું થાય છે પણ કર્તાભાવે થતા નથી. અને હું કરું છું એવું ભાસ્યમાન પણ થતું નથી. અસ્તિત્વ ખસી ગયું ને ? હુંપણું ખસી ગયું એમાંથી.

નનિર્જરા અધિકાર'માં 'રાજમલજી'એ બહુ સરસ લીધું છે. 'કળશટીકા'ની અંદર. 'સમયસાર કળશટીકા'માં. જ્ઞાની કોને કહીએ ? કે જેણે પોતાના થતાં વિભાવમાંથી અસ્તિત્વ ખસેડી લીધું છે તેને જ્ઞાની કહીએ છીએ. પહેલા થતું હતું. હવે જેણે એ વાત ખસેડી દીધી છે કે નહિ, હું ત્યાં નથી. હું જ્ઞાનમાં છું. એનું નામ જ્ઞાની છે. અને એ જ્ઞાની આત્માનો વાસ્તવ્ય વિચાર કરે છે ત્યારે એમ સમજાય છે કે ખરેખર

આત્મા સ્વભાવે કરીને ક્રોધાદિ કરી શકતો જ નથી. જેમ ઘટપટાદિ કરી શકતો નથી તેમ. જેમ ઘટપટ કરવામાં એટલે પરપદાર્થના, પુદ્ગલ પદાર્થના કાર્યો કરવાનો આત્માનો અધિકાર નથી, એમ જ વિભાવ કરવાનો આત્માનો અધિકાર નથી. જે વિભાવ કરે છે તે પોતાના અધિકાર બહાર જઈને કરે છે. અનઅધિકૃતપણે કરે છે.

મુમુક્ષુ :- એની સજા ભોગવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એની સજા સંસાર છે. એની સજા જન્મ-મરણ ને પરિભ્રમણ છે. કેમકે એ Limit બહાર જઈને, અધિકાર બહાર જઈને કામ કર્યું છે.

મુમુક્ષુ :- અધિકાર કરતો નથી પછી નાશ કરવાનો...

પૂજ્ય ભાઈશ્રી :- એ પછી જ્યાં કર્તાપણું ગયું ને ? ત્યાં નાશ કરવાપણું પછી નથી. પછી એ જોવે છે કે આ વિભાવ તો સ્વયં ટળતો ઝળતો સ્વયં નાશ થઈ રહ્યો છે. મારે કરવાનો ક્યાં પ્રશ્ન છે ?

એક બહુત સૂક્ષ્મ ચર્ચા ચલી થી, બાબુજી કે પાસ. અભી ઈસકા સ્મરણ હુઆ. ઐસે તો ધારાવાહી ચર્ચા ચલતી થી. ઉસમેં ઐસે બોલતે થે કિ યહ જો વિભાવ હૈ વહ તો હમકો પ્રત્યક્ષ તૌર સે ઉસકો જર્જરિત હોતા હુઆ, જાતા તો હૈ, કોઈ વિભાવ ટિકતા તો નહીં હૈ, હર વિભાવ ચલા જાતા હૈ, મિટ જાતા હૈ. તો ઐસે મિટ જાતા નહીં હૈ. હમકો યહ દિખતા હૈ કિ વહ જર્જરિત હોતા હુઆ, નિર્બલ શબ્દ કી જગહ યહ લિયા કિ જૈસે યહ કપડા જર્જરિત હો ગયા તો ફિર કિતના ભી ઉસકો ટિકાને કા સાધન કરો, ઉસકી અવસ્થા હી જર્જરિત હો ગઈ, ફિર વહ ટિકનેવાલી ચીજ નહીં હૈ. વૈસે વહ પ્રત્યક્ષ તૌર-સે જર્જરિત હોતા હુઆ આતા હૈ, જર્જરિત હોતા હુઆ ચલા જાતા હૈ, વહ પ્રત્યક્ષ તૌર-સે હમકો દિખતા હૈ. બસ. બાત ખતમ. ઉસકા નાશ ક્યા કરે ? જે જર્જરિત થઈ ગયું એનો શું નાશ કરવો ? એમ કહે છે.

મુમુક્ષુ :- જર્જરિત સ્વરૂપમાં જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સ્વયં મરવા આવ્યો છે એ મરવાનો જ છે. એ ક્યાં હવે જીવવાનો હતો. યે બહુત સૂક્ષ્મતા સે યહ બાત ચલી થી. બહુત સૂક્ષ્મતા સે.

જૈસે તીવ્ર કષાય કી વહ બાત નહીં થી. મતલબ જો ભી વિકલ્પ

ઊઠતા હૈ. જો ભી મંદ કષાયરૂપ સૂક્ષ્મ વિકલ્પ ભી ઊઠતા હૈ, લેકિન નાશ પામતા હૈ ઉતની બાત નહીં, વહ જર્જરિત હોતા હુઆ જાતા હૈ, મિટતા હૈ. ઉસકા અભાવ જરૂર હોતા હૈ લેકિન વહ જર્જરિત હોતા હુઆ દિખને મેં આતા હૈ. ઐસી બાત હૈ. જૈસે કોઈ ચીજ સામને દિખને મેં આવે ન ? વૈસે વહ બાત લેતે થે.

મુમુક્ષુ :- આવા જે ટુકડા યાદ આવે એની જો નોંધ બની જાય...

પૂજ્ય ભાઈશ્રી :- આ તો હવે એમ વિચાર આવે છે કે Second edition માં લેવું કે કેમ ? કોઈ કોઈ વાત યાદ આવે.

મુમુક્ષુ :- અને આ પ્રસંગે જ યાદ આવી જાય

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ વાત નીકળે ત્યારે.

મુમુક્ષુ :- .. કારણ કે જાય છે, નાશ પામે છે અને જર્જરિત થઈને નાશ પામે છે એમાં ઘણો ..

પૂજ્ય ભાઈશ્રી :- જર્જરિત હોતા હુઆ નાશ પામે છે.

મુમુક્ષુ :- પુનરાગમન નહીં હો સકતા. Support નહીં મિલતા હૈ, આતા Power સે હૈ, Support નહીં મિલતા તો એકદમ જૈસે Weekend હોકર જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. Weekend રહતા .. હૈ.

મુમુક્ષુ :- ઉસકા વાપસ Come back નહીં હો સકતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. યહ બહુત અચ્છા ...

મુમુક્ષુ :- નાશ થાય છે, પણ જર્જરિત થઈને નાશ થાય છે એની પાછળનો જે Tone છે એ આખો જુદો છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સરસ છે. પ્રત્યક્ષ તૌર-સે.

મુમુક્ષુ :- ઔર દિખતા હૈ વહ ભી પ્રત્યક્ષ તૌર-સે દિખતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખુદ તો એક દેખનેવાલા રહ જાતા હૈ. પૈદા રાગ હોતા હૈ વહ સ્વયં હોતા હૈ, ઔર જર્જરિત ભી સ્વયં હો જાતા હૈ તો નાશ ભી સ્વયં હો જાતા હૈ. હમ તો દેખતે હૈં ઉસકો. દેખો ક્યા ઈસકી હાલત હુઈ. ખુદ તો અલગ રહ ગયા, ભિન્ન રહ ગયા. ...

એવી રીતે ભેદજ્ઞાનમાં એ વાત લીધી છે કે '**હું દેખું જાણું છું.**' હું તો માત્ર દેખું જાણું છું. બીજું કાંઈ કરતો નથી. '**(હું દેખનાર-જાણનાર છું, જ્ઞાતા-દ્રષ્ટા છું.) આ નિશ્ચય બરાબર (યથાર્થ) કરતાં...**'

એમ. પોતાના જ્ઞાતા-દ્રષ્ટાપણાની દૃઢતા થતાં '**આનંદ વધે.**' આત્માનો જે આનંદ છે એ ઉભરાઈને બહાર આવે છે. આનંદના અનુભવ માટે આનંદનો વિકલ્પ નથી જ્ઞાનીને. પોતે પોતાના જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપમાં ઉદ્યમવંત છે, પુરુષાર્થવંત છે અને આનંદ ઉપરનું લક્ષ નથી, વિકલ્પ નથી, ઉભરાઈને બહાર આવે છે. સ્વયં જ ઉભરાઈને બહાર આવે છે. આનંદ વધે છે.

હવે બરાબર જ્ઞાન થાય છે ત્યારે '**પર પરિણતિને (મેં) મારી કરી છે.**' એટલે વિભાવની જે ધારા ચાલે છે એક પછી એક, એ બધી પરપરિણતિ છે. એને મેં મારી કરી છે એટલે એમાં મારું અસ્તિત્વ મેં સ્થાપ્યું છે-હુંપણું કર્યું છે. '**(તે હું) ન કરું તો (એવી) માન્યતા ન થાય.**' તો ભૂલભરેલી માન્યતા ન થાય, મિથ્યા માન્યતા ન થાય. '**મેં મારી પરમાં માન્યતા કરી,...**' અત્યાર સુધી મેં શું કર્યું ? કે મેં મારી પરમાં મારાપણાની માન્યતા કરી. અને '**હવે હું નિજમાં (નિજરૂપ) માનું...**' હવે હું મારામાં જ મારું સ્વરૂપ માનું '**તો માનતાવેંત જ મુક્તિની સાથે મારી સગાઈ થઈ.**' જ્યાં મેં મારું મારામાં મારાપણું કર્યું તો મોક્ષ Secure થઈ ગયો એમ કહેવું છે. જેમ સગાઈ થઈ એટલે હવે લગ્ન ત્યાં જ કરવાના એમ નક્કી થઈ ગયું. એમ મોક્ષ તો પ્રાપ્ત થવાનો જ. એટલે સમ્યગ્દર્શનમાં સાચી માન્યતા થતાં મોક્ષની પ્રતીતિ આવી જાય છે, વિશ્વાસ આવી જાય છે. મોક્ષ થશે કે કેમ એ પ્રશ્ન નથી. નિયમથી મારો મોક્ષ થવાનો છે. અલ્પ કાળમાં મારો મોક્ષ થવાનો છે. એ વિશ્વાસ આવી જાય છે.

'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં એક પત્રમાં આવે છે કે પહેલા એમ વિચાર આવતો હતો કે ઓહો..! મોક્ષ તો બહુ મોટી વાત છે. ભારી ભારી લગતા થા. લેકિન મોક્ષ ઈતના સુગમ હૈ, ઐસા લગા વહ તો હે 'ગુરુદેવ'! આપકી હી કૃપા હૈ. એમ કરીને 'ગુરુદેવ' ઉપર લઈ ગયા છે પછી વાતને. સહજમાત્રમાં મોક્ષ થાય છે જીવને. આમાં કોઈ માટી વાત નથી. એ તો 'ગુરુદેવ' તમારી કૃપાથી આ વાત બરાબર પરિણમનમાં આવી ગઈ, અનુભવમાં એ વાત આવી ગઈ.

'**હવે હું નિજમાં (નિજરૂપ) માનું તો માનતાવેંત જ મુક્તિની સાથે મારી સગાઈ થઈ. અવશ્ય વર થઈશ.**' એટલે મુક્તિ મને મળશે

જ. '**કર્મના ભરમનો (કર્મભાવમાં હું પણાનો ભ્રમ) વિનાશ થતાં...**' ભરમ એટલે ભ્રમ. અહીંયાં ભરમનો અર્થ ભ્રમ લેવો. કર્મનો ભ્રમ એટલે કર્મભાવમાં હુંપણાનો ભ્રમ. કર્મપ્રસંગમાં મારો પ્રસંગ છે, મારો ઉદય છે, આ મારો આકરો ઉદય છે, આ મારો સારો ઉદય છે, એ બધા ભ્રમ છે.

મુમુક્ષુ :- એટલે ઉદયમાં મારાપણું ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉદયમાં મારાપણું એ કર્મનો ભ્રમ છે.

'**કર્મના ભરમનો વિનાશ થતાં નિજ સુખ થાય છે.**' કર્મના ભ્રમનો વિનાશ થતાં નિજ સુખ થાય છે. ભ્રમ છૂટતાં જ નિરાકુળતા થઈ જાય છે. આકુળતા જેટલી છે એ બધી ભ્રમણાને લઈને છે. બાકી જેવો ભ્રમ ભાંગ્યો કે મારે કર્મપ્રસંગ સાથે લેવા કે દેવા કાંઈ નથી. ન લાભ છે, ન નુકસાન છે, કાંઈ લેવા દેવા છે, કોઈ સંબંધ છે, કાંઈ નથી ને. સોએ સો ટકા હું ભિન્ન છું, જુદો છું. એમ જ્યાં ભ્રમનો નાશ થયો ત્યારે નિજ સુખ થાય છે. '**એ નિજ સુખ કેવી રીતે થાય તે કહેવામાં આવે છે.**' પાછા ફેરવીને વાત લ્યે છે. દરેક વાતની ચર્ચા કરી એને વળી કેવી રીતે થાય એમ કરીને એ વિષય પાછો ઉપાડે છે.

'**મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે.**' જુઓ ! પહેલા એમ લીધું હતું કે ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુ છે. તો જ્ઞાનરૂપ વસ્તુમાં તો અનંત સુખ પણ છે. અનંત આનંદ પણ છે. તો મારું અનંત સુખ પણ મારા ઉપયોગમાં છે. ક્યારે ? કે ઉપયોગ યથાસ્થાનરૂપ કરવામાં આવે ત્યારે. જો ઉપયોગ અસ્થાને લઈ જવામાં આવે છે, જ્યાં ઉપયોગનું ઘર નથી, જ્યાં ઉપયોગનું સ્થાન નથી, ત્યાં જો ઉપયોગને લઈ જવામાં આવે છે તો દુઃખ થાય છે. જો અસ્થાને લઈ જતાં ઉપયોગથી દુઃખ થાય તો સ્વસ્થાને ઉપયોગને લઈ જવામાં આવે તો સુખ થાય. એ તો આપઆપ સિદ્ધ થાય એવી વાત છે. એટલે એમ કહ્યું કે ઉપયોગમાં સુખ છે. મારું અનંત સુખ મારા ઉપયોગમાં છે. બહુ શૈલી સુંદર છે. એમની જે શૈલી છે 'અનુભવપ્રકાશ'ની ગજબ કરી છે એમણે !

'**મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે. તે મારો ઉપયોગ તો સદા હું ધરું છું.**' અને એવો ઉપયોગ તો હું ધારણ કરું છું. મારે ઉપયોગને કાંઈ લેવા જવાનો નથી કોઈ દુકાને. કે ભાઈ ! મને ઉપયોગ આપ. મારે ઉપયોગ જોઈએ છે. ઉપયોગને તો હું સદાય ધરું છું. કોઈ લાવવાની

ચીજ નથી, ન મળવાની ચીજ નથી. ઉપયોગને હું ધારણ કરી રહ્યો છું. મારું અનંત સુખ એમાં છે.

**'મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે.'** આ તો ઉપયોગમાં ઊંડા ઉતરી જવા જેવા એક એક વચન એવા છે. જો મારા ઉપયોગમાં મારું સુખ હોય તો ઉપયોગ તો હું ધારણ કરું છું. મારે તો મારા ઉપયોગને ક્યાં લેવા જાવો છે ? મારું અનંત સુખ જ મારા ઉપયોગમાં છે. વાત એટલી છે કે એ ઉપયોગમાં હું ઊંડો ઉતરતો નથી. એટલે મારું સુખ મને મળતું નથી. બાકી અનંત સુખ ત્યાંથી જ પત્તો ખાય છે.

મુમુક્ષુ :- પર તરફ જઈ રહેલા ઉપયોગમાં..

પૂજ્ય ભાઈશ્રી :- એ છે અથવા ઉપયોગને ઉપયોગમાં લઈ જાય. ઉપયોગને બીજે લઈ જાય છે એના બદલે ઉપયોગને ઉપયોગમાં જ લઈ જાય તો સુખ ઊપજે છે, આનંદ ઊપજે છે, શાંતિ ઊપજે છે. અને એવી આત્મિક શાંતિ આગળ મનની શાંતિ તો દુઃખ છે. Comparatively જોવામાં આવે તો મનની શાંતિ તો એની પાસે દુઃખ છે ખરેખર. સુખ નથી.

'**હું ઉપયોગને ભૂલી...**' આવા અનંત સુખના સ્થાનરૂપ, અનંત સુખના ઘર જેવો જે ઉપયોગ છે એને હું ભૂલી '**અનુપયોગમાં...**' એટલે જડમાં, જેમાં જ્ઞાન નથી. રાગ અને પુદ્‌ગલ બંનેમાં ઉપયોગ નથી. રાગમાં પણ જ્ઞાનનો ઉપયોગ નથી અને જડમાં પણ નથી, અન એટલે અનુપયોગમાં. એમાં બેય લઈ લીધા. '**અનુપયોગમાં અનાદિથી રત થઈ...**' એમાં રત થઈ ગયો, અનુરાગી થઈ ગયો. રત થઈ થઈને '**સુખસ્થાનક...**' સુખનું સ્થાન. સુખનું ઘર એવા '**ચેતનાને-ઉપયોગને ભૂલ્યો, (તેથી) સુખ ક્યાંથી થાય** ?' પછી સુખ ક્યાંથી થાય ?

મુમુક્ષુ :- હું ઉપયોગને ભૂલીને, હું ચેતનને ભૂલી અનુપયોગ એટલે જડમાં...

પૂજ્ય ભાઈશ્રી :- અને રાગમાં રક્ત થઈ ગયો.

આ એક એક ટૂકડા એવા છે (કે) ઊંડો ઉતરે માણસ તો કલાકો નીકળી જાય એવો વિષય છે. મારું અનંત સુખ મારા ઉપયોગમાં છે, શું કહે છે આ ? ઉપયોગ તો નિરંતર વર્તી રહ્યો છે. એવું નથી કે એક સમય ઉપયોગ વગર ખાલી જાય છે. અને અનંત સુખ એમાં ભર્યું છે !

ત્યાં જ અનંત સુખ છે ? છે શું આ ? કહે છે શું ? કેવી રીતે ઉપયોગમાં સુખ છે આ ? એકલું જ્ઞાન, માત્ર જ્ઞાન લ્યો તો તો સુખસ્વરૂપ જ છે. એ તો આપણે એમ કહીએ કે દિવાસળીમાં અગ્નિ છે. કેવડી અગ્નિ છે ? કેટલી છે અગ્નિ ? ....

સત્‌પુરુષ પ્રત્યેની (૧) 'અનન્ય આશ્રય ભક્તિ'નું રહસ્ય એ છે, કે તેનાથી તેઓશ્રીના આત્મહિતકારી વચનોનું યથાર્થ ગ્રહણ થવાની (૨) યોગ્યતાની પ્રાપ્તિ થાય છે. અથવા જે મોક્ષાર્થી જીવ છે તેને સત્‌પુરુષના આત્મ-કલ્યાણી વચનોનું યથાર્થ ગ્રહણ થાય છે, તેને પ્રતીતિ સહિત સત્‌પુરુષની 'અનન્ય આશ્રય ભક્તિ' ઉત્પન્ન થાય છે, જે દર્શનમોહના અનુભાગને વિશેષ પ્રમાણમાં ઘટાડવામાં, અને વચનબોધને પરિણામ પામવાને માટે ઉત્કૃષ્ટ કારણરૂપ થાય છે, પરદ્રવ્ય, પરભાવમાં અહંપણારૂપ અનાદિ મહાદોષ છેદવા, મૂળથી મટાડવા સમ્યક્ જ્ઞાનદશા જોઈએ, પરંતુ તે ઉત્પન્ન થવા અર્થે તે દોષ મોળા પડે છે અને તેવું મોળાપણું થવામાં ઉપરના બે કારણો મુખ્ય આધારભૂત જાણી, તેનું લક્ષ રાખી, તેની નિરંતર મુખ્યતા રાખી, પરિણતિ થવી / કરવી ઘટે.

એ વાત લક્ષમાં રાખવી ઘટે છે કે ઉદયભાવોમાં નીરસતા આત્મહિતની જાગૃતિપૂર્વક કેળવ્યા વિના, સત્‌પુરુષના વચનનું ગ્રહણ થવારૂપ વિચારદશા અથવા સમજણની યથાર્થતા પ્રાપ્ત થતી નથી. વૈરાગ્ય, ઉપશમ, ઈન્દ્રિયનિગ્રહ, અનાસક્તિ, વગેરે યથાર્થ નીરસતા / ઉદાસીનતાના પર્યાયો છે.

(અનુભવસંજીવની - ૧૦૭૮)

## તા. ૧૬-૬-૧૯૯૦, પાના નં. ૬-૭, પ્રવચન નં. ૧૬૫

... નિરાકુળતા છે. માત્ર જ્ઞાન આકુળતા રહિત છે. એ આકુળતા રહિત છે એટલે કેટલું છે ? અનંત સુખ ભરેલું છે. ત્યાં ને ત્યાં જ છે. ત્યાં જ છે એ. બીજે ક્યાંય જવાની જરૂર નથી. ત્યાં જ અનંત સુખ ભરેલું છે. ખરી સુખની ખોજ લાગી હોય ને ? આત્માનું સુખ, ખરું સુખ વગર તો ક્યાંય ચેન પડવાનું નથી. કૃત્રિમ સુખ તો ટકતું નથી. કેમકે આખરમાં એ દુઃખ છે બિચારું. સુખ જ નથી આમ તો. એટલે એ વસ્તુ ટકતી નથી. જે ખરેખર સાચા સુખનો ખોજી છે એને ઉપયોગમાં સુખ છે એમ ખબર પડે ને તો પાછળ પડી જાય. એવું છે. ખોજ હોવી જોઈએ. વાત એવી છે. કોઈ તાંત્રિક આવીને એમ કહે, મંત્ર-તંત્ર જાણતો હોય, કે તમારા ઘરમાં દાખલ થયા પછી પાંચમા નંબરની લાદી કાઢી નાખો અને એકાદ ફૂટ નીચે જાવ ખોદીને. જુઓ ! કેટલું નિધાન ભર્યું છે. એમ જો કહે કે એટલું નિધાન ભર્યું છે કે આખી દુનિયા ખરીદવી હોય તો તમે ખરીદી શકો. એક-બે Building કે માળા નહિ. 'મુંબઈ' એકાદું શહેર નહિ. આખી દુનિયા ખરીદવી હોય તો ખરીદી શકો એટલું નિધાન અંદરથી નીકળે એમ છે. પછી દુનિયામાં તમારા જેવો કોઈ શ્રીમંત નથી. પછી બીજા વિકલ્પ આવે ખરા ? બીજા ક્યા વિકલ્પ આવે એ તો કહો. આ તો પહેલા નંબરની લાદી છે. પાંચમાં નંબરની લાદી નથી. ગણવી પણ ન પડે. ઉપયોગમાં જ સુખ છે, અનંત સુખ ઉપયોગમાં છે.

મુમુક્ષુ :- જ્ઞાનીઓએ અપાર કરુણા કરી હતી. આ જીવ અનાદિકાળથી અજ્ઞાની જ રહ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઊંધો ચાલ્યો છે. ઊંધો જ ચાલ્યો છે. બાકી તો આટલું બધું હથેળીમાં ચાંદો આપી દીધો છે. ઉપરથી તોડીને આકાશમાંથી. લે આ તારા હાથમાં. એ તો અમૃત ભર્યું છે. મૂકે છે ને ? ચાંદનીના પ્રકાશની સુધા અમૃત કહેવામાં આવે છે. ઠંડુ તેજ છે એટલે. એવું છે. આ ગ્રંથ બહુ સુંદર છે. એ રીતે આ ગ્રંથ જુઓને તો...

'**હું ઉપયોગને ભૂલી...**' એટલે અનંત સુખનું સ્થાનક છે એવા

ઉપયોગને ભૂલીને '**અનુપયોગમાં...**' એટલે જેમાં ઉપયોગ જ નથી, જ્ઞાન જ નથી, સુખ જ નથી એવા જડ ભાવમાં અને જડ દ્રવ્યમાં '**અનાદિથી રત થઈ સુખસ્થાનક ચેતના-ઉપયોગને ભૂલ્યો, (તેથી) સુખ ક્યાંથી થાય** ?' સુખ તો ન થાય. દુઃખ થાય, બીજું કાંઈ નહિ.

'**હવે મેં એ ઉપયોગપ્રકાશને સાક્ષાત્ યોગ્યસ્થાનરૂપ કર્યો.**' હવે શું કહે છે ? ભેદજ્ઞાન કેવી રીતે (કરવું) ? પરની માન્યતા અને સુખ કેવી રીતે થાય એ કહેવામાં આવે છે ને ? તો કહે છે, યોગ્યસ્થાનરૂપ કર્યો. ઉપયોગનું જે ઘર હતું ત્યાં ઉપયોગને લઈ ગયો. એ એનું યોગ્ય સ્થાન છે. ઉપયોગનું ઘર પોતે જ છે. પોતામાંથી ઉપયોગ નીકળ્યો છે અને પોતે જ એનું ઘર છે.

અમારે એવું બન્યું હતું. 'પાળિયાદ' છે ને બેન નાની ? એને ત્યાં એક આવ્યા હતા. .. ગપ્પા મારતા હતા. એ અમારા નાની બહેન 'ઘાટકોપર' છે ને ? એના સસરાપક્ષમાં કાંઈક સગા થાય છે. એની નણંદના સસરા થાય છે કે એવું કાંઈક થાય છે. એ આવું બધું જાણે છે. આવું જાણે છે એટલે આવા બધા ધતીંગ કરે છે. જાણતા હશે કે નહિ એ તો ભગવાન જાણે. પણ એકવાર મને ખાસ જમવાના બહાને બોલાવ્યા ત્યાં, 'મુંબઈ'માં હતો. કહે, જમવા આવો. બહેનને ત્યાં આપણે તો ક્યારેક જવાનું થાય જ. આમ તો ઉંમરમાં તો મોટા છે. ૬૬-૭૦ વર્ષના છે. મારી નાની બહેન છે ને એ મોટા ભાઈ-મોટા ભાઈ એને હિસાબે મોટા ભાઈ-મોટા ભાઈ કરવા માંડી. આવી રીતે કેમ સંબોધન કરે છે ? હું તો એની ઉંમરમાં ઘણો નાનો એના કરતાં. એટલે મેં વાત વાતમાં પૂછયું કે આવી રીતે સાધનાની અંદર આપણે આવો કોઈ ચમત્કાર થાય અને એવું કાંઈ થાય તો એ તમારી સમજણમાં એવી વાત હોય તો મારે જાણવી છે. હું તો સમજી ગયો કે આ બધું.. મંત્ર-તંત્રમાં પડેલો માણસ છે અને ઘણા એની પાસેથી પૈસા કઢાવી દે છે ને. કોઈ પૈસાવાળો ન હોય તો મફત પણ એવું કર્યા કરે. પણ એ જાતની આબરૂ અને એની Fame છે જરા.

મેં તો સ્પષ્ટ કહી દીધું કે અમારો તો અધ્યાત્મનો વિષય છે. અને અમે એવી વાતોમાં પડતા નથી. એવું સાહિત્ય અમે વાંચતા પણ નથી. એને શું વહેમ પડ્યો ? કે નક્કી આ કાંઈક જાણકાર છે અને છુપાવે છે.

કારણ કે આવી વાત કોઈ કહે નહિ જલ્દી. એટલે ઊલટો વહેમ પડી ગયો. એટલે બહુ ખોદી-ખોદીને પૂછવા માંડયા. મારી પાસે બીજો જવાબ હતો એટલે મેં એક જ વાત કરી. પછી એમ થયું કે આ સીધી રીતે નહિ કહે. એ થોડું ઓલું જાણતા હશે, જેને Mesmerism કહે ને ? એકદમ .. શરૂ કર્યું. એકદમ બોલવાનું શરૂ કર્યું. એટલે હું તો સમજી ગયો. Mesmerism ની અસરમાં આપણે તો ક્યાંથી આવીએ ? બીજા કોઈ આવી જાય તો આવી જાય. પણ એને એમ કે અસરમાં આવી જશે તો બોલી જશે જે હશે એ. એણે એકદમ બોલવાનું શરૂ કર્યું, એકદમ Speed માં. એની Style હોય છે એ બધી. હું તો સમજી ગયો. રીતસર આવી રીતે... મોટી શીલા-બીલા નહિ નાની એવી. તોડવું પડે. થર નીચે ક્યાંથી સોનું નાખે ? એટલી મોટું રકમનું સોનું છે. એણે બહુ મોટી રકમનું સોનું બતાવ્યું. એણે લાલચ એવડી મોટી આપી દે કે આવડી મોટી રકમનું સોનું. જેમાંથી સો તોલા જેવું એનું આપી દેવાનું કહે ત્યારે એને કેટલું મોટું સોનું.. ઘણું સોનું છે અંદર. ધાર્યા બહારનું છે. સોએક તોલા આને આપજો એમ કહે, હોં ! એ પત્થર તોડાવ્યો. બહુ મહેનત કરી, પૈસા એટલા ખર્ચ્યા. ઘણા દિવસો સુધી મજૂરી કરાવી. થાકી ગયા. અંતે પડતું મૂક્યું. કૂવા જેવું ગાળ્યું. પત્થર તોડાવીને કૂવા જેવું ગાળ્યું હશે એમણે. કાંઈ ન નીકળ્યું. પછી મેં કીધું, કેમ બરાબર છે મેં કીધું એ ? તો કહે, હા બરાબર છે. આ બધા ધતીંગ કરે છે અને તમને બધાને ભરમાવે છે. આ તો હેરાન કરવાની વાત છે. આવા માણસની વાત સાંભળવી નહિ, આવા માણસનો સંગ કરવો નહિ. કહેવાનો મતલબ બીજો છે.

જ્યારે ઉપયોગમાં અનંત સુખ છે ત્યારે હવે ક્યાં ગોતવા જાવું છે ? ક્યાંય ગોતવાની જરૂર નથી. તું ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં હો. તારા ઉપયોગમાં ખોજ કર. બસ. ઉપયોગને ઉપયોગમાં લઈ જા. ઉપયોગને સ્વસ્થાનરૂપ કર, યોગ્યસ્થાનરૂપ કર. અયોગ્ય સ્થાને કરતાં દુઃખ છે.

મુમુક્ષુ :- ઉપયોગ જે ભૂમિમાંથી ઊઠે છે એ જ એનું સ્વસ્થાન છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જ એનું સ્વસ્થાન છે. જ્યાંથી ઉપયોગ ઊઠે છે એ જ પોતાનું સ્વસ્થાન છે. હવે એમાં તો શંકા પણ કેવી રીતે થાય એવું છે ? એમાં તર્ક કરી શકાય એમ છે ? જે ભૂમિમાંથી ઉપયોગ

ઊઠે છે એ એનું સ્વસ્થાન છે કે નહિ એમાં તર્ક ચાલે એવું છે ? તર્કની જગ્યા નથી-અવકાશ નથી. એ આગળ લખશે કે સંતોએ માર્ગ સહેલો કર્યો છે. ઈ આ વાત છે. સંતોએ માર્ગને સહેલો કર્યો છે એવું એક વચન આપશે. હમણાં જ આવશે. ૧૦મા પાને છે. ૧૦ મે પાને Paragraph છેલ્લે છે ને ? છેલ્લા Paragraph માં છે.

'**હું મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધરીશ, અનાદિનું દુઃખ મટાડીશ (અને) પરમપદને ભેટીશ. સ્વરૂપ પામવાનો આ સુગમ રાહ છે. દષ્ટિગોચર કરવો જ દુર્લભ છે. સંતોએ તે માર્ગને સુગમ કરી દીધો છે. તેમના પ્રસાદથી...**' એટલે તેમની કૃપાથી હું એ માર્ગને પામ્યો છું. ..એમનો ઈતિહાસ નથી મળતો. હોય તો આપણે કેમ કહી શકીએ ? કોઈ પ્રત્યક્ષ સત્પુરુષ મળી ગયા હોય તો શું કહી શકીએ ? ૨૫૦ વર્ષ થઈ ગયા.

મુમુક્ષુ :- લખાણમાં ડાયરેક્ટ ઈનડાયરેક્ટ નામ આવી ગયું હોય. 'ધર્મદાસજી'એ પ્રસ્તાવનામાં લખ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જબરદસ્ત વ્યક્તિ હતા.

મુમુક્ષુ :- ગ્રંથોની કોઈ પ્રસ્તાવના નથી મળતી ?

પૂજ્ય ભાઈશ્રી :- એમને તો પોતાની લખેલી પ્રસ્તાવના હતી ને.

મુમુક્ષુ :- 'દીપચંદજી'ના કોઈ ગ્રંથોમાં પ્રસ્તાવના નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. 'ધર્મદાસજી'ને ૧૦૦ વર્ષ થયા, આમને લગભગ ૨૫૦ વર્ષ થયા.

મમુક્ષુ : 'ધર્મદાસજી' 'ગોપાલદાસજી બરૈયા' 'કૃપાળુદેવ' ત્રણ જ્ઞાની પુરુષો વિદ્યમાન ... સમકાલીન જેવા... 'કૃપાળુદેવ'ને 'બરૈયાજી' મળ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- .. જ્ઞાની હશે કે કેમ એ જરાક શંકા પડે એવી વાત છે. ઉઘાડ .. જ્ઞાન જુદી વાત છે. 'કૃપાળુદેવ'ને મળ્યા.

મુમુક્ષુ :- ઓળખ્યા... 'ગોમ્મટસાર'ની આપણે ટીકા કરો. એમ કરીને આવે છે.

ક્યોંકિ એસી વ્યક્તિ તો વિરલ હોતી હૈ. ઐસે વ્યક્તિ મિલે તો ફિર ઉસકા મહત્વ કહીં ન કહીં તો દર્શા દેવે. કહીં ન કહીં તો બતા દે. કમ સે કમ ઉન ક્ષેત્ર કે લોગોં કે લિયે ભી.

મુમુક્ષુ :- બાબુજી કા ઔર ગુરુદેવશ્રી કા...

પૂજ્ય ભાઈશ્રી :- વહ તો ક્યા હૈ કિ બાબુજી કે મન મેં એક નિશ્ચય થા કિ મુજે પ્રકાશ મેં નહીં આના હૈ. યે દોનોં વ્યક્તિ પ્રકાશ મેં આ ચુકી થી. વહ ગુપ્ત રહના ચાહતે થે. સંગ નહીં કિયા. બાબુજી કો તો આંસુ પડતે થે. જ્ઞાનદશા મેં આંસુ પડતે થે. તીવ્ર જ્ઞાનદશા મેં. ફિર ભી સત્સંગ કી યહી ભાવના થી. અગર 'બારૈયાજી'ને પહચાના હોગા તો ચોંટ જાતે મતલબ. બહુત ભાવ આ જાતા ન ! દુષ્કાલ મેં ... એ ચીજ ક્યાંથી હોય ?

મુમુક્ષુ :- પોતાની વાત કહી ન શકે એટલે આમ બેય જ્ઞાની પોતે.. પોતાને વાત કોઈને હૃદયથી કહી શકાય, એમનો વિરહ પણ બહુ હતો. કૃપાળુદેવને પોતાની વાત કહી ન શકાય એનો વિરહ બહુ હતો.

પૂજ્ય ભાઈશ્રી :- છતાંય શું છે કે એક ખ્યાતિપ્રાપ્ત પુરુષ થઈ ગયા. એટલે અનેક માણસો એમના પરિચયમાં આવતા. પણ જેમને એવું લાગતું કે આ સત્સંગ કરવા યોગ્ય છે એ તો ચોંટી જતા. કેમકે સત્સંગ બહુ દુર્લભ છે આ કાળમાં. એની દુર્લભતા જ્ઞાનીઓ સમજે છે અને જે સમજે છે મુમુક્ષુઓ એ સમજે છે. બસ. બાકી નથી સમજતા એ મુમુક્ષુઓ, એ મુમુક્ષુઓ પણ છે કે કેમ એ સવાલ છે. એવી વાત છે. આમ શક્તિ ઘણી સારી હતી 'બરૈયાજી'ની. ઘણી સારી હતી. વિદ્વતા બીજી વસ્તુ છે, જ્ઞાન બીજી વસ્તુ છે.

મુમુક્ષુ :- કૃપાળુદેવની વિદ્વતાથી પ્રભાવિત થઈને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ પણ થયું હોય. વિદ્વતાથી પ્રભાવિત થયા હોય. પણ વિદ્વતા અને જ્ઞાન બેય એક નથી. જુદી જુદી ચીજ છે.

મુમુક્ષુ :- મંદિરમાં .. કરી છે. એના ઘર જઈને એકબીજાના પરિચયમાં કોઈ આવ્યા...

પૂજ્ય ભાઈશ્રી :- એવી રીતે પણ નથી. દિગંબર મંદિરમાં 'કૃપાળુદેવ' દર્શન કરવા જતા, ભોંયવાડા. ત્યારે આ 'બરૈયાજી' પોતે મૂળ દિગંબર છે. એટલે એવી રીતે ત્યાં મળેલા છે.

મુમુક્ષુ :- એક જ્ઞાની બીજા જ્ઞાનીથી ગુપ્ત રહી જાય, આ પણ બનવાજોગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સંભવ છે. અસંભવિત વાત નથી.

મુમુક્ષુ :- એક વ્યક્તિ એક વખત પણ મળે ને દસ મિનિટ માટે પણ તો પોતાના વ્યક્તિની ઓળખાણ તો બીજાને તરત થઈ જાય છે. જ્ઞાની જ્ઞાનીની ઓળખાણ તો ચોક્કસ થાય છે. ન થાય તો કોઈકમાં ખામી હોવી જોઈએ. બાકી તરત જ દસ-પંદર Minute ના સહવાસમાં એની ઓળખાણ તો કરે જ.

પૂજ્ય ભાઈશ્રી :- કરે છે. સહવાસ માને પરિચય.

મુમુક્ષુ :- હા. પોતાનો પરિચય થાય તો. ન તો ન થાય તો જુદી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- બાબુજીને તો 'ગુરુદેવ' કો પહચાના. યહ બાત તો નહીં રહી. અબ તો 'ગુરુદેવ' કે પાસ હજારો લોગ આતે થે. કબ કિસીકો ક્યા હુઆ વહ કૈસે પતા ચલતા હૈ ? છદ્મસ્થ અવસ્થા મેં તો યહ સંભવ હી હૈ. અબ જબ હજારો આદમી આતે હૈ તો ઉસમેં કિસકો પરિચય કિયા હો વહ તો બિના પરિચય તો પતા ચલે હી નહીં. અગર કોઈ બાત ચલ જાતી તો દસ મિનિટ મેં તો, ભાઈ કહે છે એમ દસ મિનિટમાં જ ખબર પડત. એમાં અગિયારમી મિનિટનો સવાલ નથી.

જે દિવસે સાંજે મેં વાત કરી અને જે દિવસે રાત્રિ ચર્ચામાં એમને બોલાવવાનો પ્રયત્ન કર્યો તે દિવસે એ મૌન રહી ગયા. એ જો મૌન ન રહ્યા હોત તો તે દિવસે ખુલ્લા થઈ જાત. ભલે થોડું બોલ્યા હોત તો પણ એ ખુલ્લા થઈ જાત. એમાં કાંઈ સવાલ નથી. એમને વિકલ્પ ઊઠી ગયો બીજાનો.

મુમુક્ષુ :- દૂસરે જ્ઞાની કા ઉસ દૃષ્ટિ સે ઉપયોગ ચલના ચાહિયે. વરન તો સહવાસ હો, લેકિન પરિચય નહીં હો...

પૂજ્ય ભાઈશ્રી :- આમાં તો શું છે કે 'ગુરુદેવે' જે ચર્ચા કાઢી એની પાછળ મારી થોડી Hint હતી. એટલે દૃષ્ટિકોણ તો બરાબર પછી તો હાથમાં જ હોય. જો બોલે તો દૃષ્ટિકોણ તો બરાબર હોય જ. કેમકે સાંજે તો વાત થઈ હતી. છ વાગ્યા આસપાસ. અને રાત્રે ૮ થી ૯ની ચર્ચામાં બેઠા.

મુમુક્ષુ :- આપકા અગર Hint નહીં હોતા તો અગર સંભાવના થી. વે બોલતે તો ભી શાયદ બાત...

પૂજ્ય ભાઈશ્રી :- બોલતે તો બહુત કમ બોલતે. તો લક્ષ્ય નહીં

દેતે. તો લક્ષ હી નહીં દેતે. વહ લક્ષ નહીં દેતે. ખુદ લક્ષ્ય નહીં દેવે તો ક્યા હૈ ? યહ બાત તો લક્ષ્યપૂર્વક ચલી થી. તો ઉસ વક્ત ખુલ્લા હો જાતે. યહ બાત થી.

મુમુક્ષુ :- લક્ષ્યપૂર્વક એક જ્ઞાની દૂસરે જ્ઞાની.. ઉપયોગ નહીં લંબાવે લક્ષ્ય આ ગયા હો, ધ્યાન આ ગયા હો, કિસીને Indication કિયા હો વહ એક અલગ બાત હૈ. બાકી ઘંટો ક્યા દિનોં, મહિનો ઉસકે સાથ રહકર કે એકદૂસરે પર ઉપયોગ નહીં લગાવે જ્ઞાની તો ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ કોઈ બાત સે... લંબે પરિચય મેં તો કોઈ બાત નિકલ હી જાવે.

મુમુક્ષુ :- પરિચય અલગ બાત હૈ. સાથ રહને કી બાત હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- સાથ રહને મેં બાત તો ચલે હી ચલે. કોઈ બાત તો ઐસી આ હી જાવે.

મુમુક્ષુ :- જિસકે મન મેં જો બાત હો વહ મુંહ પર આ હી જાવે...

પૂજ્ય ભાઈશ્રી :- ઐસા કિસ્સા તો બના હુઆ હૈ.

મુમુક્ષુ :- ઐસે કિસ્સે તો બને હુએ ન કિ એક જ્ઞાનીને દૂસરે જ્ઞાની કો તો સ્વીકાર કિયા કે યે જ્ઞાની હૈં. લેકિન દૂસરે જ્ઞાનીને દૂસરા જ્ઞાની મેરે સંપર્ક મેં આયા ઐસા સ્વીકાર નહીં કિયા. ઐસા ભી તો બનતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ પૂર્વગ્રહ ઐસા હી હૈ. ઐસા બન જાવે. ઐસા હી હૈ. પૂર્વગ્રહ રહ જાતા હૈ.

મુમુક્ષુ :- એકાંત નિયમ નહીં બનાના ચાહિયે. ક્યોંકિ 'કૃપાલુદેવ' કી ખ્યાતિ ચમત્કારિક પુરુષ કે રૂપ મેં 'મુંબઈ'મેં રહી, ઉસ સમય. જ્ઞાની કે રૂપમેં તો ચંદ લોગોં કે બીચ મેં રહી. ચમત્કારીક હૈ, શતાવધાની હૈ ઐસે હૈ, વહ હૈ. ઈસ રૂપ સે 'બરૈયાજી'ને Offer કિયા હો. યહ સંભવ હૈ. ધર્મદાસજી તો ચોખ્ખા જ્ઞાની... આ પણ સમકાલીન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ દૂર ક્ષેત્રે ખબર જ ન હોય. આ તો મળે,... મળ્યા જ ન હોય તો ખબર કેવી રીતે ખબર પડે ? એમ તો ગમે ત્યારે કોઈપણ જ્ઞાની હોય પણ જે ગુપ્ત હોય એ તો મળવાનું હળવાનું ન થાય તો કેમ એકબીજાની ખબર પડે ?

ક્યાં સુધી આવ્યા ? '**હવે મેં એ ઉપયોગપ્રકાશને સાક્ષાત્ યોગ્યસ્થાનરૂપ કર્યો.**' યોગ્ય સ્થાનરૂપ કર્યો એમ નહિ, સાક્ષાત્ યોગ્ય

સ્થાન. એટલે પોતાનું સ્વરૂપ સાક્ષાત્ થયું. યોગ્ય સ્થાનરૂપ પોતાનું સ્વરૂપ છે. સાક્ષાત્ યોગ્યસ્થાનરૂપ કર્યો. વ્યાપ્ય-વ્યાપકભાવે સ્વસંવેદનભાવે યોગ્યસ્થાનરૂપ કર્યો.

**'શાથી ? કે હું નર. એવી માન્યતા (આ) જડરૂપ મનુષ્યશરીરમાં તો ન થાય, (એ માન્યતા) મારા ઉપયોગથી થઈ છે; તો એવી માન્યતાનો કરનાર મારો ઉપયોગ અશુદ્ધ સ્વાંગ સજી (ધરી) બેઠો છે.'** માન્યતામાં અશુદ્ધ સ્વાંગ છે, વિપરીત માન્યતા છે તો ઉપયોગનો સ્વાંગ અશુદ્ધ છે. પણ આવો યોગ્યસ્થાનરૂપ ઉપયોગ કર્યો હોય તો હું મનુષ્ય છું એવી માન્યતા ન થાય. જડ શરીરમાં હું આવો છું એવી માન્યતા ન થાય. **'હવે મેં ઉપયોગ પ્રકાશને સાક્ષાત્ યોગ્યસ્થાનરૂપ કર્યો. શાથી ? કે હું નર એવી માન્યતા (આ) જડરૂપ મનુષ્યશરીરમાં તો ન થાય,...'** પણ એવી માન્યતા મારા ઉપયોગથી થઈ છે. એટલે ભૂતકાળમાં. **'તો એવી માન્યતાનો કરનારો મારો ઉપયોગ અશુદ્ધ સ્વાંગ સજી (ધરી) બેઠો છે.'**

**'જેવી રીતે કોઈ એક નટ બળદનો સ્વાંગ ધરી લાવ્યો છે, પરમાં પોતાને ભૂલ્યો છે, પરમાં પોતાને જાણ્યો છે. (તે) પૂછે છે કે હવે હું મનુષ્યનો પર્યાય ક્યારે પામીશ ? હત જૂઠું જ પૂછે છે,...'** આની પણ અસર થાય છે ને ? Mesmerism ની અસર થાય છે. એને એમ કહે કે તું બકરો છો. તો એ બકરાની જેમ બોલવા માંડે, ચેષ્ટા કરે. એવું બધું કરે. બળદ છે (એમ કહે) તો બળદની જેમ બધું કરવા મંડે. એવો એક ભ્રમ થાય છે.

એમ જે **'બળદનો સ્વાંગ ધરી લાવ્યો છે, પરમાં પોતાને ભૂલ્યો છે, પરમાં પોતાને જાણ્યો છે. (તે) પૂછે છે કે હવે હું મનુષ્યનો પર્યાય ક્યારે પામીશ ?'** એવું એ પૂછે છે. ભ્રમમાં જ પૂછે છે. **'જૂઠું જ પૂછે છે,...' 'ભૂલ કરેલું આચરણ થયું છે.' '(ભ્રમણાથી આવું ભૂલ કરેલું આચરણ થયું છે.)'** જૂઠ જ પૂછે છે. પોતે મનુષ્ય જ છે. મનુષ્ય છતાં પૂછે છે કે હું મનુષ્ય ક્યારે થઈશ. એમ આત્મા છે એ એમ પૂછે છે કે હું આત્મા ક્યારે થઈશ ? હું તો મનુષ્ય છું. હવે હું આત્મા ક્યારે થઈશ ? માણસ તો થયો હું, હવે આત્મા ક્યારે થઈશ ? સિદ્ધપદ ક્યારે મને

થશે ? મનુષ્ય છું હું અત્યારે. એ ભ્રમણાથી જ પૂછે છે. '**પરમાં પોતાને જાણ્યો છે. (તે) પૂછે છે કે હવે હું મનુષ્યનો પર્યાય ક્યારે પામીશ ? તે જૂઠું જ પૂછે છે, (પોતે) મનુષ્ય જ છે. ભૂલથી એ રીતિ થઈ છે; (ભ્રમણાથી આવું ભૂલ કરેલું આચરણ થયું છે.)**'

'**તેવી રીતે ચિદાનંદ પોતાને ભૂલ્યો છે,...**' આ જ રીતે ચિદાનંદ પોતાને ભૂલ્યો છે. '**પરમાં પોતાને જાણ્યો છે; પોતે પોતાની ભૂલ મટાડી,...**' જે પરમાં પોતારૂપપણું છે એ જાણ્યું છે એવી '**પોતાની ભૂલ મટાડી, સદા ઉપયોગધારી...**' જુઓ ! '**સદા ઉપયોગધારી આનંદરૂપ પોતે સ્વયમેવ જ યત્ન વિના (સહજ) બન્યો છે,...**' પોતાની મેળે, વગર પ્રયત્ને એવો જ બન્યો છે. બનાવવો પડતો નથી. પોતે એવો જ બનેલો છે. બન્યો બનેલો જ છે એમ કહેવું છે.

'**તેથી નિજને નિહાળવાનું જ કાર્ય (કર્તવ્ય) છે,...**' એટલે કામ તો એટલું છે કે ફક્ત પોતાને આવો બન્યો બનેલો છે એવું જોવાનું અવલોકન કરવાનું કાર્ય છે. આ અનુભવ એ અવલોકનની એક ન્યાયે પર્યાય છે. એટલે 'દીપચંદજી'નું જે 'આત્માવલકોન' છે બીજું, એ અહીંયાં અવલોકન શબ્દ અનુભવના સ્થાને જ છે. જે 'આત્માવલોકન' શબ્દ છે એ આત્મ અનુભવના સ્થાને છે. પોતે આખા ગ્રંથમાં અવલોકન શબ્દ અનુભવના સ્થાને વાપરે છે. હવે કેવી રીતે ? કે આત્મા તો સદાય ઉપયોગ ધારણ કરે છે એટલે ઉપયોગસ્વભાવી છે. આનંદસ્વરૂપ પણ પોતાનું સ્વરૂપ છે. તો કહે છે કે ઉપયોગથી એનું અવલોકન કરે છે કે હું આવો છું. એનું નામ અનુભવ છે. જે ઉપયોગથી અવલોકન કરે છે એનું નામ અનુભવ કહી દીધો છે.

અવલોકન એક ઉપયોગ છે કે જે અનુભવને અવલોકે છે. જેવો છે એવો પોતાને અનુભૂતિસ્વરૂપ છે એવી રીતે અવલોકે છે. બસ. એટલે કાર્ય તો ફક્ત નિજને નિહાળવાનું જ છે. નિજને નિહાળવાનું જ કાર્ય છે. એટલે એટલું જ કર્તવ્ય છે. બાકી કાંઈ નથી. વસ્તુ તો જે છે એ છે. લાવવી નથી, બનાવવી નથી. કાંઈ નથી.

'**સદા ઉપયોગધારી આનંદરૂપ...**'

## તા. ૧૯-૬-૧૯૯૦, પાના નં. ૯, પ્રવચન નં. ૧૬૬

... પોતાના ભૂતકાળનો, અનંત ભૂતકાળનો ઈતિહાસ છે. અનાદિથી સંસારમાં મેં પરપદાર્થનો જ વિચાર કર્યો છે અથવા પરપદાર્થની જ સંભાળ કરી છે, પરપદાર્થની જ સાવધાની કરી છે. મારું શું ? એનો વિચાર નથી કર્યો. સંયોગનો વિચાર કર્યો છે. જ્યાં જ્યાં મમત્વ થયું તે તે મમત્વવાળા પદાર્થોની દરકાર કરી છે. '**(તેથી) મારી જ્ઞાનચેતના અશુદ્ધ થઈ.**' મારી જ્ઞાનચેતના અશુદ્ધ થઈ. ચેતના તો ચેતના છે.

ચેતનાના ત્રણ પ્રકાર છે. શુદ્ધ જ્ઞાનચેતના છે એને જ્ઞાનચેતના કહે છે અને જે કર્મના ઉદયમાં અવલંબિત થઈને પરિણમે છે તેને કર્મચેતના કહે છે. એ કર્મ ઉદયના ફળમાં હર્ષ-શોકરૂપ પરિણમે છે એને કર્મફળ ચેતના કહે છે. જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફળચેતના. શાસ્ત્રમાં આ ત્રણ વિભાગ લીધા છે.

એમાં પર વિચારને કારણે, પરની સાવધાનીને કારણે, પરની સંભાળને કારણે જ્ઞાનચેતના અશુદ્ધ થઈ. અહીંયાં જે જ્ઞાનચેતના, કર્મચેતના, કર્મફળચેતના જે કહ્યું છે એ ચેતના શબ્દ અનુભવના અર્થમાં છે. જ્ઞાન પોતાને અનુભવે એ જ્ઞાનચેતના, જ્ઞાન કર્મના ઉદયને સ્વસ્વરૂપે અનુભવે તે કર્મચેતના. જ્ઞાન કર્મફળમાં હર્ષ શોકાન્વિત થઈને તે સ્વરૂપે પોતાને અનુભવે તે કર્મફળચેતના. અનુભવના અર્થમાં ચેતના છે એમ લેવું છે. મારી જ્ઞાનચેતના પર વિચારને કારણે, પરની તન્મયતાને કારણે અશુદ્ધ થઈ. અશુદ્ધ થઈ એટલે એમાં મલિનતા ઊપજી. જ્ઞાનચેતનામાં મલિનતા ઊપજી.

'**હવે સ્વ-આચારરૂપ પારાનું સેવન કરવામાં આવે તો અવિનાશી પદને ભેટીએ.**' હવે સ્વરૂપઆચરણ એ રૂપ પારો. પારો એટલે અહીંયાં રસાયણની ઉપમા છે. પારો રસાયણ જ છે. વૈદકમાં સર્વથી તીવ્ર રસાયણ પારાનું છે. એટલે પારાની ઉપમા આપે છે. તેથી સ્વ-આચારરૂપ પારાનું, સ્વ-આચરણરૂપ રસાયણનું, સ્વઅનુભવરૂપ

રસાયણનું સેવન કરવામાં આવે તો તે '**અવિનાશી પદને ભેટીએ.**'

અનુભવને પણ શાસ્ત્રમાં રસાયણ કહ્યું છે. અનુભવને. કેવી રીતે ? કે અનુભવ પૂર્વનું જીવનું અનંત સંસારમય જીવન અને અનુભવ થતાં જ પછી અનુભવ પછીનું જે જ્ઞાનમય જીવન, ચૈતન્યમય જીવન, શુદ્ધ ચૈતન્યમય જીવન, આ બે જીવન વચ્ચે બહુ મોટો ફેરફાર છે. જેમ રાસાયણિક પ્રક્રિયાથી બહુ મોટો ફેરફાર થાય છે. હળદર છે ને પીળી ? પાણીમાં થોડી હળદર નાખે અને પાણી પીળા રંગનું હળદર જેવું બન્યું હોય. એમાં થોડો સોડા નાખવામાં આવે. સોડા સફેદ છે, પાણી પીળું છે, હળદર પીળી છે. ખુન જેવો કલર થાય. એકદમ લાલ. લાલપણું નાખ્યું નથી, પીળાપણું નાખ્યું નથી. પણ આ રાસાયણિક પ્રક્રિયા છે. એકદમ Radicle change એમાં આવી જાય છે.

એમ અનુભવ પૂર્વનું જે જીવન છે એ જીવને ક્લેશમય અને દુઃખમય, આકુળતામય (છે). દુઃખી... દુઃખી... દુઃખી... નિરંતર જીવ દુઃખમાં જાણે સળગતો હોય, ભઠ્ઠીમાં સળગતો હોય એવી સ્થિતિનું એ જીવન અનાદિથી જીવતો આવતો જીવ, એ જ્યાં અનુભવ રસાયણ પ્રાપ્ત કરે છે એટલે અંતરની જે અનંત શાંતિનો ભંડાર છે એમાંથી શાંતિનો પ્રવાહ ચાલુ થાય છે. ક્યાં અનંત કાળની આકુળતા, અશાંતિ અને ક્યાં એક અનુભવ પછીનું શાંત... શાંત... શાંત... શાંત.. જીવન. સર્વાંગ સમાધાનરૂપ. એ એક રસાયણ થઈ ગયું. વચ્ચે રસાયણ પડી ગયું. એટલે બહુ મોટો ફેરફાર થઈ જાય છે.

એવા '**સ્વ-આચારરૂપ પારાનું સેવન કરવામાં આવે તો અવિનાશી પદને ભેટીએ. (તે અવિનાશી પદને ભેટવા માટે) હું કોણ છું ? મારું સ્વરૂપ શું છે ? (તે) કેવી રીતે પામીએ ? (તેનો વિચાર કરવો).**' ત્રણ બોલ લીધા છે. હું કોણ છું ? કોણ છું એટલે હું જડ છું કે હું ચૈતન્ય છું ? હું શરીર છું કે હું આત્મા છું ? મારું સ્વરૂપ શું છે ? કેવું મારું સ્વરૂપ છે ? એટલે મારા સ્વરૂપની જાતિ કેવી છે ? ચૈતન્ય જાતિમય મારું સ્વરૂપ છે. એ પ્રશ્નાર્થથી વાત અહીંયાં એટલા માટે લીધી છે કે એવી કોઈ અપૂર્વ અંતર જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. એ જિજ્ઞાસાના ફળસ્વરૂપે જે સમાધાન થાય છે ત્યારે જીવને આ માર્ગ તરફ આવવાનું વલણ ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી જીવને જિજ્ઞાસા ઉત્પન્ન નથી ત્યાં

સુધી જીવને પોતાના સ્વરૂપની ગરજ પણ નથી.

આપણે પાત્રતાના લક્ષણમાં એ વાત વિચારી છે કે પાત્રતાનું Metere શું ? માપ શું ? ધોરણ શું ? Standrad શું ? કે જીવને જેટલી સ્વરૂપ પ્રાપ્તિની ગરજ એટલી પાત્રતા. કેટલી પાત્રતા ? ઓછી ગરજ છે તો પાત્રતા ઓછી છે. ગરજ નથી તો પાત્રતા નથી. ઓછી ગરજ છે ? તો ઓછી પાત્રતા છે. પૂરેપૂરી ગરજ છે ? તો ઉત્તમ પાત્રતા છે. એટલે આ જે પ્રશ્ન છે એ એવું સૂચવે છે કે જીવને પોતાના સ્વરૂપને સમજવાની, જાણવાની અને પ્રાપ્ત કરવાની, કઈ રીતે તે પામીએ એ પામવાની, પામવું એટલે અનુભવ કરવો, એની કેટલી ગરજ છે એના ઉપર એની પાત્રતા છે. એનો વિચાર કરવો.

'**(વળી વિચારવું કે)...**' આ સ્વ આચાર શું છે એ સંબંધીનું સ્પષ્ટીકરણ ચાલે છે. ઉપર પ્રશ્ન ઉઠાવ્યો છે ને કે સ્વઆચાર શું ? અને સ્વરૂપની શ્રદ્ધા કઈ રીતે થાય ? સ્વરૂપની શ્રદ્ધા એટલે સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્દર્શન એ કઈ રીતે થાય તે કહવામાં આવે છે. '**(તેનો વિચાર કરવો). (વળી વિચારવું કે) પ્રથમ (મૂળ) પદ પોતાનો ઉપયોગપ્રકાશ છે,...**' પ્રથમ મૂળ પદ. જુઓ ! ક્યાંથી શરૂઆત કરવાની છે ? જે ઉપયોગ છે એ પોતાનું મૂળ પદ છે. અથવા મારું સ્વરૂપ કેવું છે ? મારી આત્માની જાતિ કેવી છે ? જે ઉપયોગ છે, દર્શનઉપયોગ પકડાતો નથી એટલે એ વાત ગૌણ છે અહીંયાં, પણ જ્ઞાનદર્શનમય ચેતના છે એટલે જ્ઞાનની પ્રધાનતાથી લેવાય છે.

જે જ્ઞાનોપયોગ છે એ જ્ઞાન, જેવું જ્ઞાન છે, જેવું જ્ઞાનમાત્રપણું છે, માત્ર જ્ઞાનપણું છે એવી મારી જાતિ છે. જીવની અથવા આત્માની જાતિ-Quality કેવી ? કે જ્ઞાન તે આત્માની જાતિ છે. આમાં- 'તત્ત્વાનુશીલન'માં લીધું છે. જ્ઞાનમાં સ્થિતિ, જાતિ, શક્તિ.. ચાર બોલ લીધા છે. અને સત્તા. સત્તા ક્ષેત્ર પ્રમાણ. ૬૮માં. 'જ્ઞાનની સત્તા દ્રવ્ય પ્રમાણ, શક્તિ સ્વપર પ્રકાશક, જાતિ સમ્યક્ અને મિથ્યા.' આ એક જ્ઞાનની પર્યાયની જાતિ લીધી છે. અને જ્ઞાન અને અજ્ઞાન એ જાણપણું અને અજાણપણું એની ગતિ લીધી છે.

અહીંયાં એક બીજી અપેક્ષા છે કે આત્માની જાતિ શું ? આ જ્ઞાનની જાતિ લીધી છે સ્વપરપ્રકાશકપણું. જ્ઞાનની જાતિ સ્વપરપ્રકાશક.

પણ આત્માની જાતિ જ્ઞાન. ઉપયોગ તે આત્માની જાતિ છે. એટલે જ્ઞાનથી આત્મા સમજાય છે. જ્ઞાન વડે પણ આત્મા સમજાય છે અને જ્ઞાનના આધારે પણ આત્મા સમજાય છે. જ્ઞાન વડે જ્ઞાન પોતે પોતાના આધારે પોતાની જાતનો નિર્ણય કરે છે. નિર્ણયના તબક્કામાં સ્વરૂપનિશ્ચયના કાળમાં, સ્વરૂપ ભાવભાસનના કાળમાં જ્ઞાન પોતે પોતા વડે પોતાના આધારે પોતાનો નિશ્ચય કરે છે. એ રીતે જ્ઞાનમય જાતિ છે પોતાની. એ જાત જ્યારે ઓળખાય છે ત્યારે સર્વ વિભાવભાવોથી પોતાની જાતિ વિરૂદ્ધ પ્રકારની છે એમ સમજાય છે.

જ્યાં સુધી એવી રીતે પોતાની જાતિ ઓળખતો નથી ત્યાં સુધી કોઈને કોઈ મંદ કષાયમાં, કોઈને કોઈ સૂક્ષ્મ વિકલ્પમાં પણ જીવ અહંપણું કરી બેસે છે. અને એવું અહંપણું કરે છે ત્યારે એ .. થાય છે અને જીવ પોતે ભિન્ન જ્ઞાનમય પોતાના સ્વરૂપના અનુભવ સુધી પહોંચી શકતો નથી. નિર્ણય સુધી પણ પહોંચી શકતો નથી.

એટલે '**પ્રથમ (મૂળ) પદ...**' એમ લીધું. પહેલું. ક્યાંથી શરૂઆત કરવી છે, ક્યાંથી પ્રારંભ કરવો છે ? કે '**પ્રથમ (મૂળ) પદ પોતાનો ઉપયોગપ્રકાશ છે,...**' પોતાનો ઉપયોગ પ્રકાશી રહ્યો છે, પ્રગટ થઈ રહ્યો છે અને એ વેદાઈ રહ્યો છે-અનુભવાઈ રહ્યો છે એ પોતાનું મૂળ પદ છે. '**(એક) દર્શનજ્ઞાન ઉપયોગ, (બીજો) ચારિત્ર ઉપયોગ.**' દર્શન જ્ઞાન-ઉપયોગ વડે દેખે જાણે છે અને '**ચારિત્ર પરિણામ વડે આચરે છે.**' અમલ કરે છે. ચારિત્ર પરિણામ વડે એનું પરિણમન થાય છે, આચરણ થાય છે.

મુમુક્ષુ :- ચારિત્રગુણની વાત લીધી છે...

પૂજ્ય ભાઈશ્રી :- એ ભાષા ફેર હોય છે. પણ આપણે એમ નથી કહેતા કે જ્યાં સુધી આપણે સમજીએ છીએ એક વાત છે પણ પરિણમન ન થાય ત્યાં સુધી શું કામ આવે ? એનું નામ આચરણ છે. પરિણમન તે આચરણ છે. સમજાણી તો ખરી વાત. પણ પરિણમન થવું જોઈએ ને. એ પરિણમન થવું તે આચરણ છે. એમ.

'**એવા (પર) જ્ઞેયનું દેખવું, જાણવું, આચરવું અનાદિથી કર્યું,...**' હવે શું કરે છે કે વિપરીત કાર્ય તો અનાદિથી કરતો જ આવ્યો છે. એમ નથી કે મને આ જાણવું, દેખવું, આચરવું એ કેવી રીતે થાય એની મને

ખબર નથી. જો તપાસ કરે તો અથવા અવલોકન કરે તો પરનું જાણવું, પરનું દેખવું અને પરનું આચરવું અનાદિથી કરતો જ આવ્યો છે. પર આચરણ કરતો જ આવ્યો છે. એટલે એ પોતે અવલોકન કરે છે તો એ ભાવો સમજાય છે. કેમકે એ ભાવો અનુભવરૂપ થઈ રહ્યા છે. અવલોકન વગર અનુભવ સમજાતો નથી. પોતાનો પોતામાં અનુભવ ક્યાં સુધી નથી ખબર પડતી ? કે જ્યાં સુધી એનું લક્ષ અથવા અવલંબન પોતા ઉપર નથી અને બીજા ઉપર છે ત્યાં સુધી એને ખબર પડતી નથી.

મુમુક્ષુ :- દર્શન દેખતા હૈ ઔર જ્ઞાન જાનતા હૈ. દોનોમેં ક્યાં ફર્ક પડા ? દર્શન દેખતા હૈ, જ્ઞાન જાનતા હૈ ઈસકા ક્યા અર્થ હુઆ ?

પૂજ્ય ભાઈશ્રી :- દર્શન દેખતા હૈ મતલબ ક્યા હૈ કિ દેખને મેં ભેદ-પ્રભેદ નહીં આતા. જો ચીજ કો દર્શન દેખતા હૈ ઉસકી સત્તા કા માત્ર અવલોકન હોતા હૈ. જ્ઞાન મે વહ ચીજ ક્યા હૈ ? કૈસી હૈ ? ઉસકા પરિજ્ઞાન હો જાતા હૈ. તો દેખના વહ બિના ભેદ, સામાન્યરૂપ સે ઉસકી મોજૂદગીકા સ્વીકાર જિસમેં હો જાતા હૈ ઉસકો દર્શન કહતે હૈં. વહ અતિ સૂક્ષ્મ હૈ. જીવકો, છદ્મસ્થ જીવકો ગ્રહણ કરને મેં નહીં આતા. ઈસલિયે ઈસકી ચર્ચા-પરિચર્ચા બહુત કમ ચલી હૈ. લેકિન યહ ભી એ પરિસ્થિતિ હૈ ચૈતન્ય કે વ્યાપાર મેં પ્રથમ સત્તા કા સ્વીકાર હોતા હૈ, ફિર ઉસકા જ્ઞાન હોતા હૈ. પહલે દર્શનઉપયોગ હોતા હૈ, પીછે જ્ઞાન ઉપયોગ ... હોતા હૈ.

મુમુક્ષુ :- દર્શન દેખતા હૈ મતલબ કી અભી જો અપના ચલ રહા હૈ ઉસમેં મૈંપના જો અન્ય વસ્તુમેં જો મૈંપના હૈ સામાન્યરૂપસે. ઉસકો યહાં દર્શન દેખતા હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :- જહાં તક સ્વાનુભવ નહીં હૈ, સમ્યગ્દર્શન નહીં હૈ વહાં તક ઐસા હી હોતા હૈ. પરમેં મૈંપના હોતા હૈ. જાનતા હૈ તો પરમેં મમત્વરૂપ સે જાનતા હૈ. ફિર ઉસકા આચરણ ઉસી તરહ કરતા હૈ. ઉસહી કે અનુસાર કરતા હૈ.

'**(પર) જ્ઞેયનું દેખવું, જાણવું, આચરવું અનાદિથી કર્યું, (પણ) મારા વિશુદ્ધ પદમાં ઉપયોગ ન દીધો (ન મૂક્યો).**' પણ મારું જે શુદ્ધ આત્મપદ છે એની અંદર મેં ક્યારે પણ ઉપયોગને ન મૂક્યો, ક્યારે પણ એનો અનુભવ ન કર્યો, એનું આચરણ ન કર્યું. અને '**અતીન્દ્રિય**

**(સ્વાધીન) સુખની પ્રાપ્તિ વિના (હું) ખાલી રહ્યો.'** પરિણામે શું થયું ? કે મારો જે સ્વભાવ છે, અતીન્દ્રિય સુખરૂપ જે મારો સ્વભાવ છે એ સ્વભાવ વિના, હું સ્વભાવથી, એના અનુભવથી હું શૂન્ય રહ્યો. દુઃખનો અનુભવ કર્યો. સુખનો અનુભવ થવાને બદલે દુઃખનો અનુભવ કર્યો.

**'હવે મારે પણ એવી જ રીતે (એમની જેમ જ) સ્વરૂપ શુદ્ધ કરવું છે.'** એમની જેમ એટલે એ જે ધર્માત્માઓએ-મહાત્માઓએ, ભગવંતોએ જે સ્વરૂપ શુદ્ધ કર્યું છે, મારે પણ એવી જ રીતે. એમણે જે રીતે કર્યું છે એ રીતે. એવી જ રીતેનો અર્થ એ છે કે મારે કોઈ બીજી રીતે કરવાનો પ્રશ્ન નથી. કોઈ નવી રીત હું શોધી કાઢીશ, કોઈ બીજી રીતે હું કાર્ય કરી લઈશ એ વાત નથી. જે અનુભવ.. એ રીતે. જે રસ્તે એ ચાલ્યા છે એ રસ્તે ચાલીને મારે સ્વરૂપ શુદ્ધ કરવું છે. અથવા એનો અર્થ એ છે કે એમની આજ્ઞાએ ચાલવું છે. જે રીતે તે જે રસ્તે ચાલ્યા, તે જ રીતે, તે જ રસ્તે મારે ચાલવું એનું નામ તેમની આજ્ઞા પાલન છે. આ મૂળ આજ્ઞા છે. શું લીધું ? હવે આખા Paragraphનું.

સ્વ-આચાર એટલે શું ? પ્રથમ જિજ્ઞાસાથી જ્ઞાનમય ઉપયોગમય પોતાનું સ્વરૂપ છે એને સમજે અને એમાં ઉપયોગ દે. જે રીતે પરને સમજીને, પરને પોતાપણે સમજીને ઉપયોગ દે છે અને આચરણ કરે છે, એવી જ રીતે પોતે પોતાને સમજીને, પોતાનું સ્વરૂપ સમજીને પોતામાં આચરણ કરે. એ જ રીતે સ્વરૂપ શુદ્ધ મારે કરવું છે.

**'મહામુનિજનો નિરંતર સ્વરૂપસેવન કરે છે.'** જે લોકોને ઘણાને એમ પ્રશ્ન થાય છે કે જે શુભાશુભથી ખસીને મુનિઓ જંગલમાં રહે છે તો શું કરતા હશે ? એ સ્વરૂપસેવન કરે છે. નિરંતર સ્વરૂપસેવન કરે છે. નિરંતર શબ્દ લીધો છે. બીજી બાહ્ય પ્રવૃત્તિ નથી છતાં પણ એમની નિંદ્રા પણ ઓછી છે. અને બાહ્ય પ્રવૃત્તિ જેટલી કોઈ કરે એને તો પ્રમાદ કહ્યો છે. આપણે નિંદ્રાને પ્રમાદ કહીએ છીએ. કોઈ માણસ બહુ ઊંઘ્યા કરે તો આપણે એમ કહીએ કે આ પ્રમાદી માણસ છે, ઊંઘ્યા જ કરે છે. કાંઈ કામ કરતો નથી. અહીંયાં તો મુનિજનોની પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણની પ્રવૃત્તિને પ્રમાદ કહ્યો છે. અને પોતાના સ્વરૂપસ્થિરતાને, સ્વરૂપ આચરણની પરિણતિને, દશાને અપ્રમાદ, અપ્રમત્ત દશા કહી છે.

**'મુનિજનો નિરંતર સ્વરૂપ સેવન કરે છે.'** એટલું બધું એમને પોતાનું સ્વરૂપ પૂર્ણ કરવાનું અંદરમાં પુરુષાર્થનું જોર છે કે એ જોરને વશ નિંદ્રા પણ ઓછી થઈ જાય છે. બીજા કાર્યો તો હાથમાં લેતા નથી, પણ મન, વચન, કાયાના યોગે જે પ્રવૃત્તિ થાય એને અઠ્યાવીશ મૂળગુણમાં વહેંચી છે. બાહ્ય સંયમની પરિસીમા નક્કી કરીને એની વહેંચણી કરી છે. અઠ્યાવીશ મૂળગુણમાં એની વહેંચણી કરી છે. આ મર્યાદામાં જ મુનિરાજ બાહ્ય પ્રવૃત્તિમાં હોઈ શકે. તેથી વધારે બાહ્ય પ્રવૃત્તિમાં મુનિરાજ પ્રવર્તે નહિ. તો પ્રમત્ત ગુણસ્થાન છે એ પણ છૂટી જાય. એટલે એ પ્રશ્ન નથી રહેતો. પણ **'નિરંતર સ્વરૂપસેવન કરે છે.'** આ એમનું કાર્ય છે અને એ કાર્યને વશ એમની નિંદ્રા પણ ઘટી જાય છે. પાછલી રાત્રિમાં એટલે કે બાર વાગ્યા પછીની રાત્રિમાં .. .. કે શયન કરતા નથી. એમાં પણ નિંદ્રા પણ એકધારી આવતી નથી. પુરુષાર્થ એટલો બધો તીવ્ર છેકે સૂતા સૂતા પણ અનેક વાર જાગૃતિમાં આવે છે અને નિર્વિકલ્પ થઈ જાય છે. એવી વારંવાર આવતી નિર્વિકલ્પ દશામાંથી બહુ તીવ્ર જોર થાય છે ત્યારે અંતર્મુહૂર્તની શ્રેણીની દશામાં આરૂઢ થાય છે. અને ઉત્તરોત્તર ચડી .. એકદમ .. છે. એ પહેલાની દશા પણ ઘણી અદ્‌ભુત છે. નિંદ્રા પણ બહુ જ આછી. ઘડીમાં આવે ઘડીમાં ઊડી જાય. ઊડી જાય ત્યાં નિર્વિકલ્પ દશામાં આવે. સૂતા સૂતા પણ નિર્વિકલ્પ દશામાં આવે છે.

મુનિરાજનો પદ્માસને, ખડગાસને ધ્યાન હોય ત્યારે જ નિર્વિકલ્પ દશા આવે એવો કાયાનો પ્રતિબંધ નથી. નીચેના ગુણસ્થાને સામાન્યપણે અન્ય પ્રવૃત્તિમાં શુદ્ધોપયોગની .. નથી થતો. સામાન્યપણ. વિશેષપણે કોઈને થાય જુદી વાત છે. પણ મુનિરાજને એવો પ્રકાર નથી. મુનિરાજને તો કોઈપણ સ્થિતિ દેહની હોય. હાલતા, ચાલતા, ખાતા, પિતા, સૂતા, ઉઠતા, બેસતા, પ્રવચન કરતા, દેવદર્શન કરતા કે કોઈપણ પ્રક્રિયા કરતા, અઠ્યાવીશ મૂળગુણની કોઈ બાહ્ય પ્રવૃત્તિ કરતાં ક્ષણમાત્રમાં શુદ્ધોપયોગની અંદર લીન થઈ જાય છે. એવું જ મુનિનું ભાવલિંગ સ્વરૂપ છે. એવા જ મુનિઓને મુનિ તરીકે સ્વીકારવામાં આવે છે. એવી અંતરંગ મુનિદશા ન હોય એને મુનિ તરીકે સ્વીકારવામાં સાચા મુનિનો નિષેધ થઈ જાય છે, અજાણપણે.

જેમ કે કોઈ ખોટા માણસને Support કરતા સાચા માણસનો નિષેધ થઈ જ જાય છે. સીધો ભલે નિષેધ ન કરો. પ્રમાણિક માણસ અને એક અપ્રમાણિક માણસ છે. અપ્રમાણિક માણસના વેપારને તમે મદદ કરો તો પ્રમાણિક માણસનો વેપાર માર્યો જાય. એને હાનિ પહોંચવાની જ છે. એ એની સાથે Competition નહિ કરે. એમ જે આવા ભાવલિંગી મુનિ છે એવા ભાવલિંગી મુનિને જ મુનિ તરીકે સ્વીકારી ... એ સિવાય મુનિવેશ હોય તોપણ મુનિને યોગ્ય બહારની દીક્ષામાં એ... અને જો સ્વીકારવામાં આવે તો સાચા મુનિનો નિષેધ થઈ જાય.

જેમ કુદેવને સ્થાપતા સર્વજ્ઞ વીતરાગદેવનો નિષેધ આપોઆપ છે એમ. એવી રીતે. સીધો નિષેધ ભલે ન થતો હોય. અન્યમતિઓ કાંઈ સીધો જૈનમતનો નિષેધ નથી કરતા, જિનેન્દ્રદેવનો નિષેધ નથી કરતા. એવું નહિ. કેટલાક તો એમ કહે વળી કે અમે અમારા કુળદેવને તો દર્શન-પૂજન કરીએ, તમે કહો તો તમારા દેવના દર્શન-પૂજન કરીએ. અમને કાંઈ વાંધો નથી. તો પછી એણે ક્યાંથી વીતરાગદેવનો નિષેધ કર્યો ? એવો કોઈ પ્રશ્ન કરે.

જે કુદેવની સ્થાપના કરી એ જ વખતે વીતરાગદેવનો એણે નિષેધ કર્યો. પછી ભલે પૂજા કરવા આવે તોપણ. તમને કોઈ પહેલા કોઈ ગાળ આપી દે કે અપમાન કરી દે પછી જમવા બોલાવે તો જાવ કે નહિ ? આ તો .. ફરીને ગાળ ખાવી નથી એમ કહે. મારે જમવા આવવું નથી. કેમકે હું જમવા આવીશ તો પહેલા એક આપી છે, હવે જમાડ્યા પછી કદાચ બે-ચાર પણ લાગી જશે. સમજદાર માણસ તો ના જ પાડશે. કે જે માણસ ગાળ આપી અપમાન કરે એના ઘરે આમંત્રણ આપે તો સ્વીકારતો નથી. એક અપમાન કરે ને ? આ સગાસગામાં નથી બનતું ? ઉચિત સન્માન ન આપે તો અપમાન ગણે છે. એના આમંત્રણનો સ્વીકાર નથી કરતો. એ ભલે આમંત્રણ પત્રિકા મોકલી. બીજા ભાઈને ત્યાં કહેવા ગયા અને મારે ત્યાં કહેવા ન આવ્યા અને આમંત્રણ પત્રિકા મોકલી દીધી. ચાર ભાઈઓ હોય, એક ભાઈને ત્યાં પ્રસંગ હોય. એને ત્યાં કહેવા જાય અને બીજા ભાઈને ત્યાં જરાક બનતું હોય ઓછું તો ત્યાં પત્રિકા મોકલી દયોને ભાઈ, ત્યાં કહેવા જાવું નથી. તો એ જમવા

આવે ? એ આમંત્રણ નથી સ્વીકારતો. કેમકે એમાં એ સમજી જાય છે કે મારો આણે નિષેધ કર્યો છે. હું કેવી રીતે જમવા જાઉં ?

એમ જે કુદેવને સ્થાપે છે, મુનિરાજ નથી એને મુનિરાજ તરીકે એની વંદન, પૂજા કરે છે ... તો એમાં સાચા દેવ-ગુરુ અને સાચા મુનિનો નિષેધ થઈ જાય છે. અજાણપણે થઈ જાય છે. જાણીબુઝીને કોઈ એવું ન કરે તોપણ અજાણપણે એમાં આવી જાય છે. એ ...

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપમાં રમણતા કરતાં બાહ્ય પ્રવૃત્તિમાં આવે છે એ પ્રમાણ છે. જ્યારે પોતે મુનિદીક્ષા અંગીકાર કરે છે ત્યારે મુનિદીક્ષા વખતે પ્રતિજ્ઞા લ્યે છે. અનેક જાતની પ્રતિજ્ઞાઓમાં આ પણ એક પ્રતિજ્ઞા છે કે હવેથી હું નિરંતર સદાય શુદ્ધોપયોગમાં જ રહીશ. આવી પ્રતિજ્ઞા (લ્યે) છે. અને સીધા જ મુનિદીક્ષા અંગીકાર કરે છે એ ભેગા જ શુદ્ધોપયોગમાં આવી જાય છે. સપ્તમ ગુણસ્થાને આવે છે. ચોથે કે પાંચમે હોય દીક્ષા વખતે, દીક્ષાની વિધિ વખતે. જેવું દીક્ષા પૂરી કરીને પ્રથમ ધ્યાનસ્થ અવસ્થામાં આવે એટલે સપ્તમ ગુણસ્થાનમાં આવે. એ સપ્તમમાંથી છઠ્ઠે આવે એ પ્રમાદને કારણે આવે છે, એમ કહે છે. એનું નામ પ્રમત ગુણસ્થાન પાડ્યું છે. નહિતર ચોથા અને પાંચમા ગુણસ્થાન કરતાં અસાધારણ ઊંચી દશા છે છઠ્ઠે ગુણસ્થાને. કેટલી ? બાહ્ય સંયમ પણ પૂરેપૂરો છે. છઠ્ઠા ગુણસ્થાનનો બાહ્ય સંયમ પૂરો છે અને છઠ્ઠા ગુણસ્થાનમાં જે શુદ્ધાત્મ પરિણતિ છે એ પણ ચોથા અને પાંચમા ગુણસ્થાનથી પણ ઘણી ઊંચી છે. તોપણ એનું નામ પ્રમત ગુણસ્થાન (છે). અવગુણનું નામ આપ્યું છે એને. ગુણનું નામ નથી આપ્યું. નામ પાડ્યું છે અવગુણવાચક. પ્રમાદ તે અવગુણ છે. અવગુણવાચક નામ પાડ્યું છે. એટલે એમાં .. છે ... મુનિરાજ તો શુદ્ધોપયોગમાં...

'ભરત' મહારાજા દીક્ષા અંગીકાર કર્યા પછી સપ્તમ ગુણસ્થાનમાં આવ્યા પછી છઠ્ઠા ગુણસ્થાનમાં જ ન આવ્યા. પ્રમાદમાં જ ન આવ્યા. જેવા સપ્તમ ગુણસ્થાનમાં લીન થયા તે સપ્તમ ગુણસ્થાનથી સીધી શ્રેણી માંડી અને અંતર્મુહૂર્તમાં કેળવજ્ઞાનને પામ્યા. ન છઠ્ઠા ગુણસ્થાનમાં આવ્યા, ન મુનિયોગ્ય અઠ્યાવીશ મૂળગુણની પ્રવૃત્તિમાં આવ્યા.

વ્યવહાર ચારિત્ર...

... જેને સ્વાનુભવ પ્રગટ થાય છે એને શાસ્ત્ર અધ્યયનનું બંધન નથી. શાસ્ત્ર પઢને કી અટક નહીં હૈ. એવો શબ્દ એમણે વાપર્યો છે. એને સત્શાસ્ત્રો રોજ વાંચવા જોઈએ, એણે રોજ જિનેન્દ્ર દર્શન કરવા જોઈએ, એણે ફલાણો વ્યવહાર આમ કરવો જોઈએ એ એને બંધન નથી. એને પરમેશ્વર મળી ગયા. એ પોતાના સ્વરૂપમાં લીન થયો અને સ્વરૂપમાં લીન થવાના પ્રયત્નમાં પડ્યો છે હવે. તો એને બાહ્ય ક્રિયાનું કોઈ બંધન નથી રહેતું. બાહ્ય ક્રિયાનું એને બંધન નથી. વિકલ્પ ઊઠે સહજ, કોઈ વાંધો નહિ, ન ઊઠે તોપણ વાંધો નહિ.

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં તો એથી વધારે વાત કરી દીધી. બહુ સૂક્ષ્મ વાત છે જરા. લાગે ઉપરથી સ્થૂળ, પણ સૂક્ષ્મ વાત છે થોડી. એક વાત લીધી છે 'રામચંદ્રજી'ના દૃષ્ટાંતની. 'રામચંદ્રજી'એ 'સીતાજી'ને વનમાં મોકલી દીધા. સારથીને કીધું, તું એને વનમાં મૂકી આવ. જંગલમાં છોડી દે. ત્યારે 'સીતાજી' માત્ર એમના પત્ની નહોતા પણ એક સાધર્મી પત્ની હતી. પોતે પણ સમ્યગ્દૃષ્ટિ છે અને 'રામચંદ્રજી' પોતે પણ સમ્યગ્દૃષ્ટિ છે. એટલે સાધર્મીનો પ્રેમ તો કુટુંબપ્રેમ કરતાં વિશેષ હોય છે. હવે લોકની અંદર એવી એક પરિસ્થિતિ ઊભી થઈ.

'પદ્મપુરાણ'માં એવી વાત આવે છે. આ પુરાણમાં આવે છે એથી ત્યાં વાત જુદી આવે છે. 'રામચંદ્રજી' પોતે પણ રાજકાર્યમાંથી નિવૃત્તિ લેતા હતા. જેમ 'શ્રીમદ્જી' નિવૃત્તિ લેતા હતા વેપારમાંથી, એમ એ પણ રાજકાજમાંથી નિવૃત્તિ લઈ અને અયોધ્યાની બહાર જે વન ઉપવન હોય એની અંદર ચાલ્યા જતા હતા. ગૃહસ્થદશામાં. અને ત્યાં પોતાનો સ્વાધ્યાય, જ્ઞાન, ધ્યાન અને ધાર્મિક પ્રવૃત્તિમાં કેટલોક સમય ગુજારતા હતા. એવી રીતે કેટલોક સમય એ અયોધ્યામાંથી ગેરહાજર હતા. અને ઉપવનમાં અયોધ્યાની બહાર જતા. ત્યારે અયોધ્યાની અંદર કોઈ અંદરોઅંદર લોકોની અંદર એક પ્રવૃત્તિ ચાલવા માંડી, કે કોઈ એવા અનિશ્ચિત બનાવ બને ત્યારે પુરુષ એની સ્ત્રીને કાઢી મૂકે. આ સ્ત્રીની ચાલ બરાબર નથી તો એને કાઢી મૂકે અને એમાંથી કાંઈક ઝઘડો થાય, તકરાર થાય, પંચ ભેગું થાય ત્યારે પેલો 'રામચંદ્રજી'નો દાખલો દે કે હું કાંઈ 'રામ'ની જેમ ઘરમાં રાખવા તૈયાર નથી. રામે ભલે રાખવા તૈયાર

થયા. પણ હું નહિ રાખું. એવો કોઈક કડક સ્વભાવનો માણસ હોય. એમ ક્યાંક ક્યાંક એવા પ્રસંગો બનવા માંડ્યા.

જે પંચ હતું એને એમ થયું કે આ એક ખોટો શિરસ્તો પડી જાય છે. આ એક લોકની બોલણી, એક લોકવ્યવહાર થઈ જશે, એક પ્રથા પડી જશે આ તો. લોકોની અંદર આ પ્રથા પડે તો જે રામરાજ્ય જેને કહીએ છીએ, 'રામચંદ્રજી' જે રાજ્ય કરતા હતા એ બહુ જ શુદ્ધ નીતિનું રાજ્ય હતું અને એની અંદર ઉપદ્રવ નહોતો ક્યાંય. કોઈને ઉપદ્રવ થાય એવો પ્રકાર નહિ. ન્યાય નીતીની અંદર બહુ નિપુણ હતા, અતિશય કુશળ હતા. અત્યારે તો Supreme judge ને એની પાસે એકડીયામાં બેસાડવા પડે. એટલી બધી એ વિષયની એમની તીક્ષ્ણ બુદ્ધિ હતી. એટલે ન્યાયના રાજકાજમાં રામરાજ્ય આજે એક બોલણી થઈ ગઈ છે કે રાજ હોય રામરાજ્ય જેવું રાજ (હોય) એને રાજ્ય કહીએ. બાકી બધી સમજવા જેવી વાત છે. એમ આ એક બોલણી ઊભી થાય એવી હતી. અને એ માત્ર એટલા માટે કે એવો પ્રસંગ બની ગયો કે 'સીતાજી'નું હરણ થયા પછી 'સીતાજી'ને પાછા 'રામચંદ્રજી' લઈ આવ્યા અને અયોધ્યામાં રહ્યા.

ઈતિહાસ ચોખ્ખો હતો તોપણ લોકોના મોઢે તાળા બંધાય નહિ, લોકોને પહોંચાય નહિ. એટલે જે પંચના મહાજન હતા એ લોકો પણ બુદ્ધિશાળી માણસો હોય છે, જે ફેંસલો કરે છે. આપસની અંદર જે સમાધાન કરાવી દે છે એ પણ બુદ્ધિશાળી માણસો હોય છે. એ લોકોને ખૂંચવા માંડે છે વાત. આ જો એક પ્રથા થઈ ગઈ તો હજારો વર્ષ સુધી આ બોલી બોલાશે. અને આ તો મોટો ડાઘ છે. 'રામચંદ્રજી' જેવા પુરુષોત્તમ પુરુષ અને એને આ ડાઘ લાગે ! એ લોકોનું મન ખુબ દુઃખાતુ હતું. કરવું શું ? એ લોકોને ક્યાંય રસ્તો નહોતો જડતો. આનું શું કરવું ? આ તો 'રામચંદ્રજી'ને કહેવાય નહિ અને આપણે સહેવાય નહિ. એવી પરિસ્થિતિમાં એ લોકો મુકાણા.

પછી બધાએ મળીને વિચાર કર્યો, કહેવું તો ખરું. પછી મહારાજાને યોગ્ય લાગે તે કરશે. પણ પોતે અજાણ્યા છે અને એમને ખબર નથી કે લોકોની અંદર આવું પણ બોલાય છે તો એમના ધ્યાન ઉપર વાત મૂકી દેવી જોઈએ. પછી એમણે શું કરવું ? આપણી જવાબદારી પૂરી થઈ

જાય છે. અને નહિતર આપણને બોજો રહ્યા કરશે આ વાતનો. અથવા આપણને ભવિષ્યમાં પણ એમ કહેશે કે તમે મને કેમ ન કહ્યું ? તમે ભૂલ કરી છે. મને તમે જણાવ્યું નથી આ તમે ભૂલ કરી છે. એ વાત ઊભી થશે આપણા માટે. એટલે આપણે આપણા માથેથી આપણી જવાબદારી પૂરી કરી લઈએ. પછી જવાબદાર આપણે નથી રહેતા.

એ લોકો ત્યાં ઉપવનમાં આવે છે. જ્યાં 'રામચંદ્રજી' હોય છે ત્યાં આવીને બેસે છે. કેમ આવવું થયું ? પણ કોઈ બોલી શકતા નથી. અહીંથી નક્કી કરીને જાય છે કે આપણે કહેવું. પણ પાંચમાંથી બોલે કોણ ? 'રામચંદ્રજી'ની પ્રતિભા હતી એવી. એ તો ચરમશરીરી હતા અને એટલા પુણ્યવંત હતા. પ્રતિભા પણ એવી હતી. એમની આવી વાત જે અનુચિત હતી ખરેખર તો. પાછી કોઈ ઉચિત વાત નહોતી. ખરેખર તો વાત તો ખોટી હતી. પણ છતાં એવી વાત કહેવી કેવી રીતે કે લોકો આમ કહે છે. એટલે મૂંઝાય છે.

'રામચંદ્રજી' કહે છે કે તમે કોઈપણ જાતના સંકોચ વગર તમારે જે કહેવું હોય તે કહો. આમાં કાંઈ તમારે બિલકુલ આ બાબતમાં સંકોચ રાખવાની જરૂર નથી. પછી એ વાત કહે છે કે આવું એક બને છે. અને આ બોલણી જો ચાલુ રહી જાય તો આપની કીર્તિને કાયમને માટે કલંક રહી જાય એ અમને પોસાતું નથી. નિવેદન કરવા આવ્યા છીએ. 'રામચંદ્રજી'એ પણ વિચાર કર્યો. એમની જે વિચારની પરિસ્થિતિ છે એ તો બહુ વ્યાજબી છે. કરવું શું ? એ પણ ખુબ મૂંઝાય છે. ઘણું મંથન એને પણ ચાલે છે. 'પદ્મપુરાણ'ની અંદર એ બધો વિષય ચાલ્યો છે. 'જિનસેનાચાર્ય'નું કે કોઈ આચાર્યનું રચેલું છે. 'રવિષેણ આચાર્ય', 'રવિષેણ આચાર્ય'નું છે. પછી આ નિર્ણય લ્યે છે.

'સોગાનીજી'એ જે વાત લીધી છે એ બહુ સૂક્ષ્મ લીધી છે કે જુઓ..! આપણે જે મુદ્દો છે, Pinpoint વાત તો એ છે કે ધર્માત્માને પણ વિકલ્પ આવે તે આવે. એનું બંધન નથી એને. જો સાધર્મીનો અને લૌકિકનો... સાધર્મી છે એ અલૌકિક સંબંધિત વ્યક્તિ છે અને રાજ્યના જેટલા લોકો છે અને રાજ્ય છે તે લૌકિક સંબંધિત વ્યક્તિ છે. છતાં એમણે લોકોને અન્યાય નથી કર્યો. સાધર્મીને અન્યાય કર્યો છે. ન્યાયના દૃષ્ટિકોણથી વિચારીએ તો. 'સીતાજી'નો શું ગુનો હતો ? એ તો નિર્દોષ

અને પવિત્ર હતા. એને સજા ભોગવવાની શું જરૂર ? છતાં એણે એક નિર્ણય એવો લીધો કે એને જંગલમાં મૂકી આવો.

મુમુક્ષુ :- પવિત્રતાની કસોટી પણ કરી લીધી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- બધું થઈ ગયું હતું. પવિત્રતાની કસોટી કરી હતી. ન કસોટી કરે તોપણ એમને તો અંતરમાં ૧૦૦% ની ખાત્રી હતી. પણ લોકોની દૃષ્ટિએ કોઈ લોકવાયકા ઊભી ન થાય એટલા માટે એ અગ્નિપરીક્ષાની કસોટી કરી હતી. છતાંય લોકો બોલતા હતા. લોકોમાં કાંઈ અવળાઈ ઓછી નથી હોતી. છતાંય લોકો બોલતા હતા. તો એને પણ એમણે ન્યાય આપ્યો છે.

એમણે શું લીધું છે ? આમાં જે વાત મુદ્દાની સમજવાની એ છે. જેમ ભાઈએ કીધું ને કે એને પ્રમત્ત ગુણસ્થાન કેમ (નામ આપ્યું) ? પ્રમાદ શું કરવા મુનિરાજને કહે છે ? કે વિકલ્પની જે સ્થિતિ છે એમાં ગુણસ્થાન યોગ્ય જે વિકલ્પ છે એ મર્યાદામાં રહીને કોઈપણ વિકલ્પ આવે છે. ચોથા ગુણસ્થાને આ પરિસ્થિતિ 'રામચંદ્રજી'ની બની કે જેને લઈને એમણે સાધર્મીને અન્યાય કર્યો અને લૌકિક માણસોને ન્યાય કર્યો. તમે એમ કહો છો તો ચાલો હવે હું આ સ્ત્રીનો આજથી ત્યાગ કરી દઉં છું. અને ત્યાર પછી એમણે ત્યાગ કર્યો છે એ ત્યાગ જ કર્યો છે.

કારણ કે પછી તો એ પોતે તો સમાધિમરણ કરી લે છે ને ? આમાં અન્યમતિમાં એમ આવે છે કે ધરતીમાં સમાઈ જાય છે. એવી રીતે આવે છે. લવ-કુશના યુદ્ધ પછી પોતે આવતા નથી. 'રામચંદ્રજી' એ લવ-કુશના યુદ્ધ પછી દીક્ષા ધારણ કરી લે છે. પોતે ચરમશરીરી છે. એટલે ચાલ્યા જાય છે મોક્ષમાં-નિર્વાણમાં. 'સીતાજી' સ્વર્ગમાં ચાલ્યા જાય છે.

પરિસ્થિતિ શું છે ? કે વિકલ્પ ક્યારે કેવો આવે એનો કોઈ મેળ નથી. એમ કહીને એમ કીધું છે કે બાહ્યદૃષ્ટિએ કોઈ વિકલ્પ જ્ઞાની પુરુષનો તને અનુચિત લાગે, ન સમજાય, તારી બુદ્ધિ સ્વીકાર ન કરે તોપણ તું સમાધાન કરી લેજે. એમ કહેવું છે એની અંદર. કેમકે એ સહજ સ્થિતિ છે. જ્ઞાનીની એ સહજ સ્થિતિ છે. સહેજે જે વિકલ્પ આવી ગયો તે આવી ગયો. બસ. એની સાથે લગવાડ નથી, પોતાને લગવાડ નથી. જે વિકલ્પની સાથે એમને લગવાડ નથી એ વિકલ્પને તું

કેમ ચોંટે છો ? કે આમ કેમ ને તેમ કેમ ? એણે છૂટો મૂકી દીધો, તું છૂટો મૂકી દે. સરસ વાત લીધી છે. એ બંધન નથી એને.

મુમુક્ષુજીવ ધાર્મિક વાતની મુખ્યતા ન કરે અને લૌકિક વિષયની મુખ્યતા કરે તો નુકસાન થાય. મુમુક્ષુજીવ, મુમુક્ષુની ભૂમિકામાં વિવેક ન કરે અને ધાર્મિક વિષયને ગૌણ કરે અને લૌકિ વિષયને મુખ્ય કરે એટલું એને નુકસાન થાય. જ્ઞાનીપુરુષને એ બંધન નથી, એમ કહેવું છે.

મુમુક્ષુ :- મુમુક્ષુને એ પ્રમાદ છે.

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુને એ અવિવેક છે. અવિવેક છે અને પ્રમાદ છે. જ્ઞાની અવિવેકમાં નથી. જે પોતાના શુદ્ધ ચૈતન્યમાં જાગૃત છે એવા જ્ઞાની એ અવિવેકમાં નથી ઊભા. ભલે કોઈ કાળે એવું લાગે કે આ વિવેક નથી એમનો, તોપણ તે અવિવેકમાં નથી ઊભા એની ખાત્રી રાખવી. એમાં નિઃસંદેહ રહેવું, નિઃશંક રહેવું. એમ કહેવાનો અભિપ્રાય છે ત્યાં. ચર્ચા ચાલી છે ત્યાં એમ કહેવાનો અભિપ્રાય છે કે તું નિઃશંક રહેજે. બાહ્યદષ્ટિએ કોઈવાર આવું થાય તો તું ભૂલ નહિ કરતો. એમ કહેવું છે. બીજાને ઉપલક દષ્ટિએ એમ લાગે કે 'રામચંદ્રજી'એ ઘોર અન્યા કર્યો. 'સીતાજી' પાછા એ વખતે સગર્ભા અવસ્થામાં હતા. લવ-કુશ બે બાળક ગર્ભની અંદર-પેટની અંદર હતા. અને જે જંગલમાં છોડી મૂક્યા એ જંગલમાં છોડી મૂક્યા એમાં બહુ મોટુ જોખમ હતું. જંગલી પ્રાણીઓ હતા, જંગલી માણસો વસતા હતા. સ્ત્રીપર્યાયમાં તો ઘણું જોખમ થઈ જાય. તોપણ એવી જ રીતે એમને મૂકી દીધા છે. એમને એવો વિકલ્પ પણ ઊઠી ગયો છે એકવાર કે મને કોઈ ધાર્મિક આશ્રમમાં મૂકી દીધી હોત તો સારું હતું કે જ્યાં આર્જિકાઓ વસતી હોય. એવી કોઈ જગ્યાએ મને ધાર્મિક આશ્રમમાં છોડી દીધી હોત તો વાંધો નહોતો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલા તો શું છે કે એમને બધી યાત્રા કરાવે છે. પછી છોડી મૂકે છે. એ વખતે પોતે એમ કહે છે કે ભલે જે કર્યું તે પણ મને 'રામચંદ્રજી'માં વિશ્વાસ છે કે એમના હૃદયમાં મારા પ્રત્યેનો જે પ્રેમ છે એમાં અણુમાત્ર પણ ફેરફાર થયો નથી એની મને ખાત્રી છે. એ શબ્દો એ કહેવરાવે છે.

મુમુક્ષુ :- 'રામચંદ્રજી'ને એ પણ કહેવાય છે ને કે ધર્મમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. મને છોડી એનો કોઈ મને વાંધો નથી પણ લૌકિક કારણવશ ધર્મત્યાગ ન થાય એટલું લક્ષમાં રાખવું. પોતે સાધર્મી છે ને. લૌકિકકાર્ય વશ મારો ત્યાગ કર્યો મને એનું એટલું દુઃખ નથી પણ લૌકિક કાર્યવશ કદી પણ ધર્મનો ત્યાગ ન થાય. જોકે એ તો ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતા. ત્યાગ થવાનો પ્રશ્ન નથી એમના માટે. પણ છતાં એમણે એ ભાવના ભાવી છે એમના માટે. પ્રેમ છે ને પોતાને. છે ને 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે. આમાં નીચે આવે છે. ૨૬૧. ૫૬માં પાને.

પ્રશ્ન છે. **'સીતાજી સાધર્મી થી ઔર પત્ની ભી થી તો ભી રામચંદ્રજીને લૌકિકજનોં કી મુખ્યતા કરકે વાત્સલ્ય અનુરાગ કો ભી ગૌણ કર દિયા ઐસા કૈસે ?'** અચ્છા વાત્સલ્ય અનુરાગ આવે છે. સાધર્મી પ્રત્યે વાત્સલ્ય અનુરાગ હોય છે. લૌકિકજનો પ્રત્યે એટલો વાત્સલ્ય અનુરાગ ન હોય ધર્મીને. અને આઠ અંગમાં આ એક અંગ છે સમ્યગ્દર્શનનું. વાત્સલ્ય અને પ્રભાવના. સાતમું અંગ છે વાત્સલ્યનું. તો વાત્સલ્ય અનુરાગ કો ભી ગૌણ કર દિયા ? આ પ્રશ્ન ઉઠાવ્યો છે. પ્રશ્નકારે એ પ્રશ્ન કર્યો છે.

**'ઉત્તર :- દેખો ! ઈસસે યહી સિદ્ધ હુઆ કિ...'** પોતે તાત્ત્વિક Line ઉપર વયા ગયા સીધા જ. **'ઈસસે યહી સિદ્ધ હુઆ કિ ધર્મી કો વાત્સલ્ય રાગ હી મુખ્ય હોતા હૈ ઐસા નહીં હૈ.'** મુમુક્ષુને નુકસાન થઈ જાય. એને વાત્સલ્ય રાગ મુખ્ય થાય એવું નથી. સામાન્ય રીતે એની મુખ્યતા હોય છે લૌકિક કરતા. અભિપ્રાયમાં એ વાત છે. ઉપયોગમાં એવું ન પણ બને. અભિપ્રાયમાં ફેર ન પડે. અભિપ્રાયમાં વાત્સલ્ય જ મુખ્ય હોય. ક્યારેય બીજો ફેર ન પડે જ્ઞાનીને. પ્રવૃત્તિમાં આચરણની અંદર કોઈવાર ઊલટું દેખાય. એવો ફેર પડે. તો એનો અભિપ્રાય ફરી ગયો છે એવી ભૂલ તું કરીશ નહિ, એમ કહે છે. વાત્સલ્ય એમ કેમ છૂટી ગયું ? એમ જે પ્રશ્ન ઉઠાવ્યો છે. તો કહે છે, નહિ, વાત્સલ્ય અંગ નથી છૂટ્યું એને.

એટલે શું છે, જે 'કૃપાળુદેવ' કહે છે વાતે વાતે કે જ્ઞાનીને ઓળખવા બહુ દુર્લભ છે, અતિ અતિ દુર્લભ છે એનું આ કારણ છે કે આવી અટપટી દશા ઊભી થાય છે. અટપટા પ્રસંગો ઊભા થાય છે કે જેની અંદર તમને એમ લાગે કે આ જ્ઞાની ! આવા જ્ઞાની ! હોય જ્ઞાની !

એમ લાગે. હાથમાં તરવાર હોય અને સમરાંગણમાં લડતા હોય. ત્યાં સુધીની દશા છે.

**'દેખો ! ઈસસે યહી સિદ્ધ હુઆ કિ ધર્મી કો વાત્સલ્ય રાગ હી મુખ્ય હોતા હૈ ઐસા નહીં હૈ. કભી કૈસા રાગ આ જાયે ! ઔર કભી ક્યા (દૂસરા) રાગ આ જાયે !'** એ તો ગમે તે રાગ વિકલ્પ ઊઠી જાય છે. એનો અભિપ્રાય ફેર નથી થતો. પણ અભિપ્રાય વિરુદ્ધ પણ રાગ આવી જાય છે. કેમકે અવિરત છે. આ અવિરતદશા છે. અભિપ્રાય બીજો અને ઉપયોગ બીજો, રાગની સાથે. એ પરિસ્થિતિ આવે ખરી. આવે. તું ભૂલો પડીશ નહિ, એમ કહેવું છે. આવી ચર્ચા લેવાનું શું કારણ છે ? આ કારણ છે એની પાછળ. વાત તો એ કથાનુયોગની સામાન્ય છે. પણ હવે આ ચર્ચાને તાત્ત્વિકદષ્ટિએ આમાં શું કરવા લેવી જોઈએ ? આ તાત્ત્વિક ગ્રંથ છે. આની અંદર તાત્ત્વિક મુદ્દો છે આ કે જ્ઞાનીને ઓળખવામાં જે ભૂલ કરે છે એ આવી ભૂલ કરે છે. આવા વખતે ભૂલ કરી જાય છે. એ નહિ થવી જોઈએ.

મુમુક્ષુ :- જીવની વધારે માં વધારે ભૂલ એ થાય છે કે પોતાના અભિપ્રાયને પણ તપાસતો નથી અને...

પૂજ્ય ભાઈશ્રી :- એટલી ઊંડી નજર નથી. જ્ઞાનીના અભિપ્રાયથી જ્ઞાનીનું સ્વરૂપ સમજી શકે, જ્ઞાનીનું સ્વરૂપ સમજી શકે એટલી ઊંડી નજર નથી. એટલે બાહ્યાચરણ ઉપર એ પોતે નિશ્ચય કર્યો હોય તોપણ ફરી જાય છે. કોઈવાર એવું બને છે કે કોઈ મુમુક્ષુએ નિશ્ચય કર્યો હોય. તો નિશ્ચય કર્યો હોય એ પણ ફરી જાય. કેમકે નિશ્ચય બળવાન ન હોય. તો આવો કોઈ પ્રસંગ ઊભો થાય ત્યારે એ નિર્બળ અથવા અધૂરો થયેલો, અપરિપક્વ નિર્ણય હોય એમાં ગોથું ખાઈ જાય કે નહિ, જ્ઞાની આવા ન હોય. કાંઈક આપણી ભૂલ થઈ ગઈ હતી. બાકી જ્ઞાની આવા ન હોય. એમ થાય છે.

મુમુક્ષુ :- સામે સામે ઉદયમાં આવી જાય તો...

પૂજ્ય ભાઈશ્રી :- તો ગડબડ થઈ જાય.

આ એક બહુ સારો મુદ્દો લીધો છે. **'દેખો ! ઈસસે યહી સિદ્ધ હુઆ કિ ધર્મી કો વાત્સલ્ય રાગ હી મુખ્ય હોતા હૈ, ઐસા નહીં હૈ.'** અભિપ્રાયમાં વાત્સલ્ય જ મુખ્ય હોય છે. પણ રાગમાં એ જ રાગ

મુખ્ય થઈ જાય એવું ન બને. ક્યારે કેવો રાગ થાય અને ક્યારે કેવો રાગ થાય, નિયમ નથી એને. નિયમ નથી અને એનું એને બંધન પણ નથી. એમ થતાં એનું ગુણસ્થાન નથી છૂટતું, એની જ્ઞાનદશા નથી છૂટતી, જ્ઞાનદશામાં ફેર નથી પડતો, એમ કહે છે.

મુમુક્ષુ :- વાત્સલ્ય દૃષ્ટિ તૂટી જાય. સમ્યગ્દર્શનનું અંગ છે. અંગ તૂટી જાય તો સમ્યક્ તૂટી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એને સમ્યક્ત્વમાં તો કોઈ અંગ છૂટે જ નહિ. એ તો અખંડ જ રહે છે. ક્યારેય સમ્યક્ત્વ ખંડિત થતું નથી. ખંડિત હોતું નથી, ખંડિત રહેતું નથી. માટે એક અંગ છૂટે તો આખું છૂટી જાય. એટલે અંગ નથી છૂટતું. આ તો ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતા. નહિતર લોકો માને નહિ. ક્ષયોપમશમ હોય તો વિદ્વાનો શું કહે ? એ વખતે છૂટી ગયું હશે. પછી થઈ જતું હશે.

(એક મુમુક્ષુએ) આ દલીલ મારી પાસે કરી હતી. 'ગુરુદેવ'ને પણ ક્ષયોપશમ છે ને. તમને શું ખબર પડે કે ક્યારે છૂટી જતું હોય અને ક્યારે આવી જતું હોય. એવું છે. એ બહુ કઠણ છે. જ્ઞાનીપુરુષની એક તો ઓળખ થવી દુર્લભ છે, નિર્ણય થવો દુર્લભ છે અને નિર્ણય થયા પછી નિર્ણયમાં ટકવું એ એથી વધારે દુર્લભ છે.

મુમુક્ષુ :- અભિપ્રાય નિશ્ચિત છે. અભિપ્રાયમાં કાંઈ ફેરફાર નથી. પ્રવૃત્તિમાં એના રાગમાં ફેરફાર...

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાય વિરૂદ્ધ પણ રાગનું આચરણ છે એ ચોથા ગુણસ્થાને સંભવિત છે, એમ કહેવું છે. સંભવિત છે ને હોય છે ને થાય છે. એને એનો પુરાણની અંદર પ્રસિદ્ધ દાખલો 'રામચંદ્રજી'નો છે. પુરાણની અંદર પ્રસિદ્ધ દાખલો છે.

એવો જ 'લક્ષ્મણજી'ના વિષયમાં છે. 'લક્ષ્મણજી'નો દેહ છૂટી જાય છે. છ મહિના સુધી ખંભે લઈને ફરે છે. છ મહિના સુધી ખાતા નથી, પીતા નથી, ઊંઘતા નથી. તું એકવાર ખા, પછી હું ખાઈશ. નહિતર હું ખાવાનો નથી. એવી રીતે. રીતસર કોઈને એમ લાગે કે આ પાગલ થઈ ગયા છે. ભાઈનું મૃત્યુ જોઈ શકતા નથી. આ પોતે પાગલ થઈ ગયા છે, ગાંડા થઈ ગયા છે. બીજું કાંઈ નથી. જ્ઞાની તો નથી, પણ સાજા માણસ પણ નથી. ગાંડા જ લાગે. એવે વખતે એનો નિર્ણય

ટકવો એ ભલભલા વિચારવાનનું પાણી ઉતરી જાય. એવો વિષય છે. આ જ્ઞાની જ છે અને જ્ઞાનદશા છૂટી નથી, એમાં ટકી રહેવું એ પરીક્ષાનો કાળ છે. પરીક્ષા થઈ જાય એવો વિષય છે. વાંચનમાં ઘણીવાર કહીએ છીએ કે એ તો અત્યારે 'ગુરુદેવ' જેવા જ્ઞાની છે તોપણ લોકો કાદવ ઉછાળે છે. 'શ્રીમદ્જી' પોતે એક શાંતમૂર્તિ, બહુ સૌમ્યમૂર્તિ હતા. તોપણ લોકો ગમે તેમ બોલી જતા. 'રામચંદ્રજી'ના વખતમાં હોય તો શું થાય ? મુમુક્ષુ હોય તો એનું ચિત્ત ફરી જાય. નહિ. આપણી કાંઈક ભૂલ થઈ ગઈ લાગે છે. એમ જ લાગે એને.

મુમુક્ષુ :- જ્ઞાનીને જો અભિપ્રાયમાં ફેર પડી જાય તો સમ્યગ્દર્શન જ ન રહે.

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શનમાં ચાલ્યું જાય.

મુમુક્ષુ :- મુમુક્ષુ ક્યાં ક્યાં કઈ કઈ જાતના પ્રમાદમાં આવી જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુ તો પ્રમાદમાં આવી જાય છે ત્યારે શું કાં તો તીવ્રરસથી પોતાના ઉદયમાં લૌકિક કાર્યમાં પ્રવર્તે છે. કાં તીવ્ર રસથી કોઈ શુભ પરિણામમાં ચાલ્યા જાય છે, શુભ પ્રક્રિયાઓમાં ચાલ્યા જાય છે. પણ તીવ્ર રસે કરીને. અને એ બંને વખતે બંનેમાંથી એક પણ વખતે એમને પોતાના સ્વરૂપનું સાવધાન થઈને, જાગૃત થઈને કાર્ય કરવું છે એનું વિસ્મરણ કરી જાય છે. પોતાની જાગૃતિ ખોઈને જે કાંઈ પ્રવૃત્તિ શુભાશુભ થાય તે બધી પ્રમાદની પ્રવૃત્તિ છે. ચોખ્ખો પ્રમાદ છે. જેટલી જાગૃતિ એટલો પ્રમાદ ઓછો. એમ સમજવું.

**'મહામુનિજનો નિરંતર સ્વરૂપસેવન કરે છે. માટે (મારે પણ) મારું ત્રૈલોક્યપૂજ્ય, સર્વોત્કૃષ્ટ પદ અવલોકી (નિજ) કાર્ય કરવું છે.'** અવલોકી એટલે અનુભવ કરીને. મારું સ્વ કાર્ય કરવું છે. મારે પણ મારું સર્વોત્કૃષ્ટ પદ કેવું છે કે જે ત્રણ લોકમાં પૂજ્ય છે, ત્રૈલોક્ય પદ છે. ત્રૈલોક્ય પૂજ્ય પદ છે. પોતાને તો પોતે પૂજવા યોગ્ય છે પણ ત્રણે લોક એને પૂજે એવું સર્વોત્કૃષ્ટ પદ છે. અને એ તો પ્રસિદ્ધ થાય છે ત્યારે ત્રણે લોક પૂજે જ છે.

**'કર્મઘટામાં મારો સ્વરૂપ સૂર્ય છૂપાયો છે.'** સ્વરૂપસૂર્ય કહ્યું એને. તેજસ્વી. અનંત જ્ઞાન દર્શનનું તેજ જેમાં ભર્યું છે. ચૈતન્યનું અનંત તેજ ભર્યું છે. એ કર્મઘટામાં છૂપાયો છે. એટલું બધું વાદળાનું આવરણ હોય

છે (કે) ધોળે દિવસે અંધારું થઈ જાય. એવી જ રીતે કર્મઘટા અંધારું છે. પોતે પોતાનો સૂર્ય છૂપાઈ ગયો છે. કર્મઘટા એટલે ખાસ કરીને ભાવકર્મની ઘટા લેવી. કારણ કે અનુભવ તો ભાવકર્મનો જ છે. દ્રવ્યકર્મ તો નિમિત્ત (છે).

**'મારા સ્વરૂપસૂર્યનો પ્રકાશ કર્મઘટાથી જરાપણ હણાયો નથી,...'** છતાં પણ જે અંદરમાં મારું સ્વરૂપ, સૂર્ય સમાન ચૈતન્યસૂર્ય છે એનો જે પ્રકાશ છે, એની જે શક્તિ છે એ જરા પણ હણાયો નથી. એમાં હાની નથી આવી. બહારમાં જે પ્રકાશ વાદળાથી આ બાજુ આવવામાં હાનિ છે. વાદળાની પેલી પાર જે સૂર્ય છે એમાં સૂર્યમાં કોઈ હાની નથી પહોંચી. સૂર્યનો પ્રકાશ વાદળાથી આ બાજુ પૃથ્વી ઉપર આવે ત્યાં હાનિ પહોંચેલી છે. ઓલી બાજુ તો સૂર્ય એવો ને એવો જ છે. એમ કહેવું છે.

**'મારા સ્વરૂપસૂર્યનો પ્રકાશ કર્મઘટાથી જરાપણ હણાયો નથી, (માત્ર) અવરોધાયલો છે.'** માત્ર તે રોકાયેલો છે. જેમ વાદળાના પટલથી એ પ્રકાશ આ બાજુ આવવામાં રોકાયેલો છે. આ Plane માં એમ જ થાય છે. ચોમાસાની અંદર ખૂબજ વરસાદ હોય. મને એક વાત યાદ છે, 'ભાવનગર'માં ૧૪ ઈંચ વરસાદ પડ્યો. પર્યુષણમાં હું 'મુંબઈ' આવતો હતો. તે દિવસે ૧૪ ઈંચ પાણી પડી ગયું હતું. એ તો બીજા દિવસે છાપામાં જોયું ત્યારે ખબર પડી કે 'ભાવનગર'માં એક દિવસમાં ૧૪ ઈંચ વરસાદ થયો. એટલા બધા ઘનિષ્ટ વાદળા હતા. એમ થયું કે આજે Plane આવશે કે કેમ ? પણ સવારની Flight (આવી). પણ એ લોકો તો વાદળામાં ચાલતા નથી. એ ઉપરનું Level પકડી લે. તો Actually અમે જે એક કલાક મુસાફરી કરી, એ વખતે આ ૩૫ Minute ની Service નહોતી. લગભગ એક કલાક લાગતો હતો. પહેલાં આવતા હતા ને ? ડાકોટા ને એ આવતા હતા ત્યારે. રીતસર તડકામાં જ ચાલતું હતું. ચોખ્ખો સવારનો તડકો હોય એ તડકામાં ચાલતું હતું. નીચે ચૌદ ઈંચ વરસાદ થાય એટલો વાદળાનો થર હતો અને એ ઠેઠ સુધી થર હતો. ચડ્યું તે ઉતર્યું ત્યાં સુધી નીચે એકધારા વાદળા જ. ક્યાંય નીચે જમીન દેખાવાનો કે દરિયો દેખાય છે એ નથી દેખાતો. તો એ ગમે તેટલો... ઉપર તો એકદમ પ્રકાશ જ છે. ઉપર જાવ તો કાંઈ નથી. આ

બાજુ એવો અવરોધ છે. આ તો સ્પષ્ટ અનુભવાય એવો વિષય છે. એક બાજુ અંધારું, એક બાજુ અજવાળું.

**'મારા સ્વરૂપસૂર્યનો પ્રકાશ કર્મઘટાથી જરાપણ હણાયો નથી, (માત્ર) અવરોધાયેલો છે. ગમે તેટલું (કર્મ)ઘટાનું જોર હોય,...'** વાદળા ગમે તેટલા હોય તોપણ તે મારા સ્વરૂપસૂર્યને હણી શકે નહિ. વાદળા ગમે તેટલા થાય નહિ. આ તો ૧૪ ઈંચ વરસાદ થયો પણ ૫૦ ઈંચ વરસાદ થાય તો એ વાદળા સૂર્યને શું કરે ? કેમકે બેના Level જુદાં જુદાં છે. જ્યાં સૂર્ય છે ત્યાં વાદળાની પહોંચ નથી, વાદળા છે ત્યાં સૂર્ય નથી. એ ક્યાંથી એને હણી શકે કે કાંઈ કરી શકે ?

**'ચેતનને અચેતન કરી શકે નહિ.'** આ ગમે તેટલા કર્મ હોય તોપણ ચેતનને અચેતન કરી શકે નહિ. આ નિગોદમાં જાય જ છે ને. જીવ નિગોદ અવસ્થાને પ્રાપ્ત કરે છે. ચેતન-અચેતન થાય છે ? કાલે આપણે ચડતા હતા (ત્યારે) ચર્ચા ચાલી. આ બધી પૃથ્વીકાય છે. મોટા મોટા પથરા છે, ડુંગરા છે એ પૃથ્વીકાય છે. કોઈ લોકો સ્વીકારે નહિ. લૌકિકમાં કોઈ સ્વીકારે નહિ કે આમાં જીવ છે. જડ તરીકે જ એની સાથેનો વ્યવહાર થાય છે. પૃથ્વીનો સમગ્ર વ્યવહાર જડની જેમ જ થાય છે. લોકો સ્વીકારે નહિ એવી અવસ્થાને જીવ ત્યાં પ્રાપ્ત થયા છે. નિગોદના અનંતા જીવો છે ત્યાં. છતાં ચેતન-અચેતન થયો નથી. ચેતન અચેતન તો થયો નથી, પણ એના અનંત સામર્થ્યને એણે અણુમાત્ર ગુમાવ્યું નથી. (અહીં સુધી રાખીએ...)

અનુભૂતિસ્વરૂપ હોવાથી, આત્મા અત્યંત પ્રત્યક્ષ છે. આત્મામાં સહજ પ્રત્યક્ષતા અનંત છે. નિરંતર વર્તતુ જ્ઞાન વેદનથી તેવી સિદ્ધિ અને પ્રતીતિ છે. પ્રત્યક્ષતાના આધારે ઉત્પન્ન પ્રતીતિ, નિઃશંકતા અને પુરુષાર્થને સહજ ઉત્પન્ન કરે છે. પ્રત્યક્ષતાના અવલંબનથી આત્મરસ પ્રચુર થાય છે, વીર્યનો ઉછાળો આવે છે. વીર્યનું સ્વાભાવિક કાર્ય સ્વરૂપ રચના છે. (અનુભવસંજીવની - ૧૦૬૩)

## તા. ૧૯-૬-૧૯૯૦, પાના નં. ૧૦-૧૧, પ્રવચન નં. ૧૬૭

મુમુક્ષુ :- ...અંદર ઊંડાણમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે એમાં અચેતન પૃથ્વી પણ કેટલીક થઈ જાય. કેટલીક ચેતન પૃથ્વી રહે છે. જ્યાં માણસનો વ્યવહાર છે, જેમ કે આ સડકો બંધાય છે, ડામરની સડક અથવા બીજી સડક થઈ જાય છે ચાલતા ચલતા એટલો ભાગ અચેતન થઈ જાય. સહેજ નીચે જાવ એટલે પાછા એ કાય જ છે એની. પૃથ્વી છે એ જીવની કાયા જ છે. જેમ આ કાયા છે એમ એ એની કાયા છે. અનંતા જીવોની કાયા છે. અનંતા અનંત કેટલા અનંતા અનંત છે. બેસુમાર સંખ્યા છે એની. કેટલી વનસ્પતિકાય. વનસ્પતિમાં તો બે છે. એક પ્રત્યેક કાય અને એક સામાન્ય કાય. જુદી જુદી છે. પણ આમાં તો કોઈ હિસાબ નથી.

આ દરિયો દેખાય છે. પાણી કાય જ છે. બીજું કાંઈ નથી. એટલા માટે જે આ પાણીમાં નહાવા જાય છે ને ? એ સમજદાર માણસો ન જાય. દરિયામાં ન્હાવા જાય છે, Swimming pool માં-બાથમાં ન્હાવા જાય છે. એમાં બહુ હિંસા થાય છે. એકેન્દ્રિય જીવની ઘણી હિંસા થાય છે. તારે શરીર શુદ્ધિનો પ્રશ્ન છે (તો) એક બાલદી-બે બાલદી વધુમાં વધુ (લાગે). માણસને શરીર ન્હાવા પાણી કેટલું જોઈએ. કોઈ અડધી બાલદીમાં નહાઈ લે છે. એક બાલદી જોઈએ, બે બાલદી જોઈએ. પણ ઢોળાઢોળ કર્યા કરે. ઘરમાં Tub બનાવીને ન્હાય છે. ઘણું પાણી વાપરવા માટે દસ, વીસ, પચાસ બાલદી નાખી દો, પછી નાવ એની અંદર. એ વધારે હિંસાનું કારણ છે. દરિયામાં ન્હાય છે, નદીઓમાં ન્હાય છે. દરિયાનું, નદીનું તો બહુ કાચું પાણી છે. ત્યાં તો વધુમાં વધુ જીવોની હિંસા થાય. સમજે એ ન ન્હાય. ખ્યાલ આવે કે આમાં હિંસાનું વધારે કારણ છે. પ્રયોજન તો શરીર સાફ કરવાનું છે. શરીરનો મેલ ધોવામાં કેટલું પાણી જોઈએ. એટલું વાપરો ને. એથી શા માટે ઢોળાઢોળ કરવી ? આ તો બાલદીમાંથી અડધી બાલદી બચી હોય તો કહે હવે નાઈ નાખો. પૂરી કરો એને. સમજણ ન હોય તો વિચાર પણ ન આવે. એક સમજણ આવે કે આપણે તો જોઈતું પ્રયોજન પૂરતું

ઉપયોગ કરવો. પછી વધારે કરવામાં દોષ છે, નુકસાન છે. બીજું કાંઈ નથી. પણ છતાં ચેતન છે ત્યાં તે અચેતન થયો નથી.

**'મારી જ ભૂલ થઈ છે.'** શું થઈ છે ? આવો ચેતન છું એમ નહિ સમજવામાં, એનું ભાન નહિ રહેવામાં મારી જ ભૂલ થઈ છે. જ્યારે **'સ્વપદ ભૂલ્યો (છું,) ભૂલ જ મટાડું,...'** હું જ્યારે સ્વપદ ભૂલ્યો છું ત્યારે મારી ભૂલને જ હું મટાડું. **'(કારણ કે) મારું સ્વપદ જેમનું તેમ બની રહ્યું છે.'** મારું સ્વપદ કાંઈ મટી ગયું નથી. એવું ને એવું જ રહ્યું છે. બની રહ્યું છે. હિન્દી ભાષાનું ગુજરાતી કર્યું છે. સીધું ગુજરાતી નથી. મારું પદ તો જેમનું તેમ જ રહી ગયું છે. બનવા, નહિ બનવાનો પ્રશ્ન નથી. હિન્દીમાં બની રહ્યું છે એમ કહે છે. હિન્દી ઉપરથી કર્યું છે ને. પણ મારું સ્વરૂપ તો જેમનું તેમ જ રહી ગયું છે. અક્ષુણ, અખંડ, અભેદ, અછેદ્ય એમ ને એમ જ રહી ગયું છે.

એક દૃષ્ટાંત લે છે. **'જેમ કોઈ રત્નદ્વીપનો પુરુષ હતો.'** નવ રત્નોના મંદિરો હતા. **'ત્યાં રત્નનાં મંદિરો હતા. (તે) રત્નસમૂહમાં રહેતો હતો.'** બધું રત્નનું જ ત્યાં. કોઈ રત્નદ્વીપનો મનુષ્ય હતો. એ રત્નદ્વીપમાં મંદિરો, મકાનો, જમીનો બધું રત્નમય. **'(તે) રત્નસમૂહમાં રહેતો હતો. પરખ જાણતો ન હતો.'** પરખ એટલે **'પરીક્ષા, પારખવું, અથવા ગુણ અને દોષની યથાર્થ નિર્ણાયક દૃષ્ટિ.'** એને પરખ કહે છે. ઓળખ. પરખ કહો કે ઓળખ કહો. પણ આ રત્ન છે એવી ઓળખ એને નહોતી. એક Normal થઈ ગયું એને. ત્યાં જન્મ્યો તો એને બધું એ રત્નમય જ હતું એમાં જ એ રહેતો હતો. એને ખબર નહોતી કે આ બહુ કિંમતી વસ્તુ છે.

**'પરખ જાણતો ન હતો. (પારખતા આવડતું ન હતું.) (તે) અન્ય દેશમાં આવ્યો, (પોતાના) કટિ-સૂત્રમાં હરિકાંતમણિ વળગેલા હતા.'** કટિસૂત્ર એટલે કંદોરો. કંદોરાની અંદર. ત્યાં તો બધા રત્નો જ હતા. એટલે કેટલાક રત્નો એણે પોતાના કંદોરામાં ગુંથેલા. જેમ આપણે કેમ આભલા ગુંથે છે, મોતી ગુંથે છે. એવી રીતે. સામાન્ય હોય, જે વસ્તુ મળતી હોય એ જ માણસ વાપરે. તો એણે કંદોરાની અંદર કેટલાક જે મણિ હતા (એને ગુંથેલા). હરિકાંતમણિ-હરિ એટલે લીલું જેનું તેજ હોય એને હરિકાંતમણિ કહે છે. હરિત એટલે Green. લીલું તેજ

જેમાંથી નીકળે. એને હરિકાંતમણિ કહે છે.

'**હરિકાંતમણિ વળગેલા હતા. એક દિવસ (તે) સરોવરે સ્નાન કરવા ગયો.**' એક દિવસ તે સરોવરે સ્નાન કરવા ગયો. '**ઝવેરીએ જોયું (કે)તેની મણિપ્રભાથી સરોવરનું પાણી લીલું બન્યું છે.**' જે કિરણો પાણીમાં જતા હતા તો પાણી લીલુછમ જેવું થઈ જતું. લીલા રંગનું, લીલી ઝાંયવાળુ. નીચે એની Footnote લીધી છે કે અમુક પ્રતિમાં આવી રીતે વાત છે.

'**સો એક દિન સરોવરકો પાણી પીવનકૌ ગયૌ,...**' આ ઢૂંઢારી ભાષા છે. '**તબ ઉસ નરકૌં જૌહરીને દેખા, પાણી હરા ભયા, ભાવ જાણ્યા યાકે પાસ નંગ હૈ,**' ભાવ જાણ્યો એટલે એનો એણે સારાંશ કાઢી લીધો કે આની પાસે નંગ છે. '**તબ જૌહરીને પીછાણ્યા યહ પરખ ન જાને હૈં.**' ત્યારે ઝવેરીએ જાણ્યું કે આને પરખ લાગતી નથી, આને ખબર નથી. પાણી લીલા રંગનું થયું માટે હરિકાંતમણી છે એ ઝવેરીએ ઓળખી લીધું. આને પોતાને ખ્યાલ નથી કે આટલી કિંમતી ચીજ મારા કંદોરામાં રહેલી છે. સાદું છે. એનું નીચે ગુજરાતી કરેલું છે.

'**ઝવેરી જોયું (કે) તેની મણિપ્રભાથી સરોવરનું પાણી લીલું બન્યું છે. ત્યારે (પેલો ઝવેરી) તેની પાસેથી નંગ લઈ તે પુરુષને રાજા પાસે લઈ ગયો. (પેલા ઝવેરીએ રાજા પાસેથી) એક નંગના મૂલ્યમાં ક્રોડ મંદિર ભરાય એટલી દીનાર (સોનામહોરો) તેને અપાવી.**' મંદિર એટલે મકાનો, Godown. કેટલા ? એક નંગમાંથી. કેમકે ઝવેરી પાસે તો એટલા પૈસા નહોતા. એટલું સોનું નહોતું. પૈસા એટલે સોનું નહોતું કે એને એક નંગમાં આટલું બધું સોનું આપે. પણ રાજા પાસે લઈ ગયો કે આ એક નંગ તમે લ્યો અને એને કરોડ મકાન ભરાય એટલું સોનું આપો એની સામે. એટલી બધી કિંમત છે. એક એક નંગની આટલી કિંમત છે.

'**ત્યારે તે (રત્નદ્વીપનો) પુરુષ પસ્તાયો. મારું નિધાન મેં ન પિછાણ્યું.**' અરે..! મારા કંદોરામાં એક નંગની આટલી બધી કિંમત છે ! એટલા બધા નંગ મેં ભર્યા છે ! મને કાંઈ ખબર નહોતી. હું તો પડ્યો પાણીમાં. આ તો કાંઈ નહિ, કંદોરો તૂટીને ગયો હોત તો જાત સરોવરમાં. સાવધાની નહોતી રાખીને, સંભાળ નહોતી રાખી. એમ કહેવું છે. '**મારું નિધાન મેં ન પિછાણ્યું. તેવી રીતે...**' આ દૃષ્ટાંત લીધું

છે. કેવી રીતે જીવ ભૂલ્યો છે.

**'પોતાનું નિધાન પાસે છે. (તેને) પિછાણતાં જ સુખ થાય છે.'** અનંત ગુણ, અનંત રત્નો. એક એક રત્ન એવું છે. આ હરિકાંતમણિ એની વાત કરી કે એક નંગની સામે કરોડ મકાનો ભરાય એટલું સોનું આપે. એમ જીવનો એક એક ગુણ એવો છે એમ કહેવું છે. અને અનંત ગુણનો ખજાનો છે પોતે. એમાંથી એક એક ગુણ એવો છે કે જેની કોઈ જગતમાં કિંમત જ ન થાય. કોઈ Terminology નથી એની કે આની કેવી રીતે કિંમત આંકવી ? કઈ Term માં આંકવી ? એવી પરિસ્થિતિ છે.

**'તેવી રીતે પોતાનું નિધાન પોતાની પાસે છે. (તેને) પિછાણતા જ સુખ થાય છે.'** ઓળખતાં જ સુખ થાય છે. એને સ્વરૂપ બનાવવું નથી. અંદર ગુણ મૂકવા નથી, લેવા નથી, પ્રગટ કરવા નથી, કાઢવા નથી, કાંઈ નથી. પિછાણતા જ સુખ થાય છે. **'મારો આત્મા જ્ઞાનદર્શનનો ધારક ચિદાનંદ છે.'** મારો જે આત્મા છે એ આવા જે રત્નો છે, જ્ઞાન અને દર્શન જેવા જે રત્નો છે (તેનો ધારક છે). જુઓને ! આંખ છે એની અંદર જે Lense છે ત્યાં ઉઘાડ છે. મોતિયો કાઢે છે ને Lense ? અંદરનો. એટલો માંસનો ટૂકડો છે. પારદર્શક માંસ છે. લોહી, માંસ એમ હોય છે ને શરીરના વિભાગોમાં ? હાડકા-ચામડી. એવી રીતે આ એક Muscle છે અંદરના ભાગમાં. આખો ગોળો પણ Muscle નો જ બનેલો છે. પણ એની અંદર પરમાણુની રચના જુદી જુદી છે. એમાં કાળો છે, સફેદ ભાગ છે, કાળો ભાગ છે. એની અંદર એક ચણાની દાળ જેટલો Transparent part છે. આ મોતિયો નથી કાઢી લેતા પીળો પડેલો ? પાકેલો હોય એટલે પીળો પડેલો. એ કાઢી લે છે. એની પાછળનો જે આત્માના પ્રદેશોનો વિભાગ છે એ ક્ષયોપશમવાળો છે. એટલે ચોક્કસ પ્રકારનો ક્ષયોપશમ એટલે જેનાથી રંગ અને રૂપ જાણી શકાય એવો ક્ષયોપશમ છે. એ જગ્યા એથી પણ થોડી ઓછી છે. એ Lense કરતાં પણ થોડી જગ્યા ઓછી છે. એટલી જગ્યામાંથી મોટા ડુંગરાના ડુંગરા જોવે છે. માઈલોના માઈલો સુધી જોવે છે. પ્રતિબિંબ આવે છે ને ?

આ ઉપર Plane માં હોય, Helicopter માં હોય. કેટલો બધો Area દેખાય છે. આ બાજુ જાવ તો લગભગ બસ્સો માઈલ સુધી ડુંગરા છે.

'ઉદયપુર'ની આજુબાજુ. 'ઉદયપુર'થી 'અમદાવાદ' આવો તમે તો આજુબાજુના ભાગમાં, 'જયપુર'થી, 'ઉદયપુર' થઈને 'અમદાવાદ' આવવાનું થાય. આપણે કોઈવાર આવીએ છીએ 'જયપુર'થી 'અમદાવાદ' ત્યારે Via 'ઉદયપુર' આવવાનું થાય. એ Area તમે છોડો તો લગભગ ૨૦૦-૪૦૦ માઈલની અંદર એકલા નીચે ડુંગરા જ છે. બધો Hilly area જ છે. તો કેટલી જગ્યામાં એ પ્રતિબિંબ પડે છે ? ઈંચથી માપો તો બે દોરાવા, એક દોરાવા, બે દોરાવા જેટલી જગ્યા છે. ફૂટપટ્ટીમાં એક-બે દોરાવાની, એકાદ દોરાવાની જે જગ્યા હોય એટલી જગ્યા છે. સેંકડો માઈલનું પ્રતીબિંબ ઝીલે છે.

આ તો સામાન્ય જ્ઞાન ખુલ્લું છે એની આ પરિસ્થિતિ છે. એક ઇન્દ્રિયનું સામાન્ય નિરાવરણપણું એટલું છે, ખુલ્લું છે. એમાં આટલું બધું બને છે કે એને ક્ષેત્રનું અંતર નડતું નથી. એટલા દૂરના ક્ષેત્રમાં વિશાળતાવાળું પ્રતિબિંબ ઝીલાય જાય છે. ત્યાં જ્ઞાન જાતું નથી. પાછો જ્ઞાનનો પર્યાય એ પ્રદેશ સુધી જાતો નથી. જ્ઞાનનો પર્યાય ત્યાં ને ત્યાં રહી જાય છે અને બધું પકડે છે, ગ્રહણ કરી લે છે કે આટલું છે. અહીંયાં આમ છે.. આમ છે.. આમ છે. ત્યાં ગયા વિના. જરૂર નથી કે એને ત્યાં જવું પડે, સ્પર્શવું પડે કાંઈ. એક ગુણ, એનો ઉઘડેલો, ઓછો ઉઘડેલો, ઘણો ઓછો ઉઘડેલો પર્યાય એમાં આ પરિસ્થિતિ છે. ગુણનું એના ઉપરથી માપ કાઢવાનું છે કે ગુણ શું ચીજ છે ? શક્તિ શું ચીજ છે ? જેમ એક અગ્નિનો કણિયો બધું બાળી નાખે. આખું શહેર બાળી નાખે એના જેવી...

'**મારો આત્મા જ્ઞાનદર્શનનો ધારક ચિદાનંદ છે.**' એમાં અહીંથી એ વાત લેવી છે. જે જ્ઞાન-દર્શન વ્યક્ત છે એના ઉપરથી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એને ગ્રહણ કરવાનું છે. '**મારું સ્વરૂપ...**' જુઓ ! મારું... મારું.. મારું... કહે છે. કોઈની વાત નથી લેતા. '**મારું સ્વરૂપ અનન્ત ચૈતન્યશક્તિથી મંડિત અનંત ગુણમય છે.**' આવું મારું સ્વરૂપ જ છે. શૈલી એ જાતની છે. જે અનુભવની શૈલી છે ને એટલે એ મારું આમ છે, મારું આમ છે, હું આમ છું, મારું આમ છે. એ જ શૈલી એને હોય છે. '**મારું સ્વરૂપ અનંત ચૈતન્યશક્તિથી મંડિત અનંત ગુણમય છે.**' આવી એક જે જ્ઞાન-દર્શન-આનંદ વગેરે શક્તિ લીધી.

એવી સંખ્યા જોવા જાવ તો જેની અનંત સંખ્યા છે. 'ગુરુદેવ' વધારે સ્પષ્ટ કરવા એ ભાષામાં લેતા કે એ સંખ્યાને ગણવા જાવ એક, બે, ત્રણ, ચાર... એમ કરીને તો ગણતા... ગણતા... ગણતા... ગણતા... ગણતા.. છેલ્લે હવે આ શક્તિ રહી એવો કોઈ છેલ્લો ગુણ ન આવે એનું નામ અનંત છે. શું કહેતા ? સંખ્યાએ એની સંખ્યા ગણતા.. ગણતા... ગણતા... ગણતા... છેડો જ ન આવે. એટલા તો સંખ્યાએ અનંત ગુણ છે. અને એક એક ગુણની અનંતતાનો કોઈ પાર નથી. આટલું જબરજસ્ત, એકદમ જેની કિંમત થાય એવું જબરદસ્ત બહુ મહિમાવંત અનંત શક્તિથી મંડિત પોતાનું સ્વરૂપ છે. એને પોતે લક્ષમાં લે, એને ભાનમાં આવે કે દુનિયા બદલાઈ જાય છે અને નહિતર દીનતા અને પામતા થયા જ કરે. પરમાણુ પાસે સુખની ભીખ માગે, પરમાણુ પાસે આનંદ માગે અને પરમાણુ પાસે રાંકો અને દીન થઈને ફરે. આવો મોટો આત્મા છે. છતાં શું કરે છે ? એ વિચારણીય વિષય છે.

**'મારું સ્વરૂપ અનંત ચૈતન્યશક્તિથી મંડિત...'** પછી એ જ્યારે સ્વરૂપનું વર્ણન કરશે ને ત્યારે એવા સરસ શબ્દોમાં લે છે. ખૂબ શબ્દ લેશે, જ્યારે સ્વરૂપનો મહિમા કરશે આગળ ઉપર (ત્યારે). **'મારું સ્વરૂપ અનંત ચૈતન્યશક્તિથી મંડિત અનંતગુણમય છે. મારા ઉપયોગને આધીન તે બની રહ્યું છે.'** જોયું ! ઉપયોગમાં બધું પકડાય છે. એક ક્ષણનો ઉપયોગ છે. સંખ્યાએ ગણવા જાવ તો છેડો ન આવે. એક ક્ષણના ઉપયોગમાં આખું સ્વરૂપ અનુભવગોચર થાય. એટલે ઉપયોગ આધીન છે એમ કહી દીધું. આવું મહાન સ્વરૂપ હોવા છતાં ઉપયોગ આધીન છે.

'ગુરુદેવ' આ વિષયમાં બહુ સરસ ભાવ વ્યક્ત કરતા કે સ્વરૂપ મહાન છે. એટલું બધું મહાન છે કે એની અનંતતાનો પાર નથી. જ્ઞાન જુઓ તો સર્વજ્ઞનું જે અનંત... અનંત... અનંત.. બેહદ જ્ઞાન છે એ જ્ઞાન છે. છતાં અહીંયાં અલ્પ શ્રુતજ્ઞાન છે તો એનું ગ્રહણ કરી લે છે. અથવા અહીંયાં સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી એ અનંતે ગુણનું જે સ્વરૂપ છે, અનંત ગુણમય જે સ્વરૂપ છે એ આખા પદાર્થનો કબજો કરે છે. કબજો શબ્દ વાપર્યો છે. ખબર છે ? કબજો કરી લે છે એના ઉપર દૃષ્ટિ તો. એનું નામ સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- .. શબ્દ બહુ વપરાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કબજો કરી લે છે. અથવા તો અલ્પજ્ઞ પર્યાય પણ પૂરેપૂરા સ્વરૂપને માપી લે છે.

ત્યાં સુધી કહેતા કે જેવું કેવળજ્ઞાનમાં આ સ્વરૂપ સ્પષ્ટપણે પ્રત્યક્ષ થાય છે, તેવું જ પરોક્ષજ્ઞાનમાં એક અંશ વેદનમાં, જઘન્ય વેદનમાં આવું સ્વરૂપ જ્ઞાનમાં આવી જાય છે. પરોક્ષ જ્ઞાનમાં એવું જ જ્ઞાનમાં આવે છે. વિષયમાં બિલકુલ ફેર નથી. જ્ઞાનમાં ફેર છે. એક જ્ઞાન પરોક્ષ છે, એક જ્ઞાન પ્રત્યક્ષ છે. બેયનો વિષય એક સરખો છે એમ કહે છે. જરાય ફેર નહિ. એટલા માટે સાતમી નારકીની પ્રતિકૂળતાને પણ ઉલ્લંઘન કરી જાય છે જીવ એનું કારણ આ છે. આપણે તો થોડીક અનુકૂળતા-પ્રતિકુળતાનો વિચાર કરીએ છીએ. સાતમી નારકીની પ્રતિકુળતાને પણ અવગણીને પોતાના સ્વરૂપમાં ઉપયોગ આવી શકે છે અને સ્વરૂપની અંદર સ્થિર થઈ જાય છે. ત્યારે અનુભવ થાય છે ને ? સ્વરૂપમાં સ્થિર થાય ત્યારે. એવી રીતે. એનું કારણ છે કે એટલું અનંત વીર્ય છે, એટલું સામર્થ્ય છે પોતાનું.

આવું અનંત શક્તિથી મંડિત હોવા છતાં '**મારા ઉપયોગને આધીન તે બની રહ્યું છે.**' છતાં તે મારા ઉપયોગને આધીન છે. મારા ઉપયોગમાં આવી જાય છે. '**હું મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધરીશ,...**' હું મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધારણ કરીશ. મારા સ્વરૂપમાં ધરીશ એટલે સ્વરૂપની અંદર લીન કરીશ, સ્વરૂપની અંદર સ્થિર કરીશ. અથવા સ્વરૂપને ઉપયોગમાં ધારણ કરીશ. ઉપયોગ સ્વરૂપમાં ધરીશ એમ કહો કે સ્વરૂપને ઉપયોગમાં હું ધારણ કરીશ, ગ્રહણ કરીશ.

આ દસ બોલ લીધા છે ને ? ત્વરાથી ગ્રહણ કરો. સ્વરૂપનું ત્વરાથી ગ્રહણ કરો, સ્વરૂપને ત્વરાથી ધારણ કરો, સ્વરૂપનું ત્વરાથી રક્ષણ કરો. એમ કરીને દસ બોલ લીધા છે ને ? 'જ્ઞાનામૃત'માં છે. વર્ગમાં નાખ્યું. ધારણ શબ્દ ત્યાં આવ્યો છે. ધરીશ. ૨૦ વર્ષ પહેલાંનું લખાણ છે, હોં ! એમનું. ૧૮-૧૯માં વર્ષમાં લખાણ છે.

'**સ્વદ્રવ્ય અને અન્યદ્રવ્ય ભિન્ન-ભિન્ન જુઓ. સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ, સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ, સ્વદ્રવ્યના ધારક**

**ત્વરાથી થાઓ અને સ્વદ્રવ્યના રમક...'** એટલે રમણતા **'ત્વરાથી થાઓ. સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ, સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો. પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો, પરદ્રવ્યની રમણતાથી ત્વરાથી તજો, પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.'** પછી ૧૭મું વર્ષ. આ ૧૭માં વર્ષ પહેલા છે. પછી ૧૭મું બેસે છે. ૧૬ વર્ષે આ વાત છે.

મુમુક્ષુ :- એક દિવસ સોનગઢમાં 'ગુરુદેવ'ની ટેપ ચાલતી હતી સાંજે 'યોગસાર' ઉપર. આ બાબતમાં 'ગુરુદેવે' ઘણું સ્પષ્ટ કર્યું કે જુઓ ! ૧૭ વર્ષ પહેલાં (લખ્યું છે). 'કૃપાળુદેવ' માટે કેટલું બોલ્યા, કેટલું બોલ્યા ! 'અમદાવાદ'માં કોઈ પ્રવચન ચાલ્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી :- પણ 'રાજકોટ'ની સ્મશાન ભૂમિમાં ભક્તિ કરવા 'ગુરુદેવ' પોતે પધારતા. ભક્તિ કરવા આવતા હતા. ચૈત્ર વદ-૫. ઉનાળામાં જો વિહાર હોય અને 'રાજકોટ'માં હોય તો પોતે સ્મશાનમાં ભક્તિ કરવા આવે. મુમુક્ષુ ગમે તેમ બોલી જાય. અપરાધ થઈ જાય. પાછા એમ નથી જોતા કે 'ગુરુદેવ' કેટલો વિનય કરે છે. પોતે જ્યારે ભક્તિ કરવા પધારે છે ત્યારે કેટલો વિનય કરે છે ? એના ઉપરથી વિચાર કરવો જોઈએ.

મુમુક્ષુ :- જ્ઞાનીને જ્ઞાનીના ગુણનો મહિમા છે કારણ કે પોતાના ગુણનો મહિમા છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાના ગુણનો મહિમા છે. આખરમાં તો ત્યાં ગુણ પ્રગટ્યા છે ને ? તો ગુણનો મહિમા આવે. પોતાને પોતાના ગુણનો મહિમા આવે તો ગુણનો મહિમા સર્વત્ર આવે. એક જગ્યાએ આવે અને બીજી જગ્યાએ ન આવે તો ગુણનો મહિમા જ નથી આવ્યો. ખરી વાત તો એ છે. બની શકે જ નહિ. આવે જ આવે.

કોઈ સ્થાનકવાસી સાધુ અચ્છા મિલ જાય તો ઈસકે પાસ મૈં દીક્ષા ગ્રહણ કરું. ફિર ૨૧ સાલ કી ઉમ્ર મેં દીક્ષા ગ્રહણ કી હૈ. ૨૧ સાલ કી ઉમ્ર મેં.

**'મારા સ્વરૂપમાં ધરીશ,...'** **'હું મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધરીશ, અનાદિનું દુઃખ મટાડીશ (અને) પરમપદને ભેટીશ.'** આવો ભાવ જીવને પોતાના સ્વરૂપની પિછાણ થાય છે ત્યારે આવો ભાવ આવે છે. **'સ્વરૂપ પામવાનો આ સુગમ રાહ છે. દષ્ટિગોચર**

**કરવો જ દુર્લભ છે.**' સ્વરૂપ પામવાનો આ સહેલો રસ્તો છે. પણ દૃષ્ટિગોચર કરવો જ દુર્લભ છે. પ્રથમ જે વિટંબણા છે એ મુમુક્ષુદશામાં જ છે. મુમુક્ષુદશા પાર કર્યા પછી એટલી વિટંબણા નથી. એકવાર પોતાનું ઘર જોઈ લીધું, ઘરે પહોંચવાનો રસ્તો પણ જોઈ લીધો. પછી તો જેટલો પુરુષાર્થ એટલી કાર્યસિદ્ધિ. પછી એ પુરુષાર્થ કોઈને થોડા કાળમાં તીવ્ર થાય છે, કોઈને તીવ્ર થવામાં વાર થાય છે. એ Immaterial વાત છે. કોઈ મહત્ત્વનો વિષય એટલો બધો નથી. નીચેવાળા માટે.

મુમુક્ષુની ભૂમિકામાં અનાદિ મિથ્યાદૃષ્ટિને આ માર્ગને સમજવો, આ માર્ગને પહોંચવું, આ માર્ગ એના લક્ષમાં જેમ છે એમ આવવો, એનું મૂલ્યાંકન થવું, એની કિંમત થવી એ થોડી અઘરી વાત છે. કેમકે જગતમાં જે પરિસ્થિતિમાં પોતે જે ઉદયમાં જે રીતે ઊભો છે ત્યાંથી છૂટીને, ત્યાંથી ભિન્ન પડીને આનું મૂલ્યાંકન કરવું પડે છે. એટલે એ વસ્તુ એને કઠણ થઈ પડી છે. એવા બંધનમાં, એવા બંધનોની અંદર, એક બંધન નહિ પણ એવા કેટલાય બંધનોની અંદર પોતે બંધાયેલો છે ત્યાંથી છૂટવામાં બહુ દુર્લભતા છે. પણ એકવાર છૂટ્યો પછી કાંઈ વાંધો નથી. અને જે બંધન છે તે રાગનું બંધન છે. પોતાના જ રાગનું બંધન નથી. એ પદાર્થો બાંધતા નથી. પણ પોતાના રાગનું બંધન છે. પોતાને જેટલું Attachment છે એટલો પોતે રોકાઈ જાય છે અને સમય નીકળી જાય છે.

એવી પરિસ્થિતિમાં '**સંતોએ તે માર્ગને સુગમ કરી દીધો છે.**' જીવ જ્યારે સંસારમાં બંધનથી સારી રીતે જકડાયેલો અને બંધાયેલો છે, ત્યારે સંતોનો પોકાર કોઈ જીવ સાંભળી લે છે અને એ સંતનો પોકાર સાંભળતા એ રસ્તો બદલે છે. ત્યારે એને એમ લાગે છે કે વાહ ! જો આ સંતો આવી વાત કહેનાર ન હોત તો મારું ધ્યાન કેવી રીતે ગયું હોત ? તો મારું ધ્યાન ન ગયું હોત. માટે એ સંતોનું બહુમાન કરે છે કે '**તેમના પ્રસાદથી...**' પ્રસાદ નામ તેમની કૃપાથી, એમની મહેરબાનીથી '**હું (એ માર્ગને) પામ્યો છું.**' એ સંતોની કૃપા છે એમ લ્યે છે. કેમકે પોતે અનાદિનો છે. પોતે ક્યારેય નહોતો એવું તો નથી. અનાદિનો હોવા છતાં અને જગત આખાનું ડહાપણ કરતો હોવા છતાં, દુનિયાનું ડહાપણ તો ઘણું છે, છતાં પોતાના કલ્યાણના વિષયમાં સાવ અજાણ્યો હતો. અને

એ વિષયની અંદર જાણકાર થવામાં કોઈને કોઈ મહાપુરુષનો યોગ થાય છે, એના વચનોનો યોગ થાય છે, એના ભાવોનો યોગ થાય છે (ત્યારે) જીવ રસ્તો બદલી લે છે. ત્યારે એ નાખે છે સંતો ઉપર. જેનાથી પામે છે એનો ઉપકાર એ ભૂલતા નથી. જ્યારે જ્યારે એ વાત ચાલે ત્યારે એ શ્રીગુરુના ઉપકારને ભૂલતા નથી. એ સ્પષ્ટ વિષય છે.

'કૃપાળુદેવ'ને તો આ ભવમાં કોઈ સંત નહોતા મળ્યા. પણ પૂર્વ ભવમાં મળ્યા હતા એ યાદ હતું તોય કેટલા યાદ કર્યા છે ! એવી રીતે તમે 'બહેનશ્રી'ની વાત લ્યો તો 'ગુરુદેવ'ને કેટલા યાદ કરે છે ! આમ વાત કરે તો કહે, આ 'ગુરુદેવે' કહ્યું છે એ કહું છું. આ 'દ્રવ્યદષ્ટિપ્રકાશ' વાંચો. તત્ત્વની વાત આવે પત્રમાં તો કહે, 'શ્રીગુરુને ઐસા સમજાયા.' 'ગુરુદેવ'ને ઐસા કહા હૈ. બધી વાત કરે અને પછી જોડી દે છે એમની સાથે. કેમકે પોતાને ખ્યાલ છે કે એ પહેલા મને શું ખબર હતી ? હું ક્યાં હતો એની ખબર છે. પહેલા હું ક્યાં હતો એ ખબર છે અને પછી હું ક્યાં કેવી રીતે આવ્યો એની પણ ખબર છે. એટલે વ્યવહારે એ ઉપકારને ભૂલતા નથી. એ કુદરતી પરિસ્થિતિ છે.

આ અનુભવ પ્રકાશ ગ્રંથ છે. અનુભવ પ્રગટ થતાં-સ્વાનુભવ પ્રગટ થતાં અમારા સ્વરૂપનો સુખ નિવાસ છે અને એ સુખ નિવાસમાં અખંડ વિલાસ છે. વિલાસ એટલે પોતાના નિજાનંદનો, નિજ સુખનો ભોગવટો. એ '**વચનગોચર નથી, ભાવનાગમ્ય છે.**' એવો જે અનુભવમાં જે સુખનો, અખંડ સુખનો અનુભવ થાય છે તે વચન દ્વારા કહી શકાતો નથી. પરંતુ '**ભાવનાગમ્ય છે.**' અથવા જ્ઞાનગમ્ય છે- અનુભવગમ્ય છે. ભાવનાગમ્ય છે એટલે જ્ઞાનગમ્ય છે અથવા અનુભવગમ્ય છે.

મુમુક્ષુ :- ભાવનાનો અર્થ ધ્યાન જ્ઞાનગમ્ય કરવો ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અહીંયાં ભાવનાનો અર્થ (આ) છે.

'**ભાવનાગમ્ય છે.**' અથવા શું થાય છે કે જીવ નિર્વિકલ્પ સ્વાનુભવમાં જે પોતાના અખંડ આનંદનો અનુભવ કરે છે એવા અનુભવની ભાવના રહી જાય છે કે હવે પછીનો મારો અનંત કાળ આવા જ મારા સ્વરૂપાનંદના અનુભવમાં વ્યતીત થાઓ. બીજી રીતે નિર્ગમન ન થાઓ. મારા સર્વ કાળનું, આગામી અનંત કાળનું નિર્ગમન

આવા સ્વાનુભવમાં જ પસાર થાઓ. એવી ભાવના રહે છે. એવી ભાવના રહે છે. એને ભાવનાગમ્ય કહેવામાં આવે છે. પણ ગમ્ય થવું એ મુખ્યપણે જ્ઞાનનો પર્યાય છે. પણ અહીંયાં શુષ્કજ્ઞાન નથી લેવું. ભાવના સહિતનું જ્ઞાન લે છે. એટલે ભાવનાની પ્રધાનતા લીધી.

મુમુક્ષુ :- ધર્માત્માઓને આ ભાવના અખંડ રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવી ભાવના રહે છે. પોતાના અનુભવની ભાવના રહ્યા કરે છે કે જે સવિકલ્પ રાગાદિ ભાવ છે એમાં મારો કાળ પસાર ન થાઓ, પણ રાગ રહિત જે સ્વરૂપાનંદ છે એમાં મારો કાળ પસાર થાઓ.

મુમુક્ષુ :- સુવિચારણાના કાળમાં કઈ રીતે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- સુવિચારણાના કાળમાં તો પોતાના આત્મહિતનું લક્ષ રહે છે, આત્મકલ્યાણનું લક્ષ રહે છે. કેમકે હજી સ્વરૂપનો નિશ્ચય નથી થયો. સુવિચારણાના કાળમાં સ્વરૂપનું ભાવભાસન નથી થયું. એટલે આત્મકલ્યાણ થાય એની ભાવના વિશેષ રહે છે. મારું આત્મકલ્યાણ થાય એ જ મારી ભાવના છે. એ ભાવનાથી આગળ વધીને સ્વરૂપલક્ષમાં આવે છે. સ્વરૂપના ભાવભાસન પછી સ્વરૂપાનુભવમાં આવે છે. સ્વરૂપ અનુભવ થયા પછી પણ આવા સ્વરૂપના અનુભવમાં મારો કાળ, મારો હંમેશનો કાળ વ્યતીત થાઓ અને બીજી રીતે મારો કાળ રાગાદિ ભાવમાં ન વ્યતીત થાઓ, એવી રીતે ભાવના રહ્યા કરે છે.

.... મૂળ તો પદની રચના છે. પછી એના અર્થ કર્યા છે.

મુમુક્ષુ :- કોનું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ છે એક ધ્યાનવિજયજી કરીને થયા છે. પુસ્તક 'ગુરુદેવ'ને 'કાનજીસ્વામી'ને અર્પણ કર્યું છે. એટલે હમણાં તાજેતરમાં થયેલા છે. આપણે આ 'ઉજ્જૈન'વાળા આવે છે ને ? એ એના પરિચિત છે. એ પછી જ 'સોનગઢ' આવ્યા. આ 'ધ્યાનવિજયજી' ગુજરી ગયા એ વખતે એણે પૂછ્યું કે અમારે હવે શું કરવું ? તમે જાવ પછી અમારે શું કરવું ? તો કહે, 'કાનજીસ્વામી' પાસે તમે જજો. એક દુબળા સરખા છે. 'ઉજ્જૈન'ના. ઘણાં વખતથી 'સોનગઢ'માં રહે છે. ઘણાં માણસો આવેલા. એમના જે અનુયાયી હતા

એમાંથી ઘણા 'સોનગઢ' આવેલા. આ મૂળ માણસ વૈષ્ણવ હતા. એમાંથી કોઈ શ્વેતાંબર સાધુ પાસે દીક્ષા લીધી છે અને ત્યાર પછી એ વેશ પણ છોડ્યો છે. શ્વેતાંબર સાધુનો વેશ છોડ્યો છે પણ નામ રહી ગયું છે 'ધ્યાનવિજય'. પહેલા સંસારનું નામ બીજું હતું. આ તો વિષય વિચારવા...

મુમુક્ષુ :- બાયો દીક્ષા લેવા ગઈ એને દિગંબર.. પોતે શ્વેતાંબર સાધુ હતા પણ એને અર્જિકા બનાવી..

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને શ્રદ્ધા દિગંબરની થઈ ગઈ હતી. એમ હતું.

**'અહીં શિષ્ય વિચારી અંતરે પૂછે પ્રશ્ન ગુરુજીને એક કે સ્વપરનો હોય વિવેક જ્ઞેય જ્ઞાયકરૂપ જ્યાં, તો તેને સમ્યગ્દર્શન કેમ ન કહીએ ? પૂછું આપને એમ. ગુરુજી કહે તે કહું અહીં શું તું અંતરલક્ષ રહી ? જ્ઞેય જ્ઞાયકરૂપ વિકલ્પ તે, ભેદવિજ્ઞાનરૂપ વ્યવહાર. તેથી તે સમ્યક્ત્વ નહિ પણ સ્વપર વિવેક ધાર. ભેદવિજ્ઞાનનો વિષય તે સ્વપરને પૃથક્ક જાણે એ. સમ્યક્ત્વનો વિષય એક હોય અખંડ અભેદ જે વસ્તુ જોય.'** શું કીધું ? કે સ્વ-પરનું જે ભેદવિજ્ઞાન છે એમાં સ્વ અને પર એમ બે વિષય આવે છે. જ્યારે સમ્યક્ત્વનો વિષય તો એક છે. અખંડ એક આત્મા છે. માટે તેને સમ્યક્ત્વ અમે નથી કહેતા. તેને સમ્યગ્દર્શન નથી કહેતા.

જુઓ ! આપણે અર્થ લઈએ કે **'જ્યાં જ્ઞેય જ્ઞાયકરૂપ વિકલ્પનું મુખ્યપણું વર્તે છે તેને ભેદવિજ્ઞાનરૂપ વ્યવહાર એ નામથી સંબોધવા યોગ્ય છે અને તેથી તેને સમ્યગ્દર્શન નહિ પણ સ્વ-પર વસ્તુ વિવેકનું અંતરસાધન કહેવા યોગ્ય છે.'** આમાં લીપી હિન્દી છે. પણ ભાષા ગુજરાતી છે. **'એમ તું ધાર. અને તે ભેદવિજ્ઞાનનો વિષય હોવાથી તે અનુસાર તે સ્વપરને પૃથક્કરૂપે જાણે છે. અને સમ્યગ્દર્શનનો વિષય અખંડ અભેદ એવા વસ્તુસ્વભાવને...' 'સમ્યગ્દર્શનનો વિષય અખંડ અભેદ એવા વસ્તુસ્વભાવને જે જુએ છે તે જ એક માત્ર છે. એમ હે શિષ્ય ! તું આ જિનપ્રવચનરૂપ બોધના પરમાર્થને શ્રવણ કર.'**

**'વિશેષાર્થ :- ભેદવિજ્ઞાન અને સમ્યગ્દર્શન એ ઉભયના**

**ભેદત્વને સમ્યક્ પ્રકારે જાણ્યા વિના...**' ભેદ વિજ્ઞાનના અને સમ્યગ્દર્શન વચ્ચે શું ભેદ છે ? એને સમ્યક્પ્રકારે જાણ્યા વિના '**કોઈપણ શુદ્ધ સમ્યગ્દર્શનને પામી શકતો નથી. એટલે અહીં પ્રથમ તે ઉભયના ભેદત્વનું નિરૂપણ કરવામાં આવે છે. ભેદવિજ્ઞાન એ શુદ્ધ સાધ્યની અંતર સન્મુખતાના હેતુરૂપ એવો શુભઉપયોગ મિશ્ર જ્ઞાન, મુખ્ય અંતર સાધન છે.**' આટલી વાત તો સ્વીકારે છે કે '**ભેદવિજ્ઞાન એ શુદ્ધ સાધ્યની અંતર સન્મુખતાના હેતુરૂપ એવો શુભ ઉપયોગ મિશ્ર...**' શુભ ઉપયોગ જેની સાથે ભળેલો છે એવું '**જ્ઞાન,...**' જે જે જ્ઞાન સાથે શુભોપયોગ ભળેલો છે. વિકલ્પરૂપ છે ને ? '**મુખ્ય અંતર સાધન છે. ત્યારે સમ્યગ્દર્શન એ શુદ્ધ સાધ્યના એકત્વ પરિણામરૂપે ઉત્પન્ન થયેલી એવી સ્વરૂપની સમ્યક્ પ્રતીતિરૂપ છે.**' એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે, જે સ્વરૂપની સમ્યક્ પ્રતીતિરૂપ છે અને એનો વિષય એક પોતાનું શુદ્ધ સાધ્ય છે.

બીજું, '**ભેદવિજ્ઞાનમાં સ્વપર દ્રવ્યની કે સ્વદ્રવ્યાશ્રિત રહેલા એવા શુભાશુભ વિકલ્પ અન્ય ભાવની પૃથક્ક ભેદરૂપ વિચારપણું અથવા મુખ્યપણું છે.**' ભેદવિજ્ઞાનમાં સ્વ-પર દ્રવ્યની કે સ્વ આશ્રિત રહેલા એવા શુભાશુભ વિકલ્પજન્ય ભાવની પૃથક્ક ભેદરૂપ વિચારણાનું મુખ્યપણું છે. વિચારણાની ત્યાં મુખ્યતા છે. '**ત્યારે સમ્યગ્દર્શનમાં અખંડ અભેદ એવા સામાન્યરૂપ વસ્તુ સ્વભાવના અવલંબનભૂત એવી દ્રવ્યદૃષ્ટિનું જ મુખ્યપણું છે.**' ઓલામાં વિચારણાનું મુખ્યપણું છે તો આમાં દ્રવ્યદૃષ્ટિનું મુખ્યપણું છે.

ત્રીજું. '**ભેદવિજ્ઞાનનો વિષય સ્વપરજ્ઞેયોને જાણવારૂપ કે સ્વપર વસ્તુ વિચારરૂપ હોવાથી ત્યાં નિમિત્ત પર્યાય કે ભેદરૂપ વ્યવહારની અપેક્ષા રહે છે. ત્યારે સમ્યગ્દર્શનનો વિષય અખંડ આત્મદ્રવ્ય હોવાથી ત્યાં નિમિત્ત પર્યાય કે ભેદરૂપ વ્યવહારની અપેક્ષાનું સર્વથા અભાવપણું વર્તે છે.**'

ચોથું. '**ભેદવિજ્ઞાનનો વિષય સ્વપર જ્ઞેયોને પૃથક્કરૂપે કે સ્વદ્રવ્યાશ્રિત પર્યાયજન્ય મલિનતાને મલિનરૂપે જાણતો હોવાથી ત્યાં તથારૂપ મલિન પર્યાયને સ્વજ્ઞેયરૂપે સ્વીકારવાની અપેક્ષા રહે છે. ત્યારે**

**સમ્યગ્દર્શનનો વિષય અખંડ આત્મદ્રવ્ય હોવાથી તે પોતાની નિર્મળ પર્યાયને પણ અસ્વીકારપૂર્વક માત્ર એક વસ્તુ સામાન્યને અભેદરૂપે ગ્રહણ કરવાની અપેક્ષાને અવલંબે છે.**'

એટલે વિચારણાના કાળમાં તો એમ વિચારે છે કે આ રાગ મને થયો. ભલે એ છોડવા યોગ્ય છે પણ રાગ તો મને થયો એમ જાણે છે ને ? એમ કહે છે. વિચારણાના કાળમાં. જેમકે સુવિચારણા છે. તો શું છે કે મારે કલ્યાણ કરવું છે તો મારું અકલ્યાણ મારે નથી કરવું. એમ સ્વીકાર આવે છે ને ? ત્યારે સમ્યગ્દર્શનમાં તો સ્વીકાર જ નથી, એમ કહે છે.

'**ભેદવિજ્ઞાન મુખ્યપણે શુભાશુભભાવોને પૃથક્કરૂપે સ્વીકારવા છતાં પોતાથી ભિન્ન છે એમ સ્વીકારવા છતાં...**' હવે પાછું આગળનું Step લીધું કે '**ભેદવિજ્ઞાનમાં શુભાશુભભાવને પૃથક્કરૂપે સ્વીકારવા છતાં ત્યાં ગૌણપણે શુભ ઉપયોગરૂપ વિકારજન્ય પર્યાયનું અસ્તિત્વ રહેવાથી તે દોષ અન્ય મલિનતાનું ગ્રંથિભેદરૂપ અભાવપણું સ્વલક્ષે કર્યા વિના...**' તે દોષરૂપ અન્ય મલિનતા, ભિન્ન મલિનતાનો ગ્રંથીભેદરૂપ અભાવપણું સ્વલક્ષે કર્યા વિના તે '**અભેદમાં અંતર્લિન થઈ શકવાને સમર્થ નથી.**' શું કહે છે ? ત્યાં જે સૂક્ષ્મ વિકલ્પ રહી ગયો અને ગ્રંથીભેદ નથી થતો ત્યાં સુધી અભેદ સ્વભાવમાં અંતર્લિન પર્યાય થતી નથી.

ત્યારે '**સમ્યગ્દર્શન મુખ્યપણે નિર્વિકાર પર્યાયરૂપે ઉત્પન્નરૂપ હોવાથી તે કાયમ અભેદમાં જ અંતર્લીનપણે ટકીને રહે છે.**' એટલે શું છે કે ભેદવિજ્ઞાન એ એનો જે Process છે એ પોતે સમ્યગ્દર્શન નથી. ભલે એ સમ્યગ્દર્શનનું કારણ હોય તોપણ એ પોતે સમ્યગ્દર્શન નથી. હવે જ્યારે એ પોતે સમ્યગ્દર્શનરૂપ નથી તો જે કારણ છે એ કારણ ઉપર જો વજન રહેશે તો કાર્યમાં નહિ આવી શકાય. આ એમને એક આગળ ઉપર વાત કરવી છે. હવે પછી જે વાત કરવી છે એ એમને એ વાત કરવી છે. એ વાત એમણે સૂક્ષ્મ કરી છે.

'**આ પ્રમાણે ભેદવિજ્ઞાન અને સમ્યગ્દર્શન એ ઉભયનું ભેદત્વપણું છે. તેને જે સમ્યક્ પ્રકારે જાણે છે તે જ સમ્યગ્દર્શનના**

**વિષયભૂત એવા પોતાના અખંડ અભેદ શુદ્ધ આત્મદ્રવ્ય સ્વભાવના એકત્વને અવલંબિત થઈ અને ત્યાં તથારૂપ સન્મુખવર્તી પુરુષાર્થના બળે ભેદવિજ્ઞાનરૂપ એવા જે અંતરસાધનના લક્ષનું ક્રમે ક્રમે મંદ પરિણામીપણું કરી સ્વભાવ એકત્વરૂપ એવી અભેદ સ્થિરતાને કે શુદ્ધ સમ્યગ્દર્શનને ગ્રંથીભેદપૂર્વક પામે છે.'** આવી વાત લીધી. બહુ સૂક્ષ્મતા લીધી છે.

**'આવા પ્રકારનો બોધ વિશેષ પરિણમન જે કોઈ સાધકજીવને વર્તે છે તે જ ભેદવિજ્ઞાનને માત્ર એક શુભવિકલ્પરૂપ (શુભ-વિકલ્પસંયુક્ત) એવું જ્ઞાન મુખ્ય અંતર સાધન હોવાનું સમજે છે.'** એને જ મુખ્ય અંતર સાધન સમજાણું છે. **'અને ત્યાં નિમિત્ત, પર્યાય કે ભેદરૂપ વ્યવહારની અપેક્ષા રહેતી હોવાનો સ્વીકાર પણ કરે છે. અને તે સમ્યગ્દર્શનનો વિષય નહિ હોવાનું વિચારીને તેની તે સ્થાનકે તે નકારવૃદ્ધિ પણ કરે છે અને તે સાથે અખંડ અભેદ એવા શુદ્ધ ચૈતન્યાત્મક આત્મદ્રવ્ય સ્વભાવ તે તેનો વિષય હોવાનો વિશેષ નિર્ણયપૂર્વક તે તેને અવલંબિત થઈ ત્યાં તે ગ્રંથિભેદ કે તથારૂપ શુભવિકલ્પનો પરિહાર પણ તથારૂપ શુદ્ધ સ્વભાવના લક્ષે કરે છે અને તે દ્વારા તે તથારૂપ શુદ્ધ સ્વભાવના સ્વસંવેદનને કે શુદ્ધ સમ્યગ્દર્શનને પણ પામે છે.'**

એ તો શું લીધું કે ભેદવિજ્ઞાનના કાળમાં જે શુભ વિકલ્પનો અંશ રહ્યો એનો નકાર અને નિષેધ થઈ અને ગ્રંથિભેદ થશે. અને ગ્રંથિભેદ થશે એ જે અવસ્થા થઈ અને અહીંયાં જે ભેદવિજ્ઞાનના કાળમાં નકારવાળો, નિષેધવાળો શુભ વિકલ્પના નિષેધવાળો પર્યાય છે એ બંને વચ્ચે જે તફાવત છે એ તફાવત સમજવો જોઈએ. જો તફાવત સમજે તો જ એને સાધનપણું એવો ઉપચાર લાગુ પડે. જો એ તફાવત ન સમજે તો એ પર્યાય ઉપર એટલું વજન આપશે કે ગ્રંથિભેદમાં નહિ આવે. એમ એમનું કહેવું છે. **'આ ઉપરથી...'**

મુમુક્ષુ :- 'ઘોઘા'માં એકવાર સ્પષ્ટીકરણ કર્યું હતું, જે પહેલીવાર સાંભળ્યું હતું કે ભેદજ્ઞાન પણ એક પર્યાય છે તો એના લક્ષે પણ કાર્યસિદ્ધિ થતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કાર્યસિદ્ધિ નથી થતી. કેમકે .. સાધન કહેવું એ જ છે. લક્ષ ઉઠાવી દો, વજન ઉઠાવી દયો. એમ જ કહેવા માગે છે. છે ને નિર્ણયના લક્ષે ? શું લીધું ? ફરીને જુઓ.

'**તે સાથે અખંડ અભેદ એવા શુદ્ધ ચૈતન્યાત્મક આત્મદ્રવ્ય સ્વભાવ તે તેનો (સમ્યગ્દર્શનનો) વિષય હોવાના વિશેષ વિશેષ નિર્ણયપૂર્વક...**' સમ્યગ્દર્શનનો વિષય તો શુદ્ધ ચૈતન્યાત્મક આત્મદ્રવ્ય સ્વભાવ છે, આત્મદ્રવ્યનો સ્વભાવ છે તેના વિશેષ નિર્ણયપૂર્વક. '**તે તેને અવલંબિત થઈને...**' કોને ? દ્રવ્યસ્વભાવને અવલંબિત થઈને '**ત્યાં તે ગ્રંથિભેદ કે તથારૂપ શુભવિકલ્પનો પરિહાર તથારૂપ શુદ્ધસ્વભાવના લક્ષે કરે છે.**' એ ગ્રંથિભેદ કરે છે. '**અને તે દ્વારા તે તથારૂપ શુદ્ધ સ્વભાવના સ્વસંવેદનને કે શુદ્ધ સમ્યગ્દર્શનને પણ પામે છે. આ ઉપરથી તત્ત્વશોધક જીવને ભેદવિજ્ઞાન અને સમ્યગ્દર્શન એ ઉભયના ભેદત્વનું વાસ્તવિક સ્વરૂપ સમજાશે અને તે દ્વારા વિપર્યય માન્યતાનો પરિહાર પણ થશે. અને એ જ ઉપરોક્ત ગાથાસૂત્રમાં કહેવાનો પરમાર્થ છે. હવે અહીં તેના અનુસંધાનપૂર્વક આગળ નિરૂપણ કરવામાં આવે છે.**' એ જ વાતના અનુસંધાનમાં આગળ નિરૂપણ કરીએ છીએ. એટલે વધારે સૂક્ષ્મ વાત લે છે કે '**સમ્યક્ત્વના સ્વરૂપથી રહી અંતર જે બેભાન.**' જેને સમ્યક્ત્વના સ્વરૂપનું અંદરમાં બેભાનપણું છે. '**અટકે ભેદવિજ્ઞાનમાં કરી પર્યાયલક્ષ પ્રધાન.**'

'**તો તે લક્ષ ગ્રંથિભેદ થઈ ન પામે વસ્તુ અભેદ તે દોષનું સ્ફુરે અંતર ભાન...**' જ્યારે એ દોષનું અંતરમાં ભાન સ્ફુરે '**ત્યાં ગ્રંથિભેદને બોધિ જાણ.**' ત્યાં ગ્રંથિભેદ અને જ્ઞાન થયું છે એમ જાણ. હવે એનો અર્થ કરે છે.

'**જે કોઈ સાધકજીવ સમ્યગ્દર્શનના સ્વરૂપથી અંતરના વિષે બેભાન રહીને...**' સમ્યગ્દર્શનના સ્વરૂપને અંતરમાં ભાનમાં નથી આવ્યું કે સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું છે, તે બેભાન રહી '**માત્ર તે ભેદવિજ્ઞાનમાં પર્યાય લક્ષ પ્રધાન કરીને અટકે...**' કે આ રીત છે, આ વિધિ છે. આ રીત છે. આ વિધિ છે ભેદવિજ્ઞાનની, એમ પર્યાયનું લક્ષ પ્રધાન કરીને અટકે '**તો તે લક્ષે ગ્રંથિભેદ થઈ પોતે ત્યાં અભેદ એવી વસ્તુને**

**(વસ્તુસ્વભાવના એકત્વને) ન પામે. જ્યારે તે દોષનું એવા જ તે સાધકના અંતર પરિણામના વિષે ભાન સ્ફુરે.'** કે આ તો ભૂલ છે. આ મારી ભૂલ થાય છે. **'ત્યારે ત્યાં ગ્રંથિભેદ અને તે પૂર્વક બોધિ કહેતા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સહજ સ્વભાવ લક્ષે થઈ જાય છે. એમ હે શિષ્ય ! તું આ જિનપ્રવચનના બોધના પરમાર્થને શ્રવણ કરી અંતરના વિષે જાણ.'** છેલ્લી લીટી એમ છે.

મુમુક્ષુ :- ઝીણું કાંતે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઝીણું કાંત્યું છે. આ વાત પકડી એના અનુક્રમણિકામાંથી. અનુક્રમણિકામાં એમણે આઠ અધિકાર લખ્યા છે એમાં એક આ સમ્યગ્દર્શન કેમ થાય એનો અધિકાર લખ્યો છે. એમાં પાછું જે જે આ ગાથાઓ છે એ ગાથાઓનો ઉલ્લેખ કર્યો છે કે આ ગાથામાં આવો વિષય ચાલ્યો છે, આ ગાથામાં આવો વિષય ચાલ્યો છે. અનુક્રમણિકામાં એ વાત લીધી છે. એના ઉપરથી આ જોયું બપોરે. વિષય તો ભારે પકડ્યો છે.

જરાય પર્યાય પ્રધાનતા ન રહે. ભેદવિજ્ઞાનમાં આવેલા જીવને અવલોકનથી આગળ વધ્યો, ભેદવિજ્ઞાન સુધી આવ્યો. નિશ્ચય કરીને, સ્વરૂપનિશ્ચય કરીને ભેદવિજ્ઞાનમાં આવ્યો, એને પણ પર્યાયની પ્રધાનતા જેટલા અંશે રહે છે, થોડા પણ અંશે રહે છે, સૂક્ષ્મ અંશે પણ રહે છે ત્યાં સુધી ગ્રંથિભેદ થઈને સમ્યગ્દર્શન નથી પામતો. એ વાત ઉપાડી છે એમણે આ જગ્યાએ.

**'આજે કેટલાક સ્વરૂપ સાધકો...'** હવે વિશેષાર્થ કરે છે એનો. **'આજે કેટલાક સ્વરૂપ સાધકો ચૈતન્યાત્મક વસ્તુસ્વભાવના વાસ્તવિક બોધના અભાવે વાસ્તવિક એવા સમ્યગ્દર્શનના સ્વરૂપને નહિ જાણતા હોવાથી તેઓ માત્ર ભેદવિજ્ઞાનને જ સમ્યગ્દર્શન ગણીને કે તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું નિયમરૂપ કારણ હોવાનું સ્વીકારી...'** નિયમરૂપ કારણ સ્વીકારે ત્યારે બીજી શું ભૂલ કરે છે ? કે એના ઉપર વજન વધું જાય છે. એમ એનું કહેવું છે. છે નિયમરૂપ કારણ. પણ ક્યારે ? કે વજન ઊઠી જાય ત્યારે. એમ એનું કહેવું છે. કેટલું ઝીણું કાંત્યું છે !

મુમુક્ષુ :- માર્ગદર્શન સારું છે.

પૂજ્ય ભાઈશ્રી :- સૂક્ષ્મ કાંત્યું છે. સૂક્ષ્મ કાંત્યું છે.

**'નિયમરૂપ કારણ હોવાનું સ્વીકારી તે અનુસાર તે સાધના એકાંત પરલક્ષે (વિમુખ એવા પર્યાયાશ્રિત લક્ષે)...'** પરલક્ષે એટલે ? વિમુખ એવા પર્યાયાશ્રિત લક્ષની **'પ્રધાનતાપૂર્વક કરે છે.'** આ એની ભૂલ છે એમ કહે છે. કેમકે આત્મકલ્યાણ કરવું છે ને ? આત્મકલ્યાણ કરવું છે ને ? આત્મકલ્યાણ કરવું છે એ ભાવના તો લઈને ઉપડ્યો છે. હવે એ આત્મકલ્યાણ ક્યાં કરવું છે ? તો કલ્યાણ તો પર્યાયમાં થાય છે. મૂળ સ્વરૂપમાં કલ્યાણ-અકલ્યાણનો વિષય નથી. તો મારે મારું કલ્યાણ કરવું છે એવી પર્યાયપ્રધાનતાથી જે ભાવના ઊપડી છે એ ગુલાંટ ખાઈ જવી જોઈએ, સ્વરૂપલક્ષ થાય ત્યારે. સ્વરૂપનિશ્ચય થાય ત્યારે એ વાત ફરી જવી જોઈએ.

સ્વરૂપનિશ્ચય પોતે પર્યાય છે. ત્યાર પછી ભેદવિજ્ઞાન ચાલે છે એ પણ પર્યાય છે, આત્મકલ્યાણ કરવું છે એ પણ પર્યાય છે. અને એ પર્યાયાશ્રિતપણું એ જ અહીં વિમુખતા છે અથવા પરલક્ષ છે એમ કહે છે. સ્વરૂપલક્ષ નથી આમાં.

મુમુક્ષુ :- સ્વભાવથી વિમુખતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિમુખતા થઈ ગઈ. એ વાત ઉપાડી છે એમણે.

**'તે સાધના એકાંત પરલક્ષે એટલે વિમુખ એવા પર્યાયાશ્રિત લક્ષની પ્રધાનતાપૂર્વક કરે છે અને જીવન પર્યંત...'** કેટલા કાળ સુધી ? **'જીવન પર્યંત તથારૂપ શુભવિકલ્પમાં અટકી પોતાને મોક્ષમાર્ગી હોવાનું સ્વીકારે છે.'** કેમકે હું તો ભેદવિજ્ઞાન કરું છું. હું તો સાચા રસ્તે છું. **'એવા જીવો તત્ત્વબોધની અંતરંગ સન્મુખતાને અવલંબી પૂર્વોક્ત ગાથાસૂત્રના બોધ વિશેષ નિરૂપણને વિચારશે તો તેને સ્પષ્ટ સમજાશે કે ભેદવિજ્ઞાન એ સમ્યગ્દર્શન નથી, તે સમ્યગ્દર્શનના નિયમનું કારણ પણ નથી...'** એને ગૌણ કરવા માટે એમ કહે છે. **'અને તેથી તેની ઉપલબ્ધિમાં સમ્યગ્દર્શનની ઉપલબ્ધિ થવી જ જોઈએ એવો ખાસ નિયમ પણ નથી. પણ ત્યાં જો જીવ ગ્રંથિભેદ કે તથારૂપ શુભવિકલ્પના પરિહારપૂર્વક નિજ જ્ઞાન ઉપયોગને સામાન્યરૂપ એવા**

**શુદ્ધચૈતન્યાત્મક સ્વભાવમાં અભેદ રૂપે પરિણમાવી ત્યાં પોતે પોતાના વિષે સ્વભાવ એકત્વરૂપ સ્થિરતાને પામે તો તેને સમ્યગ્દર્શન કહેવા યોગ્ય છે અને તથારૂપ સ્વકાર્યની સિદ્ધિ થતાં ત્યાં ભેદવિજ્ઞાનને સમ્યગ્દર્શનનું કારણ એવો ઉપચાર પણ થઈ શકવા યોગ્ય છે.'** ત્યારે ઉપચાર થઈ શકવાયોગ્ય છે એમ કહે છે. **'એમ પરમાર્થ દૃષ્ટિએ સમજવા યોગ્ય છે.'**

હવે પાછો પ્રશ્ન ઉઠાવે છે. આ વિષયને છણે છે હવે. પ્રશ્ન કરે છે કે **'જો ભેદવિજ્ઞાનમાં સ્વમાં પરની નાસ્તિરૂપ એવા દેહાદિ પરદ્રવ્ય અને પર નિમિત્તજન્ય શુભાશુભ રાગાદિભાવોને હેયરૂપ ગણીને તેનું પૃથક્કપણું કરવું અને સ્વમાં સ્વની અસ્તિરૂપ એવા જ્ઞાનાદિ સમ્યક્ત્રયરૂપ સ્વભાવને...'** એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે લેવા. **'પોતાના સ્વભાવને ઉપાધિરૂપ ગણી તેની દૃઢતાપૂર્વક અવલંબવું તે ઉપદેશ મુખ્યત્વે કરી સ્વરૂપસાધક જીવનો હોય છે ભેદવિજ્ઞાન કાળે તો. અને તે અર્થે તે તથારૂપ અંતર સાધનને અવલંબિત થઈ ત્યાં પોતે પોતાના વિષે તન્મયાકાર પણ થાય છે. જેમકે હું શુદ્ધ છું, હું બુદ્ધ છું, હું અબદ્ધસ્પૃષ્ટ છું, સ્વપરપ્રકાશક છું, જ્ઞાનાનંદસ્વરૂપ છું, અખંડ અવિનાશી છું, રાગાદિથી શૂન્ય છું. એમ અનેક પ્રકારે તે સ્વ તરફના વલણને દૃઢ કરે છે. તો પછી તેને શુભવિકલ્પરૂપ અંતર સાધન કહેવાનું અહીં શું પ્રયોજન છે ?'** આ પ્રશ્ન ઉઠાવ્યો છે. ભેદવિજ્ઞાનના કાળમાં આવું પરિણમન, આવો ભાવ થયા કરે એને એકલો શુભ વિકલ્પ કેમ તમે કહો છો ?

**'ઉત્તર :- કે ભેદવિજ્ઞાનનું ઉપસ્થિતપણું મુખ્યત્વે કરી જીવની પર્યાયજન્ય ભેદ અવસ્થામાં જ થાય છે.'** ભેદવિજ્ઞાન ક્યારે ઉપસ્થિત થાય છે ? કે જીવની જે ભેદ અવસ્થા છે વિકલ્પવાળી અવસ્થા છે એમાં જ થાય છે. **'અને ત્યાં તે જ્ઞાન મુખ્ય અંતર સાધનમાં જ્ઞાન સાથે મનયોગનો સંબંધ વિશેષરૂપ એવા રાગભાવનો કે શુભવિકલ્પનું હોવું અનિવાર્યરૂપ હોવાથી તે અવશ્ય હોય જ છે.'** ત્યાં મનનો સંબંધ થાય છે અને ત્યાં રાગનું હોવું અનિવાર્ય હોય છે. **'અને તેથી ભેદવિજ્ઞાનને શુભવિકલ્પરૂપ એવું જ્ઞાન મુખ્ય અંતરસાધન કહેવાનું**

**ખાસ પ્રયોજન છે. આવા પ્રકારના પરમાર્થબોધનું જે જીવને નિર્લક્ષપણું વર્તે છે, તે જીવને સ્વરૂપબોધનું નિર્લક્ષપણું પણ અવશ્ય હોવું ઘટે છે. અને તેથી તે પર્યાયજન્ય ભેદ અવસ્થામાં માત્ર ક્ષણિક જ્ઞાન પૂરતું પોતાનું સ્વરૂપ કલ્પી ત્યાં હું શુદ્ધ છું, બુદ્ધ છું આદિ અનેક પ્રકારે પોતે પોતાનું અસ્તિત્વ દઢ કરે અને જીવન પર્યંત તથારૂપ શુભ વિકલ્પમાં અટકી પોતાના સ્વ તરફના વલણને ચુકે છે અને તેથી તે ગ્રંથિભેદના અભાવે સમ્યગ્દર્શનરૂપી સ્વરૂપલાભને પામી શકતો નથી.'**

મુમુક્ષુ :- આ શુદ્ધ છું એને કલ્પિત કહી દીધું

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાન અંશમાં કલ્પી લીધું. વર્તમાન ચાલતા જ્ઞાન અંશમાં એ કલ્પી લીધું. તો એ ગમે તેટલી કલ્પના કરે નહિ. એટલે આમાં શું છે કે પોતે સ્વરૂપનિશ્ચયનો વિષય નથી લીધો.

આપણે જે સ્પષ્ટીકરણ કરીએ છીએ એ સ્વરૂપનિશ્ચયપૂર્વક કરીએ છીએ. સ્વરૂપનિશ્ચયમાં શું થાય છે ? કે સ્વરૂપની મુખ્યતા થઈ જાય છે. પછી જે ભેદજ્ઞાન ચાલે છે એમાં પર્યાયની પ્રધાનતા નથી રહેતી અથવા પર્યાયની પ્રધાનતા ઘટતી જાય છે અને સર્વાંશે પર્યાયની પ્રધાનતા તૂટી જવાથી સ્વાનુભવ અને સમ્યગ્દર્શન સ્વયમેવ આવી જાય છે. પોતાની મેળે જ આવી જાય છે, લાવવા પડતા નથી. એ સ્થિતિનો જે Process છે એ પ્રકારની સ્પષ્ટતા નથી. પણ જે લોકો ભૂલ કરે છે એની સ્પષ્ટતા છે. સ્વરૂપનિશ્ચયની અંદર એ ભૂલ ન થાય.

મુમુક્ષુ :- નાસ્તિ અપેક્ષાએ વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નાસ્તિથી વાત કરે છે કે આવી ભૂલ ન થવી જોઈએ. હવે અસ્તિથી શું લે છે એ હજી જોયું નથી. આ તો બપોરે આટલું જ જોયું હતું.

સ્વરૂપનિશ્ચયનો વિષય એવો છે કે એમાં ત્રિકાળી આત્મસ્વભાવનું સ્વરૂપ નિશ્ચય થાય છે. અને નિશ્ચય થતાં એ લાગવા માંડે છે, ભાસવા માંડે છે. એટલે એની જ પ્રધાનતા રહે છે. એની પ્રધાનતામાં જે પર્યાય થાય છે એની પ્રધાનતા નથી રહેતી પછી. એટલે એ અલ્પ કાળમાં પામે છે. ત્યારે અહીંયાં એમ કહ્યું કે ભેદજ્ઞાન જીવન પર્યંત કરે તોપણ ન

પામે. પણ એ ક્યારે ? કે પર્યાયપ્રધાનતામાં આવેલો છે માટે.

મુમુક્ષુ :- સ્વરૂપલક્ષ થયા પછી તો..

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયપ્રધાનતા છૂટતી જાય, ઘટતી જાય, તૂટતી જાય અને સર્વાંશે નાશ થાય એટલે સમ્યગ્દર્શન સ્વરૂપાશ્રિત પરિણામ અનુભવ દશા થઈ જાય. એ વાત છે. એ વિષય હવે ચર્ચે છે કે નહિ એ જોવો છે. અથવા અનુક્રમણિકામાં ક્યાંય સ્વરૂપનિશ્ચયનો વિષય લીધો છે કે નહિ એ જરા જોવાનું બાકી રહે છે. પણ એટલી વાત નાસ્તિમાં સાચી છે કે પર્યાયાશ્રિતપણું છે તે નિષેધવા યોગ્ય છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાનનો ઉપચાર ત્યારે આવ્યો કે સ્વરૂપ અનુભવમાં આવી ગયું. ત્યારે ઉપચાર છે

પૂજ્ય ભાઈશ્રી :- તો એને ઉપચાર લાગુ પડે છે. પણ અહીંયાં શું પ્રશ્ન કરી શકાય કે જે ભેદવિજ્ઞાનને ઉપચાર લાગુ પડે છે અને જે ભેદવિજ્ઞાનને ઉપચાર પણ લાગુ પડતો નથી, એ બે વચ્ચે શું અંતર છે ?

પહેલુંવહેલું (એક મુમુક્ષુ) સાથે મળવાનું થયું ત્યારે આ પ્રશ્ન થયો હતો અમારે. (સંવત) ૨૦૧૭ની સાલ. 'જામનગર'ના પંચકલ્યાણકમાં. એ લોકો રાત્રે ચર્ચા કરતા હતા. હું બીજે ઉતર્યો હતો. એ લોકોનો ઉતારો બીજે હતો. હું તો કોઈને ઓળખતો પણ ન હતો. નવો નવો હતો એ વખતે. તો પહેલા (બીજા એક મુમુક્ષુ) સાથે પરિચય થયો તો એ કહે કે અમે બધા બેસીને રાત્રે ચર્ચા કરીએ છીએ ૧૧ વાગ્યા સુધી. તમે આવો. હું તો અમસ્તો પહેલેથી કોઈના પરિચય વધારવાના મતમાં નહોતો. ત્યાં દાખલ થયા પછી પણ. મેં કીધું, મારે કોઈની ચર્ચામાં આવવું નથી અને મારે કોઈની ચર્ચા સાંભળવી નથી, મારે કોઈની સાથે ચર્ચા કરવી નથી. તો કહે, ના ના. બહુ મજા આવશે. તમે આવો ને આવો. એ તો બહુ આગ્રહવાળા માણસ છે. હાથ પકડીને ખેંચી જાય. એ એની પહેલેથી પ્રકૃતિ છે. હાથ પકડીને ખેંચવાની. સમજ્યા ?

મુમુક્ષુ :- 'લીંબડી'વાળા ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'લીંબડી'વાળા.

કહે, ના, તમારે આવવું જ પડશે. (મેં કહ્યું), એક શરત. હું ચર્ચા નહિ કરું કોઈની સાથે. તમે ન ચર્ચા કરતા પણ આવો તો ખરા તમે અમારા બધાની વચ્ચે. એમ કરીને લઈ ગયા. હવે એમાં આ વાત ચાલી

હતી કે સમ્યગ્દર્શન પહેલા જે આત્માના વિચારો ચાલે છે એ આત્માના વિચારો.. આમ ચર્ચા તો થોડી સ્થૂળ ચાલતી હતી, સમજ્યા ? પણ સમ્યગ્દર્શન પહેલા શુદ્ધાત્માના વિચાર હોય એમ કહ્યું. અને એ શુદ્ધાત્માના વિચાર હોય એ સમ્યગ્દર્શનનું કારણ ત્યારે જ ગણવું કે જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે. અને એને ઉપચારથી કારણ કહેવામાં આવે છે. એમ એમણે કહ્યું.

એટલે મેં ત્યાં પ્રશ્ન કર્યો કે જે ઉપચારથી કારણ છે એવા પણ વિકલ્પો છે અને જે ઉપચારથી કારણ નથી એવા પણ શુદ્ધાત્માના જ વિકલ્પો છે. એક વિકલ્પો એવા છે કે જેમાંથી આગળ જઈને સમ્યગ્દર્શન નહિ પામે. એવો પણ શુદ્ધાત્માના વિકલ્પો કરનારા ઘણા જીવો છે. એમાં એક જીવ એવો છે કે એ વિકલ્પ કરવા છતાં, ઘણો કાળ કરવા છતાં સમ્યગ્દર્શન નથી પામતો. એક જીવ એવો છે કે વિકલ્પ કરતા કરતા પામી જાય છે. જે પામી જાય છે એના વિકલ્પોને આપ ઉપચાર કહો છો. નથી પામતા તો એના વિકલ્પો ઉપચાર પણ નથી. તો આ બે વિકલ્પો ઉપચાર અને અનુપચારવાળા છે, એ બે એકસરખા છે કે એમાં તફાવત છે ? ઉપચારને યોગ્ય વિકલ્પ અને ઉપચારને અયોગ્ય વિકલ્પ એ બે વચ્ચેનો તફાવત શું ? આ પ્રશ્ન ઉઠાવ્યો. મારે ચર્ચા નહોતી કરવી. પણ તોય હું જોડાઈ ગયો. એ પ્રશ્ન કર્યો અને એ અટકી ગયા સીધા. એ ઉત્તર ન આપી શક્યા.

હવે બીજા એમાં ઘણા હતા. એટલે લગભગ આઠ-દસ ભાઈઓ હતા. સમજ્યા ? એમણે ઉત્તર ન આપ્યો કાંઈ. અને લગભગ પોણા અગિયાર, અગિયાર થયા હતા એટલે એમણે એમ કીધું કે આપણે હવે પછી કાલે ચર્ચા કરશું. અને ચર્ચા અટકી ગઈ. બધાને એમ લાગ્યું કે આ પ્રશ્ન પૂછયો ને ચર્ચા કેમ અટકી ગઈ ? કોઈ સમજી ન શક્યું. એમના ઉપર વિશ્વાસ એટલો બધો કે કોઈ ઇ ન સમજી શક્યું કે આ ઉત્તર આમને ખ્યાલમાં નથી આવતો. મૂળ તો મારો પ્રશ્ન ઓલા લોકો બહુ નહોતા સમજી શક્યા. આ ભાઈ સમજી ગયા એ પ્રશ્ન, પણ એમની પાસે ઉત્તર નહોતો. એટલે એ અટકી ગયા.

પછી બધા સૂઈ ગયા સૌ સૌના રૂમમાં. હું મારી જગ્યાએ, હું તો બીજે ઉતર્યો હતો ત્યાં જઈને સૂઈ ગયો. બીજે દિવસે મને મળ્યા. મને

કહે કે તમે જે કાલે પ્રશ્ન પૂછ્યો એ વિષયમાં મારે સમજવું છે. આપણે ક્યાં બેસવું ? એકલા બેસવું છે. હવે ત્યાં તો સેંકડો માણસો આવેલું હતું પંચ કલ્યાણકમાં. હું તો નવો નવો છું. પહેલોવહેલો જામનગર આવ્યો છું. આ પંચ કલ્યાણકમાં. તો કહે, એમ કરીએ કે આપણે, બાર વાગે મંદિરમાં જઈએ. બાર વાગે બધા જમવામાં લાગી ગયા હશે. મંદિરમાં કોઈ નહિ હોય. મંદિરમાં આપણે એકલા બેસીએ બેય જણા. પછી મંદિરમાં એમણે એ પ્રશ્ન કાઢ્યો કે તમે શું કહેવા માગો છો ?

મેં કીધું, સમ્યક્ સન્મુખ જીવની દશા કેવી હોય કે જેના ઉપર ઉપચાર કરાય ? અને સમ્યક્ સન્મુખ ન હોય તો ગમે એટલા આત્માના વિકલ્પ કરે તો ન પામે. એમ મારે કહેવું હતું. મને કહે, એ વાત મને સરખી રીતે કરો. પછી એક કલાક મેં વાત કરી છે એમને. એક કલાક એમણે મને સાંભળ્યો છે.

સત્સંગમાં પ્રાપ્ત બોધની અસર થવાથી, મુમુક્ષુજીવની પ્રકૃતિદોષ ઉપર પ્રથમ ઘા પડે છે, અર્થાત્ પ્રકૃતિ મોળી પડી જાય છે. આ એક શરૂઆતનું શુભ ચિન્હ છે. શરૂઆતમાં આવો ફેર ન પડે, તો તેને હળવાશથી ગૌણ ન કરતાં અતિ ગંભીર અયોગ્યતા સમજી, પ્રકૃતિદોષ હાનિ પામે તે અર્થે ઉપાય કરવા ગંભીરતાથી વિચારણા કર્તવ્ય છે. કારણ કે વીતરાગી બોધ પ્રકૃતિને હણવાનું અમોઘ શસ્ત્ર છે, તે નિષ્ફળ ગયા પછી કોઈ સાધન રહેતું નથી, શ્રી સમયસાર (ગા-૩૧૭)માં આચાર્ય ભગવાને કહ્યું કે 'સારી પેઠે શાસ્ત્રો અધ્યયન કરવા છતાં, અભવ્ય પ્રકૃતિ છોડતો નથી.' કેટલી ગંભીર વાત કહી છે ?! પ્રકૃતિ ન છૂટતી હોય તેણે વિચારવા માટે. ગુણગ્રહણરૂપ સરળપણાના અભાવમાં આવું બને. જ્યાં સરળતા ન હોય, ત્યાં મધ્યસ્થતા ક્યાંથી હોય ? ન જ હોય. (અનુભવસંજીવની - ૧૦૮૪)

## તા. ૨૦-૬-૧૯૯૦, પાના નં. ૧૧ થી ૧૩, પ્રવચન નં. ૧૬૮

'**અનાદિથી તેના ફળમાં દુઃખ ઊપજ્યાં કરતું હતું,...**' ત્યાંથી શરૂ કરવાનું છે.

મુમુક્ષુ :- જૂના પ્રતમાં ૧૦માં પાનાથી છે.

પૂજ્ય ભાઈશ્રી :- તમારે ૧૦મું પાનું હશે. મારે ૧૧મું પાનું છે.

'(હવે) **શરીરને આત્મા કેમ માનું ? આ તો લોહીથી, વીર્યથી સાત ધાતુનું બનેલું, જડ, વિજાતીય, વિનેશ્વર અને પર છે, તે આ મારી ચેતના નથી. જ્ઞાનાવરણીય વર્ગણા વિજાતીય સ્વરૂપના આવરણરૂપ, અચેતન, બંધક, વિનશ્વર અને રસવિપાકહીન છે, તે મારી નથી, વિભાવ સ્વભાવને મલિન કરે છે, કર્મ-ઉદયથી થયો છે,** (તે) **મારો નથી. મારું ચેતનાપદ હું પામ્યો.**'

'**જ્ઞાનલક્ષણથી લક્ષ્યને (ચૈતન્યને) ઓળખી...**' જોયું ! ઓળખવામાં જ્ઞાનલક્ષણ લીધું. '**જ્ઞાનલક્ષણથી લક્ષ્યને (ચૈતન્યને) ઓળખી સ્વરૂપશ્રદ્ધાથી આનંદકંદની કેલી (રમત) કરીને** (હું) **સુખ થાઉં; એ આનંદકંદની કેલી સ્વરૂપશ્રદ્ધાથી કેવી રીતે થાય તે કહેવામાં આવે છે.**' એમ કરીને સ્વરૂપશ્રદ્ધા કેવી રીતે થાય એ વાત કરે છે. સ્વરૂપશ્રદ્ધા થતાં સ્વરૂપાનંદ ઊપજે છે. જ્યાં સુધી સ્વરૂપાનંદ અનુભવમાં નથી આવતો ત્યાં સુધી સ્વરૂપની શ્રદ્ધા થઈ એ નિશ્ચિત નથી થતી. સ્વરૂપશ્રદ્ધા એ આનંદસહિત હોય છે. સ્વરૂપજ્ઞાન પણ આનંદસહિત જ હોય છે. એમ લેવું છે.

મુમુક્ષુ :- શરીર બાબતમાં બે વિશેષણ છે. એક તો બંધક અને બીજું છે, વિભાવ સ્વભાવને મલિન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ આનું કાર્મણવર્ગણાનું લીધું. કાર્મણવર્ગણા વિજાતીય, સ્વરૂપના આવરણરૂપ, અચેતન, બંધક એટલા વિશેષણો લીધા.

મુમુક્ષુ :- સ્વરૂપપ્રાપ્તિમાં બંધક છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બંધક છે એટલે બંધાય છે ને ? બંધ

કરનાર તે બંધક. બાંધનાર, બંધ કરનાર એ બંધક.

મુમુક્ષુ :- આ વિભાવ સ્વભાવને મલિન કરે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- વિભાવ સ્વભાવને મલિન કરે છે એમ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- વિભાવ છે એ સ્વભાવને મલિન કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- વિભાવ સ્વભાવને મલિન કરે છે. અને કર્મના ઉદયથી થયો છે એટલે કર્મનો જે ઉદય આવ્યો એ ઉદયને અનુસરતા વિભાવ થયો છે માટે કર્મના ઉદયથી થયો છે એમ કહ્યું.

મુમુક્ષુ :- જ્ઞાનાવરણી વર્ગણા એટલે કાર્મણવર્ગણા ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનાવરણી આદિ કાર્મણવર્ગણા આવરણરૂપ છે. અને બેય વાત લીધી. દ્રવ્યકર્મ અને ભાવકર્મ. બંનેની વાત લીધી.

મુમુક્ષુ :- રસ વિપાકહિન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો જે વર્ગણા છે ને એમાં હજી રસ ઉપાડ નથી. જ્યારે કર્મ બંધાય છે ત્યારે એમાં ઉદયકાળે રસવિપાક આવે છે. જ્યારે સત્તામાં પડી છે ત્યારે તો એનો કોઈ રસનો વિપાક નથી. ભલે બંધન થયું છે પણ ઉદયમાં આવે ત્યારે એનો વિપાક આવે છે, રસ પ્રગટ થાય છે.

મુમુક્ષુ :- એ મારી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ મારી નથી. એટલે આમાં શું છે કે સંસારી જીવ છે એ દ્રવ્યકર્મને શાસ્ત્રપદ્ધતિએ નથી સમજતો. પણ દ્રવ્યકર્મને એ કેવી રીતે પોતાના કરે છે ? મારું નસીબ. મારા નસીબમાં શું ઉચ્ચારે છે ? કે મારું નસીબ ભવિષ્યની અંદર સારું હોય તો સારું. તો હું દુઃખી નહિ થાઉં. જો મારું નસીબ સારું હોય તો હું સુખી રહું. એમ એ દ્રવ્યકર્મને પોતાના કરે છે.

મુમુક્ષુઃ- એટલે એનો અર્થ એવો થયો કે કર્મ સ્વભાવને મલિન કરે છે એમ માને છે. ખરેખર વિભાવ સ્વભાવને મલિન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ જ લીધું છે આમાં કે વિભાવ સ્વભાવને મલિન કરે છે. વિભાવ એટલે પોતાનો મલિનભાવ તે

વિભાવ. પોતાનો મલિનભાવ છે એ સ્વભાવ જે નિર્મળ શુદ્ધ સ્વભાવ છે એને ઉત્પન્ન નથી થવા દેતો. એ મલિન કરે છે. પોતાના પરિણામને મલિન કરે છે.

મુમુક્ષુ :- કર્મ કાંઈ કરે છે એ વાત ખોટી છે.

પૂજ્ય ભાઈશ્રી :- કર્મ તો નિમિત્ત છે માત્ર. વિભાવ થવામાં કર્મ તો નિમિત્ત છે. એટલું જ છે.

મુમુક્ષુ :- નસીબના નામથી કર્મનો આશ્રય લઈ લે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કર્મનો આશ્રય જીવ લે છે. આ હાથ જોવરાવા જાય છે, જ્યોતિષ જોવરાવવા જાય છે, જન્મકુંડળી કરાવે છે. અનેક જાતના મંત્ર-તંત્રનો પ્રયોગ કરે છે. એ શું કરવા કરે છે ? કે મારું નસીબ સારું રહે. મારું નસીબ જો સારું રહે તો હું સુખી રહું. મારું નસીબ સારું ન હોય તો હું સુખી કેવી રીતે રહું ?

મુમુક્ષુ :- દેખત રીતે સમાધાન માટે જીવ સમાધાન કરે મારા કર્મ આવા, મારું નસીબ આવું. એમાં આશ્રય થઈ જાય છે આ ખ્યાલ નથી આવતો.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યકર્મનો આશ્રય થાય છે. જે બંધાયેલા દ્રવ્યકર્મ છે એનો આશ્રય જીવ કરે છે. એ આશ્રય કરે છે એટલે એમાં પોતાપણું કરે છે. કર્મનો ઉદય આવે છે, શુભકર્મનો ઉદય આવે છે ત્યારે પોતે એમ માને છે કે અત્યારે મને બહુ સારો ઉદય વર્તે છે. જ્યારે કોઈ અશુભ કર્મનો ઉદય આવે છે ત્યારે પાછો પોતે દુઃખી થઈને એમ કહે છે કે મને બહુ આકરો ઉદય આવ્યો. એમ એ દ્રવ્યકર્મની અંદર અને ઉદયની અંદર પોતાપણું કરે છે. પોતાપણું કરતા એમાં મલિનભાવ પોતાને થાય છે તે વિભાવભાવ છે.

મુમુક્ષુ :- જાય છે સમાધાન કરવા, એમ પણ લાગે પરિણામમાં થોડી સાતા પણ રહે છે. આકુળતા નથી કરી. મારા નસીબ જેવા હોય એવું મને ફળ મળ્યું. એમાં આશ્રય લઈ લીધો, એકત્વ કરી લીધું આ ખ્યાલ નથી આવતો આ જીવને.

પૂજ્ય ભાઈશ્રી :- જૂઠું સમાધાન છે. કાંઈ સાચું સમાધાન નથી. સાચું સમાધાન તો સ્વરૂપના આશ્રયે જ થાય. કાંઈ ઉદયના આશ્રયે કે કર્મના આશ્રયે સાચું સમાધાન નથી થતું.

મુમુક્ષુ :- ત્યાંથી ભેદજ્ઞાન કરાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે મારું નથી એનું નામ ભેદજ્ઞાન. તે મારું નથી. વિભાવ મારો નથી, કર્મનું બંધન મારું નથી, કર્મનો ઉદય મારો નથી. એ બધું ભેદજ્ઞાનમાં જાય છે.

મુમુક્ષુ :- શરીરની વાત, એ નોકર્મ મારા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- તે નોકર્મ મારા નથી.

'**જ્ઞાનલક્ષણથી લક્ષ્યને (ચૈતન્યને) ઓળખી સ્વરૂપશ્રદ્ધાથી આનંદકંદની કેલી (રમત) કરીને...**' એટલે સ્વરૂપશ્રદ્ધા પહેલા લક્ષણથી લક્ષને ઓળખવાની પદ્ધતિ નાખી દીધી. આ વિધિ છે કે એ એના ક્રમમાં આ જ પરિણામ હોય છે. '**અનંત ચૈતન્ય ચિહ્ન સહિત...**' કેવી રીતે તે સ્વરૂપશ્રદ્ધા થાય છે ? કે '**અનંત ચૈતન્ય ચિહ્ન સહિત અખંડિત ગુણપુંજના અને પર્યાયના ધારક દ્રવ્યનો-જ્ઞાનાદિ ગુણપરિણતિરૂપ અને પર્યાય અવસ્થારૂપ વસ્તુનો-નિશ્ચય થયો.**' જ્યારે મૂળ વસ્તુની ઓળખાણ થાય છે ત્યારે પ્રમાણના વિષયભૂત આખા પદાર્થનો નિર્ણય પણ સાથે સાથે થાય છે.

અનંત ચૈતન્યચિહ્ન એ મૂળ સ્વરૂપ છે. જેમાં અનંત અનંત ચૈતન્ય રહેલું છે એ મૂળ સ્વરૂપ છે. અખંડ છે, અખંડિત છે. એમાં ક્યારે પણ કોઈ ખંડ પડતો નથી, વિભાગ પડતો નથી, છેદ પડતો નથી. અને ગુણનો પુંજ છે. અનંત ગુણનો સમૂહ છે. આટલું છે તે સામાન્ય દ્રવ્ય છે. '**અને પર્યાયના ધારક...**' એ પર્યાયનું ધારકપણું દ્રવ્યનું લીધું. એ પ્રમાણના વિષયભૂત દ્રવ્ય લીધું. '**પર્યાયના ધારક દ્રવ્યનો-જ્ઞાનાદિગુણપરિણતિરૂપ...**' એના જે જ્ઞાન વગેરે ગુણના પરિણામ ધારાવાહી થાય છે, એમાંથી પ્રગટ થયા કરે છે એ જ્ઞાનાદિગુણ પરિણતિરૂપ '**અને પર્યાય અવસ્થારૂપ...**' વર્તમાનમાં જે કોઈ અવસ્થાઓ પ્રગટ છે તે અવસ્થારૂપ વસ્તુ એનો નિર્ણય થયો. એમ પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયનો યથાર્થ નિર્ણય થઈ જાય છે, નિર્ણયના કાળમાં.

મૂળ સ્વભાવનો નિર્ણય થતાં એમાં રહેલા ગુણોનો પણ નિર્ણય થાય છે અને પોતાની અવસ્થાનો સુધાર.. આ જે સ્વરૂપનો નિશ્ચય થયો છે તેના આશ્રયે થશે, એના અવલંબને થશે, એવી રીતે જે જ્ઞાન

થાય છે એ જ્ઞાનમાં પર્યાયનું સાચું જ્ઞાન આવ્યું.

જેમ Class માં શીખવે, આપણે ત્યાં ધાર્મિક વર્ગ ચાલે છે. તો દ્રવ્ય કોને કહેવો ? ગુણ કોને કહેવો ? પર્યાય કોને કહેવી ? એમ શીખવે છે. પણ અધ્યાત્મ પદ્ધતિથી જો શીખવે તો એની અંદર એવી રીતે આવે કે જે અનંત ગુણનો સમૂહ છે તે દ્રવ્યસ્વભાવ છે. એમાં જ્ઞાનાદિ અનેક ગુણો છે તે દ્રવ્યસ્વભાવની વિશેષતાઓ છે અને તેના અવલંબને જે અવસ્થા અનાદિથી મલિન અનુભવાય છે, અવગુણવાળી છે તે અવગુણ મટીને સદ્‌ગુણ પ્રગટ થાય એવો જે વસ્તુમાં ફેરફાર થાય તેને પર્યાય કહીએ. અને એ રીતે એવા પર્યાયને ધારણ કરનાર પદાર્થને પ્રમાણભૂત વસ્તુ કહીએ. એવી રીતે આખી વસ્તુની ઓળખાણ કરવી જોઈએ. તો શું થાય કે જે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન છે એ પોતાના હિત-અહિતના હેતુ કારણ-કાર્ય સહિત સમજવા મળે છે. એવી રીતે લેવું.

મુમુક્ષુ :- ત્યાં ખાલી માહિતી મળે છે. ઓલી પદ્ધતિ ખાલી માહિતી આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઓલું તો પદાર્થ વિજ્ઞાન સમજાવે છે. પણ એ કો'ક જાણે પદાર્થ હોય. Third person. એવી રીતે એનું જ્ઞાન થાય છે. આ પોતાના અવગુણથી પોતે કંટાળ્યો છે અથવા દુઃખી થયો છે અને એ અવગુણ પોતે મટાડવા ઈચ્છે છે. જો અવગુણ નહિ મટે તો મારા જન્મ-મરણના દુઃખ ચાલુ રહેશે. એવો એને પોતાને ખ્યાલ આવ્યો છે. તો અવસ્થાનું એ જ્ઞાન છે. પણ એ અવસ્થાનું જ્ઞાન સાચું ક્યારે ? કે મારા મૂળ સ્વભાવનું અવલંબન લેતાં એવા અવગુણ ટળી અને મારા ગુણ પ્રગટ થાય. એવી રીતે જે અવસ્થાથી અવસ્થાંતર થાય એનું નામ પર્યાય કહીએ. એવી રીતે એને દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થવું જોઈએ.

મુમુક્ષુ :- હિત-અહિતના દૃષ્ટિકોણથી આ વાત સમજાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હિત-અહિતના દૃષ્ટિકોણથી દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય સમજે તો એને એ પ્રયોજનભૂત વિષય સમજાયો કહેવાય. નહિતર એને પ્રયોજન સાથે કાંઈ સંબંધ ન રહે તો દ્રવ્ય-ગુણ-પર્યાયની સમજણ થઈ પણ પ્રયોજન ન સમજાયું. ત્યારે જ્ઞાનીઓ એમ કહે છે કે તું પ્રયોજનભૂત તત્ત્વનું જ્ઞાન કર. દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ

પ્રયોજનભૂત તત્ત્વનું જ્ઞાન કર. પણ પ્રયોજનભૂત કઈ રીતે ? કે પોતાના અવગુણ આદિ, દોષ આદિ ટળે અને સદ્‌ગુણ આદિ આત્મગુણ પ્રગટ થાય, આત્મામાં રહેલાં ગુણો (પ્રગટ થાય), એને દ્રવ્ય-ગુણ-પર્યાયનું ... જ્ઞાન કહેવાય. આમ પ્રયોજનભૂત જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાયનું છે. માત્ર દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ શીખી લેવું તે પ્રયોજનભૂત જ્ઞાન નથી.

એવી જ રીતે નવ તત્ત્વમાં લેવું. પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ. એ ચાર તત્ત્વનું સ્વરૂપ પોતાના ભાવના અનુભવથી સમજે. એવા જે જે ભાવો અનુભવમાં આવી રહ્યા છે. ... એમાં જે આસ્રવ થયો તે અને એમાં બંધ થયો, પોતે ભાવથી અટક્યો ઉપયોગથી. તો એ ભાવાત્મક એનું જે જ્ઞાન થાય ત્યારે એને નવ તત્ત્વનું જ્ઞાન સાચું થયું કહેવાય. પ્રયોજનભૂત રીતે. સાચું એટલે પ્રયોજનભૂત રીતે. આ પ્રકારના જે તત્ત્વો છે એ મારા આત્માને દુઃખદાયક છે.

એ રીતે સંવર, નિર્જરા અને મોક્ષતત્ત્વનું ઉપાદેયપણે પોતાના ભાવમાં જ્ઞાન કરે ત્યારે એને સંવર, નિર્જરા તત્ત્વનું પ્રયોજનભૂત જ્ઞાન કર્યું કહેવાય. એમ નવ તત્ત્વનો જે વિષય છે એ હેય-ઉપાદેયરૂપ પ્રયોજનથી સંકળાયેલો છે. જો હેય-ઉપાદેયના દૃષ્ટિકોણપૂર્વક એ સમજવામાં ન આવે તો એની જે વ્યાખ્યા સમજાય, એ જ્ઞાન કાંઈ સાચું જ્ઞાન નથી. એ સમજણ તે બરાબર સમજણ નથી રહેતી. એમ કહેવું છે. એ પ્રયોજનભૂત સમજણ ન રહી.

મુમુક્ષુ :- બે-ત્રણ દિવસ પહેલાં આવ્યું હતું કે દ્રવ્યાનુયોગ હિત-અહિતના પ્રયોજનથી સમજવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- સમજવો જોઈએ. દ્રવ્યાનુયોગમાં હિત-અહિતનો દૃષ્ટિકોણ મુખ્ય રાખીને જો સમજાય તો જ એ ઉપકારી છે. નહિતર એમાંથી શુષ્કતા અને શુષ્કજ્ઞાન ઉત્પન્ન થયા વગર રહે નહિ. શુષ્કતા આવી જ જાશે.

મુમુક્ષુ :- આપણે જ્યારે આ પત્ર લીધો ત્યારે લક્ષણથી લક્ષને ઓળખવા માટે જે લક્ષે જવું છે તે લક્ષના લક્ષે..

પૂજ્ય ભાઈશ્રી :- એ વખતે ? 'અનુભવપ્રકાશ' ચાલ્યું ત્યારે ? લક્ષણથી લક્ષના...

મુમુક્ષુ :- લક્ષણથી લક્ષને ઓળખવા માટે જે લક્ષે જવું છે તે

લક્ષના લક્ષણ. એટલે હવે કહેવામાં આવે છે ને કે સ્વરૂપની શ્રદ્ધા કેવી રીતે થાય તે કહેવામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર. લક્ષ છે એ મૂળ પોતાનું સ્વરૂપ છે.

**'જ્ઞાન જાણવામાત્ર, દર્શન દેખવા માત્ર, સત્તા અસ્તિત્વમાત્ર, (તથા) વીર્ય વસ્તુનિષ્પન્ન સામર્થ્ય માત્ર છે.'** એટલે સ્વભાવરૂપ પરિણામની રચના કરે. સ્વભાવ પરિણામની રચના કરે તેને પુરુષાર્થ કહીએ. એટલે **'વસ્તુનિષ્પન્ન સામર્થ્ય માત્ર છે. કેવળ એવા પ્રતીતિભાવને, રુચિભાવને, આસ્તિક્યતારૂપ શ્રદ્ધાનને શ્રદ્ધા કહીએ.'** શું છે ? આત્મસ્વરૂપમાં જ્ઞાન જાણવામાત્ર, દર્શન દેખવામાત્ર, સત્તા હોવાપણામાત્ર. અસ્તિત્વમાત્ર એટલે પોતાના હોવાપણા માત્ર તથા પુરુષાર્થ છે તે વસ્તુના સ્વરૂપની શુદ્ધ અવસ્થાની રચના કરે એવા વસ્તુનિષ્પન્ન સામર્થ્યમાત્ર. **'કેવળ એવા પ્રતીતિભાવને,...'** એવો પોતાના સ્વરૂપનો પોતાને વિશ્વાસ આવે. રુચિપૂર્વક વિશ્વાસ આવે, ગુણની રુચિપૂર્વક વિશ્વાસ આવે. એવા **'રુચિભાવને, આસ્તિક્યતારૂપ શ્રદ્ધાનને શ્રદ્ધા કહીએ.'** એવી પોતાને આસ્થા બેસે, આવા ગુણસ્વરૂપની આસ્થા બેસે ત્યારે તેને શ્રદ્ધાન કહીએ છીએ.

**'તેનાથી (તે શ્રદ્ધાથી) ઉત્પન્ન થયેલા આનંદકંદમાં કેલી કરીને હું સુખી થાઉં છું,...'** એવા શ્રદ્ધાનથી ઉત્પન્ન થયેલો જે આનંદ, નિરાકુળ અવસ્થા અથવા આત્મામાં આત્મસ્થિરતાથી જે ઉલ્લાસ ઉત્પન્ન થયો એ આનંદદશા, તેથી કરીને હું સુખી થાઉં છું. એવા આનંદથી હું સુખી છું. **'જાણવાથી થતો આનંદ તે જ્ઞાનાનંદ, સ્વરૂપને દેખવાથી થતો આનંદ તે દર્શનાનંદ, પરિણમવાથી થતો આનંદ તે ચારિત્રાનંદ (છે).'** પરિણમન થયું. આચરણ થયું તે ચારિત્ર આનંદ. **'એવા સર્વ ગુણોના આનંદનું મૂળ નિજ સ્વરૂપ આનંદકંદ, તેની કેલી સ્વરૂપમાં (પોતાની) પરિણતિ રમાવવી (તે છે.)...'** તેમાં વારંવાર પરિણતિ સ્થિર થાય, એમાં જ પરિણતિ રમે.

**'તેથી સુખસમૂહ થયો છું.'** તેથી પોતાને ઘણું સુખ ઊપજે છે. **'આનાથી (બીજો કોઈ) ઊંચો ઉપાય નથી.'** આ રીતે સ્વરૂપ રમણતા કરવી એ એક જ ઉપાય છે અને તે જ ઊંચામાં ઊંચો ઉપાય છે. સુખી

થવાનો આ સિવાય બીજો કોઈ જગતની અંદર ઉપાય છે જ નહિ. પોતાનું શ્રદ્ધાન કરે, પોતાની આસ્થા કરે અને પોતામાં પરિણામ સ્થિર થાય ત્યારે આનંદ ઊપજે. એ જ્ઞાનાનંદ કહો, ચારિત્ર આનંદ કહો, દર્શન આનંદ કહો, જે કહો તે, પણ એ આત્માનો આનંદ છે અને એ જ સુખી થવાનો ઉપાય છે. એ સિવાય બીજો કોઈ સુખી થવાનો ઉપાય નથી. આ સિવાય બીજી રીતે જે કોઈપણ પ્રકારે જીવના પરિણામ થાય તે સમસ્ત પરિણામો દુઃખના જ ઉત્પાદક થવાના, આકુળતાના જ ઉત્પાદક થવાના. આ તો સ્વભાવ છે એટલે સ્વભાવમાં સ્વભાવનો આનંદ છે એ થયા કરે છે. જોકે આનંદ તો અનંત આનંદ, અખુટ આનંદ અંદર ભર્યો છે એ આનંદ ઉત્પન્ન થયા કરે છે. સ્વભાવિક પરિણતિ, શુદ્ધ પરિણતિ થતી હોવાને લીધે, અબંધ પરિણતિ થતી હોવાને લીધે.

મુમુક્ષુ :- બધાનો નિષ્કર્ષ આનંદ ઉપર લઈ ગયા. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં પણ બધાનો સરવાળો આનંદ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ છે કે જો જીવને આનંદ ન થાય, ધર્મમાં આનંદ ન થાય, સ્વરૂપસુખ ન થાય તો પછી એ કાર્યનો રસ શું ? જો આનંદ ન આવે તો એ કાર્યનો રસ શું ? કેવી રીતે રસ આવે જીવને ? આનંદ વગર કોઈ રીતે જીવને રસ આવે નહિ. અને આનંદ છે એ આત્મસ્વભાવ છે. એ એક અસાધારણ એવો આત્મસ્વભાવ છે કે જેને લઈને અનંતા સિદ્ધો અનંત કાળ પર્યંત, સાદિ અનંત કાળ પર્યંત પોતાના સ્વરૂપાનંદમાં રહ્યા કરે છે. ત્યાંથી છૂટીને બહાર આવે તો દુઃખ થાય. એ એવી સ્થિતિમાં આવતા નથી.

સમ્યગ્દૃષ્ટિને પણ સ્વરૂપાનંદ આવે છે એ જ આનંદ વારંવાર એને આનંદમાં જ રહેવું એવી જ ભાવના એને રહે છે. કે મારો અનંતકાળ, મારા સ્વરૂપ આનંદમાં જ રહો. એવી ભાવના એને રહ્યા કરે છે. અને કોઈ જીવ દુઃખ તો ઇચ્છતો જ નથી. એ તો સીધી વાત છે.

મુમુક્ષુ :- Magnetic property.

પૂજ્ય ભાઈશ્રી :- Magnetic property. ખેંચાણ થાય. અંતર્મુખ થવાનું જીવને ખેંચાણ થવાનું કારણ શું ? કે અનંત આનંદ ભર્યો છે. એ આનંદ લેવા, આનંદ મેળવવા, આનંદ અનુભવવા માટે જીવને અંતર્મુખ

થવાનું વારંવાર આકર્ષણ થાય છે. કેમકે અંદર આનંદ ભરેલો છે. એટલો બધો આનંદ ભરેલો છે કે જેની કોઈ સીમા નથી એટલો આનંદ ભરેલો છે ! આખું જગત જેની આગળ તુચ્છ ભાસે. એક જઘન્ય આનંદ પાસે.

એ લેશે પોતે કે ઈન્દ્રને ઈન્દ્રાસન છે એ દુઃખરૂપ લાગે છે. નહિતર ઈન્દ્રનું આસન એટલું બધું ઉત્કૃષ્ટ છે કે જેનું વર્ણન અહીંયાં તો કોઈ કરી જ ન શકે. એ ઈન્દ્ર, સૌધર્મ ઈન્દ્ર પોતે સમ્યગ્દૃષ્ટિ છે. પણ સ્વરૂપમાં આનંદ લેવા માટે જે અંતર્મુખ પરિણામ થાય, એ પરિણામ થવાને બદલે ઈન્દ્રાસન ઉપર બેસવાના એને જે બાહ્ય પરિણામ થાય છે, એ બાહ્ય પરિણામ એને દુઃખનો અનુભવ કરાવે છે. માટે ઈન્દ્રાસન દુઃખરૂપ છે એમ કહી દે છે. ખરેખર તો ઈન્દ્રાસનમાં બેસવાના પરિણામ દુઃખરૂપ છે. પણ નિમિત્ત ઉપર આરોપ આવે છે હંમેશા. સુખનો અને દુઃખનો આરોપ નિમિત્ત ઉપર આવે છે.

'**આનાથી (બીજો કોઈ) ઊંચો ઉપાય નથી. (પરમ કૃપાળુ) ભગવાન ભવ્ય જીવોને એ શિવરાહ (શિવમાર્ગ, કલ્યાણમાર્ગ, મોક્ષમાર્ગ) સોહલો દર્શાવ્યો છે.**' સોહલો એટલે '**સહેલો, સુગમ, સરળ, સુખદાયક, સુંદર સોહામણો.**' બધા અર્થ એમાંથી નીકળે છે. '**ભગવાનની ભાવનાથી સંતો મહંત થયા.**' નિજ ભગવાનની ભાવનાથી સંતો છે એ પણ મહંત થયા, મોટા કહેવાયા. '**મેં પણ આ જ ભાવનાનો અવગાઢ થંભ રોપ્યો છે.**' મેં પણ આ જ ભાવનાનો. ક્યો ? સ્વરૂપની ભાવાનાનો, ભગવાનની ભાવનાનો, નિજ સ્વરૂપના ભગવાનની ભાવનાનો અવગાઢ સ્તંભ રોપ્યો છે, ગાઢ સ્તંભ રોપ્યો છે. આમ કરીને 'દીપચંદજી' સાહેબે પોતાના પરિણામની વાત કરી દીધી છે કે મેં પણ મારા નિજ સ્વરૂપની ભાવના કેવી કરી છે ? અવગાઢ ભાવના કરી છે, પ્રગાઢ ભાવના કરી છે. અને સ્તંભ રોપ્યો છે એનો અર્થ શું છે ? કે હવે એમાંથી પાછું નહિ ફરાય.

જેમ કે રણસ્તંભની અંદર સ્તંભ રોપી દે એટલે પછી ત્યાંથી પાછું ન ફરે. એ ત્યાંથી આગળ વધીને જીત મેળવવાની હોય ત્યાંથી હાર ખાયને ત્યાંથી પાછળ જાય. જીવતા પાછા ન ફરે ત્યાંથી એનું નામ સ્તંભ રોપ્યો કહેવાય. આ સ્તંભ રોપ્યો એટલે અમે જીવીએ છીએ ત્યાં

સુધી આથી પાછળ હવે નહિ હટીએ. એનું નામ વિજયસ્તંભ કહેવાય છે. એમ પોતે આ જ ભાવનાનો એટલે ભગવાનની નિજ સ્વરૂપની ભાવનાનો અવગાઢ સ્તંભ રોપ્યો છે.

મુમુક્ષુ :- આ પોતાની પરિણતિની વાત કરી ?

પૂજ્ય ભાઈશ્રી :- આ પોતાની પરિણતિ કેટલી બધી તીવ્ર અને મજબૂત હતી એમ કહે છે. કે હવે પોતાને વિશ્વાસ છે કે ક્યારે પણ આમાંથી પાછા ફરવાનું નહિ થાય. આગળ જ વધવાના છે. પાછા ફરવાનો પ્રશ્ન જ નથી. પોતાની ખાત્રી આવી ગઈ છે.

મુમુક્ષુ :- ક્ષાયિક જેવી ભાવનાની સ્થાપના કરી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને ખાત્રી આવી ગઈ છે કે હવે આગળના કોઈ ભવભવાંતરમાં હું પાછો પડવાનો નથી. હું મારા સ્વરૂપમાં આગળ ને આગળ, આગળ ને આગળ જ ચાલીશ.

મુમુક્ષુ :- ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ નથી...

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ભલે ન હોય, ઉપશમ સમ્યગ્દૃષ્ટિમાં પણ આવી પોતાની ખાત્રી તો આવે જ. ચોક્કસ વાત છે આ. સમ્યગ્દર્શન તો એક ગુણની પર્યાય છે પણ બીજા ગુણ કામ કરે છે કે નહિ ? તો પોતાને ખ્યાલ આવી જાય છે કે હવે હું પાછો નહિ પડું.

**'મેં પણ આ જ ભાવનાનો અવગાઢ થંભ રોપ્યો છે. સમ્યગ્દૃષ્ટિને એવો નિરંતર અભ્યાસ રહે છે.'** આવા પરિણામ સમ્યગ્દૃષ્ટિને રહે કે હું આ જે માર્ગ છે એની અંદર હવે હું પૂર્ણ સુખી થવાનો છું. એવું પરિણમન વારંવાર એને પરિપૂર્ણતાના વિશ્વાસવાળું પરિણમન આવી જાય છે.

મુમુક્ષુ :- અત્યારે કુદરતી એવા મહાત્માઓના કથન મળે છે કે હજી ક્યાં તો એક ભવ હોય ક્યાં બે-ત્રણ ભવ હોય, ચાર ભવ હોય બસ ! વાત પૂરી થઈ ગઈ. ઉન્નતિ ક્રમમાં જાવવાળાનો જ..

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- આ વચનથી એમની પરિણતીનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મજબૂતાઈનો ખ્યાલ આવે છે. કેટલો એમની શક્તિનો વિકાસ થયો હતો કે જેને એમ કહે છે કે મેં હવે મારો સ્તંભ રોપ્યો છો. મારી ભાવનાનો સ્તંભ રોપી દીધો છે.

મુમુક્ષુ :- સંસારી જીવો માણેક સ્થંભ રોપે, આ વિજય સ્તંભ રોપે છે. લગન થાય ત્યારે માણેક સ્તંભ નાખે છે ને ? ચાર ગતિમાં રખડવાના.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

**'કર્મના અભાવથી...'** પાઠાંતરમાં નિજ સ્વભાવ એમ છે. આ નાસ્તિથી કર્મનો અભાવ, અસ્તિથી નિજ સ્વભાવથી **'સ્વરસમંડિત સુખનો પુંજ પ્રગટે ત્યારે જ્ઞાન કૃતકૃત્ય થાય છે.'** જ્યારે કર્મનો અભાવ થાય છે અથવા તો પોતાના સ્વભાવથી આત્મરસ, અમૃતરસ છે આ. સ્વરસમંડિત સુખ છે. એટલે સુખામૃત પ્રગટે છે. અનુભવના સુખનું પ્રગટે છે ત્યારે પોતે તૃપ્ત થાય છે અથવા કૃતકૃત્ય થાય છે કે હવે મારે કાંઈ કરવાનું નથી. જે કરવું હતું એ થઈ રહ્યું છે. મારા સ્વરૂપમાં જે સુખનું અમૃત છે એનો હું અનુભવ કરું છું. અને જે મારે કરવા યોગ્ય છે તે આટલું જ છે, બસ.

મુમુક્ષુ :- જે જ્ઞાનથી સુખ પ્રગટે તે જ્ઞાન. બાકી જ્ઞાન નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- બાકી કોઈ જ્ઞાન નહિ. જે જ્ઞાન સુખ ન પ્રગટાવે એને જ્ઞાન શું કહેવું ? એમ કહે છે. આત્માના અંદરનું સુખ જે પ્રગટ ન કરાવે એને જ્ઞાન શું કહેવું ? એ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે.

મુમુક્ષુ :- એને બુદ્ધિ શું કહેવી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને મતિ શું કહેવી ? અને ખરેખર તો જે જ્ઞાનથી સુખ ન પ્રગટે એવું જે અજ્ઞાન હોય એનાથી દુઃખ પ્રગટ્યા વગર રહે નહિ પાછું. એમાં આકુળતા જ ઉત્પન્ન થાય. એવું બને છે.

..નિશ્ચય થયા વિના વિશ્વાસ નથી આવતો. કેમકે નિશ્ચયમાં પ્રગટ લક્ષણથી આખું સ્વરૂપ લક્ષિત થઈ જાય છે ત્યારે વિશ્વાસ આવે છે. એટલે એમાંથી અનુભવ પ્રગટે છે. **'પ્રતીતિમાં (તો) ચિંતામણિ પામ્યા જેવો હર્ષ થયો છે. એ પ્રમાણે મતિજ્ઞાનીને સ્વરૂપનો પ્રભાવ એક દેશમાં જ એવો જાગ્યો કે...'** સમ્યક્ મતિજ્ઞાન જેને પ્રગટ થયું તેને **'સ્વરૂપનો પ્રભાવ એક દેશમાં જ એવો જાગ્યો...'** એટલે અંશ પ્રગટ થયો એમાં એવો જાગ્યો **'કે કેવળજ્ઞાનનું શુદ્ધત્વ પ્રતીતિ દ્વારા આવ્યું...'** એક મતિજ્ઞાન જ્યાં સમ્યક્ પ્રકારે ખીલ્યું તો એ મતિજ્ઞાનની અંદર પોતાનું જે કેવળજ્ઞાન છે, પરિપૂર્ણ કેવળજ્ઞાન છે, એનું શુદ્ધત્વ એ

કેટલો પોતાના આત્માની પરિપૂર્ણ શુદ્ધતા થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટે એટલી પ્રતીતિ એને એક મતિજ્ઞાનમાં આવે છે. બહુ સરસ વચન લીધું છે, હોં !

**'એ પ્રમાણે મતિજ્ઞાનીને સ્વરૂપનો પ્રભાવ...'** એટલે જેવું સ્વરૂપ મહાન છે એવી મહાનતાનો પ્રભાવ **'એક દેશમાં...'** એટલે મતિજ્ઞાનનો એક અંશ ખુલ્લો થયો ત્યાં **'એવો જાગ્યો...'** એ અંશની અંદર એવો પોતાનો મહિમા આવ્યો કે કેવળજ્ઞાનનું શુદ્ધત્વ એને જણાઈ ગયું. પ્રતીતિમાં આવી ગયું. પ્રતીતિ દ્વારા એને વિશ્વાસ આવ્યો કે હું આવો પરિપૂર્ણ શુદ્ધ કેવળજ્ઞાનમય છું. જેવા સિદ્ધ પરમાત્મા પરિપૂર્ણ શુદ્ધ કેવળજ્ઞાનમય છે એવો જ હું પરિપૂર્ણ શુદ્ધ કેવળજ્ઞાનમય છું. કિંચિત્ માત્ર ફેર નથી. સિદ્ધ પરમાત્મા અને આ અંદરમાં બિરાજમાન પરમાત્મા એ બે વચ્ચે કોઈ ફેર નથી.

બીજી રીતે કહીએ તો એ મતિજ્ઞાનમાં એણે પોતાના સિદ્ધપદનો અનુભવ કર્યો. મૂર્તિમંત સિદ્ધસ્વરૂપ જ આત્મા છે. આત્મા એટલે સિદ્ધપદની મૂર્તિ. જે ણમો સિદ્ધાણં, પંચ નમસ્કાર પદની અંદર જે કહીએ છીએ એ ણમો સિદ્ધાણં કહેતાં એકસાથે બે અનુસંધાન થઈ જવું જોઈએ. ણમો સિદ્ધાણં. એટલા બધા જે સિદ્ધો છે એમાં પોતાને નમસ્કાર આવી જવો જોઈએ. ત્યારે ણમો સિદ્ધાણં સાચું. નહિતર પોતાને સિદ્ધનો ભાવ ભાસ્યો નથી. જેવા સિદ્ધ પરમાત્મા છે એવું જ આ સાક્ષાત્ સિદ્ધપદ જ છે. આત્મા પોતે છે. ણમો સિદ્ધાણં કહેતા એનો નમસ્કાર આવવો જોઈએ. તો સિદ્ધાણં, ણમો સિદ્ધાણં સાચું. નહિતર વિકલ્પમાત્ર છે અથવા ભાષામાત્ર છે. ણમો સિદ્ધાણં નથી થતું ત્યાં. આનું નામ ણમો સિદ્ધાણં છે.

મુમુક્ષુ :- આ કેવી પરિભાષા છે !

પૂજ્ય ભાઈશ્રી :- એવી પરિભાષા છે આ તો. ણમો સિદ્ધાણં એમ કહેતા પોતાના આત્માને નમસ્કાર થઈ જાય. પોતે સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ જ છે. અનંતા સિદ્ધો એમાં આવી ગયા. પોતાના આત્માના સિદ્ધાત્માને નમસ્કાર કરતા અનંતા સિદ્ધોને પણ નમસ્કાર પહોંચી ગયા. એટલા માટે તો 'સમયસાર'ની પ્રારંભની ગાથામાં એ વાત લીધી છે. આચાર્ય મહારાજ કહે છે કે આ 'સમયસાર'ની ટીકા હું તને

સંભળાવું છું એમાં હું મારા આત્મામાં સિદ્ધપદને સ્થાપું છું અને તારા આત્મામાં પણ સિદ્ધપદને સ્થાપું છું.

'પ્રવચનસાર'માં ભક્તિ કરી. ભગવાનને નમસ્કાર કર્યા કે હું મારા દીક્ષાના પ્રસંગે સર્વ ભગવંતોને નમસ્કાર કરું છું. 'ગુરુદેવ' તો બહુ વિષય એવી રીતે લેતા ને ભાવવાહી રીતે. અનંતા સિદ્ધોને નીચે ઉતારે છે. જ્યારે દીક્ષા પોતે લે છે એટલે આત્માની શુદ્ધિનું એક પગલું આગળ ભરે છે, એક મહાન કદમ ભરે છે, મોટું પગલું ભરે છે. સિદ્ધોને સ્મરણ કરવાનો એ પ્રકારે મહિમા છે.

મુમુક્ષુ :- 'માતાજી'ને એકવાર પ્રસંગવશ અર્ઘ ચડાવતા જોયા હતા. પાવાપુરીમાં. 'માતાજી'નો Action તો હવે ખ્યાલ આવે છે. Action સ્મૃતિમાં છે કે 'માતાજી' અર્ઘ આમ લઈને આમ કર્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપર બિરાજે છે. સમશ્રેણીએ બિરાજે છે.

મુમુક્ષુ :- બોલ્યા પણ અર્ઘમાં સમશ્રેણીએ બિરાજમાન એમ કરીને.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ ત્યાં સુધી જાય છે.

મુમુક્ષુ :- અત્યારે ખ્યાલ આવ્યો કે એનો શું આશય હશે.

પૂજ્ય ભાઈશ્રી :- એના કરતાં પણ પોતે અશક્ત હતા ને શરીરથી ? એટલે પોતાના ઘરના દરવાજે રહીને જ સામે ભગવાનના મંદિરમાં સીમંધર ભગવાનના દર્શન કરતા હતા અને અર્ઘ ચડાવતા હતા. પછી એ સીમંધર ભગવાન સ્થાપના કરેલા છે. 'સોનગઢ' મંદિરમાં છે એ. બરાબર ? પછી આમ પૂર્વ દિશામાં પાછા વળીને અર્ઘ ચડાવે છે. સાક્ષાત્ સીમંધર ભગવાન ત્યાં બિરાજે છે. ત્યાં ઉપયોગ લઈ જાય છે.

એકવાર હમણાં (એક બહેન એમ કહેતા હતા કે) માતાજી એમ કહે છે કે અંદરમાં હું મારા સ્વરૂપનું અવલોકન કરું છું, એ મારું એક મુખ્ય કામ છે, એ કામ હું મુખ્યપણે કરું છું. મારા સ્વરૂપના અનુભવનું. પછી બહાર નીકળું છું ત્યારે કાં હું દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્મરણ કરું છું. નહિતર સાક્ષાત્ સીમંધર ભગવાનના દર્શન કરવા જાઉં છું. સ્મરણ કરું છું એમ નહિ. મહાવિદેહ સ્થિત સીમંધર ભગવાનનું જાતિસ્મરણમાં સ્મરણ કરું છું એમ નહિ. જાતિસ્મરણ મતિજ્ઞાનથી છે. મારા મતિજ્ઞાનમાં જાતિસ્મરણ મને વર્તે છે માટે હું જાતિસ્મરણમાં એ ક્ષેત્ર

યાદ કરું છું એમ નહિ. મારો ઉપયોગ સાક્ષાત્ તેના દર્શન કરવા જાય છે. એમ લેતા હતા. એવી રીતે એક અર્ઘ ચડાવતા હતા. એ એક એમના કોઈ જ્ઞાનની જે વિશિષ્ટતા હતી એ પ્રકાર એ હતો. દૂરક્ષેત્રવર્તી ..

જેમ અહીંયાં આપણે 'કૃપાળુદેવ'નો ફોટો જોઈએ છીએ. કેવો ઉપયોગ ત્યાં જાય છે ? ફોટા ઉપર ઉપયોગ જાય છે અને ફોટો જોઈએ છીએ. એવી જ રીતે. અસંખ્ય યોજન સુધી સાક્ષાત્ દર્શન કરી આવે. એ એક પ્રકારે વાત કરતા હતા. આપણે આવ્યા હતા ને. ભાઈને ત્યાં આવ્યા હતા ત્યારે વાત કરતા હતા.

મુમુક્ષુ :- અમારે પણ એવી રીતે દર્શન કરવા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલી સ્વરૂપની આરાધના હોય છે. આરાધનામાં એવી બધી વિશિષ્ટતાઓ જ્ઞાનાતિશય જેને કહેવામાં આવે છે. મતિજ્ઞાનનો અતિશય, શ્રુતજ્ઞાનનો અતિશય. અતિશય પ્રગટ થાય છે.

શું કહ્યું ? બહુ સરસ વાત લીધી છે. અમુક અમુક ટુકડા તો એવા સરસ આવે છે ને. '**એ પ્રમાણે મતિજ્ઞાનીને...**' એટલે સમ્યક્ મતિજ્ઞાનીને '**સ્વરૂપનો પ્રભાવ એક દેશમાં જ એવો જાગ્યો...**' એટલે એક અંશ જ્યાં મતિજ્ઞાન ખુલ્લું થયું ત્યાં એવો જાગ્યો કે '**કેવળજ્ઞાનનું શુદ્ધત્વ પ્રતીતિ દ્વારા આવ્યું...**' કેવળજ્ઞાનનું જે શુદ્ધત્વ છે એ પોતાને અંદર પ્રતીતિમાં આવી ગયું. આવું કેવળજ્ઞાન હોય અને આવી શુદ્ધતા હોય. કેવળજ્ઞાન વખતે આવી શુદ્ધતા હોય અને આવું કેવળજ્ઞાન પ્રગટ થાય.

'**તેથી અશુદ્ધત્વ-અંશને પણ પોતાનો કલ્પતો નથી.**' પછી એવું શુદ્ધત્વ-પરિપૂર્ણ શુદ્ધત્વ જ્યાં પોતે જાણ્યું ત્યારે અવસ્થાની અંદર સૂક્ષ્મમાં સૂક્ષ્મ અશુદ્ધ અંશ છે એમાં એને પોતાપણું નથી થતું. આ પર ચીજ છે. મારા સ્વરૂપથી વિરુદ્ધ છે, મારા સ્વરૂપથી બાહ્ય છે અને મારા સ્વરૂપમાં એ છે જ નહિ. મારામાં એ છે જ નહિ. મારાથી બહાર છે. એવી રીતે એક કલ્પના ભૂતકાળમાં જે રાગમાં કલ્પના થતી હતી પોતાપણાની, એ કલ્પના તો એક અંશમાં પણ થતી નથી. કલ્પતો નથી એટલે પહેલા તો કલ્પના કરતો હતો. તે દિવસે કાંઈ રાગ અને આત્મા એક નહોતો થતો. અત્યારે સ્પષ્ટ ભિન્ન જાણે છે. '**સ્વસંવેદન મતિજ્ઞાન વડે થયું છે.**' આવું જે સ્વસંવેદન છે તે મતિજ્ઞાન વડે થયું છે.

**'જ્ઞાનપ્રકાશ મારો છે, એ પ્રમાણે શ્રુતજ્ઞાનમાં વિચારે છે. મેં મનન કર્યું તે કેવો છું ?'** હવે શ્રુતજ્ઞાનની અંદર જે મનન ઊપડે છે, આત્મસ્વરૂપનું મનન કેવું થાય છે એ મનનનો અહીંયાં Paragraph લીધો છે. હું.. હું... હું... કરીને લેશે. હું જ્ઞાનરૂપ છું, હું આનંદરૂપ છું. ત્યાંથી શરૂઆત કરી છે. હુંથી શરૂઆત કરી છે. કોઈ ત્રીજાનો વિચાર નથી. પોતાની જાતને સામેલ કરે છે એમાં. અને નીચે Bold type માં એક વાત લીધી છે કે

**'કેવળ જ્ઞાનમાત્ર વસ્તુની પ્રતીતિ પ્રત્યક્ષ કરી - કરી સ્વસંવેદન વધારે છે.'** આ રીત છે. વારંવાર સ્વસંવેદન જ્ઞાનદશામાં ક્યાંથી આવે છે ? કેમ આવે છે ? કે જે કેવળજ્ઞાનમય વસ્તુ છે, માત્ર જ્ઞાનમય જે વસ્તુ છે એની પ્રતીતિ પ્રત્યક્ષ ભાવે કરે છે. પ્રત્યક્ષ જ હું આવો છું. જે બોલ આપણે આવ્યો. બસ્સોને કેટલામાં આવ્યો હતો. ૨૩૨ એમ કાંઈક હતો. હું પ્રત્યક્ષ છું, હું પ્રત્યક્ષ જ છું. એમ પોતાનો વિકલ્પ નથી કરતા. હું આવો છું અને આવો છું. પ્રત્યક્ષ છું. એવી જે એ પ્રત્યક્ષ પ્રતીતિમાં જોર આવે છે પ્રત્યક્ષતાનું, પ્રત્યક્ષપણે પોતાનું અનંત પ્રત્યક્ષરૂપ જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે અને એની પ્રતીતિથી જોર ઉત્પન્ન થાય છે-પુરુષાર્થ ઉત્પન્ન થાય છે તેથી સ્વસંવેદન વધતું જાય છે. સ્વસંવેદન વારંવાર આવતું જાય છે. વારંવાર આવવાથી સ્વસંવેદન વધતું પણ જાય છે. એ વાત એમણે લીધી છે. પોતાના સ્વાનુભવથી આ વાત લીધી છે. બહુ સારી શૈલી આવી છે.

... મતિજ્ઞાનમાં સ્વસંવેદન લીધું, મનઃપર્યયમાં સ્વસંવેદન લીધું.

મુમુક્ષુ :- કેવળ સ્વસંવેદન કીધું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનનું વેદન. જ્ઞાનમાં જ્ઞાનનું વેદન.

મુમુક્ષુ :- સ્વસંવેદન તો છે નહિ એમાં કાંઈ.

પૂજ્ય ભાઈશ્રી :- જે સમ્યક્ અવધિજ્ઞાન અને સમ્યક્ મનઃપર્યયજ્ઞાન હોય છે ત્યારે એમાં જ્ઞાનનું જ્ઞાન વેદન છે એ પ્રત્યક્ષ હોય છે. તે એ સાથે જ, જ્ઞાનના જ્ઞાનવેદન સહિત જ એ પરિણમન ચાલે છે. જ્ઞાનવેદનનો અભાવ થઈને કે જ્ઞાનવેદન રહિત થઈને સમ્યગ્જ્ઞાનમાં એ પરિણમન નથી ઊઠતું. કારણ કે મતિ-શ્રુતનું સમ્યક્ છે ને ? માટે એના મનઃપર્યય અને અવધિમાં પણ વેદન સાથે જ છે. મતિ-શ્રુતનો તો અભાવ થતો નથી. અવધિજ્ઞાન પ્રગટે કે મનઃપર્યયજ્ઞાન

પ્રગટે તોપણ મતિ-શ્રુતનો તો અભાવ થતો જ નથી. એટલે જ્ઞાનવેદન સાથે જ છે.

જ્ઞાનનું જે જ્ઞાનવેદન છે એ કયાં ચાલ્યું જાય ? એ કહો. ભલે પાંચ જ્ઞાનમાંથી ગમે તે જ્ઞાન પ્રગટ્યું. ચાલો. પણ જ્ઞાનમાંથી જ્ઞાનનું વેદન ક્યાં ચાલ્યું જાય ? તો જેને એ વેદન વેદવાની પદ્ધતિ જે છે એ પરિણમનમાં આવી ગઈ. જ્ઞાનના વેદનને વેદવાની કાર્યપદ્ધતિ જેને પકડાઈ ગઈ કે આવી ગઈ એ Grip જેને છે એને તો કોઈપણ જ્ઞાન પ્રગટ થાય પોતાના વેદન વગરનું જ્ઞાન રહેતું જ નથી. જ્ઞાનમાંથી જ્ઞાન વેદન જાતું નથી અભાવ થતો નથી, મટતું નથી. એટલે સદાય જ્ઞાન વેદનમાં રહે છે. પછી ગમે તે જ્ઞાન હોય.

મુમુક્ષુ :- વેદનની વૃદ્ધિના પરિણામસ્વરૂપ જ આ મનઃપર્યય પ્રગટે છે ? આ તો વૃદ્ધિનું Result છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન એટલે સ્વસંવેદનની વૃદ્ધિનું Result.

પૂજ્ય ભાઈશ્રી :- Result છે. કેવળજ્ઞાન એટલે પરિપૂર્ણ સ્વસંવેદનમય. આપણે જે અરિહંત પરમાત્માની મૂર્તિના દર્શન કરીએ છીએ એ ખરેખર તો સ્વસંવેદનની જ મૂર્તિ છે. અરિહંત ભગવાનની મૂર્તિ તે પત્થરની મૂર્તિ નથી, ધાતુની મૂર્તિ નથી પણ સ્વસંવેદનની મૂર્તિ છે. અને કેટલું સ્વસંવેદન છે ? કે જેનું અનંત સ્વસંવેદન છે એવી મૂર્તિ પ્રત્યક્ષ આપણી સામે છે. એનું નામ અરિહંતનું દર્શન છે. એવી રીતે દર્શન કરવામાં (આવે છે). એ તો દેવ અધિકારમાં આવશે.

મુમુક્ષુ :- પ્રચુર શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રચુર નહિ, અનંત. પ્રચુર તો મુનિદશામાં છે. મુનિદશામાં પ્રચુર સ્વસંવેદન છે અને કેવળજ્ઞાન વખતે તો અનંત સ્વસંવેદન છે. એમ છે ખરેખર. અને એવો અનંત સ્વસંવેદનમય આત્મસ્વભાવ પોતાનો છે પાછો. અહીંયાં પણ એમ જ છે. જેવું અનંત સ્વસંવેદન ત્યાં મૂર્તિમાં પ્રગટ છે, એવું મારી અંદર પણ એવું સ્વસંવેદન રહેલું છે. એવી રીતે અનુસંધાન કરે છે.

મુમુક્ષુ :- અહીં પ્રશ્ન પણ એ જ આવ્યો છે ને આ આત્માનું સ્વરૂપ ગુપ્ત થઈ રહ્યું છે તે સાક્ષાત્ કેવી રીતે થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- કેવી રીતે થાય ?

મુમુક્ષુ :- એના અનુસંધાનમાં તો પછી એ જ આવે ને. કુઅવધિ તો ક્યાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિધિનું પ્રકરણ છે અને રસ ઘણો છે. એક એક 'દીપચંદજી'ના વચનોમાં આત્મરસ ઘણો ભર્યો છે. પોતાના પરિણામથી, આત્મરસવાળા પરિણામપૂર્વક આ બધું લખાણ છે. રસ ઘણો છે. એ મુખ્ય વાત છે.

**'પોતાનું સ્વરૂપ સાક્ષાત્ કેવી રીતે થાય તે કહેવામાં આવે છે :- ...'** તમારામાં ૧૩ પાનું હોય.

મુમુક્ષુ :- નહિ. ૧૪ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૪ છે ?

મુમુક્ષુ :- અમારામાં ૧૨ છે. જૂની પ્રતિમાં ૧૨ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું સ્વરૂપ તમારે ૧૪ પાનું બરાબર છે.

મુમુક્ષુ :- અહીંથી બાકી છે હું જ્ઞાનરૂપ છું, આનંદરૂપ છું એ રીતે ચાર જ્ઞાનમાં...

હા, આગળથી લેવાનું છે. **'હું જ્ઞાનરૂપ છું, આનંદરૂપ છું. એ રીતે ચાર જ્ઞાનમાં સ્વસંવેદન પરિણતિ વડે તો (તે) પ્રત્યક્ષ છે.'** ત્યાંથી છે. પાનું-૧૩. **'હું જ્ઞાનરૂપ છું, આનંદરૂપ છું. એ રીતે ચાર જ્ઞાનમાં સ્વસંવેદન પરિણતિ વડે તો (તે) પ્રત્યક્ષ છે.'** કેવળજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન લીધા. ચારેય જ્ઞાનમાં ચતુર્થ ગુણસ્થાન પછી ચારેય જ્ઞાનમાં સ્વસંવેદનથી આત્મા પ્રત્યક્ષ છે. જ્ઞાનનો ઉપયોગ મતિજ્ઞાનનો હોય, શ્રુતજ્ઞાનનો હોય, અવધિજ્ઞાનનો હોય કે મનઃપર્યયજ્ઞાનનો હોય પણ પોતાનો આત્મા તો પ્રત્યક્ષ જ રહે છે. મનઃપર્યયજ્ઞાનનો ઉપયોગ કરતી વખતે પોતાનો આત્મા પરોક્ષ નથી થઈ જતો. અવધિજ્ઞાનનો ઉપયોગ લગાવે ત્યારે પોતાનો આત્મા પરોક્ષ સાધકને નથી થતો. ધર્માત્માને તો પોતાનો આત્મા પ્રત્યક્ષ જ છે. ચારેય જ્ઞાનના ઉપયોગ વખતે.

**'અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન પરને જાણવાથી એકદેશ પ્રત્યક્ષ છે, શાથી ? કે સર્વાવધિ વડે સર્વવર્ગણા, પરમાણુમાત્ર દેખે તેથી એકદેશ પ્રત્યક્ષ, મનઃપર્યય પણ પારકા (બીજાના) મનનું જાણે તેથી એકદેશ પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ છે.'** હવે મતિ-શ્રુતજ્ઞાન

પરોક્ષ છે તોપણ તે પરોક્ષ જ્ઞાનના ઉપયોગ કાળે પણ પોતાના સ્વસંવેદનથી આત્મા પ્રત્યક્ષ હોય તે જે જ્ઞાન અંશ પ્રત્યક્ષ થયું ત્યારે તો આત્મા પોતાના સ્વસંવેદનથી પ્રત્યક્ષ જ રહે ને ? પરોક્ષ થવાનું એને શું કારણ છે ?

મતિ-શ્રુત પરોક્ષ છે ત્યારે પણ પોતાના સ્વસંવેદનથી પ્રત્યક્ષ છે. તો જે બિલકુલ પરોક્ષ છે એવા જ્ઞાનના સદ્ભાવમાં પણ સ્વસંવેદન તો પ્રત્યક્ષ જ છે. તો પછી અંશ પ્રત્યક્ષ જ્ઞાન થયું, પરોક્ષ મટીને આગળ વધ્યું ત્યારે તો પ્રત્યક્ષ હોય એમાં ક્યાં સવાલ જ છે ? એમ કહે છે. અને કેવળજ્ઞાનમાં તો સર્વથા પ્રત્યક્ષપણું છે.

મુમુક્ષુ :- મતિ-શ્રુતમાં અધ્યાત્મ પદ્ધતિથી વિવરણ કર્યું. આમાં તો આગમ અપેક્ષાથી જે રીતે છે એ રીતે વિવરણ કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં મુદ્દો શું છે કે જે જ્ઞાન પોતે સ્વયં પરોક્ષ છે એવા મતિ અને શ્રુત. એ તો બરાબર છે ? એ કાળે પણ અધ્યાત્મ પરિણતિ તો સ્વસંવેદનરૂપ જ છે. તો જે જ્ઞાન આગમમાં પરોક્ષ કહ્યા છે એવા પરોક્ષ જ્ઞાન વખતે પણ જો અધ્યાત્મ પરિણતિમાં સ્વસંવદેન પ્રત્યક્ષ આત્મા હોય, તો પછી જે જ્ઞાન વધારે નિર્મળતાથી ઉઘડ્યું છે ને ? અવધિ અને મનઃપર્યય તો નિર્મળતા વધી ત્યારે ખુલ્યું છે. તો એમાં અધ્યાત્મ પરિણતિને શું બાધા છે ? કે કાંઈ નહિ. અધ્યાત્મ પરિણતિમાં તો સ્વસંવેદન ચારેય જ્ઞાન વખતે સ્વસંવેદન પ્રત્યક્ષ છે. એને તો-અધ્યાત્મને તો વેદન સાથે સંબંધ છે. મતિજ્ઞાન છે, શ્રુતજ્ઞાન છે, અવધિજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન છે એને કાંઈ સંબંધ નથી. પોતાને તો પાતાના સ્વસંવેદનથી જ પ્રત્યક્ષપણું છે અને કેવળજ્ઞાનમાં તો સર્વ પ્રત્યક્ષ છે.

'**પોતાના જાણપણારૂપ જ્ઞાનમાત્ર વસ્તુમાં પ્રતીતિ થઈ તેથી, સમ્યક્ નામ પામ્યું.**' શું છે ? પોતાનું જાણવું થયું. જે જ્ઞાનમાં પોતાનું પોતાને જાણવું થયું. '**પોતાના જાણપણારૂપ જ્ઞાનમાત્ર વસ્તુમાં...**' આ 'સમયસાર'માંથી પદ્ધતિ થઈ છે. પોતાનું જાણવું એટલે પોતાના સ્વરૂપનો અનુભવ પોતામાં જ થયો અને અનુભવપૂર્વક પ્રતીતિ થઈ છે. કે જેવો હું જ્ઞાનમાત્રપણે અનુભવમાં આવું છું એવો જ છું. પછી જ્ઞાન, આનંદ, અસ્તિ એના ભેદ પાડવાની જરૂર નથી. જેવો હું મને

અનુભવમાં આવું છું એવો જ છું એવા ભાનનું નામ પ્રતીતિ છે. એવી પ્રતીતિ અનુભવથી થઈ. **'તેથી સમ્યક્ નામ પામ્યું.'** અને તેથી ત્યાં સમ્યક્ત્વ ઉત્પન્ન થયું. સમ્યક્ત્વ-સમ્યક્પણું ઉત્પન્ન થયું. ત્વ એટલે પણું. સમ્યક્-પણું ઉત્પન્ન થયું.

**'જ્ઞાનમાત્ર વસ્તુ તો કેવળજ્ઞાન થયે શુદ્ધ, જ્યાં સુધી કેવળ નથી ત્યાં સુધી ગુપ્ત છે.'** જ્ઞાનમાત્ર વસ્તુ જ્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે સર્વથા શુદ્ધ થાય. અવસ્થાએ પણ પરિપૂર્ણ શુદ્ધ થાય. **'જ્યાં સુધી કેવળજ્ઞાન નથી ત્યાં સુધી ગુપ્ત છે.'** એટલે સ્વરૂપે શુદ્ધ છે. સહજ સ્વરૂપે, સહજાત્મ સ્વરૂપે આત્મા શુદ્ધ છે અને કેવળજ્ઞાન થાય ત્યારે સર્વથા શુદ્ધ થાય છે.

**'કેવળ જ્ઞાનમાત્ર વસ્તુની પ્રતીતિ પ્રત્યક્ષ કરી-કરી સ્વસંવેદન વધારે છે.'** આ જે મોટા Type માં જે લીધું છે એ વચન જે છે એ વિધિવિષયક વચન છે. ધર્માત્મા પણ મોક્ષમાર્ગમાં કેવી રીતે આગળ વધે છે ? કે પ્રત્યક્ષપણું કરી કરીને. પ્રત્યક્ષપણું જ્ઞાનમાં થાય છે અને પ્રતીતિનું જોર વધતું જાય છે. પ્રતીતિ અનુસાર બળ વધતું જાય છે. એટલે દૃષ્ટિના બળે આગળ વધે છે એ જે કહેવાય છે, એમાં જ્ઞાનમાં પ્રત્યક્ષતા આવે છે તે વધારે એની અંદર જોરમાં આવિર્ભાવ વધારે ભાવ કરે છે. જ્યારે પુરુષાર્થ વધે છે ત્યારે જે આત્મભાવ આવિર્ભાવ થાય છે એમાં સ્વસંવેદનથી જે પ્રત્યક્ષપણું થાય છે તો વારંવાર પોતાના પ્રત્યક્ષ સ્વરૂપને જ્ઞાનમાં વિષદપણે ગ્રહણ કરે છે. વિષદ એટલે સ્પષ્ટ. સ્પષ્ટપણે ગ્રહણ કરે છે. કેમકે પ્રત્યક્ષપણું છે ને ? એટલે પોતાના ભાવમાં પ્રત્યક્ષ છે, વસ્તુ પ્રત્યક્ષ છે અને એવો જ છું એમ પ્રતીતિમાં જોર આવે છે. એટલે પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરીને એમ લે છે. જ્ઞાન અને શ્રદ્ધાનું સાથે પરિણમન લીધું. એટલે **'પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરીને સ્વસંવેદનને વધારે છે.'** પોતાનું જે સ્વસંવેદન છે એમાં વૃદ્ધિ કરે છે.

જેટલું સ્વસંવેદન વધે છે એટલો મોક્ષમાર્ગની અંદર વિકાસ થાય છે. તેના તે ગુણસ્થાનમાં વિકાસ થાય છે. તે ગુણસ્થાનની ચરમ સીમાએ પહોંચે પછી ઉપરના ગુણસ્થાનમાં જીવ આવી જાય છે અને એ ગુણસ્થાનમાં વિકાસ થતો જાય છે. પણ સ્વસંવેદન વધતું જાય છે. જેમ જેમ મોક્ષમાર્ગનો વિકાસ થાય તેમ તેમ સ્વસંવેદન વધતું જાય છે.

અને ચૌદ ગુણસ્થાન તો સ્થૂળ વિભાગ છે એના. સૂક્ષ્મપણે જોઈએ તો પ્રત્યેક ગુણસ્થાનની અંદર જેટલું સ્વસંવેદન વૃદ્ધિગત થયું એટલો પોતે મોક્ષમાર્ગની અંદર વિકાસ પામતો જાય છે, આગળ વધતો જાય છે. અને જ્ઞાની આ રીતે પોતાના કેવળ જ્ઞાનમાત્ર વસ્તુ, કેવળજ્ઞાન એટલે ઓલું લોકાલોકને જાણે એવું અહીંયાં ન લેવું, કેવળ એટલે સર્વથા જ્ઞાનમાત્ર, સંપૂર્ણપણે જ્ઞાનમાત્ર એવી જે પોતાની વસ્તુ એટલે આત્મપદાર્થ, એની પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરીને, પ્રતીતિ દ્વારમાં પ્રત્યક્ષ કર્યા કરે છે. હું આવો જ છું.

ગઈકાલે ૨૩૨મો બોલ જોયો. એવી રીતે પ્રત્યક્ષ કરવાની પદ્ધતિ છે. હું તો પ્રત્યક્ષ જ છું ને. પછી હું મારો વિકલ્પ કરીને કલ્પનામાં શા માટે આત્માને લઉં કે હું આવું છું ને તેવો છું. જેવો છું એવો હું પ્રત્યક્ષ છું. મારું જ્ઞાન પણ પ્રત્યક્ષપણે વેદે છે એને અને વસ્તુ પણ સહજ પ્રત્યક્ષ છે સામે. જ્ઞાનમાં પણ પ્રત્યક્ષતા છે અને વસ્તુમાં પણ પ્રત્યક્ષતા છે. એટલે કલ્પના કરવાની કોઈ જરૂર નથી. અને એ પ્રત્યક્ષતાને કારણે સ્વસંવેદન વધતું જાય છે.

મુમુક્ષુ :- અહીં કેવળજ્ઞાનનો અર્થ...

પૂજ્ય ભાઈશ્રી :- માત્ર જ્ઞાન. કેવળજ્ઞાન એટલે માત્ર જ્ઞાન. એકલું જ્ઞાન, એકલું જ્ઞાનમાત્ર એમ લેવું.

મુમુક્ષુ :- શ્રેણી અપેક્ષાનું જે કેવળજ્ઞાન છે એ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એ નથી લેવું. કેવળજ્ઞાનમાત્ર વસ્તુ. વસ્તુ એટલે ત્રિકાળી સ્વભાવ લેવો છે. જે પરિપૂર્ણ જ્ઞાન અનંત જ્ઞાનઘન છે. એ જ્ઞાનઘન .. માત્ર. રાગ નહિ, દેહ નહિ, પરમાણુ નહિ, કાંઈ નહિ. અનંત જ્ઞાનઘનમાં અનંત ગુણ આવી ગયા. પણ એના ગુણભેદ નહિ. ગુણભેદ નહિ કહેવા માટે માત્ર જ્ઞાનમાત્ર વસ્તુ એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પ્રતીતિ તો પ્રતીતિ છે, શ્રદ્ધા તો શ્રદ્ધા છે. શ્રદ્ધા જે પોતાના ... કબજો કરી લીધો એમાં ન તો કોઈ ભરતી થાય છે, ન ઘટતી થાય છે. શ્રદ્ધા તો શ્રદ્ધા છે. પછી જે શ્રદ્ધાનું બળ જે કહે છે કે શ્રદ્ધાના બળે આગળ વધાય છે. તો કઈ વિવિક્ષા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું તમે લ્યો છો કે એક વખત શ્રદ્ધા થઈ તે પડી રહી એમ લ્યો છો. શ્રદ્ધા થઈને પડી નથી રહી. એનું જે

પરિણમન છે એ પરિણમન રૂપી કાર્ય છે અને એ કાર્ય છે એ કાર્યનું કોઈ ફળ આવે છે. પ્રતિ સમય શ્રદ્ધા કાર્ય કરે છે તો પ્રતિ સમય તેના કાર્યનું કાંઈ ફળ આવવું જોઈએ કે ન આવવું જોઈએ ? કે એ કાર્ય છે મોક્ષમાર્ગમાં વૃદ્ધિ થવી તે. મોક્ષમાર્ગમાં આગળ વધવું તે. અથવા એક ગુણથી લઈએ તો તેનું કાર્ય છે પુરુષાર્થમાં વૃદ્ધિ થવી તે. પ્રતીતિના બળે આગળ વધે છે. એટલે પ્રતીતિપૂર્વક બળ નામ પુરુષાર્થ તીવ્ર થાય છે એટલે આગળ વધે છે.

મુમુક્ષુ :- પ્રતીતિ પુરુષાર્થમાં નિમિત્ત પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રતીતિ કહો કે દૃષ્ટિ કહો.

મુમુક્ષુ :- જ્ઞાન પણ પુરુષાર્થમાં નિમિત્ત પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાં પ્રત્યક્ષપણું નિમિત્ત પડે અને પ્રતીતિનું પરિણમન નિમિત્ત પડે અને જ્ઞાનમાં પ્રત્યક્ષભાવ છે તે નિમિત્ત પડે. એમ શ્રદ્ધા અને જ્ઞાન બેય કાર્ય કરે છે. બેય કાર્ય કરે છે. પણ પ્રતીતિ જરાક એવો વિષય છે કે એ પૂરી શક્તિથી કામ કરે છે. શ્રદ્ધાગુણ છે એ પૂરી શક્તિથી કામ કરે છે. પહેલેથી જ તે. જ્યારે જ્ઞાન છે એ ગુણસ્થાન અનુસાર શક્તિ વધે છે એટલું કામ કરે છે. એટલે આગળ વધવામાં પ્રતીતિનું મુખ્ય નિમિત્તપણું લેવું જોઈએ, જ્ઞાન કરતાં પણ. કેમકે શ્રદ્ધા તો પૂરેપૂરી સમ્યક્ થઈ અને જ્ઞાન છે એની પૂરી શક્તિ નિમિત્ત નથી પડતી. જ્ઞાનમાં વહેંચાઈ જાય છે. જ્ઞાનમાં અમુક અંશ સ્વરૂપ સાથે જોડાયેલો રહે છે તો અમુક અંશ સ્વરૂપ સાથે નથી જોડાયેલો એવો રહે છે. જ્યારે શ્રદ્ધામાં તો પૂરેપૂરી શ્રદ્ધા સ્વરૂપ સાથે સંલગ્ન છે. એનો કોઈ અંશ બહાર નથી રહેતો. એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- અનંત શક્તિથી શ્રદ્ધા તો પોતે કામ કરે છે. તેમ જ્ઞાનમાં અનંત શક્તિ હોવા છતાં શક્તિ બે ભાગમાં...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાં અનંત શક્તિ છે પણ અનંત શક્તિ કામ નથી કરતી. એમાં તો ગુણસ્થાન અનુસાર શક્તિ કામ કરે છે. ચોથા ગુણસ્થાને જ્ઞાનની શક્તિ કામ કરે, એના કરતા પાંચમા ગુણસ્થાને જ્ઞાનની શક્તિ વધુ કામ કરે, એના કરતા છઠ્ઠા ગુણસ્થાને જ્ઞાનની શક્તિ વધુ કામ કરે, તેના સાતમાં ગુણસ્થાને જ્ઞાનની શક્તિ વધુ કામ કરે. એમ.

મુમુક્ષુ :- અને ઓલી અનંત શક્તિ બધાને નિમિત્ત પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- અનંત શક્તિ પહેલેથી કામે લાગી છે.

મુમુક્ષુ :- એટલા માટે ઓલી બીજા ગુણમાં નિમિત્ત પડે આ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રતીતિના બળે આગળ વધે છે એમ કહેવાનું કારણ એ છે અને જ્ઞાનને ત્યાં ગૌણ રાખે છે. અહીંયાં એમણે બેય વાત લીધી છે. પણ છતાં જે જેમ હોય તે તેમ સમજવું જોઈએ. અહીંયાં એમણે જ્ઞાનની વાત સાથે લીધી છે છતાં દૃષ્ટિ પ્રધાન છે એમ સમજવું જોઈએ. શ્રદ્ધા પ્રધાન છે. મોક્ષમાર્ગમાં વિકાસ થવામાં આગળ વધવામાં શ્રદ્ધાનું પ્રાધાન્ય છે એમ સમજવું જોઈએ. અને એ વાત કરશે પોતે આગળ હજી કે શ્રદ્ધારૂપી જે જડીબુટ્ટી છે એનો પુટ લાગે છે. એમ કહેશે આગળ. આગળ એ વાત આવશે.

મુમુક્ષુ :- પાછળ આવી ગઈ. શ્રદ્ધારૂપી બુટીના પુટથી..

પૂજ્ય ભાઈશ્રી :- હા. શ્રદ્ધારૂપી બુટીના પુટથી. એ વાત આવી ગઈ.

મુમુક્ષુ :- આઠમા પાનાની છેલ્લી લીટી.

પૂજ્ય ભાઈશ્રી :- **'શ્રદ્ધારૂપી બુટ્ટીના પુટથી સુધારી (શુદ્ધ કરી) તેનું સેવન કરે તો વિવેકમલ્લ, મિથ્યાજ્વર મટાડી સબલ થઈ અવિવેકને પછાડે,...'** આપણે આના ઉપર જરા વિસ્તાર નહોતો કર્યો. **'સ્વ-આચારરૂપ પારાને શ્રદ્ધારૂપી બુટ્ટીના પુટથી સુધારી (શુદ્ધ કરી) તેનું સેવન કરે તો વિવેકમલ્લ, મિથ્યાજ્વર મટાડી સબળ થઈ અવિવેકને પછાડે,...'** કારણ કે અહીંયાં સ્વ-આચારની વાત લેવી છે ને ? તો એમાં **'સ્વ-આચારરૂપ પારાને શ્રદ્ધારૂપી બુટ્ટીના પુટથી...'** સુધારે છે. વારંવાર જે શ્રદ્ધા થાય છે એમાં એનો પુટ લાગે છે. જેમ ઔષધિને પુટ આપે. સહસ્ર પુટી અબરખ એમ કહે છે. તો એને અગ્નિ તો તેટલી ને તેટલી આપે છે. તેની તે અગ્નિ વારંવાર એને લાગે છે. છતાં અબરખની ભસ્મ થાય છે એ એની અંદર શક્તિ વધી જાય છે.

એમ અહીંયાં શ્રદ્ધાનું જે પરિણમન છે એ વારંવાર થાય છે એટલે સમયે સમયે થાય છે એ પુરુષાર્થને ઉગ્ર કરે છે અને સ્વસંવેદન એમાં મદદ કરે છે. વધારે મદદ કરે છે. એક માણસ ઢાળમાં દોડતો હોય એને કોઈ ધક્કો મારે તો ? તો વધારે Speed આવી જાય. એક તો ઢાળ

હતો, પોતે દોડતો હતો, એમાં કોઈએ ધક્કો માર્યો તો Speed વધી જાય છે. આ સીધી વાત છે. એના જેવું છે. જ્ઞાન છે એ પણ Speed વધારવામાં મદદ કરે છે ખરું. પણ એ પ્રત્યક્ષતા દ્વારા કરે છે. હું તો પ્રત્યક્ષ છો ને, આવો હું તો પ્રત્યક્ષ છું ને ! હું તો પ્રત્યક્ષ જ છું. આવો જ છું, એ પ્રતીતિનું કામ છે અને પ્રત્યક્ષ છું એ જ્ઞાનનું કામ છે. એમ બેય એકસાથે મળી અને પુરુષાર્થને ઉગ્ર કરે છે.

**'જઘન્ય જ્ઞાની કેવી રીતે પ્રતીતિ કરે ? તે કહેવામાં આવે છે :-'** હવે મુમુક્ષુ લ્યો તો એ કેવી રીતે પ્રતીતિ કરે છે ? કે '**મારાં દર્શનજ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે,...**' હવે આ જે વચન પ્રમાણે વાંચવામાં તો પહેલા વિચાર આવે છે કે મારા જ્ઞાનદર્શનનો પ્રકાશ છે, ઉપયોગ છે એ મારા પ્રદેશમાંથી, મારા ક્ષેત્રમાંથી ઉત્પન્ન થાય છે. પણ એને માત્ર વિચારમાં ન લેતા એને અવલોકનમાં લેવું જોઈએ. એટલે એને પ્રયોગમાં લેવું જોઈએ કે મારા ક્ષેત્રમાંથી જ્ઞાનદર્શનનો પ્રકાશ ઉઠ્યા જ કરે છે, આવ્યા જ કરે છે, અંદરથી આવ્યા જ કરે છે.

આપણે જે પેટ્રોલના કૂવા છે ત્યાં જે પાતાળ કૂવા છે, ગેસના જે કૂવા છે એમાંથી એ વાત નીકળે છે કે જેમાંથી સતત બહાર આવ્યા કરે છે અને Force થી બહાર આવ્યા કરે છે. એના ઉપરથી એની અંદર કેટલો ભંડાર ભરેલો છે અંદરમાં, જમીનના પેટાળમાં કેટલો બધો વિપુલ પ્રમાણની અંદર ભરેલું છે કે કરોડો, અબજો ટન ભરેલું હોય છે. તો એ કરોડો, અબજો ટન ભરેલું પછી જ્યાં છેલ્લું પડ તૂટી જાય છે, છેદાય જાય છે તો સીધો Force થી બહાર આવે છે. આ જે બહાર આવે છે એને બહાર લાવવા માટે કાંઈ મહેનત નથી કરવી પડતી. એ સ્વયં જ બહાર આવે છે. કેમકે અંદર એટલું બધું Pressure છે એના ઉપર કે એને જરાક જગ્યા મળે તો પાંચસો-હજાર ફૂટ ઉપર આવવું હોય તો એને માટે કોઈ Machinery ન જોઈએ. પોતાની મેળે જ ઉપર આવી જાય છે. એમ અંદરમાં એટલું બધું જ્ઞાન, આનંદ આદિ ઘનિષ્ટપણે ભરેલું છે કે જો પોતે અંતર અવલોકન કરન, આ તો એમ ને એમ જ બહાર આવ્યા કરે છે, સતત બહાર આવ્યા કરે છે, પણ એને જો પોતે ગ્રંથિભેદ કરે તો સમ્યક્ પ્રકારે બહુ સારી રીતે અનુભવગોચર થાય એવી રીતે બહાર આવે છે.

અત્યારે તો આત્મપ્રદેશોમાંથી જ્ઞાન બહાર આવી જ રહ્યું છે. એટલું બધું ભરેલું છે કે આવી જ રહ્યું છે. પણ પોતાનું લક્ષ અન્ય પદાર્થો ઉપર છે એટલે પોતાને કેટલું જ્ઞાન ભરેલું છે અને કેમ સ્વયં બહાર આવી રહ્યું છે ? એ બાબતની અંદર પોતાને (કાંઈ ખબર નથી)...

અન્ય જીવને ઉપકાર થાય તેવી, ધર્મ-પ્રભાવના યોગ્ય, બાહ્ય પ્રવૃત્તિ પણ પ્રારબ્ધયોગ અનુસાર શુદ્ધ સ્વભાવના અનુસંધાનપૂર્વક થવી ઘટે છે. નિષ્કારણ કરુણાથી મહાપુરુષોએ પરમપદનો ઉપદેશ આપ્યો છે. તે ઉપદેશનું કાર્ય મહાન હોવા છતાં પણ અંતર આરાધનામાં અપ્રમત્તભાવે વર્તતા, તે બાહ્ય કારુણ્યવૃત્તિ પણ જેને ઉપશાંત થઈ, તે મહત્ પુરુષની સાધનાને વંદન હો ! અંતર આરાધનામાં અપ્રમત્તભાવે રમણતા કરનારનાં બાહ્ય યોગનો સહજ સ્વભાવ સર્વ જીવ પ્રત્યે દયાનો હોય છે અને તેમનો આત્મ સ્વભાવ તો સર્વ જીવને પરમપદ પ્રત્યે આકર્ષણ કરનાર હોય તેમાં શું આશ્ચર્ય ! તે પ્રગટ આત્મસ્વભાવ વડે અન્ય તથારૂપ યોગ્યતાવાન જીવને આત્મસ્વભાવ પ્રગટે છે વા સ્વરૂપ સ્થિરતા પ્રાપ્ત થઈ, અંતે પરમપદની પ્રાપ્તિ થાય છે. તેનું મૂલ્યાંકન શેનાથી થાય ?

(અનુભવસંજીવની - ૧૧૧૫)

## તા. ૨૧-૬-૧૯૯૦, પાના નં. ૧૩ થી ૧૮, પ્રવચન નં. ૧૬૯

... બહારની ઉપાધિથી ખસીને અવલોકન કરવું જોઈએ. જ્યારે પોતાને જ જોવાનું છે એમ ને એમ અવલોકન થતું નથી. જ્યારે પોતાને જ જોવાનું છે, પોતામાં જ જોવાનું છે ત્યારે બીજી ઉપાધિથી ખસીને પોતામાં જોવે છે તો પોતાને સ્પષ્ટ ખ્યાલમાં આવે છે કે જ્ઞાન મારામાંથી જ ઉત્પન્ન થઈ રહ્યું છે. જે જ્ઞાન આંદોલન આવે છે, એક પછી એક જ્ઞાનનો પર્યાય આવે છે એ તો આત્મામાંથી જ આવી રહ્યો છે એ સ્પષ્ટ પોતાને ખ્યાલમાં આવે છે. એની અંદર વસ્તુનું જ્ઞાન આવી જાય છે. પ્રદેશમાંથી આવે છે એટલે પોતાની ચીજમાંથી આવે છે. પોતાની જે ભૂમિ છે અથવા વસ્તુ છે એ પદાર્થમાંથી જ્ઞાન આવે છે. એ પદાર્થનું જ્ઞાન એમાં આવી જાય છે. આવી રીતે જે જાણપણું...

મુમુક્ષુ :- આખા પદાર્થનું જ્ઞાન આવી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- આખા પદાર્થનું.

મુમુક્ષુ :- જે તરંગ પદાર્થમાંથી ઊઠે આ તરંગને પકડીને...

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની વસ્તુ સુધી જવું જોઈએ.

ભાવભાસન છે એ પછી પુરુષાર્થનો પ્રયોગ છે. ભાવભાસન પહેલા તો વગર પુરુષાર્થે ભાવભાસન છે. આટલી તો વસ્તુ સહેલી છે. સસ્તી છે. સહેલી છે એટલે સસ્તી છે એમ કહેવું છે. કોઈ તમને એમ કહે કે તમારે પહેલા કાંઈ ખર્ચ કરવાનો નથી. તમને લાભ થાય પછી તમારે ખર્ચ કરવો હોય તો છૂટ છે. એના જેવી વાત છે. પહેલા તમારે કાંઈ દેવાના નથી. પહેલા તમારે લેવાના છે. પછી તમને એમ લાગે કે આ લેવામાં હજી વધુ લેવાની મારે જરૂર છે, તો તમે ખર્ચ કરીને લઈ શકો છો. પણ પહેલો Sample free. એના જેવી વાત છે આ.

ભાવભાસનમાં તો જ્ઞાનનો પ્રગટ અંશ છે એ સ્પષ્ટ અનુભવગોચર છે. સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ થાય એવું છે કે મારી વસ્તુમાંથી જ મારી જ્ઞાનનો પર્યાય અંદરથી આવે છે, જ્ઞાનનો પર્યાય ક્યાંય બહારથી આવતો નથી. જ્ઞાનભાવ જ મારા જ્ઞાનપિંડમાંથી આવે છે. બસ. આટલું જો ઉપાધિથી ખસીને, જરાક ઔપાધિક ભાવથી ખસીને જ્ઞાન પોતે જ

જ્યાં પોતાના આધારે પોતાને જોવે, વિકલ્પના આધારે નહિ, શાસ્ત્રના આધારે નહિ, કોઈના શબ્દને આધારે નહિ પણ પોતાના આધારે જોવે તો ભાવભાસન તો તિર્યંચને જેટલી સહેલાઈથી આવે છે એટલી જ સહેલાથી કોઈપણ જીવને આવે છે. તિર્યંચને ક્યાં કોઈ સમજાવે છે ? એનું અંતર અવલોકન કામ કરે છે. અંતર અવલોકનનો શું લાભ છે ?

વિચારમાં વસ્તુ દૂર છે. અવલોકનમાં વસ્તુ દૂર નથી. જો અવલોકન કરે, શરત આટલી છે કે ઓપાધિકભાવથી ખસી જાય. ચાલતા રાગભાવથી, ચાલતા વિકલ્પથી, ચાલતા વિભાવથી જરા ખસીને એટલે એકદમ ગૌણ કરીને, ખસીને અર્થ એટલો કે એને એકદમ ગૌણ કરીને, એને લક્ષમાંથી એકદમ દૂર કરીને. લક્ષમાં એકલા જ્ઞાનને લેવું છે કે જ્ઞાન ક્યાંથી આવે છે ? લક્ષમાં એકલા જ્ઞાનને લ્યો એટલે જ્ઞાન મુખ્ય થયું અને વિભાવ, ચાલતો વિભાવ ગૌણ થયો. વિભાવ મટી નથી જતો. સંસારી છે, હજી વિભાવ મટી નથી જતો. પણ વિભાવ એટલો ગૌણ થઈ જાય છે કે જ્ઞાન જોનાર અને પોતે જ પોતાને જોનાર. પોતાની મુખ્યતા કરીને પોતે જ પોતાને લક્ષમાં લે છે કે આ જ્ઞાન આવે છે ક્યાંથી ? જ્ઞાન થયા કરે છે એ વાત તો સમજાવાની જરૂર નથી. પણ થયા કરે છે એ જ્ઞાન આવે છે શેમાંથી ?

મારા ક્ષેત્રમાંથી જ્ઞાન આવે છે. કોઈ બીજાના ક્ષેત્રમાંથી જ્ઞાન નથી આવતું. આમાંથી જ્ઞાન નથી આવતું... આમાંથી જ્ઞાન નથી આવતું.. આમાંથી જ્ઞાન નથી આવતું. જ્ઞાન અંદર જે ચૈતન્યક્ષેત્ર છે-જીવવસ્તુ, એમાંથી જ્ઞાનનો પર્યાય નિકળ્યા જ કરે છે... નિકળ્યાજ કરે છે એક પછી એક... એક પછી એક.. એક પછી એક.. અનંત કાળથી આવે છે, અનંત કાળ પર્યંત આવ્યા કરશે. અખૂટ જ્ઞાનનો ભંડાર છે એમ પોતાના અનંત સામર્થ્યનો વિશ્વાસ, અનંત સામર્થ્યનો વિશ્વાસ પણ આવી જાય છે. સાથે સાથે અનંત સુખનો વિશ્વાસ પણ આવી જાય છે. એકસાથે બે વાતનો વિશ્વાસ આવે છે. એક જ્ઞાનનો અને એક સુખનો.

પ્રયોજન જીવને જ્ઞાનનું નથી, પ્રયોજન જીવને સુખનું છે. બધાને સુખ જોઈએ છે. કાંઈ પણ કામ કરતાં પણ સુખ જ જોઈએ. નહિ કરતાં પણ સુખ જોઈએ છે, કરતા પણ સુખ જ જોઈએ છે. સુખ પાછળ અનાદિના જીવ સુખની પાછળ જ, સુખની શોધમાં જ બધું

કર્યા કરે છે. સુખ નથી મળતું એટલે બીજો રસ્તો પકડે છે, એ નથી મળતું તો ત્રીજો રસ્તો પકડે છે. અહીંથી... અહીંથી... અહીંથી... ક્યાંયથી સુખ મળતું નથી. આ એક જગ્યાએથી પોતામાં જે અનંત સુખ ભરેલું છે એનો વિશ્વાસ આવે છે ત્યારે આનંદ થાય, ત્યારે એને આનંદ થાય, ત્યારે એને નિર્વિકલ્પ સુખ છે.

'**જાણપણું મારામાં છે એવી પ્રતીતિ...**' પ્રતીતિ એટલે અહીંયાં વિશ્વાસ. '**કરતાં આનંદ થાય તે નિર્વિકલ્પ સુખ છે.**' એમાં વિકલ્પવાળું સુખ નથી. વિકલ્પમાં આકુળતા છે. વિકલ્પ વિનાનું સુખ છે એ નિર્વિકલ્પ સુખ છે. '**જ્ઞાન-ઉપયોગ આવરણમાં ગુપ્ત છે. જ્ઞાનમાં આવરણ નથી.**' શું છે ? જ્ઞાનની અંદર આવરણ નથી, જ્ઞાનની ઉપર આવરણ છે એમ કહે છે. તપેલું ધુવાડામાં દેખાતું નથી. ચુલા ઉપર તપેલું મૂક્યું હોય. 'ગુરુદેવ' દૃષ્ટાંત આપતા. ૫૦-૧૦૦ માણસની લાપસી મૂકી હોય અને નીચે લાકડા કે છાણામાં ભેજ હોય તો ધુમાડો બહુ થાય. એટલો બધો ધુમાડો થાય કે આવડું મોટું તપેલું ન દેખાય. તો એ તપેલાની બહાર ધુમાડો છે. તપેલામાં ધુમાડો નથી. તપેલાની બહાર ધુમાડો છે, જેટલો છે એટલો. તપેલું ઢંકાઈ ગયું એ બહાર ધુમાડો છે એટલે ઢંકાઈ ગયું છે. તપેલાની અંદર કાંઈ ધુમાડો પેસી જતો નથી. લાપસીમાં ધુમાડો આવતો નથી. ધુમાડાની ગંધ પણ આવતી નથી.

એમ અંદર જે જ્ઞાન અને સુખ ભરેલું છે એમાં આવરણ નથી કાંઈ. બહાર આવરણ છે. જે આવરણ છે એ બહાર છે. જ્ઞાનીઓ આ વિષયમાં એટલા બધા ઊંડા જાય છે કે એને કેવળજ્ઞાન તો હાથવેંતમાં લાગે છે. અરે..! મારામાં આવરણ નથી ને ! જો મારામાં આવરણ નથી તો મને કેવળજ્ઞાન કેમ ન પ્રગટે ? શુદ્ધોપયોગ થાય... 'સોભાગભાઈ' એમ કહે છે કે હવે કેવળજ્ઞાનમાં સમજાવી દઉં બધું. તમને કહી દઉં. કેમ કહે છે જલ્દી ? સીધું કેવળજ્ઞાન કેમ હાથમાં આવે છે ? એ વાત ક્યાંથી આવી ? શું કરવા આવી ? જરા ઊંડાણથી વિચારવા જેવું છે.

એમણે એમ જાણ્યું છે કે અરે..! મારામાં તો આવરણ જ નથી. હું તો નિરાવરણ ચીજ છું. મારા દ્રવ્ય સ્વભાવમાં આવરણ નથી, મારા ઉપયોગને આવરણ નથી. ઉપયોગ નિરાવરણ થઈને અનુભવગોચર થયો ને ? તો વસ્તુ અને વસ્તુને અનુભવનાર ઉપયોગ અભેદ ભાવે વર્તે છે.

એમાં આ વસ્તુ અને આ ઉપયોગ એવો ભેદ નથી. એવી રીતે હુંપણું આવી ગયું એની અંદર. પ્રતીતિએ હુંપણું કર્યું ને કે હું આવો છું. એ એવી રીતે અભેદભાવે આવ્યું છે. હવે જ્યારે મારામાં આવરણ નથી તો પછી કેવળજ્ઞાનને શું વાંધો છે ? હમણાં કેવળજ્ઞાન લઈશ. એમ જ આવે છે સીધું કે હમણાં જ અમે કેવળજ્ઞાન લઈશું. એ એમાંથી વાત નીકળે છે.

વિદ્વતાથી સિદ્ધાંત જોવા જાય તો માથું ખરાબ થાય. આ તો અધ્યાત્મનો અંદરનો વિષય છે. અંદરના અધ્યાત્મનો વિષય છે. એને એમ જ લાગે છે કે અરે..! હું તો વસ્તુ જ નિરાવરણ છું. મારામાં આવરણ ક્યાં છે જ તે. આવરણ તો મારાથી બહાર છે બધું. માટે કેવળજ્ઞાન લેવામાં મને કાંઈ હરકત નથી કે મને કાંઈ બાધા આવવાનો પ્રશ્ન નથી. હું તો કેવળજ્ઞાનસ્વરૂપ જ છું. હમણાં કેવળજ્ઞાન પ્રગટશે. હમણાં પ્રગટશે એમ જ એને છે એ વખતે તો. પછી ભલે સમય નીકળે છે કોઈને થોડો, કોઈને વધારે એ બીજી વાત છે. પણ એ વખતે તો એમ છે કે જાણે હમણાં કેવળજ્ઞાન પ્રગટશે. કેમકે પ્રત્યક્ષ કેવળજ્ઞાન સ્વરૂપ જોવે છે પોતે. આગળ લીધું ને ? કેવળજ્ઞાનનું શુદ્ધત્વ પ્રતીતિ દ્વારા આવ્યું.

**'કેવળજ્ઞાનનું શુદ્ધત્વ પ્રતીતિ દ્વારા આવ્યું...'** આમ કેવળજ્ઞાનનું શુદ્ધત્વ પ્રતીતિ દ્વારા આવ્યું. હું તો કેવળજ્ઞાન સ્વરૂપ જ છું. હમણાં પ્રગટ કરીશ. એવું ભાસે છે. પછી પર્યાય કેવી રીતે યાદ રહે ? ચોથા ગુણસ્થાનની કે પુરુષની કે સ્ત્રીની કોઈ પર્યાય યાદ નથી રહેતી. ભૂલી જાય છે. કેમકે આવું મોટું કેવળજ્ઞાન સ્વરૂપ, આવું મહાન સ્વરૂપ અને પ્રત્યક્ષ પોતે જ, પ્રત્યક્ષ અને પોતે. પોતે પણ પ્રત્યક્ષપણે પોતે. એ બધું ભૂલી જાય છે. સિદ્ધાંત પડ્યો રહે. એવો વિષય છે. એટલી બધી નજીકતા ભાસે છે પોતાને. એટલે આવું તો બધું શું છે, અધ્યાત્મ શાસ્ત્રમાં મળે. આવો બધો વિષય અધ્યાત્મ શાસ્ત્રમાં મળે છે.

**'જ્ઞાનમાં આવરણ નથી. શાથી ? કે જેટલા અંશે આવરણ ગયું તેટલું જ્ઞાન થયું. તેથી જ્ઞાન આવરણથી ન્યારું છે,...'** આવરણ ભિન્ન અને જ્ઞાન ભિન્ન. આવરણ ખસે છે, જ્ઞાન તો જે છે એ છે, એમ કહે છે. આવરણ ખસે છે તો ખ્યાલ આવે છે કે આવરણ ખસે છે એટલો

વિકાસ બહારમાં દેખાય છે. પણ જે વસ્તુ તો જે છે એ છે અંદર જ્ઞાનમય.

'**તે (જ્ઞાન) પોતાનો સ્વભાવ છે. જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખૂલ્યો, તે પોતે છે.**' સ્વભાવ ખૂલ્યો તે પોતે જ છે. '**આટલું વિશેષ, (કે) આવરણ જવા છતાં પણ પરમાં જ્ઞાન જાય તે અશુદ્ધ, જેટલો અંશ નિજમાં રહે તેટલો તે શુદ્ધ.**' હવે આવરણ જવા છતાં પરમાં જાય એટલે પરનું અવલંબન લે, અસ્થિરતાથી પણ, મિથ્યાદૃષ્ટિની જેમ સંપૂર્ણ પરાલંબી જ્ઞાન નથી થતું, પણ જેટલું અસ્થિરતાથી અવલંબન લેવાય ઉપયોગ બહાર જાય, તેટલું જ્ઞાન અશુદ્ધ અને જેટલો અંશ નિજમાં રહે તે શુદ્ધ. પર્યાય અપેક્ષાએ શુદ્ધિ-અશુદ્ધિ લઈ લીધી. જ્ઞાનનો વિભાવ છે ને એટલે એને અશુદ્ધ કહ્યું. કષાયની જેમ અશુદ્ધ નથી. જ્ઞાનના વિભાવની અશુદ્ધિ એમાં લેવામાં આવે છે. અથવા એટલું જ્ઞાન બીડાવાનું કારણ છે.

જેટલો અંશ નિજમાં પરિણમે, નિજના અવલંબને પરિણમે, સ્વભાવના અવલંબને પરિણમે તેટલું જ્ઞાન વિકાસ પામે. જેટલો અંશ બહાર જાય એટલું જ્ઞાન બીડાય. પછી બહાર જાય એમાં ગમે તે નિમિત્ત હોય. સંસારી પદાર્થ હોય, સર્વજ્ઞ દેવ હોય કે શાસ્ત્ર હોય કે શ્રીગુરુ હોય.

મુમુક્ષુ :- જ્ઞાન બીડાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાન બીડાય. એમ છે. જ્ઞાન બીડાવાનું એ કારણ છે. બહાર નીકળ્યો કે જમ કા દૂત સમજો. ઉપયોગ બહાર નિકલા કિ જમકા દૂત સમજો. આમ છે. એટલા માટે તો સિદ્ધ પરમાત્મા અને અરિહંત પરમાત્મા નિરવશેષ અંતર્મુખ રહે છે. બહાર આવતા નથી. સંપૂર્ણપણે અંતર્મુખ રહે છે. કેમ ? કે એમ જ રહેવા યોગ્ય છે. સાધક અવસ્થા જેટલો ઉપયોગ બહાર જાય એટલું નુકસાન. સીધી વાત છે. અંતર્મુખ પરિણમન એટલો લાભ, બહિર્મુખ પરિણમન એટલું નુકસાન. આ બે જ હિસાબ છે. ત્રીજી વાત એમાં નથી.

મુમુક્ષુ :- અંતર્મુખ પરિણમન થતાં જ્ઞાનનું આવરણ દૂર જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આવરણ ખસી જાય.

મુમુક્ષુ :- જેટલું જ્ઞાન તો જે છે એ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અંદર સ્વભાવ જે છે એ છે પણ બહારની અવસ્થામાં જે વિકાસ થવો એ પોતાના સ્વરૂપને સેવવાથી વિકાસ થાય છે. પરપદાર્થને સેવવાથી અવરોધ થાય છે.

મુમુક્ષુ :- જેટલો જેટલો સ્વપદાર્થને સેવે એટલું એટલું આવરણ દૂર થતું જાય. દીપક અને પડદાના દૃષ્ટાંતે. એમ જેટલું જેટલું આવરણ દૂર થતું જાય એમ જ્ઞાનસ્વભાવ પડ્યો છે એ તો પડ્યો જ છે પણ એટલો વધારે પ્રકાશ બહાર નીકળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રકાશ બહાર નીકળે છે.

**'જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખૂલ્યો, તે પોતે છે. આટલું વિશેષ, (કે) આવરણ જવા છતાં પણ પરમાં જ્ઞાન જાય તે અશુદ્ધ, જેટલો અંશ નિજમાં રહે તેટલો તે શુદ્ધ. તેથી કેવળ(જ્ઞાન) ગુપ્ત છે.'** તેથી કેવળ ગુપ્ત છે અથવા કેવળજ્ઞાન છે તે ગુપ્ત છે. **'પરંતુ પરોક્ષ જ્ઞાનમાં નિરાવરણની પ્રતીતિ કરી કરી આનંદ વધારીએ.'** મતિ-શ્રુત પરોક્ષ છે પણ પોતે નિરાવરણ છે અથવા પ્રત્યક્ષ છે એવી પ્રતીતિરૂપ શ્રદ્ધા વારંવાર કરીને આનંદ વધે છે અને એ નિરાવરણ થવાનો રસ્તો છે, તે જ કેવળજ્ઞાન પ્રગટાવવાનો રસ્તો છે.

**'જ્ઞાન શુદ્ધ ભાવનાથી શુદ્ધ થાય એ નિશ્ચય છે.'** કોઈ બીજી પ્રતમાં **'જ્ઞાની શુદ્ધ ભાવનાથી શુદ્ધ થાય તે નિશ્ચય છે.'** એમ કહ્યું છે. **'કહ્યું છે...' 'या मतिः सा गतिः' 'इति वचनात्'** જેવી જેની મતિ તેવી તેની ગતિ. એ વચન અનુસારે. એટલે ભાવના અનુસાર ગતિ થાય છે. આમાં લીધું જ છે ને કે જેની જેવી ભાવના હોય એવી એની ગતિ થાય. જેમ કે માણસ કહે છે કે આ જીવ મગનું આ મટકું કેમ થયું ? મગનું જીવડું થાય, કોઈ ચણાની અંદર થાય, કોઈ ચોખાની ઈયળ થાય છે, કોઈ ઘઉંમાં ધનેડું થાય છે. એ જીવ ત્યાં કેમ ઉપજ્યો ? કે એ ચીજ એને વધારે ભાવતી હતી.

મુમુક્ષુ :- જે એને વધારે ભાવતી હતી..

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો કહે, ત્યાં જા તું. ખા એને. તારાથી ખવાય એટલું. ખાય તો શું શકે ? જીવ કાંઈ ખાઈ શકે છે ? પણ હું ખાઈ શકું છું અને હું વધુમાં વધુ ખાવ. હું આ ખાઈ શકું છું, મને આ ભાવે છે, અને આ હું વધુને વધુ ખાવ. એમાં આયુષ્ય બંધાઈ ગયું.

ગયો ત્યાં.

મુમુક્ષુ :- જેમ કોઈને સોનું જ્યાદા પ્રિય હોય તો સોનાની ખાણમાં જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- સોનાની ખાણમાં જાય. આ દેવલોકના દેવો ત્યાં જાય છે. ત્યાં સોનું ઘણું છે, ત્યાં હીરા ઘણા છે, ત્યાં મોતી ઘણા છે, માણેક ઘણા છે. અને એ લોકોને બહુ પ્રિય હોય છે. ત્યાં ખૂબ દાગીના હોય એની પાસે અને ખૂબ એને પ્રિય પણ હોય. અને જાય પણ ત્યાં ખાણમાં એકેન્દ્રિયમાં. કોઈ મોતીની છીપલીમાં જઈને છીપનો જીવ થાય અંદર. મોતીપરવાળાનો જીવ થાય છે. મોતી એ શરીર છે. મોતી પોતે જીવનું શરીર છે. પછી આ તો અત્યારે બજારમાં આવે છે એ નિર્જીવ થઈ જાય છે. પણ છીપલીમાં તો એના શરીરમાં એ જીવ જ છે. તો ત્યાં એની ભાવના તીવ્ર થઈ છે તો એનો જીવ થાય છે. હીરાની રુચિવાળો હીરાની ખાણમાં જઈને પડે છે. એટલે તો એને આકુળતા થાય છે.

મુમુક્ષુ :- દેવ એકેન્દ્રિય ભયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દેવ એકેન્દ્રિય ભયા. એટલે જ એકેન્દ્રિયા થયા છે. દેવ મફતના એકેન્દ્રિય નથી થયા.

મુમુક્ષુ :- આ Science સમજાયું નથી. બસ, વાંચી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- 'છ ઢાળા'માં આવે છે ને દેવ એકેન્દ્રિય ભયા. તો દેવ શું કરવા એકેન્દ્રિય ભયા ? એ કારણ છે.

મુમુક્ષુ :- દેવો સીધા એકેન્દ્રિયમાં જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ઘણા. મોટા ભાગના દેવો. મિથ્યાદૃષ્ટિ, હોં ! મિથ્યાદૃષ્ટિ દેવો... ત્યાં શું છે કે આવો બધો ભોગ-ઉપભોગ બહુ છે ત્યાં. એટલે ખૂબ જ એ લોકોને મળે છે પણ ખૂબ પુણ્યના યોગે અને જેમ મળે છે એમ એની તીવ વૃત્તિ પણ, રસ પણ એ વિષયમાં તીવ્ર થઈ જાય છે. એટલે ત્યાં જઈને ઊપજી જાય છે. એને છ મહિના પહેલાં ખબર પડે છે કે ઓહો..! હું તો પૃથ્વી ઉપર ફલાણી ખાણમાં એકેન્દ્રિય જીવ થવાનો છું. ત્રાસ થઈ જાય છે. પોતાને જે અવધિજ્ઞાનથી જે જ્ઞાન થાય એમાં એટલી બધી આકુળતા થાય છે... એટલી બધી આકુળતા થાય છે કે એકેન્દ્રિયની આકુળતાનો અત્યારે એને નમુનો

દેવલોકમાં ભોગવટો થઈ જાય છે.

જેમ કોઈ વૃદ્ધ માણસની પ્રકૃતિ બગડી જાય છે ને ? કાં તો બહુ બોલ બોલ કરે, કાં તો વારંવાર ઝઘડો કરે, કાં વારંવાર રિસાઈ જાય, વારંવાર ક્રોધ કરે, કાં અતિ લોભી થાય, ઝીણી ઝીણી બાબતમાં લોભ કર્યા કરે. એ શું કરવા થયું ? ગતિ સામે એની ખરાબ થઈ છે એનો અત્યારથી થોડો પ્રભાવ, નમુનો આવવા માંડ્યો. એમ છેલ્લા છ મહિનામાં એ દેવની જે દુર્ગતિ થાય, જે-તે દેવની, એનો નમુનો ઈ ભોગવે ત્યાં છેલ્લા છ મહિના. એવી જ આકુળતા થાય.

મુમુક્ષુ :- આ બાજુ ભોગવે, આ બાજુ એને જ્ઞાન બીડાવાનું ઔર જ્યાદા કારણ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- જેટલું એ ભોગવે એટલું જ જ્ઞાન બીડાતું જાય. એટલું જ બીડાતું જાય. એમ છે. ચેતી જાય. સમજી જાય અને ચેતી જાય તો બચી જાય. નહિતર કેવી ખરાબ હાલત છે કહેવું મુશ્કેલ છે, સાંભળવું મુશ્કેલ છે, જોવું મુશ્કેલ છે. આ પરિસ્થિતિ છે. એવી ખરાબ દશા છે.

મુમુક્ષુ :- એ તો કેવળજ્ઞાની સ્વીકારે છે કે આ કોઈ જીવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બાકી દુનિયાવાળા સ્વીકારે નહિ. એ જીવ તો ખોદીને લઈ લે. ખોદવા માંડે. આ પાણીમાં ન્હાવું બહુ ગમે છે ને માણસોને ? સવારે ન્હાય, બપોરે ન્હાય, સાંજે ન્હાય, રાતે ન્હાય. ખૂબ ન્હાય. જાય પાણીમાં માછલા થઈને. રહે એમાં ને એમાં. પાણી વગર જ પછી તારે રહેવાનું નહિ. પાણીમાં જ રહ્યા કર ચોવીસે કલાક. ત્યાં ટનબંધી મારે નાખે છે. કેટલા મારે છે ? સ્ટીમરો ભરાય છે. આ 'જાફરાબાદ' ને બધા કાંઠે આવે છે. .. જાય છે. જોઈ ન શકાય.

મુમુક્ષુ :- 'ગોવા-ગોવા'.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગોવા'. આપણે તો આ 'જાફરાબાદ'ના

મુમુક્ષુ :- આપણે 'વેરાવળ' જોયા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'વેરાવળ-વેરાવળ' ગયા તો દરિયા કાંઠે જરા બંદર ઉપર ત્યાંથી દૂર જરા મારે અને સૂકવે. પછી વાસ આવે કાંઈ. સહન ન થાય, વાસ સહન ન થાય. કેવી પરિસ્થિતિ છે. એ પણ ભગવાન આત્મા છે ને. જીવ છે ને. આ હાલત થઈ છે. કેમ ? એની

એ વૃત્તિ હતી. પાણીમાં જ રહું જાણે, હું પાણીમાં રહું. જાય પાણીમાં. **'या मतिः सा गतिः'**

મુમુક્ષુ :- વિષય બહાર ચાલી ગયો. વાયુગતિનું કારણ શું ?

પૂજ્ય ભાઈશ્રી :- હવા ખાવી ગમે. જુદા જુદા Hill station જાય, 'કાશ્મીર' ફરવા જાય, 'કુલુ મનાલી' જાય, 'સીમલા' જાય. ક્યાં જાય ? ફરે. હવા ખાય જાય. હવામાં જ રહે પછી. તું પોતે જ હવામાં રહે, એમ કહે છે. હવે હવા ખાધા જ કર તું. હવા ખાવી છે ને ? તો કહે છે, ખાધા કર તું. કુદરત એને એમ કહે છે.

મુમુક્ષુ :- અગ્નિકાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એ કોઈ એવી રીતે આ વારંવાર અગ્નિના આ બધા કરે છે ને પેલા ? Industries કરે છે. એમાં અગ્નિનો ઘણો ... હોય, ભઠ્ઠીઓ હોય. મોટા મોટા Industry કરે, લાખો કરોડો કમાવા માટે. ભઠ્ઠીનો જીવ થઈ જાય. એમાં જાય. બાપાએ કારખાનું કર્યું હોય પછી છોકરો ચલાવતો હોય અને બાપા એમાં ઊપજ્યા હોય એની ભઠ્ઠીમાં. શરૂ તો એણે કર્યું હોય ને ? દીકરો ચલાવતો હોય. લાખો-કરોડો રૂપિયા આવતા હોય. બાપા એમાં બિરાજમાન થઈ જાય ભઠ્ઠીમાં. આવી પરિસ્થિતિ છે જીવની. એને મમત્વ હોય. મારા દીકરાને લાખો રૂપિયા દઈને હું જાવ. આ કારખાનું કરીને લાખો રૂપિયા એને હું સોંપીને જાવ. અને હું પણ અહીંથી એને જવું ન ગમે. તો કહે, ન જવું હોય તો કાંઈ વાંધો નહિ તું પણ ત્યાં જ રહેને, ભાઈ ! તને કારખાનું છોડવું નથી ગમતું ને ? તો તું પણ ત્યાં રહે. એમાં જઈને રહે. કુદરતની ગતિ એ છે. જેવી મતિ એવી ગતિ છે. એવું છે. એટલે પરિણામ ઉપર જાગૃતિ ન હોય તો જીવ ક્યાં જઈને પડે, પરિણામ પણ ક્યાં જઈને કેવા કેવા થઈ જાય, કોઈનો હિસાબકિતાબ રહે એવું નથી. એવી પરિસ્થિતિ છે. માર્ગ હાથમાં ન આવે તો શું હાલત થાય એ વિચારવા જેવું છે. માર્ગ હાથમાં આવે તો જીવ તરી જાય એવું છે. એવો સુંદર માર્ગ છે. નિર્દોષ. ન હાથમાં આવે તો શું થાય એ નજર સામે છે આ બધું.

મુમુક્ષુ :- થોડો વિવેક કરે તો હાથમાં આવે એવું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- કહું છું ને ભાવભાસનમાં પુરુષાર્થની જરૂર નથી. પુરુષાર્થ તો ત્યારપછી સમ્યગ્દર્શન માટે ખર્ચ કરવાની ચીજ છે. એ

પહેલાં પુરુષાર્થ નથી. અને ક્ષણમાત્રમાં ભાવભાસન થાય છે. ફક્ત આટલી જ વાત છે કે મારું જ્ઞાન મારા પ્રદેશમાંથી ઊઠે છે. લાવ, હું જોઉં ક્યાંથી ઊઠે છે. બસ ! પોતામાં જોવે તો ભાવભાસન આવી જાય એટલું બધું સહેલું છે. હું જ્ઞાનનો પિંડ છું, અનંત જ્ઞાનનો પિંડ છું કે જેમાંથી આવ્યા જ કરે છે. રોકી ન શકાય એવી રીતે આવ્યા કરે છે. ઓલો તો પેટ્રોલના કૂવાને તો ઢાંકણ બંધ કરે તો બહાર આવતું બંધ થઈ જાય. હજી, જ્ઞાનને બહાર આવતું અટકાવવા માટે દુનિયામાં ઢાંકણ શોધાયું નથી.

મુમુક્ષુ :- અનંત કાળથી શોધાયું નથી અને અનંત કાળ શોધાશે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- શોધાશે નહિ. પણ નજરની આળસે જોતો નથી. જોવે તો ક્ષણમાત્રમાં ભાવ ભાસે એવો છે (કે) એટલું અંદરમાં ભરેલું છે. પોતાને વિશ્વાસ આવી જાય કે અનંતુ મારામાં ભરેલું છે. બસ. પછી તો .. નહિ પડે. ઉછળીને બહાર આવશે. કેમકે એ પણ અનંત વીર્ય અંદર ભરેલું છે. ઉછળીને બહાર આવશે.

મુમુક્ષુ :- આ સિદ્ધશીલા પર 'સોભાગભાઈ'ને આ જ ઉપદેશ આપ્યો હશે. કર પ્રયોગ જ્ઞાન ક્યાંથી ઊઠે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંથી ઊઠે છે.

મુમુક્ષુ :- આ પ્રયોગ કરાવ્યો હશે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બહુ સારી રીતે કરાવ્યો હશે. શું જોવામાં નડે છે ? બોલો શું જોવામાં નડે છે ? કેમ નથી દેખાતું ? જુઓ ! આ રહ્યું, જુઓ ! આમ જ થાય છે. પોતે પ્રયોગ કરી કરીને દેખાડ્યું હશે. ઓલા એટલા તૈયાર પાત્રતામાં હતા. પકડી લે. પકડતા કાંઈ વાર ન લાગે. ભાવનામાં બહુ આવેલા ને ? મૂળ તો શું હતું કે એટલું બધું ખેંચ્યું હતું કે ભાવનામાં બહુ આવી ગયા હતા. એટલે એને તો બીજી કોઈ ઉપાધિ નહોતી. શરત શું છે કે ઉપાધિ રહિત થઈને તું જો. એક સ્વરૂપ પ્રાપ્તિની અતિશય તીવ્ર ભાવનામાં આવીને તું જો. તું સ્વરૂપને અતિશય તીવ્ર ભાવનાથી શોધતો હોઈશ તો તને જડશે. તારે શોધવાની દરકાર નહિ હોય તો તને નહિ જડે. આટલી વાત અપેક્ષિત છે. એ પોતે તો ટીંગાઈ ગયા હતા કે હવે દેહ પડવાને થોડા દિવસની વાર છે. એમને

ખબર હતી. એટલે ટીંગાઈ ગયા. અને કામ કરીને જવું છે. અને વિશ્વાસ હતો કે આ પુરુષથી જ કામ થવાનું છે. એટલો વિશ્વાસ હતો. ચારે બાજુનો એટલો મેળ ખાય ગયો. થઈ ગયું કામ.

મુમુક્ષુ :- અહીં ક્યા મહિનામાં આવ્યા હતા ?

પૂજ્ય ભાઈશ્રી :- જેઠ મહિનામાં. જેઠ વદ દશમે દેહ છોડ્યો છે.

મુમુક્ષુ :- જેઠ સુદીમાં આવેલા.

પૂજ્ય ભાઈશ્રી :- જેઠ સુદમાં આવેલા. પ્રખર તાપ. ખરા ઉનાળે આવ્યા હતા. આપણે જેઠ વદ દશમે અહીંયાં જ છીએ. જેઠ વદ દશમ આપણી 'ઈડર'માં ગઈ છે. એ જેઠ સુદમાં આવ્યા હતા. એ જેઠ સુદમાં આવ્યા હતા. એવી વાત છે.

મુમુક્ષુ :- એવી તબિયત નાજુક.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ તબિયત-બબિયત બધું ભૂલી જાય. એવું જોર આવે અંદરથી. અંદરથી એટલો બધો ઉત્સાહ હોય સ્વરૂપ પ્રાપ્તિનો. હવે દેહ તો પડવાનો છે. એ ક્યાં અમથો ટકવાનો છે. ગમે તેટલો સાચવે તો, જતન કરે તો કાંઈ ટકી રહે એવું થોડું છે ? એ તો જવાનો છે, એના Time જવાનો જ છે. પોતે કામ કરી લીધું એનું મૂલ્ય કાંઈ થાય ? સિદ્ધપદ Reservation માં આવી ગયું. સિદ્ધાલયમાં Seat reserve કરી નાખી.

મુમુક્ષુ :- એ પુરુષમાં અડગ વિશ્વાસ.

પૂજ્ય ભાઈશ્રી :- અડગ વિશ્વાસ.

એમને જે સત્પુરુષ વિષેનો બોધ આપ્યો છે 'સોભાગભાઈ'ને, એમાં પણ એ હેતુ છે કે સત્પુરુષનું જેવું મહાત્મ્ય આવવું જોઈએ એવું જો આવશે તો એને દર્શનમોહ એકદમ દબાઈ જશે. દર્શનમોહનો અનુભાગ છે એ અનુભાગ તૂટી જશે. બસ, જે જીવને રખડાવે છે એ તો દર્શનમોહ જ રખડાવે છે. એની શક્તિ પહેલા ઘટી ગઈ. સત્પુરુષના બહુમાનથી જ ઘટી ગઈ. પણ આઠ મહિના જે ટીંગાડ્યા છે અને આઠ મહિના જે સત્પુરુષ માટે આતુર રહ્યા છે, એને કેટલો દર્શનમોહનો અનુભાગ ઘટ્યો હશે ? ત્યાં સુધી ઘટ્યો કે હવે નહિ આવો તો રોગથી શરીર નહિ છૂટે, આ (આપના વિરહ) વેદનાથી શરીર છૂટશે. દર્શનમોહ તો ગાળી નાખ્યો, ઠામુકો ગાળી નાખ્યો. દર્શનમોહ તો એકદમ ગાળી

નાખ્યો. હવે એવો દર્શનમોહ એકદમ ગળી ગયો હોય એવી પરિસ્થિતિમાં આ બોધ છે. એ સીધો જ કામ કરે છે. એ બોધ સીધો જ ગ્રહણ થઈ જાય છે એવી પરિસ્થિતિમાં.

મુમુક્ષુ :- આપના દર્શન જોઈએ બીજું કાંઈ મને જોઈતું નથી એમાં પરરસ બધો ખતમ થઈ ગયો, પરની વૃત્તિ ખતમ થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ જોઈતું નથી.

મુમુક્ષુ :- કાંઈ જોઈતું નથી. આપના દર્શન જોઈએ બસ.

પૂજ્ય ભાઈશ્રી :- બસ. બધું મળી ગયું. એ રીતે દર્શનમોહ...

મુમુક્ષુ :- હૃદય સિંહાસન તુમ બિન સુના, ઉસમેં આકર...

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. જેમ કોઈ ભગવાનની રાહ જોતો હોય અને ભગવાન આવી જાય એના જેવું થયું આ. એટલે પછી એને તબિયત-બબિયતનું કાંઈ જોવાનું તો રહ્યું નહિ. એ રીતે કામ થયું છે.

મુમુક્ષુ :- પ્રયોગ તો આ જ છે, વિધિ આ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિધિ આ જ છે. એ તો ફેરવી ફેરવીને વિધિની જ વાત કરે છે. '**या मतिः सा गतिः**' ગતિ આવી ગયું ને ?

મુમુક્ષુ :- ભાવના હોય તો કામ તો Second નું છે.

પૂજ્ય ભાઈશ્રી :- કામમાં કોઈ લાંબો Time લાગે એવું છે જ નહિ. જે કાંઈ છે એ પોતાની અવળાઈ છે, બીજું કાંઈ નથી. જીવની પોતાની અવળાઈ છે. સવળાઈ કરે તો અનંત શક્તિનો ધણી પોતે છે. ક્યાં કોઈની પાસેથી શક્તિ લેવી છે ?

... બધા જ ગુણથી સંપન્ન છે. એટલે બધા સાધનથી સંપન્ન છે એમ. અમુક સાધન મારી પાસે એવું નથી. અનંત ગુણની સંપત્તિથી ભરપુર છે. સાધન... પોતે જેટલો સરળ થઈને અંદર જોવે, ચીજ તો ખુલ્લી પડી છે. ઢાંકેલી નથી પડી. નિરાવરણ એટલા માટે લીધું. ચીજ ખુલ્લી પડી છે. અંદર આત્મા કોઈ ચીજથી ઢાંકેલો નથી, કોઈ પરમાણુથી ઢાંકેલો નથી, કોઈ પડદાથી ઢાંકેલો નથી, કોઈ અંધકારથી ઢાંકેલો નથી. જેવું સિદ્ધપદ છે એવી ખુલ્લી સિદ્ધપદની મૂર્તિ છે. ખુલ્લે ખુલ્લી સિદ્ધપદની મૂર્તિ છે. પોતે જોવે તો મળે અને ન જોવે તો બીજો કોઈ ઉપાય નથી. ન જોવે તો એને કોઈ પરાણે જોવાડી દે એમ નથી. પોતે જોવે તો એને જોતો કોઈ રોકી શકે એમ નથી.

**'પોતાનું સ્વરૂપ સાક્ષાત્ કેવી રીતે થાય...'** એટલે પોતાનું સ્વરૂપ સાક્ષાત્ કેવી રીતે અનુભવમાં આવે ? જેવું સિદ્ધપદ છે તેવું સાક્ષાત્‌પણે કેવી રીતે અનુભવમાં આવે **'તે કહેવામાં આવે છે :-'**

**'પ્રથમ નિર્મમત્વ ભાવથી સંસારનો ભાવ અધો...'** કરે. એટલે પહેલાં તો સંસારની ઉપાધિ બધી મૂકી દે. આ કામ છે ને તે કામ છે ને ફલાણું બાકી છે ને ફલાણું બાકી છે. ઉપાધિ તો કાંઈ નહિ. એકલો આત્મા જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. જે થાવું હોય તે થાય. આમ એક વખત તો આખા સંસારને જેમ Football ને Kick મારે ને એમ લાત મારી દે. જે થાવું હોય તે થાય. એક વખત હું મારું કામ કરી લઉં. પછી સંસાર સામે જોવું છે, ત્યાં સુધી સામે જોવું નથી.

**'પ્રથમ નિર્મમત્વ ભાવથી સંસારનો ભાવ અધો...'** કરો. અધો ને બદલે આઘો કરી દે તો. આઘો કરી દે. દૂર કરી દે.

મુમુક્ષુ :- ઢૂંઢારીમાં આઘો કહે. મારવાડીમાં આઘો કહે.

પૂજ્ય ભાઈશ્રી :- અમારે ગુજરાતીમાં આઘો જ કહે છે.

મુમુક્ષુ :- આમાં અધો કેમ છે ? ગલત છપાણું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગૌણ કરે. મોળો પાડે, નીરસ કરે.

મુમુક્ષુ :- ઘણા દિવસથી આ શબ્દનો અર્થ નહોતો બેસતો.

પૂજ્ય ભાઈશ્રી :- ખસી જવું. એકવાર ખસી જાય. હું સંસારી છું, ફલાણો છું એ જ ખસી જાય એકવાર. હું આત્મા છું. હું બીજું કાંઈ નથી. હું એક ચૈતન્યમય આત્મા છું. એ સિવાય બધું ભૂલી જાય. પોતાની જાતને ભૂલી જાય કે ફલાણી જાતિનો મનુષ્ય છું, પુરુષ છું, સ્ત્રી છું. બધું ભૂલી જાય. એક ચૈતન્યપિંડ આત્મા છું. એવી રીતે આખો સંસાર અધો કરે. **'કેવી રીતે કરે તે કહેવામાં આવે છે.'**

**'જે દશ્યમાન છે તે બધું રૂપી જડ છે...'** આ શરીર દેખાય છે જડ રૂપી છે. આત્મા ચૈતન્ય નથી. જે કાંઈ દેખાય છે, દશ્યમાન છે એટલે જે કાંઈ દેખાય છે તે બધું રૂપી અને જડ છે. **'તેથી મમત્વ ન કરવું.'** કે હું તો ચૈતન્ય છું. એમાં ક્યાં મમત્વ કરવું ? પરમાણુનો ઢગલો છે. સમયે સમયે પરિણમ્યા કરે છે. મારે કાંઈ લેવા કે દેવા. કાંઈ સંબંધ નથી. જેને વળગીને પડ્યો હતો (એને) એટલો જોરથી ધક્કો મારે છે. કેમકે વળગ્યો હતો જોરથી. છોડાવે છે પણ જોરથી. જેટલો જોરથી વળગે છે

એટલા જ જોરથી ધક્કો મારે છે, ઝટકો મારે છે.

**'શાથી ? કે જે બધુંય જડ તેમાં પોતાને માનતાં સુખ શું ?'** જેટલું કાંઈ બધું જડ છે એમાં પોતાપણું માનતા સુખ શું ? કેવી રીતે એને સુખ હોય ? કેવી રીતે સુખ થાય ? એમ કહે છે. **'એવી રીતે શરીર જડ તેમાં મમત્વ ન કરવું. શાથી ? કે શરીરાદિ જડ તેમાં પોતાને માનતાં સુખ શું ?'** આપ માને સુખ કહાં ? એમ. આગળ લ્યે છે, **'વળી રાગદ્વેષમોહભાવ,..'** શરીરનો **'અસાતાભાવ,...'** પછી આ જોઈએ, તે જોઈએ એવો **'તૃષ્ણાભાવ, અવિશ્રામભાવ,...'** એટલે ક્યાંય પણ એને સ્થિરતા નથી થતી એવો અવિશ્રામભાવ, અસ્થિરભાવ. **'દુઃખભાવ, આકુલભાવ,...'** અવિશ્રામભાવ અને અસ્થિરભાવ એકાર્થમાં છે. દુઃખભાવ અને આકુળભાવ અને ખેદભાવ એ બધો એકાર્થમાં છે. અને **'અજ્ઞાનભાવ છે તેથી હેય છે.'** એ બધા ભાવો મારા સ્વરૂપથી વિપરીત જાતિના છે. ભિન્ન જાતિના છે, વિરૂદ્ધ જાતિના છે. તેથી તે કોઈ ભાવો મને ઉપાદેય નથી. અથવા એ ભાવ મારે ગ્રહણ કરવા યોગ્ય નથી, રાખવા યોગ્ય નથી, સેવવા યોગ્ય નથી.

**'આત્મભાવ, જ્ઞાનમાત્રભાવ,...'** આત્મભાવ છે તે જ્ઞાનમાત્રભાવ છે. ઓલા બધા અન્ય ભાવમાં ગયા. આ આત્મભાવ છે તે જ્ઞાનમાત્ર ભાવ છે. તે **'શાંતભાવ, વિશ્રામભાવ, સ્થિરતાભાવ, અનાકુલભાવ, આનંદભાવ, તૃપ્તિભાવ, નિજભાવ (છે તેથી) ઉપાદેય છે.'** આમ અન્ય ભાવ ને આત્મભાવને જુદા પાડી દીધા. જ્ઞાનમાત્ર તે હું. એમાં શાંતિ છે, એમાં તૃપ્તિ છે, એમાં અનાકુળપણું છે, આનંદ પણ એમાં છે, સુખ પણ એમાં છે અને તે પોતારૂપે છે. આમ ભેદવિજ્ઞાનથી શરૂઆત કરે છે.

ભેદવિજ્ઞાનથી શરૂઆત કરવામાં ... ભેદવિજ્ઞાનમાં બે વિષય આવ્યા. એક શરીરાદિ જડ પદાર્થો સંયોગમાં છે તે અને એક રાગાદિ મોહભાવ વગેરે વિભાવભાવો. તે મારું સ્વરૂપ નથી, મને ઉપાદેય નથી એવો એક ભાવ છે. આત્મભાવ, જ્ઞાનમાત્રભાવ મારું સ્વરૂપ છે અને તે ઉપાદેય છે એવો એક ભાવ (છે). એમ અહીંયાં બે પ્રકારના ભાવ ઉત્પન્ન થાય છે ભેદજ્ઞાનના ... હવે એ જ ભેદજ્ઞાન આગળ વધે છે ત્યારે પર તે હું નથી. એવું એક જે નાસ્તિનું પડખું છે એ છૂટી જાય છે.

આ હું નહિ... આ હું નહિ... આ હું નહિ... આ હું નહિ... એ છૂટી જાય છે. પછી આ હું છું એનું જોર આવે છે. એ વાત હવે લે છે.

**'આત્મપરિણતિમાં આત્મા છે.'** જે જ્ઞાનમાત્ર ભાવ કીધું ને ? તો જ્ઞાનની તો ધારા ચાલે છે અંદર. એકધારી જ્ઞાનની ધારા જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... રોકી ન શકાય એ રીતે આત્માના પ્રદેશોમાંથી જ્ઞાન આવ્યા કરે છે. એવી જે પરિણતિ છે ત્યાં આત્મા છે. જે ક્ષેત્રમાંથી એ પરિણતિ ઊપજે છે ત્યાં આત્મા છે અને ત્યાં હું છું. ત્યાં હુંપણું કરે. જ્ઞાનથી પરદ્રવ્ય અને પરભાવથી ભિન્ન પડીને પછી જે પોતાપણું થયું એ પોતાપણામાં હુંપણાનું જોર કરે. આસ્તિક્યભાવને દઢ કરે.

**'આત્મપરિણતિમાં આત્મા છે. હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે.'** શેમાં ? કે જ્ઞાનમાત્રભાવમાં. આત્મભાવમાં હું છું એવી પરિણતિ એટલે એની ધારા. હું.. હું.. હું.. હુંપણાની ધારા થાય અને હુંપણું ક્યાંય દેહમાં કે રાગમાં ન થાય. પણ એકધારું હુંપણું આત્મામાં થાય ત્યારે આત્મા પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે. એને આત્મા પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. ત્યારે આત્મા પ્રગટ્યો. પ્રગટ્યો એટલે પ્રગટપણે અનુભવાયો. એનું નામ આત્મા પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. કેમ કરતા ? કે આત્મભાવમાં, આત્મસ્વભાવમાં હું-હુંપણું કરતા.

હુંપણું કરવું એટલે આધાર લેવો. અનાદિથી જીવ વર્તમાન ચાલતા રાગ અને વર્તમાન જે શરીરાદિ સંયોગ એનો આધાર લઈને પરિણમી રહ્યો છે. જો અવલોકન કરે તો તરત ખબર પડે એવું છે કે રાગના આધારે અને સંયોગોના આધારે મારું પરિણમન વર્તી રહ્યું છે, ચાલી રહ્યું છે. એ આધાર છોડીને આત્મભાવમાં-આત્મામાં-જ્ઞાનમાત્રમાં હુંપણું, હુંપણું ક્યાં કરે ? જ્ઞાનમાત્રમાં હુંપણું કરે. અને એ હુંપણું સતત કરે ત્યારે આત્મા પ્રગટ અનુભવગોચર થાય છે. એને આત્મા પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. એને આત્મસાક્ષાત્કાર થયો એમ પણ કહો, આત્મજ્ઞાન થયું એમ કહો, ગ્રંથિભેદ થયો એમ કહો. અનંત ભવનો એ જ વખતે નાશ કર્યો એમ કહો.

જ્યારે પ્રથમ આત્મસાક્ષાત્કાર થાય ત્યારે અનંત ભવનો નાશ થઈ જાય છે. એક જ ક્ષણમાં, એક ક્ષણનો અનુભવ અનંત ભવનો નાશ

કરી નાખે છે. એટલી શક્તિ એક ક્ષણના અનુભવની પર્યાયમાં છે. આત્મામાં કેટલી શક્તિ છે એ તો કોઈ કહેવાની ચીજ નથી. પણ જેના અનુભવમાં અનંત ભવનો નાશ થઈ જાય. એક ક્ષણના અનુભવમાં, પ્રથમ અનુભવમાં. સમ્યગ્દ્રષ્ટિને અનંત ભવ હોય નહિ. એનું કારણ શું ? કોઈને એક બે ભવ, કોઈને ચાર-છ ભવ. એમ કેમ ? ખલાસ થઈ ગયું. આવો જે આત્મરસ છે એ હું-હું પરિણતિ દ્વારા કેળવાય છે. જ્ઞાનમાત્ર ભાવમાં હું-હું પરિણતિ દ્વારા આત્મરસ કેળવાય છે અને તે સ્વાનુભવને લાવે છે, સહજમાત્રમાં.

'**આત્મપરિણતિમાં આત્મા છે. હું છું એવી પરિણતિ વડે...**' હું છું. હું છું. જ્ઞાનમાત્ર હું છું. બસ, આટલો મંત્ર છે. હું જ્ઞાનમાત્ર છું એટલો જ મંત્ર છે. એમાં હું છું આવી ગયું. અને દેહાદિમાં અને શરીરમાં હું છું થતું હતું એ ન થાય એટલા માટે જ્ઞાનમાત્ર વિશેષ લીધું. હું જ્ઞાનમાત્ર છું. બસ ! આટલામાં પૂરી થઈ ગઈ વાત. એટલું જ પરિણમન આવે એટલે સાક્ષાત્ આત્મા અનુભવગોચર છે. અને પછી કોઈ શંકા નથી રહેતી. શંકા નથી રહેતી કે હવે શું ? એ શંકા નથી. શું કરવું ? એની પણ શંકા નથી. ન તો રીતની શંકા છે, ન તો કોઈ પદાર્થની શંકા છે. ન તો કોઈ પોતાના ભવિષ્યની શંકા છે, ન તો કોઈ વાતની પછી વર્તમાનમાં શંકા છે. પછી તો તદ્ન ઉપાધિ વગરનો થઈ ગયો. મુક્ત થઈ ગયો. એક ન્યાયે ઉપાધિ વગરનો થયો એટલે '**स हि मुक्त एव** ' મુક્ત જ થઈ ગયો. એવી વાત છે.

'**આત્મામાં (પોતામાં) પરિણતિ આવી.**' પરિણતિ આત્મામાં-પોતામાં આવી. '**હું છું'પણાની માન્યતા...**' હું છું પણાની શ્રદ્ધા. માન્યતા કહો કે શ્રદ્ધા કહો. હું જ્ઞાનમાત્ર છું એવી જે શ્રદ્ધા. હું જ્ઞાનમાત્ર એ જ્ઞાનમાં જાય છે અને હું છું એ શ્રદ્ધામાં જાય છે. હું છુંપણું. કેમ કે એ સત્તાને ગ્રહે છે. એટલે છુંમાં સત્તા આવી ગઈ. અને એમાં સ્વપણું આવી ગયું. હુંમાં સ્વપણું આવી ગયું. એવી જે શ્રદ્ધા, તે '**સ્વપદનું...**' એટલે આત્મપદનું, સિદ્ધપદનું '**સાધન છે. હું-હું પરિણામ હું કહું છું-**' હું-હું પરિણામ કોઈ બીજો નથી કરતો. હું-હું. આત્મા હું-હુંપણું કરે છે. શરીર હું-હુંપણું કાંઈ કરતું નથી. આત્મા હું-હુંપણું કરે છે. તો હું-હું પરિણામ તો હું કરું છું. ક્યાંય ગોતવા જાવું નથી. અહીંયાં જ હું છું.

જ્યાં હું-હુંપણું થાય છે ત્યાં હું છું એમ લેવું છે. ભૂલ ન થાય એટલા માટે એમ કહે છે કે દેહાદિમાં નહિ, રાગાદિમાં નહિ. જ્ઞાનમાત્રમાં. બસ. આટલું ચોખ્ખું કરાવી દે છે.

મુમુક્ષુ :- જે હુંપણાનો ભાવ ઊઠે છે તે ભૂમિ પોતે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં જ મારી સત્તા છે. હું-હુંપણું જ્યાં થઈ રહ્યું છે ત્યાં મારી સત્તા છે. એ સત્તાનો સ્વીકાર તેનું નામ આસ્તિક્ય છે, તેનું નામ સ્વરૂપશ્રદ્ધા છે. બસ ! આટલી વાત છે.

મુમુક્ષુ :- ટૂંકી ટચ વાત થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- આટલી વાત છે.

એટલે અહીંયાં એમ કહે છે કે હું છું, હું છું એમ શેનું થાય છે ? કે હું-હુંપણું છે એ જ સ્વપદનું સાધન છે, એ જ સ્વરૂપશ્રદ્ધાનું ગ્રાહક છે. 'અનુભવપ્રકાશ' તો એવો ગ્રંથ છે કે 'દીપચંદજી'ના જે વચનો પડ્યા છે, એના વાચ્યમાં જાય એટલે પોતે હાથમાં જ આવે. એવો ગ્રંથ છે. એના વાચ્યમાં જવું જોઈએ. કોઈ બીજા વિશેષ પરમાગમ ન હાથમાં લ્યે અને આવું એક નાનું એવું શાસ્ત્ર લ્યો તો પાને પાને એ વાત નીકળે છે. ગમે તે પાનું ખોલીને બેસે નહિ, આ વાત નીકળવાની. કેમકે ફેરવી ફેરવીને એમણે એ વાત કરી છે.

'**હું-હું પરિણામોએ સ્વપદની આસ્તિક્યતા (જે) કરી (છે, તે) સ્વપદ પરિણામ યોગ્યસ્થાન વિના હોય નહિ.**' એવું જે સ્વપદરૂપ પરિણામ છે તે પોતામાં હુંમાં જ હુંપણું સ્થાપ્યું છે. સ્વરૂપ અસ્તિત્વમાં જ્યાં અસ્તિત્વ છે ત્યાં હુંપણું કર્યું છે. એ તેનું યોગ્ય સ્થાન છે. જ્યાં પોતાનું અસ્તિત્વ નથી ત્યાં હુંપણું કર્યું તે અયોગ્ય સ્થાન હતું. રાગમાં અસ્તિત્વ નહોતું, શરીરમાં અસ્તિત્વ નહોતું. અસ્તિત્વગુણ, અસ્તિત્વ શક્તિ આત્મામાં રહેલી છે. આત્મામાં હુંપણું કર્યું એટલે એણે યોગ્યસ્થાનરૂપ હુંપણું કર્યું.

'**કાયચેષ્ટા છે ત્યાં નથી,...**' કાયચેષ્ટા જે છે એ ત્યાં નથી. છે ત્યાં નથી એમ એટલા માટે લીધું કે કાયામાં કાયચેષ્ટા છે. પણ ત્યાં નથી. જ્યાં હુંપણું કરું છું ત્યાં કાયચેષ્ટા નથી. કાયચેષ્ટા છે તે ત્યાં નથી. '**વચન-ઉછ્ચારણા છે ત્યાં નથી,...**' જે વચન બોલાય છે આ અંગેના તે પણ હું હું કરું છું ત્યાં વચન ઉચ્ચારણા નથી. '**મન ચિંતવન છે ત્યાં**

**નથી.**' કેમ કે આ તો નિર્વિકલ્પ પરિણતિ છે. હું... હું... હુંપણું જે થાય છે એ તો નિર્વિકલ્પ પરિણતિ છે. વિકલ્પ નથી. મનનો વિકલ્પ ત્યાં નથી. એટલે એ પણ ત્યાં નથી.

'**આત્મપદમાં પોતાની મગ્નતા, સ્વરૂપવિશ્રામ, આનંદરૂપ પદમાં સ્થિરતા, ચિદાનંદ, ચિત્પરિણતિનો વિવેક કરવો.**' બસ ! આ વિવેક કરવો એટલે સ્પષ્ટપણે આમ વાત છે કે આત્મપદમાં મન-વચન-કાયા ત્રણેને ઉડાવ્યા. '**આત્મપદમાં પોતાની મગ્નતા, સ્વરૂપવિશ્રામ, આનંદરૂપ પદમાં સ્થિરતા, ચિદાનંદ, ચિત્પરિણતિનો વિવેક કરવો.**' આ ચિદાનંદ વસ્તુ છે. વિવેક કરવો એટલે એ સ્પષ્ટપણે, ભિન્નપણે અનુભવમાં આવવું જોઈએ. એમાં બીજું કોઈ ભેળસેળ ન થાય એ અંતરલક્ષથી બરાબર સ્પષ્ટ હોવું જોઈએ.

'**ચિત્પરિણતિ ચિદ્‌માં રમ્યે, આત્માનંદ ઊપજે.**' એવી જે ચૈતન્યની પરિણતિ થઈ. હું... હું.. હુંપણે થતી એવી જે પરિણતિ થઈ એ ચિદ્ એટલે સ્વરૂપ સ્વભાવ. ચિદ્ એટલે અહીંયાં સ્વભાવ. સ્વભાવને ટૂંકામાં ચિદ્ કહે છે. '**चित्स्वभावाय भावाय**' 'સમયસાર'માં જે પહેલો કળશ લીધો. એમાં રમે એટલે વારંવાર એમાં પરિણમે. '**આનંદ ઊપજે.**' એટલે એમાં આત્માનો આનંદ-આત્માનંદ ઊપજે છે.

'**મન દ્વારા વિવેક થયા પછી મન પણ બાજુએ (દૂર) રહે.**' પહેલા વિચારમાં મન દ્વારા આ આત્મા છે, આ રાગ છે એમ ભિન્નપણાનો જે વિવેક થાય છે એ વિવેક પહેલા મન દ્વારા થાય છે એટલે મનસહિતપણામાં થાય છે. પછી મનને બાજુમાં રાખી દેવામાં આવે છે. મનનો સાથ ક્યાં લીધો ? વિચાર કરવા સુધી લીધો. પછી મનને એક બાજુ રાખે છે. મનનો પણ સંગ નથી એની અંદર. '**મન પણ બાજુએ (દૂર) રહે. મન પર છે, જ્ઞાન નિજ વસ્તુ છે.**' મન છે એ પર છે. ભાવમન પણ પર છે, દ્રવ્યમન પણ પર છે. જ્ઞાન છે એ નિજ વસ્તુ છે, એ પોતાની ચીજ છે. '**એવી રીતે વિચારતાં તે (મન) દૂર રહે છે. શાથી ? કે પરમાત્મપદ ગુપ્ત છે. તેની મન વ્યક્ત ભાવના કરી ન શકે.**' શું છે ? મન છે એ તો અવ્યક્ત અથવા પરોક્ષ ભાવના કરે છે. આ તો વ્યક્ત સ્વરૂપની વ્યક્ત ભાવના કરવી છે. માટે મનને છોડી દેવું પડે છે.

'ગુરુદેવ' એ વિષયનું બહુ સરસ દૃષ્ટાંત આપતા હતા કે એક રાજા

છે એને પોતાના મહેલમાં જાવું છે. તો એ પોતાની બે ઘોડાની, ચાર ઘોડાની બગી હોય એવી ઘોડાગાડીમાં વિક્ટોરિયાની અંદર પ્રવેશ કરે છે. Compound માં આવે છે. શહેરમાંથી Compoundમાં આવે છે, પછી મહેલનની નજીક આવે છે. અને મહેલનો જે .. હોય છે. આગળ મંડપ જેવું હોય છે ત્યાં ગાડી ઊભી રહી જાય પગથિયા પાસે. પછી ? મહેલમાં જાવું હોય તો ઉતરીને જાય. ગાડી મહેલમાં નથી જતી. મહેલના પગથિયા ચડવા હોય ત્યારે પોતે ઉતરીને મહેલમાં જાય છે.

એમ અહીં સુધી, મનની ગાડીમાં ક્યાં સુધી આવ્યો ? વિચાર કરતો હતો ત્યાં સુધી કે હું આત્મા છું, હું રાગરહિત છું, શુદ્ધ છું, જ્ઞાનસ્વરૂપ છું, મલિનતા મારામાં નથી, દેહ મારામાં નથી. એ બધું મન સુધી છે. પછી સ્વરૂપમાં અંતર ઉતરવા માટે મનને બહાર મૂકી દીધું. પછી એકલું જ્ઞાનમાત્રપણું જે પકડ્યું. જ્ઞાન તે નિજ સ્વરૂપ છે. એમ લીધું ને ? જ્ઞાન નિજ વસ્તુ છે. જ્ઞાન તે નિજ વસ્તુ છે. મનને એનાથી દૂર રાખ્યું.

મુમુક્ષુ :- અવલોકન પદ્ધતિમાં પણ મન બાજુએ રહી જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, રહી જાય છે. એમાં શું છે કે જ્ઞાનનું અવલોકન થાય ને ? તો અવલોકન કરનાર જ્ઞાન છે અને અવલોકાય છે તે જ્ઞાન છે. એટલે પછી બીજી ચીજ બાદ થઈ જાય એમાંથી Automatic. મન છે એ વ્યક્ત ભાવના ન કરી શકે અને પરમાત્મપદ તો ગુપ્ત છે, અવ્યક્ત છે. માટે એને અવ્યક્ત સુધી પહોંચવા માટે મનને છોડીને અંદર જાવું છે.

**'શાથી ? કે પરમાત્મભાવના કરતાં કરતાં પરમાત્મપદ નજીક આવે ત્યારે પરમાત્માના તેજથી મન પહેલેથી જ મરી ફીટે છે.'** બહુ સરસ Tone લીધો છે. આ જગ્યાએ Tone બહુ સારો આવ્યો છે. પોતાના પરમાત્માની ભાવના કરતાં કરતાં, પરમાત્મપદ તો સાક્ષાત્ નિરાવરણ છે, એનો ભેટો થવાનો જ્યાં વારો આવ્યો ત્યારે મન તો એના તેજથી મરી ગયું. મન તો બિચારું (આમ જ મરી ગયું). એનું પરમાત્માનું તેજ એટલું બધું હતું કે જ્યાં પરમાત્મપદ નજીક આવ્યું તો મન તો પહેલેથી જ મરી ફીટે છે. મન તો ખલાસ થઈ જાય છે.

**'શાથી ? કે શૌર્યવાનના તેજથી કાયર સંગ્રામ વિના જ (લડાઈ**

**કર્યા વિના જ) મરે, સૂર્યના તેજથી અંધકાર પહેલેથી જ નાશ થઈ જાય, તેમ (અહીં) જાણવું.**' એવો જ્ઞાનનો પ્રકાશ છે. પરમાત્મપદનો એટલો બધો પ્રકાશ છે કે ત્યાં મન તો આગળથી જ ખલાસ થઈ જાય છે. મનનો વિકલ્પ છોડવો પડતો નથી. મનરિહત જે પરમાત્મપદ છે, જે અતીન્દ્રિય સ્વરૂપ છે એમાં હુંપણું થાય છે એટલે મન તો ક્યાંય પડ્યું રહે છે. ક્યાં પડ્યું રહ્યું એ ગોતવા જાવું મુશ્કેલ છે.

એવો કળશ લીધો છે ને 'સમયસાર'માં ? કે નય નિક્ષેપ ક્યાં ચાલ્યા જાય છે ? પ્રમાણ ક્યાં અસ્ત થાય છે ? અમને ખબર પડતી નથી. એટલે કે અમને ખબર ન પડી કે ક્યારે મનથી જુદાં પડી ગયા. પહેલાં આત્માનો વિચાર આવતો હતો ત્યારે મન સાથે વિચાર આવતો હતો. શુદ્ધનયથી હું શુદ્ધ છું. નિશ્ચયનયથી મારું નિશ્ચયસ્વરૂપ આવું એકરૂપ ધ્રુવ છે. એવો જે વિકલ્પ હતો એ વિકલ્પ મન સહિત હતો. પણ જ્યાં અનુભવ થયો ત્યારે એ બધા ક્યાં ચાલ્યા ગયા ? ક્યારે ચાલ્યા ગયા કંઈ ખબર ન રહી. એમ કહે છે. એટલું બધું લક્ષ અતીન્દ્રિય વસ્તુ ઉપર છે કે આ સંગ ક્યારે છૂટી ગયો એનો પોતાને ખ્યાલ નથી આવતો. એવો Tone બતાવવા માટે એમ કહે છે કે એ ક્યાં ચાલ્યા ગયા ? અમને ખબર નથી. '**न विद्मो**'. એ ક્યાં ગયા અમને ખબર નથી. એવી રીતે અનુભવ આવ્યો કે એ ક્યાં ગયા એ જ ખબર ન પડી. ક્યારે વયા ગયા એ ખબર ન પડી. કેમકે લક્ષ તો સ્વરૂપ ઉપર હતું. આ રહ્યા કે ગયા એવું લક્ષ નથી ત્યાં. અને એ વયા ગયા ગમે ત્યારે.

મુમુક્ષુ :- અનાદિકાળથી સાથે હતા એ ક્યાં ગયા, ક્યારે ગયા એ ખબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ખબર નથી. એવી વાત છે.

મુમુક્ષુ :- એનું પ્રવચન જ્યારે ચાલતું હતું ત્યારે એ વખતે વરરાજાનું ઉદાહરણ આપતા હતા. આજે ઘોડાગાડીનું ઉદાહરણ આપ્યું. એ વખતે વરરાજાનું આપેલું.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રવચનમાં ઘણા વખત પહેલા જૂના વાંચેલા. રાજાને પોતાના મહેલમાં જાવું છે ત્યારે કાંઈ ઘોડા ઉપર બેસીને કે ગાડીમાં બેસીને થોડો મહેલમાં જાવાનો છે ? એ તો ઉતરીને જાશે.

એવો જ એક બીજો દૃષ્ટાંત છે કે સ્વરૂપને શોધવું હોય, સ્વરૂપ નિશ્ચય જ્યારે કરવો હોય ત્યારે વિકલ્પના ઘોડા ઉપરથી ઉતરી જવું પડે છે. જેમ એક માણસને તરસ લાગી છે. ઘોડેસવાર છે એને તરસ લાગી છે. જંગલમાં પાણી શોધતો ફરે છે. એમાં એક કૂવો જોયો. એ કૂવો જોયો ત્યારે એણે કૂવામાં પાણી છે કે નહિ એમ જોયું. પીવાનું તો હજી પછી છે. પણ છે કે નહિ એ તો નક્કી કરે. તો ઘોડા ઉપર બેઠો બેઠો કેવી રીતે નક્કી કરશે ? ઘોડેથી ઉતરી, કાંઠે જઈને વાંકો વળીને જોશે કે અંદર પાણી છે કે નહિ ? આ કૂવા છે ત્યાં ઠેઠ નજીક જઈને અંદર જોવે ત્યારે ખબર પડે પાણી છે કે નહિ ? અને પાણી ભાળે તો પાણી કાઢે. તો તૃષા છીપે. પણ પાણી છે એ જોવે જ નહિ અને ઘોડા ઉપર ચાલ્યો જાય તો શું કરે ? ઘોડા ઉપર બેઠા બેઠા પાણી નહિ દેખાય.

એમ વિકલ્પના ઘોડા ઉપર જ્યાં સુધી બેઠો છે અને વિકલ્પની જાળમાં ઘૂંચવાણો છે ત્યાં સુધી જીવને સ્વરૂપનું ભાવભાસન નથી થતું. વિકલ્પથી ખસીને ભાવભાસન થાય છે. અંશે અભાવ કરવામાં આધાર છોડે છે. ગૌણ કરી નાખે છે.

'સોભાગભાઈ'નું દૃષ્ટાંત તો બહુ સરસ છે. એનું જે ભાવનાનું દૃષ્ટાંત છે, એમણે જે કામ કર્યું એ જીવંત પાત્ર છે. સમ્યગ્દર્શન કેમ થાય એનું જીવંત પાત્ર જોવા મળે એવું છે. જેમ અત્યારે કહે છે ને કે શિક્ષણ આપવું તો વિડિયો દ્વારા શિક્ષણ આપવું. ભાષણથી Lecture proffesor આપે નહિ. એને જે કહેવું હોય એની વિડિયો એ દેખાડે. આ તો વિડિયો નહિ આ તો સાક્ષાત્ પાત્રને લઈ આવે એમ કહે છે. કે જોઈ લ્યો. એવું કામ છે. ... 'સમયસાર કળશટીકા'

મુમુક્ષુ :- 'અનુભવ પ્રકાશ' ગ્રંથ ખરેખર સાક્ષાત્ અનુભવ કરાવે એવો છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'અનુભવપ્રકાશ ગ્રંથ' એટલે એકલો અનુભવને જ ઘૂંટ્યો છે અને કેમ થાય એ વાત પણ ફેરવી ફેરવીને કહી છે. નવમો કળશ છે. ('સમયસાર') નવમો શ્લોક. **'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं'** નયનો ઉદય થતો નથી અને પ્રમાણ તો અસ્ત પામી જાય છે. નયનો ઉદય જ થવો બંધ થઈ ગયો. પ્રમાણ તો અસ્ત થઈ ગયું. ઠીક !

મુમુક્ષુ :- બેયની વાત તો એક છે, કહેવાની શૈલી બે થઈ ગઈ.

ઓલો ઉદય થતો નથી, ઓલો અસ્ત થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- ઓલો અસ્ત થઈ ગયો. એટલે એક ઉદય ન થયો અને બીજો અસ્ત થઈ ગયો.

'**क्वचिदपि च न विद्मो**' હું નથી જાણતો ક્યાં ગયા. '**याति निक्षेपचक्रम्**' નિક્ષેપનું ચક્ર ક્યાં ચાલ્યું ગયું એ તો મને ખબર જ નથી. કેમકે એ તો આઘેની ચીજ હતી. નયનો વિષય નિક્ષેપ છે. (જેમકે) ભગવાન અરિહંત પરમાત્મા તો એ નિક્ષેપનો વિષય છે. તો કહે છે, એ તો બધું ક્યાં વયું ગયું એ કંઈ મને ખબર જ નથી. '**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव।।**' જ્યાં અનુભવ ઉત્પન્ન થાય છે ત્યાં દ્વૈત જ ભાસતું નથી. બીજું કોઈ જગતમાં છે એમ ભાસતું નથી. આખું જગત વિસ્મરણ થઈ જાય છે. બીજું કાંઈ, જગત શું બીજું કાંઈ ભાસતું નથી. એટલે એના ઉપરથી આ 'શંકરાચાર્યે' લીધું છે. જગત મિથ્યા. બ્રહ્મ સત્યમ્, જગત મિથ્યા.

મુમુક્ષુ :- કોઈ ભેદ તો ભાસતો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ભેદ પણ નથી ભાસતો, બીજી અન્ય કોઈ ચીજ જ ભાસતી નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ભગવાનની પ્રતિમાને જોઈને સ્વસંવેદનની મૂર્તિને જોઈને પોતાના સ્વસંવેદનની મૂર્તિ તરફ ગયો એટલે ઓલી સ્વસંવેદન... ક્યાં ગયો...

પૂજ્ય ભાઈશ્રી :- નિક્ષેપનું ચક્કર ક્યાં વયું ગયું અમને ખબર નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- આ વિશ્વમાં હું જ એક છું, બસ.

પૂજ્ય ભાઈશ્રી :- બસ. જગતમાં હું જ છું. બીજું કાંઈ છે કે નહિ એની મને ખબર જ નથી. મારે કાંઈ લેવા-દેવા નથી. હોય કે ન હોય.

'**नयश्रीः न उदयति प्रमाणं अस्तम् एति न विद्मः निक्षेपचक्रम् क्वचित् याति,...**' '**न विद्मः**' એટલે અમે જાણતા નથી કે નિક્ષેપચક્ર ક્યાં ચાલ્યા ગયા. '**अपरम् किम् अभिदध्मः**' પછી બીજી તો વાત જ શું કરવી ? જગતના બીજા પદાર્થોની તો વાત શું કરવી એમ કહે છે. એની તો અમારે કાંઈ વાત કરવાનો પણ પ્રશ્ન નથી રહેતો.

**'જે અનુભવ આવતાં પ્રમાણ, નય, નિક્ષેપ પણ જૂઠા છે.'** આ 'રાજમલજી'ની .. છે. **'પ્રમાણ, નય, નિક્ષેપ પણ જૂઠા છે.'** એમ કહે છે. **'ત્યાં અન્ય રાગાદિ વિકલ્પોની શી કથા ?'** શું મારે વાત કરવી ? જ્યાં પ્રમાણ-નય-નિક્ષેપ જૂઠા છે, ત્યાં મારે બીજા રાગાદિની શું વાત કરવી ? **'ભાવાર્થ આમ છે કે રાગાદિ તો જૂઠા જ છે.'** જૂઠા છે નહિ પણ જૂઠા 'જ' છે. **'જીવસ્વરૂપથી બાહ્ય છે. પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ...'** મન સાથે જે કામ કરતા (હતા).

**'પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા એક જ જીવદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ભેદ કરવામાં આવે છે તે બધા જૂઠા છે; આ બધા જૂઠા થતાં જે કાંઈ વસ્તુનો સ્વાદ છે...'** આ શૈલી છે એની, બહુ સુંદર શૈલી છે. **'આ બધા જૂઠાં થતાં જે કાંઈ વસ્તુનો સ્વાદ છે તે અનુભવ છે.'** એને હું અનુભવ કહું છું. આ એક વચન એમણે લીધું છે એ ગજબ કાઢ્યું છે એમણે ! એ બધા સાચા છે એમ નહિ. નહિતર જૈનાગમ સિવાય ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય નથી. આ દ્રવ્યાનુયોગ અને આગમનો વિષય છે. કયા ? ઓલા ત્રણ નહિ. કરણાનુયોગ, ચરણાનુયોગ અને કથાનુયોગ નહિ. દ્રવ્યાનુયોગના આગમનો વિષય છે કે વસ્તુને દ્રવ્ય-ગુણ-પર્યાય છે, વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. તો કહે છે, એ જૂઠા થતાં કાંઈ સ્વાદ આવ્યો ? એ અનુભવનો સ્વાદ છે. બહુ કરી ! ગજબ શૈલી લીધી છે !!

મુમુક્ષુ :- જૂઠા થતાં એટલે ગૌણ થતાં ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જૂઠા થતાં એટલે શું છે કે તમે સ્વપ્નામાં ભય પામ્યા. કોઈ સર્પ જોયો કે કોઈ ચોર જોયો કે કાંઈ ભૂત જોયું અને જાગી ગયા...

## તા. ૧૫-૧૧-૧૯૯૨, પાના નં. ૨, પ્રવચન નં. ૧૭૦

'અનુભવપ્રકાશ'. પાનું-૨. પ્રશ્ન છે એની ઉપરની લીટી લઈએ.

**'તેની સંભાળ કરતાં જ સ્વરૂપ પ્રાપ્તિ થાય છે, એનો ઉપાય દર્શાવીએ છીએ-'** શાશ્વત પરમપદ જે આત્મા છે '**તેની સંભાળ કરતાં સ્વરૂપ પ્રાપ્તિ થાય છે એનો ઉપાય દર્શાવીએ છીએ-જે પરિણામ ઊલટી (ગુલાંટ ખાઈ) પરમાં પોતાને માની સ્વરૂપનું વિસ્મરણ કરી રહ્યા છે તે જ પરિણામ સુલટી (સવળા થઈ) સ્વરૂપને પોતારૂપ માની પરનું વિસ્મણ કરે તો મુક્તિકામિનીનો (મુક્તિરમણીનો) કંથ થાય.**' એટલે અહીંથી એ વાત લીધી છે કે પરિણામ અનાદિથી વિપરીતરૂપે પરિણમી રહ્યા છે, વિપરીતપણે પરિણમી રહ્યા છે. એમાં શું કરે છે ? કે જે અન્ય પદાર્થો છે, પોતાના સિવાયના અન્ય પદાર્થો છે એમાં પોતાપણું કરે છે, પોતાપણું માને છે અને પોતાનું જે મૂળ સ્વરૂપ છે એનું વિસ્મરણ ચાલ્યું આવે છે અથવા એ મૂળ સ્વરૂપથી પોતે તદ્દન અજાણ રહ્યો છે. અત્યાર સુધી પોતે તદ્દન અજાણ રહ્યો છે.

**'તે જ પરિણામ સુલટી (સવળા થઈ) સ્વરૂપને પોતારૂપ માની પરનું વિસ્મરણ કરે...'** પરનું સ્મરણ કરવાનું પણ એને કાંઈ પ્રયોજન નથી. અને તો એને મુક્તદશા પ્રગટ થાય. એની સામે પોતે પ્રશ્ન ઊઠાવે છે. ગ્રંથકાર 'દીપચંદજી' સાહેબ પ્રશ્ન ઉઠાવે છે. કે '**એવા પરિણામમાં કાંઈ ક્લેશ તો નથી...**' આવા સવળા પરિણામ કરવા એમાં કાંઈ આત્માને દુઃખ પડે એવું તો નથી, ક્લેશ થાય એવું તો નથી. '**(તો) એવા પરિણામ (ચિદાનંદ આત્મા) કેમ કરતો નથી** ?' તો શા માટે જીવ એવા સવળા પરિણામ કરતો નથી. કોઈ તકલીફવાળી વાત હોય, દુઃખ થાય એવી વાત હોય તો જીવ ન કરે. પણ પોતાના સ્વરૂપનું સુખ પ્રાપ્ત થાય, સ્વરૂપની શાંતિ પ્રાપ્ત થાય (એવા પરિણામ કેમ કરતો નથી ?).

**'અનાદિકાળથી (આ જીવ) અવિદ્યામાં (મિથ્યાત્વમાં) પડ્યો છે.'** જેમ સોનું અને માટી. ધૂળની કાંઈ કિંમત નથી અને સોનું ઘણું કિંમતી છે. તોપણ બેય .. પડેલા છે. ધૂળ ભેગી પડી છે. કેટલાક કાર્યો

કારણ ... એનો કોઈ નિયમ નથી. એના માટે કોઈ નિયમ, નિયમરૂપ કારણ નથી કે આ જ કારણથી આમ છે. એવું કાંઈ નથી. કેમકે અનાદિથી છે. એવા ઘણા પ્રશ્નો છે. જેમકે વૃક્ષ અને બીજ. એકબીજાના કાર્ય-કારણરૂપ છે. વૃક્ષ અને બીજ એકબીજાના કાર્ય-કારણરૂપ છે ને ? કેમકે બીજ વગર વૃક્ષ ન હોય અને વૃક્ષ વગરનું બીજ ન હોય કોઈ વખત. હોય કોઈ વખત ? હવે કોને કારણ કહેશો ? બન્ને અનાદિથી છે. બીજ પણ અનાદિથી છે અને વૃક્ષ પણ અનાદિથી છે. એને કોઈ નિયમ નથી. આ એક પણ વિશ્વની ઘટના છે. કેટલીક વાતો એવી રીતે છે ખરી.

એમ '**અનાદિકાળથી (આ જીવ) અવિદ્યામાં (મિથ્યાત્વમાં) પડયો છે.**' બીજું, કોઈ જીવ પોતાનો વિચાર કરે છે કે મારો જીવ અનાદિ કાળથી વર્તમાન સુધીનો અનંત કાળ વ્યતીત થયો અને પરિભ્રમણ કરે છે. જુદા જુદા ભાવની અંદર પરિભ્રમણ કરે છે. હવે મારે પ્રયોજન તો છૂટવાનું છે. શું કરવા મેં પરિભ્રમણ કર્યું ? તો એનું નિદાન નીકળે કે ભવના કારણ સેવ્યા માટે ભવ થયો. પણ શું કરવા મેં ભવના કારણ સેવ્યા ? એ પ્રયોજનભૂત નથી. ઈ જાણવું કોઈ પ્રયોજનભૂત નથી. કેવા કેવા કારણથી નવા નવા ભવ થાય છે એટલું સમજવું, એ એટલા માટે સમજવું કે એના ઉપાયમાં વિશ્વાસ બેસે. જો નિદાન સાચું હોય તો રોગના નિદાનના સાચાપણા ઉપરથી રોગના ઈલાજ માટે વિશ્વાસ આવે. .. પણ શું કરવા થયો ?

એક ઘરની રસોઈમાંથી પાંચ જણા, દસ જણા જમ્યા. એક જણને બાદી થઈને તાવ આવ્યો. નવ જણને ન આવ્યો. એ કારણ ગોતવાની કાંઈ જરૂર નથી. પાચન ન થયું માટે એને બાદી થઈ અને તાવ આવ્યો. એ એટલું સમજવું એટલા માટે ... નહિતર શું કરે છે માણસ ? તો પછી એનું કારણ શું ? તો પછી એનું કારણ શું ? એનું કારણ શું ? બધાનું એ કારણ ગોતવા જતાં પોતાને અત્યારે શું જરૂરી છે એ (વાત ચૂકાઈ જાય છે). અત્યારે તું અજ્ઞાનમાં છો. બસ, આટલું જ જોવાનું છે. જ્યારે ગ્રંથકર્તા એમ કહે છે કે અનાદિ કાળથી આ જીવ અજ્ઞાનમાં છે. પોતા સામે જોવું છે કે આ જીવ અજ્ઞાનમાં છે ? હા. ભવભ્રમણ કરી રહ્યો છે ? બરાબર. જન્મ થયો છે ? દેહ છે, દેહનો

નાશ થવાનો છે, ક્યાંકને ક્યાંક પાછો જન્મ થઈ જશે. કેમ ? કે એ જન્મ-મરણથી છૂટવાનો કોઈ ઉપાય કર્યો નથી. અનાદિ કાળથી છે.

**'મોહની ગાંઠ નિબિડ (નિવડ) પડી છે.'** આ પણ વિચારી શકે કે આ જીવને મોહ થાય છે. જુદાં જુદાં પદાર્થો ઉપર આ જીવનો મોહ પ્રવર્તે છે, મોહ વર્તે છે, મોહમાં છે. કેટલો છે ? કે એનો અભાવ કરે ત્યારે ખબર પડે કે કેટલો નિબિડ છે. નિબિડ એટલે ગાઢ. કેટલો ગાઢ છે ? એ અભાવ કરવાનો પ્રયત્ન કરે ત્યારે ખબર પડે કે આ જલ્દી જાય એવી ચીજ નથી. એટલે ઘણો ગાઢ છે. અને નિબિડ ગાંઠ એટલા માટે કીધી કે પરપદાર્થ સાથે આ જીવ મોહથી સંબંધ કરે છે. પરપદાર્થ સાથે મોહથી સંબંધ કરે છે અને એ પરપદાર્થ સાથેનો સંબંધ તોડવામાં પસીનો ઉતરે છે. પોતાપણું ઉઠાવી લેવું, જે પદાર્થો પોતાના ગણાતા હોય, દેહાદિથી માંડીને જેટલા કોઈ સંયોગો હોય પૂર્વ પ્રારબ્ધને આધીન, એમાંથી પોતાપણું ઉઠાવી લેવું મોહ તોડીને, મોહ છોડીને, એ જીવને થોડું આકરું લાગે છે, કઠણ પડે છે.

એવી **'મોહની ગાંઠ નિબિડ (નિવડ) પડી છે. આત્મા અને પરનું એકત્વસંધાન થઈ રહ્યું છે.'** આત્મા અને એ ઉપરનું એકત્વસંધાન થઈ રહ્યું છે-એકમેકપણું થઈ રહ્યું છે. જેને આપણે એકત્વ કહીએ છીએ. એ નાનામાં નાના કાર્યમાં એકત્વ ચાલુ જ છે. હવે એક અહીંયાં દૃષ્ટાંત બહુ સરસ આપ્યો છે કે **'જેવી રીતે કોઈ પુરુષને અફીણનો અમલ ચઢ્યો છે, તે દુઃખ પામે છે પણ છૂટી શકતો નથી. શાથી ? કે (અમલ) ઘણો ચઢ્યો છે, છૂટવાથી સુખ છે, ક્લેશ (દુઃખ) નથી, પણ તલપ લાગતાં તે લે ને લે જ. તેવી રીતે આ (જીવ) પરમોહથી બંધાઈ રહ્યો છે.'** પરના મોહથી બંધાઈ રહ્યો છે. શું કહ્યું અહીંયાં ?

કોઈ અફીણનો બંધાણી માણસ છે. ઘણા વખતથી અફીણ લે છે. એને ખ્યાલ આવે છે કે આ બંધાણ સારું નથી. અફીણ છે એ એક જાતનું ઝેર છે, ધીમું ઝેર છે. આ સારું નથી અને આ છોડી દેવું જોઈએ. એ જોવે છે કે બીજા માણસો જેને અફીણનું બંધાણ નથી, એવા માણસને મારા જેવી કાંઈ તકલીફ નથી. એટલે અફીણ છોડવામાં સુખ છે. પણ એને છોડવું એ મોટી તકલીફ પડે છે. કેમકે એને તલપ લાગે એટલે અફીણ લીધા વગર રહી શકે નહિ. આપણે અત્યારે

વિજ્ઞાનની ભાષામાં એને એમ કહીએ છીએ કે Toxication થાય છે. બીડીનું, ચાનું, અફીણનું, તમાકૂનું જે કોઈ વ્યસન હોય છે એનાથી શરીરમાં અમુક ધીમું ઝેર વ્યાપેલું હોય છે. અને એ ઝેરનો એવો સ્વભાવ છે કે ઝેર ઝેરને માગે. એ જે Toxication થઈ ગયું હોય છે એને લઈને એ ચીજ વગર બેચેની થાય. અફીણીયાને બહુ થાય છે. એને તો જાણે નસ તૂટતી હોય એવું લાગે. હું જીવી જ નહિ શકું, મરી જઈશ. હાથ-પગ ખેંચાતા હોય એવું એને લાગે. એને ઘણી અસર થાય છે. અફીણનો દૃષ્ટાંત એટલે લીધો છે. બીજા તમાકૂ, બીડીમાં એટલું બધું દુઃખ નથી થતું, જેટલું અફીણવાળાને થાય છે. એટલે એ દૃષ્ટાંત લીધો છે અહીંયાં.

એમ આ જીવને એ પ્રકૃતિ સ્વભાવ છે, ક્રોધ, માન, માયા, લોભ એ પ્રકૃતિ સ્વભાવથી એવો ટેવાઈ ગયો છે કે એ Toxication એને થઈ ગયું છે. તમે જોશો કે કોઈ માણસ ઝઘડાળુ હોય, ક્રોધ કરતો હોય, ઝઘડા કર્યા કરતો હોય એ ઝઘડો ન કરે તો એને ગમે નહિ. એ ગોતે. કોઈ ને કોઈની સાથે (ઝઘડવાનું) બહાનું, અમસતો-અમસતો, નહિ જેવી બાબતમાં મોટો ઝઘડો કરવાનું બહાનું ગોતી કાઢશે. કારણ વગર. કેમકે એની પ્રકૃતિ એવી છે. અને એ પ્રકૃતિ છોડતા એને દુઃખ થાય છે. ખરેખર પ્રકૃતિ છૂટે તો સુખ થવાનું છે પણ એને છોડતાં દુઃખ થાય છે. એ આ અફીણ જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે.

**'તેવી રીતે આ (જીવ) પરમોહથી બંધાઈ રહ્યો છે. છૂટવાથી સુખ છે, છતાં છૂટતો નથી.'** એ મોહથી છૂટે તો નિરાકુળ સુખ અને શાંતિ થાય એવું છે. પણ છૂટતો નથી. **'અનાદિના સંયોગથી છૂટતાં સુખ થાય છે છતાં જૂઠું જ દુઃખ માને છે.'** સંયોગથી અનુકૂળતાના સુખની જે કલ્પના થઈ છે, એને એ સંયોગો છૂટશે તો મારી અનુકૂળતાઓ છૂટી જશે તો મને દુઃખ પડશે, હું નિરાધાર થઈ જઈશ, હું દુઃખી થઈ જઈશ. એવું એ ખરેખર માની લીધું છે.

**'તેને મટાડવાને માટે પ્રજ્ઞાછીણીને, આત્મા અને પરના એકત્વસંધાનમાં નાખે,...'** જ્યાં એકત્વ થઈ રહ્યું છે ત્યાં જ્ઞાનનો પ્રયોગ કરવાનો છે. પ્રજ્ઞાછીણી એટલે જ્ઞાનનો પ્રયોગ. અહીંથી દિશા બદલાય છે. કાર્ય ક્યાં કરવાનું છે ? બાકી બધા પરિણામ બાહ્ય

પરિણામ છે. જેટલા ધાર્મિક ક્ષેત્રની પ્રવૃત્તિના પરિણામ છે એમાં બાહ્ય પરિણામ છે. શાસ્ત્ર સ્વાધ્યાય કરે તો બાહ્ય પરિણામ છે, વિચાર કરે તો બાહ્ય પરિણામ કરે. પછી પૂજા, ભક્તિ, દયા, દાન, જાત્રા એ તો બાહ્ય પરિણામ છે જ. તપશ્ચર્યા, ઉપવાસ વગેરેના એ તો બધા બાહ્ય પરિણામ છે જ. પણ શાસ્ત્ર સ્વાધ્યાય અને આત્માનો વિચાર પણ બાહ્ય પરિણામ છે. પણ જ્યાં એકત્વ થઈ રહ્યું છે અંતરંગમાં, ત્યાં જ્ઞાનનો પ્રયોગ કરવો એ પરિણામની દિશા બદલાણી. અહીંથી દિશા બદલાણી.

અવલોકનના અભ્યાસમાં જો જ્ઞાન સૂક્ષ્મતા પામે તો એને એકત્વ કેવી રીતે થયું છે એ જ્ઞાનમાં આવે અને એ એકત્વના અનુસંધાનમાં જ્ઞાનનો પ્રયોગ પ્રજ્ઞાછીણીનો પ્રયોગ થાય. પ્રજ્ઞાછીણી એટલે જ્ઞાનને અંતરમાં વાળીને વિભાવ અને જ્ઞાનનું એકત્વ, વિભાવ અને આત્માનું એકત્વ થઈ રહ્યું છે ત્યાં જુદાં પાડવાની જ્ઞાનની જે પ્રક્રિયા થાય કે હું જ્ઞાનસ્વરૂપ છું, એને પ્રજ્ઞાછીણી કહેવામાં આવે છે. અને એ પ્રજ્ઞાછીણી તીવ્ર પરરસ કે પર રુચિના કાળમાં એ કાર્ય થઈ શકતું નથી, એ કાર્ય ચાલી શકતું નથી. એ તકલીફ પડે છે. એટલે પરરુચિ મટાડવાનો પહેલેથી ઉપદેશ આપવામાં આવે છે કે ઉદાસીન થા તું. પરની રુચિ મટાડ.

**'તેને મટાડવાને માટે પ્રજ્ઞાછીણીને, આત્મા અને પરના એકત્વસંધાનમાં નાખે,...'** કેમકે ઉપયોગ એટલો સ્થુળ છે કે એકત્વનું સંધાન છે એ જ જડતું નથી. એકત્વ ક્યાં કેવી રીતે થઈ રહ્યું છે એ જડતું નથી. કેમકે એટલી દૃષ્ટિ બાહ્ય છે અને સ્થૂળ છે ઉપયોગ. પણ અંદરમાં અવલોકન શરૂ કરે અને અવલોકન કરતાં, અવલોકનની Practice કરતાં સૂક્ષ્મ ઉપયોગ થાય તો એ સૂક્ષ્મતાના ઉપયોગમાં એ એકત્વનું અનુસંધાન એને પકડાય છે. અને પકડાય છે ત્યારે **'ચેતનના અંશ-અંશને પોતાના જાણે.'** પહેલી અસ્તિ લીધી.

**'ચેતનના અંશ-અંશને પોતાના જાણે (કે) જેમાં જડનો પ્રવેશ નથી.'** આ પરપ્રવેશભાવનો જે વિષય આગળ એમને લેવો છે એ અહીંથી શરૂ કર્યો. જડનો પ્રવેશ નથી. એકલું ચૈતન્ય છે, એકલું ચૈતન્ય રહ્યું છે. ભળ્યું જ નથી. કોઈ પરનો પ્રવેશ પોતામાં નથી અને પરમાં

આ જ્ઞાનનો કે આ આત્માનો કે આ આત્માના ચેતન પરિણામનો ક્યાંય પ્રવેશ નથી. **'ચેતનના અંશ-અંશને પોતાના જાણે (કે) જેમાં જડનો પ્રવેશ નથી. કેવી રીતે જાણે તે કહેવામાં આવે છે.'** રીત સાથે સાથે લે છે. ચેતનના અંશ-અંશને પોતાનો કેવી રીતે પણ જાણે ? જાણે. ચાલો, ચેતનના અંશને પોતાનો જાણે. પણ કેવી રીતે જાણે ? પોતે ને પોતે એ વાતને ખોલવા માટે પ્રશ્ન ઉઠાવે છે.

**'જે આ (જ્ઞાન) પરમાં પોતાને જાણે છે તે આ જ્ઞાન નિજ વાનગી (છે).'** જુઓ ! અહીંથી વાત ઉપાડી એમણે. જે જ્ઞાન પરમાં પોતાપણું જાણી રહ્યું છે, આ શરીર મારું છે, આ કુટુંબ મારું છે, આ ઘર મારું છે, મારી આવી આબરૂ છે, આ દુકાન મારી છે, આ સમાજ મારો છે, આ દેશ મારો છે. બધું મારું મારું જાણે છે ને ? તો આ જ્ઞાન.. એમાં વિચિત્રતા કેવી છે કે અત્યારે પાકિસ્તાનને કોઈ એમ કહે કે આ મારો દેશ છે ? અહીં રહેતો હોય એ નહિ કહે. પણ જે દિ' હિન્દુસ્તાનમાંથી પાકિસ્તાન થયું તે દિ' એમ કહે કે મારા દેશના ટૂકડા નથી કરવાના. મને એ વાત બિલકુલ પસંદ નથી કે મારા દેશના કોઈ ટૂકડા થાય. અત્યારે જ આ રામાયણ છે ને ખાલિસ્તાનની ? તો કોઈ તૈયાર છે ? વિગ્રહ કેટલા વખતથી ચાલે છે ત્રાસવાદીઓનો ? વર્ષોથી ચાલે છે. સામે સામા બધા મરાય છે. એ લોકો પણ મરાય છે, સરકારના માણસો પણ મરે છે. પણ ટૂકડો નથી કરવા દેતા. કેમ ? કે એ મારો છે. દેશ મારો છે. પણ એ મારો મટી ગયા પછી હવે કોઈ મારો કહે ? એ ટૂકડો જુદો પડી ગયો અત્યારે પછી હવે મારો કહે ? પાકિસ્તાનને મારો કહે ? કે ન કહે. એટલે એક મારાપણાની કલ્પના સિવાય બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- પછી દુશ્મન ગણે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી દુશ્મન ગણે. એ લોકો દુશ્મન છે. એનું ધ્યાન રાખવું. વિશ્વાસ ન કરવો. ત્યાં વાળાનો વિશ્વાસ ન કરવો.

એટલે આમ શું છે કે ખરેખર ઈ વખતે જે મારાપણું કર્યું હતું આખા દેશમાં, એ શું હતું તો પછી ? અત્યારે જેને દુશ્મન ગણે છે અને મારો નથી ગણતો, એ શું ગણવાનું ? કલ્પના, બીજું કાંઈ નહિ. એવું કુટુંબની અંદર થાય છે. આ કુટુંબ અમારું. પછી એમાં કલેશ થાય, પછી

ક્લેશથી કોઈ જુદાં પડે. જુદાં પડ્યા પછી અવિશ્વાસ તો થઈ ગયો. જેના ઉપર મોહ હતો, મારાપણું હતું એને કઈ નજરે જોવે છે ? પછી નજરમાં પોતાપણાનો મોહ રહે છે એમાં ? જો એને એ પરિસ્થિતિ છે. જે કુટુંબનો સંબંધ છે એ તો વ્યવહારિક સંબંધ તો તેનો (તે) છે. તો નજર જે બદલાઈ ગઈ, પછી હવે પોતે પૃથક્કરણ કરે, Analysis કરે કે તો પછી પૂર્વના મારા પરિણામ, મારાપણાના જે પરિણામ હતા, એ પદાર્થને વિષે મારાપણાના પરિણામ હતા એ શું હતું ? કેવળ કલ્પના અને મોહ હતો, બીજું કાંઈ નહોતું.

એવું બને છે કે બાપ-દીકરો જુદાં પડે અને દીકરો બાપને મારવા જાય. અને એવા દાખલા બને છે કે લાગ પડે તો ખુન કરી નાખ્યું સગા બાપનું. હવે એને ખબર પડે કે સામાના પરિણામ આવા છે તો એમાં પોતાપણું ક્યાંથી આવે ? અરસપરસ. અને એ પહેલા જે પોતાપણું થતું હતું એ શું હતું ? પરિસ્થિતિમાં શું ફેર છે ? ભાવ ક્યા છે ? તો એ જેમ જુદા જુદા કાર્ય-કારણના આધારે પરિણામ બદલાઈ ગયા, જે પરિસ્થિતિ ઊભી થઈ એના કાર્ય-કારણ ઊભા થયા. એના કારણે જે પરિસ્થિતિ થઈ એથી પ્રસંગો ઊભા થયા, ક્લેશ થયો, ઝઘડો થયો. પરિણામમાં મારાપણું સરવાળે છૂટી ગયું. Result શું આવ્યું ? કે મારાપણું છૂટી ગયું. એ દ્વેષપૂર્વક જે મારાપણું છૂટ્યું, રાગનું જે મારાપણું હતું એ દ્વેષપૂર્વક છૂટ્યું. એ જ્ઞાને કરીને છૂટવું જોઈએ. દ્વેષપૂર્વક છૂટ્યું તે યથાર્થ નથી. મારાપણું છૂટવું તે અયથાર્થ છે અને યથાર્થ પણ છે. દ્વેષપૂર્વક છૂટે તો અયથાર્થ છે અને જ્ઞાને કરીને છૂટે તો યથાર્થ છે. છૂટ્યું તો ખરું મારાપણું. એમાં ના નથી.

મુમુક્ષુ :- કષાયભાવ ચાલુ રહ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- કષાય ચાલુ રહ્યો. ઓલામાં રાગનો કષાય હતો, આમાં દ્વેષનો કષાય રહ્યો. અને બંનેનો બાપ મોહ છે. એ બે મોહની સંતતી છે, મોહની પ્રજા છે. મોહના જ બે દીકરા છે-એક રાગ અને એક દ્વેષ. રાગ છૂટીને દ્વેષ આવ્યો, બીજું કાંઈ નથી. પણ મોહ ઊભો છે. ત્યાં ને ત્યાં છે ઈ. ત્યાંથી જરાય આઘો ખસ્યો જ નથી. વળી પાછો કાલે મારા કરતા વાર નહિ લાગે. જો કાંઈ કાર્ય-કારણ એવા બદલશે તો પાછો મારો કરતા વાર નહિ લાગે એને. મારાપણું કરી લેશે.

કેમકે મોહ ઊભો છે એમાં. જ્યારે જ્ઞાને કરીને મારાપણું છૂટે છે એ મોહનો ક્ષય કરે છે, મોહનો અભાવ કરે છે. પદાર્થ જે સ્થિતિમાં છે એ સ્થિતિમાં જોવામાં આવે છે.

એટલે એમ કહે છે કે '**આ (જ્ઞાન) પરમા પોતાને જાણે છે તે આ જ્ઞાન નિજ વાનગી (છે).**' અનંત જ્ઞાનની મૂર્તિ જે આત્મા છે એનો એક Sample છે. પ્રદેશે-પ્રદેશે અનંત જ્ઞાન, નિબિડ જ્ઞાન ઠાંસી ઠાંસીને ભરેલું છે. એમાંથી વાનગી બહાર આવે છે. Sample જેને કહેવામાં આવે છે. વાનગી એટલે Sample.

આ દૃષ્ટાંત આપતા 'ગુરુદેવ' કે સો-બસ્સો માણસની રસોઈ કરી હોય. પાંચ કિલો, દસ કિલો ભાત રાંધ્યા હોય. રાંધવા મૂક્યા હોય. તો પછી તાવેથા ઉપર કે ચમચામાં કેટલુંક Sample લે એનું. દાણો દાબી જોવે. હાથમાં એક કે બે દાણા લઈને દાબી જુએ કે આ ચડ્યા છે કે નથી ચડ્યા ? દસ કિલો ભાતને બધાને દાબવા પડે ? પ્રતીતિ શું આવે ? ભાત બધા ચડી ગયા છે. Sample ઉપરથી બધા દસે દસ કિલો ભાત હજારો દાણા છે એ બધા ચડી ગયેલા છે. આખું તપેલું ચડી ગયું છે. એમ એક જ્ઞાનને ઓળખે તો આખો જ્ઞાનસ્વભાવ ઓળખાય જાય છે. Sample ઉપરથી જો સ્વભાવને ઓળખે તો અખંડ પરિપૂર્ણ અનંત જ્ઞાનસ્વભાવ છે એની ઓળખાણ થઈ જશે.

મુમુક્ષુ :- પરને પોતાનું જાણે, આ જ જ્ઞાન વાનગી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ જ જ્ઞાનવાગની છે.

આમાં શું કહેવું છે ? કે નહિતર માણસને (એમ થાય છે કે) અમે તો અજ્ઞાની છીએ, અમને કાંઈ જ્ઞાન નથી. હવે કરવું શું ? જ્ઞાનીઓની વાત જુદી છે. એમને તો જ્ઞાન પ્રગટ થયું છે. અમે તો અજ્ઞાની છીએ, શું કરીએ ? એમ કરીને જીવ પ્રયત્નને છોડી દે છે. જ્યારે કોઈ કામ કરવું હોય ત્યારે એ કામ કેમ થાય એમ જ શોધવું જોઈએ. એના બદલે કામ કરવાનું માંડી વાળે ત્યારે સમજવું કે એને કામ કરવું નથી.

જેમ કે કોઈ માણસ એમ કહે કે તું આ કામ કરી આવ. તો કહે, હું ત્યાં ગયો હતો પણ જેની સાથે કામ હતું એ ભાઈ જ મળ્યા નહિ. હું પાછો વયો આવ્યો. ધણી હોય તે શું કહે ? કે તું ત્યાં ગયો અને એ ભાઈ નહોતા તો તેં પૂછયું કે ક્યાં ગયા છે ? તો કહે, ના. એ નથી

પૂછ્યું. મેં પૂછ્યું કે મારે ફલાણા ભાઈને મારે મળવું છે. તો ત્યાં જે બીજા હતા એણે કીધું કે ભાઈ ! એ તો બહાર ગયા છે. નથી અત્યારે અહીંયાં. પૂછ્યું બહાર ગયા છે ? બહારગામ ગયા છે ? ક્યારે મળવાના છે ? ગામમાં ને ગામમાં ગયા હોય તો કયા ઠેકાણે છે ? બહારગામ ગયા હોય તો એનો કોઈ Telephone no કે Address છે ? એ માણસ ક્યારે એટલો ઊંડો ઊતરે ? કે એને એવી જરૂરિયાત લાગી હોય કે એ માણસનો કોઈપણ રીતે એનો સંપર્ક સાધવો જ છે. તો એ આટલો ઊંડો ઉતરશે. તો એ ધણી થઈને કામ કરે છે. નોકર હોય એ શું કરે ? તમે કીધું હતું કે એને મળી આવો. એ કાંઈ મળ્યો નહિ એટલે હું તો પાછો વયો આવ્યો છું. આવી રીતે કામ કોઈ દિવસ ન થાય.

એમ મારી પાસે જ્ઞાન નથી. અમે તો અજ્ઞાની છીએ. અમે તો રાગી, દ્વેષી, મોહી જીવ છીએ, સંસારી જીવ છીએ. શું કરીએ ? સાધારણ માણસો છીએ. અમારે તો ભરણપોષણના કામ માંડ માંડ થતા હોય. હવે અમે આ બધું ક્યાં વિચારવા બેસીએ ? ઉપાધિનો પાર નથી, અનેક જાતની ઉપાધિ હોય. આ ઉપાધિમાંથી છૂટીએ ત્યારે આ બધું વિચારીએને. આવી રીતે માણસ જાણે એને કામ કરવાની રુચિ નથી એટલે અનેક જાતના કોઈને કોઈ બહાના શોધી કાઢે છે.

જેને કામ કરવું છે એને તો એમ કહે છે કે આ જે જ્ઞાન મારાપણું કરે છે ને એ જ વાનગી છે. નહિતર પૂછે કે ભાઈ ! અમારી આ પરિસ્થિતિમાં કેવી રીતે કામ થાય ? જ્ઞાનીઓની વાત જુદી છે. હવે અમે આ પરિસ્થિતિમાં (છીએ). તમે કહ્યું એવી જ પરિસ્થિતિમાં અનાદિની મોહની ગાંઠ પડી છે. અત્યાર સુધી ઊલટા જ પરિણામ થાય છે. પરિણામ સારા નથી એ વાત નક્કી છે. અનેક વાર દુર્ગતિમાં જીવ જઈ આવ્યો. પણ હવે અત્યારે શું કરવું ? શું કરીએ તો આત્મહિત થાય ? આત્મકલ્યાણ થાય ? આ અમારે છોડવું છે. તો અહીંથી શરૂ કરાવે છે.

**'જે આ (જ્ઞાન) પરમાં પોતાને જાણે છે તે આ જ્ઞાન નિજ વાનગી (છે).'** આ જ્ઞાન જ નિજ વાનગી છે. જ્ઞાન જ Sample છે. **'આ નિજ (જ્ઞાન વાનગી ઘણા સંતો ઓળખી ઓળખીને અજરઅમર થયા,...'** એ જ્ઞાનને ઓળખીને ઘણા સંતો અજરઅમર થયા. **'તે કહેવામાત્ર જ ન ગ્રહે,...'** એટલે માત્ર બોલવા પૂરતી વાત

નથી. અહીંયાં જરા ઢુંઢારી ભાષા જોઈએ. કેમકે આ જરા માર્મિક વિષય છે અહીંથી. 'યહ પરમેં આપા જાને હૈ, સો યહ જાન.' જાન એટલે .. 'નિજ વાનગી હૈ.'

શું કહેવું છે ? કે આત્મા છે. જ્ઞાનથી ઓળખાય છે તો એ માત્ર કહેવા-સાંભળવાની વાત નથી. આત્માને જ્ઞાનથી જ્ઞાનસ્વભાવી ઓળખવો એ કોઈ માત્ર કહેવું, બોલવું કે સાંભળવું કે વાંચવું એટલું કાર્ય નથી. તો કેવી રીતે ઓળખાય છે ? કે '**ચિત્તને ચેતનામાં લીન કરે,...**' જે જ્ઞાન છે એને જ્ઞાનમાં જ જોવે, જ્ઞાનમાં જ લીન કરે, જ્ઞાનને જ્ઞાનમાં જ લીન કરે. જ્ઞાનને પરમાં લીન ન કરે, પણ જ્ઞાનને જ્ઞાનમાં જ લીન કરે. આ એક જે વચન છે એમનું એ કાર્યપદ્ધતિને સૂચવે છે.

મુમુક્ષુ :- ચેતના શબ્દ કાંઈક વિશેષ છે ? ચેતના.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ પૂછે. કોઈપણ માણસને કોઈ બીજા પૂછે કે તમે જડ છો કે ચૈતન્ય છો ? તો શું જવાબ આપે ?

મુમુક્ષુ :- ચૈતન્ય.

પૂજ્ય ભાઈશ્રી :- ચૈતન્ય છું. કેમ એમ જવાબ આપ્યો ? માન્યતા તો શરીરધારીની છે કે હું ફલાણો માણસ છું. શું માન્યતા છે ? હું ફલાણો-ફલાણો માણસ છું. આ પરિણતિ ચાલુ છે. બરાબર ? હવે એમ ન પૂછ્યું કે તમે ભાઈ છો કે ફલાણા છો કે કાંઈ ? તમે જડ છો કે ચેતન છો ? આ એક સીધો સવાલ આવ્યો સામે. તમે કોણ છો ? તમે જડ છો કે ચેતન છો ?

મુમુક્ષુ :- ચેતન.

પૂજ્ય ભાઈશ્રી :- એ ક્યાંથી કીધું એ કહો ? જરા વિચારવા જેવો પ્રશ્ન છે. થોડી Practcal side લેવી છે. હું જડ નથી અને હું ચેતન છું, એ કેવી રીતે કહ્યું ? જરા તપાસીને કહો હવે. તમે જે જવાબ આપી શકો છો. આપ્યો તમે જવાબ. વાંધો નહિ. કેવી રીતે કહ્યું એ કહો. સમજાવો જરા. વિચાર માગે એવો પ્રશ્ન છે.

મુમુક્ષુ :- જીવંતતાનો કોઈ ભાસ થાય છે. હું તત્ત્વ છું એક.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ જીવતી ચીજ હું છું. હું.. હું... હું... હું... હું... એવું થાય છે એમાં કોઈ જીવંત તત્ત્વ છે, જેના ભાસ્યમાનપણાને લીધે એટલે એવું લાગવાને લીધે, ભાસ્યમાનપણું શાસ્ત્રીય પરિભાષા છે,

પણ એવું લાગવાને લીધે જવાબ એમ આપ્યો કે હું જડ નથી હું તો ચેતન છું. એમ જવાબ આપ્યો ને ? હું જડ નથી પણ હું તો ચેતન છું. આ જે જગ્યાએથી જ્યાંથી જવાબ મળ્યો ત્યાં હવે એકાગ્રતા કેળવવી છે. જે ચિત્ત બહારમાં સુખ માટે ભમે છે,.. ચિત્તનું કામ શું છે ? સુખ માટે ભમવું એ ચિત્તનું કામ છે. કેમકે સુખસ્વભાવી આત્મા છે. એટલે એનું ચિત્ત સુખ માટે ભમ્યા કરે છે.

એટલે એમ કહે છે કે તું ચેતન છો એવું તને જેમાંથી લાગ્યું છે ત્યાં તું ચિત્તને લીન કરને. બસ ! આટલું કામ છે. બહું જ ટૂંકું કામ છે. જે સાધના જેને કહેવામાં આવે છે, આરાધના કહેવામાં આવે છે એ કામમાં કોઈ લાંબો તત્ત્વજ્ઞાનનો વિચાર નથી. કોઈ અટપટી તત્ત્વજ્ઞાનની વાતો નથી, વિકલ્પ નથી. ઊલટાનો નિર્વિકલ્પ સ્વભાવમાં નિર્વિકલ્પ થવાનો વિષય છે. જે ચેતના સ્વભાવ છે એ સ્વરૂપે નિર્વિકલ્પ છે અને એમાં નિર્વિકલ્પ થઈને રહી જવું એટલું જ કામ છે એની અંદર તો. એટલે એની અંદર કોઈ લાંબો વિચાર, લાંબો વિકલ્પ કોઈ અટપટી વાતો એવું કાંઈ ગૂંચવણ કે કાંઈ નથી એની અંદર. કેમકે વચ્ચે કોઈ નથી. ચૈતન્યસ્વરૂપ પોતે અને પોતાની ચેતના પોતામાં ને પોતામાં રહે. બસ ! આમાં બીજી કોઈ ગડબડ થાય એવી કોઈ વચ્ચે વાત નથી. વચ્ચે કોઈ બીજું તત્ત્વ આવે તો કાંઈ વચ્ચે ઉપાધિ કે ગડબડ થાય ને ?

આપણે સીધો રસ્તો હોય તો ક્યાં ભૂલા પડીએ ? ક્યાંક વળાંક આવતો હોય તો સંભવ છે કે ન વળીએ ને સીધે સીધા ચાલ્યા જઈએ. પણ કોઈ એમ કહે કે ભાઈ ફલાણે જાવું છે ક્યાંથી જાવું ? તો કહે, એ સીધે સીધા ચાલ્યા જાવ. ક્યાંય વળવાનું ? ક્યાંય નહિ વળવાનું. તો કહે, વચ્ચે બીજા કાંઈ વળાંક આવે તો ? તમારે વળવાનું નથી. બે રસ્તા આવે, ચાર રસ્તા આવે, બે ફાંટા થતા હોય, ત્રણ ફાંટા થતા હોય કે ચાર રસ્તાની ચોકડી હોય. કાંઈ નહિ ને. તમે સીધા ચાલજો. પછી ભૂલવાનો ક્યાં સવાલ છે ? આ એવું છે.

મોક્ષમાર્ગ આત્મ કલ્યાણનો માર્ગ આવો સીધો છે, સરળ છે. કઠણ લાગે છે એનું કારણ કે પોતા ને પોતે વિટંબણા ઊભી કરેલી છે એ કારણ છે. વચ્ચે પોતે જે અસરળાઈ કરી છે એના કારણે પોતાને થોડી મુસીબત અને તકલીફ લાગે છે, અઘરું લાગે છે, કઠણ લાગે છે.

પણ માર્ગ એટલો કઠણ કે અસરળ નથી. બહુ સરળ છે.

પોતે ચૈતન્યસ્વરૂપી આત્મા. પૂછે તો હું ચેતન છું એમ જવાબ દે છે. બરાબર ? હવે જે પોતાની ચેતના છે, જેનાથી ચેતી રહ્યો છે. જે ચેતના સુખ માટે પ્રવર્તી રહી છે, સુખ માટેનું જે પ્રવર્તન છે, પ્રવર્તના છે એ ચેતના છે. ચાલતા ચાલતા અહીંયાં ખાડો છે અને અહીંયાં સીધો રસ્તો છે. ખાડામાં પગ ન મૂકું એમ કોણ ચેતે છે ? ચેતનાવાળો ચેતે છે કે બીજો કોઈ ચેતે છે ? ચાલતા ચાલતા રસ્તામાં અડધા ફૂટનો ખાડો છે. તો બાજુમાં ચાલે છે. અને ખાડામાં પડતો નથી કે પગ મૂકતો નથી. એ ચેતે છે કોણ ? એ પોતે જ ચેતે છે. તો જેનો ચેતવાનો સ્વભાવ છે તો તું ચેતે છે એમાં જ ચેતને, એમ કહે છે. આ હું ચેતનાવાળો છું, હું ચેતનામય છું, હું ચૈતન્યસ્વરૂપ છું. એટલું ચેતવાનું છે. એમાં શું આડીઅવળી વાત છે ? કે ન થાય કે ન સમજાય કે ન કરી શકાય એવું શું છે ? આવું જે કાર્ય કરવું છે એમાં ન કરી શકાય એવું શું છે ? બસ. કે પોતે વિપરીત પરિણામ કરે તો જુદી વાત છે. બાકી વચ્ચે કોઈ આવી શકે એવી વાત છે નહિ. એ વાત એમણે જે કરી એ વિધિ વિષયક કરી. કાર્યપદ્ધતિ આ પ્રકારની અંતરંગમાં છે.

તું એકત્વસંધાન કરી રહ્યો છો એ તારી અશુદ્ધ ચેતના છે. શાસ્ત્ર પરિભાષાથી લઈએ. પદ્ધતિસર વાત થઈ ગઈ કે એ અશુદ્ધ ચેતના છે. અને ચૈતન્યસ્વરૂપમાં ચેતે તે શુદ્ધચેતના છે. અશુદ્ધચેતના અને શુદ્ધચેતનામાં ચેતના સામાન્ય છે. આ તારું સ્વરૂપ છે. અશુદ્ધ ચેતનામાં ચેતનાનો નાશ નથી. અશુદ્ધ ચેતનામાં એનું અંતરંગ શુદ્ધ છે. એનું બહિરંગ મલિન થયું છે, બાહ્ય અંગ મલિન થયું છે. અંતરંગ તો શુદ્ધ જ છે. કેમકે ચેતના સામાન્ય છે. શાસ્ત્રમાં પણ આ પદ્ધતિ આવે છે. જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફળચેતના. અને સરવાળો એનો એ માર્યો છે કે ત્રણેમાં ચેતના સામાન્ય છે. ત્રણેમાં ચેતના સામાન્ય છે. તો વિશેષને બાદ કરતા સામાન્ય ચેતનામાં ચિત્તને લીન કરવું એ શુદ્ધ ચેતના થઈ ગઈ, બસ. બીજું કાંઈ નથી.

ચેતે તે ચૈતન્ય. ચેતે તે ચૈતન્ય. ચૈતન્ય ચેતે છે. અને કેવો ચૈતન્ય ચેતે છે પ્રયોજન છે ત્યાં ! જ્યાં પ્રયોજન છે ત્યાં ચૈતન્ય કેવો ચેતે છે ! જેણે જેમાં સુખ માન્યું છે એની વિરૂદ્ધ જરાક સળવળાટ થાય તો એને

ખબર પડે છે કે નહિ ? આપણે સવારે વાત થઈ કે એક કુટુંબની અંદર આ સારી વાત પણ નથી ગમતી એવું કેમ બને છે ? કે એને પોતાના સુખમાં કાંઈ પણ આડખીલી ઊભી થશે એના માટે એ ચેત્યો. શું કર્યું એણે ? આ એનો ચેતવાનો સ્વભાવ કેવો છે ! અજ્ઞાનદશામાં પણ ચેતવાનો સ્વભાવ કેવો છે ! કે મારું સુખ અત્યારે હજી ગયું નથી પણ આમ થતાં ક્યાંક જાય તો ? એ અત્યારથી ચેતે છે. કેવું પ્રયોજનના વિષયમાં ચેતના કેટલું સૂક્ષ્મપણે કામ કરે છે ! આ તો અભ્યાસ કરવા જેવો વિષય છે. એ ચેતના છે. પોતે પોતામાં લીન કરે તો એ સ્વરૂપ અનુભવનો વિલાસ છે એની અંદર અને એ સુખનિવાસ છે. એમાં સુખ શાંતિ છે, નિરાકુળતા છે. કોઈ આપત્તિ-વિપત્તિ કાંઈ નથી એની અંદર. કોઈ આધિ, વ્યાધિ, ઉપાધિ કોઈનો પ્રવેશ એમાં નથી.

સંસારની બહુ વિચિત્ર પરિસ્થિતિ છે. બધાને ખબર છે કે જેને માટે જેટલી ઉપાધિ કરીએ છીએ એ બધાનો વિયોગ નક્કી છે. બરાબર છે ? જેને માટે જેટલી ઉપાધિ કરવામાં આવે એ બધાનો વિયોગ નક્કી છે. અને એ જેટલી ઉપાધિ કરી એમાંથી કાંઈપણ સાથે લઈ જવાનું ભાતું મળે એવું નથી કે તમને રસ્તામાં કામ આવે. બરાબર છે ? અહીં જો Train ની મુસાફરી હોય ચોવીસ કલાકની, તો એમ કહે કે બે ટંકનું જમવાનું સાથે લઈ લ્યો. અનંત કાળની મુસાફરીએ ચાલ્યો અને એક ટંકનું કોઈ ભાતુ નહિ બંધાય. એવી વ્યવસ્થા નથી ત્યાં. એની કોઈ વ્યવસ્થા નથી ત્યાં. અને પાછી ખબર છે કે આમાં કાંઈ એક રજકણ સાથે નથી લઈ જવાતો. અને છતાં વિચિત્રતા સંસારની એટલી છે કે એમાંથી જરાય બાંધછોડ કરવી નથી. એમાં એવો મોહ છે કે જરાય બાંધછોડ કરવી નથી. આખેઆખો ટીંગાઈ જાય છે એ ઉપાધિમાં. આવો મોહનો પ્રભાવ છે જીવ ઉપર. મોહનો આટલો બધો પ્રભાવ છે જીવ ઉપર.

હવે એવો જે '**સ્વરૂપ અનુભવનો જે સુખરસ તેમાં ચિત્તને રમાવે.) તે કેવી રીતે કરે તે કહેવામાં આવે છે.**' તે કેવી રીતે કરે ? એવું કાર્ય આ જીવ કેવી રીતે કરે ? એ કહેવામાં આવે છે. '**નિરંતર પોતાના સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે,...**' એટલું તો સ્વીકારે છે ને કે મને સ્વરૂપની અપ્રાપ્તિ છે. હવે આ આત્મા પોતે પોતાને પૂછે કે તારે સ્વરૂપ

પ્રાપ્તિ કરવી છે ? એમ કહે ને કે ખખડીને હા પાડજો. ઉપર ઉપરથી હા પાડતા નહિ. એમ બરાબર અંદર પૂછે. જો ખરેખર સ્વરૂપ પ્રાપ્તિ કરવી હોય તો ન પ્રાપ્તિ થાય ત્યાં સુધી નિરંતર એની ભાવનામાં રહે. આમાં શું તકલીફ છે ?

કોઈ એમ કહી શકે કે શું કરીએ અમને સ્વરૂપની પ્રાપ્તિ નથી એટલે અમે સુખી નથી પણ દુઃખી છીએ. અથવા અમને આત્મશાંતિ નથી પણ અશાંતિ છે. કેમકે અમને આત્મસ્વરૂપની પ્રાપ્તિ નથી. આત્મસ્વરૂપના અનુભવને પ્રાપ્તિ કહે છે. એમાં શાંતિ પ્રાપ્ત થાય છે. એ શાંતિ અમને નથી તો અમે અશાંત અને દુઃખી છીએ. તો કહે છે, પ્રાપ્તિ નથી એ કબુલ. તને પ્રાપ્તિ નથી એ માન્યું, સ્વીકાર્યું. પણ તારે પ્રાપ્તિ કરવી છે કે નથી કરવી ? એ તો ખખડીને કહે. તો કહે, કરવી છે. તો નિરંતર તને ભાવના ચાલવી જોઈએ. નિરંતર ભાવના નથી ચાલતી તો તને જોઈતી નથી. આ એક જીવનો સ્વભાવ છે કે જેને જે જોઈએ તે ન મળે ત્યાં સુધી પરિણામ ત્યાં જ લાગ્યા કરે. આ જીવનો સ્વભાવ છે.

જીવને ખરેખર જોઈએ અને ન મળે તો એના પરિણામ એને છોડે જ નહિ. ત્યાં ને ત્યાં જ પરિણામ લાગ્યા કરે. જંપે નહિ. એને એનો અજંપો રહે. તો તને નિરંતર સ્વરૂપની ભાવના છે તો તારે સ્વરૂપ જોઈએ છે. તું કહે છે કે મને સ્વરૂપની ભાવના નથી એનો અર્થ કે તારે જોઈતું પણ નથી. હવે તારે જોઈતું નથી તો પછી કોણ તને અપાવશે ? તારે નથી જોઈતું એને કોણ આપશે ? એને તો પરમેશ્વર પણ આપી શકે એમ નથી. એટલે આ એક આ માર્ગની અંદર એટલી બધી ચોક્કસ અને Solid વ્યવસ્થા છે ક્યાંય જીવ બહાનું ખોટું કાઢીને એમ કહે કે શું કરીએ હું પ્રાપ્ત કરી શકતો નથી, મારે તો ઘણું જોઈએ છીએ. પણ શું કરીએ હવે ? તારા બધા બહાના ખોટા છે. કાં તારે જોઈતું નથી માટે પ્રાપ્તિ નથી. બાકી જોઈતું હોય તો એની ભાવનામાં આવે અને પ્રાપ્તિ ન થાય, ન ભૂતો ન ભવિષ્યતિ. કેમકે ભાવના કોઈ દિ' નિષ્ફળ જતી નથી. એટલે થોડુંક આત્માને હૃદયમાં શું છે, શું જોઈએ છે એ શોધવાની જરૂર છે કે જોઈએ છે તારે શું ? શું જોઈએ છે તારે ?

કહે છે કે જે આત્માર્થી છે, જેને સ્વરૂપ પ્રાપ્તિ નથી તેની દશા શું છે ? કે એની દશા નિરંતર પોતાના સ્વરૂપની ભાવનામાં રહેવાની દશા

છે. મને કેમ સ્વરૂપની પ્રાપ્તિ્ થાય ? ક્યારે મને સ્વરૂપની પ્રાપ્તિ થાય ? બસ, મને એક સ્વરૂપની પ્રાપ્તિ થાય તો સારું એની ભાવનામાંથી એ બહાર નીકળી ન શકે. કેમકે પ્રાપ્તિ નથી એને પ્રાપ્તિ કરવી છે. કરવી છે તો એની ભાવનામાંથી ન છૂટી શકે. નથી એનો વાંધો નથી, પણ એની ભાવના નથી એનો મોટો વાંધો છે. જ્ઞાનીઓને અજ્ઞાનીને સ્વરૂપ પ્રાપ્તિ નથી એનો વાંધો નથી, પણ એ સ્વરૂપ પ્રાપ્તિની એને ભાવના પણ નથી એનો મોટો વાંધો છે. તારી દાનત સાચી નથી. તું નકામો મારી પાસે આવે છો.

શ્રીગુરુ એમ કહે છે કે તું મારી પાસે આવ્યો છો. સાચા વેષમાં આવ ભાઈ તું. ખોટા વેશમાં આવીશ નહિ તું મારી પાસે. મારો વખત બગડે, તારો વખત બગડે. નકામી વાત છે આ બધી. આપણે નથી કહેતા ? કોઈને માલ લેવો હોય તો સાચા વેષમાં આવવાનું. મફતના ભાવમાં માલ માગે ત્યારે શું કહે ? પડતર પણ ન હોય એ ભાવમાં માલ માગે ત્યારે શું કહે ? લેવો છે કે નથી લેવો, એ તો નક્કી કરો, ભાઈ ! કાચા માલનો આ ભાવ છે. Manufacturing નું કાંઈ ગણશો કે નહિ ગણો ? પડતર મુકશો કે નહિ મૂકો ? લેવો છે કે નથી લેવો ? સાચા વેષમાં લેવા આવ્યા છો ? એમ નથી પૂછતા આપણે ?

એમ ભાવના છે એ એનો સાચો વેષ છે. સ્વરૂપ પ્રાપ્તિની ભાવના એ જ પ્રાપ્તિ કરવાનો સાચો વેષ છે. એમાં જે જીવો નથી એના માટે શ્રીગુરુ પોતે નારાજ થાય છે. આ રીતે તું ન આવ. આવ તો સાચા વેષમાં આવ, નહિતર ખોટા વેષમાં તું આવ માં. મારું કામ નથી. તારો સંગ કરવાનું મારું કામ નથી. હું તો એવાનો સંગ કરવા ચાહું કે જે ખરા વેષમાં આવે. એનો સંગ કરવાને ઇચ્છું છું. ગમે તેવાનો મારે સંગ કરીને શું કામ છે ?

જો તારે આત્મસ્વરૂપની પ્રાપ્તિની ભાવના નથી તો નક્કી તને કંઈક બીજી ભાવના છે. આ દુકાને એ માલ મળતો નથી. તું ભૂલ્યો. ઝવેરીને દુકાને આવીને એમ કહે કે મને તાંદળજાની ભાજી આપો. સારી જોઈને. ભાઈ ! શાકમાર્કેટમાં જા તું. અહીંયાં અમે કાંઈ શાકભાજીનું બકાલુ વેચતા નથી. એ અમારું કામ નથી. એમ જે ભાવના વગરનો જીવ આવે છે એને જ્ઞાનીઓ કહે છે કે ભાઈ ! એ ચીજ અમારી દુકાને નથી. તું

દુકાન ભૂલ્યો ક્યાંક. બીજી દુકાને જા જ્યાં મળતું હોય ત્યાં. તારે જે ચીજ જોઈતી હોય એ જ્યાં મળતું હોય, શોધી કાઢ તું. એ દુકાન શોધી કાઢ. ઘણી દુકાનો છે. ગામમાં દુકાનો ઘણી છે. બજાર બહુ મોટી છે. એમ વીતરાગની દુકાન એક જ છે. બાકી બધી જે છે એ બધી જુદી જુદી દુકાન છે, જુદો જુદો માલ મળે છે. કોઈ પુણ્ય બંધાવે છે, કોઈ પાપ બંધાવે છે. એના ફળ એને મેળવી આપે છે. તું બીજી દુકાને જા. પુણ્ય-પાપના ફળ જોઈતા હોય તો એ દુકાન જુદી છે. આત્મશાંતિની દુકાન કો'ક જુદી છે.

એટલે જેને પોતાના સ્વરૂપની ભાવના નિરંતર વર્તે છે. તે જીવ **'દર્શનજ્ઞાન-ચેતનાનો પ્રકાશ (પોતાના) ઉપયોગ દ્વારમાં દઢ ભાવે (ચિંતવે).'** આ એક આગળનું પગથિયું છે એ Subject to condition ભાવનાને આધીન છે. ભાવનામાં આવ્યો હોય એ જ જીવ દર્શન-જ્ઞાનના ચેતનાનો પ્રકાશ ઉપયોગના દ્વારમાં ચિંતવી શકે છે. બહુ Practical side થી 'દીપચંદજી'એ આ વાતો કરી છે. ઉપયોગ તો દર્શન-જ્ઞાનનો બધા જીવોને પ્રગટ છે, વર્તી રહ્યો છે, નિરંતર ચાલુ જ છે. પણ એમાં દર્શન-જ્ઞાનની ચેતનાનો પ્રકાશ છે એ પ્રકાશમાં હુંપણું દઢપણે લેવું, એ સ્વરૂપની નિરંતર ભાવનામાં આવેલા જીવને જ થાય, બીજા કોઈને ન થાય. આ વાત થોડી ઊંડાણથી ઊંડી કરી છે. અહીંથી અધ્યાત્મ શરૂ થાય છે.

જ્ઞાનદર્શનનો ઉપયોગ બધા જીવને છે. પણ એમાં દર્શનજ્ઞાન ચેતનાનો પ્રકાશ એક છે. આમ તો છે ને પ્રકાશશક્તિનું પરિણમન વિશદ સ્વસંવેદનમય છે. 'સમયસાર'ની ૪૭ શક્તિમાં ૧૨મી શક્તિ છે. પ્રકાશ નામની શક્તિ. પ્રકાશ શબ્દ પડ્યો છે ને ? એટલે એના ઉપર જરાક વિચારીએ. **'સ્વયં પ્રકાશમાન વિશદ (સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી...'** વિશદ એવા સ્વસંવેદનમયી **'પ્રકાશશક્તિ.'** હવે એ સ્વસંવેદનમયી એનો અર્થ કર્યો છે સ્વાનુભવમયી. કહે છે કે જ્ઞાન-દર્શન ઉપયોગ દ્વારમાં જ્ઞાનનું પોતાને પોતાનું વેદન એ વિશદ એટલે સ્પષ્ટ છે અને પ્રકાશમાન પ્રગટ છે. એ ક્યારે દેખાય ? નિરંતર સ્વરૂપની ભાવનામાં આવ્યો હોય તો દેખાય. નહિતર ન દેખાય. એવો વિષય છે. એનું વેદન પકડાતું નથી. ફરિયાદ શું છે કે ભલે જ્ઞાનીઓ પોકારી પોકારીને કહે કે

જ્ઞાનમાં જ્ઞાન વેદન છે. પણ અમને પત્તો નથી લાગતો એનું શું કરવું ? તો કહે છે, તને પત્તો નથી લાગતો એનું કારણ તારી વર્તમાન સ્થિતિ એવી છે. એ વર્તમાન સ્થિતિ કેવી છે ? કે તું તારા સ્વરૂપ પ્રાપ્તિની ભાવનામાં નથી આવ્યો એવી છે. જો તું સ્વરૂપપ્રાપ્તિની ભાવનામાં નિરંતર રહેતો હોય તો તારા ઉપયોગમાં તને તારા દર્શનજ્ઞાનનો પ્રકાશ ન દેખાય એમ બને નહિ.

આમાં એક વિચિત્ર વિટંબણા એવી છે કે પ્રકાશ છે ને દેખાતો નથી. અંધારું ન દેખાય તો માણસ એમ કહે કે એ ન દેખાય. પણ હવે પ્રકાશ ન દેખાય તો એ કેવી વાત છે ? પ્રકાશ નથી દેખાતો. અંધારામાં કોઈ ચીજ પડી હોય ને ન દેખાય, પણ પ્રકાશ ન દેખાય એ તો કાંઈ વાત નથી.

'સમયસાર'માં ૭૦-૭૧ ગાથામાં આટલી જ વાત મૂકી છે કે જ્ઞાનક્રિયા કઈ રીતે થતી માલુમ પડે છે ? જ્ઞાનક્રિયા કહો કે દર્શન-જ્ઞાનનો ઉપયોગ કહો. કઈ રીતે થતી માલુમ પડે છે ? પ્રશ્ન જરા એમ લાગે કે આમાં કાંઈ પૂછવું છે કે શું ? તું છો કે નહિ ? તું છો કે નહિ ? તો કહે, હા છું ને પણ. આ રહ્યો. ક્યાં છો ? તું છો તો ક્યાં છો એ કહે. જે જ્ઞાનક્રિયા થઈ રહી છે, હું... હું... હું... હું... હું... હું... હુંપણું એ રીતે થતું જ્ઞાનક્રિયામાં માલુમ પડે છે ? કઈ રીતે જ્ઞાનક્રિયા થતી માલુમ પડે છે ? હુંપણે થતી જ્ઞાનક્રિયા માલુમ પડે છે ? હુંપણું ક્યાં કરે છે તું ? એમ પૂછે છે. ક્યાં હુંપણું કરે છે તું ? જરાક શોધીને તો કહે. ત્યારે પહેલો જવાબ કદાચ એ દઈ દે માણસ કે આ રાગ, દ્વેષ, મોહ વિકલ્પ થાય છે ને એમાં હુંપણું લાગે છે, આ શરીરમાં હુંપણું લાગે છે. ત્યારે શ્રીગુરુ એટલું કહે છે કે એમાં તું ભૂલ્યો છો. શરીરમાં હુંપણું તને લાગે છે એ તારી ભૂલ છે, રાગમાં હુંપણું લાગે છે એ તારી ભૂલ છે. તું જ્ઞાનમાં છો. તારું અસ્તિત્વ જ્ઞાનમાં છે, તારું હોવાપણું જ્ઞાનમાં છે. અને એની સાબિતી એ છે કે શરીર ચાલ્યું જાશે અને તું રહી જઈશ. રાગ વ્યતીત થઈ જશે અને તું રહી જઈશ. શરીરનો અભાવ થશે, તારો અભાવ નહિ થાય. રાગનો અભાવ થશે, તારો અભાવ નહિ થાય. એનો અર્થ શું થયો ? કે ત્યાં તું નહોતો. નહિતર એનો અભાવ થતાં તારો અભાવ થઈ જાય. જ્યારે જ્ઞાન એવી ચીજ છે કે જેનો અભાવ નથી

થતો. તું ભૂલ સુધારી લે. શરીરમાં અને રાગમાં હુંપણાની ભૂલ સુધારી લે. હવે તપાસ કર જ્ઞાન ક્રિયા કઈ રીતે થતી માલુમ પડે છે. જે રીતે રાગાદિ ક્રિયા થતી માલુમ પડે છે એ રીતે જ્ઞાનક્રિયા થતી માલુમ પડે છે ? જરાક તપાસીને કહે આ. એ પરિણામ છે તારા. તપાસીને કહે.

એવી રીતે અહીંયાં એમ કહે છે કે ઉપયોગમાં ચૈતન્યનો પ્રકાશ છે. ઉપયોગમાં ચૈતન્યનું વેદન છે. એ વેદન સ્વરૂપની ભાવના...

આત્મકલ્યાણનો અપૂર્વ વિચાર નિર્ધાર પ્રાયઃ પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષના ચરણ સેવન વિના બીજા પ્રકારે સંભવતો નથી. એવા અપૂર્વ વિચાર વિના અપૂર્વ એવું આત્મજ્ઞાન ઉત્પન્ન થવું સંભવતુ નથી. અપૂર્વ એવા આત્મજ્ઞાન વિના જીવ કાંઈ પણ સાધન કરે તે કલ્પિત છે. એવા કલ્પિત સાધનથી આત્મા છૂટવાને બદલે ઉલ્ટાનો બંધાય છે. તેથી તે કલ્પિત સર્વ સાધનને માઠાં સાધન જાણવા કારણકે તેથી 'સાધું છું' એવું દુષ્ટ અભિમાન થાય છે, જે સંસારનો મુખ્ય હેતુ છે. જે જે સાધન આ જીવે પૂર્વકાળે કર્યા છે તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાએ કર્યા નથી. જ્ઞાનીપુરુષની આજ્ઞાએ વર્તતા જીવને સંસાર પરિભ્રમણ હોય નહિ કેમકે જ્ઞાનીપુરુષની આજ્ઞા જીવને ભવમાં જતાં રોકનારી છે, અને એકાંતે આત્માર્થ પ્રેરક છે. આથી એવો સિદ્ધાંત ગ્રાહ્ય થાય છે કે જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ 'સિદ્ધપદ' પ્રાપ્તિનો સર્વશ્રેષ્ઠ અને સૌથી સુગમ અને સરળ ઉપાય છે. જીવે લૌકિકભાવ છોડી દઈ, પોતાની કલ્પનાએ છંદે ચાલવાનું તજી દઈ, એક આત્મકલ્યાણના લક્ષે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનો નિર્ધાર કર્તવ્ય છે.

(અનુભવસંજીવની - ૧૧૧૨)

## તા. ૧૬-૧૧-૧૯૯૨, પાના નં. ૫, પ્રવચન નં. ૧૭૧

... એટલો અવકાશ છે કે બરાબર વિવેક કરી શકે. પણ મૂલ્યાંકન થયા પછી ભાવના આપોઆપ છે. કૃત્રિમતા નહિ કરવી પડે. ભાવના જેની થઈ એનો દર્શનમોહ ગળે, એનું જ્ઞાન નિર્મળ થાય. એ પોતાના પરમાત્માની પ્રત્યક્ષતાને અવલોકનમાં ન જોઈ શકે એ ન બને. નહિતર અવલોકન કરે પણ પ્રત્યક્ષતા ન દેખાય. પ્રત્યક્ષ વસ્તુ છતી હોવા છતાં અણછતી રહી જાય.

મુમુક્ષુ :- મૂળ પાયો મૂલ્યાંકનમાં છે ?

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ પાયો મૂલ્યાંકનમાં છે અને એ મૂલ્યાંકન વિચારદશામાં થાય છે, સમજણમાં થાય છે, સ્વાધ્યાયમાં થાય છે. 'કર વિચાર તો પામ' એ એટલા માટે કીધું છે. વિચારમાં મૂલ્યાંકન થાય છે, ત્યાંથી બધી Line શરૂ થાય છે અને પામી જાય છે. માટે કર વિચાર તો પામ એમ કહી દીધું. વચ્ચેના Stage એ ત્યાં પદ છે એટલે ન લઈ શકાય. પણ પહેલું અને છેલ્લું Stage લઈ લીધું કે કર વિચાર તો પામ.

મૂળ તો શું થયું છે કે આપણા મુમુક્ષુ સમાજમાં સ્વાધ્યાયનો મુખ્ય પ્રકાર રહ્યો. એટલે પછી પામ્યા નહિ એણે જોયું કે કર વિચાર તો પામ. તો વિચાર તો ઘણા કર્યા, અમે તો પામ્યા નહિ. વિચાર કર્યા એમાં મૂલ્યાંકન ક્યાં કર્યું છે ? અને જૂનું મૂલ્ય ગયું નથી એની તો આ પરિસ્થિતિ છે. જે સામાજિક પરિસ્થિતિમાં ધાર્મિક દારિદ્ર છે એનું શું કારણ ? કે વિચારમાં જે ચીજનું મૂલ્ય કરવું જોઈએ એનું મૂલ્ય નથી કર્યું. માટે એ વિચાર નહિ કરવા જેવો કર્યો છે. નહિ કર્યા બરાબરનો કર્યો છે. માન્યો છે કે મેં વિચાર ઘણો કર્યો છે પણ હું પામતો નથી. માટે હવે કાંઈક બીજું કરું.

'કૃપાળુદેવે' તો આટલું આટલું માર્ગદર્શન આપ્યું છે મુમુક્ષુઓને, છતાં એ બધું વાંચ્યા અને વિચાર્યા પછી મૂલ્યાંકન નહિ થવાથી બીજો રસ્તો ગોતે છે. કોઈ યોગના પ્રયોગમાં, કોઈ ધ્યાનના પ્રયોગમાં, કોઈ વિપશ્યનાની શિબિરમાં ને બીજે ને ત્રીજે ચાલ્યા જાય છે. અહીંથી ન મળ્યું કદાચ ત્યાંથી મળી જાય. પણ જ્યારે કોઈ સત્પુરુષની વાત છે તો

એને વ્યવસ્થિત તો કરવી પડે. એનું મૂળિયું ક્યાં ? એક પછી એક એનું પગથિયું ઉપર ચડવાનું કેવી રીતે ? મૂળિયું મેં પકડ્યું છે કે નહિ ? મૂળિયું પકડું તો એક પછી એક પગથિયું ઉપર ચડવાનું હાથમાં આવે. મૂળ પહેલું પગથિયું હાથમાં આવતું નથી પછી બીજે જ રસ્તે ચડી જવાની વાત થઈ જશે. એ બહુ સરસ લખ્યું છે.

૪૬૬ પત્ર છે. '**જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કાંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે, અને તે પરમ સત્સંગે કરી સમજી શકાય છે; માટે તેવા વિકલ્પ કરવા મૂકી દેવા.**' લ્યો ! સીધી વાત છે. એવા કોઈ આડાઅવળા વિચારમાં ન જાવું કે અમને અહીંથી નથી મળ્યું માટે હવે કાંઈક બીજું કરીએ તો મળી જાય. એ છોડી દેવું. આમાં છે. માર્ગ આમાં અખંડ છે. અને અખંડ માર્ગ છે એ આમાંથી જ શોધવાનો છે. નથી જડ્યો તો આમાંથી શોધવાનો છે. આ સીધી વાત છે.

'ગુરુદેવે' તો બહુ સ્પષ્ટ કહ્યું છે, એમના વચનોમાં અખંડ મોક્ષમાર્ગ રહેલો છે. આ મારો પહેલો પ્રશ્ન હતો 'ગુરુદેવ'ને. એમના વચનોમાં અખંડ મોક્ષમાર્ગ રહ્યો છે કે નહિ ? તો કહે, અખંડ મોક્ષમાર્ગ રહેલો છે. પછી એને આગમ કહેવું કે પરમાગમ કહેવું એ કહો. પરમ આગમ કહેવાય એને. એને આગમ ન કહેવાય પણ જેમાં અખંડ મોક્ષમાર્ગ રહ્યો હોય એ તો પરમાગમ કહેવાય.

મુમુક્ષુ :- અભિપ્રાય તો હંમેશા જ્ઞાનીઓના જ જોવા જોઈએ. કે જ્ઞાનીઓ શું કહે છે આમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાનીઓના અભિપ્રાય Invalid છે. લૌકિકમાં પણ ૧૮ વર્ષથી નીચે Immature ગણીને એનો મત નથી લેવાતો. ૧૮ વર્ષે એની Maturity ગણીને એનો મત લેવાય છે કે આ ચૂંટણીમાં આ માણસ મત આપી શકે, એની ૧૮ વર્ષની ઉંમર થઈ ગઈ હોય તો. એમ અજ્ઞાની આ વિષયમાં અભિપ્રાય આપવા માટે Mature જ નથી. Immature છે. પછી એનો અભિપ્રાય શું કામમાં આવે ?

મુમુક્ષુ :- ભાવનાથી વાંચે તો કેટલું બધું એમાંથી મળે છે. ભલે જ્ઞાન સુધી ન પહોંચે પણ એના પરિણામો કેટલા સુધરી જાય છે !

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ફેર પડે. બહુ ફેર પડી જાય. સત્સંગ તો અમૃત જ કહ્યું છે. મુમુક્ષુને બચવા માટે તો અમૃત જ કહ્યું છે. અનેક પડખેથી અકલ્યાણ થતું બચાવે. અનેક રીતે અકલ્યાણ કરી લે. એક રીતે નથી કરી રહ્યો પણ અનેક રીતે અકલ્યાણ કરી રહ્યો છે. અસંખ્ય પ્રકારના મિથ્યાત્વ કહ્યા છે. અનંત પ્રકારના દોષ કહ્યા છે. બધું અકલ્યાણનું કારણ છે. એ બધેથી બચાવે. એ જરા ભાવનાના વિષયનું ઊંડાણ છે.

પછી પાનું-૬. બે પાના છોડીને. આત્મજ્ઞાની છે એ તો આત્મામાં જે ગુણ વૈભવ છે, એ ગુણ વૈભવમાં દિવ્ય ગુણોનો અનુભવ કરે છે. **'એવું નિજજ્ઞાન (નિજ સમજ, સ્વરૂપજ્ઞાન) કેવી રીતે થાય તે કહેવામાં આવે છે.'** એમ કરીને વાત એમને શરૂ કરવી છે. **'પ્રથમ અનાદિથી (ચાલ્યો આવતો) પરમાં અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે,...'** નંબર એક. પહેલામાં પહેલું શું કરે ? કે જે સ્થાનમાં ઊભો છે એમાં શું કરી રહ્યો છે ? કે જ્યાં પોતાનું અસ્તિત્વ નથી ત્યાં પોતારૂપ,પોતાપણું અનુભવ કરે છે એ મિથ્યાત્વ છે. એ શરીરાદિથી લઈને બધા સંયોગો લઈ લેવા.

**'પરમાં અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે, પછી પરરાગરૂપ ભાવનો વિધ્વંસ કરે.'** પહેલો દર્શનમોહ લીધો, પછી ચારિત્રમોહ લીધો. પછી જે રાગરૂપ ભાવ છે એનો પણ અભાવ કરે. વિદ્વંસ કરે એટલે નાશ કરે, અભાવ કરે. અને **'જ્યારે પરરાગ મટે ત્યારે વીતરાગ થાય.'** જેટલો રાગ મટે એટલી વીતરાગતા થાય. પૂરો મટે તો પૂરી વીતરાગતા થાય. ઢુંઢારી જરા જોઈ લઈએ.

**'પ્રથમ અનાદિ પરમેં અહં-મમરૂપ મિથ્યાત્વકા નાશ કરે, પીછે પરરાગરૂપભાવ વિધ્વંસ કરે. જબ પરરાગ મિટે તબ વીતરાગ હોવે. જબ પરપ્રવેશકા અભાવભાવ ભયા તબ સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન હોય.'** બસ, આટલી વાત અત્યારે આપણે સ્વાધ્યાયમાં લેવી છે. **'પ્રથમ અનાદિથી પરમાં અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે, પછી પરરાગરૂપ ભાવનો વિધ્વંસ કરે. જ્યારે પરરાગ મટે ત્યારે વીતરાગ થાય.'** હવે એમાં એક ખાસ વાત જે લીધી છે એ અત્યારે લીધી છે. આમાં લીધી છે.

**'જ્યારે પરપ્રવેશનો અભાવભાવ થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય...'** હવે આપણે જે વિચારવું છે એ રીતે વિચારવું છે કે જ્ઞાનમાં જ્ઞાનવેદન છે પણ પકડાતું નથી, વેદાતું નથી. શું કારણ છે ? એનો અહીંયાં 'દીપચંદજી'એ નિર્દેશ કર્યો કે પરપ્રવેશભાવનું કારણ છે. એટલે શું કહે છે ? એના અનુભવમાં શું વિપરીતતા છે ? આ એક અનુભવની ભૂલ છે. કાં તો આત્મામાં પર ચીજ અનુભવાય છે, કાં તો પરચીજનો અનુભવ કરવા માટે આત્મા ત્યાં જાય છે. એને પરપ્રવેશભાવ કહે છે. પરનો પ્રવેશ થઈ ગયો. એટલે મને પરનો અનુભવ થાય છે.

ગળ્યું, ખાટું, ખારું મારામાં અનુભવાય છે. ખરેખર જણાય છે, અનુભવાતું નથી. ઠંડી-ગરમી મને અનુભવાય છે. ખરેખર જણાય છે, અનુભવાતી નથી. પણ એ પરપ્રવેશભાવ છે. એ પરપ્રવેશભાવનો અનુભવ શું નુકસાન કરે છે ? કે આત્માના જ્ઞાનવેદનને આવિર્ભૂત થવા દેતું નથી. સ્વસંવેદનને રોકી લ્યે છે. એટલે આ સીધો પ્રતિબંધ મળી ગયો. કે જે સ્વસંવેદન છે એ નહિ ઉત્પન્ન થવાનું કારણ શું ? કે પરપ્રવેશભાવ વર્તી રહ્યો છે એ જ એનું કારણ છે.

હવે જ્યાં પરપ્રવેશભાવ વર્તી રહ્યો છે ત્યાં જાગૃતિથી અવલોકન ન કરે કે અહીંયાં ભૂલ થાય છે અને આ ભૂલ છૂટવી જોઈએ. તો સ્વસંવેદનની આશા રાખે ક્યાંથી ઉત્પન્ન થવાનો હતો, આત્માનો અનુભવ ? કાંઈ વાંચવા-વિચારવાથી અનુભવ થોડો થાય ? સમજવાથી સમજણની ભૂલ નીકળે. પણ અનુભવની ભૂલ તો અનુભવમાંથી જ નીકળે. દરેકની સામે સામે એની Entry તો નીકળે ને ? Entry તો સામે સામી જ નીકળે. ૫૦લીધા હોય અને ૫૦ દયો તો ખાતું સરભર થાય. પણ ૫૦ લીધા એમાં એક દો તો ખાતું સરભર કેવી રીતે થાય ? એ તો ૪૯ તો ઊભા જ રહે. એમ વિચાર કર્યો, સમજણ કરી પણ ભૂલ તો અનુભવની થઈ રહી છે પરપ્રવેશભાવમાં. આ જગ્યાએ એમણે અનુભવની ભૂલનો નિર્દેશ કર્યો છે કે પરપ્રવેશભાવરૂપ એક અનુભવની ભૂલ થઈ રહી છે. સમજણની ભૂલ ઉપરાંતની આ ભૂલ છે.

આપણે ત્યાં સ્વાધ્યાયમાં સમજણનો અનેક પ્રકારથી એ વિષય ચાલી ગયો. પણ અનુભવની ભૂલ ઉપર ધ્યાન જ નથી ગયું. તો

સમજણની ભૂલમાં તો ધારણા કરીને આ આમ ભૂલ થાય છે, આ આમ ન થવું જોઈએ, આમ થવું જોઈએ... આમ થવું જોઈએ. જો કે એની અંદર વાદવિવાદ થઈને ગડબડ ઘણી ચાલે છે. હજી તો સમજણની ભૂલની ગડબડ છે. જેટલો તત્ત્વજ્ઞાનમાં વાદવિવાદનો વિષય થાય છે એ તો હજી સમજણના તબક્કે ગડબડ છે, ભૂલ છે. સમજણમાં હજી આવતું નથી માટે વાદવિવાદ થાય છે. અનુભવની ભૂલનો તો એથી સૂક્ષ્મ વિષય છે. ત્યાં સુધી પહોંચીને એના ઉપર લક્ષ જાય અને એ સુધારો કરવો એ તો વાત જ ક્યાંયની ક્યાંય રહી જાય છે.

જે 'ગુરુદેવ'ના સિદ્ધાંતો છે કે આગમના સિદ્ધાંતો છે, એમાં સમજાય નહિ અથવા અન્યથા સમજાયને પછી ગડબડ ચાલે. એ તો હજી સમજણની ભૂલમાં બધું ચાલે છે. હજી અનુભવની ભૂલ બાજુની દિશા જ, આખો ઉપાય જ બાકી રહી ગયો છે. એનું શું ? એ તો Division શરૂ પણ નથી થયું. એ પ્રકાર છે.

મુમુક્ષુ :- Division છે એ ખ્યાલ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ખ્યાલ જ નથી આવ્યો. પછી તો આગળ ચાલવાનું ક્યાં રહ્યું ? હજી તો ઓલાપણે માથાકૂટ ચાલે છે બધી. હજી તો એ જે સમજણનો વિષય છે એમાં એક કહે કે આમ નહિ ને આમ હોય, તો બીજો કહે નહિ, આમ હોય ને આમ હોય. એટલે સમજવામાં જે વિપર્યાસ પોતે ઊભો કરેલો છે એ મતિ વિપર્યાસ હજી ચાલ્યો આવે છે. એટલે જે સ્પષ્ટ સમજાવું જોઈએ એ સમજાતું નથી. અન્યથા સમજાય છે, અન્યથા નિર્ણય કરે છે અને સાચી સમજણવાળાનો નિષેધ કરે છે અને વિરોધ કરે છે. એ તો સમજણની ભૂલ છે. અનુભવની ભૂલ કાઢવાની વાત તો હજી બહુ દૂર છે. આ તો હજી હાલત છે.

મુમુક્ષુ :- આ Stage ને જો કાઢી નાખવું હોય તો સત્પુરુષના વચનમાં શ્રદ્ધા મૂકીને ચાલવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એણે સત્પુરુષના વચનમાં પૂર્ણ વિશ્વાસ રાખીને એમણે જે કહ્યું છે તે સત્ય છે, મને સમજાતું નથી એ મારો મતિ વિપર્યાસ છે. કોઈપણ રીતે ટાળવો જ જોઈએ, ન ટાળું તો મોટું

નુકસાન થાય. એ મતિ વિપર્યાસ ન ટળે તો મને મોટું નુકસાન થાય એટલી ગંભીરતા ભાસવી જોઈએ. તો પછી મતિ વિપર્યાસ ટળતા વાર ન લાગે. આ તો વિદ્વત વર્ગની આ પરિસ્થિતિ છે, હોં ! સામાન્ય માણસોનું તો શું કહેવું પણ જે કાંઈક વધારે ઊંડા ઉતરીને સમજ્યા છે એવું દેખાય ત્યાં હજી આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- આજ્ઞાંકિતપણું એ ખુબ સરળ માર્ગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં શું છે કે મતિ વિપર્યાસ જલ્દી નીકળી જાય. આજ્ઞાંકિતપણે સત્સંગને ઉપાસવામાં આવે તો એને આત્મકલ્યાણની વાત સીધી સીધી સરળપણે જ્ઞાનમાં સમજમાં આવે. એટલે પરમાર્થ સમજાય એને. જ્ઞાનીપુરુષના વચનોમાં રહેલો જે પરમાર્થ એ એને સીધો બેસે. અને નહિતર એ પરમાર્થને છોડીને અપ્રયોજનભૂત વાતની પિષ્ટપીંજણમાં વાદવિવાદ ચાલ્યા જાય. વાદવિવાદો થયા કરે.

મુમુક્ષુ :- ત્યાં સમય પૂરો થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- અને Time પૂરો થઈ જાય. વખતને જતા વાર લાગતી નથી. એ તો પાણીનું પૂર છે. Time waits for non. વખત કોઈની રાહ જોતો નથી. Time & tides waits for non. tides-પૂર. પૂર રોકાય નહિ. સમયનો ઊભો રાખવો હોય તો રોકાય નહિ. એ તો કટ કટ કટ કપાતો જ જાય છે.

એ પરપ્રવેશભાવ છે એ અવલોકન વગર ન સમજાય એવો છે. પરપ્રવેશભાવ છે એ પરનો સ્વપણે થઈ રહેલો અનુભવ છે. તો અનુભવ તો અવલોકન વગર કેવી રીતે સમજાય ? આપણે પ્રશ્ન આવે છે કે અવલોકનમાં તો પર્યાયનું અવલોકન આવે. પણ પર્યાયમાં જે પરપ્રવેશભાવની જે ભૂલ છે એ અનુભવનો વિષય અવલોકન વગર ન સમજાય તો એને છોડવું કેવી રીતે એ ક્યાંથી સમજાશે ? એ તો નાસ્તિનો સ્થૂળ વિષય છે. વિચાર એમ કરે કે મારે તો આત્માનું અવલંબન લેવું છે, આત્માને ઓળખવો છે, આત્માને જાણવો છે. ત્રિકાળીને જાણવો છે. પણ હજી પર્યાયની ભૂલને સમજતો નથી એ ત્રિકાળીને ક્યાંથી જાણવાનો હતો ? દસ નંબરના ચશ્મા છે અને ચશ્મા વગર મારે વાંચવું છે એમ કહે, ક્યાંથી થાય ? નંબર તો ઘટાડે. આંખ તો ચોખ્ખી કરે.

આ વાક્ય બહુ સારું નાખ્યું છે એમણે. '**જ્યારે પરપ્રવેશનો અભાવભાવ થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય...**' હવે આમ લઈએ કે જ્યાં સુધી પરપ્રવેશભાવનો અભાવ ન થાય ત્યાં સુધી સ્વસંવેદન ન થાય. સ્વસંવેદનને અવરોધ કરનાર કોણ ? પ્રતિબંધક કોણ ? રોકનારો કોણ ? પરપ્રવેશભાવ. બધા ઉદયમાં એ ભૂલ ચાલુ છે. ખાવું-પીવુંથી માંડીને બધા ઉદયમાં એ ભૂલ ચાલુ જ છે.

મુમુક્ષુ :- ત્યાં પહેલાં નિરસતા શરૂ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- રસમાં તો ઘૂસી જાય. એટલે તો અવલોકન પણ ન આવે. નિરસતા આવે તો અવલોકન કરી શકે કે છે શું આ ? જે અહીંયાં એકત્વની ગાંઠ થઈ જાય છે પરપ્રવેશમાં, આ ચીજ શું છે ? કેમ છે ? તે મારા પકડમાં કેમ આવતી નથી ? ધ્યાનમાં કેમ આવતી નથી ? જ્ઞાની કહે છે કે એકત્વ થાય છે અને મને તો ખબર પડતી નથી. હળવો થઈને અવલોકન કરે ત્યારે ને ?

'**અથવા પોતાના દ્રવ્યગુણપર્યાયનો વિચાર કરી નિજપદને જાણે...**' પોતાના દ્રવ્યગુણપર્યાયનો એટલે શું છે કે જેમાં પરપ્રવેશ થાય છે, પરનો પ્રવેશ પોતામાં ગણે છે તો એને પરદ્રવ્ય, પરગુણ અને પર પર્યાયને પોતામાં લીધી. તો કહે છે, તારું જે નિજ દ્રવ્યગુણપર્યાય છે એનાથી નિજપદને જાણ. પરપદમાં સ્વપણું કે સ્વમાં પરપદપણું કેમ આવી ગયું ? કે તેં દ્રવ્યગુણપર્યાયને પણ ત્યાં વિચાર્યા નથી.

'**અથવા...**' આ બહુ સહેલું કરી નાખ્યું અહીં. '**અથવા ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' આ બહુ સહેલું કરી નાખ્યું. હજી દ્રવ્ય-ગુણ-પર્યાયની વાત અઘરી લાગે. પણ '**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' અથવા ઉપયોગમેં જ્ઞાનરૂપ વસ્તુ કો જાને. ચમકમાં હીરો પકડે. આ જે ઉપયોગથી સનાતન સ્ફુરિત એવો આત્મા છે. ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે. અરૂપી એવા આત્મપદાર્થને ગ્રહણ કરવા માટે, પકડવા માટે ઉપયોગ જ સાધન છે, બીજું કોઈ સાધન નથી. એ ઉપયોગને પકડ્યા વિના સીધો એમ કહે કે ઉપયોગ તો પર્યાયમાં છે ને મારે ત્રિકાળીનું અવલંબન લેવું છે. કલ્પના થતાં વાર નહિ લાગે. કેમકે ઉપયોગ વગર તો એનું ગ્રહણ નથી. એની Chanel જ એ છે. ઉપયોગથી જ એનું ગ્રહણ થાય છે. બીજી રીતે ગ્રહણ થતું નથી.

મુમુક્ષુ :- એવું તો લાગે કોઈપણ જ્ઞેય જ્ઞાનને ઉપજાવતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોઈપણ જ્ઞેય જ્ઞાનને ઊપજાવતા નથી. જ્ઞાન સ્વયં ઊપજે છે.

મુમુક્ષુ :- અને જ્ઞેય છે એ જ્ઞાનવિહીન છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. જ્ઞેય જ્ઞાનવિહિન છે અને જ્ઞાન જ્ઞેયવિહિન છે. જ્ઞેય પણ જ્ઞાનવિહિન છે અને જ્ઞાન પણ જ્ઞેયવિહિન છે. જો જ્ઞેય જ્ઞાનવિહિન હોય તો જ્ઞાનમાં જ્ઞેય એ ક્યાંથી આવ્યા ? કે નથી આવ્યા. જ્ઞેયાકારે જ્ઞાન તે જ્ઞાનની જ પર્યાય છે, જ્ઞેયની તો નથી.

મુમુક્ષુ :- આ દ્રવ્યગુણપર્યાયને વિચારે એટલે વ્યાપ્તિ તપાસે ?

પૂજ્ય ભાઈશ્રી :- વ્યાપ્તિથી તપાસે. બરાબર છે. એના દ્રવ્ય, એનો ગુણ, એનો પર્યાય એનામાં વ્યાપે છે. મારામાં વ્યાપતો નથી. મારામાં એનો પ્રવેશ નથી. વ્યાપ્ય-વ્યાપકભાવનો પરસ્પર અભાવ છે.

હવે એ કદાચ અઘરું લાગે તો એમ કહે છે કે '**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણ.**' ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણ. બસ. બહુ એકદમ Short cut લઈ લીધો અહીંથી.

'દીપચંદજી'ની એક વિશિષ્ટતા નિરૂપણમાં આ છે કે આગમ પદ્ધતિથી વાત કરતા કરતા સીધા અધ્યાત્મ પદ્ધતિમાં, અનુભવ પદ્ધતિમાં, અધ્યાત્મમાં પણ અનુભવપદ્ધતિમાં આવી જાય છે. કથનની શૈલી બહુ Practical છે. ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુ છે, જ્ઞાનસ્વરૂપ વસ્તુ જ છે એમ કહે છે. ઉપયોગ એના વિનાનો નથી. કોઈ અદ્ધર નથી થતો ઉપયોગ. વસ્તુ વગર ઉપયોગ થાય છે ? વસ્તુ છે ત્યાં તો. ઉપયોગસ્વભાવી છે. સદા ઉપયોગધારી ઉપયોગસ્વભાવી વસ્તુ પોતે જ છે. બીજા પાના ઉપર છે, જુઓ ! ૭મા પાના ઉપર. ૭મા પાના ઉપર Paragraph જે પૂરો થાય છે એમાં નીચેથી ચોથી-પાંચમી લીટી છે.

**'સદા ઉપયોગધારી આનંદરૂપ પોતે સ્વયમેવ જ યત્ન વિના (સહજ) બન્યો છે, તેથી નિજને નિહાળવાનું જ કાર્ય (કર્તવ્ય) છે,...'** ઉપયોગધારી આનંદરૂપ સ્વયમેવ પોતે જ છે. પોતાનું કામ તો પોતાને નિહાળવા પૂરતું જ છે. એક બહુ સરસ વાત તો એ કરે છે કે એ ઉપયોગ છે ને એમાં આનંદ અનંત ભર્યો છે. એ ઉપયોગમાં એકલું જ્ઞાન નથી પણ અનંત આનંદ પણ ભર્યો છે. હવે તારે શું જોઈએ છે એ કહે

ને ? આનંદ ત્યાં ભર્યો છે. નિરાકુળ છે ને. એક Lighter માંથી તિખારો ઝરે છે. એ કાળ કેટલો સૂક્ષ્મ છે ? ફડાક દઈને ગેસને પકડે છે કે નહિ ? એક વખત દાબો, Second ના ઓછા ભાગમાં એક ઝીણો તિખારો ધ્યાન ન હોય તો દેખાય પણ નહિ. ધ્યાન રાખો તો દેખાય કે આમાં તિખારો થાય છે. એટલો ઝીણો કણ અને સૂક્ષ્મ કાળ માટે ઉત્પન્ન થાય છે. ગેસનો ભડકો કરે છે કે નહિ ? શક્તિ કેટલી છે !

એમ આત્મામાં જે ઉપયોગ છે એ આકુળતા રહિત છે. એમાં અનંત આનંદ ભર્યો છે એમ કહે છે. એ જગ્યાએ. ભલે તિખારો દેખાય. નિરાકુળતાનો એક ઉપયોગનો પર્યાય દેખાય પણ અનંત આનંદ ત્યાં ભર્યો છે. એ એક બહુ મોટી વાત કરે છે વારંવાર. '**સદા ઉપયોગધારી આનંદરૂપ...**' એ આપણે જે અત્યારે ચાલે છે ને ? '**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' પછી એક Paragraph છોડી દ્યો. છઠ્ઠા પાને. અને છેલ્લા Paragraph ની પહેલી લીટી. શું લખ્યું છે ?

'**મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે.**' આપણે ત્યાં એક પ્રશ્ન પૂછાય છે કે ત્રિકાળી નથી દેખાતો, પર્યાય દેખાય છે અમને. તો કહે છે, તારું અનંત સુખ તારા ઉપયોગમાં છે. ચાલ. તારે ત્રિકાળી સુધી પણ જવાની જરૂર નથી. 'અનુભવપ્રકાશ'માં બહુ સુગમ કર્યું છે. લખાણમાં વિષયને બહુ સુગમ કરી નાખ્યો છે. જો એમ વિશ્વાસ આવે, ખબર પડતા વિશ્વાસ આવે કે મારા ઉપયોગમાં મારું અનંત સુખ છે તો ઉછળી જાય. હેં ! મારા ઉપયોગમાં મારું અનંત સુખ છે !

... હવે નવી ગાર કરવા જેટલી પણ શક્તિ ન હોય. માટી લાવીને આ બધું કરવું. જૂની ગારના પોપડા ઉખડી ગયા હોય. એટલી દરિદ્રતા હોય. એને એમ કહે કે થોડો પોપડો ઉખાડોને નિધાન ભર્યું છે અંદર, તમારા પૂર્વજોનું દાટેલું. નીચે સોનાની લગડીઓના ચરુ ભર્યા છે. પહેલો ચરુ સોનાની લગડીનો છે અને બીજો ચરુ હીરાનો ભરેલો છે. તો એક પોપડો ઉખાડે અને થોડુંક દેખાય. તો થોડું દેખાણું છે ? આખો દેખાણો છે. ચાર-છ Inch નો કાંઠો દેખાય અને દસ વીસ લગડી દેખાય એને અને સાંભળ્યું છે એણે એમ કે આખો ચરુ ભરેલો છે, છેક સુધી ભરેલો છે માટે ઉપર દેખાય છે.

મુમુક્ષુ :- ખોદતી વખતે સહેજ ટંકારો થાય ને ત્યાં દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :- ઓલો ત્રિકમ જ્યાં ખખડે વાસણ સાથે ત્યાં એને દેખાઈ ગયો આખો ચરુ. કેમકે માટી નથી. આ અવાજ આવ્યો. બીજો અવાજ આવ્યો આ. આખો ચરુ દેખાણો છે. આ ભાવભાસનમાં એવી રીતે આત્મા આવ્યો છે. અનુભવમાં તો સાક્ષાત્ છે. પણ ભાવભાસન પરોક્ષ છે પણ પ્રત્યક્ષ અંશે આવ્યો છે. એ પ્રત્યક્ષ અંશ એ ખડખડાટ છે એનો. એવું છે.

મુમુક્ષુ :- ઉપયોગ એકી સાથે બે વિષયમાં કામ કરે ? પરમાં પણ કામ કરે અને સ્વમાં પણ કામ કરે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ ન કરે, પણ ઉપયોગની શક્તિ કરે. ઉપયોગમાં સ્વપરપ્રકાશકપણું શક્તિ છે. ઉપયોગ એક જગ્યાએ લાગે પણ એની શક્તિ બે જગ્યાએ કામ કરે.

મુમુક્ષુ :- એક સમયમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક સમયમાં.

આમાં શું છે ભલભલા વિદ્વાનો અટવાણા છે. અટવાણાનું કારણ કલ્પના કરી છે. અવલોકન નથી ને એટલે. અવલોકન હોય તો ભૂલ ન થાય. અમારે (એક વિદ્વાન) સાથે ચર્ચા થઈ, સ્વપરપ્રકાશકને લઈને. એ તો વિદ્વાનોની અંદર બહુ સારા વિદ્વાનમાં એમનો નંબર આવી શકે. એમાં ગડબડ થઈ જાય છે એમને. ઉપયોગ તો એકસાથે એકને જાણે. જ્ઞાનીનો ઉપયોગ બહાર ગયો એ આત્માને જાણે ક્યાંથી ?

ભાઈ ! એ ઉપયોગ છે ત્યાં સ્વપરપ્રકાશકપણું છે. એ ઉપયોગમાં ભાન છે કે પર તે હું નહિ. પર બાજુ ગયેલામાં પર તે હું નહિ એવું એ ઉપયોગમાં જ ભાન છે. લબ્ધ તો આત્મા સાથે વળગેલું છે. એમને તો લબ્ધથી સમજાવવા પડે છે. અને લબ્ધ નથી સમજાતું. પકડાતું નથી એટલે. પણ ઉપયોગમાં ભાન છે. કે જે પર બાજુ વળ્યો તે હું નહિ એવું ભાન ત્યાં છે. ત્યાં જુદો રહે છે. પરનું જ્ઞાન થયું અને સ્વનું ભાન થયું. એ બે ઉપયોગમાં જ છે એને. વિષય ભલે પરને કરે છે. પણ પર તે હું નહિ એમ વિષય કરે છે. એ સ્વના ભાનમાં વિષય કરે છે. સ્વપરપ્રકાશકપણું એકસાથે છે. દીવો દીવાને પણ પ્રકાશે છે અને દીવાના પ્રકાશમાં બીજા પદાર્થો જે નહોતા જણાતા અંધારામાં એને પણ પ્રકાશે છે. એકસાથે કામ થાય કે ન થાય ? આ કહે છે કે પણ

ઓલાને પ્રકાશ્યા ને એમાં એ પોતાને પ્રકાશતો નથી. ખોટી વાત છે. પોતાને પ્રકાશ્યા વિના એને પ્રકાશી શકે જ નહિ. પોતાને પ્રકાશ્યા વિના બીજાને પ્રકાશવાનો સવાલ જ ઉત્પન્ન નથી થતો. દીવાનું સ્વરૂપ સમજો.

એમ આ જ્ઞાનની જ્યોતિ છે. જ્ઞાનની જ્યોતિ પોતાને પ્રકાશ્યા વિના એકાંતે પરને પ્રકાશે છે ? એ જ્ઞાનની જ્યોતિને સમજ્યા નથી, કાંઈક કલ્પના કરી છે. ઓલું શીખી લીધું છે કે ઉપયોગ એક કાળે એક વિષયને જાણે. પણ એ અવલંબે એમ કહેવું છે. અવલંબીને જાણે તો એકને અવલંબે. બેનું અવલંબન ન થાય. સ્વ અને પરનું (બેનું એકસાથે) અવલંબન ન થાય. તો ત્યાં જે કહેવું છે એ અવલંબીને જાણવાનું, અવલંબનપૂર્વક જાણવાની વાતને લેવી છે. એ વાત સમજાણી નથી એટલે સ્વપરપ્રકાશકનો નિષેધ થઈ જાય છે. આવી વાત છે.

મુમુક્ષુ :- એટલે અત્યારે પરનું અવલંબન થઈ ગયેલું છે એટલે સ્વને જાણતા નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે સ્વનું અવલંબન રહેતું નથી અને સ્વનું ભાન પણ રહેતું નથી. ત્યારે જ્ઞાની તો નિજ અવલંબનને છોડ્યા વિના પરને જાણે છે. માટે એકસાથે સ્વપરપ્રકાશકપણું છે. અને અજ્ઞાનીને તો અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા વેદનમાં છે પણ લક્ષ નથી માટે એને ખબર પડતી નથી. એટલો તો અવકાશ ત્યાં પણ છે. પણ ઓલું જે સ્થૂળ શીખી લીધું છે કે ઉપયોગ એક કાળે એકને જ વિષય કરે, માટે બેને વિષય ન કરે, માટે જ્ઞાની પરને જાણતી વખતે સ્વને નથી જાણતા એમ કહે છે ઈ. ઘણું સ્થૂળ છે. આ વિષય જરા સૂક્ષ્મ છે. એમાં અવલંબનનો Factor જુદો ન પાડ્યો. એ ભૂલ થઈ ગઈ.

મુમુક્ષુ :- પરનું જ્ઞાન અને સ્વનું ભાન. બહુ સરસ.

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્વનું ભાન પણ જ્ઞાન સહિત છે ને ! જ્ઞાનમાં એને ખબર છે કે હું સ્વ છું.

મુમુક્ષુ :- આધાર તો પોતાનો જ છે, ભલે પરને જાણે.

પૂજ્ય ભાઈશ્રી :- જુઓને ! આ પાડોશીને વિવેક કરે છે કે નહિ ? પાડોશી હોય એને બારણે ઊભા રહીને એમ પૂછે, ભાઈ ! હું આવું તમારા ઘરમાં ? ત્યારે ઓલો શું કહે ? ભાઈ ! તમારું જ ઘર છે. તમારે

પૂછવાનું હોય ? તમારે તો વગર પૂછયે જ ચાલ્યા આવવાનું હોય ને. આ તો તમારું જ ઘર છે એમ સમજોને. ભાનમાં શું છે ? એટલો પ્રેમથી કહે. બહુ સ્નેહ હોય પાડોશી સાથે અને આમ નિઃશંકતા એટલી હોય કે ઈ આવે એમાં કોઈ જાતનો વાંધો નહિ. આપણા ઘરમાં ગમે ત્યારે આવે કોઈ જાતનો વાધો નહિ. એટલી નિઃશંકતા હોય. એકદમ સજ્જન માણસ હોય. અને પૂરો સ્નેહ હોય એના પ્રત્યે. તો એ રજા માગે તો ઓલાને ખરાબ લાગે. તમારે રજા માગવાની હોય અમારી ? તમારું જ ઘર છે. ગમે ત્યારે આવો તમે. ભાનમાં શું છે ? ઘર મારું છે. એટલા પ્રેમથી એમ કહે કે તમારું ઘર છે. ત્યારે એના ભાનમાં એમ છે કે ઘર મારું છે. લૌકિક રીતે દૃષ્ટાંતથી તો સમજી શકાય એવી વાત છે.

મુમુક્ષુ :- પરપ્રવેશભાવ એટલે પરમાં સુખની કલ્પના ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. પરનું અસ્તિત્વ લઈ લીધું. પરના અસ્તિત્વનો પોતામાં અનુભવ કર્યો. પોતામાં તો પોતાનું એકલાનું જ અસ્તિત્વ છે. એ પરપ્રવેશભાવ છે.

'**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' એટલે એકાકાર જ્ઞાનમય વસ્તુ છે એમ ઉપયોગ દ્વારા ગ્રહણ કરી લે. ચમક ઉપરથી હીરાને ગ્રહણ કરી લે એવી રીતે. આ હીરો જડી ગયો. ચમક જડી છે, હીરો નથી દેખાતો એમ કહે કોઈ ? કલ્પના વિહાર કરતો લાગે છે આ તો. ચમક દેખાય છે ને હીરો નથી દેખાતો એમ કહે છે ?!

મુમુક્ષુ :- અજ્ઞાનીને વર્તમાનમાં જે ચમક છે એ આ બધું જણાય છે એ ...

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનની ચમક છે આ. એવું છે. આખી જ્ઞાનમય વસ્તુ છે, આખી જ્ઞાનમય વસ્તુ છે ત્યાં અનંત સુખ ભર્યું છે. જે સુખ માટે આ જીવ આખી દુનિયામાં આથડે છે, એ સુખ અહીંયાં ઉપયોગમાં ભર્યું છે એમ કહે છે. અનંત સુખ ઉપયોગમાં ભર્યું છે. ખરેખર આ સાચું સુખ, પોતાનું સુખ અને અનંત સુખ ઉપયોગમાં છે. જેટલો પરમાં આથડ્યો એટલો વ્યર્થ.

મુમુક્ષુ :- સનાતન સુખ. પેલું બધું Temporary છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં તો સુખનો જ અભાવ છે. જે પરમાં ઉપયોગ જાય છે એ પરમાં તો સુખનો જ અભાવ છે. પોતાના સુખનો

જ અભાવ છે. વ્યર્થ પરિશ્રમ છે, બીજું કાંઈ નથી. જેમ ભીંતમાંથી બહાર નીકળવા જાય બારણાને બદલે તો માથુ ભટકાય ને ઢીંમડું થાય. એમ પરમાં સુખ માટે ઉપયોગ જાય એટલે આકુળતાનું ઢીંમડું થાય, બીજું કાંઈ ન થાય. ઢીંમડું થાય એટલે દરદ થાય. તમારે ઢીંમડું કહે છે ? શું કહે છે ? આ ઓલું લાગી જાય ત્યારે આમ લોહી એકઠું થઈ જાય ને ? કાંઈક નામ તો હશે ને ? કોઈ છોકરાને કાંઈક ભટકાઈ ગયું હોય અને વાગી ગયું હોય પછી ન તેલ-બેલ ઘસી નાખે એકદમ ? કેમકે લોહી એકઠું થઈ જાયને ત્યાં ? જે જગ્યાએ માર પડે ત્યાં લોહી ધસીને આવી જાય બધું. થઈ જાય મોટું. અમારે ઢીંમડું કહે છે.

મુમુક્ષુ :- છતાં ફરી વખત ત્યાં ને ત્યાં ભટકાયા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જોતો નથી માર ખાવ છું. એમ છે. માર ખાવા છતાં વિરામ પામતો નથી. આમ છે.

મુમુક્ષુ :- એ જ દિશાનો પ્રયત્ન ચાલુ રાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એણે નિશ્ચય કર્યો છે ને સુખ અહીંયાં છે. નિશ્ચય બદલાય નહિ ત્યાં સુધી પ્રયત્ન બદલાય નહિ. નિર્ણય બદલાઈ જાય... એટલે તો અભિપ્રાય કરવાની વાત કરીએ છીએ કે સ્વાધ્યાયથી અભિપ્રાય તો કરો, નિર્ણય તો બદલો.

'**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' વસ્તુ કેવી છે ? '**અનંત મહિમાનો ભંડાર,...**' અનંત મહિમાવંત. '**અનંત મહિમાનો ભંડાર, સાર, અવિકાર, અપાર શક્તિથી મંડિત મારું સ્વરૂપ છે,...**' જે જ્ઞાનમય વસ્તુ છે એ અપાર શક્તિથી મંડિત મારું સ્વરૂપ છે. '**એવો ભાવ પ્રતીતિ વડે કરે.**' વિશ્વાસ આવે એવી રીતે ભાવ કરે. પ્રતીતિ ઊપજે એવી રીતે એવો ભાવ કરે અને પ્રતીતિ આવે તો પછી એકાગ્રતા આવે. એટલે એમ કીધું કે '**ધ્યાન ધર્યે નિશ્ચળતા થાય એમ જ્ઞાન જાણે.**' પહેલાં તો આમ જ્ઞાન જાણે પછી એની પ્રક્રિયા થાય. પણ પહેલા સમજી લે અને પહેલા જાણી લે કે વસ્તુ કેવી રીતે ગ્રહણ થાય છે.

મુમુક્ષુ :- અવિકારમાં શું લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- અવિકાર એટલે વિકારનો અભાવ. જે મૂળમાંથી નથી. અવસ્થામાં જે વિકાર છે એનો નાશ થાય તો અવિકારી અવસ્થા થઈ, નિર્વિકારી અવસ્થા થઈ. પણ એ હતો એનો અભાવ થયો.

ઓલામાં તો મૂળથી જ નથી. ત્યાં તો ઊપજ્યો અને નાશ થવું એ વાત નથી. એ અવસ્થાના વિભાગ છે. વસ્તુ જે જ્ઞાનમય વસ્તુ જાણી એમાં તો મૂળમાં જ નથી. શુદ્ધ કહો કે અવિકારી કહો. શુદ્ધમાં પણ ઘણા એમ સમજે કે અશુદ્ધિ મટી માટે શુદ્ધ. એમ નહિ. ત્યાં અશુદ્ધિ થઈ જ નથી એને શુદ્ધ કહે છે. અવિકાર એટલે વિકાર છે જ નહિ, ત્યાં મૂળમાંથી જ નથી. ક્યારે પણ નથી એને અહીંયાં અવિકારી કહે છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- બહારમાં આટલા બધા વિકારી ભાવો હોવા છતાં પણ વસ્તુ (અવિકાર રહી છે).

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુ મૂળ શુદ્ધ ચૈતન્યધાતુ બદલાતી નથી. આ ચૈતન્યધાતુ છે. ધાતુ ન બદલાય. સોનામાં ચાંદી કે રૂપું ભેળવે પણ સોનાની ધાતુ ન બદલાય. જેવી એને તપાવે એટલે તાંબુ છે, ચાંદી છે એ બળી જાય. એની રાખ જ થઈ જાય. અને એકલું સોનું રહી જાય. તો કેમ (એમ થયું) ? કે એ ધાતુ નહોતી બદલાણી. એમાં ચાંદી મળ્યું ત્યારે સોનું મોળુ પડ્યું એમ કહેવાય. આ સોનું અશુદ્ધ છે, મોળુ સોનું છે, નબળું સોનું છે. પણ સોનાની ધાતુ બદલાણી નથી. એ મૂળ ધાતુ એમ ને એમ જ રહી છે. સોનાના Particle સોનાના જ રહે છે, એમ કહેવું છે. જેમ ચાંદીના Particle સોનાના ન થાય, તાંબાના Particle સોનાના ન થાય. એ સોનાના પરમાણુ સોનાના પરમાણુ જ રહે છે. એમ છે.

એમ આત્મા જે શુદ્ધ ચૈતન્ય ધાતુ છે એ શુદ્ધ ચૈતન્યરૂપે જ રહે છે. એમાં અવસ્થાનો વિકાર પ્રવેશ પામતો નથી. એનો પ્રવેશ નથી ત્યાં. એ વસ્તુનું સામર્થ્ય છે. એ સ્વભાવનું સામર્થ્ય છે કે અવસ્થાના વિકારનો ત્યાં પ્રવેશ નથી દેવા દેતો. વસ્તુ થવા જ નથી દેતી. ઉપર ઉપરથી બગાડ થાય છે. માણસ નથી કહેતા ? કે આ ચામડીનો રોગ છે. એની ઉપરથી દવા કરો તો મટી જાય. Ointment લગાડો એટલે મટી જાય. દવા ખાવાની પણ જરૂર નહિ. પણ લોહીનો વિકાર હોય તો દવા ખાવી જ પડે. એને મલમ લગાડે ન મટે. આ ગુમડા થાય છે પછી મટતા નથી. તો કહે, આ લોહીવિકાર છે. નહિ મટે. બે રીતે એ દરદ થાય છે ચામડી ઉપર. તે ચામડી સુધી જ રહ્યું હોય તો ઉપરની દવા

લગાડવાથી મટે પણ લોહી વિકારથી થયું હોય તો મલમ લગાડવાથી ન મટે, એની બીજી દવા કરવી પડે પાછી.

એમ આ ઉપર ઉપર જ થાય છે એમ કહે છે. જેટલા વિકારી પરિણામ છે એ અવસ્થાની મર્યાદામાં જ સમાપ્ત થાય છે. પાછળ જે ચૈતન્ય ધાતુ છે એ એમ ને એમ રહે છે અનાદિઅનંત. એમાં કાંઈ નથી થતું. કોઈને એમ જાણવા મળે, જે પોતાના સ્વરૂપથી અજાણ્યો છે એને એમ જાણવા મળે. એમ ? સ્વરૂપે કરીને હું એવો ને એવો જ શુદ્ધ રહ્યો છું ? તો કહે, હા. બહુ સારી વાત છે. એનો એને ઉલ્લાસ આવે છે. એ જાણતાં ઉલ્લાસ આવે. એમ ! તો તો બહુ સારી વાત છે. મારું મૂળ સ્વરૂપ તો એમ ને એમ રહ્યું છે. મારે તો અવસ્થાનો ફેરફાર સુધારવાનો છે, બીજું કાંઈ નથી. જે ઉપર ઉપરથી બગાડ થયો છે એ જ સુધારવાનો છે. મૂળ વસ્તુ મારી એમ ને એમ છે. આત્મા આખો Spoil થઈ ગયો છે એમ નથી.

કપડાને કાચો રંગ નીકળી જાય. પાકો રંગ નીકળે નહિ. એમ કહે કે કાચો રંગ છે. મેલ છે એ સાબુથી નીકળી જશે. જરાક વધારે જૂનો મેલ થયો હોય તો Detergent વાપરો. પણ આખરમાં તો કપડું છે એ કપડું રહ્યું છે. કપડાની અંદર મેલ નથી. કપડાની ઉપર મેલ છે. કપડાની ઉપર મેલ લાગ્યો છે. ધોઈ નાખો. કપડું કપડું છે. કપડાની અંદર મેલ ગયો નથી. એવી રીતે આત્મા શુદ્ધ ચૈતન્ય ધાતુ છે.

મુમુક્ષુ :- અનંત મહિમાનો સાર. અહીંયાં સાર લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- સાર એટલે સુખરૂપ છે. સાર એટલે સુખરૂપ છે. અસાર છે તે દુઃખ છે, સાર છે તે સુખ છે. એ 'રાજમલજી'એ અર્થ કર્યો છે પહેલાં કળશમાં. 'સમયસાર' 'સુખરૂપ હૈ સો સાર જાનના, દુઃખરૂપ હૈ સો અસાર જાનના.' એમ લીધું છે. સાર એટલે સુખરૂપ છે. વસ્તુ સુખસ્વરૂપ છે. દુઃખ તો એક અવસ્થામાં ઊભું કરેલું નવું આગંતુક છે. એ જઈ શકે છે. વસ્તુ સુખથી ભરેલી, અનંત સુખથી ભરેલી વસ્તુ છે એને કાંઈ આંચ આવી નથી. મૂળમાં કાંઈ આંચ આવી નથી.

મુમુક્ષુ :- સમયનો અર્થ શું છે ? 'સમયસાર'માં સમયનો અર્થ શું ?

પૂજ્ય ભાઈશ્રી :- સમય એટલે એમાં વસ્તુ લેવી છે. અને વસ્તુ કેવી છે ? કે સુખરૂપ છે. સમયસાર એટલે સુખરૂપ છું. એમ લીધું છે

એમણે. સમય એટલે વસ્તુ. સમય એટલે આ વખત નહિ, Time નહિ. સમય એટલે વસ્તુ. સમયનો સાર શું ? કે એનું સુખ એ એનો સાર. પ્રયોજન સુખનું છે. બીજું કાંઈ પ્રયોજન નથી. સુખ અંદર ભર્યું છે. બહારમાં સુખ છે નહિ. લેવા જાય તો દુઃખી થાય. છે નહિ ત્યાં લેવા જાય તો દુઃખી થાય.પરિશ્રમનું દુઃખ થાય, બીજું કાંઈ થાય નહિ.

'**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' કેવી વસ્તુ છે ? કે '**અનંત મહિમાનો ભંડાર,...**' છે. બહારમાં લોકોને રિદ્ધિ-સિદ્ધિ ને લબ્ધિનો મહિમા આવે છે ને ? પણ એ તો એની પાસે ધૂડ બરાબર છે. એટલી મહિમાવંત વસ્તુ છે, એટલા દિવ્ય ગુણોનો ભંડાર છે, દિવ્ય શક્તિઓનો ભંડાર છે, સુખરૂપ છે, '**અવિકાર,...**' છે, અપાર શક્તિથી ભરેલી છે. '**અપાર શક્તિથી મંડિત મારું સ્વરૂપ છે, એવો ભાવ પ્રતીતિ વડે કરે.**' પ્રતીતિ ઊલટી નહિ. ઊલટી પ્રતીતિમાં એવો ભાવ નહિ. પ્રતીતિ સહિત એવો ભાવ કરે. આ એક જ્ઞાન સાથે પ્રતીતિનું જોડાવું જરૂરી છે. જ્યાં સુધી જ્ઞાન સાથે પ્રતીતિ જોડાતી નથી, ત્યાં સુધી તે જ્ઞાન ખરેખર જ્ઞાનપણાનું નામ પામતું નથી. અથવા ત્યાં સુધી અજ્ઞાન મટ્યું નથી. એ વિશ્વાસ આવવો એ એક (બહુ મોટી વાત છે). અને જોયા વિના વિશ્વાસ આવે નહિ. જોયા વિના વિશ્વાસ આવે નહિ.

કોઈ અજાણ્યો માણસ એમ કહે કે તમારો હીરો મારે તમે માગો એટલી કિંમતમાં આપવાનો છે. તો કહે, પહેલા પૈસા તો દેખાડ કેટલા છે તારી પાસે ? પછી હું તને કિંમત બતાવું. ઓલો તિજોરી ખોલીને દેખાડે. જોઈ લ્યો, ગણી લ્યો. કહે આ તો ગણાય નહિ એટલા છે. તો કહે બસ. તો કહે, હવે તમારા હીરાની કિંમત બોલી દયો. જોયું ? તો સાચો ખરીદનાર છે. વિશ્વાસ આવ્યો. એમ જોયા વગર પ્રતીતિ આવે નહિ. માટે અવલોકન કરવામાં એ એક મુખ્ય વાત છે કે એની અંદર દેખાય જાય છે વસ્તુ. અવલોકન કરતાં વસ્તુ દેખાય છે. પ્રત્યક્ષ હોવાથી. વિચારમાં વસ્તુ પરોક્ષ રહે છે એટલે વિશ્વાસ આવતો નથી. આમ છે. એટલે ઘણું વિચારે છતાં વિશ્વાસ નથી આવતો એનું થોડું કારણ આ છે કે વસ્તુ પરોક્ષ રહી જાય છે.

વસ્તુના અંશ પ્રત્યક્ષ વિના જે વિશ્વાસ કરવો છે એ સત્પુરુષના વચનથી કરવો છે. ત્યાં કહેનાર જિનેશ્વર છે, કહેનાર સત્પુરુષ છે,

કહેનાર નિર્દોષ વ્યક્તિ છે. શ્રીગુરુની પવિત્ર દશામાંથી આ વાત નીકળે છે. તો માણસ વિશ્વાસ મૂકે. એ એક વિશ્વાસનો પહેલો તબક્કો છે. અને અંશ પ્રત્યક્ષ થવું એ બીજો તબક્કો છે. વિશ્વાસ આવ્યા વગર જાણવું કોરું ધાકોડ થઈ જાય છે. કોરું રહી જાય છે. એની અસર નથી.

મુમુક્ષુ :- વિશ્વાસ તો એકદમ છે. શ્રીગુરુ કહે છે એમાં પૂરેપૂરો વિશ્વાસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં પૂરેપૂરો વિશ્વાસ હોય તો શ્રીગુરુએ તો એમ કીધું કે તારું અનંત સુખ તારા ઉપયોગમાં છે. તો વિશ્વાસ આવે તો એની ભાવના જાગે. કેમ ? એ ભાવના મટે નહિ એવી ભાવના જાગે. જો ભાવના જાગે તો દર્શનમોહ અને ચારિત્રમોહ એટલો ગળે કે ચૈતન્યનો પ્રકાશ ઉપયોગમાં દેખાય. બસ, એ ચૈતન્યનો પ્રકાશ એ જ પ્રગટ પરમાત્મા છે, એ જ પ્રત્યક્ષ ચીજ છે, એ જ સ્વરૂપદર્શન છે. સીધી વાત તો એ છે. જો વિશ્વાસ આવે તો ભાવના ઉત્પન્ન થઈ જાય. ભાવના ઉત્પન્ન થવાનું કારણે એ વિશ્વાસ છે. એ જ વિશ્વાસ છે કે ભાવના ઉત્પન્ન થાય, ઉત્પન્ન કરે. ભાવના ચાલે તો સમજવું કે વિશ્વાસ બરાબર આવ્યો છે. નહિતર ખરેખર વિશ્વાસ નથી આવ્યો. કેમકે ત્યાં ભાવના ઉત્પન્ન કેમ ન થઈ તો પછી ?

બીજું, સંયોગમાં સુખ છે એનો પણ વિશ્વાસ છે. બે વિશ્વાસ સાથે રહે એવું નથી. આ વિશ્વાસ આવ્યો હોય તો ઓલો વિશ્વાસ ટળે. એમાં ફેર પડી જાય સીધો. આ બધું નકામું છે, બધુંય નકામું છે, કાંઈ કામમાં નથી આવવાનું. એકેય ચીજ કામમાં આવવાની નથી. આત્માને કામમાં આવે એવી એકેય ચીજ નથી. એવું છે. તાળો મેળવી લેવો જોઈએ. પોતે માનતો હોય, એણે ખાત્રી કરી લેવી જોઈએ, તાળો મેળવી લેવો જોઈએ. અહીં સુધી રાખીએ. કાલે થોડું લઈશું.

## તા. ૧૬-૧૧-૧૯૯૨, પાના નં. ૩, પ્રવચન નં. ૧૭૨

'અનુભવપ્રકાશ'. પાનું-૩. કાલનો વિષય થોડો ફરીથી લઈએ. **'નિરંતર પોતાના સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે,...'** આ બહુ સીધી સાદી વાત છે. જે પદાર્થને પામવો છે, જેનો અનુભવ કરવો છે એ પદાર્થની પ્રાપ્તિની ભાવના, હોવી કે ભાવના થવી એ બહુ સ્વાભાવિક છે. જેમ જગતામાં-સંસારમાં અન્ય પદાર્થોની જરૂરત છે તો વારંવાર તેનો.. જેની જરૂર છે તેનો વારંવાર વિચાર આવે છે અને જ્યાં સુધી તે પદાર્થ ન મળે ત્યાં સુધી તે વિચાર લંબાય છે. સ્વાભાવિક રીતે જ.

હવે આત્માને સુખ શાંતિ જોઈએ છે. તો જ્યાં સુધી એ સુખ શાંતિ સ્વરૂપના અવલંબને અનુભવરૂપ ન થાય ત્યાં સુધી એની ભાવના રહે. જો સ્વરૂપની ભાવના જ ન હોય, સ્વરૂપ પ્રાપ્તિની ભાવના જ ન હોય તો પછી સ્વરૂપની પ્રાપ્તિ થવાનો ક્યાં પ્રશ્ન છે ? ભાવનાનો અભાવ એમ સૂચવે છે, ભાવનાના અભાવથી એમ સૂચિત થાય છે કે એની જરૂર નથી. એટલે જે જીવને સ્વરૂપાનુભવ થાય છે એને પોતાના સ્વરૂપની ભાવના નિરંતર રહ્યા કરે છે. સવાલ એટલો થાય છે કે નિરંતર ન રહી અને ક્યારેક ક્યારેક થાય તો ? તો શું ? આટલો સવાલ થાય. તો પછી એનું મૂલ્ય સમજવામાં આવ્યું નથી.

જ્યારે સર્વોત્કૃષ્ટ પદાર્થ હોય અને એની પ્રાપ્તિની સંભાવના હોય, શક્યતા હોય, પોતે જ એ પદાર્થ હોય તો પછી એની ભાવના ક્યારેક ક્યારેક એમ શા માટે ? એવું શું કરવા ? બહારમાં તો જેમ લાભ મોટો એમ એનો રસ અને એ બાજુના પરિણામ તીવ્ર થાય છે. બહારમાં જેમ લાભ અથવા સુખનું કારણ વિશેષ સમીપ હોય, નજીક હોય તો નિરંતર એના પરિણામ ચાલે છે. અને છતાંય તે એ પરપદાર્થ અને ક્ષણિક છે. આ તો સ્વપદાર્થ અને શાશ્વત છે. અને અનંત શાંતિ એમાંથી મળે એવો પદાર્થ છે. અનંત સુખ મળે, અનંત આનંદ મળે એવો પદાર્થ છે. એટલે ભગવાનની વાતમાં કહો કે ગુરુની વાતમાં કહો, વિશ્વાસ હોય તો બીજી વાત છે અને વિશ્વાસ ન હોય તો બીજી વાત છે.

આનું એક કારણ એ છે કે જે વાત સામે આવી છે એમાં વિશ્વાસ

આવે તો જુદી વાત થાય છે. વિશ્વાસ ન આવે તો જુદી વાત છે. વિશ્વાસ આવે એને નિરંતર ભાવના ઉત્પન્ન થઈ જાય. જેને વિશ્વાસ નથી એને પછી ભાવનાનું કોઈ ઠેકાણું નથી. ક્યારેક ક્યારેક થાય છે એનો અર્થ કે એનું કાંઈ ઠેકાણું નથી.

મુમુક્ષુ :- ક્યારેક ક્યારેક થાય છે એમાં.. ગુરુના વચન ઉપર વિશ્વાસ નથી...

પૂજ્ય ભાઈશ્રી :- આમાં શું છે જેમ ક્યારેક ભૂખ લાગી અને ક્યારેક આહારની ઈચ્છા થઈ. ક્યારેક બહાર ફરવા જવાની ઈચ્છા થઈ, ક્યારેક બેસવાની ઈચ્છા થઈ. લૌકિક પદાર્થની કિંમત કેટલી સામાન્ય છે ! જુદાં જુદાં પદાર્થોને ઈચ્છે છે તો ક્યારેક વિચાર આવે, પાછો એ વિચાર શાંત થઈ જાય. એમ આત્માનો વિચાર આવે, પાછો બંધ થઈ, વળી પાછો ક્યારેક આવે, વળી બંધ થઈ જાય.

મુમુક્ષુ :- એને શું કારણ ?

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્વાસ, એનું મૂલ્ય નથી ભાસ્યું. સ્વાધ્યાયમાં એટલી હદે કામ થવું જરૂરી છે કે આની જેટલી કિંમત છે એટલી કિંમત ભાસે, કિંમત અંકાય. નહિતર આ તો એક વિચારજ્ઞાન છે. આપણે જે સ્વાધ્યાય ચાલે છે એમાં તો ખાલી વિચાર ચાલે છે. જોકે જવાનું છે વિચારથી આગળ. વિચારથી આગળ ભાવનાપૂર્વક અવલોકનમાં જવાનું છે, ભેદજ્ઞાનના પ્રયોગમાં જવાનું છે, અનુભવમાં જવાનું છે. પણ વિચારજ્ઞાનથી આગળ જવાનું છે. એ ક્યારે બને ? કે વિચારજ્ઞાનમાં એનું જેટલું મૂલ્ય છે એટલું મૂલ્ય સમજાય ત્યારે. ત્યારે એમાંથી ભાવનાની ઉત્પત્તિ થાય. મૂલ્ય સમજાય તો ભાવનાની ઉત્પત્તિ થાય.

આ જગતમાં કોઈ પદાર્થની જેટલી કિંમત નથી અથવા ત્રણ લોકની કિંમત નથી, ત્રણ લોકના સર્વ પદાર્થની કિંમત નથી. એથી અધિક આત્મકલ્યાણની કિંમત છે. એથી અધિક આત્મસ્વરૂપની કિંમત છે. ત્રણે લોકના પદાર્થો એકસાથે મૂકો એક ત્રાજવાના પલ્લામાં. એના કરતાં પણ અધિક મૂલ્યવાન આત્મકલ્યાણ અને આત્મપદાર્થ સમજાય, હજી તો વિચારમાં સમજાય તો એનું વજન બરાબર પડે અને તો એની ભાવના યથાર્થરૂપે શરૂ થાય. નહિતર યથાર્થ ભાવના એટલે નિરંતર ચાલે એવી ભાવના નથી હોતી. પછી જે ઉપરછલ્લી ભાવના હોય છે એનાથી

કોઈ કામ થયું નથી અને થવાનું પણ નથી. એવું તો અનંત વાર થઈ ગયું છે પણ એનાથી કોઈ કામ થયું નથી અને થવાનું નથી.

મુમુક્ષુ :- મૂલ્ય ભાસ્યું નથી એટલે બીજે વજન વધારે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- જગતના પદાર્થનું મૂલ્ય ખસ્યું નથી. મૂલ્ય કરવાનો તો જીવનો સ્વભાવ છે. પણ જગતના પદાર્થોનું સુખ માટે જે મૂલ્ય કર્યું છે એ મૂલ્ય ખસ્યું નથી. એટલે એ જગ્યા ખાલી થાય તો બીજાનું મૂલ્ય આવે ને ? એમ છે.

મુમુક્ષુ :- ચાલતા પરિણામનું દુઃખ લાગતું નથી. ચાલતા પરિણામ તો સ્થૂળ પરિણામ છે. આમાં દુઃખ ન લાગે તો પછી ખસે કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો છે. દુઃખ લાગતું નથી અનો અર્થ કે સુખ લાગે છે. ચાલતા પરિણામમાં પોતાને દુઃખ હોવા છતાં દુઃખ નથી લાગતું તો ભ્રમથી જ બીજું દેખાય છે. જ્ઞાનમાં તો જેવું હોય તેવું જણાય. તો દુઃખ દુઃખરૂપે નથી જણાતું એનું કારણ શું ? કે અન્યથા કલ્પના કરી છે. ભ્રમણામાં છે જીવ. દુઃખને સુખ જાણે છે. એમ છે. એ વાત તો સ્પષ્ટ છે. એટલી યોગ્યતામાં આવ્યા વગર ત્યાં ને ત્યાં રહી જવાનું થશે. કેમકે દુઃખ લાગતું નથી તો ખસવાનો ઉપાય નથી થવાનો. ખસવાનો ઉપાય નથી થવાનો.

મુમુક્ષુ :- ચાલુ પરિસ્થિતિ સ્વીકારી લીધી છે અને ગમે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ. પછી ત્યાં અટકે નહિ તો શું થાય ? પછી ત્યાં ન અટકે તો શું થાય ? સ્વભાવિકપણે ત્યાં અટકવું થાશે. આયુષ્યનો કાળ નીકળી જશે. એટલે ચારે પડખાનો વિચાર તો કરવાનો છે કે આમ ને આમ આયુષ્ય નીકળી જાય તો પછી શું દશા થાય ? જ્યાં વિવેક કરવાયોગ્ય હતો, કરવાનો હતો ત્યાં વિવેક ન કર્યો આ જીવે તો અવિવેકનું ફળ કાંઈ કુદરત છોડી દે ? ન છોડે. માટે મારા મનુષ્ય આયુના સમયનો આત્મહિતમાં પૂરેપૂરો ઉપયોગ કરી લઉં એ જાતની એક દરકાર અને કાળજી સમજણપૂર્વક ઊભી થાય. સમજણ હોય તો ઊભી થાય. નહિતર પ્રમાદમાં કાળ જાય.

પાત્રતાનો ૧૦૫ નંબરનો પત્રાંક છે એમાં એ વાત છે. 'ઉપયોગથી એક પળ ભરનાર.' ત્યાં ઉપયોગમાં દરકાર છે, સાવધાની છે. એક એક પળની સાવધાની છે. મારો સમય મારે આત્મહિતમાં લગાવવા માટે

એની ઘણી કિંમત છે અને એ ચીજ વેડફી નાખવા જેવી નથી. એ રીતે એને પોતાને સમજણ આવે તો જરૂર કામ થાય.

મુમુક્ષુ :- ચાલુ સંજોગો હંમેશા રહેવાના નથી. ચાલુ ઉદય છે એ કાંઈ હંમેશા એવો જ રહેવાનું છે એવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એક Second માં ફડાક દઈને ફરી જાય છે. એક Second માં એટલા બધા ફેરફારો થાય છે કે એની ગણતરી બહારનું બની જાય છે. બને છે કે નથી બનતું ? જે ઉદય છે એ એમ ને એમ જ રહેવાનો છે એમ માની લે તો એ ભ્રમમાં છે, ધોખામાં રહી જશે. અને જગતમાં જે પરિવર્તન થાય છે એ તો પ્રત્યક્ષ છે. એ તો સમજાય એવી વાત પ્રત્યક્ષ છે. કોઈને કોઈ સંજોગો શાશ્વત રહ્યા હોય એવો એક દાખલો તો છે નહિ. પછી એના ઉપર વિશ્વાસ આવ્યો ક્યાંથી તને ? એના ઉપર વિશ્વાસ આવ્યો કેવી રીતે ? એટલે એ તો વિશ્વાસ કરવા જેવી ચીજ નથી.

આ ભાવના, આત્મભાવના જગાડવા માટે તો આચાર્યોએ બાર ભાવના લખી છે. અનિત્ય ભાવના, અશરણ ભાવના, અન્યત્વભાવના, એ જે ભાવના લખી છે એ આના માટે તો લખી છે કે કોઈ રીતે જીવને ચારે પડખેથી વિચારીને આત્મકલ્યાણની ભાવના ઉત્પન્ન થાય. યથાર્થ ભાવના ઉત્પન્ન થાય તો નિરંતર રહે અને એ નિરંતર ભાવના જો રહે તો દર્શનમોહ ગળે અને જ્ઞાન જે પોતામાં જ ચૈતન્યનો પ્રકાશ છે એને દેખતો નથી એટલે પોતાનામાં જે પ્રત્યક્ષતા છે અને એ જ ખરેખર પરમતત્ત્વ છે, જે પ્રત્યક્ષ સ્વરૂપે છે એ જ પરમતત્ત્વ છે, એને જે જ્ઞાન દેખતું નથી. કેમકે જ્ઞાન મલિન છે. એ ભાવનાના કારણે નિર્મળ થાય છે. દર્શનમોહની અસર જે જ્ઞાન ઉપર છે એ જ્ઞાનને ભ્રમણા કરે છે એ પણ છૂટે. અને જે મલિનતા છે કષાયરસને લઈને, ચારિત્રમોહને લઈને એ મલિનતા પણ ઘટે. જે રાગરસથી રંજાયમાન થયેલું જ્ઞાન છે એ મલિન છે. પોતાના પ્રકાશને જોતું નથી. પોતામાં રહેલા પોતાના પ્રકાશને જોઈ શકતું નથી.

ચેતનાનો પ્રકાશ ઉપયોગ દ્વારમાં છે તેને સ્વસ્વરૂપ રૂપે દઢપણે ભાવે. આવું મારું સ્વરૂપ છે એમ દઢપણે એ સ્વરૂપને રુચિમાં લે, એની અત્યંત રુચિ પ્રગટે તો એની પરિણતિ થઈ અને આત્મરસ ઊપજે. વાત

તો બહુ વ્યવસ્થિત છે. સંક્ષેપમાં પણ વાત ઘણી વ્યવસ્થિત છે. અને ભાવનાના કાળમાં કામ થાય છે, દર્શનમોહને ગળવાનું અને જ્ઞાનને નિર્મળ થવાનું, જ્ઞાનની મલિનતા છૂટવાનું.

જે અનુભવનું કારણ છે એ અનુભવનું કારણ હોય તો એની કિંમત પણ એટલી જ કરવી જોઈએ. જેટલી અનુભવની કરીએ. એટલે તો એમણે સમકિતના ભેદ લીધા. સમકિત નહિ હોવા છતાં. એની કિંમત સમકિત જેટલી કરજો. એક ન્યાયે એની કિંમત સમકિત જેટલી કરજો. કેમકે એ કારણમાં કાર્ય નિહિત છે-ગર્ભિત છે. અથવા એ કારણ સાથે કાર્ય બંધાયેલું છે, પ્રતિબદ્ધ છે, બંધાયેલું છે. કારણ આપે અને કાર્ય ન થાય એવું ન બને.

માણસ એમ વિચારે છે મને અનુભવ નથી હું શું કરું ? મને આત્મા દેખાતો નથી હું શું કરું ? તો કહે છે, અનુભવ નથી, દેખાતો નથી તો એની ભાવના તું ન કરી શકે ? અનુભવ નથી કરી શકતો. કબુલ. એની ભાવના ન કરી શકે ? તો કહે, કરી શકું. એ કાં કરતો નથી ? અને એ જ કારણ છે. અનુભવનું કારણ એ જ છે. બીજું કોઈ અનુભવનું કારણ નથી. ભાવના જ અનુભવનું કારણ છે. એટલે બહુ મોટી વાત બતાવી દીધી 'કૃપાળુદેવે' કે 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે.' ખરેખર તો આતમભાવના ભાવતા આત્માનુભવ થશે. પણ આત્માનુભવ શબ્દ નાનો પડ્યો એટલે કેવળજ્ઞાન લઈ લીધું એમણે. કેમકે આત્માનુભવ થતા કેવળજ્ઞાન તો નિશ્ચિત થઈ ગયું. માટે ભાવનામાં કેવળજ્ઞાનની સંધિ મારી. અનુભવની સંધિ ન મારી. ભાવનામાં કેવળજ્ઞાનની સંધિ મારી. જેનાથી કેવળજ્ઞાન પ્રગટે એ ભાવનામાં તું શું કરવા નથી આવતો ? અત્યારે તો એ શક્ય છે તને. અનુભવ નથી. પણ અનુભવની ભાવના નથી થઈ શકે એવું ? અનુભવ નથી થઈ શકતો કબુલ કરીએ ચાલો. અનુભવની ભાવના નથી થઈ શકતી ? તો કહે, નથી થઈ શકતી. તો એ વાત ખોટી છે તારી. એ પછી દાનત આખી જુદી થઈ ગઈ. નિયતફેર થઈ ગઈ એ વાત તો. જે ભાવના કરી શકે છે એ ભાવના કરતો નથી એનો અર્થ કે નિયતફેર છે.

મુમુક્ષુ :- ભાવના નિરંતર નથી રહેતી એનું કારણ તો એને દુઃખ નથી લાગતું એ જ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- દુઃખ નથી લાગતું એના કરતાં પણ સમજણ જે આવવી જોઈએ એ સમજણ જ નથી આવી. સમજણની ભૂમિકામાં જે સમજણ આવવી જોઈએ. દુઃખ તો હજી પછી લાગશે. કાંઈક હળવો થયે. પણ જે રીતે સમજણની ભૂમિકામાં સમજણ આવવી જોઈએ એ નથી આવી. મૂલ્ય નથી ભાસ્યું. જે કિંમત આંકવી જોઈએ એ કિંમત સમજણપૂર્વક આંકી નથી. બાળકને સો એકડા શીખડાવીએ પછી એને સોની નોટ બતાવીએ. આના ઉપર શું લખ્યું છે ? તો કહે, એકડો ને બે મીંડા સો. હું ભણ્યો એ. પણ એને એકડો ને બે મીંડા સો એટલે સો રૂપિયાની આ નોટ છે અને એની કિંમત કેટલી છે ઈ ખબર નથી. ખાલી એના આંકની જ ખબર છે. એટલા કાગળના ટૂકડાની કિંમત કેટલી છે એની એને ખબર નથી. એને આંકની ખબર છે કે આમાં એકડો ને બે મીંડા સો લખ્યું છે. કેમકે એ આંક ભણ્યો છે એટલે.

મુમુક્ષુ :- એની ખરીદશક્તિની ખબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એની ખરીદશક્તિની ખબર નથી કે આ ટૂકડામાં ખરીદશક્તિ કેટલી છે. એ બાળકને ખબર નથી એટલે રમવા આપો તો રમતા રમતા ફાડી નાખે.

એમ આ જે સ્વાધ્યાય છે એ મૂલ્યાંકનની હદ સુધીનું એમાં કાર્ય થવું જોઈએ. જો મૂલ્યાંકન ન થાય તો સ્વાધ્યાય નથી થયો. આંક શીખ્યો છે. મોપાટ લે. નવડે એકડે એક્કાણું, નવડે બગડે બાણું, બે નવડા નવ્વાણું, એકડો ને બે મીંડા સો. પણ એનું મૂલ્ય કેટલું ? એ ખબર નથી. એટલે સ્વાધ્યાયનું કાર્ય ત્યાં સુધીનું પર્યાપ્ત થવું જોઈએ કે જેનાથી મૂલ્ય આવે. આ માર્ગનું, આ Line નું, આ પદાર્થનું મૂલ્ય આવે. મૂલ્યાંકન થાય એટલે ભાવના ઉપડે અને મૂલ્ય થાય એટલે દુઃખ લાગવું બીજું, ત્રીજું, બધાં પડખા એના આનુશંગિક પરિણામો છે એ બધા ચાલુ થાય.

મુમુક્ષુ :- અવિચારીપણું છે. કાંઈ વિચારતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અવિચારીપણું. વિચારતો નથી એમ છે.

મુમુક્ષુ :- સતત એના વિચારમાં લાગી જાય જીવ. સાંભળીને સતત વિચારમાં લાગી જાય કે શું છે આ ?

પૂજ્ય ભાઈશ્રી :- એ સતત વિચારમાં લાગે એનું નામ જ

ગવેષણા છે. એને જ ગવેષણા કહે છે. છે શું આટલું બધું આમાં ? જે ચક્રવર્તીઓએ છ ખંડને ગૌણ કર્યા. આ પદાર્થ કેવો ? 'ભરત' આદિ ચક્રવર્તીએ છ ખંડને ગૌણ કર્યા તો આ પદાર્થ કેવો ? એવો અલૌકિક પદાર્થ છે અને અલૌકિક દશા ઉત્પન્ન થાય છે. તો એનું મૂલ્ય જો ન સમજાય તો એનું વજન ફરે નહિ, અભિપ્રાય ફરે નહિ, વજન ફરે નહિ એટલે અભિપ્રાય ફરે નહિ. અભિપ્રાય ઘડવો છે એ અભિપ્રાય ન ઘડાય તો શું થાય ? જૂના અભિપ્રાય પ્રમાણે જ પરિણામ ચાલ્યા કરે.

મુમુક્ષુ :- અહીંયાં અટકવાનું થઈ જાય છે. એવું સમજાણું છે કે અવલોકન ચાલવું જોઈએ. અવલોકન ચાલતું નથી તો બીજું કાંઈ એની પહેલાનું પણ કરી શકાય છે એના ઉપર ધ્યાન નથી જાતું. અવલોકન નથી ચાલતું તો આ વિચારણામાં, સુવિચારણામાં એકદમ આવી જવું જોઈએ. એ ભૂમિકાની ઉપર કાંઈ વિચારણામાં જ નથી આવતી. એ વિચારણામાં પણ લાગી જવું જરૂરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ કોના જેવી વાત થઈ ? કે એક માણસને કામે મોકલ્યો અને ત્યાં મળ્યો નહિ એટલે પાછો વયો આવ્યો. એ કામ કેમ ન થયું અને કેમ થાય એની માટે કેમ કાળજી ન લીધી ? કેમકે એને એ કામની કોઈ જવાબદારી નથી. આ તો શેઠની જવાબદારી છે. મને તો કામ સોંપ્યું હતું. ઓલા ભાઈ ન મળ્યા તો કામ ન થયું. હું શું કરવું એમાં. એમાં મારો કાંઈ દોષ ખરો ? એના જેવું છે.

એને કાળજી આવવી જોઈએ. આ કામ કરવું જ છે, કોઈપણ રીતે કરવું છે. તો પછી નથી થતું એના કારણો ગોતો. નથી થતું એના કારણો ગોતો. આ તો સારું છે એ કારણ-કાર્યનું સાહિત્ય ઉપલબ્ધ છે, એના કહેવાવાળા મળે છે. પણ ન મળે એ ગોતી કાઢે છે. એનું સાહિત્ય ન મળે, એના કહેવાવાળા ન મળે એ અંતર ગવેષણાથી ગોતી કાઢે છે. જેને દરકાર છે એ એટલે સુધી કામ કરી જાય છે. અને દરકાર નથી એને સામે વસ્તુ આવે છે તોપણ દુર્લક્ષ થઈ જાય છે. એમ થાય છે.

મુમુક્ષુ :- બહારના કોઈપણ કાર્ય કરવા હોય તો કેટલા બધા પડખેથી ખૂબ વિચાર કરે છે. એ Pracitcal છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જીવનો સ્વભાવ છે કે જ્યાં પ્રયોજન ભાસે ત્યારે એ બાબતની પૂરેપૂરી દરકાર આવ્યા વગર રહે નહિ. લાભ-

નુકસાનનું જ્યાં પ્રયોજન ભાસે ત્યાં કાળજી ને દરકાર આવ્યા વગર રહે જ નહિ, એની મુખ્યતા થયા વગર રહે જ નહિ. એનો અર્થ કે પ્રયોજન નથી ભાસ્યું. પરમ પ્રયોજન છે ત્યાં પ્રયોજન નથી ભાસ્યું. એમ થયું.

અવલોકન નથી થયું. નથી થતું. ભાવના નથી. ભાવના કેમ નથી ? કે મૂલ્યાંકન નથી થયું. તો મૂલ્યાંકન માટે તો રોજ સ્વાધ્યાય છે. સ્વાધ્યાયમાં તો ચારેય પડખેથી, મૂલ્યાંકન થવા માટે તો ચારેય પડખેથી એની વાતો આવે છે. એક વાત ક્યાં આવે છે ? સેંકડો-હજારો વાત આવે છે. કોઈ રીતે જીવને એનું મૂલ્યાંકન થાય અને ભાવના જાગે તો પછી આગળની વાત સીધી છે.

મુમુક્ષુ :- મૂલ્યાંકન ન થાય તો રખડપટ્ટી નક્કી જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એણે જગતના પદાર્થોમાં સુખબુદ્ધિથી જે મૂલ્ય કર્યું છે એ મૂલ્ય ફેરવ્યું નથી, ફેરવવું નથી એને.

તમને પૂછવામાં આવે કે જ્યારે આપણે ભણતા હતા. કોઈ આપણી આર્થિક જવાબદારી ઘરમાં નહોતી. બાળક જન્મે તો ત્યારથી Commercial ક્ષેત્રમાં પ્રવેશ ન કરે એ પહેલા એની કોઈ જવાબદારી હોય છે ? કોઈ જવાબદારી નથી હોતી. એના મા-બાપ એને ખવડાવે, પીવડાવે, કપડા-લતા (લાવે), ભણાવે. બરાબર છે ? તો ત્યાં સુધી કોઈ આર્થિક પ્રયોજન તો નહોતું. એટલે અત્યારે જે પૈસાની કિંમત ભાસી છે એ ત્યારે હતી ? કે ત્યારે નહોતી. કેમકે એ જાતનો એને કોઈ કારણ-કાર્ય પ્રસંગ જ નહોતો. ભણવું, હરવું, ફરવું, ભાઈબંધ, દોસ્તાર આ-તે, બીજું-ત્રીજું એ હોય છે. કોઈ જવાબદારી માથે નથી હોતી.

જ્યારે એ માણસ વ્યવસાયિક ક્ષેત્રમાં પ્રવેશ કરે છે અને એ પ્રવેશની અંદર એ ચોવીસ કલાક માટે એના પરિણામો Involve ક્યારે થઈ ગયા ? એમ એને ચોવીસ કલાક એ પરિણામો કેમ ચાલુ રહી ગયા ? તપાસી લે પોતે. એમ કેમ બન્યું ? ચાલો. એક કાળ એવો હતો કે એવું નહોતું થતું. બીજો એક સમય આવ્યો કે એવું થવા માંડ્યું. કેમ થયું ? તપાસી લ્યો. કે પૈસાની કિંમત કેટલી છે. પૈસા હશે તો લોકોમાં આપણું સ્થાન હશે, તો સમાજમાં આપણું સ્થાન હશે, તો આપણને માનપાન મળશે, તો આપણને બધી અનુકૂળતાઓ મળશે. અનેક જાતના જે બધા એના પડખા છે કિંમત થવાના, એ બધા પડખાનો અભ્યાસ થયો

કે ન થયો ? એક અભિપ્રાય ઘડાઈ ગયો કે આની પાછળ લાગી જવું જોઈએ. બધાય લાગેલા છે અને આપણે લાગવું જોઈએ. દુનિયા આખી એની પાછળ છે, આપણે પણ એની પાછળ લાગવું જોઈએ. આ અભિપ્રાય થયા પછી એનાથી છૂટવું હોય તો નથી છૂટાતું. પછી તો એનાથી છૂટવું હોય તોપણ નહિ છૂટાય. એની પરિણતિ થઈ જશે.

ત્યારે હવે એક અભિપ્રાય નવો ઘડવાનો છે કે જેની કિંમત કરી છે એ નિર્મૂલ્ય છે. એની કોઈ કિંમત જ નથી આ. આ બાજુના માર્ગમાં, આ બાજુના વિષયમાં એની કોઈ કિંમત નથી. આખી દુનિયા અનુકૂળ થઈ જાય અને અનુકૂળતાના ગંજ ખડકાઈ જાય તોય એમાંથી આત્માને સુખ નહિ આવે. અને એમ ન થાય અને પ્રતિકૂળતાના ગંજ ખડકાય જાય તો એમાંથી દુઃખ નહિ આવે. કલ્પનાથી પણ દુઃખ ગમે તેટલું થાય, કલ્પનાથી સુખી અને કલ્પનાથી દુઃખી ગમે તેટલો થાય પણ એમાંથી સુખ આવે કે એમાંથી દુઃખ આવે એ તો વસ્તુસ્થિતિ નથી. માટે એની કોઈ કિંમત નથી. ભલે એની કિંમત અંકાઈ ગઈ છે. એમાં તો પૂર્વ સંસ્કારને લઈને બહુ જલ્દી થઈ જાય છે એ કામ.

એક તો પૂર્વ સંસ્કાર એ જ લઈને આવ્યો છે અને એમાં પ્રસંગ ઉદય આવ્યો કે ભણતર પૂરું થયું અને દુકાને બેસી ગયો. ધંધે લાગી ગયો. એટલે બહુ ઝડપથી એ અભિપ્રાય કેળવી અને એની પાછળ લાગી જાય છે. ક્યારે કેટલી જબરદસ્ત એની અસર થઈ ગઈ એની પોતાને ખબર પણ નથી. પણ હવે ખબર પડે છે કે છોડ્યું છૂટતું નથી. તો કેટલો અસરમાં આવ્યો છે !

મુમુક્ષુ :- ટૂંકા ગાળાનું Planning એવું કે આપણને Vision માં પણ દેખાય કે આમ કરવાથી આમ થાય, આમ થાય. એમ કરીને એની અંદર જ ચડી જઈએ. ઓલું લાંબાગાળાનું Planning છે એ દેખાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- પણ કેટલી અસર નીચે આવી ગયો કે આજે એને છોડવું હોય તો છોડવામાં પસીનો ઉતરે એવું છે. અભિપ્રાય બદલવો હોય તો મહેનત પડે છે. એટલી અસર બહુ થોડા કાળમાં લઈ લીધી. પછી તો એનો ઊંધો પ્રયોગ ચાલુ રહ્યો. જ્યાં સુધી આ વાત ઉપર ધ્યાન નથી ગયું અથવા ધ્યાન ગયું છે પણ સવળો પ્રયોગ ચાલુ

નથી થયો ત્યાં સુધી ઊંધો પ્રયોગ પાછો ચાલુ છે એનો. જે દઢતા પણ ઘણી થઈ. ઘણી ચાલું છે દઢતા. હવે આખે આખી ગુલાંટ મારવી પડે છે. એટલે થોડું શરૂઆતમાં નથી થતું એવું લાગે છે એનું કારણ આવી એક પરિસ્થિતિ છે. પણ છતાં એ પરિસ્થિતિમાં ફેરફાર બરાબર થાય છે. શક્ય છે. એની ગંભીરતા સમજવી પડે કે એ પરિસ્થિતિ અનંત દુઃખનું કારણ છે. પરિસ્થિતિ બદલાય તો અનંત સુખનું કારણ છે. એ પરિસ્થિતિ બદલવાની આજ્ઞા શ્રીગુરુની છે. એ પરિસ્થિતિ બદવાની આજ્ઞા જિનેશ્વરદેવની છે.

ભાવના થતી નથી તો તારે એમ વિચારવું રહે છે કે હજી આ જીવને અનંતકાળ ભવભ્રમણ કરવાનું બાકી લાગે છે. નહિતર હવે અહીં આવેલો, કાંઠે આવેલો ડૂબે નહિ. કેમકે કાંઢે ડૂબવાની પરિસ્થિતિ જ નથી. પાણી જ કાંડા સમાણું છે. ચાર ઈંચ પાણીમાં કોઈ ડૂબે તો કેવી રીતે ડૂબે ? એ તો કહો. ચાર ઈંચ- પાંચ ઈંચ પાણીમાં કોઈ ડૂબી શકે ? શિર્ષાસન કરે તો જુદી વાત છે. સંપૂર્ણ ઊંધો હોય તો ડૂબે. બાકી પાંચ ઈંચ પાણીનું દળ હોય એમાં કોઈ માણસને ડૂબવું હોય તોપણ ન ડૂબી શકે. આ એવી કાંઠે આવેલાની વાત છે. કાંઠે આવેલો ડૂબે નહિ અને ડૂબે તો સમજવું કે સરાસર ઊંધાઈ કરી છે ત્યારે એ ડૂબ્યો છે, બીજું કાંઈ નથી.

જ્યારે એ ઉપયોગ દ્વારમાં ચેતનાને હુંપણે, દઢપણે ચિંતવવામાં આવે છે ત્યારે એ ચિદ્‌પરિણતિ ઉત્પન્ન થાય છે અને એ ચિદ્‌પરિણતિ વડે સ્વરૂપરસની, આત્મરસની, ચૈતન્યરસની, અમૃતરસની ઉત્પત્તિ થાય છે. આ વાત એમણે સાથે સાથે લીધી છે એ બહુ જ અનુભવપૂર્વકની વાત લીધી છે. કોઈપણ વિષયનો ઘણો રસ થતાં એની પરિણતિ થાય છે. અને પરિણતિ જેમ જેમ ગાઢ થાય છે એમ એ વિષય ઘણો રસિક (થતો જાય છે), એનો રસ ગાઢ થતો જાય છે. પરિણતિ અને રસ અવિનાભાવી છે.

એમની ભાષામાં લઈએ તો '**નિરંતર અપને સ્વરૂપ કી ભાવના મેં મગ્ન રહે, દર્શનજ્ઞાન-ચેતના કા પ્રકાશ ઉપોયગ દ્વાર મેં દઢ ભાવે...**' દઢ ભવે, દઢ ચિંતવે એટલે દઢ ભાવે. એટલે હુંપણે ભાવે. ભાવવાનો અર્થ કે હુંપણે ભાવે. '**ચિદ્‌પરિણતિ તે સ્વરૂપરસ હોય હૈ.**' અને જે

ચિદ્‌પરિણતિ થાય... દઢ ભાવનાથી શું થશે ? દઢ ભાવવાથી એની પરિણતિ થઈ જશે અને પરિણતિ થવાથી સ્વરૂપસની, આત્મરસની, ચૈતન્યરસની ઉત્પત્તિ થઈ જશે. આ એક પરિણતિ અને રસનો વિષય દઢપણે વેદનને પકડીને પોતાપણું ભાવતાં (તેની પરિણતિ થાય છે).

જ્ઞાનીઓ કરે છે શું ? જ્ઞાનીઓ શું કરે છે ? કે એ દઢપણે પોતાના સ્વરૂપને, ચૈતન્યના પ્રકાશને દઢપણે ભાવે છે, એનાથી એની પરિણતિ હોય છે, એનાથી એનો એને રસ હોય છે અને એ રસની અંદર એ તલ્લીન છે. આ કર્યા કરે છે. બીજું કાંઈ એને કરવાનું કારણ નથી કે કાંઈ કાર્ય નથી. અંદરનું આ કાર્ય બરાબર ચાલે છે. પૂર્ણતા સુધી. જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી એ બરાબર ચાલે છે.

આ વિષય થોડો વધારે ઊંડાણથી ચિંતવનમાં, મંથનમાં લેવા જેવો છે. અને થોડું એ બાજું ચિંતન-મંથન પછી Practical side જે છે એ બાજુ આવવા જેવું છે. 'અનુભવપ્રકાશ'ની વિશેષતા એ છે કે બે લીટીમાં એમણે એવી વાત કરી છે કે જેનો બધો રસકસ લઈને એ વાત કરી છે. એટલો બધો રસ અને કસ ભર્યો છે. આખી વાત એણે પોતાના અનુભવથી બે લીટીમાં મૂકી.

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત જોઈએ તો એમણે ભાવનાનો વિષય બહુ લીધો છે. ભાવનાનો વિષય એટલા માટે લે છે કે પછી આગળનો રસ્તો બહુ સાફ છે. કોઈ એમ કહે કે જ્ઞાન તે આત્મા છે અને જ્ઞાનમાં આત્મા જડી જાય પણ અમને નથી જડતો. તો વાત એટલી જ છે કે એ ભાવનામાં નથી આવ્યો. ભાવનામાં આવ્યા પછી રસ્તો બહુ સરળ અને સુગમ એટલો બધો છે કે આશ્ચર્યકારક સુગમતા છે એની. એટલો બધો સુગમ રસ્તો છે, ભાવનામાં આવે તો. એટલે એમણે પોતાના વક્તવ્યમાં ભાવનાનો વિષય વારંવાર લીધો છે. ભાવનાની પ્રેરણા પણ બહુ આપી છે. અને ભાવનાનો લાભ કેટલો છે એ પણ પ્રેરણા આપવા માટે જ વાત કરી છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તો એ ભાવના નિષ્ફળ ન જાય. અને કોઈ એમ કહે કે ભાવના નિષ્ફળ જાય છે તો ચૌદ બ્રહ્માંડને ફરવું પડે. એમ કહે છે.

એટલે આખા જગતના અસ્તિત્વ કરતા બળવાન ચીજ છે ભાવના. એમ કહે છે. ત્રણ લોકના અસ્તિત્વ કરતા, જે શાશ્વત છે ત્રણ

લોક ચૌદ બ્રહ્માંડ, એનું અસ્તિત્વનું જે બળ છે એના કરતા ભાવનાનું બળ વધારે છે એમ કહે છે. કેમકે શુદ્ધ સ્વરૂપની ભાવના છે. એ ભાવનાનું મહત્ત્વ દર્શાવવા માટે બહુ જ અનુભવમાંથી નીકળેલા વચનો છે એમના. ભાઈ ! 'ગુરુદેવ' કહે છે, 'ગુરુદેવ' કહે છે એવી વાત નથી. એવી વાતો કરી છે કે 'ગુરુદેવ' વાંચીને આફરીન થઈ ગયા. 'બહેનશ્રીના વચનામૃત'નું પુસ્તક બહાર પડ્યા પછી 'ગુરુદેવ' વાંચીને આફરીન થઈ ગયા. કેમ ? એમણે મુમુક્ષુને બહુ ભાવનાના વિષયમાં ઉપકાર થાય એવી વાતો કરી છે અને એવી શૈલીથી વાત કરી. પોતાની આગવી શૈલી છે. 'ગુરુદેવ'ની પદ્ધતિથી વાત નથી કરી. 'ગુરુદેવ' કહે છે... 'ગુરુદેવ' કહે છે... એ તો એમને ઉપકાર થયો છે એટલે વારંવાર એ વાત બોલે છે. પોતાના ઉપકારી ગણીને એમનું સ્મરણ કરે છે વારંવાર. અને એ એમની ભક્તિનો અને બહુમાનનો વિષય છે. પણ જે વાત કરે છે એ પોતાની મૌલિક પદ્ધતિથી અંતરમાંથી ઊગેલી સ્વતંત્ર વાતો કરે છે.

આપણે જે 'બહેનશ્રીના વચનામૃત' સ્વાધ્યાયમાં થઈ ગયા છે એ વખતે 'સોનગઢ'થી કોઈ કોઈ લોકો સાંભળવતા આવતા અહીંયાં. અને જેમણે સંકલન કર્યું છે એમને ખુદને આશ્ચર્ય થયું. કે તમે જે વચનામૃતનું વાંચન કરો છો અને જે લોકો આવીને વાત કરે છે, મને પણ નવાઈ લાગે છે. કેમ ? કે હું જેના-તેના ઉપર વિશ્વાસ નથી મૂકતો પણ જેના ઉપર હું વિશ્વાસ મૂકું છું એ લોકો જ્યારે વાત કરે છે ત્યારે મને નવાઈ લાગે છે. કેમકે એમની મૌલિકતા ઘણી છે. અને આપણે વાંચનમાં ઘણું કાઢ્યું છે એમાંથી કે કેવી કેવી મૌલિકતાથી કેવી કેવી વાતો કરી છે ! એવું છીછરું નથી. જે Comment છે એવું છીછરું નથી. ઘણું ઊંડાણ છે. અને એવું ઊંડાણ છે એટલે જ 'ગુરુદેવે' એની પ્રશંસા કરી છે. એ જે પ્રશંસાનો ભાવ આવ્યો છે એ 'ગુરુદેવ'ને જે ઉછાળો આવી ગયો. લાખ પુસ્તક જે કહ્યું ને ? એ ઉછાળો આવી ગયો. એ એમની મૌલિકતા જોઈને ઉછાળો આવ્યો છે.

ગુરુને જ્યારે કોઈ પોતાનો શિષ્ય એવો પાકે ત્યારે એની છાતી ગજગજ ફૂલે છે કે નહિ ? આ એવી વાત છે. આ એવી વાત છે. એને પોતાને પ્રમોદ ઘણો થયો છે. કારણ કે આમ તો સીધો પરિચય કરવાનો કોઈ પ્રસંગ નથી એમને. કે 'બહેનશ્રી' વાંચતા હોય અને એ સાંભળે તો

કાંઈ એમના ભાવોનો પરિચય થાય. પોતાના જ્ઞાનથી ખ્યાલ આવી જાય કે આમની દશા બહુ સારી છે. પણ બીજી કોઈ વાતચીતનો સીધો પ્રસંગ નહિ, અધ્યાત્મ વિષયનો. અને એમણે પોતાનો જે વિષય હતો જ્ઞાનમાં એ બધો પોતામાં વક્તવ્યમાં ખુલ્લો કર્યો. એ વાત પુસ્તકાકારે જ્યારે બહાર આવી (ત્યારે) ઘણો પ્રમોદ થયો પોતાને. આમ એમના પ્રત્યે પ્રમોદ હતો એ વધ્યો છે. પુસ્તકના કારણે.

જે વાત આવે છે કે પરિચય ક્યાં હતો ? એ તો સાંભળી વાતથી પ્રશંસા કરતા હતા. પણ આ પુસ્તક આવ્યા પછી પ્રશંસા કરે છે એમાં ક્યાં સાંભળી વાત રહી ? એક દલીલ એવી આવે છે. 'ગુરુદેવે' વાત સાંભળેલી અને પ્રશંસા કરે. એમ કોઈની સાંભળેલી વાતથી 'ગુરુદેવ' પ્રશંસા કરે તો તો તમારા વિષયમાં કરાવી દયો ને. કો'કની પાસે સંભળાવી દયો તમારી વાત. જુઓ, 'ગુરુદેવ' કેવી પ્રશંસા કરે, સમજણ પડે. Certificate એકવાર તો લઈ આવો એક શબ્દનું તો એમાંથી. ઘણા શબ્દો વાપર્યા એમાંથી એક શબ્દનું તો Certificate લઈ આવો. એવી વાત નથી, છીછરી વાત નથી. ગંભીર વાતો છે.

એવી ગંભીર વાતોનું જે મહત્ત્વ છે એ મહત્ત્વનો આદર આવવો જોઈએ. મુમુક્ષુજીવને એનો અનાદર થાય તો અપરાધ થાય. એટલા માટે એની ગંભીરતા છે. એ જેટલું એની અંદર મહત્ત્વ છે એ મહત્ત્વ સમજાયને એનો આદર આવવો જોઈએ. ન સમજાય તો સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. પણ ન સમજાય અને અનાદર થાય તો અપરાધ થાય.

અત્યારે આપણે આગળ આમાંથી નહિ ચાલીએ. ૧૫-૨૦ Minute છે આપણી પાસે. પણ આ થોડું Home work કરવા જેવો વિષય આવી ગયો છે. અને આટલી વાત ઉપર થોડું Home work કરવામાં આવે, પછી આપણે ચર્ચા કરવી હશે તો એ વિષય ઉપર ગમે તેટલી કરશું. પણ વાંચન કરવા ખાતર વાંચન કરવું અને સાંભળવા ખાતર સાંભળવા બેસવું એ અનંત કાળ કર્યું છે. એ પદ્ધતિએ અનંત કાળ ચાલ્યા ગયા. ખરેખર તો Serious attempt જેને કહેવાય, બરાબર Sincerity થી કામ હાથમાં લેવું, કામ કરવું, કામ કરવાની Sincerity માં આવવું એ કરવાનું છે.

આ બે લીટી જે અઢી લીટી છે એમાં બહુ ભર્યું છે. ભાવના, ભાવનાપૂર્વકનું અવલોકન, અવલોકનથી હુંપણાની ચિંતવના. એ ચિંતવનાની દઢતા. દઢતાથી પરિણતિ અને પરિણતિથી સ્વરૂપરસ સુધીનો વિષય છે. શબ્દ થોડા છે, માલ બહુ ભરી દીધો છે એમણે. એટલે વિષય એવો છે કે જો એના ઉપર, આપણે નથી આ વિજ્ઞાનના વિદ્યાર્થીઓને આપે છે Practical કે આ એક Practical આપી છે Workout કરવાનું છે તમારે. એને Workout કરીને જરા Output કરી દેખાડજો. એમ અહીંથી બહાર ન નીકળવું જોઈએ. એટલું એના ઉપર Workout કરવું જોઈએ કે અહીંયાંથી બહાર ન નીકળવું જોઈએ. એનું Output ન મળે ત્યાં સુધી. એવો સરસ વિષય છે આ જગ્યાએ.

એટલે ખોજી જીવ હોય તો જ્યાં સુધી એને Output એટલે એની Product ન મળે ત્યાં સુધી કલાકો નહિ, દિવસો સુધી એમાં રોકાઈ જાય. વિષય એવો છે. કલાકો તો નીકળી જાય પણ દિવસો પણ નીકળી જાય, જો બહાર Output ન આવે તો. વિષય એવો સરસ છે.

ભાવના, નિરંતર ભાવના એ પ્રગટ પાત્રતા છે. અને પાત્રતાની પહોંચ છે. સ્વાનુભવમાં પાત્રતાની પહોંચ છે. બુદ્ધિની, જ્ઞાનના ક્ષયોપશમની કે કોઈ ક્રિયાકાંડીની પહોંચ નથી. એમાં બીજા કોઈ દાની હોય કે ક્રિયાકાંડી હોય કે બુદ્ધિવાળા જ્ઞાની હોય, દાની, જ્ઞાની, ક્રિયાકાંડી. એમાં જ્ઞાની ઓલા લેવા-ક્ષયોપશમવાળા, બુદ્ધિવાળા. એ કોઈની પહોંચ નથી. ઓછામાં ઓછી બુદ્ધિ હોય પણ પાત્રતા (હોવી જોઈએ). અંદરમાં ને અંદરમાં જ્ઞાન દર્શનના ઉપયોગના દરવાજે, ઉપયોગ દ્વાર લીધો ને ? જે ચેતનાનો પ્રકાશ છે એ સાક્ષાત્ પરમાત્મા છે. જે ચેતનાનો પ્રકાશ છે, ચૈતન્યમૂર્તિ એ સાક્ષાત્ પરમાત્મા જ છે, કારણ પરમાત્મા જ છે. જ્ઞાન-દર્શનના ઉપયોગના દરવાજે આવીને ઊભો છે. તું કહે છે કે મને દર્શન થતાં નથી. પણ છે. જ્ઞાની એમ કહે છે કે અમે દર્શન કર્યા, અમે જોયા, અમે દર્શન કર્યા. તારા ઉપયોગમાં ઊભો છે. ભાવનામાં આવ. દર્શન કરવા હોય તો ભાવનામાં આવ. તને દર્શન થતાં નથી. હું શું કરું ? ઉપયોગ દ્વારમાં પરમાત્મા હશે તમે કહો છો એટલે. પણ મને દર્શન થતાં નથી. હું શું કરું ? કે તું ભાવનામાં આવ્યો નથી માટે નથી થતાં. ભાવનામાં આવ એટલે થઈ જાય. બીજું

કાંઈ નથી. આ સીધી વાત છે. કેમકે એ પાત્રતાની ત્યાં પહોંચ છે. અને એ પરમાત્મા ત્યાંથી ખસવાનો નથી. તું જોતો નથી, તું અવગણના કરે છો, તું મોઢું ફેરવીને બીજા કામમાં લાગી જા છો. પણ એ ત્યાંથી રિસાઈને ક્યાંય વયા જાય એમ નથી.

મુમુક્ષુ :- કેમકે તું પોતે જ છો.

પૂજ્ય ભાઈશ્રી :- એ ખસે એમ નથી. નહિતર શું થાય અનાદર કરો એ મોઢું ફેરવીને ચાલતો થાય. આ કારણ પરમાત્મા અનંત કરુણામય છે. એ અનંતકાળથી જીવ અનાદર કરતો હોવા છતાં પોતે ખસતા નથી ત્યાંથી. હાજર જ રહે છે. જે દિ' મોઢું ફેરવે તે દિ' પોતે સ્વયં પ્રકાશમાન છે. સ્વયં જ પ્રકાશમાન છે. પ્રકાશની મૂર્તિ છે. ચૈતન્યપ્રકાશની મૂર્તિ જ છે. અને દરેકના ઉપયોગમાં છે. મારા, તમારા, સૌના ઉપયોગમાં એ વાત છે. ઉપયોગ દ્વારમાં ખડી મૂર્તિ છે. ભાવનામાં આવીને જોવે એટલી વાર છે. બાકી કાંઈ કોયડો નથી, કર્યો કોયડો કોડીનો નહિ. આ કનું Aletration છે. કર્યો કોયડો કોડીનો નહિ. કોયડો હોય છે ને ? સમજો એટલે એમ થાય કે લે, આમ છે ? આમાં તો કાંઈ નથી. અને નહિતર મોટી સમસ્યા લાગે. એવો કોયડા જેવો વિષય છે.

મુમુક્ષુ :- ભાવના છે એ શબ્દોને કે વિકલ્પોનું રટણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. નહિ. એ રટણ તો નથી પણ ભાવના છે એ ભાવુકતા પણ નથી. એ તો ચર્ચા થઈ હતી ભાઈને ત્યાં. ભાઈને ખ્યાલ છે. ભાવના અને ભાવુકતામાં ફેર છે. ભાવુકતા છે એ એકદમ ભાવમાં ઊભરો આવે છે ત્યારે જીવ ભાવુકતામાં આવે છે. પણ ભાવનાનું સ્વરૂપ બીજું છે. ભાવુકતાનું સ્વરૂપ જુદું છે. એટલે ભાવના એક નિરંતર રહે છે. ભાવુકતા અમુક સમયની ક્ષણિક હોય છે. પૂરી થઈ જાય છે ભાવુકતા. પછી ભાવુકતા ચાલુ નથી રહેતી. ભાવુકતા જુદી ચીજ છે અને ભાવના જુદી ચીજ છે. અહીંયા ભાવનાનો વિષય છે, ભાવુકતાનો નથી. રટણ, ચિંતન, વિકલ્પ તો નથી પણ ભાવુકતા પણ નથી. ભાવના બીજી વસ્તુ છે.

ભાવના છે એ અપ્રાપ્તિમાં ઉત્પન્ન થતી ચાહના છે. અને એની પૂર્તિ પ્રાપ્તિ સિવાય બીજી રીતે નથી. ભાવનાની અને ચાહનાની પૂર્તિ

ક્યાં છે ? કે જેની ચાહના છે એ વસ્તુ મળે એની પૂર્તિ છે. ત્યાં સુધી એની પૂર્તિ નથી થતી. એ ચીજ મટતી નથી. મટતી નથી એટલું જ નહિ. પાણી ન મળે અને તરસ વધતી જાય એમ વધતી જાય. એનું નામ ભાવના છે. વસ્તુ ન મળે તો ભાવના ઘટે નહિ, વધે. પાણી ન મળે તો પાણીની તૃષા વધી જાય. ઘટે નહિ કોઈ દિવસ. અને પાણી મેળવ્યે એને છૂટકો થાય.

મુમુક્ષુ :- સ્વરૂપની ભાવનાની બદલે આત્મશાંતિની ભાવના એમ લઈએ તો ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એક જ વાત છે. સ્વરૂપની ભાવના કહો કે આત્મશાંતિની ભાવના કહો. આત્મશાંતિ એ સ્વરૂપનો એક અવયવ છે. આત્મસ્વરૂપ એ આત્મશાંતિ ઉપરાંત બીજું ઘણું છે એવું છે. એટલે આત્મશાંતિ કહેતા સ્વરૂપ લઈ લઈએ તો વાંધો નહિ. આત્મશાંતિ કહેતા એમાં સ્વરૂપ Include થઈ જતું હોય તો વાંધો નથી એની સાથે. પણ એટલું જ સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- અશાંતિમાં ઊભો છે આ જીવ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ઠીક વાત છે. પણ છતાં સ્વરૂપ લેવું છે. એકલી શાંતિ નથી લેવી. ઘણું છે એ સિવાય, શાંતિ ઉપરાંત ઘણું છે.

મુમુક્ષુ :- આત્મશાંતિની સિવાય ઘણું બધું અપાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ મોટો વૈભવ છે. સ્વરૂપનો વૈભવ ઘણો છે. શાંતિ તો એનો એક હીરો છે. એક પાસુ છે એનું. હીરાના સેંકડો પાસામાંથી એક પાસુ છે આત્માશાંતિ તો. આખો હીરાનો ઝગઝગાટ ઘણો છે. એનું તેજ એક પાસા જેટલું નથી. એવું છે. આખું જગત કેવળજ્ઞાનમાં પ્રતિભાસે છે. ત્રણે કાળના પર્યાયો સહિત. છતાં એ જ્ઞાનનો કોઈ અંશ સ્વરૂપથી વિચલિત કેમ નથી થતો ? અને જગતના કોઈ ચિત્ર-વિચિત્ર પ્રસંગ પ્રત્યે એક સમય માટે અને એક અંશ પૂરતો એની સન્મુખ થાય એમ કેમ નથી થતું ? એટલી વિશેષતા છે ત્યારે ને ! અનંત કાળ સુધી પોતાના સ્વરૂપને જાણે અને અનુભવે-વેદે અને એ જેવું છે એવું ને એવું છે. અને એને જ જાણે અને એને વેદ્યા કરે છે. એક One side આ છે એની. એની On the other side તમે લ્યો તો લોકાલોક ત્રણ કાળના ચિત્ર-વિચિત્ર પ્રસંગો અને પદાર્થો એ જ્ઞાનમાં

પ્રતિભાસે છે. છતાં એ જ્ઞાન સ્વરૂપ સન્મુખતા છોડીને, સિદ્ધ પરમાત્મા કોઈ અંશે, પાછું આખું ન ફરે તો કાંઈ વાધો નહિ, એક અંશે ફરે. કેમકે એમાં તો અનંત અવિભાગપ્રતિચ્છેદ છે. એમાં એક પ્રતિચ્છેદ અનંતમા ભાગે, અનંતમા અંશે અને એક સમય ત્રણ કાળમાંથી, અનંતા કાળમાંથી. ત્યાંથી ફેરફાર કેમ નથી ? એ બાજુ કેમ નથી જાતા ? કારણ કે સ્વરૂપ એવું છે. શું કારણ છે ? કે સ્વરૂપ એવું છે ઈ કારણ છે.

સ્વરૂપની અંદર આત્મસ્વરૂપમાં એટલો વૈભવ ભરેલો છે. 'અમૃતચંદ્રાચાર્ય' તો 'સમયસાર'ની ટીકા કરતાં કરતાં એક કળશમાં કહે છે અદ્ભુતાત્ અદ્ભૂતમ્. અદ્ભુતથી અદ્ભુત અંદર આત્મસ્વરૂપ છે. અલમ્ ... બસ થાઓ, બસ થાઓ. કહેવાયું, ઘણું કહેવાણું. હવે તો આ વિકલ્પથી બસ થાઓ અને આ કહેવાથી પણ બસ થાઓ. એમ કરીને એક કળશ લખ્યો છે. કેમકે ભાષામાં પૂરું પડે એવું નથી. ભાષાથી પૂરું પડે એવું નથી. કહેવા જાવ તો કહી શકાય એવું નથી. તો પછી શું ? એમાં ડૂબી જાય. બીજું કાંઈ નહિ. એમાં આત્મા ડૂબેલો રહે સાદિઅનંત કાળ પર્યંત. બીજું કાંઈ એનો નતીજો નથી, એનું કોઈ બીજું Result નથી, એનું ફળ નથી. એવું સ્વરૂપ છે.

એક અનુકૂળતાના સુખ માટે એક માણસ દિવસના કેટલા Time મજૂરી કરે છે એ કહો. માણસ જે મજૂરી કરે છે. ભલે Office આઠ-દસ કલાસ પૂરતો Attend કરતો હોય પણ પછી તો રટણ એ જ છે. આનું આમ કરવાનું, આનું આમ કરવાનું. શું કરવા ? બહારની બધી અનુકૂળતા સચવાઈ રહે. કપડા-લતા, ખાવું-પીવું, મકાન-આબરૂ, વ્યવહારિક પ્રસંગ બધા સચવાઈ રહે. આના માટે આટલું ચૂકવે છે, ખર્ચ કરે છે. સમય અને શક્તિ. તો અનંત કાળનું અનંત સુખ સાદિઅનંત અનંત સમાધિ સુખ અનંત દર્શન અનંત જ્ઞાન સહિત. પાછું એકલું સુખ નહિ. અનંતદર્શન અનંતજ્ઞાન સહિત. એની પ્રાપ્તિ માટે કેટલી ભાવના જબરદસ્ત આવે ? જો આની પ્રાપ્તિ માટે આટલી મજૂરી કરતો હોય તો એની પ્રાપ્તિ માટે કેવી જબરદસ્ત ઉત્પન્ન થાય ! એ ભાવના ઉત્પન્ન થયે એના દર્શન છે. એ ભાવનામાં ન આવે ત્યાં સુધી અંધારુંઘોર છે. કાંઈ પત્તો લાગે એવું નથી. ગમે તે કરીને મરી જાય.

મુમુક્ષુ :- આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાન. એ અનુભવમાંથી કાઢ્યું છે.

'પૂજ્ય બહેનશ્રી' એ જે ભાવનાની વાત કરી છે એ જ 'કૃપાળુદેવે' વાત કરી છે. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન' ભાવના ઉપર દરેક જ્ઞાનીનું એટલું વજન છે. આ 'દીપચંદજી'ની વાત છે. કોઈપણ જ્ઞાનીનું એટલું જ વજન છે એ વિષય ઉપર. તમામ જ્ઞાનીઓ એક જ વાત કરે છે. બીજી વાત કોઈ કરતા નથી. સર્વે જ્ઞાની એક જ વાત કરે છે. પછી નામ આપણે કોઈ વખત આ જ્ઞાનીના નામથી વાત કરીએ કે આ જ્ઞાની આમ કહે છે. કોઈ વખત આ જ્ઞાનીના નામથી વાત કરીએ કે આ જ્ઞાની આમ કહે છે. બાકી તો સર્વે જ્ઞાની એમ જ કહે છે. એ વાત એની અંદર ગર્ભિત સમાવેશ થયેલી જ છે. એમાં કોઈ બીજી રીતે લેવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. પણ બોલવામાત્ર નહિ. ચિત્તને ચેતનામાં લીન કરે. ભાવના બોલવા માત્ર નહિ. ચિત્તને ચેતનામાં લીન કરે. (અહીં સુધી રાખીએ...)

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનારે, અનેક પ્રકારે બોધને સમજીને, પોતાને જે કાંઈ જેટલું લાગુ પડતું હોય, તેનો સદ્‌ઉપયોગ કરવાનું લક્ષ રાખવું જેથી તત્ત્વ-અભ્યાસ સાર્થક થાય, નહિ તો પરલક્ષી જાણપણું વધારવાનો વ્યાપાર વધી જશે. તેમજ શાસ્ત્રીય અભિનિવેષ ઉત્પન્ન થઈ જશે. તત્ત્વઅભ્યાસનું મૂલ્ય પણ સ્વલક્ષે થયેલ હોય તો જ છે, અન્યથા નહિ. પોતાને ઉપયોગી હોવા છતાં તેનો ઉપયોગ ન થાય તો જીવતે એકાંત પરલક્ષ છે, તેવી સ્થિતિમાં કદી આત્મહિત થાય નહિ. વ્યર્થ પરિશ્રમ થાય. (અનુભવસંજીવની - ૧૧૨૭)

## તા. ૧૭-૧૧-૧૯૯૨, પાના નં. ૧૦, પ્રવચન નં. ૧૭૩

આ ઘટમાં પ્રકાશે છે તે દેખે છે તે છૂપાયેલો નથી. આ શૈલી બહુ સરસ આવી છે એમની, હોં ! જુઓ, મૂળ ભાષામાં જોઈએ. 'સો હમારા અખંડ વિલાસ સુખનિવાસ અનુભવપ્રકાશ મેં હૈ. વચનગોચર નાહીં. ભાવનાગમ્ય હૈ. યહ મેરા જ્યોતિસ્વરૂપકા પ્રકાશ મૈં હૂં. પ્રગટ ઈસ ઘટમેં પ્રકાશતા હૈ. સો દેખતા હૈ, છીપા નાહીં. ગોપ્ય કૈસે માનો ?' 'છિપા નાહીં ગૌપ્ય કૈસે માનો ?' જે છુપાયેલો નથી એને હું છુપાયેલો કેમ માનું ? એમ કહે છે. છુપાયેલો નથી તેને ગોપ્ય કેવી રીતે માનું ?

'છતી વસ્તુ કો અનછતી કૈસે કરું ? જો ચીજ છતી હૈ ઉસકો અનછતી કૈસે કરું ? છતી-અનછતી ન હોતી હૈ, પીછે જૂઠી હી છતી કો અનછતી માની થી. ઈસકા અનાદિ દુઃખફલ ભયા થા. શરીર કો આપા કૈસે માનીએ ? યહ તો રક્ત વીર્ય તે ભયા, સાત ધાતુ જડ વિજાતીય વિનશ્વર પર હૈ. સો મારી ચેતના નાહીં.' એટલા શબ્દો લીધા છે. બહુ સરસ વિષય લીધો છે. આવિર્ભાવ કરવા માટેના વિષયની શૈલી બહુ સારી છે એમની. એ તો કહે છે, પ્રગટ જ પ્રકાશે છે ને, પછી શું ? આ જાણે-દેખે છે એ કોણ છે પણ હવે ? દેખે છે, જાણે છે, પ્રગટ પ્રકાશે છે એ જ્ઞાનની જ્યોતિ એ જ છે. ક્યાં છૂપાયેલો છે ? છુપાયેલો નથી એને હું છુપાયેલો કેમ માનું ? છતી વસ્તુને અણછતી કેમ માનું ?

આપણે કાલે એક વાત થઈ હતી કે આપણને કોઈ પૂછે કે તમે ચેતન છો કે જડ છો ? શું જવાબ દઈએ ? જડ તો નથી, હોં ! છીએ તો ચેતન. બસ ! આટલું નજીક છે. પ્રગટપણે ચેતન છે. એટલે એકદમ સુગમતા આવી જાય એના માટેની શૈલી લીધી છે.

છતી વસ્તુને અણછતી કેમ કરું ? અને જે છુપાયેલો નથી, પ્રગટ પ્રકાશે છે એને હું ગુપ્ત ગોપવવા યોગ્ય કેમ માનું ? અને છુપાવવા યોગ્ય કેમ માનું ? છુપાયેલો કેમ માનું ? એ છુપાઈ ગયો છે, અણછતો છે એમ કેમ માનું ? એમ કહે છે. કેમકે વસ્તુ છતી છે તે અણછતી કરી શકાતી નથી.

શાસ્ત્ર પરિભાષામાં 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'સમયસાર'માં એને

ટંકોત્કીર્ણ જ્ઞાયકસ્વભાવ એમ લીધું છે. કેમકે એને અણછતો નથી કરી શકાતો. વસ્તુ જે છતી છે એને અણછતી નથી કરી શકાતી. એટલે ટાંકણાથી ઉત્કર્ણ કોતર્યું હોય એને ભૂંસાડી ન શકાય. આમ આમ હાથ કરે તો લખેલું ભૂંસાઈ જાય. પાણીથી લખ્યું હોય કે Slat માં Pen થી લખે છે એ ભૂંસાઈ જાય. ખોદયું હોય એ કેવી રીતે ભૂંસાય ? આમ આમ કરે તો ભૂંસાય જાય ? ટાંકણાથી ઉત્કર્ણ થયેલો જ્ઞાયકસ્વભાવ છે. ઉપસીને બહાર આવે છે. એને અણછતો કેવી રીતે કરવો ? કેવી રીતે કરી શકશો તમે ?

મુમુક્ષુ :- ઉપસીને બહાર આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જૂઠી રીતે છતીને અણછતી માની હતી. જ્યાં વસ્તુને જોવે ત્યારે એમ થાય કે આ જૂઠી રીતે થયું છે. છતીને અણછતી માની હતી. શરીરને પોતાનું જાણ્યું. હું આવો. જેવું શરીર એવો હું આવો. એમ કરતા છતીને અણછતી કરી હતી. વસ્તુ છતાં ભૂંસાતી નથી. છતાંય ભૂસાતી નથી. એ ઉલ્લંઘન કરી જાય છે માન્યાતમાં, અવગણના કરી જાય છે જ્ઞાનમાં, પણ છતાં વસ્તુ ભૂંસાતી નથી. જ્ઞ... જ્ઞ... જ્ઞ.. જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ.. પ્રગટપણે ચાલુ જ છે. એને ભૂંસાડી શકાતું નથી.

એટલે આપણે સ્વાધ્યાયમાં કોઈ કોઈવાર એ પ્રશ્ન લઈએ છીએ કે જ્ઞાનસ્વભાવી આત્મા, એના પ્રદેશે પ્રદેશે જ્ઞાન એટલું ઠાંસી ઠાંસીને ભરેલું છે કે પ્રદેશે પ્રદેશેથી બહાર આવે છે. રોકી દયો, લ્યો. એને બહાર નીકળતું રોકી ધો એકવાર. એક સમય માટે રોકી દો. નહિ રોકાય. એ તો વસ્તુ છે. પ્રદેશે પ્રદેશેથી જે જ્ઞાન ઉભરાઈને બહાર આવે છે કે જેને રોકી શકાતું નથી એને રોકી લ્યો જોઈ. વસ્તુને અણછતી કેવી રીતે કરશો તમે ? થઈ શકશે નહિ. કરવી હોય તોપણ નહિ થાય એમ કહે છે. આમ દિશાફેર કરવાની વાત છે થોડી.

શરીર તે હું, એ દિશા બદલી નાખે. બસ ! એટલું લીધું છે કે અનાદિથી છતી વસ્તુને અણછતી માની હતી. એ શરીરને આત્મા માન્યો હતો એ હવે કેમ હું માનું ? એમ કહે છે. જે શરીરને આત્મા માન્યો હતો હવે શું કરવા માનું અને કેમ માનું ? એ તો સાત ધાતુનું બનેલું જડ છે. એમાં ચેતના નથી.

બે લીટી છોડીને. '**વિભાવ સ્વભાવને મલિન કરે છે. કર્મ ઉદયથી થયો છે. (તે) મારો નથી...**' એટલે મારું સ્વરૂપ નથી. '**મારું ચેતનાપદ હું પામ્યો.**' જોયું એટલે એને પામ્યો. '**મારું ચેતનાસ્વરૂપ...**' હું ચેતનાસ્વરૂપ છું એમ જોયું એટલે પામ્યો. પામ્યો એટલે અનુભવગોચર થયું. '**મારું ચેતનાસ્વરૂપ અનુભવગોચર થયું.**' કેવી રીતે ? કે '**જ્ઞાનલક્ષણથી લક્ષને ઓળખીને.**' જ્ઞાનલક્ષણથી લક્ષને ઓળખીને. કેટલું ફેરવી ફેરવીને લઈ જાય છે. બીજી વાત નથી કરતા. જ્ઞાન ઉપર પાછા આવે છે. '**જ્ઞાનલક્ષણથી લક્ષને ઓળખીને સ્વરૂપશ્રદ્ધાથી...**' પછી ઓળખમાં જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા થઈ, પ્રતીતિ થઈ. '**સ્વરૂપશ્રદ્ધાથી આનંદકંદની કેલી કરીને હું સુખી થાઉં છું.**'

જુઓને ! મુનિઓ જંગલમાં ખાવા-પીવાનું ભૂલી જાય છે કે નહિ ? વધુમાં વધુ એમનો વિકલ્પ ચોવીસ કલાકે એકવાર આહારનો આવે. આ તો Maximum limit છે એની આહારની. Minimum તો ક્યારે કેટલા દિવસો અને મહિનાઓ નીકળી જાય ખબર ન પડે. કેટલાક મુનિઓને દિવસો અને મહિનાઓ નીકળી જાય ખબર ન પડે. 'ઋષભદેવ' ભગવાનને છ-છ મહિના નીકળી જતા હતા. ક્યાં જાતા હશા કહો જોઈ ? આત્મામાં કેવા ઊંડા જાતા હશે ! છ મહિના વયા જાય એને ખબર પડે નહિ. ભૂખ તરસનું ભાન રહે નહિ. છ મહિને વિકલ્પ ઉઠ્યો. નગરમાં આવ્યા. જોયું કે કોઈને ખબર નથી આમાં. મુનિ શું કહેવાય અને એનું આહારદાન શું કહેવાય. અહીં તો કોઈને કાંઈ ખબર જ નથી. જાય પાછા. પાછા આત્મામાં ગયા તો બીજા છ મહિના. આવી છે વાત. કેવો હશે આત્મા, કહો ! અંદરમાં આત્મા કેવો હશે !

'**ઓળખીને સ્વરૂપદ્ધાથી આનંદકંદની કેલી કરીને હું સુખી થાઉં છું.**' એવી વાત છે. એ બધા પુરાણનું પ્રગટ દૃષ્ટાંત છે. આત્મસ્વરૂપને સમજાવવા માટેના એ દૃષ્ટાંત છે ખરેખર. બહાર નીકળે, આઘો જાય, બહુ આઘો જાય તો નિગોદ સુધી વયો જાય અનંત દુઃખમાં. અંદર આવે, ઊંડો જાય, ઊંડો જાય તો સિદ્ધપદ સુધી વયો જાય. આવું છે. પરિણામની મર્યાદા જુઓ. એક બાજુ આમ ને એક બાજુ આમ. વસ્તુ તો વસ્તુ છે.

મુમુક્ષુ :- જ્ઞાનલક્ષણ એટલે સામાન્ય જ્ઞાન ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનલક્ષણમાં જ્ઞાન સામાન્ય, જ્ઞાન સામાન્ય. કારણ કે વિશેષ જ્ઞાન તો જ્ઞેયાકાર જ્ઞાન છે ને ? એટલે એવું સ્વરૂપ નથી. એકરૂપ સ્વરૂપ છે. અનેકરૂપ સ્વરૂપ નથી. અંદરમાં તો એકરૂપ સ્વરૂપ છે ધ્રુવ તો. વિશેષ જ્ઞાન તો અનેકરૂપ છે. એટલે જ્ઞાન સામાન્ય એ લક્ષણ છે.

મુમુક્ષુ :- જ્યાં એવી વાત આવે છે કે જેટલું આ જ્ઞાન છે તેટલો હું છું. ત્યાં પછી સામાન્ય જ્ઞાન લઈ લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્ય લઈ લેવું. સામાન્ય લઈ લેવું બધે. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું એવો જે દૃઢભાવ તે સમકિત છે. તે સમ્યક્ છે. જ્ઞાન તે હું. બસ ! એટલું જ સમ્યક્ છે. આ જ્ઞાન સામાન્ય જેટલું તે હું એમ થાય એટલું જ સમ્યક્ છે. બસ. છે તો સામાન્ય તે સામાન્ય, પણ એમાં જે હુંપણું થયું એટલું જ સમ્યક્ છે. અને એમાં હુંપણું ન થતાં એથી બહાર કોઈ તત્ત્વમાં 'આ હું' (થાય) એટલું જ મિથ્યાત્વ છે. બીજું કાંઈ નથી. એક સમયની ભૂલ (છે). એક સમ્યક્ ઓળખાય એટલે આત્માની Line પકડાય જાય. આમ છે.

બહુ ચોખ્ખી સીધી સાદી, સરળ, સુગમ અને ટૂંકામાં ટૂંકી વાત છે. લાંબી વાત જ નથી કે આ જ્ઞાન તે હું. બસ ! એ જ આત્મા છે. સ્વપણે અનુભવાતું જ્ઞાન તે જ આત્મા છે. 'પરમાગમસાર'-૭૩૩. સ્વપણે અનુભવાતું જ્ઞાન તે જ આત્મા છે. આ જ્ઞાન તે હું. બસ ! એટલું જ સમ્યક્ છે, એટલો જ આત્મા છે. જ્ઞાન તે હું ન થયું અને ક્યાંક બીજે હું થયું એટલો જ અનાત્મા છે. બસ ! એટલું મિથ્યાત્વ છે. આટલું ટૂંકું છે એકદમ અને આટલું સરળ છે.

મુમુક્ષુ :- પરને જાણતું જે જ્ઞાન છે, એને ગૌણ કરી નાખો તો બાકી શું રહી ગયું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરને જાણતા શું થાય છે અનાદિથી ? કે પરનું અસ્તિત્વ પોતામાં જાણે છે. જેમ કે અવાજ આવવા માંડયો. આપણે બારણું બંધ કરીએ છીએ ને ? એમાં અનુભવ શું થાય છે ? કે અહીં આત્મામાં દખલ થાય છે. એટલે એ અવાજનું અસ્તિત્વ આત્મામાં લઈ લીધું. અવાજ ત્યાં થાય છે. પણ અસ્તિત્વ આત્મામાં લઈ લીધું પરને જાણતાં. એ ભૂલ થાય છે.

જ્ઞાનમાં એકાકાર જ્ઞાન છે. જ્ઞાનમાં એકલું જ્ઞાન છે. સિવાય જ્ઞાન જ્ઞાનમાં કાંઈ નથી. એટલું બતાવવા માટે શબ્ત કેટલો ટૂંકો કર્યો ? કે જ્ઞાનમાત્ર. 'સમયસાર'. આમાં 'સમયસાર' સમાવ્યું છે, લ્યો ! જ્ઞાનમાત્ર એ શબ્દમાં આખો 'સમયસાર' સમાડ્યો છે. બંને આચાર્યદેવોએ. જ્ઞાનમાત્ર કહીને. કેટલો હું ? કે હું જ્ઞાનમાત્ર. આટલો જો મંત્ર સિદ્ધ થાય એટલે સિદ્ધપદ હાથમાં આવ્યું. એ મંત્રનું ફળ સિદ્ધપદ છે.

હું જ્ઞાનમાત્ર એટલા મંત્રનું પળ સિદ્ધપદ છે. આટલું બધું ટૂંકું છે. ઓલા જે મેલી વિદ્યાના મંત્રો હોય છે ને એ તો બોલતા પણ ન આવડે. એવા ચિત્ર-વિચિત્ર એની અંદર શબ્દની ગોઠવણી હોય છે. હીં હું.. હા... એવા કાંઈક કાંઈક ઉચ્ચાર હોય છે કે માણસને એમ થાય કે આ શું ચાલે છે ? ખબર ન પડે છે. કાળી ચૌદશે સાધના કરે છે ને ? આ બહુ સીધો સાદો મંત્ર છે. જ્ઞાનને પકડીને હુંપણું કરવાનું છે. વિકલ્પ નહિ, વિચાર નહિ. જ્ઞાનને પકડીને, ચાલતા જ્ઞાનને પકડીને હુંપણું કર્યું કે સીધુ સિદ્ધપદ સુધી વયુ જાય લક્ષ. લક્ષણ ઉપરથી લક્ષ સિદ્ધપદ છે. 'બનારસીદાસ'ના ઈતિહાસમાં કોઈ એમને સત્પુરુષ મળ્યા હોય એવું યાદ નથી. ખરું કે નહિ ?

મુમુક્ષુ :- એમની જીવની વાંચી છે. ગુરુ કોણ હતા એનો ઉલ્લેખ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નથી. સંસ્કારી જીવ છે. 'સમયસાર' વાંચીને જ્ઞાની થયા છે. 'સમયસાર' વાંચીને જ્ઞાની થયા છે.

મુમુક્ષુ :- 'સમયસાર કળશ' .

પૂજ્ય ભાઈશ્રી :- 'સમયસાર' કળશ એ તો સત્પુરુષના જ વચન છે. મૂળ વસ્તુ 'સમયસાર' છે. 'બનારસીદાસ', 'ગુરુદેવ', 'શ્રીમદ્જી' આ બધાને 'સમયસાર' નિમિત્ત પડ્યું છે. ... એક શ્વેતાંબરનું... 'રાજમલજી' ૪૫૦ વર્ષ પહેલા થયા છે. બહુ પણ ... એમની, હોં ! ખીલવટ ઘણી આવી છે. જ્ઞાન થયા પછી ખીલવટ ઘણી આવી છે. એ 'શ્રીમદ્જી'એ લખ્યું છે 'બનારસીદાસ' વિષે. 'બનારસીદાસ'ના વિષયમાં લખ્યું છે. ૪૫૦ વર્ષ પહેલા થયા પણ એમણે અંદાજ કેવો બાંધ્યો છે !

પાનું-૪૧૬, પત્રાંક-૫૨૦. બીજો Paragraph. ૪૧૬ પાને. 'જે

**મુખરસ સંબંધી જ્ઞાન...'** એટલે આ બીજજ્ઞાન. સ્વરૂપનિશ્ચયનું જ્ઞાન છે ને ? તે '**વિષે સમયસાર ગ્રંથના કવિતાદિમાં તમે અર્થ ધારો છો તે તેમ જ છે, એમ સર્વત્ર છે, એમ કહેવાયોગ્ય નથી. બનારસીદાસે સમયસાર ગ્રંથ હિન્દી ભાષામાં કરતાં કેટલાંક કવિત, સવૈયા વગેરેમાં તેના જેવી જ વાત કહી છે;...'** બીજ જ્ઞાન જેવી જ વાત કરી છે. પણ 'સમયસાર'માં એ વાત નથી. એમ કહે છે.

'**અને તે કોઈ રીતે બીજજ્ઞાનને લગતી જણાય છે.'** 'બનારસીદાસ'માં એ વાત આવી છે એ બીજજ્ઞાનને લગતી વાત છે. '**તથાપિ ક્યાંક ક્યાંક તેવા શબ્દો ઉપમાપણે પણ આવે છે. સમયસાર બનારસીદાસે કર્યો છે,...'** 'નાટક સમયસાર'. '**તેમાં તે શબ્દો જ્યાં જ્યાં આવ્યા છે, ત્યાં ત્યાં સર્વ સ્થળે ઉપમાપણે છે એમ જણાતું નથી, પણ કેટલેક સ્થળે વસ્તુપણે કહ્યું છે, એમ લાગે છે;...'** કોઈ જગ્યાએ એમણે બીજજ્ઞાનની વાત કરી છે તો કોઈ જગ્યાએ ઉપમાની વાત કરી છે.

'**જોકે એ વાત કંઈક આગળ ગયે મળતી આવી શકે એમ છે. એટલે તમે જે બીજજ્ઞાનમાં કારણ ગણો છો તેથી કંઈક આગળ વધતી વાત અથવા તે વાત વિશેષ જ્ઞાને તેમાં અંગીકાર કરી જણાય છે.'** એટલું વિશેષ જ્ઞાન હતું 'બનારસીદાસ'ને. '**બનારસીદાસને કંઈ તેવો યોગ બન્યો હોય એમ સમયસાર ગ્રંથની તેમની રચના પરથી જણાય છે.'** એ આ 'રાજમલજી'ની ટીકા. યોગ એટલે આ 'રાજમલજી'ની ટીકા.

'**મૂળ સમયસારમાં એટલી બધી સ્પષ્ટ વાર્તા બીજજ્ઞાન વિષે કહી નથી જણાતી,...'** જુઓ ! આખા 'સમયસાર'માંથી આ કાઢ્યું એમણે. આપણે તો આ વાત લઈએ છીએ કે 'સમયસાર'માં ભૂમિકાની વાત નથી લીધી ક્યાંય. એટલે 'અમૃતચંદ્રાચાર્યે' પરિશિષ્ટ લખ્યું લક્ષ લક્ષણનું. કેમકે મૂળ ટીકામાં ક્યાંય એ વાત નથી આવી. એ 'શ્રીમદ્જી'એ ઉલ્લેખ કર્યો અહીંયાં કે '**મૂળ સમયસારમાં એટલી બધી સ્પષ્ટ વાર્તા બીજજ્ઞાન વિષે કહી નથી જણાતી, અને બનારસીદાસે તો ઘણે ઠેકાણે વસ્તુપણે અને ઉપમાપણે એ વાત કહી છે. જે ઉપરથી**

**એમ જણાય છે કે બનારસીદાસે સાથે પોતાના આત્માને વિષે જે કંઈ અનુભવ થયો છે,...**' પૂર્વભૂમિકાનો. '**તેનો પણ કોઈ તે પ્રકારે પ્રકાશ કર્યો છે, કે કોઈ વિચક્ષણ જીવના અનુભવને તે આધારભૂત થાય,...**' એટલે મેળવણી કરી શકે અને '**વિશેષ સ્થિર કરનાર થાય.**' એટલે એને પ્રતીતિ આવે, દઢતા થાય. સ્થિર કરનાર થાય એટલે દઢતા થાય.

'**એમ પણ લાગે છે કે બનારસીદાસે લક્ષણાદિ ભેદથી જીવનો વિશેષ નિર્ધાર કર્યો હતો, અને તે તે લક્ષણાદિનું સતત મનન થયા કર્યાથી આત્મસ્વરૂ કંઈક તીક્ષ્ણપણે તેમને અનુભવમાં આવ્યું છે;...**' તીક્ષ્ણપણે એટલે જોરથી. '**અને અવ્યક્તપણે આત્મદ્રવ્યનો પણ તેમને લક્ષ થયો છે, અને તે અવ્યક્તથી લક્ષથી તે બીજજ્ઞાન તેમણે ગાયું છે.**' એ પૂર્વભૂમિકાનો વિષય લીધો.

'**અવ્યકત લક્ષનો અર્થ અત્રે એવો છે કે ચિત્તવૃત્તિ આત્મવિચારમાં વિશેષપણે લાગી રહેવાથી પરિણામની નિર્મળ ધારા બનારસીદાસને જે અંશે પ્રગટી છે તે નિર્મળધારાને લીધે પોતાને દ્રવ્ય આ જ છે એમ જોકે સ્પષ્ટ જાણવામાં નથી, તોપણ અસ્પષ્ટપણે એટલે સ્વભાવિકપણે પણ તેમના આત્મામાં તે છાયા ભાસ્યમાન થઈ છે, અને જેને લીધે એ વાત તેમના મુખથી નીકળી શકી છે;...**' આ ભાવભાસનની, બીજજ્ઞાનની.

'**અને સહજ આગળ વધતાં તે વાત તેમને સાવ સ્પષ્ટ થઈ જાય એવી દશા તે ગ્રંથ કરતાં તેમની પ્રાયે રહી છે.**' એટલે અનુભવમાં આવ્યા છે. કેટલી બધી વાત લખે છે ! 'બનારસીદાસ' ૪૫૦ વર્ષ પહેલા થયા પણ એમનો ગ્રંથ વાંચીને કેટલું કાઢ્યું છે ! ઉપયોગ ઘણો નિર્મળ હતો. 'કૃપાળુદેવ'નો ઉપયોગ બહુ નિર્મળ હતો. કોઈ જ્ઞાનીનો ગ્રંથ હાથમાં લે. બધું .. દેખાય. પારદર્શક દેખાય એવી રીતે દેખાય. લખનાર ક્યાં ઊભા છે ? કેટલી દશામાં જઈને લખે છે ? લખ્યું છે એમાં શું લખ્યું છે અને શું રહી ગયું છે ? બધું એમના ખ્યાલમાં છે.

મુમુક્ષુ :- ૯૩૦માં આપણે જે 'સમયસાર'ની વાત એક આવી હતી હમણા એ આમને લગતી હશે ? પત્ર-૯૩૦. ૬૫૧ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- '**પત્ર અને 'સમયસાર'ની પ્રત સંપ્રાત થઈ.**

**કુંદકુંદાચાર્યકૃત સમયસાર ગ્રંથ જુદો છે. આ ગ્રંથ કર્તા જુદા છે, અને ગ્રંથનો વિષય પણ જુદો છે. ગ્રંથ ઉત્તમ છે.** આ 'બનારસીદાસજી'નું 'નાટક સમયસાર' નથી. એ કોઈ બીજી જ વાત છે. ગ્રંથ કર્તા પણ જુદા છે અને ગ્રંથનો વિષય પણ જુદો છે. ઓલો તો વિષય એક છે. 'બનારસીદાસજી'નો વિષય એક જ છે.

આમાં ફેરવી ફેરવીને પાછા જ્ઞાનલક્ષણ ઉપર લઈ આવ્યા. **'જ્ઞાનલક્ષણથી લક્ષ્યને (ચૈતન્યને) ઓળખી સ્વરૂપશ્રદ્ધાથી આનંદકંદની કેલી (રમત) કરીને (હું) સુખી થાઉં; તે આનંદકંદની કેલી સ્વરૂપશ્રદ્ધાથી કેવી રીતે થાય તે કહેવામાં આવે છે :-'** ફેરવી ફેરવીને રીત બહુ બતાવે છે. એમની જે પદ્ધતિ છે એ અનુભવ કેવી રીતે કરવો ? વિધિ. બહુ સૂક્ષ્મ વિષય છે વિધિનો. પણ પોતાનું સામર્થ્ય ઘણું છે એટલે ફેરવી ફેરવીને અનેક પાસાથી વિધિનો વિષય ચોખ્ખો કર્યો છે એમણે. વિધિનું જ્ઞાન આ ગ્રંથમાંથી સીધું થાય એવું છે. એ દૃષ્ટિકોણથી વિચારવામાં આવે તો 'અનુભવપ્રકાશ'માં અનુભવની વિધિનું જ્ઞાન થવાનો અવકાશ ઘણો છે. કેમકે એમણે View point ઈ પકડ્યો છે.

અનુભવ કેવો હોય ? એમ કરીને અનુભવને ગાયો છે. અનુભવની ભાવના થાય એટલે અનુભવનો મહિમા પણ ગાયો છે. પણ એથી વધારે એમણે, સૌથી વધારે અનુભવ કેવી રીતે થાય ? એ વાત એમણે કરી છે. લગભગ દર પાને અથવા બીજા-ત્રીજા પાને આ વાત એમણે ઉઠાવી છે કે આ કેવી રીતે થાય એ હું તમને કહું. આ કેવી રીતે થાય. એટલે વિધિનો જેને વિષય કહેવાય, એના ઉપર જેની જિજ્ઞાસા વિશેષ હોય અને એ જિજ્ઞાસાપૂર્વક જો આ ગ્રંથનો સ્વાધ્યાય કરે તો એમાંથી મૂળ ચીજ હાથમાં આવી જાય એવી વાત છે. જિજ્ઞાસા જોઈએ.

આમ તો ઘણું કુદરતી છે આ બધું. એમના જમાનામાં એમ લખે છે (કે) કોઈ સાંભળતું નથી. હું લખીને વયો જાઉં છું. જુઓ ! કુદરતની રચના છે. લખે છે 'કૃપાળુદેવ' એક પત્રમાં, કે કુદરતની કોઈ અકળ ગતિ ઉપર હાસ્ય આવે છે, હસવું આવે છે. જુઓને ! કે નિરંજન પદને બુઝનારાને નિરંજન કેવી સ્થિતિમાં રાખે છે ! એ જોઈને અકળ એવી કોઈ અકળ પરિસ્થિતિ, કળી ન શકાય એવી પરિસ્થિતિને જોઈને હાસ્ય આવે છે. હાસ્ય એટલા માટે આવે છે કે પોતાને સમાધાન છે.

નિરંજનપદને બુઝનારા એટલે પામનારા. એને નિરંજન એટલે કુદરત, એને કેવી રીતે રાખે છે ? એટલે કોઈ ધર્માત્મા કેવી સ્થિતિમાં, કોઈ ધર્માત્મા કેવી સ્થિતિમાં. કોઈ તીર્થંકર જેવા હોય, ઉપડ્યા ઉપડે નહિ. તીર્થંકરને પૂર્વભવમાં જેનાથી જ્ઞાન થયું હોય... એક વખત તો સત્પુરુષ જોઈએને. એને કોઈ ઓળખે નહિ, એનો કોઈ ભાવ પૂછે નહિ. એ સિદ્ધાલયમાં વયા જાય. જગત જાણે નહિ કે એના ગુરુ કોણ હતા ભૂતકાળમાં. આજે જે જગતગુરુ છે એના ગુરુ એક વખત કોણ હતા એની ખબર નથી લોકોને. જગતગુરુને આખા જગતે ઓળખ્યા. ચોવીસે ચોવીસ તીર્થંકરોને. એમના ગુરુનું નામ કોઈ કાઢે જોઈ.

મુમુક્ષુ :- પુરાણમાં પુરાણપુરુષ કેવી રીતે થયા એનું નામ ક્યાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ આવે છે ? આવી કુદરતની અકળ ગતિ છે.

ઘણું કાઢ્યું છે, 'બનારસીદાસે' ઘણું (કાઢ્યું છે). રસ છે, એમના પદોમાં પણ રસ ભર્યો છે.

અવધાનમાં કોઈકે વિષય આપ્યો. કાંકરા ઉપર કવિતા બનાવો. તો કહે છે, કાંકરો એમ બતાવે છે કે જરા મન ખોલીને જુઓ. ધર્મ વિનાનું આ મનખું કાંકરા બરાબર છે. નાનપણમાં એક એક વાતને કેવી રીતે વિચારતા હતા. પાછા બધા રાગ-રાગીણી આવડે, વ્યાકરણ-છંદ આવડે. સાક્ષાત્ સરસ્વતી એમને !

મુમુક્ષુ :- ૧૯ વર્ષ...

પૂજ્ય ભાઈશ્રી :- ૧૯ વર્ષ સુધીના .. સાહિત્ય તો ઘણું બહાર પડ્યું છે.

મુમુક્ષુ :- અહીંથી લેવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- મારું ચેતનાપદ હું પામ્યો. બરાબર છે. ત્યાંથી મૂક્યું હતું આપણે.

'**જ્ઞાનલક્ષણથી લક્ષ્યને (ચૈતન્યને) ઓળખી સ્વરૂપશ્રદ્ધાથી આનંદકંદની કેલી (રમત) કરીને (હું) સુખ થાઉં;...**' એટલે ઓળખાણથી માંડીને સ્વરૂપલીનતાના આનંદ સુધીની વાત સંક્ષેપમાં લીધી છે. જ્ઞાનલક્ષણથી લક્ષરૂપ મારું સ્વરૂપ છે. તેને ઓળખીને, ઓળખ્યા પછી સ્વરૂપશ્રદ્ધા થતાં એટલે સમ્યગ્દર્શન થતાં અપૂર્વ

આનંદની ઉત્પત્તિ થાય છે. એ આનંદથી હું સુખી થાઉં છું.

‘**તે આનંદકંદની કેલી સ્વરૂપશ્રદ્ધાથી કેવી રીતે થાય છે તે કહેવામાં આવે છે :**’ ફેરવી ફેરવીને પાછા પોતે રીત ઉપર આવે છે. ‘**અનંત ચૈતન્ય ચિહ્નસહિત અખંડિત ગુણપુંજના અને પર્યાયના ધારક દ્રવ્યનો-જ્ઞાનાદિગુણપરિણતિરૂપ અને પર્યાય અવસ્થારૂપ વસ્તુનો નિશ્ચય થયો.**’ આવી રીતે અખંડ વસ્તુમાં કથન કરવામાં ખંડ પડે છે થોડો. અખંડ વસ્તુનું..

... એવું જેનું લક્ષણ છે, એવું જેનું સ્વરૂપ છે અને અખંડિત ગુણપુંજ. અનેક ગુણો હોવા છતાં અખંડિત છે. અનેક ગુણો હોવા છતાં જે અખંડિત છે. ગુણથી ખંડિત નથી થતો. જ્ઞાનગુણ જુદો છે અને આનંદગુણ જુદો છે. છતાં સ્વરૂપ ગુણથી ખંડિત નથી થતું.

જેમ કે એક ફળ છે. એમાં રંગ પણ છે અને રસ પણ છે. ગંધ પણ છે, વજન પણ છે. તો એ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે હોવા છતાં એક ફળ તો અખંડિત છે એનાથી. કેરીનો રસ લેવો હોય તો રંગ સાથે જ આવે. રંગના પૈસા જુદાં અને રસના પૈસા જુદાં એવી રીતે ભાવ નથી થતો. એવી રીતે મળતી નથી વસ્તુ. કેમકે વસ્તુ અખંડિત છે. એના ગુણોથી વસ્તુ અખંડિત છે. જેમ પુદ્ગલ પુદ્ગલના ગુણોથી અખંડિત છે, એમ જ્ઞાનાદિ અનંત ગુણોથી, અનંત ગુણોનો પુંજ છે એ વસ્તુ અખંડિત છે અને પર્યાયના ધારક. અને એની કોઈની કોઈ અવસ્થા એણે સદાય ધારણ કરેલી છે.

એવી ‘**જ્ઞાનાદિગુણપરિણતિરૂપ અને પર્યાય અવસ્થારૂપ...**’ જ્ઞાનાદિગુણ પરિણતિરૂપ એટલે અનંત ગુણો ‘**અને પર્યાય અવસ્થારૂપ...**’ એટલે ગુણ-પર્યાયના પિંડરૂપ ‘**વસ્તુનો-નિશ્ચય થયો.**’ એનો નિશ્ચય થાય છે. એમાં પ્રમાણનો વિષય આખો આવી જાય છે, નિર્ણયના કાળમાં. પહેલોવહેલો જ્ઞાનમાં નિશ્ચયના કાળમાં પ્રમાણનો વિષય આવી જાય છે અને અનુભવ થતાં પ્રત્યક્ષ પ્રમાણ થાય છે. આ પરોક્ષ પ્રમાણ છે. અનુભવ થતાં એ પ્રત્યક્ષ પ્રમાણ થાય છે.

અનુભવ પદ્ધતિથી લઈએ તો વર્તમાન પર્યાયનો દરેક જીવને પરિચય છે એટલે એ સંબંધીનું અનુભવજ્ઞાન છે. અને જે અજાણ છે એ પોતાના મૂળ સ્વરૂપથી છે. ભલે અનુભવજ્ઞાનમાં એમ છે કે અત્યારે

મારામાં અવગુણ છે, પણ ગુણ પ્રગટ કરવા છે. અવગુણ ટાળીને ગુણ પ્રગટ કરવા છે એવી રીતે એણે પોતાની અવસ્થાને વિચારી છે. એ ગુણ પ્રગટ કરવારૂપ અવસ્થા પોતાના મૂળ સ્વરૂપના અવલંબને પ્રગટ થાય, માટે એ જાણવું જરૂરી છે. અને એની ઓળખાણ થતાં, પરખ થતાં જ્યારે એ સ્વરૂપ ભાસે છે અથવા એ સ્વરૂપ રૂપે પોતે પોતાને ભાસે છે ત્યારે જે અંશથી અજાણ હતો એ અંશનું જ્ઞાન વત્તા વર્તમાન અંશનું જ્ઞાન થઈને જ્ઞાન પ્રમાણ થયું. એ રીતે જ્ઞાન સામાન્ય-વિશેષ થઈને પ્રમાણ થયું. વિશેષ અંશનું જ્ઞાન હતું, સામાન્ય અંશનું જ્ઞાન થયું, બંનેનું એક સાથે યુગપદ જ્ઞાન થયું એ જ્ઞાન ત્યાં પ્રમાણતાને પામે છે. પણ એ પરોક્ષ પ્રમાણ છે. નિશ્ચયની અંદર દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુ બંનેનું જ્ઞાન થાય છે.

એનાથી આનંદની ઉત્પત્તિ થશે એમ કહેવું છે. આવો નિશ્ચય થયો પછી એનાથી આનંદની ઉત્પત્તિ થશે. તો એમાં તો શું છે કે એમાં લીનતા થાય, પદાર્થમાં લીનતા થાય છે. અનુભવપૂર્વકની જે લીનતા છે એ લીનતાથી આનંદની ઉત્પત્તિ થાય છે. પછી તો જુદાં જુદાં ગુણના આનંદ લીધા છે એમણે. જાણવાનો આનંદ, દેખવાનો આનંદ, ચારિત્રનો આનંદ. એ પ્રકારે. પણ એનું કોઈ પ્રયોજન નથી. અનુભવમાં એવા કાંઈ પડતા નથી. પોતાને વિશેષ જ્ઞાન છે એટલો ભેદ પાડ્યો છે. બાકી તો આનંદ નામનો ગુણ છે એ શુદ્ધરૂપે પરિણમે છે, શુદ્ધ અવસ્થાએ પરિણમે છે અને જ્ઞાન પોતે પણ આનંદરૂપ છે. અનુભવ આનંદરૂપ જ્ઞાનનો છે. અને એ જ્ઞાનમાં આનંદગુણ જે પ્રગટ થયો એનું પણ પ્રતિબિંબ છે. એટલે એકાકાર આનંદનો અનુભવ થાય છે. બંને સદશ્ય છે. અને એકાકાર આનંદનો અનુભવ થાય છે અથવા આનંદનો પ્રગાઢ અનુભવ થાય છે.

ત્યાર પછી એમણે પોતાની વાત કરી છે. '**ભગવાનની ભાવનાથી સંતો મહંત થયા. મેં પણ આ જ ભાવનાનો અવગાઢ થંભ રોપ્યો છે.**' આ એમણે પોતાની દશાની વાત કરી છે કે આ ભાવનાનો મેં પણ અવગાઢ સ્થંભ રોપ્યો છે. એટલે કે મારી દશા પણ એવી મજબૂત છે, એવી દઢ છે, એવી ગાઢ છે કે એ દશાથી પાછળ જવાનો કોઈ પ્રશ્ન નથી. આગળ પૂર્ણતા થઈ જશે પણ પાછળ જવાનો કોઈ પ્રશ્ન

નથી. એ સ્થંભ રોપ્યો છે એનું કારણ એ છે કે યુદ્ધની અંદર એક જમાનામાં એવો એક રિવાજ હતો. યુદ્ધ કરતાં કરતાં જેટલા આગળ વધે ત્યાં એ વિજય સ્તંભ રોપતા જાય. વિજય સ્તંભ રોપ્યો એનો અર્થ એ કે અહીંથી હવે અમે પાછા હટવાના નથી. અહીંથી આગળ વધશું પણ અહીંથી જીવતા પાછા નહિ જઈએ. ભાગીને પાછા નહિ જઈએ. અહીં સુધી આવી ગયા. એ અમારો વિજય થઈ ગયો. એમ કરીને વિજયનો સ્થંભ રોપે છે. એ પદ્ધતિથી લીધું છે કે અમે પણ હવે અમારા મોક્ષમાર્ગની અંદર જેટલા આગળ વધ્યા છીએ એમાં અમારી જે ભાવના છે એ સ્વરૂપની ભાવના છે, ભગવાનની ભાવના છે અને એની અવગાઢ દશા અમે પ્રાપ્ત કરી છે.

પછીના Paragraph માં ચિંતામણીનું જે દૃષ્ટાંત છે એના અનુસાર સિદ્ધાંત લેવાનો છે. '**એ પ્રમાણે મતિજ્ઞાનીને...**' મળ્યું ? Paragraph ની છેલ્લી ચારેક લીટી છે એ લેવાની છે. '**એ પ્રમાણે મતિજ્ઞાનીને સ્વરૂપનો પ્રભાવ એક દેશમાં જ એવો જાગ્યો કે કેવળજ્ઞાનનું શુદ્ધત્વ પ્રતીતિ દ્વારય આવ્યું તેથી અશુદ્ધત્વ-અંશને પણ પોતાનો કલ્પતો નથી. સ્વસંવેદન મતિજ્ઞાન વડે થયું છે.**' આ મતિજ્ઞાનમાં અનુભવજ્ઞાન લેવું છે. મતિ અને શ્રુત બે જ્ઞાન છે ને ? બંનેમાં અનુભવ થાય છે. એટલે બંનેમાં વેદન આવે છે. મતિજ્ઞાનનું વેદન અને શ્રુતજ્ઞાનનું વેદન આવે છે.

અધ્યાત્મનો વિષય અધ્યાત્મ શાસ્ત્ર અનુસાર વેદન સિવાય ગમે તેટલો જાણ્યો હોય અને એ જાણવું અધ્યાત્મ શાસ્ત્ર અનુસાર હોય, વિરૂદ્ધ ન હોય, અધ્યાત્મના ન્યાયો, અધ્યાત્મની સિદ્ધિના તર્કો, વિતર્કણા જેને કહે છે, તર્કણા કહે છે અને કેટલીક યુક્તિઓ એટલે દૃષ્ટાંતો જે અનુભવના દૃષ્ટાંત હોય, અનુભવની યુક્તિઓ હોય, બીજી નહિ. જેમકે 'પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ.' તો સંસારનું સુખ તે સુખ નથી. એની યુક્તિ શું આપી ? કે જો તારા અનુભવને. પાછળથી દુઃખ છે. જે પહેલા તને સુખ લાગે છે, એક લાડવો ખાતા સુખ લાગ્યું, એ ત્રીજો-ચોથો લાડવો ખાવા જતાં દુઃખ લાગ્યું. પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ. તો એ અનુભવની યુક્તિ કહેવાય. કે અનુભવથી વાત સમજાવી. જો આ દુઃખ છે, સુખ નથી.

એવું અધ્યાત્મ શાસ્ત્રની અંદર... અધ્યાતમ તો અનુભવનો વિષય છે એટલે એની યુક્તિઓ પણ બધી અનુભવના દૃષ્ટાંતોવાળી હોય છે. એના ન્યાય પણ એ પ્રકારના, એની તર્કણા પણ એ પ્રકારની. અને ગમે તેટલું જાણપણું અધ્યાત્મિક વિષયનું પણ વેદનનો વિષય એના જ્ઞાનમાં ન આવે. કેવી રીતે અંતર્મુખ થઈને મતિજ્ઞાન પોતે સ્વયંને વેદે છે, શ્રુતજ્ઞાન પણ કેવી રીતે અંતર્મુખ થઈને સ્વયંને વેદે છે અને એ વેદવા સંબંધીની અનેક પ્રકારની જે ખુબીઓ છે, વેદનના વિષયના જે અનેક પડખાઓ છે અથવા જેટલે હદે એ વેદનનો વિષય વેદનપૂર્વક વક્તવ્ય છે અને એ વેદનનું વક્તવ્ય, અનુભવનું વક્તવ્ય, અધ્યાત્મનું વક્તવ્ય એના વેદનની ઝલક સહિત આવે. અનુભવની ઝલક સહિત આવે કે જે ઝલકમાં એના વેદનનો અને અનુભવનો રસ હોય, એ બધો પ્રકાર અધ્યાત્મ શાસ્ત્રના, અધ્યાત્મ વિષયના વર્ણન કરનારને પણ જાણવાના પડખાથી આવે, વેદનના પડખાથી ન આવે. આ Difference છે-તફાવત છે.

અધ્યાત્મના વિષયમાં અધ્યાત્મિક વક્તા એ વિષયને કઈ હદ સુધી એની પહોંચ છે એ દર્શાવતો વિષય છે. અધ્યાત્મમાં વેદન સુધીની પહોંચ ન હોય તો અધ્યાત્મનો વિષય આગમ અનુસાર અધ્યાત્મના આગમ અનુસાર આવે. કે ક્ષાયિકભાવ પણ પરદ્રવ્યં પરભાવં હેયં ઈતિ. પણ છતાંય તે એ જાણપણાની મુખ્યતાથી આવે, વેદનની મુખ્યતાથી ન આવી શકે.

મુમુક્ષુ :- વેદનની જે ઝલક છે આ જે રસ વધતા થઈ જાય, જ્ઞાની-અજ્ઞાનીની વાણીનો Difference...

પૂજ્ય ભાઈશ્રી :- પકડાય જાય. એ ઝલક અને એ રસ.

બીજું શું થાય છે કે એટલે હદ સુધી પકડનારની જે પહોંચ છે એને એ રસનું અનુસંધાન થાય છે. એને Interlink કહેવામાં આવે છે. તમે અને હું એકબીજાના આત્માને નથી જોઈ શકતા. કેમ ? કે ચક્ષુ ઈન્દ્રિય છે એનો વિષય નથી. આત્મા છે એ ચક્ષુઈન્દ્રિયનો વિષય નથી. પણ મનથી મનના પરિણામને પકડીએ છીએ. શું કરીએ છીએ આપણે ? અને એ મનના પરિણામને વ્યક્ત થવા માટે ભાષા અને મુખાકૃતિના કેટલાક ફેરફારો છે એ એમાં નિમિત્ત પડે છે. ભાષાના પુદ્‌ગલો અને

મુખાકૃતિના આંખના, હોઠના એ બધા પુદ્ગલો એમાં નિમિત્ત પડે છે. પુદ્ગલ પર્યાય. પણ Interlink તો મનના ભાવ સાથે મનના ભાવની છે. અંદરનો સંબંધ શું છે ? કે તમારા મનથી તમે શું કહેવા માગો છો એ હું મારા મનમાં સમજું છું એમ તમને લાગે.

હવે અહીંયાં એથી થોડોક વિષય આગળ છે. જ્યારે અનુભવી પુરુષ પોતાના વેદનનો વિષય અનુભવની પહોંચ સહિત વ્યક્ત કરે ત્યારે એ પહોંચ જે વ્યક્ત થાય અને એ વ્યક્ત થાય એ ગ્રહણ કરનારની યોગ્યતા એને પહોંચે ત્યારે એ બંનેના ભાવની Interlink થાય છે. એટલે એને ઓળખાય છે કે પરખાય છે એમ કહેવાય છે. નહિતર શું થાય છે કે અધ્યાત્મ શાસ્ત્ર અનુસાર અધ્યાતમનો વિષય કહેતાં સામાન્ય માણસને એમ લાગે છે કે ઓહો ! આ તો અધ્યાત્મના જ્ઞાતા લાગે છે. માટે અધ્યાત્મની આવી સરસ વાત કરી શકે છે. અધ્યાત્મિક વિષયનો અનુભવ લાગે છે. એમ લાગી જાય, અનુભવ ન હોય તોપણ. અનુભવ ન હોય એમાં એને અનુભવનું અનુમાન થાય. જોકે એની પહોંચ નથી અને કહેનારનો પણ વિષય અનુભવ પર્યંતનો નથી. આગમ અનુસારનો છે, તર્કણા અનુસારનો છે, અનુમાન અનુસારનો છે અને યુક્તિ અનુસારનો છે.

મુમુક્ષુ :- Interlink જે થાય છે એને દેશના કહી છે શાસ્ત્રમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને દેશના મળી એમ કહેવાય. એને દેશના મળી. એટલે એમ કહ્યું સજીવન મૂર્તિ જોઈએ. કેમકે એકલા શબ્દો પડ્યા હોય કે એકલી પુદ્ગલની પર્યાય હોય Video સુધીની, Audio સુધીની નહિ, Video સુધીની. તોપણ Interlink નથી થતી. સામે અનુસંધાન જે નિમિત્ત નૈમિત્તિક સંબંધે થવું જોઈએ એ ભાવથી ભાવનું થવું જોઈએ અને એ બંને ભાવો યોગ્યતા આધારિત ભાવો છે. એમ ને એમ એકલા વિકલ્પના અને કલ્પનાના નથી. અહીં આ એક અંદરની મુદ્દાની વાત છે.

એટલે અહીંયાં અનુભવથી એક બહુ સરસ વાત કરી છે એમણે. 'દીપચંદજી'એ જે વાત કરી છે કે '**મતિજ્ઞાનીને સ્વરૂપનો પ્રભાવ એક દેશમાં જ એવો જાગ્યો...**' કે જ્યારે એ મતિજ્ઞાનથી પોતાના સ્વરૂપનું વેદન થયું. જે જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવ છે એ પ્રગટ થયો ત્યાં. એ

જ્ઞાનગુણનો સ્વભાવ છે કે પોતાનું વેદવું એ એનો મૂળ સ્વભાવ છે. એ અધ્યાત્મ દૃષ્ટિકોણથી જ્ઞાનનો આત્મસ્વભાવ છે. એટલે 'અમૃતચંદ્રાચાર્ય' 'સમયસાર'માં વિશિષ્ટ રીતે વર્ણવે છે કે **'ज्ञानं ज्ञानगुण विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।।'** જ્ઞાન જ્ઞાનગુણ વિના પ્રાપ્ત થતો નથી. જ્ઞાનનો ગુણ શું ? કે જાણવું ? તો કહે, ના. જ્ઞાનનો ગુણ જ્ઞાનને અનુભવવો તે જ્ઞાનનો ગુણ છે. અને તેના વગર આત્માનુભવ નથી, તેના વગર અનુભવ નથી. આ ૧૪૨ કળશની પંક્તિ છે. 'સમયસાર'ની 'નિર્જરા અધિકાર'ની.

આગળ પોતે એમ કહે છે આગળના પદોમાં, આગળની પંક્તિઓમાં કે તું મહાવ્રતના ભારથી ગમે તેટલો ભાંગી જા. કોઈપણ ક્રિયા કર વ્રતાદિની, મહાવ્રત સુધીની. મુનિને મહાવ્રત હોય છે ને. દીક્ષા લઈને ગમે તે કર. પણ (જ્ઞાનગુણ વિના) પ્રાપ્તિ નથી. અનુભવની પ્રાપ્તિ શેનાથી ? કે **'ज्ञानं ज्ञानगुण विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।।'** જ્ઞાન જ્ઞાનને વેદે એ સિવાય અનુભવની પ્રાપ્તિ નથી. એટલે અનુભવને જ્ઞાનનો ગુણ કીધો છે. જ્ઞાન જ્ઞાનને વેદે તે જ્ઞાનનો ગુણ કહ્યો છે. મતિજ્ઞાનમાં એ જ્ઞાનગુણ પ્રગટ્યો. અંદરમાં જે જ્ઞાનગુણ હતો એ મતિજ્ઞાનમાં પ્રગટ્યો. કેટલો પ્રગટ્યો ? જઘન્ય અંશે પ્રગટ્યો. સમ્યગ્દર્શન થતાં એ જઘન્ય અંશે એક દેશે પ્રગટ્યો. એકદેશમાં જ એવો પ્રગટ્યો કે એકદેશમાં કેવળજ્ઞાનનું શુદ્ધત્વ પ્રતીતિ દ્વારમાં આવ્યું. એટલે પૂર્ણ સ્વરૂપ છે એની પ્રતીતિ આવી. નમુના ઉપરથી ગોળની એક કણી ચાખતા આખો રવો આટલો ગળ્યો છે, આવો ગળ્યો છે એ જેમ સમજાણું, એમ કેવળજ્ઞાનનું શુદ્ધત્વ એટલે પૂર્ણદશા મોક્ષની પ્રતીતિ અને સંપૂર્ણ સ્વરૂપની પ્રતીતિ એ પ્રતીતિમાં આવ્યું. અને એ પ્રતીતિમાં આવ્યું એની ખાત્રી શું ? એની સાબિતી શું ? કે **'અશુદ્ધત્વ અંશને પણ પોતાનો કલ્પતો નથી.'** રાગના એક કણમાં એને પોતાપણું થતું નથી. રાગ ગયો નથી.

ચતુર્થ ગુણસ્થાનવર્તી અવિરત સમ્યગ્દૃષ્ટિ, એનો રાગ મટ્યો નથી. ત્રણ કષાય ઊભા છે અને એનો રાગ ઊભો છે. ચારિત્રમોહ પણ ઊભો છે. દર્શનમોહનો અભાવ કર્યો છે. તોપણ અશુદ્ધતાના એક કણને પણ એ પોતાનો કલ્પતો નથી. એનો અર્થ કે પહેલાં કલ્પના કરતો હતો

પોતાની. એ પહેલાં રાગમાં પોતાપણાની જીવ કલ્પના કરતો હતો. એ હવે કલ્પતો નથી.

જો રાગના એક કણને પણ અનુભવી પુરુષ પોતાનો કલ્પતો નથી એ તો બહુ સૂક્ષ્મ છે. રાગનો સૂક્ષ્મ કણ છે એ તો બહુ સૂક્ષ્મ છે. તો પછી રાગનો વિષય તો ઘણો સ્થૂળ છે. એમાં પોતાપણું ક્યાંથી એને થાય ? રાગના સૂક્ષ્મ કણમાં પણ પોતાની કલ્પના ન થાય એને રાગના વિષયભૂત શરીરથી માંડીને, કુટુંબીજનોથી માંડીને જેટલા પ્રારબ્ધ યોગે, સચેત, અચેત, સચેત-અચેત મિશ્ર એવા સંયોગો છે એમાં પોતાપણાની કલ્પના કેવી રીતે થાય ? કે ન થાય. કેમકે રાગમાં જ પોતાપણાની કલ્પના મટી ગઈ છે. પછી રાગનો વિષય તો ઘણો સ્થૂળ અને એનાથી ભિન્ન અને દૂર છે. રાગ તો એની અવસ્થામાં છે હજી. એ ચારિત્ર ગુણનો વિકાર છે. અને આ તો એનો વિષય છે. એટલે એમાં પણ એને પોતાપણાની કલ્પના થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એનું નામ ભિન્નપણું છે. જે જ્ઞાન પરને પર જાણે છે એનું નામ પરનું પર સંબંધિત સમ્યગ્જ્ઞાન છે અથવા શુદ્ધ જ્ઞાન છે.

એવું '**સ્વસંવેદન મતિજ્ઞાન વડે થયું છે.**' કેટલો કેટલો વિષય ખોલ્યો છે 'અનુભવપ્રકાશ'માં ! જુદી જુદી રીતે ઘણો વિષય ખોલ્યો છે. '**સ્વસંવેદન મતિજ્ઞાન વડે થયું છે. જ્ઞાનપ્રકાશ મારો છે, એ પ્રમાણે શ્રુતજ્ઞાનમાં વિચારે.**' એટલે જ્ઞાનમાં જે પ્રકાશ છે, વેદન છે એવું મારું સ્વરૂપ છે એમ મતિજ્ઞાનમાં વિચારે. ઢુંઢારી આ રીતે છે. 'ઐસે મતિજ્ઞાની સ્વરૂપકા પ્રભાવ એકદેશહી મેં ઐસા જાગા. કેવલજ્ઞાન કા શુદ્ધત્વ પ્રતીતિ દ્વાર આયા સો અશુદ્ધત્વ અંશ વહ અપના ન કલ્પે હૈ. સ્વસંવેદન મતિજ્ઞાન કરી ભયા હૈ.' અથવા 'સ્વસંવેદન મતિ દ્વારી ભયા હૈ. જ્ઞાનપ્રકાશ અપના હૈ ઐસા શ્રુતમેં વિચારે. મૈં મનન કિયા.' એ મનન કર્યું. મનન કરે (એટલે) શ્રુતજ્ઞાનમાં અમુક વિશેષ વિચાર ચાલે છે. એ વાત છે.

'**હું જ્ઞાનરૂપ છું, આનંદરૂપ છું. એ રીતે ચારે જ્ઞાનમાં સ્વસંવેદન પરિણતિ વડે તો (તે) પ્રત્યક્ષ છે.**' ચારેય જ્ઞાન વખતે લીધું, હોં ! આ વાત બીજા શાસ્ત્રોમાં નથી. કેમ ? કે અવધિ, મનઃપર્યયનો વિષય પર છે. પણ અવધિ, મનઃપર્યયનો વિષય પર હોય, કોઈ સમ્યગ્જ્ઞાની જીવને

અવધિજ્ઞાન હોય છે, ઇન્દ્રોને હોય છે અવધિજ્ઞાન, મુનિઓને મનઃપર્યવજ્ઞાન હોય છે. એ તો સમ્યગ્જ્ઞાની હોય છે મુનિઓ તો. સમ્યગ્જ્ઞાન વગર તો મનઃપર્યયજ્ઞાન હોય નહિ. તો ત્યાં વેદન ચાલુ જ હોય છે એમ કહે છે. સ્વસંવેદનની પરિણતિથી સામાન્યનો આવિર્ભાવ ચાલ્યો જતો નથી. અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન વિશેષના આવિર્ભાવરૂપ છે. તોપણ સામાન્યનો આવિર્ભાવ છૂટતો નથી અને વિશેષનો આવિર્ભાવ છે એમ કહે છે. વિશેષ વાત લીધી છે એમણે. એવી વાત ઓછી જગ્યાએ નીકળે છે.

એટલે એમ કહે છે કે '**એ રીતે ચાર જ્ઞાનમાં સ્વસંવેદન પરિણતિ વડે તો (તે) પ્રત્યક્ષ છે.**' એટલે વેદન તો પ્રત્યક્ષ છે ને ? ચારેય જ્ઞાન વખતે. ચારેય જ્ઞાનના ઉત્પાદ સમયે જે અંદરમાં સામાન્યનો આવિર્ભાવ છે, મતિ-શ્રુતનો વિશેષ, અવધિ, મનઃપર્યયરૂપ વિશેષ એ બધા વિશેષમાં ગયા, હવે તો જે જ્ઞાન સામાન્યની જે પરિણતિ છે એ તો સ્વસંવેદનરૂપ છે, એ તો વેદનરૂપ છે અને ત્યાં પ્રત્યક્ષતા છે. ત્યાં પરોક્ષતા નથી. એટલે તે વડે તે પ્રત્યક્ષ છે. '**અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન પરને જાણવાથી એકદેશ પ્રત્યક્ષ છે,...**' એટલે એમાં કાંઈ આત્માનો વિષય નથી. '**કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ છે.**' છેલ્લે એમ લીધું. મતિ, અવધિ, મનઃપર્યયની વિશેષતાનું આપણે કાંઈ પ્રયોજન નથી. કેવળજ્ઞાન છે તે સર્વપ્રત્યક્ષ છે.

હવે કહે છે કે '**પોતાના જાણપણારૂપ જ્ઞાનમાત્ર વસ્તુમાં...**' કેટલું લીધું ? આ 'સમયસાર'નો વિષય લીધો, પદ્ધતિ લીધી. આ પદ્ધતિ 'સમયસાર'ની છે. '**પોતાના જાણપણારૂપ...**' એટલે પોતારૂપ જાણવું, સ્વસ્વરૂપે જાણવું. '**જ્ઞાનમાત્ર વસ્તુમાં...**' સ્વસ્વરૂપે જાણવું. '**જ્ઞાનમાત્ર વસ્તુમાં પ્રતીતિ થઈ તેથી સમ્યક્ નામ પામ્યું.**' જુઓ ! હવે આ સમ્યક્‌ની ઓળખાણ કરાવે છે. ૫૦૪માં 'કૃપાળુદેવે' એમ કહ્યું. ૫૦૪ પત્રમાં. સર્વજ્ઞને પણ સમ્યગ્દષ્ટિપણે જાણવાથી તેનું પણ મહત છે. તો ત્યાં એમનો કહેવાનો આશય એવો છે કે સર્વજ્ઞને સર્વજ્ઞપણે જાણવું એ તો જ્ઞાનીનું કામ છે. જ્ઞાનીપુરુષ સિવાય સર્વજ્ઞને સર્વજ્ઞપણે ન જાણી શકાય. પણ મિથ્યાદષ્ટિ પણ જો સર્વજ્ઞને સમ્યગ્દષ્ટિપણે જાણે એટલે એમનું સમ્યક્ત્વ જાણે, સમ્યક્‌પણું જાણે તો એ સમ્યગ્દષ્ટિ થઈ

જાય.

સમ્યગ્દૃષ્ટિનું પણ સમ્યક્ત્વ જાણવાનું છે અને કેવળજ્ઞાની સામે હોય કે નિર્ગ્રંથ મુનિરાજ સામે હોય તો એનું સમ્યક્ત્વ જાણવાનું છે. આગળનું જાણવાનું બુતુ નથી હજી. મુમુક્ષુજીવની ત્યાં સુધીની શક્તિ જ નથી કે એ આગળના વિષયને પહોંચી શકે. પણ જો યોગ્યતા વિશેષ થઈને, પાત્રતા વિશેષ થઈને એક સમ્યક્ત્વ જાણે તો એ સમ્યક્ત્વને પામે. સમ્યક્ત્વ એવું છે કે જેને જાણતા તે પમાય જવાય છે. લ્યો, ઠીક ! શું કહ્યું ?

ફરીને. સમ્યક્ત્વ પોતે એવું છે કે જેને જાણતા સમ્યક્ત્વ આવું હોય એમ જો જણાય તો એ સમ્યક્ત્વ પામવાનો જીવ અધિકારી થઈ જાય છે. એ પહેલા જરા આગળ-પાછળનો વિષય લઈ લઈએ. એવું જાણનાર કોઈ ઉત્તમ પાત્ર હોય તો જ એવું જાણી શકે. આ એની પૂર્વભૂમિકા છે. ઉત્તમ પાત્રતા વિના સમ્યક્ત્વને જાણવાનો જીવ અધિકારી નથી. કેમકે સમ્યક્ત્વ કહી શકાતું નથી. જે 'પંચાધ્યાયી' .. કે સમ્યક્ત્વં ન વક્તં ન શ્રોતં અધિકારીત્વા. ન તો એ કહી શકાય છે અને કહી શકાતું નહિ હોવાથી ન તો તે શ્રવણ કરી શકાય છે. કેમકે કથનનું શ્રવણ થાય...

આત્મસ્વરૂપનો પ્રતિભાસ આવતાં અનંત મહિમાવંત સ્વરૂપનો સહજ યથાર્થ મહિમા ઉત્પન્ન થાય છે. તેને નિશ્ચયનો પક્ષ કહે છે. જેમાં સ્વરૂપ પ્રત્યેનો ઝૂકાવ શરૂ થાય છે. તે ઝૂકાવ વૃદ્ધિગત થઈને નિજાવલંબન સધાતાં, એકત્વનો / રાગનો અભાવ થઈ, વીતરાગી દશાની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનબળપૂર્વક પુરુષાર્થની ભીંસ સ્વરૂપ પ્રત્યે થયા વિના તન્મયતા લીનતા ઉત્પન્ન થઈ શકે નહિ. સ્વસ્વરૂપમાં 'અહંભાવ'ની ભીંસ-તીવ્રતામાં અંતર અભેદતા ઉપયોગ વડે સધાય છે. તેને નિજાવલંબન પણ કહેવાય છે.

(અનુભવસંજીવની - ૧૧૩૩)

## તા. ૧૭-૧૧-૧૯૯૨, પાના નં. ૬, પ્રવચન નં. ૧૭૪

... એમ અહીંયાં નથી લેવું. પરને જાણતો ઉપયોગ એવો ઉપયોગ અહીંયાં નથી લેવો. ઉપયોગ સામાન્ય, જ્ઞાન સામાન્ય. એમાં વસ્તુને જાણે. જેમ આપણે 'ભાવનગર'થી 'સોનગઢ' જઈએ છીએ. એક દોઢ કીલો મીટર બાકી રહે એટલે શિખર દેખાય છે. બરાબર છે ? તો આપણે શું જોઈએ છીએ ? જિનમંદિર દેખાણું. જિનમંદિર નથી દેખાણું. ખરેખર તો શિખર જ દેખાણું છે. એક અવયવ દેખાણો છે. એક જ ભાગ ઉપરનો દેખાણો છે. આખું જિનમંદિર દેખાણું છે ? પગથિયાથી ઠેઠ સુધીનું ? આખું જિનમંદિર તો પગથિયાથી શિખર સુધીનું છે. પણ શિખરને જોતાં આપણે એમ જોઈએ છીએ કે જિનમંદિર દેખાણું. એમ ઉપયોગને જોતા જ્ઞાનરૂપ વસ્તુ જણાય એમ આવવું જોઈએ. આ એની Practical side છે.

હીરાની અનેક વિશેષતાઓ તપાસતા હીરો આવો છે એમ નિર્ણય આવે છે. વિશેષતાઓ ઉપરથી શું નિર્ણય આવે છે ? કે દાગ નથી, પહેલ બરબાર છે, એની પત્થરની Light સારી છે, તો એ બધાનો સરવાળો શું આવ્યો ? હીરો આવો છે. એનું મૂલ્યાંકન પછી (થાય). આવો છે એટલે એનું મૂલ્યાંકન કરે. એવી રીતે વાત છે કે એક અંશ ઉપરથી, અવસ્થા અંશ ઉપરથી, કોઈ અંશ ઉપરથી આખી વસ્તુ આવી છે એમ જ્ઞાનમાં આવે તે જ્ઞાન યથાર્થ છે. માત્ર અંશને વસ્તુરૂપ જાણે તો એ તો યથાર્થ જ્ઞાન નથી.

મુમુક્ષુ :- વર્તમાન તો વિશેષ ઉપયોગમાં ઊભો છે આ જીવ. વિશેષ છે ત્યાંથી એણે..

પૂજ્ય ભાઈશ્રી :- વિશેષ ઉપયોગમાં ઊભો છે એણે સામાન્ય ઉપયોગ તરફ જવું જોઈએ. એટલું તો ઓછામાં ઓછું કરવું જોઈએ. જ્યાં ઉભો છે ત્યાં તો બરાબર નથી. જે સ્થિતિમાં ઊભો છે ઉપયોગ એ સ્થિતિ તો બરાબર નથી. અને એમાં ફેરફાર કરવાની તૈયારી સાથે વાત છે. જેને એમાં ફેરફાર નથી કરવો એમ નક્કી કર્યું છે એનો તો પત્તો ન ખાય. જેને વર્તમાન સ્થિતિ મંજૂર નથી, વર્તમાન સ્થિતિ દુઃખદાયી

છે અને એમાંથી કાંઈક બીજી સ્થિતિમાં આવવું છે, એ તો ફેરફાર કરશે જ ને. જે વર્તમાન સ્થિતિ છે એમાં એ સ્થિતિ બરાબર નથી એમ જાણીને ફેરફાર કરવો છે.

એ વચન છે એ Practical side નું છે કે '**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' (પૃષ્ઠ-૬). એ પ્રકાર, જેમ બીજા પદાર્થની અંદર આપણે લઈએ છીએ, દાખલા લીધા એવી રીતે, કે અંશ ઉપરથી શિખર ઉપરથી મંદિરને જોયું અને જુદાં જુદાં પર્યાયો ઉપરથી હીરાનો નિર્ણય કર્યો, એમ ઉપયોગ ઉપરથી ઉપયોગસ્વભાવી છે એમ નિર્ણય કરવો. વસ્તુ ઉપયોગસ્વભાવી છે એવો નિર્ણય કર્યો. જ્ઞાનસ્વભાવી કહો, ઉપયોગ સ્વભાવી કહો.

જાણે ત્યારે આવો ભાવ આવે. પહેલો '**અનંત મહિમાનો ભંડાર...**' એટલે અનંત મહિમાવંત છે એવું જ્ઞાનમાં આવી જાય છે. જેટલો મહિમા છે એટલો મહિમા ભાસે છે. છે પણ એટલો મહિમા અને ભાસે છે પણ એટલો મહિમા ભાસે છે. સુખરૂપ ભાસે છે. નિર્મળ અવિકારી તત્ત્વ ભાસે છે અને અપાર સામર્થ્ય. અપાર શક્તિ એટલે અપાર સામર્થ્યસ્વરૂપ ભાસે છે અને એવો ભાવ પ્રતીતિ સહિત કરે, પ્રતીતિ વડે કરે, પ્રતીતિ સહિત કરે. માત્ર વિકલ્પ કરે એમ નહિ, પણ સાથે સાથે એવો જ છું એમ પણ એની અંદર આવે. એમાં એકાગ્રતા થતાં નિશ્ચળતા થાય એમ જાણે.

'**આ સ્વરૂપના જ્ઞાન વિના પરની માન્યતા કરી...**' આ પ્રકારના સ્વરૂપજ્ઞાન વિના પરની પોતારૂપે માન્યતા કરી. પરની માન્યતા કરી એટલે પરની આત્મારૂપે માન્યતા કરી. '**સંસારમાં દુઃખી થયા.**' સંસારી દુઃખી થયા એટલે સંસારીજીવ પોતે પણ અત્યાર સુધી એમ જ દુઃખી થયો. '**તે પરની માન્યતા કેવી રીતે મટે ? તે કહેવામાં આવે છે.**' એનો ઉપાય ભેદજ્ઞાન લીધો અહીંયાં.

'**ભેદજ્ઞાન વડે પર અને નિજના અંશ અંશને ન્યારા ન્યારા જાણે.**' અંશ અંશને એટલા માટે લીધું છે કે કોઈ અંશને કોઈમાં ન ભેળવે. આત્માના કોઈ અંશને, ચૈતન્યના કોઈ અંશને જડમાં કે રાગમાં ન ભેળવે. રાગના-જડના કોઈ અંશને આત્મામાં ન ભેળવે. એટલે બિલકુલ જુદાં જાણે, સર્વથા જુદાં જાણે. સ્વ અને પરને સર્વથા જુદાં જાણે.

પછી છેલ્લા Paragraph નું પહેલું વચન છે કે '**મારું અનંત સુખ મારા ઉપયોગમાં છે.**' એ પણ નિરાકુળતા લક્ષણ ઉપરથી અનંતસુખ છે આત્મામાં. ઉપયોગમાં એટલે આ જગ્યાએથી મારું અનંત સુખ મળે એવું છે એમ પણ પ્રતીતિ આવે. પછી તો એક દૃષ્ટાંત લીધું છે. એક નટ છે એ બળદનો સ્વાંગ ધરે છે અને પોતાના મૂળ સ્વરૂપને ભૂલે છે. પણ નટ કાંઈ બળદ થઈ ગયો નથી. 'સમયસાર'માં પેલું પાડાનું દૃષ્ટાંત લીધું છે અને ભૂતાવિષ્ટનું દૃષ્ટાંત લીધું છે. મને ભૂત વળગ્યું છે. ખરેખર કાંઈ થયું નથી. પોતે જે છે તે છે. પણ ભ્રાંતિ છૂટે છે ત્યારે નિરાકૂળ અવસ્થા થાય છે.

મુમુક્ષુ :- આ આત્મા શરીરને પોતાપણે માનતા જ દુઃખ...

પૂજ્ય ભાઈશ્રી :- એ ભ્રાંતિ થઈ.

'**હું નર એવી માન્યતા (આ) જડરૂપ મનુષ્યશરીરમાં તો ન થાય, (એ માન્યતા) મારા ઉપયોગથી થઈ છે; તો એવી માન્યતાનો કરનાર મારો ઉપયોગ અશુદ્ધ સ્વાંગ સજી (ધરી) બેઠો છે.**' એ સ્વાંગને જ પોતાનું સ્વરૂપ માન્યું. એમ છે. પોતે તો '**(સદા ઉપયોગધારી આનંદરૂપ સ્વયમેવ પોતે જ છે,...**' યત્ન વિના એટલે એવું કર્યા વિના, કરાવ્યા વિના, બનાવ્યા વિના જ બનેલો છે. તેથી જેવો છે તેવો પોતે પોતાને જોવે એટલું જ કાર્ય છે. કાર્ય તો નિજને નિહાળવા જેટલું જ છે. નિજને બનાવવાનો નથી. આમાં કોઈ ચીજ બનાવવાની નથી. મૂળ સ્વરૂપે જેવો છે એવો નિહાળવાનો છે, તેવો અવલોકવાનો છે. જ્યાં સુધી તેવો ન જણાય ત્યાં સુધી તેવો લક્ષણથી જણાવા યોગ્ય છે. માટે એ પદ્ધતિએ જાણવાનો પ્રયાસ ચાલુ રાખવો જોઈએ.

પછી ૯મા પાને. વચ્ચેનો જે Paragrpah છે. '**આ અનાદિ સંસારમાં...**' એ Paragrpah છે ને ? વચ્ચે છે. '**પ્રથમ (મૂળ) પદ પોતાનો ઉપયોગપ્રકાશ છે,...**' જુઓ ! શું છે ? કેવી રીતે સ્વરૂપની ઓળખાણ કરાવે છે ? કે '**પ્રથમ (મૂળ)પદ પોતાનો ઉપયોગપ્રકાશ છે,...**' ઉપયોગની અંદર જે પ્રકાશ છે અથવા પ્રત્યક્ષપણું છે અથવા વેદનપણું છે, કેમકે વેદન પરોક્ષ નથી હોતું, એ મૂળ પદ છે. એવું મૂળસ્વરૂપ છે. પરને જાણે છે એમ કાંઈ નહિ. મૂળ પદમાં સામાન્ય લીધું. પ્રકાશ લીધો ને એટલે. પ્રકાશમય શક્તિ. સ્વસંવેદનમયી

પ્રકાશશક્તિ. ઉપયોગ પ્રકાશ છે એ મૂળ પદ છે.

મુમુક્ષુ :- અત્યાર સુધી જે પ્રવૃત્તિ થઈ છે એને ભૂલી જ જવાની.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું છે અત્યાર સુધીની પ્રવૃત્તિમાં... લખ્યું છે કે જ્ઞેયનું દેખવું, જાણવું, આચરવું, અનાદિથી કર્યું. શું કર્યું ? જ્ઞેયનું જાણવું, દેખવું, આચરવું અનાદિથી કર્યું. પણ મારા વિશુદ્ધપદમાં ઉપયોગ ન દીધો. ઉપયોગ અનેક પદાર્થોમાં દીધો. પણ ઉપયોગ સ્વભાવી પોતે છે અથવા પોતાનો જે ઉપયોગપ્રકાશ છે, પોતાનું મૂળ પદ છે જે ઉપયોગ પ્રકાશી રહ્યો છે, ખરેખર તો જે જ્ઞાનસામાન્ય છે ને એ સદૃશ્ય સ્વરૂપ છે. આત્માનું જે સામાન્ય સ્વરૂપ છે, આત્માનું મૂળ સ્વરૂપ તો સામાન્ય છે, ત્રિકાળી છે એ સામાન્ય છે. સામાન્ય વિશેષ થઈને આખો પદાર્થ છે. એમાં મૂળ પદાર્થ તો સામાન્ય છે. અને ઉપયોગ સામાન્ય છે એવું એનું સ્વરૂપ છે. સામાન્ય સામાન્ય સદૃશ્ય છે. ત્યાં ઉપયોગ ન દીધો. આમ ઉપયોગ દીધો, આમ ઉપયોગ ન દીધો.

'**મારા વિશુદ્ધ પદમાં ઉપયોગ ન દીધો (ન મૂક્યો). અતીન્દ્રિય (સ્વાધીન) સુખની પ્રાપ્તિ વિના (હું) ખાલી રહ્યો.**' પરિણામ શું થયું ? કે દુઃખી થયો. અને અનંત સુખ અંદરમાં ભરેલું હોવા છતાં એ સુખ વિના હું રહ્યો. દુઃખી રહ્યો, ઊલટો દુઃખી રહ્યો. આમ પરિસ્થિતિ થઈ. જો પોતાના શુદ્ધ પદમાં ઉપયોગ દીધો હોત તો અંદરથી સુખનો પ્રવાહ ચાલું થાત. એમ કહેવું છે. સુખ તો ભર્યું છે. પણ ઉપયોગ ન દીધો માટે સુખ પણ ન થયું. ઉપયોગ બહાર મૂક્યો એટલે દુઃખ થયું. સુખ થવાને બદલે દુઃખ થયું. બસ ! બહુ સહેલું કરીને સમજાવ્યું છે. આ ગ્રંથમાં એ વિશેષતા છે. સહેલું બહુ કરી નાખ્યું છે. વિષયને, અધ્યાત્મના ગૂઢ વિષયને બહુ સહેલો કર્યો છે. પોતાના પરિણમન સાથે Telly કરતા જવું જોઈએ-મેળવતા જવું જોઈએ તો ભાવ ભાસે એવું છે.

'**અનંત તીર્થંકર થયા, તેમણે સ્વરૂપ શુદ્ધ કર્યું, અનંત સુખી થયા.**' પાછું એમ નથી. '**અનંત તીર્થંકર થયા, તેમણે સ્વરૂપ શુદ્ધ કર્યું,...**' એ પોતે પણ મારા જેવા જ હતા. અનંત સુખી થયા. '**હવે મારે પણ એવી જ રીતે સ્વરૂપને શુદ્ધ કરવું છે.**' '**(એમની જેમ જ) સ્વરૂપને શુદ્ધ કરવું છે.**' એટલે એમના રસ્તે ચાલવું છે. તીર્થંકરના રસ્તે મારે પણ ચાલવું છે.

મુમુક્ષુ :- ડોરી કો મત દેખ, જિસકે હાથ મેં ડોરી હૈ ઉસકો પકડને સે તુરંત મિલેગા. એમાં શું વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમાં શું છે કે ચેતના છે ને ? કર્મગુફા પછી જે ભાવકર્મ ગુફા લીધી. પરિણમન છે એ કોનું ચલાવ્યું ચાલે છે ? પરિણમન અદ્ધર થાય છે ? કે કોઈ એનો ધણી છે ? પોતે અંદર જે રાજા બેઠો છે એની હલાવી દોરી ચાલે છે. દોરી પોતાની મેળે ન ચાલે. કોઈ એને ચલાવનાર હોય. એવી રીતે અંદરમાં જે પરિણતિ છે એ પરિણતિ દ્રવ્યની સત્તાથી છે. મૂળ તો એમ કરીને દ્રવ્યની સત્તા સુધી લઈ ગયા છે. '**(આ રાગદ્વેષમોહની દોરી) જે પ્રદેશથી ઊઠી તે જ તારો નાથ છે. દોરીને ન દેખ. જેના હાથમાં દોરી છે તને વળગ્યે તુરત મળશે.**' એમ લીધું.

મુમુક્ષુ :- રાગદ્વેષમોહ કી ડોરી કે સાથ જાકર ખોજ. એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું છે કે રાગદ્વેષની જે દોરી છે એ પણ પર્યાય તો આત્માની છે ને ? ત્યાંથી તું ઊંડો ઉતર કે આ પર્યાય કોની છે ? દોરીને ન જો એમ કહે છે. દોરીને હલાવનારને જો.

મુમુક્ષુ :- રાગદ્વેષથી વર્તે છે એને ન જો.

પૂજ્ય ભાઈશ્રી :- એને ન જો.

મુમુક્ષુ :- રાગદ્વેષ જ્યાંથી ઉઠ્યા ..

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાંથી જો. ક્યા પ્રદેશમાં રાગ-દ્વેષ ઉઠ્યા ? કોના પ્રદેશમાં ? કોની સત્તામાં રાગ-દ્વેષ થયા ? કોના પ્રદેશમાં રાગ-દ્વેષ ઉઠ્યા ? એ દ્રવ્ય છે તે આત્મા છે. એમ કહેવું છે.

જેમ કે રાગ-દ્વેષથી દુઃખ છે. તો દુઃખી પણ આત્મા જ ને ? દુઃખી કોણ ? કે દુઃખી પણ આત્મા જ ને. તો ત્યાંથી આત્મા તો છે કે નહિ ? કે જડ દુઃખી છે ? તો આત્મા દુઃખી છે. તો આત્માને જો. દુઃખને ન જો પણ આત્માને જો, એમ કહે છે. એવી રીતે લઈ જાય છે.

એમણે તો ત્યાં સુધી પદ્ધતિ લીધી છે કે તું જ્ઞાનને નથી સમજતો. એકલો સામાન્ય ઉપયોગ તો છૂટો પડી ગયો. એકલું જ્ઞાન તો. ત્યારે કોઈ એવો પ્રશ્ન કરી શકે કે ભાઈ ! એકલું જ્ઞાન જોતા તો એમાં એમ કે આત્મા એવા સ્વરૂપે છે એમ તમે કહો છો એક દલીલ ખાતર માન્યું. Practically અમને એકલું જ્ઞાન નથી દેખાતું. જે સ્થિતિમાં અમે છીએ

એ સ્થિતિમાં એકલું જ્ઞાન નથી દેખાતું. હવે શું કરવું ? એ કહો.

શું દેખાય છે એ તો કહેશો ? તો કહે આ રાગ-દ્વેષ થાય છે એટલું દેખાય છે. આ દુઃખ થાય છે એટલું દેખાય છે. વિકલ્પ થાય છે, રાગ થાય છે, દ્વેષ થાય છે, દુઃખ થાય છે એટલું દેખાય છે. તો કહે, એમ ? એટલું તો દેખાય છે ? તો કહે, હા. તો પછી એ કોને થાય છે ? કોઈ સત્તામાં થાય છે કે ક્યાંક અદ્ધર થાય છે ? કોઈની હયાતીમાં થાય છે કે અદ્ધર થાય છે ? જે પ્રદેશમાં થાય છે ઈ તારું સ્વરૂપ છે. જેના પ્રદેશમાં થાય છે ઈ તારું સ્વરૂપ છે. એમ પકડાવ્યું છે. કેમકે પ્રશ્ન તો ગમે તે સ્તરથી ઉત્પન્ન થાય.

એક વિશેષતા એ છે જ્ઞાનીઓની કે ગમે તેવો અજ્ઞાની ન હોય, એના પ્રશ્નો ઉપરથી એ ક્યાં ઊભો છે એ માપી લે છે. અને પછી એને શું જવાબ દેવો એ એમને ખ્યાલ આવે છે કે આને આમ કહેવું જોઈએ. કોઈ ક્યાં ઊભો છે... કોઈ ક્યાં ઊભો છે... કોઈ ક્યાં ઊભો છે. એ જ્ઞાનને સમજવા જ માગતો નથી. જ્ઞાન એટલે શું ? રાગ સાથે ભળી ગયેલો છું એમાં એકલો રાગ દેખાય છે. જ્ઞાન તો જુદું પડતું નથી પછી એકલા જ્ઞાનને જોવું કેવી રીતે ? આ તો વિટંબણા છે અમારી કે એકલું જ્ઞાન દેખાતું નથી. કાંઈ વાંધો નહિ. ચાલ. તું ઊભો છો ત્યાંથી આપણે આગળ ચાલીએ. એમ છે.

એટલે એમણે તો ત્યાંથી લીધું છે કે અમને તો શરીર તે જ આત્મા દેખાય છે. નોકર્મ તે જ આત્મા દેખાય છે. એ તો ત્યાંથી એમણે ઉપાડી છે વાત. અમે તો શરીર સિવાય કાંઈ આત્મા સમજતા જ નથી. તો કહે છે, કાંઈ વાંધો નહિ. તું તારે નાસ્તિક થઈને ઊભો રહેને અમારી સામે. શરીર તે જ આત્મા છે. આત્મા જેવી કોઈ ચીજ નથી. શરીર તે જ આત્મા છે. તો જ્ઞાનીને કાંઈ એનો વાંધો નથી. શરીર તે આત્મા છે. પણ શરીર હાલે-ચાલે એટલું દેખાય છે કે મડદું છે એમ ને એમ ? તો કહે, ના હાલતું-ચાલતું તો છે. તારી ઈચ્છા પ્રમાણે કામ કરે છે ? તો કહે, ના. ક્યારેક કરે છે, ક્યારેક નથી કરતું. શરીરમાં અશાતા થાય, રોગ થાય એવી ઈચ્છા બિલકુલ નહિ. કેમ થાય છે ? પ્રારબ્ધને માને છો ? નોકર્મમાંથી દ્રવ્યકર્મ ઉપર લઈ જાય છે. દ્રવ્યકર્મ ઉપરથી ભાવકર્મ ઉપર લઈ જાય છે. ભાવકર્મ ઉપરથી એના પ્રદેશો સુધી

લઈ જાય છે. એ શૈલી લીધી છે એમણે. ગમે તેવા નાસ્તિકને ઠેકાણે લાવે એવી પદ્ધતિ જ્ઞાનીઓની છે.

મુમુક્ષુ :- ગમે તે સ્થિતિમાં પરમાર્થ પકડાય જાય. ગમે તે સ્થિતિવાળા જીવને પરમાર્થ સુધી પહોંચાડી દે.

પૂજ્ય ભાઈશ્રી :- પહોંચાડી દે. એને આત્મા સુધી લઈ જવાની બરાબર એમની પાસે કાર્યપદ્ધતિ છે. આત્મા સુધી લઈ જાય. સાવ નાસ્તિક હોય એને.

ભાઈ પહેલાવહેલા આવ્યા હતા 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'નું સમર્પણ કરવા. ત્યારે તેમના વિષે સાંભળ્યું હતું. એમને જોયા પણ નહોતા અમે તો. એમના વિષે સાંભળ્યું હતું કે એનો મોટો દીકરો છે, બહુ બુદ્ધિશાળી છે. સીએ થયેલા ને ? American embassy માં માગણી થઈ હતી. એ વખતે પંદરસો રૂપિયા પગાર એટલે મોટો પગાર કહેવાય. Starting પગાર. અત્યારે તો Clark ને મળે છે પણ એ વખતે તો (મોટો પગાર કહેવાય). આ તો નાની ઉંમર. એટલે Modern જે રીતે રહેતા કરતા હોય એ રીતે બધી પદ્ધતિ હોય. કીધું, ભાઈ ! આ વિષય છે એ રસ લેવા જેવો છે. સુખ-દુઃખનો Problem આમાં Solve થાય છે અને માણસમાત્રને સુખની સમસ્યા તો છે જ. ગમે તે સ્તરમાં જીવતો હોય પણ સુખ નથી મળતું અને સુખ મળે એના માટે આતુર છે. મનુષ્યમાત્ર. એમાં કોઈ ધર્મની રૂઢિમાં જવાનો પ્રશ્ન નથી અહીંયાં. પણ નાસ્તિક થઈને પણ એક વખત આ Check કરવા જેવો વિષય છે. બુદ્ધિ હોય, તર્ક હોય અને નાસ્તિક થઈને પણ એક વખત તપાસી લેવા જેવી વાત છે કે આ વસ્તુ શું છે ? વિજ્ઞાન છે, આનું Science. બહુ Solid આખો વિષય છે. તે દિ' સામાન્ય એવી વાત થઈ હતી.

ગમે ત્યાં આ જીવ ઊભો હોય, ગમે તે એટલો અજાણથી અજાણ હોય. થોડો અજાણ ન હોય, ઘણો અજાણ્યો હોય આ વિષયથી અને એ અજાણ્યો હોવાનું કારણ એ ગમે તેવો પર્યાયબુદ્ધિથી પોતાને માની બેઠો હોય. વાત તો શું છે ? જ્ઞાનીઓના ખ્યાલમાં છે. કે સંસારી બધા પર્યાયબુદ્ધિ છે. અને વર્તમાન પર્યાયપણે પોતાને માનીને બેઠો છે એ કાંઈ અમને ખબર નથી ? એનો પ્રશ્ન કઈ ભૂમિકામાં આવવાનો છે એ. પોતે મનુષ્ય છે તો મનુષ્યપણે માનીને બેઠો છે. એના જે પ્રારબ્ધમાં

ચઢાવ-ઉતાર થાય છે, સંયોગોમાં પ્રારબ્ધ અનુસાર ચઢાવ-ઉતાર પણ થાય છે, તો એ રીતે પ્રારબ્ધને પણ એ જાણ્યે-અજાણ્યે સ્વીકારે છે. કેમકે ધાર્યું થતું નથી. એ તો નસીબ આપણા. આપણે પ્રયત્ન આમ કર્યો પણ થયું આમ. નસીબ પ્રમાણે થયું.

એટલે વર્તમાન કર્મજનિત સ્થિતિ અને પૂર્વકર્મનો ઉદય, આ બધું તો એને ખ્યાલમાં આવે એવી વાત છે. પ્રશ્ન એનો ત્યાંથી જ આવવાનો છે. એ તો સમજીને બેઠા છે. કેમકે પોતે એ ભૂમિકામાં એક દિવસ ઊભેલા હતા. એ મૂંઝવણમાં પોતે હતા. તો અત્યારે જીવની મૂંઝવણ કેવી હોય એ એને ખબર પડે છે. એટલે એની મૂંઝવણને જોઈ લ્યે છે કે આ કેવી રીતે મૂંઝાય છે. કેવી રીતે એ ન મૂંઝાય એવી રીતે એને રસ્તો બતાવી દે છે.

એ એના જેવું છે. આપણે અહીંયા ઉપરથી નીચે જોઈએ. કોઈ નીચેથી ઉપર આવવા માગે છે. પણ એને રસ્તો જડતો નથી. ત્યારે ઉપર આવ્યો છે એ તો રસ્તો જોઈને આવ્યો છે ઉપર તો. એ ઉપરથી ન કહી શકે કે આ બાજુ નહિ આ બાજુ ચાલો એટલે કેડી હાથમાં આવશે. એના જેવી વાત છે આ. હજી તમે થોડું આ બાજુ ચાલો, પછી આ બાજુ ચાલો, પછી આ બાજુ ચાલો એટલે રસ્તો મળી જશે. ઉપરથી બધું દેખાય છે કે નીચેવાળાને ક્યાંથી ક્યાં જવાની જરૂર છે. એને ઉપર લઈ લે છે. એવું ચોખ્ખું છે.

એ Paragraph ની નીચેનો Paragraph. '**ગમે તેટલું (કર્મ) ઘટાનું જોર હોય,...**' મળ્યું ? નીચેનો Paragraph. '**મારા વિશુદ્ધ પદમાં ઉપયોગ ન દીધો (ન મૂક્યો).**' એ આવ્યું ને ? એ Paragraph છોડીને હવે. નવમાં પાને નીચે. મળ્યું ? '**ગમે તેટલું (કર્મ) ઘટાનું જોર હોય (તોપણ તે) મારા સ્વરૂપને હણી શકે નહિ, ચેતનને અચેતન કરી શકે નહિ.**' મૂળ સ્વરૂપ અંતરમાં એવું ને એવું જ છે. એને ત્યાં કોઈની પહોંચ નથી. દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મ કોઈની પહોંચ એ સ્વરૂપ સુધી નથી. એવું એ ગુપ્તપદ છે. એ ગુપ્તપદનું જ્ઞાન એને ગુપ્તજ્ઞાન કહેવામાં આવ્યું છે. અને એ ગુપ્તજ્ઞાન જેને થાય એમ કરીને વાત લઈ લીધી છે એમણે.

આ બાજુ જે એ દોરી છે એની નીચે વાત લીધી છે. '**જેના**

**હાથમાં દોરી છે તેને વળગ્યે તુરત મળશે. (તારો નાથ) નિજજ્ઞાનમહિમાને છૂપાવી બેઠો છે. (તેને) તું પિછાણ. આ ગુપ્તજ્ઞાન થયું એટલે (તારો) નાથ છૂપાયેલો રહેશે નહિ.**' વસ્તુ ગુપ્ત છે. એનું જ્ઞાન તે ગુપ્તજ્ઞાન છે. અને એ ગુપ્તજ્ઞાન થયું એટલે વસ્તુ પછી છુપાઈને રહી શકશે નહિ. 'ગુપ્ત તત્ત્વ સૃષ્ટિના લક્ષમાં નથી.' 'કૃપાળુદેવે' એ વચન વાપર્યું છે. ગુપ્ત તત્ત્વ છે એ સૃષ્ટિને-જગતના જીવોને લક્ષમાં નથી.

પછી એક દૃષ્ટાંત લીધો છે. પેલા રત્નદ્વીપના મનુષ્યનો, જેની પાસે હરિકાંતમણિ છે. હરિકાંતમણિ એટલે શું કે જેની કાંતિ એટલે પ્રકાશ લીલા રંગનો હોય. નીલમ થાય છે ને ? માણસ પાણીમાં પડે છે નહાવા. પાણી બધું લીલું-લીલું થઈ જાય છે. નિર્મળ પાણી બધું Green colour નું થઈ જાય છે પ્રકાશવાળું. જે ઝવેરી હતો એને ખબર પડી કે આ તો કોઈ જંગલનો માણસ છે. એની પાસે આવો મણિ છે પણ એને ખબર નથી. એના કપડાના ઠેકાણા નથી. આવો કિંમતી મણિ એની પાસે છે.

એને કીધું કે ચાલ હું તને આ .. રાજા પાસે લઈ જાઉં, જે આને ખરીદી શકે. બીજો તો ખરીદી શકે નહિ. એને કેટલું એની સામે મૂલ્ય ચૂકવ્યું ? શું લખ્યું છે અહીં ? '**ક્રોડ મંદિર ભરાય એટલી દીનાર (સોનામહોરો) તેને અપાવી.**' એક રત્નની સામે કેટલી આપી ? મંદિર એટલે મકાન. Godown આપણે લ્યોને. એક કરોડ Godown ભરાય એટલી સોનાની લગડીઓ આપી એને. સંખ્યામાં ગણવી મુશ્કેલ પડે. એટલે આખું Godown ભરાય એટલી. પણ એક Godown નહિ, એવા એક કરોડ Godown ભરાય એટલી એક મણિની સામે આટલું સોનું આપ્યું એને. એનો અર્થ શું બતાવે છે કે જેની સંખ્યામાં કોઈ કિંમત ન થાય એવી ચીજ અંદરમાં છે. દેહમાં જે આત્મા છે એ આત્માનું કોઈ મૂલ્ય ન થાય એવો અદ્‌ભુતથી અદ્‌ભુત જેનો પ્રકાશ (છે). આ હરિકાંતમણિનો પ્રકાશ તો ક્યારેક પણ ઓછો થઈ જાય.

ન કીધું ? હીરો તૂટી ગયો. માસ્ટરજીનો સોનીનો. તૂટે નહિ. હીરાને ઉપર ઘણ મારો તો ઘણને ઘોબો પડે. હીરા ઉપર લોઢાનો ઘણ મારો તો ઘણને ઘોબો પડે, હીરો ન તૂટે. એટલી એની Strength છે. Diomond ten. Strength ની આવે છે. Diomond ten કહેવાય છે એને.

એને તોડવો હોય તો બહુ મુસીબતની વાત છે. એ બહુ લાગથી તોડાય નહિ. તોડવાની બધી Technique છે આખી. નહિતર હીરો તૂટે નહિ, હીરાનો પત્થર તૂટે નહિ. કેમકે લોઢા કરતા સખત છે. પણ પુણ્ય ખુટ્યા ને એટલે વગર અડે તૂટી ગયો. બહુ મોટો હીરો-પથરો નીકળેલો. એ બતાવવા ગયા કે આવો સરસ નીકળ્યો ત્યાં તૂટી ગયો. પુણ્ય ખુટેલા. એ જમાનામાં બહુ મોટો માણસ, શ્રીમંત માણસ. પાયમાલ થઈ ગયો. 'અજમેર'માં જેણે મંદિર બાંધ્યું છે મોટું. સોનેજીના મંદિર કહેવાય છે. મંદિર, ધર્મશાળા બધી છે ને ? નસિયા છે ને ? મેં તો જોયા હતા.

આપણે 'અજમેર'માં શિબિર થઈ હતી ને ? તમે હતા કે નહિ 'અજમેર' શિબિરમાં. 'અજમેર' શિબિર થઈને ? ત્યારે ચાર દિવસ જવાનું થયું હતું. પછી (એક મુમુક્ષુ) કહે, ચાલો આપણે સોનેજીને મળી આવીએ. એના ઘરે ગયા હતા મળવા. ઉંમર તો થઈ ગઈ હતી પણ હવે પ્રતિકૂળતા અને નિર્ધનતાની જે અસર હતી. દીનતા ઘણી આવી ગઈ હતી. જેમ માણસ પુણ્યથી વાત કરતો હોય એ વાત કરવાના પુણ્ય નહોતા એમ કહીએ તો ચાલે. નિસ્તેજ. મોઢું-બોઢું આમ પડી ગયું હોય. કોઈ અજાણ્યાને લાગે, ખબર પડી જાય પહેલી વખત મળ્યા હોય એને. એ પુણ્ય ખૂટી ગયા. બહુ મોટી સંપત્તિ હતી. એવી ખાણો હતી. જેમાંથી હીરો નીકળેલો. હીરો તૂટી ગયો. પણ એનું મૂલ્ય જેમ હીરાનું મૂલ્ય ઘણું છે... અહીં તો દૃષ્ટાંતમાં એટલો સિદ્ધાંત લેવો છે. એમ આત્માનું મૂલ્ય બહુ મોટું છે.

**'મારું નિધાન મેં ન પિછાણ્યું. તેવી રીતે પોતાનું નિધાન પોતાની પાસે છે. (તેને) પિછાણતાં જ સુખ થાય છે.'** જ્યાં આત્માને ઓળખે ત્યાં દુઃખ બધું વયું જાય. હજી તો પ્રતિભાસમાં (આમ થાય). કેમકે અનંત સુખની ખાણ જોઈ, દુઃખની ગંધ પણ નથી જ્યાં. નામનિશાન દુઃખનું નથી ત્યાં. એવો મહાપદાર્થ છે. જેની શાશ્વત સત્તા એવી છે. એ **'પિછાણતાં જ સુખ થાય છે.'** પિછાણતાં જ સુખ થાય. **'મારો આત્મા જ્ઞાનદર્શનનો ધારક ચિદાનંદ છે. મારું સ્વરૂપ અનંત ચૈતન્યશક્તિથી મંડિત અનંત ગુણમય છે. મારા ઉપયોગને આધીન તે બની રહ્યું છે.'**

મુમુક્ષુ :- એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ઉપયોગમાં કલ્પના કરું છું એવું અનુભવમાં આવે છે. અત્યારે હું માણસ. તો કહે, હું માણસ. બિલાડું થયું તો કહે, હું બિલાડું. હું ઉંદર. આવો મહાન પદાર્થ પોતાને બિલાડો માને, પોતાને ઉંદર માને, પોતાને માણસ માને. જેટલી પામરતા કલ્પે છે એટલી પામરતાનો અનુભવ કરે છે. આટલો મહાન પદાર્થ પરમેશ્વર પદાર્થ છે. એ જેટલી પામરતાની કલ્પના કરે છે, માન્યતા કરે છે એવો અનુભવ કરે છે, મિથ્યા અનુભવ જેને કહે છે. પણ એવો અનુભવ તો કરે છે કે નહિ ? એટલે દુઃખી થાય છે.

માણસ બહુ દુઃખી થાય અને બહુ રડતા નથી જોવામાં આવતા ? કે એને જોનારા રડી પડે છે. એ શું છે ? કેવળ એ પોતાના પરમેશ્વર પદને ભૂલથી ઊભી થયેલી દશા છે. એ જે દુઃખદશા છે એ કેવળ પોતાના પરમેશ્વરપદને, અનંત સુખપદને ભૂલીને ઊભી થયેલી દશા સિવાય બીજું કંઈ નથી.

**'અનંત ગુણમય છે. મારા ઉપયોગને આધીન તે બની રહ્યું છે. હું મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધરીશ, અનાદિનું દુઃખ મટાડીશ (અને) પરમપદને ભેટીશ.'** આ ઉપયોગ દેવા જેટલી વાર છે. બીજો કોઈ ફેર નથી. જેવું સ્વરૂપ છે, ઉપયોગનો ધર્મ એવો છે કે એને જાણતાં તદાકાર થાય. પરને જાણતાં પરમાં તદાકાર થાય છે, સ્વને જાણતાં સ્વમાં તદાકાર થાય. બસ ! એ તો એનું સ્વરૂપ છે. ઉપયોગનો ધર્મ છે એ. જેને અવલંબે તદાકાર એવો ભાવનો અનુભવ કરે એ એનો ધર્મ છે.

મુમુક્ષુ :- પરિણામરૂપ ઉપયોગ...

પૂજ્ય ભાઈશ્રી :- હું મારા પરિણામરૂપ ઉપયોગને એટલે પર્યાયની વાત લેવી છે. આમ તો શું છે ત્રિકાળીને પણ ઉપયોગ કહેવાય છે. જ્ઞાનના ગુણને ઉપયોગ કહેવાય છે. પર્યાયને ઉપયોગ કહેવાય છે. દ્રવ્યને જ્ઞાનસ્વભાવી, ઉપયોગસ્વભાવી એમ કહેવાય છે. પણ અહીંયાં તો પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધરીશ. એટલે ઉપયોગમાં હું મારું સ્વરૂપ ધારણ કરીશ. જેવો છું એવો ઉપયોગમાં હું મારું સ્વરૂપ ધારણ કરીશ તો અનાદિનું દુઃખ મટી અને પરમપદને ભેટીશ. જે પરમપદ છે એવો ઉપયોગ જ તદાકાર થઈ જશે. દુઃખ અનાદિનું જાશે.

અનાદિનું દુઃખ એવું જાશે કે કોઈ દિ' નહિ આવે એવું જાશે. પછી દુઃખ કોઈ દિ' નહિ આવે. આવું છે. પરમપદને જોતાં પછી જે દુઃખનો વ્યય થયો, દુઃખનો અભાવ થયો, પછી કોઈ દિ' દુઃખ નહિ આવે. કોઈ હાલતમાં કોઈ દુઃખ નહિ આવે.

લીધું કે નહિ 'સોગાનીજી'એ ? ૭૦ લાખની આબાદીમાં હું એકલો જ સુખી છું. શું કાંઈ કરોડપતિ, અબજપતિ થઈ ગયા હતા ? હજી તો ધર્મશાળામાં રહેતા હતા. એ સુખની મસ્તીમાં હતા. બજારમાંથી સાંજે ઘરે આવે એટલે જમાવી દે અંદરમાં. પરમપદમાં ઉપયોગને જમાવે. બહુ જમાવટ કરી. એકલા બેસીને ખૂબ જમાવટ કરી, ખૂબ જમાવટ કરી. પછી એને જગતની કોઈ તમા નથી રહેતી.

મુમુક્ષુ :- આવી વાત સાંભળીએ ત્યારે 'સોગાનીજી'નું ઓલું વચન પણ યાદ આવે, બુંદ બુંદ ટપકતી હૈ...

પૂજ્ય ભાઈશ્રી :- બુંદ બુંદ ટપકતી હૈ. આચાર્યના શબ્દોમાંથી બુંદ બુંદ ટપકતી હૈ. એટલે એ એના કેટલા વાચ્ય સુધી જાય છે ! વાચક ઉપરથી કેટલા વાચ્ય સુધી જાય છે.

મુમુક્ષુ :- સાંભળતા જે વાતનો આટલો રસ લાગે તો એના વાચ્ય સુધી પહોંચે એને તો..

પૂજ્ય ભાઈશ્રી :- એને તો અંદર આવિર્ભાવ થાય છે. આવિર્ભાવ થાય છે. આચાર્યોના શબ્દો છે એટલે આચાર્યનો આત્મા આ અધ્યાત્મ વિષયનું નિરૂપણ કરતાં કેવા અધ્યાત્મભાવમાં .. ત્યાં સુધી જાય છે. સામાન્ય માણસને એનો અંદાજ નથી કે આ કેટલું ઊંડું અધ્યાત્મ છે. ક્યાં સુધી જઈને આ લખ્યું છે એ જ્ઞાની જાણે છે. એટલે ત્યાં સુધી પહોંચ છે એમની. એટલે એમાંથી રસ ટપકે છે.

એનું દૃષ્ટાંત લેવું હોય તો લઈ શકાય. ૬૦૯ પત્રમાં 'શ્રીમદ્જી'એ જે વાત કરી છે એના ઉપરથી 'સોગાનીજી'ના વચનોનો અંદાજ લઈએ આપણે. પાનું-૪૬૯. એમાં સાતમું વચન. ૬૦૯ પત્ર છે ને ? એમાં સાતમું વચન. '**તે સત્સંગ પણ જીવને ઘણી વાર પ્રાપ્ત થયા છતાં ફળવાન થયો નથી એમ શ્રી વીતરાગે કહ્યું છે,...**' સત્સંગનો મહિમા બતાવતો પત્ર છે. અને એમના વચનો સત્સંગના એક પછી એક એમાં બતાવી રહ્યા છે. ત્યારે એમણે એક વાત એ કરી કે '**તે સત્સંગ પણ**

**જીવને ઘણી વાર પ્રાપ્ત થયા છતાં ફળવાન થયો નથી...'** એવો પરમસત્સંગ, હોં! ઘણી વાર જીવને પ્રાપ્ત થયો છતાં નિષ્ફળ ગયો છે. **'કેમકે તે સત્સંગને ઓળખી, આ જીવે તેને પરમ હિતકારી જાણ્યો નથી;...'** મારા આત્માનું પરમહિત થવાનો આ પ્રસંગ છે આ સત્સંગ એટલે. એટલી વાત એણે અવધારણ કરી નથી. ઉપરછલ્લા ઉપયોગથી એ પ્રસંગને એણે નિષ્ફળ બનાવ્યો છે.

**'પરમ હિતકારી જાણ્યો નથી; પરમ સ્નેહે ઉપાસ્યો નથી;...'** પરમ સ્નેહે ઉપાસ્યો નથી. એટલો એને એ સત્સંગમાં રહેવાનો અને સત્સંગથી દૂર નહિ જવાનો ભાવ કેટલા આવે ? કે જગતના કોઈ પદાર્થ પ્રત્યે ન આવે એટલો આવે. **'અને પ્રાપ્ત પણ અપ્રાપ્ત ફળવાન થવા યોગ્ય સંજ્ઞાએ વિસર્જન કર્યો છે,...'** એનું વિસર્જન કેવી દશામાં કર્યું ? કે નિષ્ફળ જાય એવી સ્થિતિમાં કર્યું, એવા ભાવે કર્યું. **'એમ કહ્યું છે.'** કોણે ? વીતરાગે એમ કહ્યું છે.

હવે આટલું જ્યાં અમે કહ્યું ને, એમ કહે છે. આટલી વાત જ્યાં અમે કરી સત્સંગના મહિમાની (કે) એ પરમહિતનું કારણ છે. **'આ અમે કહ્યું તે જ વાતની વિચારણાથી અમારા આત્મામાં આત્મગુણ આવિર્ભાવ પામી...'** એટલી વાત કરતાં અમારો સ્વભાવ પ્રગટ થઈ ગયો. સ્વભાવ પ્રગટ થઈને સહજ સમાધિ પર્યંત એ દશા થઈ ગઈ. નિર્વિકલ્પદશામાં આવી ગયા. સત્સંગનો મહિમા કરતા કરતા નિર્વિકલ્પદશામાં આવ્યા છે. એવો સત્સંગનો મહિમા છે. **'એવા સત્સંગને હું અત્યંત અત્યંત ભક્તિએ નમસ્કાર કરું છું.'** સત્સંગનો મહિમા કરતાં કરતાં સત્સંગની ભક્તિ કરવા માંડયા છે. નિર્વિકલ્પ થઈ ગયા છે. એવો સત્સંગ એમણે ભૂતકાળમાં આરાધેલો છે, કોઈ સત્પુરુષના યોગમાં. કે જેનું સ્મરણ કરતાં અને જેની મહિમા કરતા, કેમકે એ સત્સંગના યોગે નિર્વિકલ્પદશાને પામ્યા છે, તો એ સ્મરણ કરતાં એવા ભાવમાં આવી ગયા કે પાછા નિર્વિકલ્પ થઈ ગયા.

આ નથી બનતું માણસને ? કે કોઈ ભૂતકાળમાં દુઃખ પડ્યું હોય એને સંભારીને વાત કરે ત્યાં અત્યારે દુઃખી થઈ જાય. અરે..! ભાઈ ! શું કહીએ ? અમને આવું કર્યું હતું. અમારી માથે આવું કર્યું હતું. એમ કરતા કરતા તે દિ' રડ્યા હોય એ અત્યારે રડવા માંડે છે કે નહિ ?

મુમુક્ષુ :- જૂના પ્રસંગને પ્રત્યક્ષ કરે...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રત્યક્ષ કરીને આવિર્ભાવ કરે છે ને ભાવમાં ? અત્યારે કાંઈ નથી એ માયલું. પણ કેટલો આવિર્ભાવ કરી લે છે ! એવું થયું છે અહીંયાં.

એક સત્સંગ જેવા સ્મરણથી નિર્વિકલ્પદશામાં આવે તો આચાર્યોના વચનોના અધ્યાત્મના ઊંડાણમાં જાય તો આનંદની બુંદ બુંદ ટપકે જ ને એને ! એ નિર્વિકલ્પદશા છે, આનંદની બુંદ બુંદ છે એ. એવી વાત છે એ બધી. માપ કાઢવું મુશ્કેલ પડે. ઉપર ઉપરથી માપ કાઢવું મુશ્કેલ પડે. એને લાંબાચોડા શાસ્ત્ર ન વાંચવા પડે. જે જગ્યાએ એને આનંદ ઊપજે અધ્યાત્મના વિષયમાં, ત્યાં એના ઊંડાણમાં વયા જાય. તો એ કલાકો નીકળી જાય. વચ્ચે નિર્વિકલ્પ પણ થઈ જાય. પણ એમાંથી બહાર નીકળે નહિ. એ અધ્યાત્મની અસરમાંથી એ નીકળી શકે નહિ જલ્દી. એ જે કલાકો સુધી બેસતા એનું કારણ એ છે કે એ અસરમાંથી નીકળી શકે નહિ. આત્મભાવમાંથી નીકળીને બહાર આવવું, બાહ્યાકાર પરિણમનમાં આવવું એ જલ્દી બને નહિ. જલ્દી ન બને એટલે વખત જાજો નીકળી જાય. આ ૬૦૯ છે એ બહુ સારો પત્ર છે. આપણી યાદીમાં છે.

**'મારા ઉપયોગને આધીન તે બની રહ્યું છે. હું મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધરીશ, અનાદિનું દુઃખ મટાડીશ (અને) પરમપદને ભેટીશ. સ્વરૂપ પામવાનો આ સુગમ રાહ છે.'** સ્વરૂપ પામવાનો આ સુગમમાં સુગમ ઉપાય છે, રસ્તો છે. ફક્ત **'દષ્ટિગોચર કરવો જ દુર્લભ છે.'** રસ્તો સહેલો છે પણ એને લક્ષમાં લેવો, એને સમજમાં લેવો એ એટલા માટે દુર્લભ છે કે પોતે દૂર ઘણો ઊભો છે. માટે દુર્લભ છે. બાકી રસ્તો એટલો કઠણ નથી. રસ્તે ચાલતા સુખ છે, દુઃખ નથી કાંઈ. રસ્તામાં કોઈ કઠીનતા નથી. માર્ગ તો સુખમય છે. પણ એને દષ્ટિગોચર કરવો દુર્લભ છે. એટલે કોઈક જીવો દષ્ટિગોચર કરે છે. બાકી જીવો આટલું આટલું કહેવા છતાં એના ઉપર લક્ષ આપતા નથી કે એનું જે વજન આવવું જોઈએ એ જીવોને વજન આવતું નથી. કો'ક જીવને આવે છે એટલે એની દુર્લભતા બતાવી છે.

**'સંતોએ તે માર્ગને સુગમ કરી દીધો છે. તેમના પ્રસાદથી હું (એ**

**માર્ગને) પામ્યો છું.**' લ્યો ! આ એકરાર કર્યો છે. પોતે 'દીપચંદજી'એ વાત કરી છે કે '**સંતોએ તે માર્ગને સુગમ કરી દીધો છે.**' અને હું પણ એ સુગમ માર્ગને એમની મહેરબાનીથી, એમની મહેરબાનીથી એ માર્ગને હું પણ પામ્યો છું. આ પોતે માર્ગ પામ્યા છે એનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે આ જગ્યાએ. એક-બે જગ્યાએ આવી વાત આવે છે. બીજે પણ (છે).

'**તે અમારો અખંડ વિલાસ-**' અનુભવનો. '**તે અમારો અખંડ વિલાસ-સુખનિવાસ...**' અખંડ વિલાસ છે એ સુખનો નિવાસ છે. '**આ અનુભવપ્રકાશમાં છે.**' જે આ અનુભવ થઈ રહ્યો છે એના પ્રકાશમાં અમારો ચૈતન્યનો વિલાસ છે, સુખનો નિવાસ છે. અનુભવપ્રકાશમાં છે. '**વચનગોચર નથી.**' એને કાંઈ વાણીમાં કહી શકાય એવું નથી. પણ '**ભાવનાગમ્ય છે.**' તું ભાવના કર. આવો મહિમા ! આવો આત્મા છે ! આવો એનો અનુભવ છે ! તને ભાવના થાય તો ગમ્ય થાય એવો છે. વચનમાં કહી શકાય એવો નથી. પણ આ કહેતાં જો તને ભાવના થાય તો તે ભાવનાગમ્ય છે.

એ આપણે આવ્યું ને ? નિરંતર સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે. એ પૂર્ણતાનું લક્ષ થયાનું લક્ષણ છે. નહિતર ઇચ્છા છે. આત્માને પામવાની ઇચ્છા થાય છે અનેક જીવને, પણ પૂર્ણતાના લક્ષે ભાવના થાય તો નિરંતર રહે. અને નહિતર ઇચ્છા થાય. ક્યારેક હોય ને ક્યારેક ન હોય, ક્યારેક હોય ને ક્યારેક ન હોય. ઇચ્છા એટલે રાગ. રાગ આવે ને જાય, રાગ આવે ને જાય. બીજો રાગ થયો તો આ રાગ વયો ગયો. સ્વરૂપ પામવાની ઇચ્છા થઈ એટલે રાગ આવ્યો. વળી બીજા પદાર્થ ઉપર રાગ ગયો એટલે આ રાગ ટળી ગયો. એ ભાવના નથી. અને સ્વરૂપનું લક્ષ પણ નથી. ઓલું લક્ષ હોય તો નિરંતર રહે.

મુમુક્ષુ :- મૂલ્યાંકનથી લક્ષ બંધાશે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. મૂલ્યાંકનપૂર્વક લક્ષ બંધાય છે. મૂલ્યાંકન આવે છે. સમજણમાં મૂલ્યાંકન આવે છે. પછી એમ થાય છે કે અહીં પહોંચવું છે મારે. આ જ મારું ધ્યેય છે. ગમે તેમ કરીને આ મારે કરી છૂટવું છે. હવે પૂર્ણતાએ પહોંચવું જ છે. એટલે એનું મૂલ્ય સમજાય છે અને પોતે ધ્યેય બાંધી લે છે એનું. અહીંયાં પહોંચે છૂટકો છે મારે. પહોંચવું જ છે. ગમે તેમ કરીને પહોંચવું છે. એટલે મૂલ્યાંકન પૂર્વક છે.

સ્વાધ્યાય તો એટલા માટે (છે). મૂલ્યાંકન કરાવવા માટે તો સ્વાધ્યાય છે. અનેક પડખેથી એની કિંમત આવે. અનેક વાતોથી, અનેક દૃષ્ટાંતોથી. આપણે જ્ઞાનીઓના દૃષ્ટાંત કેમ લઈએ છીએ ? એ કથાનુયોગ છે. સમીપ મુક્તિગામીના લઈ છીએ. પુરાણ પુરુષો બહુ વહેલા થઈ ગયા. 'ઋષભદેવ' આદિ ને 'રામચંદ્રજી'ને એ બધા. 'ભરત' ને 'સગર' ને એ બધા વહેલા થઈ ગયા. આ 'સોગાનીજી' અને 'શ્રીમદ્જી' હમણાં થઈ ગયા. પણ એ બધો કથાનુયોગ જ છે. કથાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ, દ્રવ્યાનુયોગની અનેક વાતોથી સરવાળે જે પદાર્થનું મૂલ્ય નથી આવ્યું એનું મૂલ્ય આવવું જોઈએ. તો લક્ષ બંધાય, નહિતર લક્ષ ન બંધાય. એ તો છે.

જેટલી એની કિંમત છે એટલી કિંમત જો સમજમાં ન આવે તો એને પામવા માટે જેટલું વજન આવવું જોઈએ એટલું વજન ન આવે. સો રૂપિયાની નોટની કિંમત આવે તો રખડતી ન મૂકે. એને પસ્તીની જેમ રખડતી ન મૂકે. ભલે નાનો કટકો છે કાગળનો. ઘરમાં છાપાની થપ્પી મારે અને બારીમાં પડી રહે. રોજ છાપું વાંચીને બારીમાં મૂકે તો થપ્પી લાગે. સો રૂપિયાની નોટને રખડતી મૂકે ? છાપું બારીમાંથી કોઈ હાથ કરીને લઈ જાય તો કાંઈ વાંધો નહિ. ચાર રૂપિયે કીલો છે એમાં એક છાપું ઓછું થયું તો શું ફેર પડવાનો હતો ? એ તો પાંચ પૈસાની કે દસ પૈસાની ચીજ ગઈ. એને જાળવવાની સાવધાનીનો સવાલ નથી ઊભો થતો. સો રૂપિયાની નોટનો એક કટકો નાનો છે તો એની સાવધાની આવે છે. એમ એનું લક્ષ થાય એટલે સીધી સાવધાની ઊભી થાય. ઓહો..! એકદમ પરમ પવિત્ર પરિપૂર્ણ વસ્તુ છે. જોડે પરિણામ મેલા થાય છે એનાથી એને બચાવવી, એનાથી એને બચાવવી જોઈએ. સાવધાની આવે.

એક બાજુ પૂર્ણ શુદ્ધ પવિત્ર વસ્તુ છે. બીજી બાજુ મેલા પરિણામ નજીકમાં જ છે અડીને. એમ સાવધાની આવ્યા વગર રહે નહિ. જેમ ખબર પડે, Train માં મુસાફરી કરતા હોય. આપણા સામાનની અંદર ઘરેણા, દાગીના લગન કરવા જતા હોય તો પછી બધું લઈ જવું પડે કે નહિ ? લગ્ન માટે જતા હોય અને સામાનની અંદર દાગીનાના Box બધા ભરેલા હોય. ખબર પડે કે મુસાફર જે બીજા લોકો ચડ્યા છે એમાં

શંકાશીલ માણસો છે. સામાન ચોરાઈ જાય એવી સંભાવના છે. તો પછી ઊંઘે ? સાવચેત થઈ જાય કે ન થઈ જાય ? એમ આ એક કિંમતી ચીજને જ્યારે જોવે ત્યારે એ લુંટાઈ ન જાય એની સાવધાની આવે કે ન આવે ? લૂંટે છે તો એના પરિણામ જ એને લૂંટે છે. બીજું એમાં પારકું કોઈ નથી આવતું. બાજુમાં જે પરિણામ છે એ એને લૂંટે છે. સાવધાની આવી જાય. પરિણામ પણ નિરંતર થાય છે. વસ્તુ નિરંતર છે એટલે એની જાગૃતિ નિરંતર થઈ ગઈ.

**'વચનગોચર નથી, ભાવનાગમ્ય છે.'** જુઓ ! વચ્ચે વચ્ચે વાત કેવી નાખી દે છે ! વાત કહેતા કહેતા મહિમા બહુ આવ્યો. મહિમા આવ્યો તો કહે છે, એ તો અનુભવના પ્રકાશમાં એનો મહિમા સમાય છે. વચનથી કહી શકાતો નથી. તો હવે સાંભળનારને તો કાંઈ અનુભવ નથી અને વચનથી કહેવાતું નથી. તો કહે કાંઈ વાંધો નહિ. ભાવનાગમ્ય છે, હોં ! તું ભાવનામાં આવ સાંભળીને. નહિતર તું ફરિયાદ કરીશ કે આપને તો અનુભવ છે પણ અમારે શું ? આટલો મહિમા સાંભળ્યા પછી ભાવના થઈ ? તો ભાવનાગમ્ય છે. તારો ચૈતન્યપ્રકાશ તને ભાવનામાં ગમ્ય થશે.

મુમુક્ષુ :- આ સંતોની નિષ્કારણ કરુણા. માર્ગને સુગમ કરી દીધો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિષ્કારણ કરુણા છે. એ સાથે સાથે સીધું આવી જાય છે. વાત કરતા કરતા એ આવી જાય છે. એ સામાન્ય સ્થિતિ જોવે છે. કાંઈ મુંઝાવાની જરૂર નથી.

**'આ મારો જ્યોતિસ્વરૂપનો પ્રકાશ હું છું.'** જુઓ ! કેવી શૈલી છે. પ્રત્યક્ષ લેવું છે ને ? **'આ મારો જ્યોતિસ્વરૂપનો પ્રકાશ હું છું.'** આ જ્ઞાનની જ્યોતિ અંદરમાં ઝળહળતી જ્યોત પ્રકાશ...

## તા. ૧૮-૧૧-૧૯૯૨, પાના નં. ૧૩, પ્રવચન નં. ૧૭૫

... કહેવાની અને સાંભળવાની જ ના પાડી છે. પછી એમાંથી બીજું પકડી લે છે લોકો કે કોઈ સમકિતની કોઈને ખબર ન પડે. ખોટી વાત છે. ઉત્તમ પાત્ર હોય, સમ્યગ્દૃષ્ટિ મહાત્માને એના નેત્રો ઓળખી લે છે. તો જ્ઞાની ઓળખે એમાં તો કાંઈ નવાઈ નથી. એને તો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો કે જ્ઞાની ન ઓળખે. એટલે જે પાત્ર જીવ ઉત્તમ પાત્રતામાં આવતા સમ્યક્ત્વને ઓળખે છે તે સમકિતી થાય છે. એ આગળ વધે છે પછી. એની યોગ્યતામાં વિકાસ થાય છે, Development થાય છે અને એ સમ્યક્ત્વને પામે છે.

એ સંબંધીનો બહુ સારો સંકેત આ એક પંક્તિમાં 'દીપચંદજી'એ કર્યો છે. સમ્યક્ત્વને ઓળખવા માટેનો. એ કહી શકાય એવી ચીજ નથી પણ એક સંકેત કર્યો છે. કેમકે કેટલીક વાત ન કહેવાય તો સંકેતથી સમજાવી શકાય. જે કથનની બહાર હોય તે વગર કથને સંકેતથી સમજાવી શકાય, ચેષ્ટાથી સમજાવી શકાય.

પોતાનું જાણવું જ્ઞાનમાત્ર વસ્તુમાં... શું છે કે જ્ઞાનમાત્ર વસ્તુમાં પોતારૂપ જાણતા પ્રતીતિ થઈ. પ્રતીતિપૂર્વક જાણવું પોતાનું થયું કે હું આવો જ જ્ઞાનમાત્ર છું એવું જે જ્ઞાન, તે જ્ઞાન '**સમ્યક્ નામ પામ્યું.**' એવું જ્ઞાન સમ્યક્ નામ પામ્યું. આમાં સમ્યક્પણું શું ? હવે વિચારીએ એને. વિષય થોડો ગૂઢ છે. થોડું ધ્યાન દેવું. જ્ઞાન તો જ્ઞાન હતું. બધા જીવોને જ્ઞાન સામાન્ય છે. કોને નથી ? કે બધા જીવોને જ્ઞાન સામાન્ય છે. અને એ જ્ઞાન સામાન્યમાં માત્ર જ્ઞાન જ છે, બીજું કાંઈ નથી. જ્ઞેયાકાર પણ નથી. વિશેષ જ્ઞેયાકાર નથી. પછી રાગ અને રાગના વિષયનો તો સવાલ નથી રહેતો. પણ જે વિશેષ જ્ઞાનના જ્ઞેયાકારો છે અનેકાકારો છે જ્ઞાનના એ પણ સામાન્ય જ્ઞાનમાં નથી. એટલું સૂચવવા એને જ્ઞાનમાત્ર કહીએ છીએ. અને એ સદશ... સદશ... સદશ... સદશ... સદશ... હોય છે. દ્રવ્ય-ગુણમાં પણ એવી સદશ્યતા છે. માટે દ્રવ્ય, ગુણ, પર્યાયમાં જ્ઞાનમાત્ર વ્યાપ્ત છે. માટે જ્ઞાન દ્રવ્ય નથી, જ્ઞાન ગુણ નથી, જ્ઞાન પર્યાય નથી. જ્ઞાન જ્ઞાન જ છે. જ્ઞાનમાત્ર જ્ઞાનમાત્ર જ

છે. આ 'સમયસાર'નો ધ્વનિ છે. એવું જે જ્ઞાનમાત્રપણું તે આત્માનું સ્વરૂપ છે. તેને ઓળખતા આત્મા ઓળખાય છે, એને અનુભવતા આત્મા અનુભવાય છે. અનંત ગુણને જાણવા-નહિ જાણવાનો પ્રશ્ન રહેતો નથી.

અહીંયાં કહે છે કે એવું જે જ્ઞાનમાત્રપણું છે એ સ્વપણે જ્યાં જાણ્યું, પોતારૂપે જ્યાં જાણ્યું ત્યાં પ્રતીતિ ઊભી થઈ ગઈ. Automatic શ્રદ્ધાગુણ સવળો પડી ગયો. જે અનાદિનો ઊંધો હતો પૂરો એ સવળો પડી ગયો. પરિણમન ત્યાં સમ્યક્ત્વ નામ પામ્યું. આમ થયું ત્યારે પરિણમન સમ્યક્ત્વ નામ પામ્યું. એ એટલા અંશે સમ્યક્ત્વ કહી શકાય છે. સર્વથા નહિ કહી શકાતું હોય તો સમ્યક્ત્વ એવો શબ્દ પણ ન હોત ભાષામાં. પણ એથી વધારે નથી.

આના ઉપર ચર્ચા કરવી હોય તો રાત્રિ ચર્ચામાં લેજો આપણે કે આ શું કહેવા માગે છે અહીંયાં ? થોડું વિચારીને. રાત્રિ ચર્ચામાં એટલા માટે કે અત્યારે આપણે જેટલો સ્વાધ્યાય કરીએ એના ઉપરથી થોડા વિચારો ચાલવા જોઈએ કે આ સમ્યક્ત્વ એટલે શું કહેવા માગે છે ? વાત તો બહુ ટૂંકી કરી એમણે. કેમકે લાંબી વાત એમાં સમાતી પણ નથી. વક્તવ્ય નથી ને માટે.

કહે છે કે પોતાનું જાણવું એટલે પોતાનું સ્વરૂપ એમ જાણવું, મારું સ્વરૂપ આવું છે એમ જાણવું. પોતારૂપે જાણવું. કોને ? જ્ઞાનમાત્રને. હું જ્ઞાનમાત્ર. આ મંત્ર છે આનો. એવું જે પ્રતીતિ સહિત પરિણમન થયું તેને સમ્યક્ત્વ કહ્યું. તે સમ્યક્ત્વ પામ્યો. એનું નામ સમ્યક્ત્વ પામ્યો. આટલું સમ્યક્ત્વ છે. અને આ સમ્યક્ત્વ છે એ તિર્યંચને ઉત્પન્ન થાય છે. બરાબર એટલું જ સમ્યક્ત્વ સિદ્ધપદમાં હોય છે. સમ્યક્ત્વ અપેક્ષાએ એક તિર્યંચ અને સિદ્ધ પરમાત્મા બેય સરખા છે. કાંઈ ફેર નથી. સમ્યક્ત્વ બેયનું સરખું છે. કેમકે એ તિર્યંચ પણ જ્ઞાનમાત્રમાં પોતાનું રૂપ જોવે છે. અને સિદ્ધ ભગવાન પણ જ્ઞાનમાત્રમાં જ પોતાનું રૂપ જોવે છે. બેયનું સમ્યક્ત્વ સરખું છે. એટલે જે સમ્યક્ત્વને સમજે તે જ્ઞાનીને સમજે, તે મુનિને સમજે, તે અરિહંતને સમજે, તે સિદ્ધને સમજે. બધા પદ આવી ગયા એમાં.

'અનુભવપ્રકાશ'માં કોઈ કોઈ ઠેકાણે તો એવી ગૂઢ વાતો કરી છે.

એમનું અનુભવજ્ઞાન અને સિદ્ધાંતજ્ઞાન એટલું સૂક્ષ્મ અને એટલું દૃઢ, અસાધારણ જેને કહીએ. એવું સરસ હતું 'દીપચંદજી'નું.

**'પોતાના જાણપણારૂપ જ્ઞાનમાત્ર વસ્તુમાં પ્રતીતિ થઈ તેથી, સમ્યક્ નામ પામ્યું.'** સમ્યક્ નામ પામ્યું. સમ્યક્ ભાવ પણ પામ્યો. ભાવ પામ્યો ત્યારે નામ પામ્યું ને ? ભાવ વગર તો નામ પામવાનો અહીંયાં સવાલ નથી. નામ નિક્ષેપ નથી અહીં તો. ભાવનિક્ષેપપૂર્વક નામની વાત છે અહીં તો. ભાવનિક્ષેપ છે. **'જ્ઞાનમાત્ર વસ્તુ તો...'** જેમાં પ્રતીતિ થઈ, જેને પોતાનું રૂપ જાણ્યું તે **'જ્ઞાનમાત્ર વસ્તુ તો કેવળજ્ઞાન થયે શુદ્ધ, જ્યાં સુધી કેવળ નથી ત્યાં સુધી ગુપ્ત છે.'** કેવળજ્ઞાન થયે શુદ્ધ એટલે શુદ્ધપણે વ્યક્ત થઈ કેવળજ્ઞાનમાં. ત્યાં સુધી એ ગુપ્ત છે એમ કહે છે. એટલે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય ઉપરથી સમકિત લીધું છે.

'પ્રવચનસાર'ની ૮૦ ગાથામાં અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય એટલા માટે લીધા છે. એનું આ કારણ છે જે આ 'દીપચંદજી'એ લીધું. ત્યાં એ જ્ઞાનમાત્ર શુદ્ધ થઈને વ્યક્ત થયું. જે જ્ઞાનમાત્ર વસ્તુ કીધી હતી એ ગુપ્ત તત્ત્વ હતું. એ ગુપ્ત તત્ત્વ સૃષ્ટિને લક્ષમાં નથી. આ 'કૃપાળુદેવ' વચન સપ્તતીમાં કહે છે. જે સાતસો વચનો કહ્યા એમાં આ ગુપ્ત તત્ત્વની વાત કહે છે કે એ સૃષ્ટિને લક્ષમાં નથી. જે પ્રથમ અનુભવગોચર થયું એ ચોથા ગુણસ્થાને, તોપણ ગુપ્ત રહ્યો. કેમકે સર્વાંશે એની અભિવ્યક્તિ નથી થતી. મુનિદશામાં વિશેષ અભિવ્યક્તિ છે. તોપણ હજી ગુપ્ત રહે છે. અને અરિહંત પરમાત્માને એ સર્વથા શુદ્ધ થઈને, કેવળજ્ઞાન થતાં એનું સર્વથા શુદ્ધત્વ થયું.

**'જ્ઞાનમાત્ર વસ્તુ તો કેવળજ્ઞાન થયે શુદ્ધ,...'** શુદ્ધ એટલે પૂરું વ્યક્ત. **'જ્યાં સુધી કેવળ નથી ત્યાં સુધી ગુપ્ત છે.'** આટલી વાતને તો અવતરણ ચિહ્ન કરાવ્યું છે. ... કરાવ્યું હોય. ઢુંઢારીમાં એમ કહે છે, 'અપના જાનના જ્ઞાનમાત્ર વસ્તુ મેં જો પ્રતીતિ ભઈ તાતે સમ્યક્ નામ પાયા, જ્ઞાનમાત્ર વસ્તુ તો કેવળજ્ઞાનભયે શુદ્ધ. જહાં તક કેવલ નહીં તહાં તક ગુપ્ત હૈ. કેવલજ્ઞાનમાત્ર વસ્તુ કી પ્રતીતિ પ્રત્યક્ષ કરી સ્વસંવેદન બઢાવે હૈ.' આમાં અવતરણ ચિહ્ન ગમે તે કારણે કર્યા હોય. આમાં ઢુંઢારીમાં તો તે દિ' પદ્ધતિ જ ક્યાં હતી ? Inverted coma ની કોઈ

પદ્ધતિ નહોતી એ જમાનામાં. ૨૫૦ વર્ષ પહેલાં લખાયેલો ગ્રંથ છે.

શું કહ્યું ? કે '**જ્ઞાનમાત્ર વસ્તુ તો કેવળજ્ઞાન થયે શુદ્ધ,...**' એટલે પૂર્ણ પ્રગટ. '**જ્યાં સુધી કેવળ નથી ત્યાં સુધી ગુપ્ત છે.**' ત્યાં સુધી જ્ઞાનમાત્ર છે એ ગુપ્ત છે. એટલે પૂર્ણપણે અભિવ્યક્તિ પ્રગટતા જોવામાં આવતી નથી. બીજાની અપેક્ષાએ, હોં ! જેને અનુભવ છે એને તો એ પ્રશ્ન રહેતો નથી. કેમકે ગુપ્ત અને પ્રગટ તો અવસ્થાભેદ છે. વસ્તુ તો સર્વ કાળે જેવી છે તેવી જ જ્ઞાનમાત્ર છે. અને એ જ્ઞાન સમ્યક્ થતાં, સ્વસન્મુખ થતાં પોતારૂપે અનુભવગોચર થઈ ગઈ, વેદન ગોચર થઈ ગઈ.

હવે જેને વેદનગોચર થઈ છે એ વસ્તુ, તેને '**કેવળ જ્ઞાનમાત્ર...**' શું કીધું હવે ? '**કેવળ જ્ઞાનમાત્ર...**' હવે અહીંયાં જે શુદ્ધ કહ્યું છે ને ? એમાંથી પણ એક ભાવ એ નીકળે છે કે કેવળ એટલે એકલું જ્ઞાનમાત્રપણું એ શુદ્ધ છે. જ્ઞાનમાત્ર વસ્તુ તો કેવળજ્ઞાન થયે, તો ઓલું કેવળજ્ઞાન ન લઈએ આપણે. તેરમા ગુણસ્થાનનું ન લઈએ એકવાર. તો માત્ર એનું જ જ્ઞાન. પછી બીજું જ્ઞાન નહિ વચ્ચે. અન્ય જ્ઞેયનું જ્ઞાન નહિ, રાગનું જ્ઞાન નહિ, પર્યાયનું જ્ઞાન નહિ, ગુણભેદનું જ્ઞાન નહિ, કોઈ જ્ઞાન નહિ. જ્ઞાનમાત્ર વસ્તુનું કેવળજ્ઞાન થયે તે જ્ઞાન શુદ્ધ અને જ્યાં સુધી કેવળ નથી ત્યાં સુધી એ છે ખરું. જ્ઞાનમાત્રપણું છે ખરું પણ એ ગુપ્ત છે. એમ એક બીજો અર્થ પણ આની અંદર ઘટી શકે છે. એ ભાવ પણ નીકળે છે આમાંથી.

કેમ ? કે એ અર્થ એટલા ઉપરથી લીધો કે પાછળની પંક્તિ છે એ અર્થને સૂચવે છે કે '**કેવળ જ્ઞાનમાત્ર વસ્તુની પ્રતીતિ...**' એટલે એકલા જ્ઞાનમાત્ર વસ્તુની પ્રતીતિ. જ્ઞાનમાત્રમાં પાછું હજી કેવળ લગાડ્યું આગળ. કેમકે જ્ઞાનમાત્રને એક વસ્તુમાં લઈ લેવી છે. એટલે એકલી એવી વસ્તુરૂપ જે પ્રતીતિ, તે પ્રતીતિ '**પ્રત્યક્ષ કરી કરી સ્વસંવેદન વધારે છે.**' કોણ ? જઘન્ય જ્ઞાની. ચોથા ગુણસ્થાને જેને જઘન્ય જ્ઞાન પ્રગટ્યું, કારણ કે એ અનુભવજ્ઞાન ચોથા ગુણસ્થાનનું જઘન્ય જ્ઞાન ગણાય છે. એ શું કામ કરે છે ? કે એ સ્વસંવેદન કરે છે. સ્વસંવેદન કરે છે ત્યારે એ સ્વસંવેદનને વધારે પણ છે. કઈ રીતે સ્વસંવેદનને વધારે છે ? એ વાત બહુ સુંદર કરી છે.

જ્ઞાનમાત્ર છે એ કેવળ જ્ઞાનમાત્ર હું છું એવી પ્રતીતિ કરીને એ પ્રતીતિપૂર્વક વસ્તુ જે પ્રત્યક્ષ છે એનું પ્રત્યક્ષપણું ભાવમાં લાવી લાવીને. એમ કહેવું છે. પ્રતીતિપૂર્વક પ્રત્યક્ષતાને આવિર્ભાવ કરીને, પ્રતીતિપૂર્વક પ્રત્યક્ષતાને પ્રત્યક્ષપણે આવિર્ભૂત કરીને સ્વસંવેદનને વધારે છે. હવે જરા વધારે સહેલું કરવું હોય તો એમ લઈ શકીએ કે જ્ઞાનીની જ્ઞાનદશા વધતી ચાલે છે. જ્ઞાનીની દશા જે વધતી ચાલે છે એટલે શું ? કે એનું સ્વસંવેદન વધતું ચાલે છે. એનું નામ જ્ઞાનીની જ્ઞાનદશા વધતી ચાલે છે. શું કરતાં એ વધતી ચાલે છે ? સ્વસંવેદનને એ કઈ રીતે વધારે છે ?

વસ્તુ જે પ્રત્યક્ષ છે એને પ્રતીતિના જોરથી વધારે પ્રત્યક્ષપણું આવિર્ભાવ કરીને, વસ્તુ તો પ્રત્યક્ષ છે, પ્રત્યક્ષનું જ્ઞાન પણ પ્રત્યક્ષ છે, પણ એમાં સ્વસંવેદનની તારતમ્યતાની વૃદ્ધિ થઈ શકે એવો અવકાશ છે. સંપૂર્ણ નથી સ્વસંવેદન ત્યાં. જઘન્ય સ્વસંવેદન છે. સંપૂર્ણ સ્વસંવેદન કેવળજ્ઞાન વખતે તેરમા ગુણસ્થાને ઉત્પન્ન થાય છે પહેલુંવહેલું. તો એ દરમ્યાન જે ઉપર ઉપરના ગુણસ્થાને સ્વસંવેદન વધે છે એ કયા કારણે વધે છે ? ઉપરના ગુણસ્થાને કેવી રીતે આવે છે જ્ઞાની ? કે પ્રતીતિ દ્વારા, પ્રતીતિપૂર્વક, પ્રતીતિમાં '**પ્રત્યક્ષ કરી કરીને...**'

હવે એમાં શું વધારે ચોખ્ખું કરીએ તો વિકલ્પમાં જે પરોક્ષપણું છે એમ નહિ. હું આવો આત્મા છું, હું આવો છું, હું અનંત ચતુષ્ટય મંડિત છું, હું પૂર્ણ છું, હું શુદ્ધ છું, હું અનુભવરૂપ છું, હું સુખસ્વરૂપ છું, હું આનંદસ્વરૂપ છું, હું ધ્રુવ છું, અપરિણામી છું, જ્ઞાયક છું, એવો જે વિકલ્પ એ વિકલ્પથી દશા વધતી નથી. એમ કહેવું છે. કેમકે એ પરોક્ષ છે. એવો પ્રકાર જ્ઞાનીને નથી. જ્ઞાનીને જે સ્વસંવેદન વધે છે એ પ્રતીતિપૂર્વક પ્રત્યક્ષ કરી કરીને એ સ્વસંવેદન વધારે છે. આ દશા વધારવાની રીત છે.

મુમુક્ષુ :- પ્રતીતિ અને અનુભવવું એ જુદી વસ્તુ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- તો અનુભવથી વધારે અહીંયાં પ્રતીતિથી વધારીને...

પૂજ્ય ભાઈશ્રી :- જોર પ્રતીતિથી આવે છે. જોર આવવાના બે Factor છે એમ કહે છે અહીંયાં.

અહીંયાં શું કહેવું છે ? પ્રશ્ન સારો છે. જે સ્વસંવેદન વધે છે એ તો પુરુષાર્થથી વધે છે. પુરુષાર્થ કહો, આત્મબળ કહો, આત્મ પુરુષાર્થ કહો કે જોર કહો. હવે એ વીર્યગુણમાં અનંતુ પડ્યું છે. જોર કરવાનું સામર્થ્ય વીર્યગુણમાં અનંતુ પડ્યું છે. જ્ઞાનદશા પ્રગટ થઈ પછી એ આત્મબળ વધતું જાય છે, પુરુષાર્થ વધતો જાય છે. કયા કારણે વધતો જાય છે એ કહેવું છે અહીંયાં. એમાં બે Factor છે. એક જે સ્વરૂપની પ્રતીતિરૂપ શ્રદ્ધાન છે, શ્રદ્ધાનરૂપ પ્રતીતિ છે એ એક. અને બીજું, જે એનું પ્રત્યક્ષપણું છે તે. જેને પ્રકાશશક્તિનું પરિણમન કહેવામાં આવે છે. જેને પ્રકાશશક્તિનું પરિણમન કહેવામાં આવે.

મુમુક્ષુ :- એ તો વેદન ને ? પ્રકાશશક્તિનું...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વેદન છે. સ્વસંવેદનમયી છે. વિષદ સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ. પ્રકાશશક્તિની પરિભાષા જ આ છે. વિષદ એટલા માટે લીધું કે બહુ ચોખ્ખું છે. પ્રત્યક્ષતામાં પરોક્ષતા નહિ હોવાથી ચોખ્ખું બહુ છે. જેમ સૂર્ય કેટલો ચોખ્ખો દેખાય ? કે થોડોક ઝાંખો દેખાય કાંઈ ? કે સૂર્ય સૂર્ય રીતે સાવ ચોખ્ખો છે. કેમકે પ્રકાશનું પુંજ છે. એમ આત્મા ચૈતન્યપ્રકાશનો પુંજ છે. એમ છે. એટલે એ પ્રત્યક્ષતાનું અવલંબન છે. પોતાની અનંત પ્રત્યક્ષતાનું અવલંબન છે અને એ પ્રતીતિપૂર્વક અવલંબન છે. માત્ર જાણવું નથી. પ્રતીતિપૂર્વક જાણવું છે. આ બે મુદ્દા પુરુષાર્થને એકદમ તીવ્ર કરે છે. જ્ઞાનીને પણ પુરુષાર્થની તીવ્રતા આ બે કારણથી આવે છે. આ રીતે જ્ઞાની સ્વસંવેદનને વધારે છે અને મોક્ષમાર્ગમાં પ્રગતિ કરે છે. એમ કહેવું છે. 'અનુભવપ્રકાશ' તો જરા અધ્યાત્મના ઊંડાણનો ગ્રંથ છે. ઉપર ઉપરથી બધા વચનો સામાન્ય લાગે પણ ઊંડાણ ઘણું ભર્યું છે.

મુમુક્ષુ :- પ્રતીતિ અને પ્રત્યક્ષતાનું જોડે પુરુષાર્થ થાય એમાં અનુભવ આવ્યા કરે ?

પૂજ્ય ભાઈશ્રી :- વેદન એ અનુભવ છે. વેદન એ જ અનુભવ છે. વધતો અનુભવ. સ્વસંવેદનની તારતમ્યતા વધે છે. પણ સ્વસંવેદન જઘન્યપણે ચોથા ગુણસ્થાને પ્રગટ્યું, પછી એ જ ગુણસ્થાનમાં અને ઉપરના ગુણસ્થાનમાં સાધકજીવે સ્વસંવેદનને કેવી રીતે વધાર્યું ? આ પ્રશ્નનો ઉત્તર છે આ. જ્ઞાનમાત્ર વસ્તુની પ્રતીતિપૂર્વક પ્રત્યક્ષપણું કરી

કરીને વધાર્યું. એમ કહે છે. એટલે છે ને, કોઈ એમ કહે કે જ્ઞાની ધ્યાનમાં બેસીને શું કરતા હશે ? આ કરે છે. ઠીક !

મુમુક્ષુ :- આ છેલ્લી લીટી આપ બોલ્યાને કે જ્ઞાની કઈ રીતે વધે છે આગળ ? એ લીટીની થોડી સ્પષ્ટતા વધારે કરોને.

પૂજ્ય ભાઈશ્રી :- સ્પષ્ટતાને ? વિચારીએ છીએ. હજી તો એમ જલ્દી અહીંથી નહિ છૂટે. વિષય જરા રસવાળો છે એટલે એમાં થોડું વધારે લંબાય છે.

એટલે એમ કહેવું છે કે બહારનું ખોખું તો બધાયનું સરખું છે. જ્ઞાનીનું કે અજ્ઞાનીનું ધ્યાનમાં બેસે. કોઈ એકાંત સ્થળમાં બેસે, પદ્માસને બેસે કે કાયોત્સર્ગ કરે ખડગાસને. પણ ખડગાસન કરતાં પદ્માસન છે એ વધારે અનુકૂળ છે. કેમકે ખડગાસને થોડોક થાક લાગવાનો પ્રકાર ઉત્પન્ન થાય અને શારીરિક અસુખ થાય તો પાછો ભંગ પડે. પરિણામ એ બાજુ ખેંચાવાનું એક નિમિત્ત બને. ખેંચાય તો. ન ખેંચાય તો ન પણ ખેંચાય. પણ પદ્માસનમાં તો બહુ સુખાસન છે. પદ્માસને બેસે તો બહારનું ખોખું તો સરખું છે. અંદર શું કરે છે ?

અંદર એ કરે છે કે જ્ઞાનમાત્ર હું એની જે પ્રતીતિ થઈ છે, એ પ્રતીતિપૂર્વક જે વસ્તુ પ્રત્યક્ષ છે એની પ્રત્યક્ષતા કરી કરીને, પ્રત્યક્ષતા કરી કરીને. આ માણસ હરખાય છે તો સંભારી સંભારીને હરખાય છે કે નહિ ? અને શોક કરે છે તો સંભારી સંભારીને શોક કરે છે ને ? કોઈની પાછળ શોક કરે તો શું કરે ? સંભારી સંભારીને જ કરે છે ને. બીજું શું કરે છે ? તો એ ખરેખર માત્ર સ્મરણ નથી. સ્મરણ ઉપરાંત તાદશ્યપણે પ્રત્યક્ષપણે જાણે અત્યારે હોયને એવી રીતે લે છે એને. તાદશ્યતા એની લ્યે છે.

એમ જ્ઞાનવસ્તુમાં પોતે છે એ પોતાની પ્રત્યક્ષતા કરે છે. અને છે પણ ત્યાં. ઓલી વસ્તુ તો પરોક્ષ છે અને પોતાનો સંબંધ જોડે છે. અહીંયાં એવું નથી. અહીંયાં કોઈ બે ચીજ વચ્ચે સંબંધ જોડવાનો પ્રશ્ન નથી. ત્યાં તો એટલી તાદશ્યતા હોય તો હરખ-શોક થઈ જાય છે. અને પાર વગરનો થાય છે. ત્યારે અહીંયાં તો વસ્તુ પોતે અને પોતામાં પોતાપણું. એ પોતાપણામાં પ્રતીતિની દૃઢતા અને પ્રત્યક્ષતાની દૃઢતા બે આવતા પુરુષાર્થ ઉછાળો ખાઈને વીર્યગુણ પરિણમે છે. ઉછળીને

વીર્યગુણ પરિણમે છે એ રીતે. એટલે સ્વસંવેદન વધી જાય છે. પુરુષાર્થનું જે બળ આવે છે એને લઈને સ્વસંવેદનની વૃદ્ધિ થાય છે અને એ રીતે જ્ઞાની પણ સ્વસંવેદન (વધારે છે). પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરીને, વસ્તુની પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરીને સ્વસંવેદનને વધારે છે. ધ્યાનમાં પણ એમ વધારે છે અને વગર ધ્યાનમાં પણ એમ જ વધારે છે. પણ ધ્યાનમાં બીજા કોઈ વિક્ષેપ નથી. બીજા કાર્યોમાં વિક્ષેપ છે માટે જ્ઞાની નિવૃત્તિ ચાહે છે. અને માટે જ્ઞાનીમાંથી મુનિ થાય છે. કેમકે પછી તો વિક્ષેપનો કોઈ પ્રસંગ નથી એને.

નહિતર તો કહે, ચક્રવર્તી હોય એને એમ કહે એના કુટુંબીજનો કે આપ એકાંતમાં રહોને, અમને ક્યાં વાંધો છે. પણ તમે છોડીને ન જાઓ આ બધું. આ મહેલ છે, રાજપાટ છે. આ બધું છોડીને ન જાઓ. અહીંયાં ને અહીંયાં તમારે જે વ્યવસ્થા કરવી હોય એ આપ તો ગમે તે વ્યવસ્થા ઊભી કરી શકો છો. એને શું બાહ્ય સાધનની ખામી હોય છે ? બાહ્ય સાધનની અનુકૂળતા એ એક મારો વિક્ષેપ છે. બાહ્ય સાધનની પ્રતિકૂળતાને તો બધાય વિક્ષેપ કહે છે, પણ અનુકૂળતા પણ એક મારો વિક્ષેપ છે. અને અનુકૂળતા પ્રતિકૂળતાથી પર જવું એ મારો અવિક્ષેપ છે. અને એના માટે હું અનુકૂળતાને પણ છોડું છું. અને કોઈ એવી પરિસ્થિતિનો સ્વીકાર કરું છું કે જ્યાં મને વિક્ષેપ સંબંધિત કોઈપણ નિમિત્તો ન હોય અને કોઈ મારી પ્રવૃત્તિ પણ ન હો.

મુમુક્ષુ :- જે પ્રત્યક્ષ સત્પુરુષની વાણીમાં આજ્ઞાંકિતપણું એ પ્રતીતિ નથી એટલે ઓછું થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે પ્રતીતિ હોય તો તો આજ્ઞાંકિતપણું ન હોવાનો પ્રશ્ન રહેતો નથી. ઓઘસંજ્ઞામાં બેય પ્રકાર છે. ઓઘે ઓઘે આજ્ઞાંકિત હોય પણ ખરો અને આજ્ઞાંકિતપણામાં ક્ષતિ પણ હોય એટલે અલ્પત્વ પણ હોય. ઓછી-વત્તી ક્ષતિ હોય પણ ખરી અને ક્ષતિ ન પણ હોય. એવા પણ આજ્ઞાંકિત હોય છે. અને એવા આજ્ઞાંકિત હોય ત્યારે એને ઓઘસંજ્ઞા પછી છૂટી જાય. પછી એને ઓઘસંજ્ઞા ન રહે. કેમકે એને ઓઘસંજ્ઞા રહેવાની પછી જગ્યા નથી. ઓઘસંજ્ઞાએ પણ આજ્ઞાંકિત રહેવાની જ આજ્ઞા છે એમાં તો. બીજું નથી એમાં. આજ્ઞા વિરૂદ્ધ જવાની ક્યાંય છૂટછાટ આપવામાં આવી

નથી. એ વાત તો સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને વસ્તુદર્શન તો પ્રત્યક્ષ વર્તે છે. ઈ પ્રત્યક્ષને પાછી પ્રત્યક્ષતામાં કેવી રીતે લે ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો આ દૃષ્ટાંત આપ્યું. એટલે તો આ દૃષ્ટાંત આપ્યું કે હરખ-શોકના પ્રસંગે હરખ-શોકની વૃદ્ધિ કેવી રીતે થાય છે ? જરાક તમારા અનુભવને તપાસી લ્યો. એની પ્રત્યક્ષતા કરી કરીને હરખ-શોકને વધારે છે ને ? છે પરોક્ષ. પરોક્ષની પ્રત્યક્ષતા કરે તો પણ હરખ-શોકના ભાવ વૃદ્ધિગત થઈ જાય, તો પ્રત્યક્ષની પ્રત્યક્ષતા કરે તો નહિ થવાનો પ્રશ્ન શું રહે છે ?

મુમુક્ષુ :- એટલે જ્ઞાની, પોતાને જે અનુભવમાં પ્રતીતિ થઈ છે એનું ને એનું વારંવાર કર્યા કરે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે વેદનની અંદર વેદન પ્રત્યક્ષતા છે. જે જ્ઞાનમાં જ્ઞાનવેદન છે એની વેદન પ્રત્યક્ષતા છે અને એ જે અંશ પ્રત્યક્ષતા છે જ્ઞાન વેદનમાં, એવું અનંત પ્રત્યક્ષ સ્વરૂપ છે, સ્વભાવ છે એ વસ્તુ છે પોતે. હું આટલો પ્રત્યક્ષ છું એમ પ્રત્યક્ષતામાં આવીને. એને તો પરિણતિ છે ને પ્રત્યક્ષ વેદનની ? એટલે પ્રત્યક્ષતાનું જે વેદન છે એ દ્વારા. આ Chanel છે એની. વિકલ્પમાં એ વાત નથી. કેમકે વિકલ્પમાં તો એક પરોક્ષનો વિચાર છે. અહીંયાં વસ્તુ પ્રત્યક્ષ છે. જ્ઞાનમાં વસ્તુ પ્રત્યક્ષ છે અને એના વેદનરૂપ પ્રત્યક્ષ છે. તો વેદનરૂપ પ્રત્યક્ષ અંશ દ્વારા વસ્તુ હું આવી છું એમ લઈ લે છે. એટલે એમાં કલ્પના ન થાય ને પછી ? કલ્પના ન થાય એમાં. અને એ બળ આવે છે એનું. અવલંબનનું બળ આવે છે.

મુમુક્ષુ :- એનું જ જોર વધારે ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ રીતે સ્વસંવેદન વધે છે. સ્વસંવેદન ઊપજે છે. ઊપજે છે અને વૃદ્ધિગત થઈ થઈને જ્ઞાનીને ઊપજે છે અને એ રીતે જ્ઞાની પોતાની સાધકદશામાં આરાધનને સાધનાને વધારે છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી' કહે છે, ... ગાઢ રસનું વાચ્ય આ જ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ગાઢતામાં એ વાત છે. ગાઢ દર્શન થાય છે. મારા સ્વરૂપનું-મને મારી ચૈતન્યમૂર્તિનું ગાઢ દર્શન થાય છે. એ જે કહે છે એ ગાઢતા આને લઈને છે. પ્રત્યક્ષતાને લઈને છે. એટલે

પ્રત્યક્ષતાનો વિષય એ પ્રત્યક્ષતાને તો માગે જ છે. પ્રત્યક્ષતાનો વિષય પરોક્ષતામાં કેવી રીતે લાવવો ? પ્રત્યક્ષતાને તો માગે જ છે.

આપણે આ Accident નું દૃષ્ટાંત લઈએ છીએને. કોઈ એક વ્યક્તિ એક બસની અંદર Accident જોવે છે ત્યારે એ કેટલાયને મરતા જોવે છે. કેટલાયને ચીસાચીસ કરતા જોવે છે. કેટલાયને લોહી-લુહાણ જોવે છે. હાથ-પગ ભાંગી જાય, કોઈના આંતરડા નીકળી ગયા હોય, કોઈના માથા ફાટી ગયા હોય. અને એ બધું જ્યારે પ્રત્યક્ષ જોવે છે ત્યારે એની દશા શું થાય છે ? બસમાં બેસે એટલે પ્રત્યક્ષ થાય. પરોક્ષ છે પણ જેવો બસમાં બેસે એટલે પ્રત્યક્ષ થાય. એટલે એ શું કહે ? મારે બસમાં બેસવું નથી. એ જીવ એટલો ભયભીત થાય છે. નહિતર તો એ પ્રસંગ બની ગયો પછી તો વર્ષો વયા ગયા છે. વર્ષો પછી બસમાં કેમ નથી બેસી શકતો ? એ એની પ્રત્યક્ષતા છે. ખરેખર .. એટલે સ્વસંવેદન વધી જાય છે. એમ લેવું છે.

આપણે તો એવા બે દૃષ્ટાંત જોયા છે. એક ઓલા ભાઈ હોમિયોપથીવાળા. બીજા (આપણા મુમુક્ષુના પત્ની). એ કહે અમે બસમાં નથી બેસી શકતા. જે બસ છે એમાં જીંદગીભર ન બેસી શકીએ. કેમકે બસમાં બેસે (એટલે) એને સીધું જ ઓલું યાદ આવે. બસ ચાલે ત્યાં થથરે. બસ ચાલે ત્યાં એનો ભય વધવા માંડે. તો ભય શેનો વધવા માંડે છે ? પ્રત્યક્ષ કરી કરીને ભય વધારે છે. એને કરવો નથી તો થઈ જાય છે. ત્યાં તો કરવું નથી તો થઈ જાય છે. ભય જોતો નથી તો ભય આવી જાય છે. અહીં તો આનંદ જોઈએ છે એને શું કરવા ન આવે ? આનંદ તો જોઈએ છે, સુખ તો જોઈએ છે, શાંતિ તો જોઈએ છે જીવને. એ રીતે એ વધારે છે. એવી વાતો લીધી છે. 'અનુભવપ્રકાશ'માં એવો અનુભવનો પ્રકાશ કર્યો છે. નામ એવા ગુણ છે ગ્રંથના તો.

મુમુક્ષુ :- Practcal side માં ભોગ-ઉપભોગ જે કાંઈ છે એને પ્રત્યક્ષ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રત્યક્ષ થાય છે.

મુમુક્ષુ :- ગુણસ્થાન આરોહણની આ જે વાત આવી કે સ્વસંવેદનથી ગુણસ્થાન આગળ વધે છે...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે ને નિર્વિકલ્પ દશા વગર ઉપરના

ગુણસ્થાનમાં કોઈ સાધક જતા જ નથી. તો નિર્વિકલ્પતા આવે ત્યારે સ્વસંવેદન વૃદ્ધિગત થાય. ત્યારે પરિણતિ તો ચાલે જ છે સ્વસંવેદનની. શુદ્ધોપયોગમાં તીવ્ર સ્વસંવેદન થાય ત્યારે ઉપરના ગુણસ્થાને જાય. હજી મંદ સ્વસંવેદન હોય તો તેના તે ગુણસ્થાનમાં વૃદ્ધિગતપણું થાય. પણ ગુણસ્થાન ન બદલે. ઉપરનું ગુણસ્થાન આવી જાય એવી સ્થિતિ થાય.

મુમુક્ષુ :- બીજા ગ્રંથોમાં ચારિત્રની મુખ્યતાથી કહેવામાં આવે કે ચારિત્રમાં જેટલી સ્થિરતા હોય...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બધી સ્થૂળ વાતો છે. એ બધી સ્થૂળ વાતો છે. આ અનુભવની સૂક્ષ્મ વાતો છે. એમ છે. એ બધી જાણપણાની વાતો છે. અને આ બધી વેદનની વાતો છે. જ્ઞાનની મુખ્યતાથી એ બધી વાતો થાય છે કે જ્ઞાનમાં એવું જણાય છે. જ્ઞાનમાં એ બધું જાણ્યું છે. આ તો વેદનની વાતો છે. અધ્યાત્મનો વિષય પણ બે પ્રકારે છે. જ્ઞાનની પ્રધાનતાથી અને વેદનની પ્રધાનતાથી. અધ્યાત્મનો વિષય બે પ્રકારે અધ્યાત્મ શાસ્ત્રમાં ચાલ્યો છે. જ્ઞાન પ્રધાનતાથી અને વેદન પ્રધાનતાથી. આવા જે શાસ્ત્રો છે એ વેદનપ્રધાન શાસ્ત્રો છે.

એ '**જઘન્ય જ્ઞાની કેવી રીતે પ્રતીતિ કરે** ?' હવે કહે છે કે પ્રતીતિપૂર્વક પ્રત્યક્ષ કરી કરીને સ્વસંવેદન વધારે છે તો એ જ્ઞાની પ્રતીતિ કેવી રીતે કરી છે ? જુઓ ! વાતને ઉખેળવી છે ને એમને ? એટલે પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવે છે. અને એ વાતને ફરીને શરૂ કરે છે પાછી.

મુમુક્ષુ :- આ પણ એક કરુણાનો પ્રકાર છે. સામે કોઈ શિષ્ય તો છે નહિ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ એમનું કોઈ સાંભળતું નહોતું. તકલીફ તો એ હતી કે આવા પ્રખર જ્ઞાની હોવા છતાં એને કોઈ સાંભળવા તૈયાર નહોતું. દુનિયાની અવળાઈ તો કાંઈ ઓછી નથી. જગતની ઉંધાઈ કાંઈ ઓછી નથી. તો કહે છે, હું લખતો જાઉં છું. મારું કોઈ સાંભળતું નથી. હું લખતો જાઉં છું. કોઈ પાત્ર જીવ હશે એ પામી જાશે. એ લખી નાખ્યું. લખતા ગયા. હું લખતો જાઉં છું. લખવું એ તો બહુ અઘરું છે. કહેવું સહેલું છે. લખવું એટલું સહેલું નથી. લખવું અઘરું છે. વિશેષ

સામર્થ્ય હોય એ જ પોતાના અનુભવને યત્કિંચિત પણ કલમમાં ઉતારી શકે.

કેટલી Practical side લે છે, જુઓ ! '**મારા દર્શનજ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે,...**' હવે એ કેવી રીતે સમજાય એ કહો. 'મેરા દર્શનજ્ઞાનકા પ્રકાશ મેરે પ્રદેશસે ઊઠે હૈ.' આટલું છે ઢુંઢારી. દર્શન-જ્ઞાનનો પ્રકાશ એમ લીધું. દર્શનજ્ઞાનનું પ્રાગટ્ય. અને એ વેદન સહિત ઉત્પન્ન થાય છે. મારા પ્રદેશમાંથી ઊઠે છે. એટલે વચ્ચેથી એમણે ઇન્દ્રિય જ્ઞાનના માધ્યમને દૂર કરી નાખ્યું. જે ઇન્દ્રિય જ્ઞાનનું માધ્યમ જ્ઞાનની પરોક્ષતાને ઉત્પન્ન કરે છે એ પરોક્ષતાને ટાળવું છે. અથવા મનથી વિચારવું નથી આ. બીજી રીતે કહીએ તો. મારા પ્રદેશો છે. જેટલું શરીર છે એટલા આત્મપ્રદેશો છે. તો એ આત્માના ક્ષેત્રમાં દર્શન જ્ઞાનની ઉત્પત્તિ થાય છે પ્રદેશે-પ્રદેશે, એ મનથી વિચારવું નથી પણ જોવું છે કે થઈ રહ્યું છે કે નહિ ? અવલોકવું છે. અવલોકનથી જાણે. માત્ર વિચારથી જાણે એમ નહિ. એ 'ઊઠે છે' શબ્દમાંથી નીકળ્યું છે.

જુઓ ! ઉત્પન્ન થાય છે. જ્ઞાન અને દર્શનનો ઉપયોગ પ્રદેશે પ્રદેશેથી એનો પ્રવાહ જે બહાર આવે છે તો એ આવે છે એને જોઈને એને સ્વીકારોને. વિચારીને સ્વીકારો નહિ, જોઈને સ્વીકારો. કેમકે એ પ્રગટ છે, હાજર છે, વર્તમાનમાં છે. વિચાર તો ભૂત ભવિષ્યમાં હોય એનો થાય. અનુપસ્થિતનો વિચાર હોય. હાજર હોય એનો વિચાર શાનો ? ઊઠે છે કે નહિ દરેક વર્તમાનમાં ? જ્ઞાનદર્શનનો ઉપયોગ ઉત્પન્ન થાય છે કે નહિ ? પ્રગટ થાય છે કે નહિ ? એમણે તો ઉપયોગ શબ્દ પણ નથી વાપર્યો. 'પ્રકાશ' શબ્દ વાપર્યો છે.

મુમુક્ષુ :- 'સોભાગભાઈ'ને આ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જુઓ ! જોઈને કહો. નથી જોવાતું ? તો હજી જોઈને કહો. જોઈને કહો જરા. વિચારીને ન કહો, જોઈને કહો. એવી વાત છે.

મૂળ તો શું છે કે જે ભાવના છે એ ભાવનાથી આ પ્રકાશ જે પ્રકાશિત થઈ રહ્યો છે, જ્ઞાન-દર્શનનો પ્રકાશ પ્રકાશિત થઈ રહ્યો છે એ પ્રકાશ દેખાતો કેમ નથી ? કે પોતે એની પ્રાપ્તિની ભાવનામાં આવ્યો નથી. પ્રાપ્તિની તીવ્ર ભાવના એની સન્મુખ વર્તે છે અને પ્રાપ્તિની

ભાવનાનો અભાવ આત્માને વિમુખતામાં વર્તે છે. ભાવાનાનું ઊંડાણ ઘણું છે આમાં.

સ્વરૂપ પ્રાપ્તિની તીવ્રભાવના આત્માને સ્વરૂપસન્મુખ કરે છે. અને એ ભાવનાનો અભાવ આત્માને સ્વરૂપથી વિમુખ રાખે છે. હવે ભાવના ભાવવી કે ન ભાવવી એ નક્કી કરો. એટલે તો 'કૃપાળુદેવે' મહત્ત્વ આપી દીધું. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.' કેવળજ્ઞાન સુધીની વાત આપી દીધી. લાલચ તો લાગે કેવળજ્ઞાનની. કેવળજ્ઞાન કરવાનું કારણ શું છે ? એને લલચાવો છે. આમ તો હજી તો પહેલા સમ્યક્ જ થવાનું છે. અથવા તો પ્રતિભાસ આવે તો નિશ્ચય થવાનો છે. પહેલા તો પ્રતીતિ આવવાની છે. પણ પ્રતીતિ અને સમ્યગ્દર્શન થશે એ ન કહ્યું. કેવળજ્ઞાન થશે એમ કહ્યું. એને આશા મોટી આપી. આશાના દોરે જીવ જોર કરે ને ? જેટલી આશા મોટી એટલું સાહસ મોટું કરે. કોઈ માણસ સાહસ કરે છે કે ભાઈ બે હજાર કરોડનું કારખાનું નાખવું છે. તો એને આશા શું છે ? કે કરોડો અને અબજો કમાવા છે મારે. એ આશાએ એટલું સાહસ કરે છે ને ? નહિતર પોતાની બધી મૂડી નાખે અને Limited concern કરીને ગામની મૂડી નાખે. જવાબદારી તો એની છે કે નહિ ? એ સાહસ ક્યારે કરે છે માણસ ? આશાના દોરે કરે છે.

જ્ઞાનીએ કેવળજ્ઞાનની આશા આપી કે તારી ભાવના કેવળજ્ઞાનને ખેંચીને લઈ આવે એમ છે. જેમ પતંગને ખેંચીને નીચે લઈ અવાય, એમ કેવળજ્ઞાનને ખેંચીને નીચે લાવવામાં ભાવનાની દોરી છે. એટલું મોટું ભાવનાનું કામ છે. ભાવનાની દોરીએ કેવળજ્ઞાન બંધાયેલું છે. ખેંચીને લઈ આવી શકાય એવું છે. અને એ ભાવના કેવી છે ? કે વજ્રથી પણ વધારે મજબૂત છે. વજ્ર તો હજી એક દુનિયાનો પદાર્થ છે. પણ આખી દુનિયાની મજબૂતાઈ, ચૌદ બ્રહ્માંડથી એની મજબૂતાઈ વધારે છે. આ 'પૂજ્ય બહેનશ્રી'એ નાખ્યું. આ ભાવનાની મજબૂતાઈ છે. ભાવના કોઈની નિષ્ફળ જાય નહિ.

મુમુક્ષુ એમ કહી શકે કે અમારી પાસે અનુભવ નથી, અમને જ્ઞાન થયું નથી, અમે આત્માને જાણ્યો નથી, અમે આત્માને ઓળખતા નથી, અમને આત્માની ખબર નથી. પણ ભાવના નથી ભાવી શકે એવો તું ? ભાવના ભાવવામાં તને શું તકલીફ છે ભાઈ ? ભાવનામાં તો આવ.

પછી બાકીનું અમે સંભાળી લેશું. પણ તું પહેલા ભાવનામાં તો આવ. ભાવનામાં નથી આવતો. એનો અર્થ કે તારે આત્મા જોતો નથી. તારે સંસાર જોઈએ છે પણ તારે આત્મા જોતો નથી. તો સંસારમાં એકલું દુઃખ છે. એકલું દુઃખ જોઈએ છે અને સુખ નથી જોઈતું એનો અર્થ એ છે.

બહુ ઊંડાણ છે, હોં ! ભાવનાનું. એ આત્મ સન્મુખતા કરે છે. અને આત્મ સન્મુખતામાંથી સમ્યક્ત્વ પ્રગટે છે. કેમકે સમ્યક્ત્વ દિશા સૂચક છે. સમ્યક્ત્વ શું છે ? મુખ્યપણે દિશાસૂચક છે. સ્વરૂપાભિમુખ થવું તેનું નામ સમ્યક્ત્વ. સ્વરૂપની અભિમુખ થવું એનું નામ સમ્યક્પણું છે. એનું મૂળ ભાવનામાં પડ્યું છે. એનું બીજ ભાવનામાં પડ્યું છે. પછી તો અંકુર ફૂટે છે. સમ્યક્ત્વ તો એનો અંકુર છે.

એટલે ભાવનાવાળાને આ પ્રકાશ દેખાય છે. નહિતર આ વાત વાત રહી જાય છે કે વાત સાચી છે, ભાઈ ! આત્માનો દર્શન-જ્ઞાન ઉપયોગ તો આત્માના પ્રદેશમાંથી જ ઉત્પન્ન થાય ને ? એ વાત તો ન્યાયથી સમજી શકાય એવી વાત છે. કેમકે આત્માનો દર્શનજ્ઞાન ઉપયોગ છે, એ તો આત્માના પ્રદેશે જ પ્રગટ થાય ને. એમ નહિ. એને ભાવનાગમ્ય કરીને જોવાનો છે. જ્યાં સુધી ભાવનાગમ્યપણું ન હોય ત્યાં સુધી એ જોઈ શકાય અને જોઈને ગમ્ય થાય એવું ન બને. આને ગુરુગમ કહી છે, લ્યો ! આ પાત્રતાને ગુરુગમ કહી છે. ગુરુગમ વિના જ્ઞાન નહિ. એમ કહ્યું ને કે ગુરુગમ વિના જ્ઞાન નહિ. પણ ગુરુગમ શું ચીજ છે ? કે 'ગુરુદેવે' ખોલી છે આ વાતને. આપણે આવે છે 'પરમાગમસાર'માં. પાત્રતા છે એ ગુરુગમ છે. બીજું કાંઈ નથી. ગુરુગમ તો પાત્રતા છે. એટલે એને ગમ પડે છે એ વાતમાં. બીજાને સમજાય છે પણ ગમ પડતી નથી. આત્માનો પ્રકાશ, જ્ઞાનદર્શનનો પ્રકાશ એના પ્રદેશમાંથી આત્મામાંથી ઊઠે છે એ સમજાય છે પણ એની ગમ ન પડે. ગમ પડે એ બીજી વાત છે. એટલે આ વાત તો રહી ગુરુગમ કી. 'બાત રહી સો ગુરુગમ કી.'

એમાં એટલી વાત અપેક્ષિત છે, હોં ! કે મારા જ્ઞાન-દર્શનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે એ માત્ર વિચારથી વિચારવાનું નથી પણ ભાવનાગોચરપણે અવલોકવાનું છે. તો એ અવલોકનમાં આવશે.

અવલોકનમાં આવશે તો પ્રતીતિમાં આવશે. વિચારથી પ્રતીતિમાં નહિ આવે. એમ કહે છે. વિચારી વિચારીને થાકી જઈશ. પ્રતીતિ નહિ થાય. અવલોકનથી પ્રતીતિ થશે. એ એક પંક્તિ છે પણ એમાં વાત સારી લેવી છે.

પછી થોડી લીટીઓ છોડી દેવાની છે. પછી '**પરંતુ...**' એમ કરીને છે ને ? બે, બે, ચાર, છ, સાત લીટી છોડી દેવાની. '**પરંતુ પરોક્ષ જ્ઞાનમાં નિરાવરણની પ્રતીતિ કરી કરી આનંદ વધારીએ.**' એ પ્રતીતિપૂર્વક જે સ્વસંવેદન વધારવાની વાત હતી. અહીંયાં ગુણ ફેરવીને, ગુણનું પરિણમન ફેરવીને આનંદ વધારીએ એ વાત લીધી છે. કે પરોક્ષજ્ઞાનમાં નિરાવરણની પ્રતીતિ કરી કરીને આનંદ વધારીએ. જે ઓલું સ્મરણ કરે છે ને ? એમ પરોક્ષ જ્ઞાનમાં એટલે વિકલ્પાત્મક અવસ્થામાં પણ જે પ્રતીતિ છે એ તો પ્રતીતિ જ છે. જ્ઞાન ભલે વિકલ્પમાં પરોક્ષ થયું. મન સંબંધિત. પણ પ્રતીતિ કરી કરીને આનંદ વધારીએ.

અથવા '**જ્ઞાન શુદ્ધ ભાવનાથી શુદ્ધ થાય એ નિશ્ચય છે.**' સવિકલ્પ દશામાં પણ ભાવના તો પરોક્ષ જ્ઞાનમાં ચાલુ જ રહે છે. અને એ રીતે પણ એની નિર્મળતા છે એ સવિકલ્પ દશામાં પણ જ્ઞાનીને નિર્મળતા વધતી જાય છે. નિર્વિકલ્પ દશામાં તો નિર્મળતા વધે એ તો નિર્વિવાદ વિષય છે, પણ જ્ઞાનીને સવિકલ્પતામાં પણ નિર્મળતા વધતી જાય છે.

હવે જરા વિષય છે એ પાછા વધારે સ્પષ્ટ કરતા જાય છે કે '**પોતાનું સ્વરૂપ સાક્ષાત્ કેવી રીતે થાય તે કહેવામાં આવે છે :-**' ઠીક ! એટલે પોતાના સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ કેવી રીતે થાય ? એ હવે અમારે કહેવું છે. ઠીક ! એમાં શું છે કે 'દીપચંદજી'એ પોતાના અનુભવના ઊંડાણમાં જઈને જેટલું પોતાને સ્પષ્ટ થયું તેટલું કલમમાં ઉતારતા ગયા છે. આ એક એમની નિર્મળતા અને વિષદતાનો પણ બીજાને લાભ મળે એવું કારણ બન્યું છે.

મુમુક્ષુ :- પૂર્વભૂમિકાની જે વાતો હોય, આમાં પૂર્વભૂમિકાની વાત આવશે કે કેવી રીતે થાય ? ઘણા જીવોને અંદરમાં Telly કરી શકાય કે આવું કાંઈ આપણને થતું હોય તો એમાં કેવી રીતે આગળ વધી શકાય..

પૂજ્ય ભાઈશ્રી :- ફરીથી.

મુમુક્ષુ :- આ જે અત્યારે લે છે કે બહારમાં સુખ ક્યાં છે ? ત્યાં હું શું કામ મારાપણું કરું ? શરીરમાં સુખ ક્યાં છે તો હું મારાપણું શું કામ કરું ? એ બધા તો પૂર્વભૂમિકામાં, જ્ઞાનની પૂર્વભૂમિકાની બધી વાતો છે. શરૂઆત કરવા માગતો હોય એ બધા જીવને એમાં મેવળવણી કરવાની વસ્તુ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મેળવણી કરવામાં.

પૂજ્ય ભાઈશ્રી :- આવશે એને ? હા. હા. મેળવણી કરી શકે. અથવા કાર્યપદ્ધતિ છે એ પદ્ધતિએ ચડવું, એની રીતે ચડવું. કામની રીતે ચડી જવું તો કેવી રીતે ચડી જવું ? એની શૈલી છે એ વિધિ પ્રધાન શૈલી છે. કથનની જે શૈલી છે, જે વિષય લીધો છે એમાં વિધિ પ્રધાનતા ઘણી છે. 'અનુભવપ્રકાશ'માં વિધિ પ્રધાનતા ઘણી હોવાથી વિધિના વિષયથી અજાણ હોય એને બહુ કામનો ગ્રંથ છે આ. અને જે કાંઈ રહસ્યભૂત વિષય છે બાર અંગનો એ તો વિધિનો છે. આમ છે. અહીં સુધી રાખીએ. આ વિષય આપણે જરા...

ખાસ-મુખ્ય બાબત તો જીવને યોગ્યતા આવવી તે છે, જેથી વીર્ય પ્રવૃત્તિ સહજ અંતરમાં વળે, 'જ્ઞાનીપુરુષની આજ્ઞાએ ચાલવું' એવો માર્ગ ગ્રહણ કરવા સુઢતા થાય અને નિવૃત્તિ સેવી અપ્રમાદપણે આત્મભાવને સેવવાનું થાય. આત્મહિતમાં ઉલ્લાસિત વીર્ય થતાં પ્રમાદ (અન્ય પ્રવૃત્તિમાં રોકાવુ) ટળે છે. બહુમૂલ્ય એવું મનુષ્યત્વ સાર્થક થાય જ, તેમ આત્માર્થીને લક્ષ રહે. (અનુભવસંજીવની - ૧૧૩૫)

## તા. ૧૯-૧૧-૧૯૯૨, પાના નં. ૧૫, પ્રવચન નં. ૧૭૬

વિભાવને અશુદ્ધતા કહેવાય છે. અશુદ્ધતા છે તે વિપરીતતા છે. એટલે જ્ઞાન જાણે છે ખરું પણ વિપરીત થઈને જાણે છે વિભાવમાં અશુદ્ધ થઈને જાણે છે. તે આમ વિચાર કરવાથી શુદ્ધ થાય કે અથવા આમ એને પ્રકાર બદલવાથી શુદ્ધ થાય. જાણવામાં અને જાણવામાં જાણવાનો પ્રકાર બદલવાથી શુદ્ધ થાય. વિચારથી તો એને સમજાવી શકાય છે.

મુમુક્ષુ :- અશુદ્ધતા, વિપરીતતા સમ્યદૃષ્ટિના જ્ઞાનમાં અશુદ્ધતા તો છે પણ વિપરીતતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ અશુદ્ધતા ઘટેલી અશુદ્ધતા છે, વિભાવ છે પણ એ ઘટેલી અશુદ્ધતા છે. એટલે એ ગતિની અશુદ્ધતા છે, જાતિની અશુદ્ધતા નથી. આપણે સારું થયું ચોખ્ખું થઈ ગયું 'બનારસીદાસજી'નું. ફેસલો જ થઈ જાય એનો. પછી શંકા ન રહે, સંદેહ ન રહે કે કાંઈ અંદર ખૂણે ખૂણે એમ ન થાય કે આમ કેમ છે ? આમ કેમ છે ? ચોખ્ખું છે. એ ગતિની અશુદ્ધતા છે, જાતિની અશુદ્ધતા નથી.

સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્જ્ઞાનની જાતિ શુદ્ધ થઈ ગઈ છે. શુદ્ધ જાતિએ જ્ઞાન પરિણમ્યું છે. કેવળજ્ઞાનની જાતિએ જ્ઞાન પરિણમ્યું છે. જે કેવળજ્ઞાન શુદ્ધ છે એ જાતિ સમ્યગ્દૃષ્ટિની છે. ગતિમાં ફેર નથી પડ્યો. એટલે એમાં જે ફેરફાર થયો છે એ મૂળનો ફેરફાર થયો છે. જાતિનો જે ફેરફાર છે એ મૂળનો ફેરફાર છે. જે ગતિનો ફેરફાર છે એ પછી ફેરફાર થશે. એ ઉત્તર ફેરફાર છે. એ હવે પછી થશે.

જેમ આપણે એમ કહીએ ને કે એક માણસ પહેલા સદ્‌ધર્મનો કે ધર્માત્માનો વિરોધ કરતો હતો. એ વિરોધ કરતો બંધ થયો અને અહીંયાં આવતો થયો. મારી ભૂલ હતી, મારે વિરોધ તો નહોતો કરવો જોઈતો. ત્યારે કોઈ અપેક્ષા રાખે કે પણ આને હજી અત્યંત ભક્તિ કેમ નથી થઈ ? કે કાંઈ નહિ, થાશે હવે. એણે એક પડખું છોડ્યું ને વિરોધનું ? એ જાતિફેર હતું. જે વિરોધ કરતો હતો એ જાતિફેર હતો. હવે આ

બાજુ આવ્યો એમાં ભક્તિ ભલે નથી કરતો, અત્યંત ભક્તિ નથી કરતો પણ આવ્યો ઈ એણે મોઢું ફેરવ્યું છે. હવે આજે નહિ ને કાલે એ ભક્તિમાં આવશે, અત્યંત ભક્તિમાં પણ આવશે. અને એવા ફેરફારો ક્રમે ક્રમે થાય છે. એ પ્રકારના ફેરફારો ક્રમે ક્રમે થાય છે. એટલે એ ક્રમનો વિષય થઈ ગયો કે એ પણ ફેરફાર થવાનો છે. જાતિફેર થઈને ? હવે એ ગતિમાં ફેર થવાનો છે. એ ગતિ લંબાશે નહિ હવે એની.

મુમુક્ષુ :- અશુદ્ધતામાં પણ ભેદ પડ્યો ને ? એક તો એકત્વ સહિતની જે અશુદ્ધતા હતી,...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એનું નામ જ જાતિ. એનું નામ જાતિ. જે જાતિફેર કીધો એનું કારણ એ. એ પ્રકારનો ફેર છે માટે એને જાતિફેર એવું નામ આપ્યું. અને હજી ઉપયોગ ધર્માત્માનો પણ બીજા પદાર્થો ઉપર જાય છે તો એ પરિણામની ગતિ છે. એ ગતિ ફરી નથી હજી. એમાં થોડો સૂક્ષ્મ ફેર શું પડ્યો છે ? કે એમાં ચંચળતા ઘટી છે. જેટલી અજ્ઞાની જીવને પરિણામની ગતિ તીવ્ર હોય, એટલી તીવ્ર ગતિ જ્ઞાનીને નથી હોતી. પણ એ એવો સૂક્ષ્મ ફેરફાર છે કે જે સ્થૂળપણે નજરમાં નથી આવતો. બીજાને પણ એમ લાગે કે આપણે ખાઈએ છીએ, એમ એ ખાય છે. આપણે વાતો કરીએ છીએ એમ એ વાતો કરીએ છીએ. આપણે બીજા સાંસારિક કાર્યો કરીએ છીએ એમ એ પણ કરે છે. હાલવું, ચાલવું, બેસવું, ઉઠવું, સૂવું, નહાવું, ધોવું, કપડા પહેરવા બધું આપણી જેમ જ કરે છે. બોલવું, હસવું, રડવું. લ્યો, ઠીક ! બધું આપણી જેમ જ થાય છે. છતાં પણ એમાં સૂક્ષ્મ ફેરફાર છે. અજ્ઞાની જેટલી અસ્થિરતા નથી. એને અમુક સ્થિરતા જે અંશે આવી છે એ ચંચળતાના અભાવમાં સ્થિરતા આવી છે. અને એ ચંચળતા મૂળમાં ઘટેલી છે. એ અચંચળતા જે પ્રાપ્ત થઈ છે એ ક્રમે ક્રમે વૃદ્ધિગત થશે. અને એ રીતે એના ગતિના પરિણામમાં પણ ફેર પડશે.

કરણાનુયોગથી શાસ્ત્ર પદ્ધતિ તો એવી છે કે ચાર કષાયમાંથી અનંતાનુબંધીનો કષાય જાય એટલે પ્રમાદ, અવિરતિ અને યોગ જે રહ્યા એ અનંતાનુબંધીની જાતિમાં હતા એવા ન રહે. યોગ છે એ ચંચળતા બતાવે છે, જુઓ ત્યાં. પ્રમાદ પહેલા પણ હતો, પછી પણ છે. પણ ફેર પડી જાય છે. યોગમાં પણ ફેર પડી જાય છે. અનંતાનુબંધીના યોગ

હોય એવા યોગ અનંતાનુબંધી ગયા પછી ન રહે. ત્રણ કષાયની ચોકડીમાં એવા યોગ ન રહે. એ પદ્ધતિસરનો વિષય છે ત્યાં. કરણાનુયોગ પદ્ધતિથી ગણિતથી એ સમજાવ્યું છે.

'**હવે આમ વિચાર કરવાથી શુદ્ધ થાય કે આ પરનું જાણપણું પણ જ્ઞાન વિના ન હોય.**' જુઓ ! જ્ઞાન સામાન્ય પકડ્યું અહીંયાં. જાણવું પરનું અને જાણવું સ્વનું, બેય વિશેષમાં લઈ ગયા. અને જાણવું માત્ર એટલે જ્ઞાનમાત્ર તે સામાન્યમાં લઈ ગયા. કેવી પદ્ધતિ લીધી છે એમણે ! પકડાવ્યું અહીંથી. સામાન્યને પકડાવ્યું છે, હોં ! પરના જાણપણામાં પણ જ્ઞાન સામાન્ય છે. પરનું જાણવું જ્યારે પરનું પરરૂપે વિપરીત જાતિથી પરિણમી રહ્યું છે ત્યારે જ્ઞાન સામાન્ય તો જ્ઞાન સામાન્ય જ છે. એટલે આ મૂંઝવણ કઈ ટાળી ? કે અજ્ઞાનદશામાં જીવને એમ લાગે છે કે અરે..રે..! હું તો અજ્ઞાની છું. મારું તો બધું જાણવું જ વિપરીત છે. હું કાંઈ સમજતો નથી, સમજું છું એ વિપરીત સમજું છું. શું થાશે મારું ?

તો કહે છે, ઊભો રહે. તારું જે જાણવું છે અને જે વિપરીત જાણવું છે એ તો વિશેષ જ્ઞાનનો પર્યાય છે. ત્યાં પણ જ્ઞાન સામાન્ય તો છે. જ્ઞાન સામાન્યમાં વિપરીત-અવિપરીત કાંઈ નથી, સમ્યક્-મિથ્યા એવું કાંઈ નથી. એમાં સમ્યક્-મિથ્યા એવું કાંઈ નથી. કેમકે એ એની વિશેષતામાં જાય છે. અહીંયાં જ્ઞાન સામાન્ય લેવું છે. સામાન્યમાં સામાન્ય. કોઈ વિશેષ નહિ તેનું નામ સામાન્ય છે. એટલે ત્યાં તો સમ્યક્-મિથ્યાનો સવાલ ઊભો નથી થતો.

મુમુક્ષુ :- સમ્યક્-મિથ્યા નથી, વિપરીતતા કાંઈ છે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ઊભું નથી થતું. વિપરીતતા-અવિપરીતતા નથી. સમ્યક્-મિથ્યા નથી. કાંઈ નથી ત્યાં. કોઈ Factor વિશેષતાનો લાગુ જ પડતો નથી. એનું નામ જ્ઞાન સામાન્ય છે. વિજ્ઞાન સમજાવે છે. આ Science છે.

'**આ પરનું જાણપણું પણ જ્ઞાન વિના ન હોય.**' એટલે અહીંયાં જ્ઞાન સામાન્ય લીધું. અને '**જ્ઞાન આત્મા વિના ન હોય.**' અહીંથી આત્મા પકડાવ્યો. એ જ્ઞાન સામાન્ય તે જ આત્મા છે. જ્ઞાન સામાન્ય તે જ આત્મા છે. એ જ નિજાલંબનનો વિષય છે. બીજી રીતે કહીએ

તો અવલંબનભૂત વિષય તે જ્ઞાનમાત્ર તત્ત્વ છે. અવલંબન લેવા યોગ્ય એવો જે અવલંબનભૂત વિષયભૂત છે તે જ્ઞાન સામાન્ય છે. એ જ્ઞાન સામાન્ય વેદનસ્વરૂપ છે અને એ વેદનમાં સ્વપણું આવતા સ્વસંવેદનથી એની પ્રાપ્તિ છે. આત્માની પ્રાપ્તિ એ જ્ઞાનમાત્ર કહો, તેને આત્મા કહો એની પ્રાપ્તિ સ્વસંવેદનથી છે.

મુમુક્ષુ :- આ જે સ્વસંવેદન છે એ જ્ઞાનમાત્રમાં જ આવ્યું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાત્રમાં જ્ઞાનવેદન છે એમાં સ્વપણું આવતા સ્વસંવેદન થાય છે. વેદન તો છે જ તે. એક સ્વપણું બીજી જગ્યાએ મૂક્યું છે. જે જ્ઞાનવિશેષ છે એમાં સ્વપણું છે, જ્ઞેયાકારમાં સ્વપણું છે અથવા એના વિષયમાં સ્વપણું છે. જ્ઞેયાકાર અને જ્ઞાન જુદું નથી રહેતું એકતામાં. મિથ્યાત્વની એકતામાં જ્ઞેયાકાર જ્ઞાન અને જ્ઞેય બેય એક થઈ જાય છે. બેય એક્તા પામી જાય છે. એટલે ત્યાં જુદું નથી રહેતું. અને ત્યાં સ્વપણું છે આ જીવનું. એ ઐક્ય છે ત્યાં સ્વપણું છે. એ સ્વપણું બદલ્યું અને જ્ઞાનમાત્ર સામાન્ય સ્વસંવેદન છે ત્યાં સ્વપણું લીધું એટલે એ આત્માનું અવલંબન આવ્યું એમ કહેવાય છે. એ જ અનુભૂતિસ્વરૂપ આત્મા છે. તે જ્ઞાનમાત્ર તે જ અનુભૂતિસ્વરૂપ આત્મા છે. એ પોતાનું સ્વરૂપ છે. એ અવંલબનભૂત તત્ત્વ છે.

**'જ્ઞાન આત્મા વિના ન હોય, તેથી પરપદને જાણનારું મારું પદ છે.'** જેમાં પરસત્તા જણાય છે, પરપદ એટલે અહીંયાં જેમાં પરની સત્તા જણાય છે તે મારું પદ છે. એમાં મારી સત્તા છે. મારી સત્તામાં પરની સત્તા જણાય છે, પણ પરની સત્તા આવતી નથી. આ ફેર છે. જે પરની સત્તા પોતામાં અનુભવાય છે તે ભ્રાંતિએ કરીને અનુભવાય છે. કેમકે છે નહિ. એટલે નિજમાં નિજ સત્તાને જાણવું એનું નામ નિજમાં નિજને જાણવું છે. અને નિજમાં પરસત્તાનો અભાવ જાણવો એનું નામ પરને ન જાણવું એમ છે. પરને ન જાણવું એટલે પરના અસ્તિત્વને પોતામાં ન જાણવું. અહીંયાં અસ્તિત્વ છે એ અધ્યાર છે. સ્વમાં પર નથી જણાતું એટલે કે પરનું અસ્તિત્વ નથી જણાતું. જ્યારે મિથ્યાભાવમાં, મિથ્યાજ્ઞાનમાં સ્વમાં પરનું અસ્તિત્વ જણાય છે. એટલે સ્વમાં પરને જાણે છે. સ્વમાં પર છે નહિ. સ્વમાં એકલો સ્વ છે. તો સ્વને જાણતા એકલું સ્વ જણાવું જોઈએ. તો કહે, પર જણાય છે. એ

તો પ્રતિબિંબ છે. પરનું પ્રતિબિંબ છે. પરની સત્તા નથી. અને એ પ્રતીબિંબ જ્ઞાનનો પર્યાય છે. એમ છે.

મુમુક્ષુ :- પરને જાણવા કાળે પણ જો સ્વને જોવે તો ત્યાં છે જ.

પૂજ્ય ભાઈશ્રી :- તો ત્યાં સ્વ જ છે. પરની સત્તા નથી ત્યાં. પરની સત્તા ત્યાં નથી. પછી જે પર છે એ પર તરીકે રહી જાય છે. જે સ્વ તરીકે રહેતું હતું. જે પર સ્વ તરીકે અનુભવાતું હતું અને જણાતું હતું તે પર પર તરીકે રહી જાય છે. એમ છે. એનું નામ ભિન્ન પડ્યું એમ કહેવામાં આવે છે. તે જ્ઞાન-જ્ઞેયની ભિન્નતા છે. પેલું જ્ઞેય-જ્ઞાનનો શંકરદોષ હતો એ દોષ મટી ગયો.

શું કહ્યું એહીંયાં ? કે '**પરપદને જાણનારું મારું પદ છે. મારું જ્ઞાન (એ જ) હું છું,...**' હવે અહીંયાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ છોડી દીધો. કેમકે જ્ઞાન સામાન્ય તે જ આત્મા છે અને એમા દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ નથી. એટલે મારું જ્ઞાન જ્ઞાનમાત્ર તે જ હું છું. '**પરવિકાર પર છે.**' પર પણ પર છે અને જ્ઞાન સિવાયના વિકાર પણ પર જ છે. '**જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું એવો દૃઢભાવ સમ્યક્ત્વ છે.**' 'જહાં જહાં જાણપના તહાં તહાં મૈં ઐસા દૃઢભાવ સમ્યક્ત્વ હૈ.' આ સમ્યક્ત્વ સમજાવ્યું. ઠીક !

સમ્યક્ત્વ છે એને 'પંચાધ્યાયી'માં વચનઅગોચર કહ્યું છે. કોઈ કહેવા-સાંભળવા સમર્થ નથી. પણ સર્વથા એમ હોય તો સમ્યક્ત્વ એવું નામ ન પડ્યું હોત. સર્વથા એમ હોત તો સમ્યક્ત્વ એવું નામ પણ વક્તવ્ય ન હોત. સર્વથા અવક્તવ્ય હોય તો સમ્યક્ત્વ તો વક્તવ્ય થયું કે ન થયું ? અવક્તવ્ય છે એટલું તો વક્તવ્ય થયું કે ન થયું ? નાસ્તિથી. એટલે બહુ જ અલ્પ માત્રામાં એ વક્તવ્ય છે. અને બહુભાગ તે અવક્તવ્ય છે એમ સૂચવવા માટે એને અવક્તવ્ય કહ્યું છે. સર્વથા અવક્તવ્ય નથી કહ્યું. સર્વથા અવક્તવ્ય એવા ગુણો છે આત્મામાં કે જેના નામ જ નથી. એવા અનંત અવક્તવ્ય ગુણો છે આત્મામાં કે જેના નામ જ નથી.

મુમુક્ષુ :- નામ હોવા છતાં નામ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, એના નામ જ નથી. તો એ વક્તવ્ય થઈ જાય ને ? જેમ સમ્યક્ત્વ છે એવી રીતે. માટે એના નામ જ નથી.

'પૂજ્ય બહેનશ્રી'એ લીધું છે. વચનામૃતમાં એ વાત લીધી છે એક જગ્યાએ. અનંતા ગુણો છે જેના નામ જ નથી. માત્ર જ્ઞાનગોચર છે અને બિલકુલ વચનગોચર નથી. એટલે કોઈને જગતમાં ખબર નથી એના નામની. કેવળીના જ્ઞાનમાં જ્ઞાનગોચર છે. એમને પણ વાણી ગોચર નથી. દિવ્યધ્વનિમાં પણ એ વાણીગોચર નથી. એટલે શાસ્ત્રમાં એનો ક્યાંય ઉલ્લેખ નથી. કેમકે વચન અગોચર છે.

**'જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું એવો દઢભાવ સમ્યક્ત્વ છે. તે સુગમ છે,...'** આમાં શું અઘરું છે ? એમ કહે છે. જુઓ ! આ 'દીપચંદજી'ની શૈલી. કેટલું સરળ કરીને મૂકી દે છે. હવે આમાં તને શું તકલીફ છે ? જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું. આમ તારે દઢભાવે કરતાં, એની જો દઢતા થઈ તો એ સમ્યક્ થઈ ગયું છે. દિશાફેર થઈ ગઈ. દિશાફેર થઈ ગઈ. અથવા જ્ઞાનમાં માત્ર જ્ઞાનને પોતાપણે અવલોકતા સમ્યક્ત્વ છે. જ્ઞાનમાં માત્ર જ્ઞાનને. એટલે વિભાવ આદિથી જુદું એકલું. એકલા જ્ઞાનને માત્ર જ્ઞાનને પોતાપણે અવલોકતા એ સમ્યક્ત્વ થયું, દિશા ફેર થઈ ગઈ. સમ્યક્ત્વ દિશાફેર છે. જે સ્વાભિમુખતાને સમ્યક્પણું કહેવામાં આવે છે એ મૂળમાં દિશાસૂચક છે. પછી રૂઢિગત અર્થ એનો સાચું એવો અર્થ આપણે કર્યો છે-સત્ય. મૂળમાં એ દિશા સૂચક શબ્દ છે. પોતાના સ્વાભિમુખપણાને સમ્યક્પણું કહેવામાં આવ્યું છે.

**'તે સુગમ છે,...'** એમાં શું કઠીન છે ? એમ કહે છે. તારા ભાવમાં જ્ઞાન થાય છે. જાણવું... જાણવું... જાણવું... જાણવું થાય છે. એમાં હુંપણું લાવવું એમાં તને શું કઠીન છે ? શું એમાં તને તકલીફ છે ? એમાં હરકત શું છે ? એ તો સુગમ છે, એમ કહે છે. આ તિર્યંચ પણ પામે છે એનું કારણ આ છે કે એની સુગમતા પણ છે. મનુષ્યે બુદ્ધિપૂર્વક વિપર્યાસ વધાર્યો છે. દેહમાં દેહની અનેક પ્રકારની જાળવણીથી હુંપણું વધાર્યું. પરિગ્રહમાં અનેક પ્રકારનો વિસ્તાર કરીને એમાં હુંપણું વધાર્યું. કુટુંબ પરિવારમાં એની વ્યવસ્થા વિચારીને હુંપણું વધાર્યું. એમ પરમાં હુંપણું મનુષ્યપણું કરીને વધાર્યું છે, એટલે એનો જે પથારો કર્યો છે, હુંપણે પથારો પાથરીને જે બેઠો છે એ સંકેલવામાં એને તકલીફ પડે છે. પણ જેને કાંઈ પથારો નથી એવા તિર્યંચ, એને કાંઈ પથારો નથી. એને મકાન ચણવું નથી. અહીં તો મકાન ચણવું છે અને

એમાં Bathroom આવો જોઈએ પાછો. એને કાંઈ એ માથાકૂટ નથી. આ વાંદરા ક્યા ઘરમાં રહેવા જાય છે ? આ રાત્રે પવનનો સુસવાટો હતો ને ? તો આપણે તો બારણા બંધ કરીને બેસી ગયા એટલે કાંઈ લેવાદેવા ખરી ? આપણે તો Room બંધ કરીને બેસી ગયા. ભલેને બહારમાં ગમે એટલો પવન હોય. એમ મુનિરાજ સ્વરૂપમાં ગુપ્ત થઈ ગયા. ગૃહસ્થી ઘરમાં ગુપ્ત થઈ જાય, મુનિરાજ સ્વરૂપમાં ગુપ્ત થઈ જાય. પણ આ પ્રાણીઓ ક્યાં જાય ? ખૂણેખાંચરે જાય તો કઈ બાજુથી ક્યારે કયો પવન આવે શું ખબર પડે ? કોઈ ઓથે જાય તો બીજી બાજુથી પવન આવે. આમાં તો એક ચકરાવો ચાલતો હોય. એમાં તો શું ખબર પડે ? એક Second માં દિશા ફરી જાય. ઊલટીની સુલટી અને સુલટીની ઊલટી.

એને પરિગ્રહ સંજ્ઞા છે. સામાન્ય પરિગ્રહ સંજ્ઞા છે. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય બધાને. પંચેન્દ્રિય તિર્યંચ બધાને. પણ એનો વિસ્તાર નથી એને. એનો એટલો ઉપયોગ નથી. જેટલો મનુષ્યને ઉપયોગ છે અને પરિગ્રહ સંજ્ઞા દૃઢ થાય છે એ પ્રકારનો ત્યાં વ્યવહાર નથી. એટલે અંદરમાં જે તિર્યંચ આવી જાય એ તો જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું એ દૃઢતામાં આવે એટલે એને સમ્યક્ થઈ જાય છે. કેમકે એને પથારો નથી, પથારાના નિમિત્તો નથી. આમ છે.

મુમુક્ષુ :- જ્યાં જ્યાં અનુભવ, જ્યાં જ્યાં વેદન એને બદલે અહીં જ્ઞાન લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- વેદન પકડી નથી શકતા આ લોકો. વેદન છે એ લોકો પકડી નથી શકતા. જ્ઞાન પકડી શકે છે. જાણવું છે એ સ્વપરપ્રકાશક હોવાથી એને પકડી શકે છે. અને વેદન એકલું સ્વવેદન હોવાથી અને એ વેદનનો એને કોઈ પરિચય નહિ હોવાથી એ પકડી નથી શકતો. અત્યારે વેદનથી વાત કરે પણ એ તો કાંઈ પકડાતું નથી. કાંઈ સમજાતું નથી એમ કહે. વેદન વળી શું ? અમને તો કાંઈ પકડાતું નથી. એટલે ઈ તો એમ ને એમ અજાણ્યો એમ ને એમ ઊભો રહી જાય છે. એટલે એને અહીંયાં જ્ઞાનથી લેવડાવે (છે). જ્ઞાનમાં પણ પરપ્રકાશકથી લેવડાવ્યું કે જે પરનું જાણવું છે ને એ તો તને ચોખ્ખું છે ને ?

તું તને નથી જાણતો, હાલ કબુલ. તું એમ કહે છે કે મેં તો મારા સ્વરૂપને ક્યારેય જાણ્યું નથી. મને આત્મજ્ઞાન છે નહિ, હું આત્માથી અજાણ્યો છું. કાંઈ વાંધો નહિ. આ પરનું જાણવું તો છે કે નહિ ? આ દાળ તીખી થઈ છે, આ દાળ મીઠા વગરની મોળી થઈ ગઈ છે. એ પરનું જાણવું તો થાય છે કે નહિ ? થાય છે. તો એમાં એકલું જ્ઞાન લે તું હવે. જ્ઞાનને એમાં ભેળવ માં જે જાણે છે એને અને જે જણાય છે એને જ્ઞાનમાં લઈ આવમાં. જ્ઞાન ભિન્ન છે, જ્ઞેય ભિન્ન છે. એકલા જ્ઞાનને જાણ. અને એકલા જ્ઞાનમાં હુંપણું કર. એ Practice નો વિષય છે.

મુમુક્ષુ :- જ્ઞેયાકાર જ્ઞાનની વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પછી જ્યાં જ્યાં જ્ઞાન લીધું ને ? ત્યાં સામાન્ય લઈ લીધું ને. જ્ઞાન ક્યાં છે ? પોતામાં છે ને ? પછી જ્ઞેયની સાથે શું સંબંધ છે ? એ તો નહોતો સમજતો એટલે જ્ઞેયના સંબંધથી જ્ઞાનને જણાવ્યું. પણ હવે તો જ્ઞાનનું જ્ઞાન કરાવવું છે. આત્માનું જ્ઞાન કરાવવું છે એટલે જ્ઞાનનું જ્ઞાન કરાવવું છે.

જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં હું છું એ પ્રયત્ન તો કરે. સીધો વેદન ઉપર આવશે. આ પ્રકારનો પ્રયત્ન કરશે તો વેદન ઉપર આવશે. કેમકે હુંપણું જે છે એ હુંપણું કેટલામાં છે ? વ્યાપકતા એની આવશે, વેદકતા આવશે. બધું આવશે. જરાક જ્ઞેયાકાર જ્ઞાનથી, વિશેષ જ્ઞાનથી નિવૃત્ત તો થાય. થોડો નિવૃત્ત તો થાય. એટલે દિશાફેર તો થાય એની. પછી વાંધો નથી. પછી અંદર જે જે પ્રકારો છે એ બધી વિશેષતાઓ સમજાશે. આપણે જ્ઞાનની ૪૪ વિશેષતાઓ લીધી જ્ઞાનના પ્રકરણમાં, 'તત્ત્વાનુશીલન'માં છે એ. ઈ ક્યાં બધાને બધી જણાય છે ? પણ પછી પોતા તરફ આવે ત્યારે બધી તેમાં જણાવા માંડે.

પહેલી દૃષ્ટિએ હીરો એક સામાન્ય માણસને દેખાય એવી રીતે હીરો દેખાય છે. જે ઝવેરી નથી થયો અને ઝવેરી થવા માગે છે. પછી જેમ જેમ જોવે તેમ તેમ એની ખુબીઓ દેખાવા માંડે. એની નજર કેળવાય. એને શું કહે છે કે જોવાની નજર કેળવાય છે. એ કેવી રીતે કેળવાય છે ? કે જોવાની Practice થી કેળવાય છે. એમ તું જ્ઞાનથી જ્ઞાનને જો. જે જ્ઞાનનો હીરો છે એમાં જે ચૈતન્યનો પ્રકાશ છે એ પ્રકાશ તને દેખાશે. ખોટા હીરામાં પણ પ્રકાશ છે. સાચા હીરામાં પણ પ્રકાશ

છે. બેયનો ચકચકાટ દેખાય છે નરી આંખે. છતાં પ્રકાશ પ્રકાશમાં ફેર છે. કેટલો ફેર છે ? ખોટા હીરાના પ્રકાશમાં અને સાચા હીરાના પ્રકાશમાં કેટલો ફેર છે ? એને આંધળું કહે છે. તમે કેમ બજારની ભાષા ભૂલી ગયા ?

તમને પડીકામાં કોઈએ ખોટો હીરો મૂકી દીધો. તમે Eye glass મૂકીને શું કહો છો ? કે આ આંધળું છે, એક કોર મૂકી દયો. દેખાવમાં એની Size અને પ્રકાશ એવો જ લાગતો હતો. એટલે આમ નરી આંખે જોતાં આ નંગમાંથી એ નંગ જુદું ન પડે. હીરાનો એ નંગ જુદો ન પડે. Eye glass મૂકે એટલે શું લાગે ? આંધળું લાગે. આ આંધળું છે. એટલો બધો ફેર છે. તો પ્રકાશ પ્રકાશ વચ્ચેનું અંતર પણ જોવાની દૃષ્ટિ આવી ત્યારે, નજર આવી ત્યારે સમજાણું ને ? નહિતર કેમ સમજાય ? દરેક માણસને ખબર પડે સાચા-ખોટા હીરાની ? ન ખબર પડે. એ નજરનો વિષય છે. અને એ અવલોકનની Practice થી નજર કેળવાય છે.

એમ જ્ઞાન પોતે જોનાર છે અને પોતાને જોવે તો એનામાં જ્ઞાનવૈભવ કેટલો છે એ બધો સમજાય છે એને. એમાં વેદનનો વિષય મુખ્ય છે. વેદન છે એ સૌથી તરત પકડાય એવો વિષય છે. પછી બીજી સૂક્ષ્મતાઓ તો પછી જણાશે. પણ વેદન તરત પકડાશે. કેમકે એ અનુભવસ્વરૂપ છે.

જ્ઞાનનો પણ પોતાને અનુભવ થાય છે. જ્ઞાનનો પોતાને અનુભવ થાય છે. કેવો અનુભવ છે ? કે ટંકોત્કીર્ણ છે. મટાડી ન શકાય એવો છે. મટાડવો હોય તો મટાડી ન શકાય એવો છે તો પછી ન અનુભવાય અને ન જણાય એ વાત ક્યાંની ? એ ટંકોત્કીર્ણ છે. અમિટ છે. જ્ઞાનમાં જ્ઞાનવેદન તો અમિટ છે. ન મટાડી શકાય એવું છે. મટાડવા ચાહે તો એકવાર. કેમકે એનું સ્વરૂપ છે એ તો. અનુભૂતિસ્વરૂપ છે એ તો. એ અનુભવને કેમ મટાડી શકાય ? પણ એ અંતઃતત્ત્વ સ્વરૂપ હોવાથી અથવા એ જ્ઞાનનું અંતરંગ હોવાથી એ જીવનું સ્વરૂપ છે. જ્ઞાનનું અંતરંગ છે એ મૂળ સ્વરૂપ છે. એ જીવનું સ્વરૂપ છે. કે જે જીવને જીવ પ્રત્યે વળતા જણાય છે. વળ્યા વગર જણાતું નથી. નહિતર તો એમ કહે કે મટાડી નથી શકાતું તો અમને કેમ વેદાતું નથી ? કે ભાઈ ! તું વળેલો છો આ બાજુ.

સમુદ્ર તરફ પીઠ રાખીને ઊભો રહે. પછી એમ પૂછે કે મારી નજીકમાં સમુદ્ર છે અને એમાં અગાધ જળ ભર્યું છે. પણ મને તો છાંટો પણ દેખાતો નથી. ભાઈ ! તું ઊંધો ફરીને ઊભો છે. એટલે અગાધ જળમાંથી તને એક છાંટો પણ નહિ દેખાય. મુખ ફેરવે તો ? આખો દરિયો દેખાય એવું છે. આ એવું છે. વેદન કેમ પકડાતું નથી ? તેં વિમુખતા કરી છે. જે જ્ઞાન વિશેષ છે એણે વિમુખતા કરી છે. જ્ઞાન વિશેષ જો આ બાજુ વળે તો સ્વયં વેદનગોચર છે. સ્વયં જ વેદનગોચર છે.

મુમુક્ષુ :- સામાન્યને જોતાં જ વેદન થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- આવિર્ભૂત થઈ જાય. પછી એવી તારતમ્યતા વધી જાય છે. સામાન્યને અવલોકતા સામાન્યમાં રહેલું જે જ્ઞાનવેદન એની તારતમ્યતા ઉપસવા માંડે છે. એટલે ન દેખાતું હોય તો દેખાય. તીવ્ર થાય ને એટલે સ્થૂળતા પકડે છે એ વેદન. જે સૂક્ષ્મરૂપે ધારા ચાલતી હતી એને આત્મપરિણતિ કહે છે. આત્મપરિણતિમાં આત્મા છે. કાલે ન આવ્યું ? તો એ સામાન્ય છે એ તો આત્મપરિણતિ છે. પણ એટલી સૂક્ષ્મ છે કે પકડાતી નથી. જ્યારે આ બાજુ એના અવરોધો દૂર થાય છે ત્યારે તારતમ્યતા વધે છે. વેદનની તારતમ્યતા એ રીતે વધે છે. ત્યારે શું છે કે જ્ઞાન વિશેષ છે એ જ્ઞેયાકાર જ્ઞાન તિરોભૂત થાય છે.

મુમુક્ષુ :- અવલોકનમાં બે કામ કરવાના ?

પૂજ્ય ભાઈશ્રી :- સીધો આવે તો સારું છે. Practice જોઈએ.

આમાં શું છે, પહેલાં એક દડાનો કેચ કરવો પણ મુશ્કેલ પડે. ઉછાળ્યો હોય તો. પણ પછી તો બે ઉછાળ્યો હોય તો બેયના કેચ થાય અને ત્રણ ઉછાળ્યા હોય તો ત્રણના કેચ થાય અને સર્કસવાળો એક ડઝન ઉછાળીને કેચ કરતો હોય. કેમકે એની પાસે Practice છે. એમ આ થોડો Practice નો વિષય છે. Practice વગર કામ થવાનું નથી. એક પહેલેધડાકે કામ થાતું નથી. Technical subject છે. એની Practice કરવી જ પડે. પહેલી રોટલી કોઈ છોકરીને ન આવડે, કોઈ બાઈને આવડે. દસ વર્ષની છોકરી હોય કે સાંઈઠ વર્ષની બાઈ હોય. પહેલી રોટલી બગડે. એને પાંચ-પચ્ચીસ બગડ્યા પછી જ આવડે. આ નિયમ છે. સાયકલ ઉપર પહેલે ધડાકે કોઈ સાયકલ ન ચલાવે. બે-ચાર વખત

પડે પછી જ સાયકલ ચલાવી શકે. ત્યાં સુધી Balance સાચવતા ન આવડે. Practice નો જ એ વિષય છે. એમાં Practice જ કરવાની છે. સગવડતા એ છે કે Practice ગમે તે હાલતમાં કરી શકે છે. ખાતા, પીતા, હાલતા, ચાલતા, ઉઠતા, બેસતા, ગમે ત્યાં. ગમે તે દુકાને નામું લખતું હોય કે ગમે તે કામ કરતો હોય. Practice કરી શકે છે. Practice કરવામાં કોઈ નડતું નથી. Practice ચાલુ રાખે. જેટલી Practice કરે એટલું સહેલું પડે. પછી પ્રશ્ન પૂછવો નહિ પડે ક્યાંથી શરૂ કરવું એ.

Practice કરીને Practiceના વિષયનો પ્રશ્ન પછી લાવો. Practice કર્યા વગર ક્યાંથી શરૂ કરવું, એમાં કાંઈ હાથમાં નહિ આવે. સૂઝ નહિ પડે, સૂઝ નહિ આવે. આ વાતની સૂઝ નહિ આવે. થોડી સૂઝનો આ વિષય છે. અંદરમાં તો સૂઝ તો પડવી જોઈએ ને ? કામ કરવાનો Working point ક્યાં છે ? એ તો સૂઝ આવવી જોઈએ ને.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન થયા પહેલાં તો બુદ્ધિ જ કામ કરે છે ને ? પહેલાં તો Practice માં બુદ્ધિ જ કામ લાગે છે. અને ભેદજ્ઞાન થયા પછી જ્ઞાન.

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાન છે એ Practice રૂપ પ્રક્રિયા છે. ભેદજ્ઞાન પોતે એક Practice રૂપ પ્રક્રિયા છે. અને એ પહેલાં જીવ વિચારથી બુદ્ધિથી સમજવાનો પ્રયત્ન કરે છે. પણ સમજેલી વાતની જો Practice શરૂ ન કરે તો એ શાસ્ત્રના જાણપણામાં અટકી જાય. શાસ્ત્રના જ્ઞાનમાં, જ્ઞાન તો નથી પણ એક જાણપણું છે-Information, એમાં અટકી જાય. એટલે જે જાણ્યું એનો ઉપયોગ કરવાનું ચાલુ કરે અને એ Practice એણે કરવી પડે. Practice જેટલી કરે એટલી સુગમતા થાય, એટલી કાર્યની પદ્ધતિ જે છે એમાં સુગમતા થાય. Practice ન કરે તો કોઈ કાળે આમાં સફળતા ન મળે. જાણપણું ગમે એટલું થાય અને બીજી ક્રિયાકાંડ પણ ગમે તેટલી ત્યાગાદિની કરે, અંદરમાં પત્તો ન લાગે. અંદરની Practice ચાલવી જોઈએ. અને એ અવલોકનની Practice છે.

સ્વપદને પરપદમાં ગ્રહણ કર્યું છે એટલું જ નહિ, પરપદમાં સ્વપદની ઊલટી Practice નિરંતર ચાલુ છે. લ્યો ઠીક ! આપણે આ જરા પ્રયોગને વિચારીએ. કે ઊલટો પ્રયોગ ચાલુ છે. રાગ તે હું, દેહ તે હું અને બીજા પ્રારબ્ધના યોગે મળેલા સંયોગ તે હું. એ ઊંધો પ્રયોગ

જીવને નિરંતર ચાલુ છે. ત્યાંથી તો પરાઙ્મુખ થવાનું છે. ત્યાંથી તો પાછા વળી જવાનું છે. કેમકે એ તો એકલી Negetive side છે. હવે જે Positive side છે ત્યાં એને પ્રયોગ ચાલુ કરવાનો છે. જ્ઞાન તે હું. જ્ઞાનમાં હુંપણું વિચારવું નથી પણ અવલોકવું છે. જ્ઞાન તે હું એવો વિકલ્પ નથી કરવો, એવું ઉચ્ચારણ નથી કરવું. પણ જ્યાં જ્ઞાન છે ત્યાં હુંપણાનું અવલોકન કરવું છે. ન થતું હોય તો કરવું છે. આ એક Practice નો વિષય છે. એ Practice જ્યાં સુધી ન કરે ત્યાં સુધી ભેદજ્ઞાન પ્રયોગાત્મક નથી થતું. વિચારમાં તો વિચારી શકાય કે દેહ તે આત્મા નથી, રાગ તે આત્મા નથી.

મુમુક્ષુ :- એમાં કોઈ ઉપલબ્ધિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં કોઈ ઉપલબ્ધિ નથી. ત્યાં સુધી અનંત વાર વિચારીને નિષ્ફળતા પ્રાપ્ત કરી. કેમકે અવલોકન કર્યું નહિ. આમ છે. ત્યાં સુધી વિચારમાં નથી આવ્યું એવું નથી. અંગ પૂર્વનું અધ્યયન કર્યું છે. 'સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મત મંડન ખંડન બહોત કિયે.' જપ, તપ, શાસ્ત્ર અધ્યયન બધું કરી છૂટ્યો. એ તો વિચાર સુધી તો આવી જ ગયેલો જીવ છે. પણ એ વિચારને સફળ થવાની આગળની જે કાર્યપદ્ધતિ છે એ પદ્ધતિમાં પ્રવેશ નથી કર્યો.

મુમુક્ષુ :- પરથી પરાઙ્મુખ થયો જ નથી ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રયોગાત્મક રીતે નથી થયો. બાકી આમ ત્યાગ ઘણો કર્યો છે. આમ કુટુંબનો ત્યાગ કર્યો, બૈરા-છોકરાનો ત્યાગ કરો, ધંધાનો ત્યાગ કર્યો, વેપારનો ત્યાગ કર્યો, દીક્ષા લીધી, મહાવ્રત પાળ્યા.

મુમુક્ષુ :- બધે ઠેકાણે ભાવકર્મ રાખીને ને ?

પૂજ્ય ભાઈશ્રી :- મારું છોડ્યું મેં. બધું મારું હતું અને મારું છોડ્યું. મારાપણું રાખીને છોડ્યું. ભાવમાં મારાપણું રાખ્યું અને દ્રવ્યે છોડ્યું. (એ) પરાઙ્મુખ નથી થયો ખરેખર.

મુમુક્ષુ :- એટલે આ પ્રકારની Practice કરતા કરતા ઓલી ઊંધી જે પરિણતિ છે, દેહાદિ તે હું, એ ધીમે ધીમે ખલાસ થાય ? કારણ કે જ્યારે પ્રયોગ ન હોય ઈ સમયમાં..

પૂજ્ય ભાઈશ્રી :- આમાં શું છે કે એ જે ઊંધી પરિણતિ છે,

દેહાદિ તે હું અને એ જે ઘર કરી ગઈ છે ચીજ, પરમાં પોતાપણાના ભાવનો વિષય તો ઘર કરી ગયો છે, એટલે આ Practice કરવા જતાં થોડું સામે આવશે. પહેલાં થોડું કઠણ પડશે. બધું સામે આવશે. જેટલું ઊંધુ કર્યું છે ને એ સામે આવીને ઊભું રહેશે. થોડીક લડાઈ થાશે, થોડુંક ઘર્ષણ થાશે અંદર. પહેલું થોડું ઘર્ષણ થતાં એમ લાગે કે બળ પડે એવી વાત છે, કઠણ પડે એવી વાત છે. પણ ચાલુ (રાખવું). ધગશથી કામ કરવાનું છે. ફળ બહુ મોટું છે આનું. આનું ફળ બહુ મોટું છે. અને કામ નાનુ-સૂનું હાથમાં લીધું નથી.

એક રાજ બીજાનું લેવું હોય તો લડાઈ કરવી પડે. બીજાનું રાજ લેવું હોય, બાજુમાં લંકા છે ને એ ન લઈ શકાય. પૂર્વ પાકિસ્તાન આટલું છે ખોબા જેવડું પણ ન લઈ શકાય. લડાઈ કરવી પડે. હવે અહીંયાં તો ત્રણ લોકનો નાથ થવાનું છે. એટલું રાજ્ય લેવાનું છે. ત્રણ લોક ઉપર રાજ કરે એટલું. નાનુ-સૂનું કામ નથી. બહુ મોટું કામ છે. એટલે એની જે ગંભીરતા છે, એનું જે મૂલ્ય છે એ બધું સમજીને બરાબર ગંભીર પ્રયત્ન કરવાનો છે. અંદરમાં ગંભીર પ્રયત્ન કરવાનો છે. સિદ્ધપદ હાથમાં હાંસલ કરવાનું છે. નાની-સુની વાત નથી. નાનું Planning નથી, બહુ મોટું Planning છે. સિદ્ધપદને મેળવવાનું Planning છે. એટલે. ભલે, કાંઈ વાંધો નહિ. કમર કસીને કામ કરવાનું છે. એકવાર કેડ બાંધીને કામ કરવાનું છે. પછી વાંધો નથી.

એટલે એ પરિણતિ છે એ ખબર છે. વાંધો નહિ. હવે હું તૈયાર થયો છું પછી એના શા ભાર છે ? જેની અનંત અનંત શક્તિ છે એ શક્તિને જ્યારે પ્રગટ કરવી છે અને એ શક્તિનો ધણી હું પોતે જ છું, પછી બીજાના શું ભાર છે મારી સામે ? ભલેને ગમે તે પરિણતિ ઘર કરી ગઈ હોય. વિભાવની અનાદિની પરિણતિ ઘર કરી ગઈ છે. એ રોગ છે એ ઘર કરી ગયેલો Chronic decease છે અનાદિનો. પણ કાંઈ વાંધો નહિ. છતાં એ મર્યાદિત છે. એના મૂળ પર્યાયથી ઊંડા ગયા નથી. એના મૂળ પર્યાયથી ઊંડા ગયા નથી. અરે..! જ્ઞાન સામાન્ય સુધી નથી એના મૂળ. જ્ઞાન વિશેષ સુધી છે. જ્ઞાન સામાન્ય સુધી નથી. અને ત્રિકાળીમાં તો ક્યાંય એનો પડછાયો નથી.

શરીર તે હું અને રાગ તે હું એનો પડછાયો પણ મૂળ સ્વરૂપમાં

નથી પહોંચ્યો. વસ્તુ-ચીજ .. તો નથી જ. એટલે કાંઈ વાંધો નથી. સૂતેલા સિંહ ઉપર મચ્છરા અને માખીઓ બેસે. જાગતો સિંહ હોય તો શિયાળીયા પણ પાસે આવે નહિ. મચ્છર માખીનો તો પ્રશ્ન જ નથી. સૂતો હોય તો સેંકડો માખી અને મચ્છર બેસે. પણ સળવળાટ કરે એટલે ભાગવા માંડે અને જાગતો હોય તો શિયાળિયા પણ પાસે ન આવે અને રીંછડા પણ પાસે ન આવે. હાથી આઘો ચાલે કે અહીં સિંહ બેઠો છે. જાગતો. જાગવાનું છે. નિજ સામર્થ્યની સંભાળ લેવાની છે.

દરિદ્રિ થઈને ઘરે ઘરે માગણ થઈને ફરે છે. કુકર આશાધારી. 'આનંદઘનજી'એ ગાયું કે નહિ ? કૂતરાની જેમ બટકુ રોટલા માટે ઘરે ઘરે ફરે છે. પણ ખરેખર તો અનંત સંપત્તિ લઈને બેઠો છે. અનંત સંપત્તિનો ધણી છે. સંભાળવાની વાત છે. સંભાળે તો ત્રણ લોકનો નાથ છે. અને ન સંભાળે તો એક મૂળા અને ગાજરની ભીખ માગે એવો છે. એક થોડુંક મને આપો... એ.. થોડુંક મને આપો. હું મરી જાઉં છું, એમ કહે.

શું લીધું ? ફરીથી હવે. આના ઉપર જરાક વધારે Concentrate થવાનું છે. આ વિષય આવ્યો Concentration નો. કે '**પરથી પરાંમુખ થઈ વારંવાર સ્વપદને અવલોકવાના ભાવ કરે.**' સ્વપદ એટલે સ્વસત્તા. સ્વપદ એટલે સ્વસત્તા. સ્વસત્તાનું ગ્રહણ લક્ષણથી અને વેદનથી થાય. લક્ષણથી જુદો પડે અને વેદનથી હુંપણે ગ્રહણ થાય. બે પડખાં છે. પહેલો જુદો પડે અને જુદો પાડીને પોતાને ગ્રહણ કરે. જુદો પડ્યા વિના ગ્રહણ નહિ થાય. નિજસત્તાનું ગ્રહણ ભિન્ન પડ્યા વગર ન થાય. લક્ષણથી ભિન્ન પડે અને વેદનથી ગ્રહણ કરે. એને અવલોકવાના-પોતાના નિજપદને અવલોકવાના પહેલાં ભાવ કરે. અવલોકતા ગ્રહણ થશે. એ ગ્રહણ થવાની પૂર્વ પર્યાય છે. અવલોકન કરવું એ આગળની Practice છે. અવલોકનથી ગ્રહણ થવા સુધી પહોંચી જવાશે.

'**દર્શનજ્ઞાનચારિત્ર ચેતનાનો પ્રકાશ યથાયોગ્ય (યથાસ્થાન રૂપ) કરી કરીને સ્વરૂપપરિણતિ કરે.**' એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધું ચૈતન્યનું જ પરિણમન છે. યથાયોગ્ય કરવું એટલે આત્મામાં જ પરિણમાવવું, આત્મારૂપ કરવું. દર્શનને, જ્ઞાનને, ચારિત્રને આત્મારૂપ કરવા તેને યથાયોગ્ય કર્યું અથવા યથાસ્થાનરૂપ કર્યું (કહેવાય છે).

યથાસ્થાન કર્યું. કેમ કે એ આત્માની ચીજ આત્મારૂપ છે અને આત્મામાં છે. એ ક્યાંય બહાર નથી. એ યથાસ્થાનરૂપ કરી કરીને સ્વરૂપપરિણતિ કરે. જેઆ ઊલટી પરિણતિ થઈ ગઈ છે એ સુલટી પરિણતિ કરે.

પરિણતિ થઈ જવી જોઈએ. શેનાથી પરિણતિ થાય ? રસથી પરિણતિ થાય. રસ શેનાથી ઉત્પન્ન થાય ? કે ભાવનાથી ઉત્પન્ન થાય. એ આગળ આવી ગયું આપણે. '**નિરંતર સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે. દર્શનજ્ઞાન ઉપયોગ દ્વારમાં ચૈતન્યનો પ્રકાશ દઢ ચિંતવે. ચિદ્‌પરિણતિથી સ્વરૂપરસની ઉત્પત્તિ થાય છે.**' અને જેટલો સ્વરૂપરસ ઉત્પન્ન થાય એટલી પરિણતિ ગાઢ પ્રગાઢ થતી જાય છે. પરિણતિ એ સ્વરૂપરસ પ્રગટ થયો એ સૂચક છે એની. અને જેમ જેમ રસ તીવ્ર થાય એમ પરિણતિ જામતી જાય. એ પરિણતિ સ્વરૂપની જામતી જાય છે. જેટલી પરિણતિ જામે છે એટલી ધ્યાનની સુગમતા છે. એટલી સ્વરૂપ એકાગ્રતારૂપ ચારિત્રની સુગમતા છે. જેટલી પરિણતિ જામે એટલું. કેમકે ઉપયોગ તો પતંગ જેવો છે. ઘડીક આમ ગોથું ખાય ને ઘડીક આમ ગોથું ખાય. ઘડીક આમ ગોથું ખાય. ઘડીક શુભમાં અને ઘડીક અશુભમાં. બે બાજુ ગોથું ખાય છે. પરિણતિ એ દોરી છે. એને ખેંચીને નજીક લાવે છે.

'**સ્વરૂપપરિણતિ કરે. આત્મજ્યોતિ-અનાત્માથી ભિન્ન...**' આત્માથી ભિન્ન નહિ પણ અનાત્માથી ભિન્ન. Misprint છે ત્યાં જરા. '**આત્મજ્યોતિ-અનાત્માથી ભિન્ન...**' તમારે અનાત્મા છે કે આત્મા છે ? આમાં જોઈએ. મૂળ પ્રત છે ને. '**આત્માજ્યોતિ-અનાત્માસો ભિન્ન...**' અનાત્મા જ છે ને ? ગુજરાતીમાં Misprint છે. સુધારી લેજો. '**આત્મજયોતિ અનાત્માથી ભિન્ન અખંડ પ્રકાશ આનંદચેતનાસ્વરૂપ ચિદ્વિલાસનો અનુભવ-પ્રકાશ-પરિણામ વડે પ્રકાશે.**' એ છે ને 'દીપચંદજી' પોતે આ ગ્રંથ લખતાં લખતાં આત્મરસમાં બહુ આવે છે. એને તો ઘણી પરિણતિ છે. પરિણતિને લઈને આત્મરસમાં બહુ આવે છે. એટલે પછી આત્મરસની એમની કલમ ચાલી જાય છે.

એટલે એ બધા જે શબ્દો છે એ પોતાના આત્મરસને કલમમાં ઉતાર્યો છે. આ આત્માની જ્યોતિ છે. અનાત્માથી ભિન્ન છે. અખંડ

પ્રકાશસ્વરૂપ છે. આનંદચેતના સ્વરૂપ છે. ચિદ્વિલાસ છે. એવો અનુભવનો પ્રકાશ પરિણામ વડે પ્રકાશી રહ્યો છે. એ પરિણામમાં પ્રકાશી રહ્યો છે. એ 'સમયસાર'નું માંગલિક લીધું છે, 'અમૃતચંદ્રાચાર્યે'. '**स्वानुभूत्या चकासते**' એ વાત કરી. લ્યો, ઠીક ! '**नमः समयसाराय स्वानुभूत्या चकासते**' 'સમયસાર' છે તે ચૈતન્ય આત્મા છે. સ્વાનુભૂતિથી પ્રકાશી રહ્યો છે. એ અનુભવનો પ્રકાશ પરિણામ વડે પ્રકાશે. અનુભવનો પ્રકાશ, ચિદ્વિલાસ પરિણામ વડે પ્રકાશે એટલે કે '**स्वानुभूत्या चकासते**' આ છે. આત્મા સ્વાનુભવમાં ચકચકાયમાન, પ્રકાશમાન પ્રકાશી રહ્યો છે.

'**જ્યાંથી પરિણામ ઊઠ્યાં તેમાં પરિણામ લગાડે.**' જ્યાંથી પરિણામ ઉઠ્યાં તેમાં પરિણામ લગાડે. આમ સત્તા પકડાવે છે. જે ક્ષેત્રમાં, જે આત્મપ્રદેશોમાં તે પરિણામ ઊઠે છે (ત્યાં પરિણામ લગાડે). પરિણામ સામાન્ય લીધા પછી. કેમકે આનંદના પણ પરિણામ ઊઠે છે. જ્ઞાનદર્શનના તો ઊઠે છે પણ આનંદના પણ પરિણામ ઊઠે છે. તો કહે છે, જ્યાંથી પરિણામ ઉઠ્યા, જે ક્ષેત્રમાંથી ઉઠ્યા ત્યાં પરિણામ લગાડવાના છે. જે ભૂમિમાંથી ઊગે છે એ ભૂમિ તે હું છું. પરિણામ એમાં લગાડવા એટલે એ ભૂમિ તે હું છું.

'સોગાનીજી'એ લીધું છે ને ? કે બહારની જે જમીન છે એ જમીનમાં તો ઋતુ ઋતુના ફળ આવે. ઉનાળામાં કેરી આવે, શિયાળામાં જામફળ આવે. ઋતુ ઋતુના ફળ આવે. મારી ચૈતન્ય ભૂમિમાં તો દરેક ઋતુમાં આનંદના ફળ આવે. અને ત્યાં તો પાણી અને પ્રકાશ દેવા પડે. ત્યાં તો ફળમાં તો જળની જરૂરત છે. Aletration કર્યું છે. એ ભૂમિમાં તો ફળ માટે જળની જરૂરત છે. મારી ભૂમિમાં ફળ માટે જળની જરૂરત નથી. અંદરથી આનંદના ફળ આવે છે, એમ કહે છે. અને દરેક ઋતુમાં આવે છે. એને કોઈ બહારની ઋતુ લાગુ પડતી નથી. શિયાળો હોય, ઉનાળો હોય, ચોમાસું હોય, દિવસ હોય, રાત હોય. ગમે ત્યારે આનંદ ઊપજે. આત્મામાં આનંદનું ફળ ગમે ત્યારે ઊપજે. એવી ભૂમિ છે. 'જહાં ફલ કે લિયે જલ કી જરૂરત નહીં.'

'**જ્યાંથી પરિણામ ઊઠ્યાં તેમાં પરિણામ લગાડે. (પણ) જ્ઞાનને રોકે તેવા પરિણામ ન કરે.**' જ્ઞાનને પ્રતિબંધ થાય એવા પરિણામ ન

કરે. જ્ઞાનને આવરણ આવે, રોકે એટલે આવરણ આવે એવા પરિણામ ન કરે. આવરણ ક્યારે આવે ? આ બાજુ જાય તો. બહાર જાય તો આવરણ આવે, અંદર જાય તો નિરાવરણ થાય. જ્ઞાન નિરાવરણ ક્યારે થાય ? કે અંદરમાં ઢળે તો. બહાર ઢળે તો એને આવરણ આવે. સીધી વાત છે.

'**પરિણામતરંગ ચેતના અંતરંગ અભંગ અંગમાં લીન થયા કરે.**' જુઓ ! વાક્યરચના જુઓ એમની. પરિણામ તરંગ ચેતના છે તે અંતરંગમાં અભંગ અંગ છે એમાં લીન થયા કરે. બસ ! બહાર જવાની એને જરૂર નથી. બહાર જાય તો જ્ઞાનને રોકે એવા પરિણામ થઈ જાય. એ પરિણામ કરવાની જરૂર નથી. '**અમરપુરીનિવાસ નિજબોધના વિકાસથી છે.**' અને જે અમરપુરીનો નિવાસ છે-સિદ્ધાલય અમરપુરીનો નિવાસ છે ત્યાં કોઈ મરતું નથી. ત્યાં કોઈનું આયુષ્ય પૂરું નથી થતું. અનંત આયુના ધારક છે. બધા સિદ્ધો કેવા છે ? અનંત આયુના ધારક છે. એ '**નિજબોધના વિકાસથી છે.**' જેટલો આત્મજ્ઞાનનો વિકાસ કરે તો અમરપુરીનો નિવાસ થાય. બહુ પણ આત્માને ગાયો છે, હોં ! રસથી ગાયો છે 'અનુભવપ્રકાશ'માં. જુઓ ! હવે એ મહિમા કરે છે.

'**નિશ્ચય, નિશ્ચલ, અમલ, અતુલ, અખંડિત, અમિતતેજ, અનંતગુણરત્નમંડિત, બ્રહ્માંડને ઓળખી...**' આ બ્રહ્માંડ છે. આત્મા જ બ્રહ્માંડ છે. જેમાં બ્રહ્મ નિવાસ કરે તે બ્રહ્માંડ. જેમાં બ્રહ્મનો નિવાસ હોય તે બ્રહ્માંડ. એવા બ્રહ્માંડને ઓળખી '**બ્રહ્મપદને પૂર્ણ પરમચૈતન્યજ્યોતિસ્વરૂપ, અરૂપ, અનૂપ, ત્રૈલોક્યભૂપ, પરમાત્મરૂપ પદને પામી પાવન થઈ રહે, તે અનુભવનો મહિમા છે.**' લ્યો, કેવો ગાયો છે આત્માને !

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે. લ્યો આ ૧૦૭મું પદ છે ને. લોકસ્વરૂપ સંસ્થાને કહ્યો, તેનો અર્થ તમે કંઈ લહ્યો. આ બ્રહ્માંડ આ છે-આત્મા છે. બ્રહ્મનિવાસ કરે તે બ્રહ્માંડ. એટલે ઓલા સર્વવ્યાપક લે છે. ચૌદ બ્રહ્માંડ છે ને ? લોકાકાશ. પુરુષાકારે ચૌદ બ્રહ્માંડ છે. એટલે સર્વવ્યાપક લીધું છે.

આ રીતે સ્વરૂપમના, આત્મસ્વરૂપના અનેક વિશેષણો એમણે

મહિમાથી લખ્યા છે. સ્વરૂપના મહિમાથી લખ્યા છે. અને એવો **'ત્રૈલોક્યભૂપ,...'** છે. જેને કોઈ ઉપમા આપી ન શકાય એવો અનૂપ છે, અરૂપ છે, પરમ ચૈતન્ય જ્યોતિસ્વરૂપ છે. સ્વરૂપથી પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપ છે. એવા **'પદને પામીને પાવન થઈ રહે,...'** પવિત્ર થઈને રહે **'તે અનુભવનો મહિમા છે.'** એ સ્વાનુભવનો મહિમા છે કે જે આવા પદને સ્વાનુભવમાં પોતાપણે પોતા સ્વરૂપે પોતાપણે અનુભવાય છે. સિદ્ધાલયમાં તો પછી જશે દ્રવ્યે. ભાવે તો અહીંયાં સિદ્ધાલયમાં પહોંચી ગયો. મૈં અભી હી સિદ્ધાલય મેં હૂં.

એના ઉપર એમનું જ 'જ્ઞાનદર્પણ' છે એના પદનું ઉદ્ધરણ આપ્યું છે. અહીં સુધી રાખીએ.

ભેદજ્ઞાનના પ્રયોગનું રહસ્ય દર્શાવતાં પૂ. ગુરુદેવશ્રીએ (પ.સાર.૭૩૩માં) કહ્યું કે 'સ્વપણે અનુભવાતુ જ્ઞાન તે જ આત્મા છે.' ભેદનયે તો અનુભવજ્ઞાન પર્યાય છે, પરંતુ અહીં તેને પર્યાય ન કહેતાં 'આત્મા' કહેવા પાછળ રહસ્ય છે, જેમાં પરમાર્થ છે. જ્ઞાનમાં અનુભવ તો સર્વને છે, પરંતુ 'સ્વપણે' નથી. તે જો સ્વપણે થાય તો દ્રવ્યનું લક્ષ થઈ જાય. જ્ઞાન સ્વપણે વેદાતાં 'જ્ઞાનદળ'નું ગ્રહણ થાય છે, અખંડનું ધ્યાન થાય છે. તેવું તેમાં 'પારમાર્થિક સિદ્ધિ'નું રહસ્ય છે. આત્મસ્વરૂપના લક્ષે જ્ઞાનનું સ્વસંવેદન સર્વગુણાંશરૂપ સમ્યક્ત્વને પ્રગટ કરે છે. અહો ! શ્રીગુરુએ માર્ગને સરળ કરી દીધો છે, પરમપદનો ભેટો કરાવ્યો છે. વેદન-પ્રત્યક્ષતા દ્વારા 'અખંડ પ્રત્યક્ષ પ્રતિભાસમય ચૈતન્ય જ્યોતિ વર્તમાન'નું દર્શન સુગમ કરાવ્યું. તેનો મહિમા કઈ રીતે થાય ? આ અલખનું લખ (લક્ષ) છે.

(અનુભવસંજીવની - ૧૧૬૯)

## તા. ૧૯-૧૧-૧૯૯૨, પાના નં. ૧૪-૧૫, પ્રવચન નં. ૧૭૭

'અનુભવપ્રકાશ' ગ્રંથ. આ 'અનુભવપ્રકાશ' ગ્રંથ પૂજ્યશ્રી 'દીપચંદજી કાસલીવાલ'નો અનુભવ કેવી રીતે કરવો, સ્વાનુભવ કેવી રીતે કરવો, સ્વાનુભવ કરવાની રીત ઉપર પ્રકાશ પાડે છે. અને એક જ વિષય ઉપર અનેક પડખેથી એ રીતને અહીંયાં પ્રદર્શિત કરે છે.

'**આત્મપરિણતિમાં આત્મા છે.**' અહીંથી લેવાનું છે. હવે આત્માની હયાતી ઉપર વાતને લઈ જાય છે. અત્યાર સુધી જ્ઞાનલક્ષણથી આત્માને ઓળખીને જ્ઞાનસ્વભાવી આત્માનો અનુભવ કરવા ઉપર જુદી જુદી રીતે એમણે પ્રયોગપદ્ધતિ સમજાવી છે. હવે અસ્તિત્વની મુખ્યતાથી અહીંયાં વાત કરે છે. કેમ ? કે પોતાનું અસ્તિત્વ એટલે કે પોતાની આત્મપણે વિદ્યમાનતા, એ આ જીવ ભૂલેલો છે. પોતાની આત્માપણે વિદ્યમાનતા ભૂલાઈ ગઈ છે. શરીરપણે અને બીજા સંયોગોની વચ્ચે પોતાની જે વ્યવહારિક પરિસ્થિતિ છે એ રૂપે પોતાની હયાતી, જોકે તે અનિત્ય છે, તે પ્રકારની સ્થિતિ અનિત્ય છે, એમાં નિત્યપણાની કલ્પના કરીને આ જીવ રોકાયેલો છે. એટલે પરપદમાં સ્વપદ એવું અસ્તિત્વ સ્વીકાર્યું છે. અને પોતામાં અન્ય પદાર્થની સત્તાનો પણ અનુભવ કરે છે. બંને પ્રકારની ભૂલ ચાલી આવે છે.

હવે જેને જ્ઞાનલક્ષણથી જુદો પાડ્યો એની વાત ચાલે છે. જો જુદો ન પડે તો હુંપણું, અન્ય દ્રવ્ય અને અન્ય ભાવમાં હુંપણું તો કરી જ રહ્યો છે. હવે એ હુંપણું જ્ઞાનથી જેણે ભિન્ન કર્યું છે એને એમ કહે છે કે '**આત્મપરિણતિમાં આત્મા છે.**' આ આત્મ પરિણતિ ક્યાં છે ? કે આત્મા પરિણમી રહ્યો છે તે આત્મપરિણતિ છે. જે વિભાવ આત્મારૂપ નથી એમાં હુંપણું વેદાય છે, અનુભવાય છે એ આત્મપરિણતિ નથી, એ અનાત્મ પરિણતિ છે. એટલે રાગાદિ ભાવમાં હુંપણું વેદાય છે, અનુભવાય છે, એકત્વ થાય છે તે અનાત્મ પરિણતિમાં આત્માનો અનુભવ છે. અહીંયાં એ વાત નથી લેવી.

આત્મપરિણતિ એટલે આત્મભાવરૂપ પરિણતિ. અન્ય ભાવરૂપ નહિ. વિભાવને અન્ય ભાવોમાં લેવો છે. અને માત્ર એક જ્ઞાનભાવને

પોતામાં લેવો છે. જ્ઞાનને છોડીને વિભાવ છે તેને અન્ય ભાવમાં લેવો છે. એક આત્મભાવ છે, એક અન્ય ભાવ છે. જીવના પરિણામમાં એક આત્મભાવ છે અને એક અન્ય ભાવ છે. જેટલો વિભાવ છે તે અન્ય ભાવ છે. 'કૃપાળુદેવ'ના એક પત્રમાં આવે છે. એક આત્મભાવ છે અને એક અન્યભાવ છે. આત્મભાવ છે એટલે જ્ઞાન તે હું એ આત્મભાવ છે. વિભાવ તે હું તે અનાત્મભાવમાં આત્મભાવની કલ્પના છે, મિથ્યા કલ્પના છે અને સંસાર પરિભ્રમણનું એ કારણ છે.

એટલે અહીંયાં એ કહ્યું કે '**આત્મપરિણતિમાં આત્મા છે.**' વચન તો બહુ નાનું સંક્ષેપમાં લીધું છે પણ અહીંયાં પણ ભેદજ્ઞાન અનુસાર વાત છે. આત્મપરિણતિમાં આત્મા છે. એટલે કે અનાત્મ પરિણતિમાં આત્મા નથી. એ એમાં અનર્પિત છે. અર્પિત આટલી જ વાત છે કે '**આત્મપરિણતિમાં આત્મા છે.**' અનાત્મ પરિણતિમાં આત્મા નથી.

મુમુક્ષુ :- સામાન્ય જ્ઞાનમાં આત્મા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાન સામાન્ય તે હું. એ આત્મપરિણતિ છે. અને તે બધા જીવોને છે. એક આત્મભાવ છે, એક અન્ય ભાવ છે. અન્ય ભાવમાં પોતે પોતાને હુંપણું સ્થાપીને ભૂલેલો છે. અન્યભાવમાં હુંપણું, પોતાપણું સ્થાપીને ભૂલેલો છે. ખરેખર એને આત્મભાવમાં હુંપણું સ્થાપે તો આત્મા પ્રગટે, એમ અહીંયાં કહેશે.

'**હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે.**' સહેલું શું કરી દીધું ? અધ્યાત્મનો વિષય એવું જે આત્મપદ છે, પરમાત્મપદ છે, શુદ્ધાત્મપદ છે એ કોઈ યોગીઓના યોગનો વિષય છે, જંગલમાં જઈને યોગીઓ સાધે તો મળે, એ કલ્પનાથી એને જે કઠણ બતાવ્યું છે એ કલ્પનાને અહીંયાં છોડાવી છે. કોઈપણ જીવને તે સુગમ છે, સહેલું છે. મારો આત્મા મને જડતો નથી. રાગના એકત્વપણાને લઈને અને રાગના વિષયભૂત દેહાદિ પદાર્થોમાં એકત્વપણાને લઈને એ બધું જ દેખાય છે. આત્મા દેખાતો નથી.

ભાઈ ! તારી અંદરમાં એક આત્મપરિણતિનો પ્રવાહ ચાલે છે. જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે એક પ્રવાહ ચાલે છે એ આત્મપરિણતિ છે અને ત્યાં આત્મા છે. એ આત્મપરિણતિમાં જ આત્મા છે. ક્યાંય દૂર જવાની તારે જરૂર નથી. કોઈપણ સેકન્ડે,

કોઈપણ સમયે, કોઈપણ ક્ષણે હું છું, એમાં હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે છે.

સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા જ છે. આથી બીજે ક્યાંય આત્માને ગોતવાની જરૂર નથી. નહિતર તિર્યંચ સમ્યગ્દૃષ્ટિ થાય કેવી રીતે ? એને કોઈ ઉત્પાદ-વ્યય-ધ્રુવ શીખવાનો અવકાશ નથી. એને કોઈ દ્રવ્ય-ગુણ-પર્યાય સમજવાનો અવકાશ નથી. ઉપદેશનો કોઈ પ્રસંગ નથી એને. એને જિનદર્શનનો પ્રસંગ નથી. પ્રતિમાજીનો કે સાક્ષાત્ પરમાત્માનો. સમવસરણમાં જવાનો યોગ થાય તો જુદી વાત છે.

સમવસરણમાં જનારા તિર્યંચો બહુ પામે, હોં ! સમવસરણમાં જનારા તિર્યંચો બહુ પામે. કેમકે એને બહુ ફસામણ નથી. આરંભ-પરિગ્રહ આદિની રસ લેવાની, આરંભ પરિગ્રહ આદિમાં રસ લેવાની એને કોઈ પરિસ્થિતિ નથી ને. એટલે વર્તમાન જીવનમાં બહુ ઝેર ખાતા નથી. મનુષ્ય છે એને ઝેર ખાવાના પ્રસંગ બહુ છે. એટલે પોતાના સંયોગોમાં વૃદ્ધિગતપણું કરીને બહુ રસ લે છે. એ ઝેર ખાય છે. એટલે એને તો એટલું જ જોવાનું છે (કે) આત્મપરિણતિમાં આત્મા. હુંપણું કરવું. આત્મપરિણતિમાં હુંપણું કરતા આત્મા પ્રગટે છે. એને આત્મા પ્રગટ સ્વરૂપે અનુભવગોચર થાય છે. કેટલું સંક્ષેપ કર્યું બોલો ! અહીંયાં જ્ઞાન શબ્દનો પ્રયોગ નથી કર્યો, અનુભવ શબ્દનો પ્રયોગ નથી કર્યો. આત્મપરિણતિમાં હુંપણું કરતાં આત્મા પ્રગટે. જાવ !

અસ્તિત્વનો અનુભવ અંતર અવલોકનથી તપાસવો છે. હું છું. અસ્તિત્વનો અનુભવ એટલે શું ? અવતરણ ચિહ્નમાં જે બે શબ્દ લીધા છે. એક એક અક્ષરનો એક એક શબ્દ છે. એક હુંપણું એક શબ્દ અને છું પણું બીજો શબ્દ. એક અક્ષર અને એક શબ્દ છે. બે અક્ષરના બે શબ્દ છે. '**હું છું**' એ અવતરણચિહ્ન એટલા માટે કર્યું છે કે પોતાની હયાતીનો અનુભવ. હું છું એવો જે ભાવ છે એ પોતાની મોજૂદગીનો, પોતાની વિદ્યમાનતાનો અનુભવ છે. આત્મપરિણતિમાં કરતા આત્મા પ્રગટે. અનાત્મ પરિણતિમાં કરતા સંસાર ઊભો થાય. બસ. આ સંક્ષેપની અંદર બે માર્ગ જુદાં પાડી દીધા. એક આત્મમાર્ગ, એક અનાત્મમાર્ગ. અનાત્મ માર્ગ તે સંસાર, આત્મમાર્ગ તે છૂટવાનો મોક્ષ. બહુ સંક્ષેપ કર્યો છે.

**'આત્મામાં (પોતામાં) પરિણતિ આવી. હું છું પણાની માન્યતા સ્વપદનું સાધન છે.'** શું કહ્યું ? **'હું છું પણાની માન્યતા સ્વપદનું સાધન છે.'** સ્વપદને અનુભવવાનું સાધન શું ? કે આત્મપરિણતિમાં હું છું એટલો ભાવ તે સ્વપદનું એટલે સાધ્યનું તે સાધન છે. સ્વપદ તો સાધ્ય છે. સ્વપદ છે તે સાધ્ય છે. છે એટલું નહિ, સ્વરૂપે કરીને પ્રત્યક્ષ છે. .. વચ્ચે એક પડદો ઊભો કરે છે પરોક્ષતાનો.

જ્ઞાનનો પર્યાય છે બધાને. સર્વ જીવોને જ્ઞાનનો પર્યાય છે. એ જ્ઞાનનો પર્યાય મન તરફ વળે છે ત્યારે બહારની બાજુ દિશા પકડે છે. કઈ બાજુની દિશા પકડે છે ? બહારની દિશા પકડે છે. જેમ આંખથી જોવા જાય તો બહારની દિશા પકડે છે, કાનથી સાંભળવા જાય તો બહારની દિશા પકડે છે. તો કહે છે કે જે બાહ્ય પદાર્થો છે તેને જાણવા તો બાહ્ય દિશા પકડે. પણ આત્મા ક્યાં બાહ્ય પદાર્થ છે ? કે એને ગ્રહણ કરવા માટે મન મારફત વિચાર કરે છે ? બાહ્ય પદાર્થ હોય એને તો બાહ્ય ઇન્દ્રિય દ્વારા પ્રવૃત્તિ કરો. ઠીક છે. પણ આત્મા જે અંતઃતત્ત્વ સ્વરૂપ છે એને વિષય કરતા, જ્ઞાન એને વિષય કરતા મન પાસે શું કરવા જાય છે ? બહારની ચીજ છે ? અંદરની ચીજ હોવા છતાં બાહ્ય ઇન્દ્રિય પાસે જે જ્ઞાનનો ઉપયોગ જાય છે, મન પાસે, એ પોતે ને પોતે પરોક્ષતાનો એક પડદો ઊભો કરે છે. એ પડદાની પાછળ વસ્તુ પોતે પ્રત્યક્ષ છે. અત્યંત પ્રત્યક્ષ છે અને એ પ્રત્યક્ષતા વેદનથી ગ્રહણ થાય છે. આપણે સીધું લઈએ. 'જ્ઞાનામૃત'માં છે.

પત્રાંક-૭૧૦. તમારી પાસે વચનામૃત ગ્રંથ હોય તો કાઢો. લઈ લો બધા. વચનામૃત સાથે રાખો. ક્યાંક ક્યાંક Reference લઈએ તો. પાનું-૫૧૯. આ એક એમણે નોંધ કરેલી છે. 'વડવા'માં આ એક અંગત નોંધ કરેલી છે. કોઈના ઉપરનો પત્ર નથી. પોતાની સ્વ વિચારણાની નોંધ છે. **'આત્મા સચ્ચિદાનંદ.'** એમ કરીને. **'જ્ઞાનાપેક્ષાએ સર્વવ્યાપક, સચ્ચિદાનંદ એવો હું આત્મા એક છું એમ વિચારવું, ધ્યાવવું. નિર્મળ, અત્યંત નિર્મળ, પરમ શુદ્ધ, ચૈતન્યઘન, પ્રગટ આત્મસ્વરૂપ છે. સર્વને બાદ કરતાં...'** જ્ઞેયાકારો પણ બાદ કરી નાખવા. સર્વમાં શું ? દેહાદિ, રાગાદિ અને જ્ઞાનના જ્ઞેયાકારો બાદ કરતાં **'જે અવ્યાબાધ અનુભવ રહે છે તે આત્મા છે.'** વેદન લીધું આત્મા જ્ઞાનનું. અવ્યાબાધ જ્ઞાનવેદન છે.

અનુભવ એટલે જ્ઞાનવેદન છે તે આત્મા છે.

**'જે સર્વને જાણે છે તે આત્મા છે. જે સર્વ ભાવને પ્રકાશે છે તે આત્મા છે.'** પહેલું દર્પણ લીધું. પછી દીપક લીધો. **'ઉપયોગમય આત્મા છે. અવ્યાબાધ સમાધિસ્વરૂપ આત્મા છે.'** પછીનું વચન છે જુઓ હવે. **'આત્મા છે.'** ક્યાં ? આત્મપરિણતિમાં આત્મા છે. હવે આ 'દીપચંદજી'ના વચન સાથે લઈએ આપણે. **'આત્મા છે.'** કે ક્યાં ? **'આત્મપરિણતિમાં આત્મા છે.'** આત્મા આત્મપરિણતિમાં કેવો છે ? **'આત્મા અત્યંત પ્રગટ છે,...'** થોડો પ્રગટ નથી પણ (અત્યંત પ્રગટ છે). એ આત્મ પરિણતિને એવી ટંકોત્કીર્ણ આત્મપરિણતિ છે અથવા તે આત્મપરિણતિરૂપ આત્મા એવો ટંકોત્કીર્ણ છે કે અત્યંત પ્રગટ છે. એને અપ્રગટ કરી શકાય એમ નથી. એવો પ્રગટ છે. એટલે અત્યંત શબ્દ લીધો છે.

**'અત્યંત પ્રગટ છે,...'** તો કહે, પણ પકડાતો નથી. તો કહે છે, પકડાય એવું છે. **'કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે.'** જ્ઞાનમાં સ્વપણાનું વેદન પ્રગટ છે. અનુભવમાં છે. બસ, એ આત્મા છે. એ વાત ૭૧૦માં (લીધી). જ્ઞાનમાં જ જ્ઞાનવેદન છે, જ્ઞાનમાં જ સ્વયંની અનુભૂતિ છે અને ત્યાં આત્મા પ્રગટ છે, ત્યાં તેનું અસ્તિત્વ, તેનું વિદ્યમાનપણું વેદનપૂર્વક ગ્રહણ થઈ શકે એવું છે. અને એ વેદનપૂર્વક ગ્રહણ કરવું એ જ આત્માનું પ્રાગટ્ય છે. એમ સીધું લીધું છે. 'અનુભવપ્રકાશ' ગ્રંથ છે ને આ તો ? એટલે એ વાત સીધી લેવી છે એ રીતે.

હવે આપણે જે વિષય ચાલતો હતો એ. કે મન છે એ મન દ્વારા આત્માને ચિંતવતા, મનથી આત્માનું ચિંતવન કરતાં ઉપયોગની દિશા બહિર્મુખ રહે છે. અને ઉપયોગમાં જે જ્ઞાન સામાન્યમાં સહજ જ્ઞાનવેદન છે એ વેદનને અહંપણે ગ્રહણ કરતા એ ઉપયોગમાં જ એ વેદન હોવાથી સ્વસન્મુખતા થાય છે. ત્યાં મનની જરૂર નથી. ત્યાં મનના ચિંતવનની જરૂર નથી. એ વચન અહીંયાં લાગુ પડે છે, એ પ્રકારે લાગુ પડે છે.

**'મન ચિંતવન છે ત્યાં નથી.'** તે ત્યાં નથી. કેમકે અહીંયાં આત્મપરિણતિમાં આત્મા લેવો છે. વચ્ચે મનને લાવવાની જરૂર નથી.

આત્મપરિણતિમાં આત્મા અત્યંત પ્રગટ છે. કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં આવે છે. તો આબાળ-ગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જે અનુભવમાં આવે છે ત્યાં હુંપણાથી એનું ગ્રહણ કરવું છે. એ અનુભૂતિ છે તે જ આત્મા છે.

મુમુક્ષુ :- 'કૃપાળુદેવે' ૭૫૧માં બીજું સમકિત લીધું ઈ મનથી પાર થઈને પ્રતીતિ લીધી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. એમ એટલા શબ્દો વાપર્યા ૭૫૧માં. પરમાર્થ એટલે કોણ ? કે આત્મા પોતે પરમપદાર્થ. અર્થ નામ પદાર્થ. પરમાર્થ એટલે પરમપદાર્થ. પરમ પદાર્થની સ્પષ્ટ, અસ્પષ્ટ નહિ, અનુમાન કરેલી નહિ, અનુભવાંશે એટલે વેદન અંશે. આ અનુભૂતિ છે તે જ આત્મા છે એવી પ્રતીતિ. તેને સમકિત કહેવામાં આવ્યું છે. 'કૃપાળુદવે' તેને બીજું સમકિત કહ્યું છે. કે જે નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનું અનન્ય કારણ છે. ત્યાંથી મહિમા અને પુરુષાર્થ ઉપડ્યો. સ્વરૂપનો મહિમા અને ચૈતન્યવીર્યની સ્ફૂરણા એ ત્યાંથી ઉપડી. આત્મપુરુષાર્થ જેને કહીએ.

એટલે આત્માની ખોજ ઉપયોગમાં જ્ઞાનવેદન સુધી જાવી જોઈએ. ઉપયોગમાં જે જ્ઞાનવેદન છે એટલે સર્વને બાદ કરતાં, જ્ઞેયાકારોને બાદ કરતાં અવ્યાબાધ અનુભવ રહે તે આત્મા છે. એ કહ્યું. કેમકે એને બાધા નથી પહોંચતી. જે જ્ઞેયાકારો છે એમાં બાધા પહોંચે છે. એક જ્ઞેયનો આકાર આવ્યો જ્ઞાનમાં એ ભૂંસાઈને પાછો બીજો આવશે. એ બીજો આકાર ભૂંસાઈને ત્રીજું જ્ઞાનમાં જ્ઞેય આવશે. એટલે બીજું જ્ઞેય જ્ઞાનમાં આવતા પહેલા જ્ઞેયને બાધા આવી ગઈ. અહીંયાં એ નથી થતું. અહીંયાં તો જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે જે જ્ઞાનવેદન છે એ નિરાબાધ ચૈતન્ય છે. જે કાલે ૪૩૮માં જોયું આપણે. નિરાબાધ ચૈતન્ય એવું જે જીવનું લક્ષણ એ જીવમાં વળતા જણાય છે. જીવ પ્રત્યે વળતા જણાય છે. એ જીવમાં જીવને જીવ પ્રત્યે વળતા જણાય છે કે આ નિરાબાધ ચૈતન્ય છે. ૪૩૮ (પત્રની) છેલ્લી લીટી.

કેવી કેવી રીતે અનુભવી પુરુષોએ વાત કરી છે ! અવક્તવ્ય. અનુભવનો વિષય જોકે બહુભાગ અવક્તવ્ય છે, તેમ છતાં કેટલા પ્રકારે એને વક્તવ્ય કરીને મૂક્યો છે ! અવક્તવ્ય વિષયને કેટકેટલા પ્રકારે,

કેટલા કેટલા પ્રકારે પોતાના વક્તવ્યમાં મૂક્યો છે ! અને દરેકની મૌલિકતા છે. બધા અનુભવી પુરુષોની એ વાતને સ્પષ્ટ કરવાની, વ્યક્ત કરવાની મૌલિકતા પણ ગજબની છે દરેકની !

**'મન ચિંતવન છે ત્યાં નથી. આત્મપદમાં પોતાની મગ્નતા,...'** આત્મપદમાં પોતાની મગ્નતા. **'સ્વરૂપવિશ્રામ, આનંદરૂપ પદમાં સ્થિરતા, ચિદાનંદ, ચિત્પરિણતિનો વિવેક કરવો.'** આ પોતે પછી આત્મરસથી લખી નાખે છે. આત્મપદમાં મારી પોતાની મગ્નતા એ જ મારો સ્વરૂપવિશ્રામ છે, એ અનંત આનંદરૂપ આનંદઘનપદ છે એમાં સ્થિરતા છે. એ ચિદાનંદ છે. આ ચિત્પરિણતિનો વિવેક કરવો. માટે વિવેક કરવો એટલે આ ચિત્પરિણતિને જુદી પાડવી. અન્ય ભાવથી એને જુદી પાડવી.

.. લીન થાય. આત્માનો આનંદ ઊપજે એમાં **'આત્માનંદ ઊપજે. મન દ્વારા વિવેક થયા પછી...'** એટલે પહેલો આવો વિચાર મન દ્વારા થાય **'પછી મન પણ બાજુએ (દૂર) રહે.'** સંજ્ઞી પંચેન્દ્રિય જીવ પહેલાં વસ્તુસ્થિતિનો વિચાર કરે. પછી મનને બાજુમાં રાખી દે. કેવી રીતે રાખે ? કે **'જ્ઞાન નિજવસ્તુ છે.'** જ્ઞાન પોતે જ નિજવસ્તુ છે. વચ્ચે મનને લાવવાની જરૂર નથી. આમ એને એક બાજુ રાખી દે. મનને એક બાજુ રાખે.

**'એવી રીતે વિચારતાં...'** અથવા જ્ઞાનથી જ્ઞાનને અવલોકતા **'મન દૂર રહે છે.'** જ્ઞાનથી જ્ઞાન સ્વયંને અવલોકતા મન દૂર રહે. નહિતર મનનું વળગણ ઘણું છે. મનથી છૂટા પડવું એ જીવને અશક્ય લાગે છે. કોઈ દિ' છૂટો નથી પડ્યો ને. એટલે એને એમ લાગે છે કે મનથી તે કેવી રીતે છૂટા પડાતું હશે ? બહુ સરસ ટૂકડો મૂકી દીધો 'દીપચંદજી'એ, કે **'જ્ઞાન નિજ વસ્તુ છે.'** મન તો પરવસ્તુ છે. જ્ઞાન નિજ વસ્તુ છે. જ્ઞાન સ્વયંમાં પોતાપણું દેખે, અવલોકે એટલે મન બાજુએ રહી જાય. વચ્ચે મનની જરૂર નથી.

**'એવી રીતે વિચારતાં (અવલોકતા) તે (મન) દૂર રહે છે. શાથી ? કે પરમાત્મપદ ગુપ્ત છે. તેની મન વ્યક્ત ભાવના કરી ન શકે.'** મનની પહોંચ નથી ત્યાં. એ એવું ગુપ્ત છે એટલે અંતઃતત્ત્વ સ્વરૂપ છે. મન તો બહારની દિશામાં, બાહ્ય પદાર્થો માટે કામમાં આવે એવી ચીજ છે.

અંદરમાં એ કામમાં આવે એવી ચીજ નથી. તો એ ભાવના ન કરી શકે.

'**શાથી ? કે પરમાત્મભાવના કરતાં કરતાં પરમાત્મપદ નજીક આવે ત્યારે પરમાત્માના તેજથી મન પહેલેથી જ મરી ફીટે છે.**' કેવી સરસ વાત લીધી છે ! પરમાત્મસ્વરૂપની ભાવના કરતાં કરતાં ભાવમાં પરમાત્મપદ નજીક આવે, એટલે કે જેવો દિશા બદલે, પરિણામ જેવી દિશા બદલે કે મન તો પરમાત્માના તેજથી પહેલેથી જ મરી જાય છે બિચારું. મન જીવતું રહેતું નથી. એ તો એક જડપદ છે. એ જડ થઈ જાય છે. એમાં હુંપણું કરીને ચેતના લાવ્યો હતો એ હુંપણું ખેંચી લીધું. એ જડ થઈ ગયું, મડદું થઈ ગયું. એ પહેલેથી જ મરી ફીટે છે.

'**શાથી ? કે શૌર્યવાનના તેજથી કાયર સંગ્રામ વિના જ (લડાઈ કર્યા વિના જ) મરે,...**' કોઈ શૂરવીર હોય એ જ્યાં સામો આવે એટલે કાયર લડવા ઊભો ન રહે. લડાઈ કર્યા વિના જ ભાગે. મનની આ હાલત છે. આત્માને પુરુષ લીધો છે, શૂરવીર લીધો છે. મનને કાયર અને નપુંસક લીધું છે. તો કહે છે, આ જાગ્યો, મન ભાગ્યું. લડાઈ કરવાની જરૂર નથી. મનની સાથે સંગ્રામ કરવાની જરૂર નથી, નહિ પડે. એ તો બિચારું કાયર છે. આત્મા જાગ્યો પછી મન ઊભું નહિ રહે. વગર લડાઈએ ભાગવાનું છે. કેવી શૈલી કરી છે, જુઓ !

'**શૌર્યવાનના તેજથી...**' એમ ચૈતન્ય સ્વરૂપના તેજથી મનરૂપી અંધકાર છે એ લડાઈ કર્યા વિના જવાનો છે. જેમ સૂર્યના તેજથી અંધકાર પહેલેથી જ નાશ થઈ જાય તેમ. Struggle નથી કરવી પડતી એમ કહે છે. આ જગ્યાએ Struggle નથી કરવી પડતી. બહુ પ્રારંભમાં થોડી મહેનત પડે છે. પછી માર્ગ સુગમ અને સરળ છે, એમ કહે છે. બહુ શરૂઆતમાં થોડું કઠણ પડે છે. જે મમતા તીવ્ર કરી છે દેહાદિમાં અને સંયોગમાં, એટલે એના ઉપરથી પહેલું જીવને મમત્વ ઉઠાવવું આકરું પડે છે. પહેલી ભૂમિકા છોડવી આકરી પડે છે. પણ સ્વ-પર પદાર્થને ભિન્ન ભિન્ન ઓળખતાં અને આ બાજુ સ્વરૂપાનુભવના વિષયમાં સ્વરૂપને ગ્રહણ કરવાના પ્રયોગમાં આવ્યો ત્યાં પછી મન સાથે નથી લડવું પડતું. નબળું પડી ગયેલું છે. એ તો આત્મા જાગ્યો અંદરથી ત્યારે એ તો પહેલાથી મરી ફીટે છે. ત્યાં પછી તકલીફ નથી પડતી અંદરમાં. થોડી તકલીફ બહુ શરૂઆતમાં છે.

આ માર્ગે ચડતા જે કાંઈ તકલીફ લાગે છે એ બહુ શરૂઆતમાં થોડીક છે. એકવાર કડવો ઘૂંટડો ગળે ઉતરી ગયો પછી કડવું નહિ લાગે, એમ કહે છે. પહેલું ભિન્નપણું કરવું એ જરા આકરું લાગે છે જીવને. બસ ! મારું કાંઈ નહિ ? જે બથ ભરીને પડ્યો હતો, આ બધું મારું... આ બધું મારું... આ બધું મારું... એમાં એમ કહે છે કે એક રજકણ તારું નહિ. સંયોગનો તો નહિ, શરીરનો એક રજકણ તારો નહિ, એક વિકલ્પ તારો નહિ, એક વિભાવનો કણ તારો નહિ. અરે..! એક જ્ઞાનાકારને પણ તારામાં ખતવવો નથી. જે જ્ઞેયાકારે જ્ઞાનાકાર છે એ પણ નહિ. કેમકે એ વિનાશિક છે. પહેલું થોડુંક કઠણ લાગે છે. પછી સુગમ અને સરળ છે. પછી આકરું પડતું નથી. પહેલી વખત આકરું પડે છે.

મુમુક્ષુ :- ઉપયોગ જ્યારે આત્મામાં હોય છે ત્યારે તો મન હોતું જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પહેલેથી જ મરી ફીટે છે.

મુમુક્ષુ :- એ વખતે તો કુદરતી જ મન...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કહે છે ને કે પહેલેથી જ મરી ફીટે છે. એટલું આત્માનું તેજ છે. એનું તેજ એટલું છે કે સૂર્ય ઉદય થયા પહેલાં અંધકાર વયો જાય છે. પો ફાટે પરોઢિયે ત્યાં અંધકાર ચાલ્યો જાય. સૂરજની હયાતીમાં અંધારાને ઉલેચવું પડે એ પ્રશ્ન જ નથી રહેતો, એમ કહે છે. એ તો એ આવ્યા પહેલા જાય છે. ઉદય થયા પહેલા જાય છે.

પ્રકાશનો પુંજ છે ને. પ્રત્યક્ષ અનંત પ્રત્યક્ષતાનો પુંજ છે. પ્રકાશનો પુંજ છે એટલે અનંત પ્રત્યક્ષતાનો પુંજ છે. જબરજસ્ત ચૈતન્યગોળો છે. એનો ઉદય થવા પહેલા તો મન મરી ફીટે છે. એટલે જે આત્માઓ અંતર્મુખના અભ્યાસમાં લાગે છે, અંતર્મુખ થવાના સ્વરૂપ સન્મુખતાના પ્રયત્ન વિશેષ પુરુષાર્થમાં વર્તે છે એને એની સુગમતાનો અનુભવ છે. જે શરૂઆતમાં છે એને થોડી તકલીફ લાગે છે. આ બધું મારું મૂકી દેવું, મારાપણું મૂકી દેવું. મારું છે અને મારાપણું મૂકી દેવું ? છોકરો મારો છે અને મારે એમાં મારાપણું નહિ કરવાનું ? ચોખ્ખો છે આ તો. મને વહાલો લાગે છે. એમાં ઠામુકું મારાપણું (મૂકી દેવાનું) ? સાવ પારકો કરી નાખવાનો ? થોડુંક એને કડવું લાગે, અઘરું પડે, કઠણ લાગે એવું થોડુંક છે.

હિત-અહિતનો વિવેક કરવાનો છે. એમાં મારાપણું કરી કરીને જેટલું ઝેર ખાધું છે એટલું ઝેર કાઢતા આકરું પડશે. એ આકરું પડે. અફીણના બંધાણી જેવું થાશે. એ બંધાણ છોડવું તકલીફ પડશે. છૂટ્યા પછી કાંઈ વાંધો નથી. સુખ છે. છૂટ્યા પછી તો સુખ છે. છોડતા થોડું દુઃખ થાય છે પણ છોડવાથી તો સુખ જ છે એ તો. એ દૃષ્ટાંત તો 'દીપચંદજી' પહેલા આપી ગયા શરૂઆતમાં.

મુમુક્ષુ :- આ દશા છે એ નિર્વિકલ્પ સમાધિ છે. આત્માનો ઉપયોગ આત્મામાં હોય તો નિર્વિકલ્પ સમાધિની દશા..

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિર્વિકલ્પ દશા છે.

મુમુક્ષુ :- એ વખતે મન કાંઈ કામ કરતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. મન તો એ પહેલાં ચાલ્યું ગયું. એ તો પહેલાં મરી ફીટયું.

મુમુક્ષુ :- ભાઈ ! ઓલું નથી આવતું કે જ્ઞાનમાત્ર હું એમ લેતા વિભાવ રોકાય જાય. એ જ આ મન મરી ફીટે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે. એ વિષય કાલ થોડો ચાલી ગયો. જ્ઞાનમાત્ર હું, એ વિષય થોડો ચાલી ગયો. ૧૩મા પાને. ૧૩માને જે પહેલો Paragraph છે એમાં નીચેથી ચોથી લીટી. '**પોતાનું જાણવું જ્ઞાનમાત્ર વસ્તુમાં...**' પોતાનું પોતાપણું જાણવું '**જ્ઞાનમાત્ર વસ્તુમાં પ્રતીતિ થઈ તેથી, સમ્યક્ નામ પામ્યું.**' ત્યાંથી સમ્યક્ નામ પામ્યું. જ્ઞાનમાત્ર હું, એમ જ્યાં જ્ઞાનમાત્રમાં પોતાપણું થયું ત્યાં સમ્યક્ નામ પામ્યો. કેમકે દિશા બદલાણી ત્યાં. '**જ્ઞાનમાત્ર વસ્તુ તો કેવળજ્ઞાન થયે શુદ્ધ, જ્યાં સુધી કેવળ નથી ત્યાં સુધી ગુપ્ત છે. કેવળ જ્ઞાનમાત્ર વસ્તુની પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરી સ્વસંવેદન વધારે છે.**' જ્ઞાની. જ્ઞાનમાત્રમાં હુંપણું કરવાનો વિષય કાલે બપોરે ચાલ્યો હતો. આજે થોડો આગળ ચાલવાનું છે. તને કાલથી યાદ કરીએ છીએ. કીધું, આ એક દિ' Late પડશે.

મુમુક્ષુ :- અવલોકનના પ્રયત્નથી એ વખતે એમ લાગે છે કે વિકલ્પ શાંત થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે, સ્વભાવિક છે. થોડા વિકલ્પ શાંત થાય છે. પણ સતત ચાલવું જોઈએ. જ્ઞાનમાત્ર સુધી, જ્ઞાનમાત્રમાં

હુંપણું, પોતાપણું થાય, પ્રગટ જે જ્ઞાનમાત્ર છે એ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અપ્રગટ સ્વભાવ છે. જ્ઞાનમાત્રમાં જે પ્રગટ અંશ છે એ જ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સળંગ અપ્રગટ સ્વભાવ છે. જે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સામાન્યની વ્યાપ્તિ છે એનો એક છેડો જ્ઞાનમાત્રમાં પ્રગટ છે. એ એક છેડો હાથમાં આવ્યો કે આખી ચીજ હાથમાં આવી. કેમકે સળંગ વસ્તુ છે. કટકો નથી ત્યાં. જ્ઞાનમાત્રમાં (કટકો નથી). બોલવામાં એમ કહેવાય કે અંશ છે ત્યાં. પણ ખરેખર તો આખી વસ્તુ ત્યાં છે. અંશમાં તો આખો અંશી હાથમાં આવે છે. કેમકે વસ્તુ અખંડ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સામાન્ય સ્વરૂપની વ્યાપ્તિ અખંડપણે છે. એમાં નથી દ્રવ્યનો ભેદ ભંગ, નથી ગુણનો ભંગભેદ, નથી પર્યાયનો ભંગભેદ. કોઈ કટકા નથી એમાં. વસ્તુ સળંગ છે.

મુમુક્ષુ :- મનથી ચિંતવન જે લીધું એમાં લક્ષ ક્યાં હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- મનથી ચિંતવનમાં શું થાય છે ? કે આત્માને ત્યાં પરોક્ષ કલ્પી લેવામાં આવે છે. એટલે એને વેદન પ્રત્યક્ષતા ઉપર પડદો પાડી દેવામાં આવે છે.

મુમુક્ષુ :- વર્તમાનમાં દૃષ્ટિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એને જે વર્તમાન જે વેદન પ્રત્યક્ષતા છે એને આડ મારી. એને આડ મારી. મન તરફ જઈને પડદો મારી દીધો. એટલે કહ્યું કે મનનું દુર્લક્ષ કર. જ્ઞાનમાં જ્ઞાનવેદન પ્રત્યક્ષ છે કે નહિ ? હું ક્યાં છું ? પહેલે દિવસે ભાઈને પ્રશ્ન પૂછયો હતો. તમે કોણ છો ? જડ કે ચેતન ? ચાલો, સીધો કોઈએ પ્રશ્ન પૂછયો. શ્રીગુરુ પ્રશ્ન પૂછે છે, લ્યો. તમે કોણ છો ? જડ કે ચેતન ? તો કહે છે, હું તો ચેતન છું. શેના ઉપરથી કીધું ? ક્યાંથી કીધું કે હું ચૈતન્ય છું ? કેમ કીધું કે હું ચૈતન્ય છું ? વચ્ચે મનને લાવવાની જરૂર નથી.

એ આત્મ પરિણતિ છે. તને આત્મપરિણતિ છે પછી અનાત્માને શું કરવા વળગે છે તું ? એટલે કાયચેષ્ટા નથી, વચન ઉચ્ચારણા નથી અને મનની કોઈ પ્રવૃત્તિ ત્યાં નથી. મન ચિંતવન પણ ત્યાં નથી. મનનું ચિંતવન નથી કરવું ત્યાં. હું આત્મા છું એમ મનમાં ચિંતવન નથી કરવું, એમ કહે છે. આ રીતનો સવાલ છે, હોં ! નહિતર માણસ શું કરે ? અમે તો રોજ આત્માનું ચિંતવન કરીએ છીએ. એકાંતમાં અમારા

સ્વાધ્યાયના સ્થાનમાં બેસીને આત્મસ્વરૂપનું ચિંતવન કરીએ. આત્મચિંતવન કર્યા કરીએ. હવે અહીંયાં કાંઈક રીત તને બીજી કરાવવી છે. કે તું જ્યાં છો ત્યાં મનનું ચિંતવન નથી. કાયચેષ્ટા તો નથી, વચન ઉચ્ચારણા તો નથી. પણ મનનો અંતર્જલ્પ કે બહિર્જલ્પ પણ નથી. સીધું જ્ઞાનથી લેવડાવે છે. '**આત્મપરિણતિમાં આત્મા છે.**' આત્મા છે, આત્મા પ્રગટ છે. અત્યંત પ્રગટ છે. કેમકે સ્વસંવેદન અનુભવમાં આવે છે. (પત્રાંક) ૭૧૦. ૭૧૦ લીધો ને આપણે ? એ જ મુદ્દો લેવાનો છે. કેવી સરસ નોંધ લખી છે !

'અનુભવપ્રકાશ' લઈ લીધો ત્યાં. એક વચનમાં 'અનુભવપ્રકાશ' લઈ લીધો. '**આત્મપરિણતિમાં આત્મા છે.**' જ્યારે તારી પાસે આત્મપરિણતિ છે અને એમાં આત્મા છે પછી મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં શું કરવા તું માથાકૂટ કરે છો ? એ બધી પડપૂછ મૂકી દેવાની છે. શરીર આમ ધ્યાનમાં, ચિંતવનમાં આમ શરીરને રાખવું, આટલું બોલવું સોહમ... સોહમ... સોહમ.. સોહમ... સોહમ... સોહમ. કાંઈ નહિ. એવું અંદર ચિંતવન કરવું, આત્માનું ચિંતવન કરવું. હું આનંદસ્વરૂપ છું, હું પૂર્ણ છું, હું ધ્રુવ છું, હું એકરૂપ અખંડ છું. કાંઈ નહિ. સીધો પકડાવે છે આત્મા.

મુમુક્ષુ :- સહેજે વિકલ્પ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વિકલ્પ નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં સુધી મન જીવતું છે. અહીંયાં જીવતા મનનું કામ નથી. મનને મારી નાખવાનું કામ છે.

આ ગ્રંથમાં વિશેષતા શું છે 'અનુભવપ્રકાશ'માં ? કે આત્માનુભવની જે કાર્યપદ્ધતિ છે, જેને વિધિ કહી છે, સુવિધિ કહી છે, એનો જે અંતર્મુખતાનો પ્રકાર છે, જે બહુભાગ અવક્તવ્ય છે-વચન અગોચર છે, સૂક્ષ્મ છે અને બાર અંગનું જે રહસ્ય છે, એને ખોલ્યું છે. કેટલી રીતે ખોલ્યું છે 'દીપચંદજી'એ, લખનારનું સામર્થ્ય બહુ છે. પ્રખર અનુભવી પુરુષ છે. એમણે એ વિષયને જુદાં જુદાં Angle થી બને એટલો એમણે વચનમાં, ભાષામાં ઊતારવાનો પ્રયાસ કર્યો છે. એટલે કોઈ બીજી જ રીત છે એમ કહેવું છે. આની રીત કોઈ બીજી છે.

જો એ રીતે એને શરત હોત કે શરીર આમ હોવું જોઈએ, ભાષા આમ બોલવી જોઈએ, મનમાં આમ ચિંતવન કરવું જોઈએ, તો તિર્યંચ ક્યાંથી કરે ? તિર્યંચ ક્યાંથી કરે ? નારકી ક્યાંથી કરે ? દેવલોકમાં અને મનુષ્યલોકમાં થોડીક તકલીફ ઓછી છે. પુણ્યનો ઉદય છે એટલે. ઓલા પાપના ઉદયમાં પડ્યા છે એને તો ઘણી તકલીફ છે ત્યાં. અને છતાં ત્યાં પામે છે. સાતમી નારકીમાં નવું સમ્યગ્દર્શન ક્યાંથી લે ? પીડાની વેદના પાર વગરની છે, કહી શકાય નહિ એવી.

એટલે સીધું વસ્તુ જે સહજ પ્રત્યક્ષ છે (તેને ગ્રહણ કરાવે છે). પાંચ ને ત્રણ આઠ જ્ઞાનના ભેદ છે અને નવમું જ્ઞાન સહજ પ્રત્યક્ષ છે. 'નિયમસાર'ની ૧૧-૧૨ ગાથાનો આ વિષય છે. એમાં જ્ઞાનના ભેદ લીધા છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન. આ સુમતિ, સુશ્રુતની વાત છે. કુમતિ, કુશ્રુત અને કુઅવધિ. પાંચ ને ત્રણ આઠ જ્ઞાનના ભેદ છે. તો કહે આઠેયને મૂક બાજુ. નવમું જે સહજ પ્રત્યક્ષ છે, આત્મામાં જે સહજ જ્ઞાન છે એ સહજ પ્રત્યક્ષ છે, એ જ્ઞાન છે. એ અવલંબનનો વિષય છે. એ આત્મા છે. અને એ પ્રત્યક્ષ હોવાથી એમાં કોઈ સાધનાંતરની અપેક્ષા નથી. કેમકે પોતે સહજ પ્રત્યક્ષ છે.

'ગુરુદેવશ્રી'નું વ્યાખ્યાન બહુ સરસ છે. ૧૧-૧૨ ગાથા છે 'નિયમસાર'ની. એમાં એ બધા આઠેય જ્ઞાનના વર્ણન આવે છે. એક એક જ્ઞાનની પરિભાષા આવે. પછી સહજ જ્ઞાનનો એક જુદો Paragraph લખ્યો છે. અને એ સહજ જ્ઞાન છે તે આત્મા છે. એ જ અંતઃતત્ત્વ સ્વરૂપ છે, એ જ કારણ પરમાત્મા છે કે જેના અવલંબને કાર્યપરમાત્મ દશા પ્રગટ થાય છે. એ જ કારણ પરમાત્મા છે. એટલે વસ્તુ એટલી સહજ પ્રત્યક્ષ છે, એટલી અનંત સહજ પ્રત્યક્ષ છે કે ત્યાં કોઈ મન વગેરેના પરોક્ષ સાધનની કોઈ જરૂર કે આવશ્યકતા કે અપેક્ષા નથી રહેતી. એ જ આત્મા છે.

મુમુક્ષુ :- કારણ પરમાત્મા જે છે, કારણ પરમાત્મા શક્તિરૂપે છે. દરેક જીવની અંદર શક્તિરૂપે કારણ પરમાત્મા રહેલો છે અને ..તરફની પરિણતિ થઈ પોતે કારણ પરમાત્મા થાય જ. એમ જ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનું અવલંબન આવતા એ કારણ

પરમાત્મા અને અવલંબન લેનારા કાર્ય પરમાત્મા થઈ જાય ત્યાં.

મુમુક્ષુ :- એમાં જ લીનતા, એમાં જ .. એમાં જ લીનતા, એમાં જ જેને અભેદ ભક્તિ કહી છે એ જ...

પૂજ્ય ભાઈશ્રી :- એ અભેદ ભક્તિ છે.

એટલે હું છું એવો ભાવ સીધો પકડવાની વાત છે. ક્યાંથી ? આત્મપરિણતિએ. જે અંદરમાં જ્ઞાન સામાન્ય સહજ વેદનભૂત (છે) એટલે પ્રગટ અને પ્રત્યક્ષ કહ્યો. નહિતર ઓલો કારણ પરમાત્મા અવ્યક્ત અને અપ્રગટ છે. અહીંયાં એને પ્રગટ કીધો. કેમકે પરિણતિ છે ને એટલે પ્રગટથી લેવડાવે છે. આખો પકડી લે ત્યાંથી. ભલે પરિણતિમાં એક અંશ આવે છે, પણ વસ્તુ ક્યાં અંશ-અંશી રૂપ છે ? વસ્તુ તો અખંડ છે. એટલે આખો પકડવામાં આવે છે.

ચોરના શરીરનો અંગુઠો દેખાણો કે ચોર દેખાણો ? દાટેલા ચરુનો કાંઠો દેખાણો કે ચરુ દેખાણો ? આખો ચરુ દેખાઈ ગયો. કાંઠો દેખાણો હોવા છતાં આખો ચરુ દેખાઈ ગયો. અને છૂપાયેલા ચોરનો આંગળો દેખાણો કે આખો ચોર દેખાણો ? કે આખો ચોર દેખાણો. આ એક મતિ-શ્રુતજ્ઞાનમાં શક્તિ છે. નિજ જ્ઞાનવેદનમાં જે પ્રગટ અંશ આત્મપરિણતિરૂપ છે એમાં આખો આત્મા છે, એમ કહે છે. એમાં આખો આત્મા છે. ત્યાંથી તો શરૂ કર્યું છે. '**આત્માપરિણતિમાં આત્મા છે.**' એમ કહે છે. હું છું એવા આસ્તિક્યભાવ વડે આત્મા પ્રગટે. આત્મપરિણતિ છે બધાને. હું છું એ વિકલ્પમાં, રાગમાં, દેહમાં અને અન્ય પદાર્થમાં કર્યું છે. અહીંયાં હું છું કરે એટલે આત્મા પ્રગટે. બીજું કાંઈ નહિ.

મુમુક્ષુ :- અંશી વિના અંશ આવે ક્યાંથી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો સમજાવવા માટે અંશ કહે છે. એ તો આગમ વિવિક્ષા છે. અધ્યાત્મ વિવિક્ષામાં તો આખો આત્મા છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ છે. એ અધ્યાત્મ વિવિક્ષા છે. કેમકે અવલંબન ત્યાંથી આવે છે. માટે અધ્યાત્મ વિવિક્ષામાં તો આખો આત્મા છે. પણ કોઈ ભ્રમમાં ન પડે એટલે આગમ વિવિક્ષાથી વસ્તુનું સ્વરૂપ સમજાવે છે. અધ્યાત્મ વિવિક્ષામાં એને ગૌણ કરાવે છે. આગમ વિવિક્ષાને અવિરોધપણે (ગૌણ કરાવે છે). આગમથી વિરોધ ન આવે

માટે. આગમ અધ્યાત્મનો અવિરોધ રહેવો જોઈએને ? એટલા પૂરતી વાત છે.

ત્યાર પછીના Paragraph ની છેલ્લી લીટી લઈએ. નીચેથી બે-ત્રણ લીટી લઈ લઈએ. '**પોતાના પરિણામ સ્વરૂપાનંદી થયે પરમેશ્વર કહેવાયો.**' પોતાના પરિણામ સ્વરૂપના આનંદવાળા થતાં એ પોતે પરમેશ્વર કહેવાયો. '**આવો પ્રભાવ આત્મજ્ઞાનના પરિણામનો છે.**' આવો પ્રભાવ આત્મજ્ઞાનના પરિણામનો છે. '**પરિણમનથી અવિનાશી પદનો અપૂર્વ લાભ થયો.**' જે લાભ થયો એ તો પરિણમનથી થયો. વસ્તુ તો અનાદિઅનંત છે. પણ લાભ તો પરિણમનથી થયો.

'**તે પરિણામ...**' હવે જુઓ, ફેરવી ફેરવીને વાત કેવી રીતે ઉપાડે છે. '**તે પરિણામ સ્વરૂપમાં કેવી રીતે લાગે તે કહેવામાં આવે છે.**' રીત કહેવી છે ને ? દરેક જગ્યાએ કેવી રીતે કામ થાય છે એમ કરીને વાતને ઉખેળે છે. '**તે પરિણામ સ્વરૂપમાં કેવી રીતે લાગે તે કહેવામાં આવે છે.**'

'**પરથી પરાઙ્ગમુખ થઈ...**' શું કરે હવે ? '**પરથી પરાઙ્ગમુખ થઈ વારંવાર સ્વપદને અવલોકવાના ભાવ કરે.**' શું કહ્યું ? આવ્યું ? અવલોકન. '**પરથી પરાઙ્ગમુખ થઈ વારંવાર સ્વપદને અવલોકવાના ભાવ કરે.**' આ Practice કરવાની છે. વિચાર નહિ, ચિંતવન નહિ. અવલોકન છે એ વિચાર નથી, એ ચિંતવન નથી, એ મનન નથી. એ અવલોકન છે એ વસ્તુ જે મોજૂદ છે, વર્તમાનમાં જે વસ્તુ મોજૂદ છે, હયાત છે એને અવલોકનમાં લેવાની વાત છે, એને જોવાની વાત છે. અવલોકવું એટલે જોવું. કેવી રીતે જોવું ? કે પરથી પરાઙ્ગમુખ થઈને. આ દશા છોડી દેવી. પરસન્મુખતાની દિશા છોડીને અંતરમાં જે આત્માની હયાતી છે, એમાં નિજ સત્તા છે, પોતાની વિદ્યમાનતા છે, પોતાની હયાતી છે, જે જ્ઞાનલક્ષણથી અને જ્ઞાનવેદનથી ગ્રહણ થાય છે. જ્ઞાનલક્ષણથી અને જ્ઞાનવેદનથી ગ્રહણ થાય છે. જ્ઞાનલક્ષણથી જણાય છે અને વેદનથી હુંપણે સ્વપદપણે તે ગ્રહણ થાય છે. એ પ્રકારના અવલોકનની Practice કરે. જ્ઞાનલક્ષણથી તે જણાય છે અને વેદનમાં હુંપણું થતાં એ ગ્રહણ થાય છે. સ્વપદને આ રીતે અવલોકવું. વિચારવું એમ નહિ. આ રીતે અવલોકવું-આ રીતે જોવું. નહિતર તો એમ થાય

પણ આત્મા ક્યાં છે ? આત્મા ક્યાં છે ? પણ જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા. જાણવું બને છે કે નહિ ? જાણવું બને છે એ જ સ્વરૂપની વાનગી લીધી. જે જ્ઞાન છે તે જ...

જ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિને લીધે પર્યાયની ઉપેક્ષા વર્તે છે, પરંતુ દ્રવ્ય સ્વભાવની સાવધાની પર્યાયમાં વર્તતી હોવાથી, તેવી સમ્યક્ પર્યાયની ચિંતા આવશ્યક પણ નથી. તેથી જ્ઞાની સ્વભાવ સાવધાનીને વશ એમ કહે કે 'પર્યાય ભલે ગમે તેમ વર્તો મને તેથી કાંઈ ફેર પડતો નથી.' પરંતુ તેમ કહેતી વખતે પ્રતીતિ વર્તે છે, કે પર્યાય મર્યાદામાં જ રહેવાની છે, અને પર્યાયના ફેરફારથી સ્વભાવમાં ફેર પડતો નથી, તે પણ પરમ સત્ય જ છે, તથાપિ જેની શ્રદ્ધા જ સ્વરૂપને છોડી, અન્ય સ્થાનમાં પરને / રાગને આત્મારુપે ગ્રહણ કરે છે, તે જ્ઞાનીની નકલ કરે, તો પર્યાયમાં વિપર્યાસ વૃદ્ધિગત થાય છે. અથવા મિથ્યા શ્રદ્ધાને લીધે પર્યાયની સાવધાની રહે છે, તેથી તેની જ ઉપેક્ષા થઈ શકે નહિ. મિથ્યાત્વ અવસ્થામાં પરથી એકત્વ વર્તે છે, તો 'ભલે તેમ થાઓ' તેવું ઉપેક્ષિતપણું ઈચ્છનીય નથી. છતાં અજ્ઞાનથી કહે તો સ્વચ્છંદ થાય. પર્યાયની ઉપેક્ષા સમ્યક્પ્રકારે થવા યોગ્ય છે.

(અનુભવસંજીવની - ૧૧૭૫)

## તા. ૧૯-૧૧-૧૯૯૨, પાના નં. ૧૪, પ્રવચન નં. ૧૭૮

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતાના અંદરમાં અંતર્મુખ થાય ત્યાં સુધી વાતને લઈ ગયા. પરસન્મુખ હતો એને ફેરવીને અંતર્મુખ કર્યો. આટલી વાતમાં, બે-ત્રણ લીટીમાં. એ 'દીપચંદજી'નું સામર્થ્ય છે કે રહસ્યને બહુ સંક્ષેપમાં પ્રકાશી શકે છે.

મુમુક્ષુ :- પરપ્રકાશકપણું છે ત્યાં જ સ્વપ્રકાશકપણું...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં છે, ત્યાં સ્વ છે ને. જ્ઞાનમાં જ પોતે છે. જ્ઞાનથી બહાર ક્યાં પોતે છે ? ત્યાં જ પોતે છે. એ એક જ ગુણની પર્યાય છે. સ્વપરપ્રકાશકજ્ઞાન તે એક જ ગુણની પર્યાય છે. એની શક્તિ છે ને ? આપણે ત્રણ Factor પાડ્યા. ગતિ, જાતિ અને શક્તિ. એમાં આ શક્તિ છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી.' 'બનારસીદાસજી'એ ગાયું કે નહિ ? 'તાતે ભેદ ભ્રમ બહુ ભારી.' એના ભેદ એટલા બધા પડે છે ને કે એમાં ભ્રમ થાય છે જીવને. ભારે ભ્રમ થાય છે. એની શક્તિ છે. શક્તિ તો નિશ્ચયે જ હોય ને. બે ચીજ નથી, એક જ છે. શક્તિ એક જ ચીજ છે. બે નથી. સ્વ અને પર એવા શબ્દ બે છે. વસ્તુ એક છે શક્તિપણે.

મુમુક્ષુ :- સ્વપ્રકાશ અને પરપ્રકાશ મળીને એક પર્યાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એક જ પર્યાય છે. સ્વપરપ્રકાશકપણે એક જ જ્ઞાનની પર્યાય છે, બે પર્યાય નથી.

મુમુક્ષુ :- ભૂલ શું થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલ કલ્પના કરે છે એ થાય છે.

જુઓ ! હવે દૃષ્ટાંત લઈએ છીએ, હોં ! શાસ્ત્રમાં એવું આવે છે કે છદ્મસ્થનો ઉપયોગ એક કાળે એક જ્ઞેયને જાણે. છદ્મસ્થનો ઉપયોગ એક કાળે એક જ્ઞેયને જાણે. માટે જ્ઞાનીનો ઉપયોગ પરજ્ઞેયને જાણે ત્યારે સ્વને ન જાણે. આ શાસ્ત્ર વાંચીને ભૂલ થાય. કેટલી કલ્પના કરી એણે. જ્યારે એક જ્ઞેયને જાણે... તો સ્વપરપ્રકાશક શક્તિ જ ન રહી. કાં તો સ્વપ્રકાશક હોય, કાં તો જ્ઞાન પરપ્રકાશક હોય. સ્વપ્રકાશક હોય ત્યારે

પરપ્રકાશક ન હોય, પરપ્રકાશક ન હોય ત્યારે સ્વપ્રકાશ ન હોય. તો સ્વપરપ્રકાશક એક શક્તિ ન રહી. કેવડી મોટી ભૂલ થઈ ! શક્તિ કે જે આત્માનું મૂળ સ્વરૂપ છે એ જ જાણવાની ભૂલ થઈ ગઈ. આવી વાત છે.

ત્યારે એ સ્વપરપ્રકાશકમાં સ્વને જાણતાં પર જણાય જાય છે, પરને જાણતાં પણ સ્વ જણાય જાય છે એવી એક શક્તિ જ છે એની. એની પોતાની સ્વયંની તાકાત છે. એને કોઈ કારણની જરૂર નથી. એને કોઈ કારણની જરૂર નથી. એ નિરપેક્ષ શક્તિ છે. કોઈના કારણે એમ નથી એ શક્તિ. વસ્તુનું સત્ત્વ છે એ. અને અહેતુક છે એ. કેમ એમ છે ? કે અહેતુક છે. સત્ છે ને એટલે અહેતુક છે. એને કારણની જરૂર નથી. એવી શક્તિ છે એ તો. પ્રત્યક્ષ કહીએ છીએ, જેને કારણની કોઈ જરૂર નથી. એમ છે.

આ જરા Practice નો વિષય છે. '**જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું. એવો દૃઢ ભાવ...**' એ સીધી દૃઢતા ન આવે, Practice થી દૃઢતા આવે છે. '**તે સુગમ છે.**' અને જેમ જેમ મહાવરો વધે તેમ એની વ્યાપકતા, વેદકતા, પ્રત્યક્ષતા (પણ ખબર પડે). પછી તો પ્રત્યક્ષ થઈ ગયું. વેદકતા ઉપરથી તો પ્રત્યક્ષ થઈ ગયું. પછી તો ક્યાં શંકાનો સવાલ છે ? હું પ્રત્યક્ષ મારામાં છું. નિજ પ્રત્યક્ષ સ્વરૂપને પ્રત્યક્ષપણે જોવું. નિજ પ્રત્યક્ષ સ્વરૂપને પ્રત્યક્ષપણે જોવું એ પ્રકારમાં આવવાનું છે. એ કાર્યપદ્ધતિમાં આવવાનું છે.

'**તે સુગમ છે, (છતાં) વિષમ માની રહ્યો છે.**' એ સુગમ છે, પણ કલ્પના કરી વિષમતાની. આ બહુ અઘરું છે, આ બહુ કઠણ છે. એવી આડ મારવાની જરૂર નથી. એવો પૂર્વગ્રહ રાખવાની જરૂર નથી કે આ બહુ કઠણ છે, અઘરું છે, મારાથી ન થાય. એવી આડ મારવા જેવી નથી. '**જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું...**' એવો અભ્યાસ. હુંપણું કરવાનો Practical અભ્યાસ, એને ખરેખર નિજજ્ઞાનનો અભ્યાસ કહેવામાં આવે છે. આ જ્ઞાનાભ્યાસ છે લ્યો, ઠીક ! શાસ્ત્ર વાંચવું તે જ્ઞાનાભ્યાસ નથી, શાસ્ત્રનો સ્વાધ્યાય તે જ્ઞાનનો અભ્યાસ નથી. એ તો વ્યવહારે કહેવાય છે જ્ઞાનનો અભ્યાસ. કેમકે એમાં જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું, એવો અભ્યાસ કરવાનું કહ્યું છે માટે એને વ્યવહારે જ્ઞાનાભ્યાસ કહે છે. નિશ્ચયથી તો જ્ઞાનમાં હુંપણું કરવું એ જ જ્ઞાનાભ્યાસ છે. એ

ખરો જ્ઞાનાભ્યાસ છે.

મુમુક્ષુ :- આ અભ્યાસમાં વિકલ્પોની સ્થિતિ શું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- શું ચિંતા એની ?

મુમુક્ષુ :- વિકલ્પ આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ. અભ્યાસ કરો ને. વિકલ્પની ચિંતા કર્યા વગર અભ્યાસ કરો.

આમાં શું કહેવું છે ? કે તું તારે રસ્તે ચાલ્યો જા. તું તારા રસ્તે ચાલ્યો જા. તું બીજાની સામે જો તો તને ઠેસ વાગે ને ? આ શું કીધું ? કે એનો દોષ છે. એણે અહીંયાં નીચે જોયું હોત તો એને ઠેસ ન વાગત. બીજે જોયું એટલે નીચે પત્થર હતો તેનો ખ્યાલ ન આવ્યો. તારી ભૂલ છે. તો કહે, મારી ભૂલ નથી. કેમ ? મેં જેની સામું જોયું એ મારી સામે જોતો હતો. એટલે મેં એની સામે જોયું. હવે એ તારે કામ શું છે ? કોણ તારી સામું જોવે કે બીજાની સામું જોવે છે એનું તારે શું કામ ? તું તારા રસ્તે ચાલ્યો જા, તારી સામે જોઈને. નીચું જોઈને એટલે સ્વને જોઈને તારામાં ચાલ્યો જા તું. પછી કાંઈ તકલીફ નથી. વિકલ્પ ક્યાં ગયો ? ક્યાં રહ્યો ? ક્યાં થયો ? થયો કે ન થયો ? કોઈ ચિંતા કરવાની જરૂર નથી. અપ્રયોજનભૂત છે. વિકલ્પ મારા માટે અપ્રયોજનભૂત છે. મારે વિકલ્પનું શું પ્રયોજન ? ક્યાં રહ્યો અને ક્યાં ગયો ? થયો કે ન થયો ? આ એક કામ છે. એટલે શું છે કે Positive રચનાત્મક કાર્ય છે આ. એક Constructive કાર્ય છે. ઓલું Destructive કાર્ય છે કે વિકલ્પને તોડી નાખો, વિકલ્પને તોડી નાખો, વિકલ્પને તોડી નાખો. Destructive કાર્યમાં જવાની જરૂર નથી. Constructive માં જાવું. રચનાત્મક કાર્યમાં જાવું. બસ, એમ કહેવું છે. એટલે એ ચિંતાની કાંઈ જરૂર નથી.

મુમુક્ષુ :- પોતાના અભ્યાસથી ચ્યુત થાય છે ત્યારે વિકલ્પ ઉત્પન્ન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જે રચનાત્મક કાર્યમાં લાગવું જોઈએ એમાં નથી લાગતો માટે વિકલ્પ થાય છે. આમાં લાગશે એટલે વિકલ્પ શાંત થઈ જશે. એની ચિંતા કરવાની પણ જરૂર નથી કે એ ક્યારે શાંત થયો. જોવાની પણ જરૂર નથી. અને રહ્યો તો એનામાં રહ્યો. મારામાં નહિ. જ્યાં હું છું, જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં હું છું. જ્યાં જ્યાં વિકલ્પ છે

ત્યાં હું નથી. એમ છે. પછી એની શું ચિંતા ?

મુમુક્ષુ :- આ જ્ઞાન તે હું... જ્ઞાન તે હું... જ્ઞાન તે હું... એ પણ એક વિકલ્પ થયો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે Practice ની વાત કરીએ છીએ આપણે. એમાં વિચારની વાત નથી કરતા. એવો વિચાર છે એ વિકલ્પ છે. અને એ વિકલ્પ છે એ ખરેખર હુંપણું કરવાની પદ્ધતિ નથી. પણ ચાલતા જ્ઞાનને પકડીને, ચાલતી જ્ઞાનની ક્રિયાને પકડીને એમાં હુંપણું છે, છે તે જોવું છે. એટલે અવલોકન કરવાની વાત છે. ખરેખર અસ્તિત્વ ત્યાં છે આત્માનું. એ સિવાય રાગમાં અને રાગના વિષયમાં આત્માનું અસ્તિત્વ નથી. ભ્રમથી હુંપણું કરે છે. અને અહીંયાં હુંપણું કરવું તે નિભ્રાંત દશા છે. એટલે ત્યાં પોતાપણું છે. અને પોતાપણું છે ઈ જોવે. જોવે એટલે થાય. કેમકે બીજે થતું હતું. એટલે અવલોકન લીધું છે કે પોતાપણું છે એને માત્ર જોવું જ છે.

કાર્ય તો નિજને નિહાળવાનું છે. વસ્તુ તો બની બનેલી જ છે. ફક્ત નિજને નિહાળવું એટલું જ કાર્ય છે. આથી વધારે કોઈ કાર્ય નથી. અવલોકન કરવું એટલું જ કાર્ય છે. એટલે એ અવલોકન પદ્ધતિ શરૂ કરાવી છે પહેલેથી. કે અવલોકન કરવું એટલું જ કાર્ય છે. વસ્તુ તો વસ્તુ જેમ છે એમ છે. વિકલ્પ કરે છે એ પદ્ધતિ ખોટી છે. વિચાર કરે છે એ પદ્ધતિ પર્યાપ્ત નથી. એ તો સમજવાનું Stage છે, અનુભવવાનું Stage વિચારનું નથી. એ અવલોકનનું Stage છે. આવો જ્ઞાનાભ્યાસ કરવો. નિજજ્ઞાનનો આવો અભ્યાસ કરવો. એટલે જ્ઞાનનો અભ્યાસ કીધો. વિચાર કરવું એમ ન કીધું. એ અવલોકનનો અભ્યાસ છે.

મુમુક્ષુ :- ચાર-પાંચ લીટી પછી ...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. '**બ્રહ્મપદને સંભારી, ભવ-ખેદને ટાળી, નિજના ભેદે પામી, અભેદ નિજપદને ઓળખી, પર એવી વાણીને ત્યાગી,...**' વાણી કહો કે વિકલ્પ કહો. '**ચિદાનંદને જાણી, મોહ માન્યતાનો નાશ કરીને, ગુણગ્રામ-સુખધામરૂપ, અભિરામરૂપ તે જ (મારું) સ્વરૂપ છે, તે જ ભાવમોક્ષના ઉપાય-ઉપેયને સાધે (છે)...**' એ તો બહુ ભાવથી એમાં લખે છે. રસ ઘણો છે ને ! પોતાને રસ ઘણો છે.

કેટલાં દૃષ્ટાંત લીધા છે. દોરડીમાં સાપ નથી. ભ્રમણાના દૃષ્ટાંત કેટલાં લીધા છે. ૨૧માં પાને નીચેના Paragraph માં. '**દોરડીમાં સાપ નથી, છીપમાં રૂપું નથી, ઝાંઝવામાં જળ નથી, કાચના મંદિરમાં બીજો શ્વાન નથી,...**' આ બધા કેટલા પ્રતિબિંબ પડ્યા છે એટલે એને એમ થાય કે ઘણા કૂતરા મને ઘેરી વળ્યા છે. આટલા બધા કૂતરાઓ મને ઘેરી વળ્યા. એટલે પોતે હાઉ.. હાઉ કરે તો બધા જાણે એને ભસે છે. '**કસ્તુરીમૃગની બહાર સુગંધ નથી, ભૂંગળીમાં પોપટને કોઈએ પકડ્યો નથી. (બરણીમાં) વાંદરાની મૂઠીને કોઈએ ઝાલી નથી, કૂવામાં બીજો સિંહ નથી, એ પ્રમાણે બીજો કોઈ નથી,...**' તારામાં બીજો કોઈ નથી. '**પોતાની જૂઠી ભૂલ છે તેથી પોતે (જ) દુઃખ પામે છે.**' બાકી એમણે ગુરુને બહુ લીધા છે, હોં ! બહુ ઠેકાણે ગુરુને લીધા છે એમણે.

મુમુક્ષુ :- ૧૭મે પાને.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુનો મહિમા બહુ કર્યો છે. અધ્યાત્મની વાત લખતા લખતા ગુરુને બહુ સંભાર્યા છે.

મુમુક્ષુ :- વચ્ચે છે. સંતપુરુષના પ્રતાપથી.

પૂજ્ય ભાઈશ્રી :- '**સંતપુરુષના પ્રતાપથી અનંતગુણમય ચિદાનંદ (નિજ) પરમાત્મા તુરત પામે.**' પામે છે પોતાના પુરુષાર્થથી અને અહીંયાં ૨૨મા પાને લીધું છે. '**તેમ શ્રીગુરુએ આત્મા...**' પાંચમી લીટી. '**તેમ શ્રીગુરુએ આત્મા (નિજ સ્વરૂપ) બતાવ્યો છે. પામે તે સુખી થાય. ક્યાં સુધી કહીએ ? આ મહિમાનિધાન-અમ્લાન-અનુપમ પદ પોતે (જ) બન્યો છે, સહજ સુખકંદ છે, અલખ અખંડિત છે, અમિત તેજધારી છે, અનાદિથી દુઃખદ્વંદ્વમાં પોતાપણું માની અતિ આનંદ માની રહ્યો છે. તે આ દુઃખની મૂળ ભૂલ ત્યારે જ મટે કે જ્યારે શ્રી ગુરુવચન સુધારસ પીએ.**' આ સદ્ગુરુ પાછા લીધા ફરીને. એવી ભૂલ ક્યારે મટે ? કે જ્યારે શ્રીગુરુ વચનનું સુધારસ પીએ. બહુ સંભારે છે. ગુરના પ્રતાપે આમ થયું, ગુરુના પ્રતાપે આમ થાય. એમ કરતા જાય છે. '**શ્રીગુરુ વારંવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે છે.**' એમાં એક પાનામાં ત્રણ વખત ગુરુનું સ્મરણ કર્યું છે એમણે. ૨૨મા

પાને. પછી જીવનો સમ્યક્ત્વ ગુણ મિથ્યાત્વરૂપ કેવી રીતે પરિણમ્યો છે એ ૨૪ પાને Paragraph છે ત્યાંથી લીધું છે.

મુમુક્ષુ :- વચ્ચે અવલોકન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ અવલોકનમાં અનુભવ લે છે. અવલોકન શબ્દનો અર્થ અહીંયાં અનુભવ કર્યો છે. આપણે જે અવલોકન કહીએ છીએ એ નથી.

**'તથા જીવનો સમ્યક્ત્વગુણ હતો તે જીવના ભેદમાં અજીવનું આસ્તિક્ય કરે છે. ચેતનને અચેતન, અચેતનને ચેતન, વિભાવને સ્વભાવ, સ્વભાવને વિભાવ, દ્રવ્યને અદ્રવ્ય, ગુણને અવગુણ, જ્ઞાનને જ્ઞેય, જ્ઞેયને જ્ઞાન, સ્વને પર, પરને સ્વ (પોતારૂપ) એ રીતે જ અન્ય સર્વ વિપરીતતાની બરાબર હોવાની પ્રતીતિ-આસ્તિક્ય ભાવ કરે છે. એ પ્રમાણે જીવનો સમ્યક્ત્વગુણ મિથ્યાત્વરૂપ પરિણમ્યો...'** એટલા ભેદથી મિથ્યાત્વનું સ્પષ્ટીકરણ આપ્યું છે એમણે.

મુમુક્ષુ :- બધા સૂક્ષ્મ વિકલ્પો એનામાં ચાલ્યા જ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચાલે જ છે ને.

પાનું-૨૬મું. ૨૬મા પાને. '**મોક્ષમાર્ગ બે પ્રકારે છે-**' ત્રીજી લીટીથી. આવ્યું ? '**अहं ब्रह्म अस्मि**' લખ્યું છે ને એની ઉપરની લીટી. '**મોક્ષમાર્ગ બે પ્રકારે છે - સવિકલ્પ તથા નિર્વિકલ્પ.**' એટલે શું લીધું ?

મુમુક્ષુ :- નિશ્ચય મોક્ષમાર્ગ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. '**નિશ્ચય મોક્ષમાર્ગ બે પ્રકારે છે.**' '**નિશ્ચય મોક્ષમાર્ગ બે પ્રકારે છે.**' એટલે ઓલા વ્યવહારરત્નત્રયની વાત નથી લેવી. એક શુદ્ધોપયોગ અને એક પરિણતિરૂપ. શુદ્ધોપયોગ છે એ પણ નિશ્ચય મોક્ષમાર્ગ છે. એમાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન છે. પરિણતિ, સવિકલ્પદશા છે ત્યારે પરિણતિ છે. એમાં પરિણતિમાં પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ નિશ્ચય છે. એટલે નિશ્ચય મોક્ષમાર્ગના બે પ્રકાર છે એટલે પરિણમનમાં બે ભેદ છે. એક શુદ્ધોપયોગરૂપ એને નિર્વિકલ્પ કહે છે. અને એક પરિણતિરૂપ કે જેમાં વિકલ્પ સાથે છે એટલે એને સવિકલ્પ કહે છે. એટલે એક નિર્વિકલ્પ અને એક સવિકલ્પ.

મુમુક્ષુ :- .. વિકલ્પ સાથે એ અપેક્ષાએ.

પૂજ્ય ભાઈશ્રી :- એ અપેક્ષાએ.

મુમુક્ષુ :- નહિતર પરિણતિ તો નિર્વિકલ્પ જ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરિણતિ નિર્વિકલ્પ છે. એટલે મોક્ષમાર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગનું સ્વરૂપ એક જ પ્રકારે છે. નિર્વિકલ્પ. પણ એક ઉપયોગરૂપ અને એક પરિણતિરૂપ છે. ઉપયોગ છે ત્યારે વિકલ્પનો અભાવ છે અને પરિણતિમાં વિકલ્પનો સદ્ભાવ છે. એમ કહેવું છે.

'**નિશ્ચય મોક્ષમાર્ગ બે પ્રકારે છે- સવિકલ્પ તથા નિર્વિકલ્પ. સવિકલ્પમાં 'अहं ब्रह्म अस्मि' હું બ્રહ્મ છું-એવો ભાવ આવે.**' વિકલ્પ આવે તો એ વિકલ્પમાં પણ હું '**अहं ब्रह्म अस्मि**' એમ કહે છે. '**(અને) નિર્વિકલ્પમા વીતરાગ સ્વસંવેદન. (તેને) સમાધિ કહીએ.**' નિર્વિકલ્પ છે એ તો સ્વસંવેદનરૂપ છે. એ વીતરાગભાવસ્વરૂપ છે અને એને સમાધિ કહેવામાં આવે છે. 'કૃપાળુદેવ' લખે છે બહારમાં ઉપાધિ છે અને અંદરમાં સમાધિ છે. એ આ વાત છે. અને ઉપાધિમાં પણ અમને સમાધિ છે. એમ કહીને પછી શું કહે છે ? કે ઉપાધિમાં પણ અમને સમાધિ છે. એ આ વાત છે. એટલે એને સમાધિ કહીએ.

'**લોકાલોકને જાણવાની શક્તિ જ્ઞાનની છે,...**' સ્વપરપ્રકાશકપણું હોવાથી લોકાલોકને જાણવાની શક્તિ છે. સ્વરૂપને જેમ જાણવાની શક્તિ છે એ જ શક્તિમાં લોકાલોકને પણ જાણવાની શક્તિ છે. '**તેમાં જેટલું સ્વસંવેદન થયું (તેટલું) સ્વજ્ઞાનની વિશુદ્ધતાનો અંશ થયે થયું.**' શું હવે પકડાવ્યું ? લોકાલોકને જાણવાની શક્તિ છે એ વાત એક બાજુ રાખી લીધી. એ તો એનું એક બાહ્ય અંગ છે. પરિણમનનું, જ્ઞાનનું બહિરંગ છે. અંદરમાં જેટલું સ્વસંવેદન થયું, તારતમ્ય વૃદ્ધિગત (થયું) આવિર્ભૂત થઈને, તેટલી સ્વજ્ઞાનની-આત્મજ્ઞાનની વિશુદ્ધતાના અંશે થયું. આટલી જ્ઞાનની શુદ્ધિ થઈ. જ્ઞાનનો એટલો વિભાવ ગયો, એમ કહે છે.

જેટલું સ્વસંવેદન વધ્યું એટલો વિભાવ ઘટ્યો. કેમકે એમાં ચંચળતા નથી ને ? એટલે એટલો વિભાવ ઘટ્યો, એટલી શુદ્ધિ વધી. ચોથા ગુણસ્થાને જે સ્વસંવેદન છે, પરિણતિ અને ઉપયોગમાં, તેના કરતાં પાંચમા ગુણસ્થાને વધારે હોય, પરિણતિ અને ઉપયોગમાં. તેના કરતા છઠ્ઠા ગુણસ્થાને પરિણતિમાં વધારે હોય.

'ગુરુદેવે' 'પરમાર્થ વચનિકા'ના પ્રવચનમાં ત્યાં સુધી એ વાત લીધી

કે છઠ્ઠા ગુણસ્થાને સવિકલ્પ દશામાં મુનિરાજ આહાર કરતા હોય. કોળિયો મોઢામાં મૂકતા હોય કે ચાવતા હોય. આહારને ગળા નીચે ઉતારતા હોય ત્યારે તો વિકલ્પ હોય ને ? ત્યારે શુદ્ધોપયોગ ન હોય. છઠ્ઠા ગુણસ્થાનની વાત લેવી છે. સાતમાની નથી લેવી. કેમકે શુદ્ધોપયોગમાં સાતમું ગુણસ્થાન આવી જાય છે. છઠ્ઠા ગુણસ્થાનમાં હોય ત્યારે જે નિર્જરા છે, એ નિર્જરા ચતુર્થ ગુણસ્થાને ક્ષાયિક સમ્યગ્દષ્ટિને શુદ્ધોપયોગ હોય એના કરતાં ગુણશ્રેણી નિર્જરા છે. એ શું બતાવે છે ? કે સ્વસંવેદન વધ્યું છે.

મુમુક્ષુ :- પરિણતિની જેટલી શુદ્ધિ થઈ એ બધી સ્વસંવેદનમાં જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિમાં સ્વસંવેદન છે. પરિણતિ વેદનરૂપ છે. સ્વસંવેદન સ્વરૂપ પરિણતિ છે. અને છઠ્ઠા ગુણસ્થાને મુનિદશામાં એ સ્વસંવેદનનો Current એટલો બધો છે, શરીરમાં પાંચ ઇન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે. મુનિની જે દેહાતીત દશા કીધી છે એ આ છે. દેહ છે. પાંચ ઇન્દ્રિયનું ખોખું છે. આત્માનો પાડોશી છે એ. શરીર છે એ આત્માનો પાડોશી છે. પણ ખાલી. એમાં આત્મા નથી, કહે છે. પાંચ ઇન્દ્રિયના ફેલાવ રહિત દેહાતીત દશા છે. સવિકલ્પદશામાં દેહાતીત દશા છે. એટલો અંદરમાં પરિણતિનો Current ચાલે છે. આ વીજળીના તારને અડે ને તો Current કેવો લાગે ? પ્રદેશે પ્રદેશે સોંસરો. એ વખતે બીજી કાંઈ ખબર પડે ? એમ મુનિને બીજી કાંઈ ખબર પડતી નથી. નિર્વસ્ત્ર દશા છે એમાં ટાઢ વાય છે કે ગરમી લાગે છે એ કાંઈ ખબર જ પડતી નથી. એને ખબર જ નથી કે આ ઠંડી વધી કે ઘટી. કોઈ વખત સહેજ ખ્યાલ આવી જાય પણ એ તો એના Current માં ઊભા છે. એ જ્ઞાન થાય એમાં ઊભા નથી. એ તો પરપ્રકાશપણાને લીધે થોડું જ્ઞાન થઈ જાય પણ અંદરનો જે સ્વસંવેદનનો Current ચાલે છે એ બહુ જોરદાર Current ચાલે છે એમનો.

ઠંડી-ગરમીની તો ખબર ન પડે, પણ કાળોતરો વીંછી કરડ્યો હોય જંગલમાં, પોતે જંગલમાં જ્ઞાન-ધ્યાન કરે છે ને ? અને કાળી વેદના ઉપડે. સામાન્ય પ્રાણી તો સહન ન કરે. મરી જાય. એટલી વેદના ઉપડે કે પ્રાણ છૂટી જાય. મુનિ જે પરિણતિમાં હોય એમાં વેદના વધે એટલે

શુદ્ધોપયોગમાં આવે. સાતમે આવી જાય. એવી યોગ્યતા છે એમની. જેવી ખબર પડે કે અહીંયાં શરીરમાં કોઈ વેદન શરૂ થયું છે જોરદાર અશાતાનું, એટલે એ શુદ્ધોપયોગમાં ડૂબકી મારે સીધા જ તે. સાવ છૂટા. થોડોક જે સંબંધ હતો વિકલ્પનો (તે છૂટીને) નિર્વિકલ્પ થઈ જાય છે. એવું બહુ અસાધારણ મુનિદશાનું જે પરિણમન છે, સાધારણ પ્રાણી સમજી જ ન શકે એવું છે. કેમકે એને માપે કેવી રીતે ?

'અપૂર્વ અવસર'માં 'કૃપાળુદેવે' ગાયું. પણ એ પરિણમનથી માપ નથી નીકળતું. એવા પ્રતિકૂળ સંયોગોથી મુનિરાજની પરિણતિનું માપ નથી નીકળતું. માપવાના સાધન ટાંચા છે. ટાંચા છે શબ્દ ? ફૂટપટ્ટી નાની છે. ટાંચું એટલે છોટું-નાનું છે. એ માપવાના સાધન નાના છે. એનાથી મુનિદશા મપાય નહિ એમ કહે છે. પણ શું કરે ? જે સાધન હોય એનાથી માપે. બાર ઈંચની ફૂટપટ્ટી હાથમાં હોય તો એનાથી માપે. મીટર હોય તો ત્રણ ફૂટથી માપે. એવડા મોટા પર્વતને માપવો હોય તો કેવી રીતે માપે ? મોટો ડુંગરો હોય પર્વત, મેરુ પર્વતને ફૂટપટ્ટીથી માપે કે મીટરથી પામે તો કેટલું માપી માપીને માપે ? કે એ મીટર તારા મપાય જાય એવું છે. પર્વત મપાય એવું નથી. એવી પરિણતિ મપાય નહિ. એવી પરિણતિ છે મુનિરાજની. દશા કેળવી છે. સ્વસંવેદન જ્ઞાનાભ્યાસ, નિજાભ્યાસ કરતાં દશા કેવી કેળવી છે !

અમથો જન્મ-મરણમાં જે નવો નવો દેહ મળે છે ને એનો લગવાડ છૂટે એવું નથી. આવો દેહનો સંબંધ મુનિ કાપે છે. ભાવે. પછી શુક્લધ્યાનની પરિણતિમાં ચડે છે. પછી વિદેહી દશા ઉત્પન્ન થાય છે સિદ્ધાલયની. એનું કારણ એ છે કે આ દેહનો ભાવથી સંબંધ મુનિદશામાં કાપ્યો છે. પછી એ દેહ વળગતો નથી. નહિતર તો મરે એટલે નવો દેહ ઊભો જ છે એના માટે. કુદરતની રચના છે. અહીંયાં છૂટ્યો, કે નવા ખોળિયામાં ગયો. અહીંથી છૂટ્યો એક ખોળિયામાંથી, ગયો નવામાં. અહીંયાં સંબંધ કાપ્યો ભાવે, વિદેહી દશા સિદ્ધાલયમાં. પછી નવો દેહ ત્યાં નથી.

'**(તેટલું) સ્વજ્ઞાનની વિશુદ્ધતાનો અંશ થયે થયું.**' જેટલું સ્વજ્ઞાન, હોં ! ઉઘાડ ભલે ન હોય. તુષમાષ ભિન્ન હોય. શાસ્ત્રનું કાંઈ ન આવડતું હોય, કાંઈ યાદ રહેતું ન હોય. પણ સ્વજ્ઞાનની વિશુદ્ધિ વધી.

પર સંબંધીનું જ્ઞાન સાવ અવરાયેલું હોય. એકદમ આમ આવરણમાં ઊભો હોય. કાંઈ ખબર ન પડે. નવ તત્ત્વના નામ ન આવડતા હોય. પણ મુનિને સ્વજ્ઞાનની વિશુદ્ધિ વધી છે.

એ પ્રવચન કરતાં 'ગુરુદેવ' બહુ (ખોલ્યું છે). એ અધ્યાત્મ સંદેશમાં બહુ સારો વિષય ચાલ્યો છે. (એક મુમુક્ષુએ) લખ્યું છે, પણ એટલું પકડ્યું નથી. અમે તો એ પ્રવચનો 'રાજકોટ'માં પ્રત્યક્ષ સાંભળ્યા છે. 'રાજકોટ'માં એ વિષય ખાસ આવવાનો હોય એ મોકા ઉપર ચાર-પાંચ દિવસ જઈ આવું હું. એ પ્રવચનો બહુ સૂક્ષ્મ આવ્યા છે. પછી એ પુસ્તક તરત બહાર પડેલું. બધાને એટલું બધું ગમેલું. અધ્યાત્મનો વિષય બહુ સારો ચાલ્યો. એટલે બધાએ 'રાજકોટ' સંઘે જ, આ ભાઈ એક જ લખવાવાળા હતા (એમને) વિનંતી કરી કે ભાઈસા'બ અમને આ લખી દયો. બહુ સારા પ્રવચનો આવ્યા છે. લખી દીધું. પછી તરતને તરત વાંચવા મળેલું. પ્રકાશન તરત કર્યું છ-બાર મહિનામાં જ તે. એ પ્રવચન સાંભળ્યા હતા અને વાંચ્યું ત્યારે એમ થયું કે નહિ, જે 'ગુરુદેવ'ના ભાવો નિકળ્યા છે એ ... એટલી પક્કડ પાછી આવવી જોઈએ. અધ્યાત્મ વિષયની એટલી પક્કડ આવવી જોઈએ.

એમાં એ વાત લીધી છે એમણે કે જ્ઞાનની શક્તિ વધી છે અહીંયાં. શું કીધું ? જ્ઞાનની સ્વરૂપગ્રાહક શક્તિ વધી છે. આ શબ્દ વાપર્યો છે 'રાજમલજી'એ. સ્વરૂપ ગ્રહણ કરવાની શક્તિ. તો છઠ્ઠા ગુણસ્થાને આહાર લે ત્યારે અને ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ થાય ત્યારે, જ્ઞાનની સ્વરૂપગ્રહણ કરવાની શક્તિ છઠ્ઠે ગુણસ્થાને વધારે છે. ચોથે નહિ નિર્વિકલ્પદશાની. એ એક બીજો ભેદ લીધો છે એમણે. એ અહીંથી લીધું છે.

**'સ્વજ્ઞાનની વિશુદ્ધતાના અંશ થયે થયું.'** **'તેમાં જેટલું સ્વસંવેદન થયું (તેટલું) સ્વજ્ઞાનની વિશુદ્ધતાનો અંશ થયે થયું.'** ઓલું પરજ્ઞાન ન લીધું ત્યાં પછી. કેમકે કોઈ મુનિ એવા હોય છે કે નવ તત્ત્વના નામ નથી આવડતા. કોઈ શાસ્ત્ર નથી વાંચતા. પહેલેથી ભણ્યા જ નથી, લ્યો ઠીક ! અભણ હોય. જ્ઞાની થાય ને મુનિ થાય. નવ તત્ત્વના નામ પણ ન આવડતા હોય પણ સ્વજ્ઞાન વધી જાય. પરજ્ઞાન કાંઈ ન હોય. સ્વજ્ઞાન વધી જાય. પછી ફાટીને કેવળજ્ઞાન થઈ જાય. ભણવાની કાંઈ જરૂર

નહિ. શાસ્ત્ર ભણવાની જરૂર નહિ. એની Branch જુદી છે, એમ કહે છે. શાસ્ત્રજ્ઞાનના ઉઘાડની Branch જુદી છે અને અંદરમાં સ્વરૂપના સ્વસંવેદનની Branch જુદી છે. જુદું જ Division છે આખું.

મુમુક્ષુ :- એકવાર આપે કહેલું કે.. સર્વાર્થસિદ્ધિમાં જાય તો જ્ઞાનનો ક્ષયોપશમ તો . અને જ્ઞાનની સ્વસંવેદન શક્તિ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક મુનિ આ કાળમાં હોય અને સર્વાર્થસિદ્ધિમાં જાય કદાચ. તો અહીંયાં ઉઘાડ કાંઈ નહોતો. ત્યાં એટલો બધો ઉઘાડ વધી જાય. કેમકે જ્ઞાનસ્વભાવ, કેવળજ્ઞાન સ્વભાવને સ્પર્શી સ્પર્શીને સ્વસંવેદન વધાર્યું છે ને ! એટલે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જ્ઞાન થાય. પાછું વેદન ઘટી જાય.

મુમુક્ષુ :- વિકલ્પ વધી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વસંવેદન ચોથા ગુણસ્થાનનું થઈ જાય ને ત્યાં. જે સાતમા ગુણસ્થાને સ્વસંવેદન હતું એ ઘટીને ચોથા ગુણસ્થાનનું થઈ જાય. ઓલો ઉઘાડ જે સાવ નહોતો મુનિદશામાં એના બદલે ૩૩ સાગર સુધીની ચર્ચા કરે પછી.

મુમુક્ષુ :- બાર પૂર્વનો ઉઘાડ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- બારેય અંગનો ઉઘાડ થઈ જાય ત્યાં. સૂક્ષ્મમાં સૂક્ષ્મ ચર્ચાઓ થાય. ૩૩ સાગર ખૂટે નહિ એવી ચર્ચા કરે. પરિણમનની વિચિત્રતા તો જુઓ ! એટલે 'સોગાનીજી'એ કહ્યું કે 'પરિણમનની વિચિત્રતા દેખો રે જ્ઞાની !' ક્યાં ક્યાંય... ક્યાં ક્યાંય.. અહીં છઠ્ઠું-સાતમું ગુણસ્થાન. કાંઈ ખબર નથી. ઓલાપણે સર્વાર્થસિદ્ધિમાં ચોથું ગુણસ્થાન. ગજબનો ઉઘાડ. વસ્તુના વિજ્ઞાનનો ગજબનો ઉઘાડ. એવા સૂક્ષ્મ ગુણો અને સૂક્ષ્મ ધર્મોની ચર્ચા કરે. ગજબની ! ૩૩ સાગર સુધી અબજોના અબજો અસંખ્ય અબજો વર્ષો સુધી ચર્ચા કરે. વિષયને Repeat કરે નહિ, પુનરાવર્તન ન આવે એના વિષયનું. એટલો ભંડાર કાઢે અંદરથી. વગર શાસ્ત્ર ભણ્યે. પાછા ત્યાં શાસ્ત્ર નથી. ત્યાં ગણધરદેવ નથી. અને એ સર્વાર્થસિદ્ધિવાળા કાંઈ સમવસરણમાં આવે નહિ. એ બધા નીચેવાળા આવે છે. સર્વાર્થસિદ્ધિવાળા એનું વિમાન છોડીને આવે નહિ કાંઈ. એને આવવાની જરૂર નહિ. એ તો બધા એકાવતારી થવાના પાછા. નીચેવાળા આવે ભગવાનના સમવસરણમાં, દેવ જે આવે છે એ.

ઉપરના નથી આવતા.

મુમુક્ષુ :- ગણધરદેવ કરતાં પણ અહીં ઉઘાડ વધારે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે જ કહ્યું ને લબ્ધમાં છે. વિસ્તાર નથી કરતા. વિસ્તાર કરવાનો સમય નથી. આયુષ્ય નથી ને. મનુષ્ય આયુષ્ય છે ને. એટલો સમય નથી એમની પાસે. એટલે એટલા ભેદ પ્રભેદ ખુલીને ન આવે. પણ એમની બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં આવી જાય. બધા ભેદ-પ્રભેદ અંતર્મુહૂર્તમાં આવી જાય. ઓલાપણે વિસ્તાર છે. અહીંયાં વિસ્તાર કરવાનો સમય પણ નથી અને ઉપયોગ પણ નથી લંબાતો. કેમકે છઠ્ઠે-સાતમે છે ને ? તો ઉપયોગ બાહ્યાકાર ઉપયોગ થાય નહિ ભેદ-પ્રભેદમાં જવાનો. ભેદ-પ્રભેદમાં જાય તો ઉપયોગ બાહ્યાકાર થઈ જાય. મુનિદશામાં એટલો અવકાશ નથી પાછો કે એટલો બાહ્યાકાર ઉપયોગ કરે. એટલો આયુષ્યનો વખત નથી અને એટલી ઉપયોગની સ્થિતિ નથી. બેય વાત ભેગી છે. એટલે અંતર્મુહૂર્તમાં નિર્વિકલ્પપણે આવી જાય છે. લબ્ધિ છે એની. એવું કાંઈક કાંઈક વિચિત્રપણું પડ્યું છે. ક્યાં કાંઈક, ક્યાં કાંઈક.

મુમુક્ષુ :- કિંમત તો આ સ્વરૂપગ્રાહક શક્તિની છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપગ્રાહક શક્તિની કિંમત છે. બહારના ઉઘાડની કોઈ કિંમત નથી. બહારના ઉઘાડની કોઈ કિંમત નથી. કિંમત નથી એ એની કિંમત કેવી રીતે ઉડાડી છે અધ્યાત્મ દૃષ્ટિએ કે એ સમ્યગ્દૃષ્ટિનો ગણધરદેવનો બાર અંગ રચવાનો અંતર્મુહૂર્તમાં જે ઉપયોગ થયો એ જ્ઞાન જ નથી. એ જ્ઞાન જ નથી. એ જડ છે, જડ. એમ કહે છે. એને જ્ઞાન જ કહેતા નથી. પછી એની કિંમત શું ? હવે મૂકો એની કિંમત. એને જડની સાથે મૂકી દીધો. સત્શાસ્ત્રનો ઉપયોગ, હોં ! એને જડ કીધો છે.

મુમુક્ષુ :- સ્વસંવેદનજ્ઞાન તે જ જ્ઞાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ જ્ઞાન છે. જે જ્ઞાનનો વિષય પોતે ન હોય એને જ્ઞાન કહેવું શું ? એમ કહે છે. એને શું જ્ઞાન કહેવું ? એમ કહે છે. કિંમત તો નથી, કિંમત એની કાઢી નાખી છે, અધ્યાત્મના પ્રકરણમાં તો ઠામુકી ઉડાડી જ દીધી છે.

**'તેમાં જેટલું સ્વસંવેદન થયું (તેટલું) સ્વજ્ઞાનની વિશુદ્ધતાનો**

**અંશ થયે થયું.**' હવે જુઓ ! આવું જે જાણતા હોય કે ગમે તેટલો ઉઘાડ વધે એ જ્ઞાન જ નથી અને જડ છે. શાસ્ત્રનું, હોં ! શાસ્ત્રજ્ઞાનનો ગમે તેટલો અંગ પૂર્વનો ઉઘાડ વધે એ જ્ઞાન નથી પણ જડ છે. એને એનું અભિમાન ક્યાંથી આવે એ તો કહો. કિંમત જ કાઢી નાખી છે એનું અભિમાન ક્યાંથી આવે ? જેણે હીરાને કાંકરા જાણ્યા છે પછી ક્યાંથી પરિગ્રહ કરે ? એમ કહે છે. એને કાંકરાનો મહિમા આવે નહિ.

કહે છે કે '**સ્વજ્ઞાનની વિશુદ્ધતાનો અંશ થયે થયું. તે જ્ઞાને...**' શું કર્યું છે ? હવે એમ કહે છે કે એ જ્ઞાને કામ શું કર્યું વિશુદ્ધિમાં ? કે '**સર્વજ્ઞ શક્તિમાં અનુભવ કર્યો.**' સર્વજ્ઞ શક્તિ એટલે સર્વજ્ઞ સ્વભાવ. સર્વજ્ઞ સ્વભાવને અવલંબીને એને સ્પર્શીને એ સ્વસંવેદન ઉપજ્યું છે. બાહ્ય પદાર્થને અવલંબીને પરસત્તાવલંબનશીલપણે સ્વસંવેદન નથી. એ સર્વજ્ઞ સ્વભાવને અવલંબીને થયું છે. એટલે એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરશે. સર્વજ્ઞ શક્તિને અવલંબીને થયેલું સ્વસંવેદન એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરશે. એ 'ગુરુદેવે' બહુ સારું લીધું છે 'અનુભવપ્રકાશ'ના પ્રવચનમાંથી જ એ વિષય લીધો છે. 'પરમાગમસાર'.

મુમુક્ષુ :- અનુભવ પ્રકાશના પ્રવચનો આ ભાઈના લખેલા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- બનતા સુધી ભાઈના લખેલા છે. એ વખતે લખતું હતું જ કોણ ? કોઈ પ્રવચન લખતા (નહિ).

મુમુક્ષુ :- .. લખતા હશે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે મેં તો જે ખેંચ્યું છે એ બેયમાંથી લીધું છે. આત્મધર્મ પણ લીધું છે અને જેટલા મળ્યા એટલા પ્રવચનપ્રસાદ પણ લીધા છે. એટલે કેટલુંક પ્રવચનપ્રસાદમાંથી પણ લીધું છે. અને એ આપણે Reference આપ્યો છે કે પ્રવચનપ્રસાદમાંથી છે આ ટૂકડો કે આત્મધર્મમાંથી. એ જોઈએ હવે આમાં. ૬૮૧. જ્ઞાન જ્ઞાનને વેદે. ૬૮૧મું વચનામૃત છે 'ગુરુદેવ'નું. 'અનુભવપ્રકાશ' ઉપરના પ્રવચનમાંથી છે આ ટૂકડો.

'**નિર્વિકલ્પ કહો કે આત્માનો અનુભવ કહો બંને એક જ છે. જીવને શક્તિ તો ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની છે.**' એ જે 'દીપચંદજી'એ લીધું એ. લોકાલોકને જાણવાની છે. '**તેમાં...**' હવે એ શક્તિમાં. ઓલી વાત છોડો કહે છે. '**જ્ઞાન જ્ઞાનને વેદે તેટલો જ્ઞાનનો**

**વિકાસ થયો તે અંશ સર્વજ્ઞ શક્તિ પ્રગટ કરશે.**' એ સર્વજ્ઞપણું પ્રગટ કરશે. સર્વજ્ઞ શક્તિ તો ત્રિકાળ છે પણ તેનું વેદન થયું છે. અનુભવમાં એને લીધી છે. તેનું વેદન થયું છે. એટલે કે '**સર્વજ્ઞ શક્તિના આધારે સ્વસંવેદન થયું છે,...**' સર્વજ્ઞ શક્તિના આધારે સ્વસંવેદન થયું છે. આ કાંઈ '**પુણ્ય-પાપના...**' અને વિકલ્પના '**આધારે જ્ઞાન થતું નથી.**' કે શાસ્ત્રના આધારે સ્વસંવેદન થયું નથી. માટે તે કેવળજ્ઞાન પ્રગટ કરશે. એ ટૂકડો ક્યાંથી લેવાણો છે જોઈએ. ૬૭૬ થી ૭૧૨ સુધીના 'અનુભવપ્રકાશ'ના બોલ છે. 'સદ્ગુરુ પ્રવચનપ્રસાદ' નંબર ૫૯ થી ૧૨૬ અંક સુધી.

મુમુક્ષુ :- ભાઈની પક્કડ બહુ સારી.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારી. યોગ્યતા સારી હતી. મેં તો જોયા પણ નથી. પણ 'સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' વાંચીએ ત્યારે એમ લાગે કે એનું કારણ કે તાજે તાજું લેતા હતા. આજનું પ્રવચન આજ લખી લેતા હતા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આ ભાઈ Point લખીને પછી Develope કરતા હતા. એટલે થોડીક પોતાની કલ્પના ક્યાંક ક્યાંક ભળી જતી હતી. આ તો 'ગુરુદેવ' શું કહે છે એ જ લખે.

મુમુક્ષુ :- Short hand માં.

પૂજ્ય ભાઈશ્રી :- Short hand માં ને. એટલે બરાબર લખી લે. ઘણું આવ્યું છે. 'સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'માં ઘણું આવ્યું છે. એ બધી File જેની પાસે હશે એ કોઈને કામ આવશે. 'સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'ની.

મુમુક્ષુ :- મારી પાસે બધી File બનાવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધી છે ? ઠીક. 'કલકત્તા' પડી છે ?

મુમુક્ષુ :- જગ્યાની વ્યવસ્થા થાય રાખવાની.. મકાન થાય છે ને

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે ફેરવ્યા ફેરવ થઈ જાય છે. ખરું.

હવે છે ને બાજુમાં જે પ્રેમલ સોસાયટી છે ને ? એમાં કોઈપણ ફ્લેટ ખાલી થાય તો એક મુમુક્ષુએ Offer કરી છે કે ગમે તે મુમુક્ષુને અપાવી દો. પૈસા ન હોય તો વગર વ્યાજે હું ધીરી દઈશ. તો બધા

મુમુક્ષુને ત્યાં જેટલા આપણે જેટલા બને તેટલા વસાવો. ઓલા Flat થવા નથી દેતા અને આ Flat તો થઈ ગયેલા છે. ઓલા તો એથી આઘા થવાના છે. આ એથી નજીક છે. પણ આ તો થઈ ગયા છે અને કો'કના છે શું કરે ? આપણા મુમુક્ષુને ત્યાં વસાવવા. એટલે મંદિરની ભવિષ્યની સુરક્ષા (થાય). એટલે એક જણની Offer છે. જેટલા ફ્લેટ ખાલી થાય તેટલા. પાંચ હજાર વધારે દઈને લઈ લેજો. કોઈ વેચનાર હોય તો મારા પાંચ હજાર વધારે દઈને લઈ લેજો. અને કોઈપણ મુમુક્ષુને જેને રહેવું હોય એ આવી જાય. જેની પાસે હોય આપે, બાકીના વગર વ્યાજે હું રોકીશ. કટકે કટકે એને સગવડ થાય એમ આપી જાય. મંદિરની સુરક્ષા કરવી. એટલે તમારે ફેરવ્યા ફેરવ બંધ થઈ જશે. પ્રેમલ સોસાયટીમાં કોઈ ખાલી થાય તો લઈ લેવાનો. મંદિરની પાસે આવી ગયા. પછી ટાઢ હોય, તડકો હોય, વરસાદ હોય, ગમે તે હોય. મંદિર આવવું એમાં કાંઈ (બાધા નહિ). બીજા ન આવી શકે. ત્યાં રહેનારા આવી શકે. એ તો વિચાર એ છે કે ત્યાં થોડા ફ્લેટ મળી જાય તો એ બાજુની જે દિવાલ છે ત્યાં બારણું પાડી દેવું. ફરીને આવવું નહિ. સીધું જ મંદિરમાં આવી જાય. Common દિવાલ છે. બારણું પાડી દેવાનું. ઘરેથી નીકળ્યો, સીધો મંદિરના Compound માં.

એટલે જેટલું સ્વસંવેદન થયું તે જ્ઞાને સર્વજ્ઞશક્તિમાં અનુભવ કર્યો. ક્યાં અનુભવ કર્યો છે ? એ જ્ઞાનનો સર્વજ્ઞ શક્તિમાં અનુભવ કર્યો. અંદર જે અગાધ જ્ઞાન ભર્યું છે એને અવલંબીને એ જ્ઞાન વર્તી રહ્યું છે. જેવું એનું સ્વરૂપ છે શક્તિનું એવું પ્રગટ થઈ જાશે, વાર નહિ લાગે. એને વાર નહિ લાગે. **'જેટલું જ્ઞાન શુદ્ધ થયું, તેટલું અનુભવમાં સર્વજ્ઞાનના પ્રતીતિભાવને વેદતા એવું (શુદ્ધ) થયું.'** આ પણ બહુ ઊંડો વિષય એમણે લીધો છે. એ અવલંબન એમ ને એમ નથી આવ્યું. પ્રતીતિના બળે અવલંબન આવ્યું છે. એટલે એ પ્રતીતિમાં વેદ્યું છે. સર્વજ્ઞ સ્વરૂપ જે નિજ સર્વજ્ઞ સ્વરૂપ છે એને સ્વસંવેદન કાળે ધર્માત્માએ પ્રતીતિમાં વેદ્યું છે. એટલે કેવળજ્ઞાનની ઉત્પત્તિ એને થવાની, થવાની ને થવાની જ. એવું એની અંદર બહુ કાઢ્યું છે ઘણું. 'દીપચંદજી'એ અનુભવને બહુ ખોલ્યો છે. બહુ ખોલ્યો છે. જુદી જુદી રીતે...

મુમુક્ષુ :- અનુભવ કરીને ખોલ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનુભવ પણ બધા ન કહી શકે. બધા અનુભવી ન કહી શકે. 'દીપચંદજી'નું બહુ સૂક્ષ્મ જ્ઞાન છે. અધ્યાત્મજ્ઞાન પણ એટલું સૂક્ષ્મ છે, સિદ્ધાંતજ્ઞાન પણ એટલું સૂક્ષ્મ છે. એ ચિદ્‌વિલાસ બતાવે છે કે એમનું સિદ્ધાંતજ્ઞાન કેટલું સૂક્ષ્મ હતું. એક ગુણને અનંત ગુણનું રૂપ છે એ ક્યા શાસ્ત્રમાં છે ? કાઢો લ્યો. 'ચિદ્‌વિલાસ' સિવાય ક્યાં છે ? શુદ્ધ પર્યાયના પ્રદેશો ભિન્ન છે એ ક્યા શાસ્ત્રોમાં છે ? કાઢો. એ 'ચિદ્‌વિલાસ'માં છે. ઘણું કાઢ્યું છે એમણે તો. બહુ કાઢ્યું છે. ઘણી ઝીણી વાતો કરી છે. 'ચિદ્વિલાસ'માં તો બહુ સૂક્ષ્મ વાતો કરી છે. સાધારણ મુમુક્ષુ તો સમજે નહિ એવી બધી વાતો છે.

આના ઉપર જરા વિશેષ લઈશું. આ જરા મહત્વનો વિષય છે, ઊંડો વિષય છે.

જાણરૂપ જ્ઞાન મતિ આદિ ભેદે ક્ષયોપશમપણે પ્રવર્તે છે. તેનું સ્વરૂપ આગમ પ્રસિદ્ધ છે. તે જ્ઞાનનાં વિશેષો છે. વેદનરૂપ જ્ઞાન અધ્યાત્મ પદ્ધતિ દ્વારા ગમ્ય છે, તેને પરમાણુની અપેક્ષા નથી. તે જ વ્યાપ્ય વ્યાપક ભાવે સેવવા યોગ્ય છે. જાણરૂપ જ્ઞાનને કર્મ પરમાણુ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેથી તે આગમ પદ્ધતિએ સમજાવાય છે. અધ્યાત્મમાં બાહ્ય ભાવો નિષિદ્ધ છે. અંતર સ્વરૂપ લક્ષે ઉત્પન્ન સામાન્ય જ્ઞાનનું મુખ બહાર નથી. આગમથી અધ્યાત્મનો વિષય પર છે. તેથી પરસ્પર તેની સરખામણી કરવા યોગ્ય નથી.

(અનુભવસંજીવની - ૧૧૮૦)

## તા. ૨૧-૧૧-૧૯૯૨, પાના નં. ૨૬, પ્રવચન નં. ૧૭૯

'અનુભવપ્રકાશ'. પાનું-૨૬. લોકાલોક જાણવાની શક્તિ જ્ઞાનની છે, સ્વપરપ્રકાશકપણાને લીધે. મહાન શક્તિ છે આત્માની. બાહ્ય વૃત્તિએ પણ સમજી શકાય એટલા માટે એ વાત કરી છે કે આખા લોકને પોતાના સ્વરૂપમાં રહીને જ્ઞાન જાણી શકે. જોકે જ્ઞાનને લોકાલોકને જાણવાનું કાંઈ જ પ્રયોજન નથી. એ જાણવાથી સુખ પણ નથી અને દુ:ખ પણ નથી. પણ શક્તિ સમજાવવા માટે શક્તિનું પરિણમન બતાવે છે. જોકે અહીંયાં સુખનું કારણ છે એ તો સ્વરૂપજ્ઞાન છે. અને તે સ્વરૂપજ્ઞાન સ્વસંવેદનપૂર્વક પરિણમે છે.

**'તેમાં જેટલું સ્વસંવેદન થયું,...'** જ્ઞાનમાં જેટલું સ્વસંવેદન થયું, **'તેમાં...'** એટલે જ્ઞાનમાં. જ્ઞાનમાં **'જેટલું સ્વસંવેદન થયું (તેટલું) સ્વજ્ઞાનની વિશુદ્ધતાનો અંશ થયે થયું.'** જેટલું સ્વસંવેદન છે એટલી જ્ઞાનની શુદ્ધિ છે. સ્વરૂપને સ્પર્શીને સ્વસંવેદન થતું હોવાથી નિજ પરમાત્મપદના અનુભવથી સ્વસંવેદન વર્તતું હોવાને લીધે તે જ્ઞાન શુદ્ધ જ્ઞાન છે. સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે શુદ્ધ જ્ઞાન છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- સ્વસંવેદનજ્ઞાન જેટલું છે એ શુદ્ધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે શુદ્ધ જ્ઞાન છે. અને જેટલું સ્વસંવેદન વિશેષ છે એટલી જ્ઞાનની શુદ્ધિ વિશેષ છે. કાલે થોડી વાત થઈ હતી. વધારે સ્પષ્ટ કરીએ.

ચતુર્થ ગુણસ્થાને સ્વસંવેદન નિર્વિકલ્પ દશા હોય, સમ્યગ્દષ્ટિ ધર્માત્માને અને સાતમા ગુણસ્થાને મુનિરાજને નિર્વિકલ્પ સ્વસંવેદનની દશા હોય તો એમાં સ્વસંવેદન તો વધેલું છે જ. એક જાતિનું સ્વસંવેદન હોવા છતાં સ્વસંવેદનની તારતમ્યતા તો વિશેષ છે જ, પણ સ્વસંવેદન દ્વારા જે સ્વરૂપ ગ્રહણ થાય છે એ સ્વરૂપગ્રહણ શક્તિ પણ ત્યાં વધી છે. એટલે આત્મામાં જે જ્ઞાનશક્તિ છે એ શક્તિ પરિણમનમાં વધી ગઈ છે, વધારે વિકાસ પામી છે અને એ પૂર્ણ થવાની દિશામાં એ શક્તિ વધતી ચાલી છે. જ્ઞાનને પૂર્ણ થવાની દિશામાં એ શક્તિ વધી રહી છે.

એટલે શું થાય છે કે ચોથા ગુણસ્થાને જે સ્વસંવેદન સ્વરૂપને

ગ્રહણ કરે છે, તેના કરતાં સાતમા ગુણસ્થાને સ્વરૂપ ગ્રહણ કરવામાં ફરક છે. વધારે સ્વરૂપને વેદીને અને વેદન છે એ પ્રકાશસ્વરૂપ છે. એ ચૈતન્યનો પ્રકાશ છે અને એમાં વિષદતા એટલે નિર્મળતા અને સ્પષ્ટતા છે. એટલે ત્યાં સાતમા ગુણસ્થાને સ્વરૂપ ગ્રહણ કરવામાં વિષદતા ઘણી છે.

એટલું જ્ઞાન નિર્મળ થઈને. શુદ્ધ થયું ને ? જ્ઞાનની શુદ્ધિ અહીંયાં કહી કે એટલું જ્ઞાન વિશુદ્ધ થયું. એટલે જ્ઞાન એટલું નિર્મળ થયું, અને વિશેષ નિર્મળતાપૂર્વક સ્વરૂપને ગ્રહણ કરે છે. સ્વરૂપ તો પરિપૂર્ણ નિર્મળ છે, પૂર્ણ શુદ્ધ છે, પૂર્ણ પવિત્રતાનું એક પદ છે, પિંડ છે. એને ગ્રહણ કરવા માટે નિર્મળતા જોઈએ. કોઈપણ પ્રકારનો, કોઈપણ કોટીનો રાગ સ્વરૂપને પહોંચવા સમર્થ નથી. કોઈપણ ઉચ્ચમાં ઉચ્ચ કોટીનો રાગ હોય કે જે આત્માના જ્ઞાનને લક્ષમાં લઈને પણ બાજુમાં થતો હોય જ્ઞાનની સાથે સાથે. જ્ઞાન આત્માના લક્ષે પ્રવર્તતું હોય અને આત્માના ચિંતવનરૂપ રાગ થતો હોય. એવો ઉચ્ચ કોટીનો રાગ પણ સ્વરૂપને સ્પર્શવા, સ્વરૂપની સમીપ જવા સમર્થ નથી. સ્વરૂપને અવલંબવા સમર્થ નથી, સ્વરૂપને વિષય કરવા સમર્થ નથી.

એક આત્માના આત્મારૂપ જે દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ છે, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામ છે, એ નિર્મળ પરિણામ દ્વારા જ આત્મા વિષય થાય છે. અને એમાં ગુણસ્થાન અનુસારના તબક્કા છે. ચોથા ગુણસ્થાને જે જ્ઞાન આત્માને અવલંબે અને સાતમા ગુણસ્થાને જે જ્ઞાન અવલંબે એમાં જ્ઞાનની નિર્મળતામાં ફેર છે. અવલંબન લેવાની શક્તિમાં ફેર છે, અનુભવ કરવાની શક્તિમાં ફેર છે. સ્વરૂપને વેદવાની શક્તિમાં ફેર છે. એટલી જ્ઞાનશક્તિ ત્યાં વધેલી છે. શાસ્ત્રજ્ઞાન ભલે નવ તત્ત્વ યાદ ન રહે એટલું અલ્પ રહ્યું હોય તોપણ સ્વરૂપને જાણવાની, સ્વરૂપને ગ્રહણ કરવાની શક્તિ ત્યાં વધી જાય છે. એટલે અહીંયાં એ વાત લીધી છે.

મુમુક્ષુ :- શક્તિમાં આવે છે, અસંકોચવિકાસત્વ શક્તિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે ત્યાં સંકોચવિકાસના દષ્ટિકોણથી વાત લીધી છે કે સંકોચ પણ એટલો ન થાય કે જડ થાય. વિકાસ એટલો ન થાય કે કેવળજ્ઞાનની બહાર જાય.

**‘તેમાં જેટલું સ્વસંવેદન થયું (તેટલું) સ્વજ્ઞાનની વિશુદ્ધતાનો અંશ થયે થયું.**’ એમ કરીને ત્યાં સ્વરૂપ ગ્રહણ કરવાની શુદ્ધિ વધી. ‘**તે જ્ઞાને સર્વજ્ઞ શક્તિમાં અનુભવ કર્યો.**’ તે જ્ઞાને સર્વજ્ઞશક્તિમાં અનુભવ કર્યો. કાલે ‘ગુરુદેવશ્રી’નું વચનામૃત આપણે એમાંથી લીધું હતું કે સર્વજ્ઞ શક્તિને અવલંબીને, સર્વજ્ઞ શક્તિને સ્પર્શીને એ અનુભવ વર્તે છે. ૬૮૧ નંબરનું વચનામૃત કાલે આપણે લીધું હતું.

‘**જ્ઞાન જ્ઞાનને વેદે તેટલો જ્ઞાનનો વિકાસ થયો તે અંશ સર્વજ્ઞ શક્તિ પ્રગટ કરશે.**’ પૂરેપૂરું સર્વજ્ઞપણું પ્રગટ કરશે. ‘**જ્ઞાન જ્ઞાનને વેદે...**’ છે. એ પ્રકારની જે જ્ઞાનની પરિણમનની પ્રક્રિયા છે એ સર્વજ્ઞપણું પ્રગટ કરશે. જેને ચોથું ગુણસ્થાન પ્રગટ થયું એને તેરમું ગુણસ્થાન આવ્યા વિના નહિ રહે. કેમ ? કે એ સ્વસંવેદન ‘**સર્વજ્ઞ શક્તિના આધારે સ્વસંવેદન થયું છે,...**’ એ સ્વસંવેદન સર્વજ્ઞ શક્તિના આધારે થયું છે. આધાર એટલે સર્વજ્ઞ શક્તિમાં થયું એમ એમણે કહ્યું. માં છે એ સાતમી વિભક્તિ છે. મારામાં કામ થયું છે. મારા આધારે મારામાં કામ થયું છે, એમ કહેવું છે. એ આધાર બતાવવો છે. અધિકરણ શક્તિ છે.

મુમુક્ષુ :- સર્વજ્ઞ શક્તિનું પરિણમન છે.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વજ્ઞ શક્તિનું પરિણમન છે અને સર્વજ્ઞ શક્તિના અવલંબને સર્વજ્ઞ શક્તિનું પરિણમન છે. પુણ્ય-પાપના અવલંબને નથી, નિમિત્તના અવલંબને નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી ! એમ લઈ શકાય ને કે પૂર્ણતાના લક્ષે શરૂઆત તે સાચી શરૂઆત છે. પોતે પૂર્ણ જ છે એ દૃષ્ટિએ શરૂઆત કરી..

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્ણતાના લક્ષે (શરૂઆતમાં) સ્વરૂપ નથી લેવાનું પૂર્ણતાની જગ્યાએ પણ પૂર્ણ દશા લેવાની છે ત્યાં. મારું ધ્યેય શું ? તો પરિપૂર્ણ શુદ્ધ થવું તે. એક પણ રાગનો, કષાયનો કણ છે એ આત્માને કલંકરૂપ છે. અને મારા માથે કોઈ કલંક મારે જોઈએ નહિ. નિષ્કલંક દશા મારી જોઈએ. એવી જે પૂર્ણતાના ધ્યેયે, પૂર્ણતાના લક્ષે શરૂઆત થાય છે એ ખરેખર વાસ્તવિક શરૂઆત થાય છે. આ ‘ગુરુદેવશ્રી’એ બહુ શરૂ શરૂમાં એક સૂત્ર જેવો સિદ્ધાંત આપ્યો છે. અને સ્વાધ્યાય મંદિરના આપણા દક્ષિણ બાજુની દિવાલે બહુ મોટા અક્ષરે,

બારથી પંદર ઈંચનો મોટો એક અક્ષર છે. એટલા અક્ષરે લખેલું છે. પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.

આપણે જ અહીંથી ચાલીને ૨૦ માઈલ જાવું હોય અને રસ્તામાં રાત પડે કે જોખમ હોય તો ઉતાવળે ચાલવું પડે કે નહિ ? તો પછી ચેનચાળા, ઠાગઠૈયા કરતા કોઈ ચાલે ? એ પગને Order ન કરવો પડે કે જલ્દી ઉપાડો. અને ત્યાં જો ટાઈમસર ન પહોંચાય તો આગળનો બધો Programme, બધી વાત ચોપટ થઈ જાય એવું હોય. પહોંચે જ છૂટકો હોય તો શું થાય ? કેવી ઝપટ કરે ? કોઈ ઊભો રાખે તો કહે, અત્યારે નહિ, અત્યારે નહિ. મારે ઉતાવળ છે હવે હું જાવ છું. એમ કહે. રોકવા માગે તો રોકાય નહિ. કેમકે આગળનું બધું બગડી જાય એવું છે.

એમ જેને પૂર્ણ થવું છે એને એ એક ઉતાવળ આવી જાય છે. એને 'પૂજ્ય બહેનશ્રી' લગની કહેતા હતા કે એને આત્મકલ્યાણની લગની લાગે છે. એ લગની તીવ્ર થાય ત્યારે એ બીજો શબ્દ વાપરતા હતા કે એને તાલાવેલી લાગે છે. અત્યારે જ, અત્યારે કલ્યાણ મારે કરવું છે. કેમ ? કે પાત્ર મુમુક્ષુજીવને જ્યારે એમ ખબર પડે છે કે મારા પરમ કલ્યાણનો આ માર્ગ છે કે જે મને અનંત કાળમાં કોઈવાર સૂઝ્યો નથી. આ માર્ગે ચડવાનું મને સૂઝ્યું જ નથી. ઉન્માર્ગે જ હું ચાલ્યો છું. પણ આ મારા પરમ કલ્યાણનો માર્ગ છે અને એ માર્ગે મારે ચાલવાનું છે. ત્યારે પહેલું એને એમ લાગે છે કે બહુ મોડું થયું. કેમ મને વહેલી સમજણ ન આવી ? કેમ મને વહેલું સૂઝ્યું નહિ ? મોડું બહુ થઈ ગયું. એટલે જેને એવું લાગે કે મોડું થયું છે એને ઉતાવળ થયા વગર રહે નહિ.

એટલે એને જે ભાવનાનો મુદ્દો છે એમાં લગની અને તાલાવેલીનો એક પ્રકાર ઊભો થઈ જાય છે, પૂર્ણતાના લક્ષે. મારે તો પૂર્ણ થવું છે. બધું બાકી છે મારે તો. હજી તો ચોથું ગુણસ્થાન મોક્ષમાર્ગનું પહેલું પગથિયું હાથમાં આવ્યું નથી. અને ચૌદ ગુણસ્થાન સુધી તો આગળ વધવાનું છે. બધું બાકી છે મારે તો, ઘણું બાકી છે, પૂરું બાકી છે. પૂરું લેવું છે અને પૂરેપૂરું બાકી છે. પછી ઉતાવળ થાય કે ન થાય ? એને ઉતાવળ થઈ જાય છે.

એ પ્રકારની જે ભાવના છે એ ભાવના નિરંતર રહે છે. એટલે આપણે અહીંયાં શરૂઆતના દિવસોમાં જે વિચાર્યું કે જેને પૂર્ણતાનું લક્ષ

થયું છે એને સ્વરૂપ પ્રાપ્તિની ભાવના નિરંતર રહે. જેને સ્વરૂપ પ્રાપ્તિની નિરંતર રહે એને જ લક્ષ બંધાણું છે. બાકી વાત કરે છે. લક્ષ નથી બંધાણું. એ એની નિશાની છે, એ એનું લક્ષણ છે. અને જેને સ્વરૂપ પ્રાપ્તિની ભાવના નિરંતર રહે એને નિજ અવલોકન છે, પોતાના પરિણામનું જે અવલોકન છે એ અવલોકન સતત બહુ સારી રીતે ચાલે. એ અવલોકનમાં એને વિક્ષેપ પડે નહિ. એટલી એને કાળજી હોય છે. પોતાના હિત-અહિતના વિષયમાં એટલી કાળજી થાય છે કે પોતાના પરિણામોનું એનું બારિક સૂક્ષ્મ અવલોકન ચાલ્યા જ કરે... ચાલ્યા જ કરે. દરેક પ્રસંગમાં ચાલે, દરેક ઉદયમાં ચાલે. અને એ અવલોકનમાંથી એને પોતાના અનુભવો સમજાય છે. જે જે ભાવો ઉત્પન્ન થાય છે, પૂર્વ સંસ્કારવશ થાય છે અથવા તો એની પોતાની યોગ્યતાવશ જે જે પરિણામો થાય છે એ બધાનો અનુભવ થાય છે. એ એક વિભાવના અનુભવથી વિભાવની જાતિ સમજાય છે.

આપણે 'સુવિધિ'માં લીધું છે. 'તત્ત્વાનુશીલન'ના પહેલા પ્રકરણમાં. અને પોતાના જ્ઞાનના અનુભવનથી જ્ઞાનનું જે વેદન અત્યાર સુધી તિરોભૂત થતું હતું અને ખ્યાલમાં નહોતું આવતું, એ જ્ઞાન, જ્ઞાનને અવલોકતા જ્ઞાન સામાન્ય સુધી જાય છે અને ખ્યાલમાં પહેલા વેદન આવે છે. ત્યાંથી એને સ્વભાવ ખ્યાલમાં આવે છે. એટલે જ્ઞાનના અનુભવથી, પરિચયથી, પરિચયરૂપ અનુભવથી સ્વભાવ સમજાય છે. અનેક પ્રકારના વિભાવ પરિણામોના અનુભવથી વિભાવ સ્વભાવ સમજાય છે. વિભાવ સ્વભાવ સમજાવાથી કોઈપણ પ્રકારનો વિભાવ અંશ છે એમાં સ્વભાવનો ભ્રમ થઈને છેતરાતો નથી. એનો નિષેધ આવે છે. અને એકલું જ્ઞાન, માત્ર જ્ઞાન એને એ જુદું પાડવાના પ્રયત્નમાં લાગે છે. એ પ્રયત્નને ભેદજ્ઞાનનો પ્રયત્ન કહેવામાં આવે છે. અહીંથી ભેદજ્ઞાન શરૂ થાય છે.

એ ભેદજ્ઞાન ચાલુ થતાં સહજમાત્રમાં સ્વભાવનો નિશ્ચય થાય છે. કેમકે એ જુદું પડે છે એટલે. અને જ્યાં સ્વભાવનો નિશ્ચય થયો તો એ સ્વભાવ એ જ પરમાત્મપદ સ્વરૂપ છે સ્વભાવ તો. એટલે અનંત મહિમાવંત હોવાથી એનો મહિમા ઉપડે છે. મહિમા અંતરથી એટલો ઉછળીને આવે છે કે જાણે દરિયો ઉછળ્યો ! અને સાથે સાથે

વીર્યગુણમાં ચૈતન્યવીર્યની સ્ફુરણા ઉત્પન્ન થઈ જાય છે. આ બે લક્ષણ પરિણામના સ્વરૂપ નિર્ણય થયો છે, સ્વરૂપની ઓળખાણ થઈ છે એની સાબિતી આપે છે, એની ખાત્રી આપે છે. અને એ પુરુષાર્થ એ ભેદવિજ્ઞાનની પ્રક્રિયા અને જે સ્વરૂપ ઓળખાણ થતાં લક્ષમાં આવ્યું, એ સ્વરૂપલક્ષે જે ભેદજ્ઞાન ચાલ્યું એનું ફળ નિર્વિકલ્પ અનુભવરૂપ સ્વસંવેદન, સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન નામ ત્યાં પામે છે. એ સ્વસંવેદનની વાત કરે છે.

'**તે જ્ઞાને સર્વજ્ઞ શક્તિમાં અનુભવ કર્યો.**' સર્વજ્ઞ શક્તિના આધારે અનુભવ કર્યો છે. '**જેટલું જ્ઞાન શુદ્ધ થયું, તેટલું અનુભવમાં સર્વજ્ઞાનના પ્રતીતિભાવને વેદતાં, એવું (શુદ્ધ) થયું.**' હવે શું કહે છે ? કે જ્ઞાનાનુભવનની સાથે સાથે એક પ્રતીતિરૂપ ભાવ પણ છે કે જેનો વિષય પૂર્ણ સ્વરૂપ છે. એટલે સર્વજ્ઞાન એટલે પૂરો સ્વભાવ, પૂરો જ્ઞાનસ્વભાવ એના પ્રતીતિભાવને વેદતા વેદતા એવું શુદ્ધ થયું. એવું શુદ્ધ થયું છે એ પ્રતીતિ સહિત થયું છે, પ્રતીતિભાવ સાથે સાથે છે.

અહીંયાં કોઈ એમ ન સમજી લે કે એકલું જ્ઞાનનું પરિણમન છે. પૂર્ણતાની પ્રતીતિ સહિત જ્ઞાનનું વેદન છે આ. એવું આ જ્ઞાન છે. અને તે '**સર્વજ્ઞાનના પ્રતીતિભાવમાં...**' હું પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપી છું એવી પ્રતીતિમાં, એવી ખાત્રીમાં આનંદ ઊપજે, ઊપજે ને ઊપજે જ. આનંદ થાય, આનંદ વધે. બંને થાય. એટલે આનંદ વધ્યો એમ લીધું અહીંયાં. સાધક છે એટલે આનંદ વધ્યો. જેમ જેમ નિર્વિકલ્પતા આવતી જાય છે તેમ તેમ આનંદ વધી વધીને અનુભવમાં આવતો જાય છે.

'**સર્વજ્ઞાનના પ્રતીતિભાવમાં આનંદ વધ્યો. જ્ઞાન અધિક નિર્મળ થતું ગયું.**' અને જ્ઞાન છે એ સર્વજ્ઞ શક્તિના અવલંબને વિશેષ વિશેષ અધિક નિર્મળ થતું ગયું. એ '**જ્ઞાનની વિશુદ્ધતાને...**' એ જ્ઞાનની નિર્મળતાને. વિશુદ્ધતાને એટલે એ જ્ઞાનની નિર્મળતાને '**જ્ઞાનના બળનો પ્રતીતિભાવ કારણ છે.**' એ સાથે સાથે જે પ્રતીતિપૂર્વકનો પુરુષાર્થ ચાલે છે એ જ્ઞાનની વિશુદ્ધિમાં કારણ છે.

અહીંયાં એક ગુણથી વાત સમજાવી છે. પણ પ્રતીતિપૂર્વકના સ્વરૂપ પ્રત્યયી પુરુષાર્થને કારણે. પ્રતીતિને અનુસરીને સ્વરૂપ પ્રત્યયી જે પુરુષાર્થ છે એ પુરુષાર્થ એકલા જ્ઞાનને નિર્મળ કરતું નથી, પણ અનંતે

અનંત ગુણને નિર્મળ કરે છે. સર્વ ગુણોને એ નિર્મળ કરે છે. પણ બીજા ગુણો બાજુ લક્ષ નથી, ગુણભેદ બાજુ લક્ષ નથી. અને જ્ઞાનને સ્વરૂપ ગ્રહણ કરવાની શક્તિ છે. એ સ્વપરગ્રાહક શક્તિ લીધી ત્યાં. 'રાજમલજી'એ સ્વપરગ્રાહક શક્તિ એવું નામ આપ્યું છે. એટલે સ્વને ગ્રહવાની જે શક્તિ છે, પરને ગ્રહવાની શક્તિ ભલે ન વધે એ ઉઘાડમાં, પર્યાયમાં, પણ પર્યાયમાં સ્વરૂપગ્રહણ શક્તિ વધે છે એટલી નિર્મળતા વધે છે. એટલે એનો વિષય ચોખ્ખો નિજ પરમાત્મા છે. જ્ઞાનનો વિષય ચોખ્ખે ચોખ્ખો નિજ પરમાત્મા છે. અને પ્રતીતિ તો પહેલેથી જ પૂરી થઈ છે. એ પ્રતીતિને અનુસરીને પુરુષાર્થ ચાલે છે. એટલે અનંતે અનંત ગુણ નિર્મળ થતાં જાય છે. પણ એમાં જ્ઞાન છે એ વિશિષ્ટ ગુણ છે, પ્રધાન ગુણ છે કે જેની નિર્મળતામાં આખું પરમાત્મપદ વિષય થાય છે અને ગ્રહણ થાય છે. જણાય પણ છે અને પોતારૂપે ગ્રહણ પણ થાય છે. અને એ ગ્રહણ થતાં સ્વસંવેદન રૂપે વેદાય છે. આમ છે.

આવું જે સ્વસંવેદન છે એ એકદેશ એટલે અમુક અંશે છે. **'એકદેશ સ્વસંવેદન સર્વ સ્વસંવેદનનું અંગ છે.'** અંગ છે એટલે એનો અવયવ છે. એમ લીધું. એટલે કેવળજ્ઞાનમાં જે પૂર્ણ સ્વસંવેદન વર્તશે એના એક અવયવ રૂપે એ જાતિનું આ સ્વસંવેદન છે. અને **'તે સાક્ષાત્ મોક્ષમાર્ગ છે.'** એ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. **'આ સ્વસંવેદનને જ્ઞાની જ જાણે.'** કેમકે બીજાને એનો અનુભવ નથી. માટે જ્ઞાની જ જાણે.

**'સ્વરૂપથી પરિણામ બહાર ગયા તે જ સંસાર;...'** સંવર લખ્યું હોય તો સુધારી નાખવું. **'તે જ સંસાર;...'** **'સ્વરૂપથી પરિણામ બહાર ગયા તે જ સંસાર;...'** કેમકે સરીને બહાર ગયો. સંસરણં ઈતિ સંસારઃ. સંસારની મૂળ પરિભાષા એ પ્રકારે છે. એટલે જેટલો બહાર ગયો એટલો સંસાર. જ્ઞાની ઓછો બહાર જાય છે તો જ્ઞાનીને અલ્પ સંસાર છે. પણ જેટલો બહાર જાય છે એટલો સંસાર છે. કેમકે એ સંસરણ છે.

**'સ્વરૂપાચરણરૂપ પરિણામ તે જ સાધક-અવસ્થામાં મોક્ષમાર્ગ, (અને) સિદ્ધ-અવસ્થામાં મોક્ષરૂપ છે.'** જે સ્વરૂપમાં જે પરિણામો લાગે છે, સ્વરૂપને અવલંબીને જે પરિણામ થાય છે અને જટલા અંશે થાય છે એટલા અંશે સાધક અવસ્થામાં એને મોક્ષમાર્ગ કહે છે. અને સિદ્ધ અવસ્થામાં બધા લાગે છે એને મોક્ષ કહે છે. કેમકે પૂરા લાગે છે

અને બધા લાગે છે. એટલે એ મોક્ષરૂપ છે.

'**જેટલા જેટલા અંશે જ્ઞાનબળથી આવરણનો અભાવ થયો તેટલા તેટલા અંશે મોક્ષ નામ પામ્યો.**' એને આંશિક મોક્ષ કહે છે. મોક્ષમાર્ગને અંશે મોક્ષ પણ કહેવામાં આવે છે. કેમકે એમાં બંધન નથી. એ મુક્તભાવ છે. શુદ્ધિમાં અશુદ્ધિ નથી, મુક્તભાવમાં બંધનપણું નથી. એટલે એટલું મોક્ષ નામ પામ્યો. તેટલા અંશે મોક્ષ લીધો. તેરમે-ચૌદમે ગુણસ્થાને પૂર્ણ મોક્ષ છે. મોક્ષમાર્ગમાં અંશે મોક્ષ છે.

આવી આત્મ '**સ્વરૂપની વાર્તા પ્રીતિથી સાંભળે તો (તેની) ભાવિ મુક્તિ કહી.**' એ 'પદ્મનંદિ આચાર્ય'ના શ્લોક ઉપરથી એ વાત અહીંયાં 'દીપચંદજી' સાહેબ કરે છે.

**तत्प्रति प्रीतिचेतन येन वार्तापि ही श्रुता।**
**निश्चित स भवेद्‌भव्यो भावि निर्वाण भाजनं।।**

રુચિથી, પ્રીતિથી જે આત્મસ્વરૂપની વાત અંતરંગ રુચિથી સાંભળે છે એ ભાવિ મોક્ષ, એને અહીંયાં ભાવિ મુક્તિ કહી. ભાવિ મુક્તિ કહો કે નિર્વાણ કહો. એને ભાવિ મુક્તિ કહી છે.

'**ભાવિ મુક્તિ કહી. અનુપમ સુખ થાય (અને તેનો) અનુભવ કરે તેનો મહિમા કોણ કરી શકે ?**' પુદ્‌ગલ સ્વાદનો વિષય કહી શકાતો નથી તો આત્માના સ્વાદને કોણ કહી શકે ? એમ કહે છે. '**જેટલો સ્વરૂપનો નિશ્ચય બરાબર (યથાર્થ) ભાવે (ચિંતવે) તેટલું સ્વસંવેદન અડગ (અચલ) રહે, (અને) જેટલું સ્વરૂપાચરણ થાય, તેટલું બરાબર સ્વસંવેદન થાય, એક થતાં ત્રણેની સિદ્ધિ છે.**'

હવે શું છે કે મુખ્યપણે જ્ઞાનથી વાત કરવામાં આવે છે પણ ત્રણે સાથે હોય છે. ત્રણ એટલે શ્રદ્ધા અને ચારિત્ર બંને સાથે જ હોય છે એમ કહેવું છે. એટલે '**જેટલો સ્વરૂપનો નિશ્ચય...**' જે જ્ઞાનમાં સ્વરૂપ આવ્યું છે, એને જેટલું ભાવે છે, જેટલું ચિંતવે છે અથવા જેટલું એના પ્રત્યે જે ભાવ ઉછળે છે તેટલું સ્વસંવેદન વિશેષ વિશેષ થાય છે. તેટલું સ્વરૂપાચરણ પણ, સ્વરૂપ પ્રત્યેનું આચરણ ચારિત્રગુણમાં પણ થાય છે એનું સ્વસંવેદન પણ થાય છે અને પ્રતીતિના બળથી તો એમ થાય છે. પ્રતીતિ વિના તો એવું જોર આવે નહિ. એટલે એક થતાં ત્રણેની સિદ્ધિ છે. હવે એટલો વિષય જરા આ જગ્યાએ બહુ સારો આવ્યો છે.

પછી જે Paragraph પડે છે ૨૮મા પાને ત્યાંથી લઈએ. **'અજ્ઞાનપટલ જ્યારે મટે સદ્ગુરુ વચનઅંજનથી પટલ દૂર થતાં જ્ઞાનનેત્ર પ્રકાશે,...'** ગુરુને વચ્ચે સાથે સાથે સ્મરણ કરતા જાય છે. કેમકે પોતે અજાણ્યો છે ને ? એટલે. **'અજ્ઞાનપટલ જ્યારે મટે સદ્ગુરુ વચનઅંજનથી પટલ દૂર થતાં જ્ઞાનનેત્ર પ્રકાશે,...'** અને જ્ઞાનનેત્ર ખુલે **'ત્યારે લોકાલોક દેખાય.'** કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ છે, અહીંયાં પરોક્ષ આવી ગયું. છએ દ્રવ્યની પ્રતીતિ આવે છે ને ? **'એવું જ્ઞાન તેનો મહિમા અપાર (છે.)'** હવે...

... દીક્ષા લીધી. મુનિ થઈને કર્યું શું ? કે જ્ઞાનમયમૂર્તિમાં એકાગ્રતા કરી. સૂરતિ કરવી એટલે એકાગ્રતા. સૂરતિ શબ્દ આપણે આમાં ઓછો વપરાય છે. પણ વેદાંતની પરિભાષામાં આ શબ્દ વધારે વપરાય છે. એના ઉપર બહુ સારા પદોની રચના છે. એ લોકો ભગવાનમાં એકાગ્રતા કરે છે ને પરમાત્મામાં ? એને સૂરતિ કહે છે એ લોકો. ભગવાનમાં જે એકાગ્રતા કરે છે એને મુખ્ય સૂરતિ શબ્દ કહે છે. એકાગ્રતા શબ્દને સૂરતિ શબ્દ વાપરે છે.

અમારા Grand father હતા-પિતાજીના પિતાજી. એ બહુ સારું પદ ગાતા હતા. મને યાદ નથી રહ્યું. પણ એ વખતે તો બહુ રસ ચડતો હતો. પદ સારું છે. પરોઢિયે વહેલા ઊઠીને એ ગાય. એને પ્રભાતિયા કહે છે. એવા પદ બહુ સારા છે. ભગવાનની ભક્તિના પદ બહુ સારા છે. 'મારી સૂરતિ શામળિયાની સાથ વદે વેદ વાણી રે.' એ ગાતા હતા. 'શ્રીકૃષ્ણ' શામળા હતા ને ? એટલે 'મારી સૂરતિ શામળિયાને સાથ, વદે વેદ વાણી રે. હરિને ભજતા હજુ કોઈની લાજ જતા નથી જાણી રે.' મૂળ પદ એ છે. 'હરિને ભજતા હજુ કોઈની લાજ જતા નથી જાણી રે.' કારણ કે એ લોકો એમ કહે છે કે ભગવાનનો ભક્ત હોય એની આબરૂ ન જાય સંસારમાં. એટલે એ ભગવાનની ભક્તિમાં રોકાઈ ગયો હોય તો એની આબરૂ ભગવાન સાચવી લે, કાંઈક પરચો પૂરીને પણ. અને એ જાતના 'નરસિંહ મહેતા'ના બીજા-ત્રીજા 'મીરાં'ના બધાના દાખલા એ લોકો આપે છે. એ પદ એ છે. 'હરિને ભજતા હજી કોઈની લાજ જતા નથી જાણી રે. મારી સૂરતિ શામળિયાની સાથ વદે વેદ વાણી.' એમ કરીને બહુ સારું પદ છે. એ ગાતા. એ સૂરતિનો શબ્દ ત્યાં

બહુ છે. સૂરતિ એટલે એકાગ્રતા.

અહીંયાં કહે છે કે '**જ્ઞાનમયમૂર્તિની સૂરતિનું સેવન કરી કરીને...**' એકાગ્રતાનું સેવન કરી કરીને '**અનેક મુનિ પાર થયા.**' સંસારને પાર કરી નાખ્યો, મોક્ષમાં પહોંચી ગયા. '**પોતાના સહજનો (સ્વભાવનો) ખેલ છે.**' પરિણામમાં આ સહજ સ્વભાવનો ખેલ છે. '**પર-પરિચયમાં વિષમ છે.**' જેટલો પરનો પરિચય કરે છે એટલી વિષમતા છે. '**સહજબોધ કલા વડે સુગમ (છે.)**' કેમકે વેદન છે એ સહજ ચાલે છે. એમાં સાવધાન થાય છે પોતાના જ્ઞાનવેદનમાં તો એનાથી તો સુગમ છે. કેમકે એને ક્યાંય આઘુ-પાછું જવું પડતું નથી. કોઈપણ સેકન્ડે એ તો એને સીધો સાવધાન થઈ જાય છે. '**સહજબોધ કલા વડે સુગમ (છે.) કષ્ટકલેશથી દૂર છે. શાથી ? કે અફીણ ખાતાં વિષની લહેરી તરુત ચઢે;...**' જેમ અફીણ ખાય અને એનો અમલ ચડતા વાર લાગે નહિ. એની જે મસ્તી ચડે એવું જ આમાં છે એમ કહે છે. કે જેવો સ્વરૂપને લક્ષમાં લે ત્યાં એને શાંતિ અને સુખનો અંદરથી ઝરણું ઝરવાનું ચાલું થઈ જાય છે.

મુમુક્ષુ :- અફીણીયા જે ઘેન ચઢે અને ઘેનથી જે મસ્તી આવે.. અનુભવ કરતાં હોય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. મસ્તી આવે.

એ તો 'કૃપાળુદેવે' કહ્યું ૬૮૦માં કે આ કાળના અમે 'શ્રીરામ' છીએ અને બીજા 'મહાવીર' છીએ. આ કાળના અમે 'શ્રીરામ' છીએ અને બીજા 'મહાવીર' છીએ. મુમુક્ષુ જીવો માટે અમે કલ્પવૃક્ષ છીએ. એ એમાંથી નીકળ્યું છે. એ પોતાના સ્વરૂપમાં જાય ત્યારે બધી લહેર ઊઠે છે. એ બધી લહેર ઊઠે છે એમાંથી. એ સ્વરૂપમાંથી નીકળેલા વચનો છે.

'**અમૃતના સેવનથી તુરત તૃપ્તિ થઈ સુખ પામે; તેમ કર્મસંક્લેશમાં શાંતપદ નથી.**' જે કર્મનો ઉદય વેદે છે એમાં તો અશાંતિ એકલી છે, એમાં કોઈ શાંતપદ નથી. '**અનંતસુખનિધાનની સ્વરૂપભાવનાને કરતાં જ અવિનાશી રસ ઊપજે,...**' પોતાનું સ્વરૂપ કેવું છે ? અનંત સુખનું નિધાન છે. અનંત સુખના નિધાન ભર્યા છે. બહારમાં તો કોઈપણ નિધાનને મર્યાદા હોય. અહીંયાં તો આ સુખ નિધાનને કોઈ મર્યાદા નથી. એનું તળિયું નથી નીચે ક્યાંય.

એવા '**અનંત સુખનિધાનની સ્વરૂપભાવનાને કરતાં જ અવિનાશી રસ ઊપજે,...**' આત્મરસ ઊપજે, ચૈતન્યરસ ઊપજે. એ અમૃતરસ છે. '**તે રસને સંતો સેવતા આવ્યા છે. તેને તું પણ સેવ.**' એમ કહે છે. એ બધા સંતો એ ચૈતન્યના અમૃતરસને સેવતા આવ્યા છે. આ 'કૃપાળુદેવ' એટલા માટે 'ઈડર'ના પહાડ ઉપર આવતા. એ અમૃત પીવા માટે આવતા. અહીંયાં આવી આવીને અમૃત પીધા છે એમણે. છેલ્લે છેલ્લે તો તબિયત સારી નહોતી ને આવ્યા છે. છેલ્લે આવ્યા છે એ તો અસ્વસ્થ તબિયતમાં આવ્યા છે. પણ શરીર સામું શું જોવે એ તો.

'**શ્રેયપદરૂપ અનુપમ જ્યોતિસ્વરૂપપદ પોતાનું જ છે,...**' શ્રેયપદરૂપ એટલે કલ્યાણપદરૂપ. આત્મકલ્યાણ કરવું છે ને ? કે તું કલ્યામૂર્તિ જ છો. આત્મા તું પોતે નિરામય સ્વરૂપ, નિરાપદસ્વરૂપ કલ્યાણમૂર્તિ તું પોતે જ છો. એ '**શ્રેયપદરૂપ અનુપમ જ્યોતિસ્વરૂપપદ પોતાનું જ છે,...**' એ પોતાનું સ્વરૂપ છે. એ પોતાનું સ્વરૂપ હોવાથી '**પોતાના પરમેશ્વર પદનું દૂર અવલોકન ન કર; પોતાને જ પ્રભુ થાપ.**' આ બહુ સરસ વચન લખ્યું છે. 'દીપચંદજી'એ આ એક બહુ સારુ વચન લખ્યું છે.

'**પોતાના પરમેશ્વર પદનું દૂર અવલોકન ન કર;...**' આડ મારીશ નહિ કે અરે...! ક્યાં એ મારો ભગવાન અંદર બિરાજતો હશે ? દૂર અવલોકન ન કર એનું. તું '**પોતાને જ પ્રભુ થાપ.**' 'ગુરુદેવ'ની પ્રધાનશૈલી આ છે. જે 'અનુભવપ્રકાશ'માં વાત લખી છે એ 'ગુરુદેવશ્રી'ની પ્રધાન શૈલી છે. તું પરમાત્મા છો, તું પરમેશ્વર છો. ક્યાંય તું એને દૂર ન જો. તું પોતે છો અને તારે દૂર જવાની ક્યાં વાત રહે છે એમ કહે છે.

'**જેને સારી રીતે યાદ કરવાથી...**' એટલે સ્વરૂપ રૂપે સ્મરણ કરવાથી '**જ્ઞાનજ્યોતિનો ઉદય થાય,...**' સમ્યગ્જ્ઞાનની જ્યોતિ પ્રગટ થાય. અને '**મોહરૂપી અંધકાર વિલય પામે,...**' મોહરૂપી અંધકાર વિલય પામે. '**આનંદસહિત કૃતકૃત્યતા ચિત્તમાં પ્રગટે,...**' આનંદ પ્રગટે અને કૃતકૃત્યપણું અનુભવમાં આવે. '**તેને વેગે (શીઘ્ર) અવલોકી અન્ય (પરનું) ધ્યાન રોકી વિચારીને સંભાર (યાદ કર).**' એને શીઘ્રપણે

અવલોકીને, અત્યારે જ એને અવલોકીને બીજાનું ધ્યાન રોકી દે, બીજાનું ધ્યાન છોડી દે. એને સ્મરણમાં લે. એને સંભાળ. તારી નિધિને, તારી સંપત્તિને સંભાળ.

**'તારો બ્રહ્મવિલાસ તારામાં છે,...'** એવો જે ચૈતન્યનો વિલાસ એ તારામાં જ છે. **'એનાથી (પરમાત્મપદથી) (બીજું) શું અધિક છે કે એને છોડી તું પરને ધ્યાવે છે ?'** જુઓ, ઓળંભો આપ્યો. તારા નિજ પરમેશ્વપદથી બીજું વધારે છે શું જગતમાં ? કે તું એને પડતો મૂકીને બીજાનું ધ્યાન કરે છો ? એનું ધ્યાન કરે તો એના ધ્યાનમાં સાદિઅનંત શાશ્વત રહી જાય એવું પદ છે. જુઓને ! એક બાજુ આવું શાશ્વત ધ્યાન વર્તે છે પરમાત્માને. એ જ પરમાત્માના જ્ઞાનની બીજી બાજુમાં લોકાલોક ઝળકે છે. છતાં ધ્યાન છૂટતું નથી. લોકાલોકમાં શું બાકી રહ્યું ? કોઈ પ્રસંગ બાકી રહ્યા ? ત્રણે કાળનો લોકાલોક ઝળકે છે. પાછો એમ નહિ. વર્તમાન લોકાલોક ઝળકે છે (એમ) નહિ. અનંત કાળ ભૂત, અનંત કાળ ભવિષ્ય. કે જેનો છેડો નથી બેય બાજુ. અને વર્તમાન. આટલું ઝળકવા છતાં ધ્યાન છૂટતું નથી. એ સ્વરૂપ કેવું હશે ? એ સ્વરૂપ કેવું ? કે જ્યાંથી ઉપયોગ ખસવાનું નામ લે નહિ. એવા પરમેશ્વરપદથી વળી બીજું શું અધિક છે ? એમ કહે છે. બીજે તું વધારે વજન આપે છે ત્યારે જાય છે ને ? એમ કહે છે. અધિકપણું એટલે વજનપણું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેવી રીતે જાણ્યો એમ કહે છે. આખું લોકાલોક જણાય તોપણ ન જાય. કેમ ન જાય ? કે એ સ્વરૂપ એવું છે માટે ન જાય. એ સ્વરૂપ જ એવું છે એમ કહે છે. આત્મસ્વરૂપ જ એવું છે અંદરમાં. એનું બેભાનપણું છે એટલે ગમે તેમ ચાલે છે. પણ એના ભાનમાં સ્વરૂપભાનમાં તો એકદમ સિમિત પરિણામ થઈ જાય છે. સમ્યગ્જ્ઞાનીના પરિણામ એકદમ સિમિત થઈ જાય છે.

**'ચાર વેદનો ભેદ પામી...'** આ લોકો વેદ શબ્દ લે છે. આપણે ચાર અનુયોગ છે. મૂળમાં તો ભગવાનની વાણીમાંથી 'ગૌતમસ્વામી'એ ગણધરદેવે ચાર અનુયોગ, ચાર વિભાગમાં એ વાણીને વહેંચી નાખી. Subject પ્રમાણે-વિષય પ્રમાણે. પછી આ લોકોએ પોતાના ગ્રંથોનું નામ

ચાર વેદ આપ્યું. મૂળ તો ચાર અનુયોગ છે. પણ એ ચાર વેદ. વેદ એટલે જેમાં જ્ઞાન ભર્યું છે. વિદ વિદ To know. જ્ઞાનનું નામ વેદ છે. એટલે ચારે અનુયોગમાં બધું જ્ઞાન આવી ગયું. એટલે એ લોકોએ નામ વેદનું આપ્યું. આપણે અનુયોગ કહીએ છીએ. એ લોકો વેદ કહે છે. પણ એ મૂળ ચાર અનુયોગ ઉપરથી નામ પાડ્યું ચાર વેદ. સામવેદ, અથર્વવેદ ને યજુર્વેદ ને. એના નામ છે. એ '**ચાર વેદનો ભેદ પામી...**' એટલે ચારેય અનુયોગનો ભેદ. ભેદ એટલે રહસ્ય. વાતનો ભેદ શું છે ? એનું રહસ્ય શું છે ? કે શુદ્ધાત્મા. '**સ્વરૂપસુખરૂપ સ્વપદને ગ્રહણ કર.**' એ ચારેય વેદનું, ચારેય અનુયોગનું રહસ્ય આ છે કે સ્વપદને ગ્રહણ કરવું કે જે સ્વપદ સ્વરૂપના સુખરૂપ છે.

મુમુક્ષુ :- આ ચાર અનુયોગનો એક જ સાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક જ સાર છે. એક શુદ્ધાત્માને કહેવા માટે ચારેય અનુયોગનો વિસ્તાર છે. એક શુદ્ધાત્માને કહેવા માટે. એ લોકોએ વેદના એક એક વાક્ય લીધા છે. જેને એમ કહેવાય ને કે Trademark. તો એક વેદનો Trademark એવો છે પ્રજ્ઞાનં બ્રહ્મ. બ્રહ્મ નામ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એક તો એવો Mark છે એનો. પ્રજ્ઞાનં બ્રહ્મ. એકનો એવો Mark છે-તત્વમસિ. તું જ એ તત્ત્વ છો. બ્રહ્મ તત્ત્વ તો તું જ છો. તત્વમસિ. એમ કરીને. આવું બધું અધ્યાત્મ બહુ ચાલ્યું છે ત્યાં. .. માં અધ્યાત્મ ઘણું ચાલ્યું છે. પણ જે સાંગોપાંગ એનું વિજ્ઞાન જોઈએ એ નથી. ગમ્યું એટલું લીધું. ભગવાનની વાણીમાંથી જેટલું ગમ્યું એટલું લીધું.

કહે છે કે એવા '**(સ્વરૂપ) ભાવનામાં અવિનાશી રસનો ચૂઓ ચૂએ છે,...**' ઠીક ! કેવા કેવા શબ્દો વાપર્યા છે એમણે ! બહુ વરસાદ પડે અને વરસાદ બંધ પડી ગયો હોય પણ પા-અડધી કલાક સુધી જ્યાંથી પાણી ગળતું હોય ત્યાંથી પાણી આવ્યાં જ કરે. કેમકે આ ચૂઓ ચૂએ છે. એમાંથી પાણી નીકળે. વરસાદ તો અડધી કલાકથી બંધ થઈ ગયો. તો કહે, ના. પાણી આવ્યા કરે છે એટલો વરસાદ થયો હતો. એ સ્વરૂપની ભાવના એવી ચીજ છે. એમાંથી પરિણતિનો ચૂઓ શરૂ થઈ જાય. વારંવાર ઉપયોગથી જે ભાવના આવે એમાંથી પરિણતિનો ચૂઓ ચાલુ થઈ જાય છે.

મુમુક્ષુ :- આ ચૂઓ તો બંધ થાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ બંધ નથી થતો. અવિનાશી રસનો લીધો છે એટલા માટે. ઓલો તો બંધ થઈ જાય. આ તો અવિનાશી રસનો ચૂઓ ચૂએ છે. કે એકવાર સ્વરૂપભાવનામાં આવ્યો સરખાયનો તો અવિનાશી રસનો ચૂઓ ચૂસે. અનંત કાળ પર્યંત એ રસ બંધ નહિ થાય, આત્મરસ બંધ નહિ થાય. થોડાક ભવ બાકી હોય એને ભવભવાંતર થઈ જાય તોપણ એ અવિનાશી રસનો ચૂઓ બંધ થતો નથી. એ ચાલુ જ રહે છે. એવો એ અવિનાશી રસનો ચૂઓ છે. વિનાશિક રસનો ચુઓ નથી ને આ તો. સ્વરૂપ શાશ્વત, એના સંસ્કાર શાશ્વત, એની ભાવનામાંથી પરિણતિ થાય તો શાશ્વત. ઠીક ! એ શાશ્વત છે ને ! એ શાશ્વત એનું સ્વરૂપ છે, સ્વભાવ છે.

‘**માટે જ ભાવના કરી ભ્રમભાવ મટાડ,...**’ ભાવના સ્વરૂપની કરી અને ભ્રમણા મટાડ. ‘**તારી ભાવનાએ...**’ એટલે સંસારની ભાવનાએ ‘**જૂઠા જ ભવ બનાવ્યા છે.**’ ઢુંઢારી ભાષામાં તો બહુ મીઠાશથી એ બધી વાત લખે છે. ‘અનંત સુખનિધાન સ્વરૂપભાવના તે કરત હી અવિનાશી રસ હોય. તા રસ કો સંત સેઈ આયે.’ એ રસને સંત સેવતા આવ્યા. એમાં લીધું છે ને ? ‘**તે રસને સંતો સેવતા આવ્યા છે. તેને તું પણ સેવ.**’ ‘**તું તાકો સેવ. શ્રેયપદરૂપ અનુપમ જ્યોતિ સ્વરૂપપદ અપના હી હૈ. અપને પરમેશ્વર પદ કા દૂરી અવલોકન મતિ કરે. આપહી કો પ્રભુ થાપ. જાકો મેક યાદી કરી...**’ ‘મેક યાદી કરી...’ જેને સારી રીતે યાદ કરવાથી. ‘**જાકો મેક યાદી કરી જ્ઞાનજ્યોતિ કા ઉદય હોય, મોહ અંધકાર વિલય જાય આનંદસહિત કૃતકૃત્યતા ચિત્તમાં પ્રગટે, તાકો વેગ અવલોકી આન ધ્યાવન નિવારી વિચારી કે સંભારી બ્રહ્મવિલાસ તેરા તોહમેં હૈ. યા તે કહા અધિક ? જોયાકો છોડી તું પરકો ધ્યાવે ? ચાર વેદનો સ્વપદસ્વરૂપસુખરૂપ તેરી ભાવનામેં અવિનાશી રસ ચૂઆ ચૂએ હૈ. ભાવના કરી ભ્રમભાવ મેટ, તેરી ભાવનાને જૂઠે હી ભવ બનાયા હૈ. ઐસા બદફેર સ્વભાવ કલોલ કે પ્રગટ હોતે હી મીટે હૈ.**’

મુમુક્ષુ :- મૂળ ભાષામાં કેટલી મીઠાશ આવે છે !

પૂજ્ય ભાઈશ્રી :- Spirit છે એનો. પોતાની ભાષામાં એ જાતનો

Spirit છે.

પાનું-૩૨ લ્યો. '**શ્રી સર્વજ્ઞદેવે સર્વ ઉપદેશનું મૂળ આ બતાવ્યું છે કે (જો) એકવાર સ્વસંવેદનરસનો આસ્વાદી થાય તો એવા આનંદમાં મગ્ન થાય કે ફરી પરની તરફ કદી પણ દૃષ્ટિ ન આપે.**' કેવી વાત લીધી છે. જુઓ ! એ પ્રશંસા એટલા માટે કરે છે. એક તો એ પ્રશંસાયોગ્ય છે અને એ પ્રશંસાને શ્રવણ કરતાં મોટા પુરુષોથી, મહાપુરુષોથી સ્વરૂપની પ્રશંસાને, સ્વરૂપાનુભવની પ્રશંસાને શ્રવણ કરતાં એ અનુભવ કરવાની જીવને ચાહના ઉત્પન્ન થાય, રુચિ ઉત્પન્ન થાય, ભાવના ઉત્પન્ન થાય. એટલે ફેરવી ફેરવીને એ વાત લે છે.

'**શ્રી સર્વજ્ઞદેવે સર્વ ઉપદેશનું મૂળ આ બતાવ્યું છે કે (જો) એકવાર સ્વસંવેદનરસનો આસ્વાદી થાય તો એવા આનંદમાં મગ્ન થાય કે ફરી પરની તરફ કદી પણ દૃષ્ટિ ન આપે.**' એટલે એને ક્યાંય પરમાં સુખ દેખાય નહિ. દૃષ્ટિ ન આપે એનો અર્થ શું થાય ? કે ક્યાંય પણ પરમાં પોતાપણું સ્થાપે નહિ, અહંભાવ કરે નહિ, પોતાને જોવે નહિ, પોતાનું અસ્તિત્વ ક્યાંય એને પરમાં દેખાય નહિ. બધું ખાલી દેખાય શૂન્ય. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને છ ખંડનો પથારો ખાલી લાગે કે એમાં હું ક્યાં ? મારો આત્મા ક્યાંય નથી આમાં. એટલે એને કાંઈ સુખરૂપ ન ભાસે.

'**સ્વરૂપસમાધિ (એ) સંતોનું ચિહ્ન છે,...**' આવી જે સ્વરૂપ સમાધિ એ સંતોનું ચિહ્ન છે. એટલે સ્વરૂપ સમાધિ આગળ સંતોને ક્યાંય ઉપાધિ લાગતી નથી. કેમકે અસમાધાન થતું નથી. કોઈ જીવ મને ન તો પ્રતિકૂળતા આપી શકે છે, ન તો મને અનુકૂળતા આપી શકે છે.

મુમુક્ષુ :- સ્વરૂપસમાધિનું ચિહ્ન બતાવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ ચિહ્ન છે.

મુમુક્ષુ :- બહારની અનેક પ્રકારની ક્રિયા ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. નહિ. એ ચિહ્ન નથી. સ્વરૂપસમાધિ એ સંતોનું ચિહ્ન છે. સ્વરૂપની શાંતિ છે.

'**તે થવાથી રાગાદિ વિકાર હોતા નથી, જેમ આકાશમાં ફૂલ હોતા નથી તેમ.**' કેવું દૃષ્ટાંત આપ્યું છે ! એ થોડો ટૂકડો વચ્ચે બહુ સારો લઈ લીધો છે. અહીં સુધી આપણે રાખીએ. અડધી કલાક ચર્ચા રાખીએ. એક કલાક સ્વાધ્યાયનો અને અડધી કલાક ચર્ચાનો.

## તા. ૨૨-૧૧-૧૯૯૨, પાના નં. ૩૨, પ્રવચન નં. ૧૮૦

'અનુભવપ્રકાશ'. પાનું-૩૨મું. ૩૨ પાને Paragraph થી છે. '**શ્રી સર્વજ્ઞદેવે સર્વ ઉપદેશનું મૂળ આ બતાવ્યું છે કે (જો) એકવાર સ્વસંવેદનરસનો આસ્વાદી થાય તો એવા આનંદમાં મગ્ન થાય કે ફરી પરની તરફ કદી પણ દૃષ્ટિ ન આપે.**' શું કહે છે ? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા છે. એક સમયમાં લોકાલોકના જ્ઞાતા છે. અને જેમણે કરવા યોગ્ય સર્વ કર્તવ્ય કર્યું છે, છાંડવા યોગ્ય સર્વ છાંડ્યું છે, સાધવા યોગ્ય સર્વ સાધી લીધું છે. અને તે નિર્દોષ પરમાત્મા છે. વીતરાગ છે એટલે નિર્દોષ પરમાત્મા છે. એમના સર્વ ઉપદેશનું મૂળ એટલે વીતરાગ થવા માટેનું. એમના જવા થવા માટેનું. એ બતાવ્યું છે કે સ્વસંવેદન કરો. સર્વ ઉપદેશનું મૂળ શું બતાવ્યું છે ? કે કોઈપણ રીતે અથવા જે રીતે થઈ શકે છે તે રીતે સ્વસંવેદન ને સ્વાનુભવમાં આવો. આ ધર્મ છે. સ્વસંવેદન થવું તે ધર્મ છે. એ સિવાય બધી ઉપચારથી ધર્મની વાતો છે.

ખરેખર ધર્મ, સત્ય ધર્મ, વાસ્તવિક ધર્મ તો આત્માને પોતાના સ્વરૂપનું સ્વસંવેદન થાય તે છે. એટલે એમના સર્વ ઉપદેશનું મૂળ એટલે સત્ય ધર્મ એમણે જે પ્રકાશ્યો તે સ્વસંવેદન, તે સ્વસંવેદન રૂપે પ્રકાશ્યો. તો કહે છે કે એ સ્વસંવેદનમાં શું થાય છે ? કે એમાં આનંદનો અનુભવ થાય છે. આત્મા સ્વરૂપાનંદમાં, આત્માનંદમાં લીન થાય છે. મગ્ન થાય છે એટલે એ વખતે લીન થાય છે અને એવો કોઈ વચનાતીત અપૂર્વ આનંદનો અનુભવ થાય છે કે જે આનંદને કારણે પર તરફની કદી પણ દૃષ્ટિ દેવાનું એને ગમતું નથી અથવા એ દુઃખરૂપ લાગે છે.

જીવનો સ્વભાવ છે કે દુઃખથી ખસવું અને સુખ હોય એ બાજુ પરિણામનું જવું. એટલે પર તરફ પરિણામ જતાં દુઃખ થાય છે અને આ સ્વરૂપમાં મગ્ન થયેલી દશા છે એટલે પછી એને પર તરફ પરિણામ જવાનું ગમતું નથી. સહજપણે એ સ્વરૂપમાં રહેવા ચાહે છે. એવું જે સ્વરૂપાનંદમાં સ્વસંવેદનમાં રહેવું તેને સ્વરૂપસમાધિ કહેવામાં આવે છે. એને સ્વરૂપની સમાધિ કહેવામાં આવે છે અને એ સ્વરૂપસમાધિ એ

સંતોનું ચિહ્ન છે.

સંત કોને કહેવા ? ભગવા કપડા પહેરે એને સંત કહેવા ? ધોળા કપડા પહેરે એને સંત કહેવા ? કપડા ન પહેરે એને સંત કહેવા ? કપડાનો ત્યાગ કરે એને સંત કહેવા ? કે કોઈ માળા ટીલા-ટપકાવાળાને સંત કહેવા ? શું કહેવું ? તો કહે છે, સ્વરૂપની સમાધિ હોય, સ્વસંવેદનથી આત્માનંદમાં લીન થયા હોય અને સ્વરૂપસમાધિમાં જેનો આત્મા રહેતો હોય એ સંત છે, એ સંતોનું ચિહ્ન છે. કોઈ ચમત્કાર કરે એ પણ સંત નથી. આ એક જ સંતોનું લક્ષણ છે. આ એક જ સંતોનું સ્વરૂપ છે, કોઈ બીજું સંતોનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- આખા જિનશાસનમાં આ એક જ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જિનશાસનમાં, સર્વજ્ઞદેવના જિનશાસનમાં મૂળ વાત આ છે. અને આ વાત સમજાવવા માટે બીજો વિસ્તાર કર્યો છે. જેટલો વિસ્તાર કર્યો છે એ આ વાત માટે કર્યો છે. બધી વાતનું કેન્દ્રસ્થાન અહીંયાં છે. એટલે આ મૂળ કીધું.

**'તે થવાથી...'** એટલે સ્વરૂપ સમાધિ થવાથી **'રાગાદિ વિકાર હોતા નથી,...'** જેને સ્વરૂપ સમાધિ થાય એને રાગાદિ વિકાર હોતા નથી અથવા થતાં પણ નથી. થતાં નથી માટે હોતા નથી. **'જેમ આકાશમાં ફૂલ હોતા નથી તેમ.'** આકાશમાં ફૂલ ન ઊગે. વનસ્પતિ ઊગે એ જમીન ઉપર ઊગે, ભોં ઉપર ઊગે. આકાશમાં કોઈ ઊગે ? ન ઊગે. એમ જેને સ્વરૂપસમાધિ લાગે એને રાગાદિ ઉત્પન્ન થતાં નથી. રાગાદિ ઉત્પન્ન થવાની ભૂમિકા ખલાસ થઈ એની. એમ કહે છે. ઠીક ! એ ભૂમિકા ખલાસ થઈ ગઈ.

મુમુક્ષુ :- એની ભૂમિમાં આ વીતરાગતા જ ઊગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એની ભૂમિમાં વીતરાગતા ઊગે છે. એની ભૂમિમાં આત્માનો આનંદ અને આત્માની શાંતિ ઉત્પન્ન થાય, રાગ-દ્વેષ ઉત્પન્ન ન થાય.

**'દેહ-અભ્યાસનો નાશ, અનુભવપ્રકાશ, ચૈતન્યવિલાસરૂપ ભાવને ઓળખે, જે લક્ષ્યલક્ષણ લખવામાં ન આવી શકે, ઓળખ્યે સુગમ થાય,...'** લખે કાંઈ સ્વાદરૂપ ન થાય. **'દેહ-અભ્યાસનો નાશ,...'** દેહ અભ્યાસનો નાશ એટલે હું દેહ છું એવો જે અનુભવ છે

એવો જે મિથ્યા અધ્યાસ છે એનો નાશ. અને '**અનુભવપ્રકાશ,...**' એટલે હું આત્મા છું, જ્ઞાનસ્વરૂપી છું એવો અનુભવ. એ પ્રગટ થાય. એમાં ચૈતન્યનો વિલાસરૂપ છે ભાવ. એને લક્ષણથી ઓળખે. એ લક્ષ્યને લક્ષણથી ઓળખે. કેમકે એ લખવામાં નથી આવી શકતું. આ ઓળખાણની વાત ભાવભાસનની છે. વિકલ્પની પણ નથી તો પછી વાણી ને લખાણની તો ક્યાંથી થાય ? જે વિકલ્પાતીત છે એ વચનાતીત તો છે જ. ઓળખ્યે થાય. ઓળખવાથી થાય. લખે સ્વાદરૂપ ન થાય. લખવાથી એનો કાંઈ સ્વાદ થોડો આવે ? અનુભવમાં સ્વાદ આવે છે એ કાંઈ લખવામાં તો આવે નહિ.

'**આત્મા સહિત વિશ્વ વ્યાખ્યેય,...**' છે. વ્યાખ્યા કરવા યોગ્ય હોય તેને વ્યાખ્યેય કહેવામાં આવે છે. આત્મા પણ કહેવાય છે એ સિવાય જગતના વિશ્વના બધા પદાર્થોની વાત વ્યાખ્યાને યોગ્ય છે. વ્યાખ્યા શું છે ? કે '**વ્યાખ્યા વાણીની રચના...**' છે. પદાર્થ છે એની વ્યાખ્યા કરવામાં આવે છે. અને એ વ્યાખ્યા વાણીની રચના છે. આપણે પછી એને વ્યાખ્યાન કહીએ છીએ. એ વાણીને વ્યાખ્યાન કહીએ છીએ.

એ '**વ્યાખ્યાન કરનારા વ્યાખ્યાતા (છે.)**' વ્યાખ્યાન કરનારાને વ્યાખ્યાતા કહેવામાં આવે છે. વક્તા કહીએ છીએ, વ્યાખ્યાતા કહીએ છીએ. ત્રણ વાત કરી. એક વ્યાખ્યેય-પદાર્થો જગતના. આત્મા અને જગતના પદાર્થો. એ વ્યાખ્યેય છે. એની જે વાણીની રચના છે એ વ્યાખ્યા છે. એ વાણી-વ્યાખ્યાન કરનારને વ્યાખ્યાતા કહેવામાં આવે છે. પણ '**એ કાંઈ બધી જે વાતો (કથનો) છે તે મોહના વિકારથી માનીએ છીએ.**' કેવો સરવાળો મારે છે ! 'દીપચંદજી સાહેબ'.

આ એક 'અનુભવપ્રકાશ' નામનો ગ્રંથ 'દીપચંદજી કાસલીવાલ'નો છે. આપે જોયો છે ? ક્યારેય વાંચ્યો છે ? અનુભવનો બહુ સુંદર ગ્રંથ છે. નાનો પણ એકલા અનુભવનો બહુ સુંદર ગ્રંથ છે, આત્માનુભવનો. આજથી ૨૫૦ વર્ષ પહેલા એ 'અજમેર' પાસે એક 'આમેર' કરીને ગામ છે. આજે પણ છે. 'આમેર'નો કિલ્લો છે. પહેલાં રાજધાની ત્યાં હતી. 'જયપુર' વસ્યા પહેલાં. ત્યાંના રાજાની રાજધાની 'આમેર'માં રહેતી હતી. એ 'આમેર'માં થઈ ગયા છે. આજથી ૨૫૦ વર્ષ પહેલાં.

એમના નાના નાના ગ્રંથોની, ઘણા ગ્રંથોની રચના છે. બધા ગ્રંથો એમના બહુ સુંદર છે. અધ્યાત્મ પ્રધાન અને સિદ્ધાંત પ્રધાન ગ્રંથો છે.

મુમુક્ષુ :- આમાં તો આખા ગ્રંથમાં ખાલી અનુભવની જ વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકલા આત્માના અનુભવની વાત કરી છે. આત્માનો અનુભવ કેવી રીતે થાય એ એક જ વિષય ફેરવી ફેરવીને એમનું જેટલું સામર્થ્ય કહેવાનું છે એ એમણે આમાં ભરી દીધું છે. અને બહુ સમર્થ વ્યક્તિ થઈ ગયા. ઘણાં સમર્થ થઈ ગયા. જેમ આપણે 'કૃપાળુદેવ' મહાસમર્થ થઈ ગયા, એમ આ એક મહાસમર્થ મહાત્મા, આત્મજ્ઞાની પુરુષ થઈ ગયા છે.

એ એટલા માટે એમ કહ્યું કે આ બધી વાતો છે એ મોહના વિકારથી માન્ય છે. આત્મા નિર્વિકલ્પ, નિર્મોહ પરિણામમાં સમાધિભાવે આવે એટલે વાણીનો યોગ નથી રહેતો. વાણી મૌનપણાને ભજે છે. માટે એમાં ભેદ-પ્રભેદો કાંઈ આવતા નથી. જે કાંઈ વ્યાખ્યાનમાં બધો વિસ્તાર આવે એ કાંઈ થતો નથી. એટલે એ તો બધી મોહની દશાની વાત લઈ લેવી. એમ કરી અને એ વિસ્તાર બંધ કરી દીધો એમણે.

મુમુક્ષુ :- અનુભવમાં તો ક્યાં વિસ્તારનો પ્રશ્ન છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવમાં કોઈ પ્રશ્ન નથી એનો. અને એ બધા વિકલ્પો અને વાણી આકુળતાના કાળમાં ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- અનુભવમાંથી છૂટે ત્યારે વાણી...

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવમાંથી બહાર નીકળે ત્યારે વિકલ્પ ઊઠે અને વિકલ્પ વધારે તીવ્ર ચાલે ત્યારે વાણી ઊઠે. મુનિરાજને વાણી કેમ ઘટી ગઈ છે અને મુનિ કહેવાણા એ ? એ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને મુનિ શું કરવા કહેવાણા ? કે એ સ્વાનુભવમાં એટલા રહે છે કે એની વાણી બહુભાગ મૌનપણાને ભજે છે માટે તે મુનિ. ઓછું બોલે છે માટે મુનિ છે. એમને વિકલ્પ જ તીવ્ર થતા નથી કે એ વાણી સુધી પહોંચે. બહુ ઓછું. એટલા વિકલ્પ શાંત રહે છે. માટે એમને મુનિ કીધા. એ વિકલ્પની ઉત્પત્તિ એટલી ઘટી ગઈ, એટલી ઘટી ગઈ કે એની પ્રધાનતાથી એનું નામ મુનિ પડી ગયું. લ્યો ! આમ મુનિ થયા છે. મુનિ થવાનું આ કારણ છે. એ મુનિ કહેવાય છે એ આ કારણે કહેવાય છે.

મુમુક્ષુ :- આમાં છે. સવારે મુનિવંદના 'કૃપાળુદેવ'માં છે.

પૂજ્ય ભાઈશ્રી :- લેશું આપણે.

સામાન્ય રીતે મુનિરાજ છે એ ગુરુપદમાં છે. અને ગુરુ છે એ તો ઉપદેશકનું પદ છે. અને ઉપદેશમાં તો વાણીની પ્રવૃત્તિ છે. ઉપદેશમાં તો વાણીની પ્રવૃત્તિ છે. તોપણ એ મુનિ છે. લ્યો ઠીક ! ઉપદેશક હોવા છતાં, ગુરુ હોવા છતાં બહુ ઓછું બોલે. મુનિ થઈ ગયા છે. કેમકે એમનો વિકલ્પ લંબાતો નથી. સ્વરૂપ સમાધિમાં રહે છે. સ્વરૂપ સમાધિમાં રહેવાને કારણે બોલવાની પ્રવૃત્તિ એટલા બાહ્યાકાર પરિણામ, બાહ્ય પરિણામો ઉત્પન્ન થતાં નથી.

'**અનાદિની (ચાલી આવતી) આત્માની આકુળતા તે એક વિશુદ્ધ-બોધ કલા વડે મટે છે.**' જ્યારે સ્વસંવેદન થાય છે એને જ્ઞાનની કળા કહી છે, એને બોધકળા કહી છે અને તે શુદ્ધ હોવાથી એને શુદ્ધ જ્ઞાનની કળા કહેવામાં આવી છે. તેનાથી આકુળતા મટી જાય છે. અનાદિની આ જીવની જે આકુળતા છે એ આકુળતા શાંત થાય છે. એ સિવાય આકુળતા શાંત થવાનો આ જગતમાં કોઈ ઉપાય નથી. '**માટે સહજ બોધકલાનો નિરંતર અભ્યાસ કરો.**' માટે એવા સહજ આત્મામાંથી ઉત્પન્ન થયેલા આત્મજ્ઞાનનો નિરંતર અભ્યાસ કરો. અને '**સ્વરૂપ-આનંદી થઈ ભવોદધિને તરો.**' અને સ્વરૂપના આનંદમાં રહી અને ભવસાગરને તરી જાવ. ઉદધિ એટલે સમુદ્ર-સાગર. એ ભવરૂપી સમુદ્રમાં તરી જાવ.

'**નરભવ કાંઈ સદા તો રહે નહિ,...**' આ જે મનુષ્યભવ છે, નરભવ કહીને એમ કહેવું છે કે દેવનો ભવ નહિ અને નારકીતિર્યંચનો પણ ભવ નહિ. ચાર ગતિમાં એક મનુષ્યગતિ છે એમાં આવે એને નરભવ કહેવામાં આવે છે. પછી સ્ત્રી-પુરુષ બે મનુષ્ય હોય તો એ નરભવમાં જ ગણાય છે. નર એટલે અહીંયાં મનુષ્ય. એ મનુષ્યભવ '**કાંઈ સદા તો રહે નહિ,...**' કેમકે એનું તો આયુષ્ય છે એટલું જ રહેશે. અને એ પણ અનિશ્ચિત છે. આયુષ્ય છે એ પણ અનિશ્ચિત છે. કોઈનું નક્કી નથી. ખબર નથી પડતી કે ક્યારે કોણ આયુષ્ય પૂરું કરશે. આમ ભગવાનના જ્ઞાનમાં છે પણ મનુષ્યને પોતાને ખબર પડતી નથી.

'**નરભવ કાંઈ સદા તો રહે નહિ,...**' એક તો અલ્પ કાળ છે અને

પાછું અનિશ્ચિત છે. બેય વાત ભેગી છે. '**સાક્ષાત્ મોક્ષસાધનરૂપ જ્ઞાન-કલા આ ભવ વિના અન્ય જગ્યાએ ઊપજતી નથી.**' હવે શું વિચારવું છે ? કે જ્યારે પોતાને ખબર નથી કે મારો મનુષ્યભવ ક્યારે પૂરો થવાનો છે, એ કોઈને પોતાને ખબર નથી. ત્યારે એણે એ વિચારવું રહ્યું કે જે મોક્ષસાધનરૂપ આત્મજ્ઞાનની કળા છે એ આ ભવ સિવાય બીજા ભવમાં ગયા પછી મેળ નહિ ખાય. નારકી ને તિર્યંચમાં દુઃખ એટલું છે કે એમાંથી નહિ સૂઝે. અને દેવભવમાં વૈભવ એટલો છે કે એમાંથી નહિ સૂઝે. અહીં ક્યાં પૈસાવાળાને સૂઝે છે ? કરોડોપતિ, અબજોપતિ છે એને કાંઈ સૂઝે ? એને કાંઈ સૂઝે જ નહિ.

કોઈવાર કોઈ કરોડપતિ, અબજપતિને ત્યાં જવાનું થાય ને ત્યારે એ દૃષ્ટિકોણથી જોવું કે આને આત્માનું કલ્યાણ કરવાનું સૂઝે એવું કાંઈ આમાં લાગે છે ? એ વાતચીત કરતા હોય ને ત્યારે થોડુંક એ નજરથી જોઈ લેવું કે મારે આત્મકલ્યાણ કરી લેવું એવું કાંઈ આને સૂઝે છે ? મારે આ બધું છે. આ બધું મારે આટલું બધું છે, એની ઉપાધિ આડે આત્માનો વિચાર કરવાનો એને અવકાશ નથી. એટલો રસ વૈભવમાં રેડાય જાય છે. એટલો એને જે પ્રાપ્ત વૈભવ છે એમાં એટલો રસ રેડાયેલો છે કે આત્મકાર્ય કરવાનું સૂઝે જ નહિ. પછી કો'ક ભાગ્યશાળીની વાત જુદી છે. લગભગ જગતની આ સ્થિતિ છે. એટલે દેવભવમાં પણ કાંઈ સૂઝે એવું નથી.

અહીંયાં સૂઝે એવું છે. કેમકે આ મધ્યમ કક્ષાની ગતિ છે. રાગનું એવું ખેંચાણ નહિ, દ્વેષનું એવું ખેંચાણ નહિ, એવું મોહનું પણ ખેંચાણ નહિ. મધ્યમ કક્ષાની સ્થિતિ લઈને અહીંયાં જીવ મનુષ્ય થાય છે. એટલે અહીંયાં જો એ થોડો પ્રયાસ કરે તો થોડાક પ્રયાસમાં એને આ જે મોક્ષનો માર્ગ છે એનું મૂળિયું હાથમાં આવી જાય છે.

જેમકે મારે મારું આત્મકલ્યાણ કરી લેવું છે એ જ મારા જીવનનું મુખ્ય ધ્યેય છે. આટલું કરવામાં એને શું વાર લાગે ? શું સાધન કરે તો આટલું થાય ? કે કોઈ સાધન કર્યા વગર આટલું થઈ જાય. બહુ દૂર ન ગયો હોય તો. દૂર ગયો એને પાછા આવતા વાર લાગે એવું છે. જેણે ઘણા રસ લઈ લીધા છે પુદ્‌ગલના, સંયોગના, શરીરના, એને થોડીક વાર લાગશે. આત્મકલ્યાણ કરી લેવું છે એને થોડી વાર લાગશે. પણ

જેને એમ જ છે કે આ જ કરવું છે એને વાર નથી. અને જ્યાં એને એ કામની વાર નથી એટલી ત્યાં આગળની પરિસ્થિતિ આપોઆપ Automatic ઊભી થાય છે. એ સ્વરૂપપ્રાપ્તિની ભાવનામાં આવી જાય. સીધો જ પહેલો સ્વરૂપ પ્રાપ્તિની ભાવનામાં આવી જાય. અને એ ભાવના બધા આગળના પરિણામ એને એક પછી... એક પછી એક... એક પછી એક ઉત્પન્ન કરી નાખે છે. અને એ પછી એ ભાવનાથી વિરૂદ્ધ જેટલા પ્રકૃતિદોષના પરિણામ પૂર્વ સંસ્કારને કારણે થાય એનો નિષેધ કરી નાખે. ભાવના એને નિષેધ કરી નાખે. આ નહિ. આ નહિ. આ મારે જોઈએ નહિ. આ મારે ન જોઈએ. એ કામ ભાવના કરવા માંડે છે.

એટલે (કહે છે કે) નરભવમાં '**સાક્ષાત્ મોક્ષસાધનરૂપ જ્ઞાન-કલા...**' છે એ ઊપજવી સહેલી છે. '**અન્ય જગ્યાએ ઊપજતી નથી.**' એમ કીધું છે. ઉપજે છે એને ન ગણી અહીંયાં. શું બતાવવું છે અહીંયાં ? કે કોઈ તિર્યંચ પણ સમ્યગ્દષ્ટિ આત્મજ્ઞાની થાય છે, કોઈ નારકી પણ થાય છે, કોઈ દેવ પણ નવા થાય છે. ત્યાં પણ આત્મજ્ઞાન થાય છે. પણ કેટલાને થાય ? કો'કમાં કો'કને થાય. કો'કમાં કો'કને થાય. બહુ મોટી સંખ્યા છે ત્યાં. એક મનુષ્યભવની જ સંખ્યા ઓછી છે. બાકી બધે સંખ્યા બહુ મોટી છે. એમાં કો'કને જ થાય. મનુષ્યના પ્રમાણમાં એમ કહ્યું કે ત્યાં થાતું જ નથી. જો તું મનુષ્ય છો અને આ વાત તારા વિચારવામાં કે વાંચવામાં કે શ્રવણ કરવામાં તેં આ વાત લીધી કે સ્વરૂપની ભાવનામાં નિરંતર રહે. તો એને દર્શનજ્ઞાન ઉપયોગમાં ચૈતન્યનો પ્રકાશ છે એ દેખાય. અને સ્વરૂપ પરિણતિથી ચૈતન્યરસની, અમૃતરસની ઉત્પત્તિ થાય. પરિણતિ થઈ જાય.

એને તો એક ન્યાયે એમ પણ કહી શકાય કે એની દુનિયા બદલાઈ જાય છે. જ્યારે એ સ્વરૂપ પ્રાપ્તિની સાચી ભાવનામાં, અંતરની ભાવનામાં આવે છે જીવ, ત્યારે એની દુનિયા બદલાય જાય છે. એ પહેલાની દુનિયા બીજી હતી અને આ દુનિયા બીજી થઈ ગઈ. એનો પ્રવેશ બીજી દુનિયામાં થઈ ગયો. પછીનું બધું બીજી જ રીતે ચાલે છે. એટલો બધો ફેરફાર છે ત્યાંથી.

મુમુક્ષુ :- ઓલી પરિણતિ બહાર ચાલે, આ પરિણતિ અંદર ચાલે.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ અંદર ચાલે અને બધામાં પ્રયોજનનું લક્ષ તીક્ષ્ણ થઈ જાય. ચાહે તો સંસારના ઉદયના પ્રસંગો હોય, ચાહે તો સ્વાધ્યાયના, કોઈ અધ્યાત્મના ન્યાયો હોય, આગમના ન્યાયો હોય એની દૃષ્ટિ તીક્ષ્ણ થઈ જાય, પોતાના આત્મહિતના પ્રયોજનમાં. તો બધું બદલાઈ જાય છે એનું. નજર જ ફેર થઈ જાય છે આખી. નજરબંધી થઈ જાય છે. પછી તો 'કૃપાળુદેવે' તો ત્યાંથી લીધું છે કે 'એકવાર પણ જો અસ્તિત્વ ગ્રહણ થાય તો એની નજરબંધી થઈ જાય.' કેમકે ત્યાં તો પછી આત્મા જોઈ લીધો. એટલે એની નજરબંધી થઈ જાય છે.

મુમુક્ષુ :- નજરબંધી તો સ્વરૂપ નિશ્ચયથી..

પૂજ્ય ભાઈશ્રી :- હા. લીધું છે. ૨૨૦માં બોલમાં એ લીધું છે. આમાં આપણે છે.

મુમુક્ષુ :- ક્ષણવાર જાગૃતિ પ્રાપ્ત થાય તો એનો મોક્ષ વિશેષ દૂર નથી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અંતર્ભેદ થાય તો. અંતર્ભેદ શબ્દ વાપર્યો છે. એ જાગૃતિ છે. પણ અંતર ભેદાણું એનું. એ વાત લીધી છે. એને મોક્ષ વિશેષ દૂર નથી. જુઓ ! શું લખે છે ?

**'આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી.'** સ્વરૂપ અસ્તિત્વ. એટલે વેદનથી હયાતી એને લાગી નથી, ભાસી નથી કે હું આત્મા છું. એમ લાગ્યું નથી. પોતાની હયાતી વેદન અંશે લાગી નથી, ભાસી નથી.

મુમુક્ષુ :- એટલે હયાતીનો સ્વીકાર જ નથી એમ વાત છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ જ છે. દેહપણે છે. શરીરપણે અને રાગપણે સ્વીકાર છે. જ્ઞાનસ્વરૂપે નથી.

**'આજ સુધી...'** અનંત કાળમાં, હોં ! **'આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી. અસ્તિત્વ ભાસ થવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.'** આ સ્વરૂપ નિશ્ચય છે ને ? બીજું સમકિત કીધું એ. સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. **'અસ્તિત્વ એ સમ્યક્ત્વનું અંગ છે.'** એને અંગભૂત લઈ લીધું છે. કારણ ન કીધું. એ જરા છેટું લાગે છે એમને. એટલે અંગ કીધું. અસ્તિત્વનું જ અંગ છે, સમ્યક્ત્વનું જ અંગ છે.

હવે કહે છે કે **'અસ્તિત્વ જો એક વખત પણ ભાસે તો તે દૃષ્ટિની**

**માફક નજરાય છે, અને નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી.**' આ નજરબંધી થઈ. નજરબંધીમાં શું થાય છે ? કે બીજું ભાળે જ નહિ. એમ આ પણ હવે બીજું નથી ભાળતો. હાલતા, ચાલતા, ખાતા, પીતા, એક જ છે. બીજું કાંઈ દેખાતું નથી. આપણે પદ આવે છે 'હરતા, ફરતા પ્રગટ હરિ દેખું રે, તેનું જીવન સફળ થયું લેખું રે. મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવન દોરી અમારી રે.' એ 'ઓધાભગત' થઈ ગયા. એણે આ પદ ગાયું. અન્યમતમાં ભગવાનના પદ બધા એક વખત તો જોવા જેવા છે આ બધા, હોં ! 'હરતા ફરતા પ્રગટ હરિ દેખું રે, તેનું જીવવું સફળ તવ લેખું રે.' લેખું એટલે ગણવું. 'મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવન દોરી અમારી રે.' આ અમારી જીવનદોરી છે. આને હિસાબે જીવીએ છીએ. બાકી અમારે જીવવાનું હવે કાંઈ કારણ નથી જગતમાં. અહીંયાં આ વાત નજરબંધીની લીધી છે. પછી કહે છે કે '**પ્રકૃતિ જોર આપતી નથી.**' '**પગ પાછા પડે છે,...**' પ્રકૃતિના પગ પાછા પડશે. સ્વરૂપનિશ્ચયમાં આત્માની નજરબંધી થાય છે. પણ અહીં તો એ પહેલા ફેરફાર થઈ જાય છે આ બધા. આપણે તો જરા ઝીણું કાંત્યું છે.

કારણ શું છે ? કે પ્રશ્ન એ ઉઠે છે કે આત્મદર્શન અને આત્મજ્ઞાન કેમ થાય ? તો કહે છે, અસ્તિત્વ ભાસે તો. ત્યારે બીજો પ્રશ્ન એ થાય કે અસ્તિત્વ ભાસે એટલે આત્માની ઓળખાણ કેમ થાય ? એટલે પછી આગળના બધા કારણના કારણ સુધી જાવું જ પડે.

કહે છે કે '**સાક્ષાત્ મોક્ષસાધનરૂપ જ્ઞાન-કલા...**' છે આત્મજ્ઞાનની. એ '**આ ભવ વિના અન્ય જગ્યાએ ઉપજતી નથી.**' એમ સમજીને અહીંયાં જ મારે કામ કરી લેવું છે એટલું એણે જોર કરવું. એટલું એણે જોર કરવું જીવે. જીવે એટલું જોર કરવાની જરૂર છે.

મુમુક્ષુ :- આ નર ભવ સિવાય.. એટલા માટે પ્રેરણા આપી.

પૂજ્ય ભાઈશ્રી :- આ ભવમાં જ કરી લે એમ કહે છે. આવતા ભવમાં કે ભવિષ્યના કોઈ ભવનો વાયદો કરીશ નહિ, એમ કહે છે. અહીંથી સંસ્કાર લઈને જાઉં, ઈ વાત નહિ કરતો.

એકવાર 'પૂજ્ય બહેનશ્રી' પાસે ચર્ચા ચાલી. સંસ્કારની ચર્ચા ચાલી. પછી આપણે ત્યાં તો બધા પ્રશ્નો પૂછવામાં તો ચીકણા જ છે.

એટલે પછી પ્રશ્ન બહુ ચાલે. તો એમણે સીધું ફેરવી તોળ્યું. શું કરવા આટલું બધું સંસ્કાર... અહીંયાં પામવું શું કરવા નહિ ? સંસ્કાર ઉપર વજન શું કરવા લઈ જાવ છો ? ચર્ચા કાપી. એવું છે.

મુમુક્ષુ :- સંસ્કારને ભરોસે રહેવાનું તો થાય જ નહિ. કેમ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- સંસ્કારના ભરોસે રહેનારને સંસ્કાર નહિ પડે. અને જોર કરશે કે મારે અનુભવ કરી લેવો છે તો કદાચ અનુભવ નહિ થાય તો સંસ્કાર પડી જશે. એમ છે. ખડ વાવવું નહિ એમ કહે છે. ધાન વાવવું. ધાન સારું થાશે, બાજરાના મોટા આવડા આવડા ડુંડા આવે હાથ-દોઢ હાથના તો રાડું કેવું સરસ થાય ? જો રાડું જાડું હોય તો જ ટકે ને. નહિતર તો ડુંડવો બળી જાય. પાંચ હાથનું રાડું હોય અને એના ઉપર એક કીલો બાજરો ભરેલું ડુંડું હોય તો રાડું મજબુત હોય તો જ રહેને ઉપર. નહિતર તો ભાર ક્યાંથી ઝીલે ઈ ? એટલે બી સારું વાવવું અને ધાન ઉપર નજર રાખવી, ખડ ઉપર નહિ. પછી એ તો બળદને ખવડાવાની ચીજ છે. એ કાંઈ માણસને ખાવાની ચીજ નથી. એટલે એ બધી પહેલાની વાત ખડ જેવી છે. આત્માનો આનંદ જોઈએ અને આત્માની શાંતિ જોઈએ. શાંતિ વગર અશાંતિ નહિ મટે અને આત્માના સુખ વગર દુઃખ નહિ મટે. આગળની વાતો કારણ-કાર્યની સમજવા માટે છે અને પોતાના પરિણામ મેળવવા માટે છે. એથી વધારે વજન નહિ લેવું.

'**તેથી વારંવાર કહેવામાં આવે છે...**' ફરી ફરીને એટલા માટે કહીએ છીએ કે '**નિજબોધકલાના બલ વડે નિજસ્વરૂપમાં રહો.**' આત્મજ્ઞાન દ્વારા સ્વરૂપમાં નિવાસ કરો. અને '**નિરંતર આ જ યત્ન કરો.**' આનો જ પુરુષાર્થ કરો. આના માટે જ પુરુષાર્થ કરો. અરે..! '**આવું વારંવાર કહેવડાવવું તો બાલક પણ ન કરાવે,...**' ઠીક ! ઓળંભો આપે છે. બાળકને બે-ચાર વાર કહીએને ત્યાં પછી એ શીખી લે છે. બોલતા શીખે ને ? બે-ચાર વખત બોલીએ તો એ પણ બોલતા શીખી જાય છે. આટલું તો બાળક પણ શીખી લે. એટલી વાર તમે કહેવડાવો છો કે આટલી વાત તો બાળક પણ ન કહેવડાવે. ઠીક ! 'દીપચંદજી' કહેતા કહેતા ક્યાં સુધી કહી દે છે.

'**આવું વારંવાર કહેવડાવવું તો બાલક પણ ન કરાવે, તમે** (તો)

**અનંતજ્ઞાનના ધણી બની, એવી ભૂલ ધારો છો, તેથી ઘણું અચરજ આવે છે.**' અનંતજ્ઞાનના ધણી થઈને આટલી આટલી વાર ઉપદેશ સાંભળવા છતાં પરિણમતા નથી તો જ્ઞાનીને અચરજ આવે છે. જે સહજમાં થાય એવું છે એને તમે આટલી વાર કીધા પછી પણ ગ્રહણ કરતા નથી તો અમને તો અચરજ લાગે છે, કહે છે.

શું કહે છે ? કે '**તે અચરજની વાત ન કરવી. ચામડાં અને હાડકાંના જડ શરીરમાં સ્વપણું માન્યે મોટી હાનિ છે.**' શું કીધું ? મોટું નુકસાન છે. આ જે હાડકા-ચામડાનું શરીર છે, એમાં સ્વપણું માન્યું છે, એને સુખનું સાધન અને સુખનું કારણ માન્યું છે એ મોટું નુકસાન છે. '**પોતાના જ્ઞાનમાં સુખસમુદ્રને પામી અવિનાશી પુરીનો રાજા થાય છે.**' જ્ઞાનમાં સુખનો સમુદ્ર ભર્યો છે. જે જ્ઞાનમાં નિરાકુળતાનો અંશ છે, ચિનગારીનો અગ્નિ આખા ગામને બાળે. એક તણખામાં અગ્નિ કેવડો ? આખું ગામ બાળે એટલો. આ ગામ શું આખી દુનિયા પણ બાળે, ઓલવે નહિ તો. એમ આ એક જ્ઞાનનો કણિયો છે એમાં સુખનો સમુદ્ર ભર્યો છે. શક્તિરૂપે જોવે તો દેખાય એવું છે. નિરાકુળ છે ને ?

એને પામી એટલે અનુભવ કરી '**અવિનાશી પુરીનો રાજા થાય છે. અનંત ચૈતન્યશક્તિરૂપ રાજધાનીનો વિલાસી થાય છે. પરમાં પોતાને માનીને...**' દેહાદિમાં પોતાને માનીને '**તું એવી રીતે દુઃખ પામી રહ્યો છે કે જેમ મડદાને વસ્ત્ર-આભૂષણાદિ ચડાવી માને કે મેં પહેર્યાં છે.**' પહેર્યા છે મડદાએ. કપડા-દાગીના પહેર્યા છે મડદાએ. અને તું કહે છે કે મેં પહેર્યા છે. જુઓ ! હું કેવો સારો દેખાવ છું. આ એ રીતે દુઃખી થા છો.

'**એ પ્રમાણે દેહ જડ છે.**' '**તેને જૂઠ જ પોતાના માને છે. એ પ્રમાણે દેહ જડ છે. એના ભોગને તું પોતારૂપ માની જૂઠ જ જડની ક્રિયાને શા માટે પોતાની માને છે ?**' શરીરના પરિણામને તું પોતાનું પરિણામ, પોતાનું સ્વરૂપ કેમ માને છો ? પ્રશ્ન ઉઠાવ્યો છે. '**જેમ સર્પ કોઈને કરડે, (અને) કોઈ બીજાને ઝેર ચઢે તો અચરજ માનીએ છીએ,...**' સર્પ કરડે કો'કને. અને ઝેર બીજાને ચડે કોઈ દિ'? ચડે નહિ. એમ ખાય શરીર અને તું કહે કે મેં ખાધું. પરિણામ કો'કનું અને

તું કહે કે મારું. આ તો સર્પ બીજાને કરડ્યો અને ઝેર બીજાને ચડ્યું એના જેવી વાત થઈ ગઈ કહે. વસ્તુ જ બીજી જ છે આખી. દેહ વસ્તુ જુદી છે, આત્મા વસ્તુ જુદી છે આખી.

મુમુક્ષુ :- શરીરમાં ભોજન ગયું અને મને સુખ મળ્યું. એના જેવી વાત થઈને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એના જેવી વાત છે.

**'જેમ સર્પ કોઈને કરડે, (અને) કોઈ બીજાને ઝેર ચઢે તો અચરજ માનીએ છીએ, (તેમ) જડ ખાય, પહેરે, સ્નાન, તેલમર્દન આદિ ક્રિયા કરે (ત્યાં) તું કહે છે કે મેં ખાધું, મેં ભોગ્યું...'** મેં ખાધું અને મને ભાવ્યું. આ દશા છે. '**(એમ) પરનો સ્વામી થયો. પરનો સ્વામી પણ એવું તો માનતો નથી.**' આ તું પરનો એવો સ્વામી થા છો કે પરનો સ્વામી એવું માનતો નથી એવું તું માનો છો.

એનું એક દૃષ્ટાંત બહુ સારું લીધું છે એમણે. જેમ કે રાજા નોકરનો સ્વામી છે. ગામનો ધણી કહેવાય ને ? રાજનો ધણી કહેવાય. તો એના નોકર-ચાકરનો તો રાજા સ્વામી કહેવાય છે ને ? '**જેમકે :- રાજા નોકરનો સ્વામી છે. (છતાં) તેના ધરાયાથી રાજા એમ કહેતો નથી કે હું ધરાયો છું.**' નોકર ખાય ત્યારે રાજા એમ કહે છે કે હું ધરાઈ ગયો ? એણે ખાધું અને હું ધરાઈ ગયો. આ તો શરીરમાં રોટલા પડે. થાળીના રોટલા હોજરીમાં પડે એટલે કહે છે કે હું ધરાઈ ગયો. તું ક્યાંથી ધરાણો ? નોકરે ખાધું અને રાજા ધરાઈ ગયો ? બને કોઈ દિ' ? કે ન બને.

મુમુક્ષુ :- અનાદિ કાળથી આવુ જ ચાલ્યું આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવું જ ચાલે છે. કેવડી મોટી ભૂલ છે ?

'ગુરુદેવ' કહેતા કે મણમાં નવ પાંચશેરીની ભૂલ છે. કેટલી ? મણની હોય આઠ પાંચશેરી. આઠ પાંચશેરીનો મણ થાય. પણ આમાં નવ પાંચશેરીની ભૂલ છે. એ સમજાય એવું છે. ચાર ચોપડી ભણેલાને એમનું વ્યાખ્યાન સમજાય. 'ગુરુદેવ'નું વ્યાખ્યાન એવું હતું કે ચાર ચોપડી ભણેલો હોય એને સમજાય, અથવા ન ભણ્યો હોય એને પણ સમજાય. અભણમાં અભણ માણસને સમજાય. સમજવા માગે તો. અને નહિતર વિદ્વાન હોય ઈ ગોથું ખાય. ન સમજે. એમનું વ્યાખ્યાન ન સમજે. '**તારી આવી ચાલ તને જ દુઃખદાયક છે.**'

મુમુક્ષુ :- કેવી આમ સાદી અને સરળ ભાષામાં...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારી વાતો કરી છે.

**'જે સુંદર વસ્તુ હોય તેને ઉપરથી (ઉપરથી જોઈને, ઉપરના દેખાવથી) અંગીકાર ન કરીએ.'** એટલે દેખાવ જોઈને. દેખાવ જોઈને કાંઈ લેતા નથી. કેમકે નુકસાન થાય એવું હોય. મીઠાઈ હોય પણ ઝેર નાખ્યું હોય તો ? ખાય કોઈ ? ન ખાય. એટલે વસ્તુ હોય એને ઉપરથી જોઈને ઉપરના દેખાવથી અંગીકાર ન કરીએ. એમ **'દેહ અશુચિ, નવ દ્વારે સ્રવે છે. દેખતા જ ગ્લાનિ (ઊપજે) છે,...'** એવો છે. ઘૃણા થાય એવો છે. **'બહારમાં (તેનું) રૂપ દેખાય છે...'** બહારમાં ઉપરની ચામડીથી એનું રૂપ દેખાય છે **'તો સુંદર, (પણ) અંદર ખરાબી પડી છે.'** અંદરમાં તો બધી ખરાબી પડી છે. **'તેની અંદર વિષ્ટા, મૂત્રની ખાણ (છે.) (દેહ) નાશ ન પામતો હોય તો એ એવો હોવા છતાં પણ અંગીકાર કરીએ.'** અને છતાં ભલે મળ-મૂત્રની ખાણ હોય પણ એ નાશ ન પામતો હોય તોપણ કાંઈ વાંધો નહિ. પણ છતાં એ રહેવાનો નથી. અંગીકાર કરવાથી એ સાચવ્યો સચવાવાનો નથી.

**'નાશ ન પામતો હોય તો એ એવો હોવા છતાં પણ અંગીકાર કરીએ. નાશ પામવા છતાં પણ તમને દુઃખદાયી ન હોય તો એવાની (દેહની) સાથે તમે સ્નેહ કરો...'** એનો સ્નેહ કરતાં દુઃખ ન થાતું હોય તો કરો. પણ એની સાથે જેટલો સ્નેહ કરો એટલા દુઃખી થવાનું છે. જેટલી મમતા દેહની એટલો વધારે દુઃખી. આ શ્રીમંત માણસોને કેમ હખ નથી પડતું ? સવા મણની તળાઈમાં કાં ઊંઘ ન આવે. ઓલા મજુરને ભોંય પથારીએ ઊંઘ આવે. અને આને સવા મણની તળાઈમાં કાં ઊંઘ ન આવે ? એનું કારણ છે કે એને દેહની મમતા વધી. બહુ અનુકૂળતા કરું. એવી સરસ અનુકૂળતા કરું. એવું સરસ ગાદલું હોય તો ઊંઘ આવી જાય. પણ એ એવું સરસ કરવા જાય ને દેહની સગવડ માટે, ત્યાં ઊંઘ ઊડી જાય. ત્યાં એની ઊંઘ ઊડીને Disturb થઈ જાય. ખલેલ પડી જાય. કેમકે દેહની મમતા ખાતર કર્યું.

ચૈતન્યસ્વરૂપી આત્મા જેટલો જડનો મોહ અને રસ કરે એટલી ચૈતન્યની શાંતિ છે એ હણાય જાય. શાંતિ તો છે અંદરમાં. પણ એ શાંતિ હણાય જાય. આમ થાય. આમ જો કોઈનું ગળું મરડ્યું હોય ને તો

જોઈ ન શકે. આ બધા માંસાહારી માણસો હોય છે એ પ્રાણીને મારે તો ગળું મરડી નાખે. કાં ગળું કાપે, કાપ મૂકી દે. છરી મૂકી દે. એટલે તરત મરી જાય ને ? પણ એ જોઈ ન શકે. આર્ય માણસ છે એ જોઈ ન શકે. અહીંયાં શાંતિનું ગળું મરડે છે અને અશાંતિ ઊભી કરે છે અને પાછો રાચે છે એમાં. આત્માનું ગળું મરડે છે, આત્માની શાંતિનું ખૂન કરે છે. એમ કહે છે જ્ઞાની.

કહે છે કે '**દુઃખદાયી ન હોય તો એવાની (દેહની) સાથે તમે સ્નેહ કરો (પણ) જન્માદિ દુઃખ ભરો છો (વહોરો છો)....**' એ દેહની સાથે સ્નેહ કરતાં નવા ભવના નવા દેહના જન્મ-મરણના દુઃખ વહોરો છો. '**તમારી સાથે (એ) જન્માદિ અનાદિના લાગી આવ્યા છે. તમે મહાન પુરુષોના જેવી રીતિનો ભાવ કર્યો છે કે જે અમારી સાથે સંબંધ રાખે તેને ન છોડવા.**' ઠીક ! જાણે હું તો મહાત્મા ! અમારી સાથે સંબંધ હોય એને અમે ન છોડીએ. આ દેહનો અમારે સંબંધ થયો ને હવે અમે નહિ છોડીએ. ઓળંભો કર્યો. ઓળંભો આપે છે. એમની પદ્ધતિ છે આ શાસ્ત્રમાં કે ઘણી જગ્યાએ એમણે ઓળંભો આપ્યો છે.

એક જગ્યાએ લખે છે કે આ બધી જેલ છે. કૂતરાના ખોળિયામાં ગયો, કાગડાના ખોળિયામાં ગયો, સર્પના ખોળિયામાં ગયો, ઢેઢગરોળી થયો. આ બધી જુદી જુદી જાતની જેલું છે. હવે આ બધા અપરાધ અને ગુના કરી કરીને એ જેલમાં ગયો તો હવે તો કાંઈક શરમા. એમ કહે છે. ઓળંભા બહુ આપે છે. હજી નાક શરમ નથી આવતી ? ઓળંભા આપવાની એમની પદ્ધતિ બહુ સારી છે.

'**તમે મહાન પુરુષોના જેવી રીતિનો ભાવ કર્યો છે કે જે અમારી સાથે સંબંધ રાખે તેને ન છોડવા. એમ તો તમે મંહત કેહવાશો નહિ.**' એવી રીતે કાંઈ મહાત્મા કહેવાશો નહિ. '**મહંત તો પાપને મટાડતાં જ થવાય. એ તો (દેહ તો) પાપનું રૂપ છે.**' મહંત તો પાપ મટાડે તે મહાત્મા થાય. પાપી હોય એ મહાત્મા કહેવાય ? આ તો પાપનું રૂપ છે જેને વળગ્યા છો એ તો. '**માટે તમે સમજો, તમારા ધનને અંગીકાર કરો,...**' જે અંદરમાં સુખ-શાંતિ ભર્યા છે એ તમારું ધન છે. એને અંગીકાર કરો. '**પારકું ધન જતું રહે છે, તેને તમે ફરી ગ્રહો છો, તેના દંડમાં ભવદુઃખ સહો છો તોપણ પરને લેતાં લેતા (તમે) થાક્યા નથી.**'

જડ છે, પારકી ચીજ છે. એને લેવા જતાં દુઃખ સહન કરો છો. દંડ પડે છે. પણ તોય થાકતા નથી. આ દિવાલમાંથી સોંસરવો નીકળવા જાય બારણાના બદલે, બારણું છોડીને (તો) માથું ભટકાય. અને માથું ભટકાય તોપણ પાછી ત્યાંથી જાવાની મહેનત કરે તો ? આ એવું કરે છે. ઠીક ! જડમાં સુખ નથી. સુખ લેવા જતાં દુઃખ છે. તોય પાછા સુખ લેવા જાય છે કહે છે. એ માથું ભટકાય, એની વેદના થાય અને વળી પાછો ભટકાડે.

મુમુક્ષુ :- આ સાંભળીને, સમજીને પણ પાછી એ ક્રિયા છોડતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એવી વાત છે. એટલા માટે સત્સંગને ઉપદેશ્યો છે. જ્ઞાનીપુરુષોએ એટલા માટે સત્સંગને ઉપદેશ્યો છે કે કોઈ રીતે એનો અભિપ્રાય બદલાય જાય. સાંભળે છે, સાંભળતા જીવને ગમે પણ છે એટલે સાંભળે છે. બીજા નથી સાંભળતા. એને ગમતું નથી એટલે નથી સાંભળતા. પણ ગમે છે એ તો સાંભળવા આવ્યો છે. પણ જ્યાં સુધી અભિપ્રાય ન બદલાય ત્યાં સુધી એ ગમતું હોય તોપણ એને કામમાં ન આવે. પાછો એનો એ થઈને ઊભો રહે.

એટલે સ્વાધ્યાયથી જે કાંઈ કામ કરવાનું છે એ અભિપ્રાયને કેળવવાનું અથવા ઊલટા અભિપ્રાયને તોડીને સવળો અભિપ્રાય બનાવવાનું કામ છે. એટલા માટે સ્વાધ્યાય અને સત્સંગ છે. એ કોઈ રીતે થાય તો અભિપ્રાયથી વિરૂદ્ધ જેટલા પરિણામ થાશે એનું અનુમોદન નહિ રહે. એનો નિષેધ આવશે.

ઘરમાં પણ અભિપ્રાય વિરૂદ્ધ કામ થાય તો અણગમો થાય છે કે નહિ ? પોતાનો અભિપ્રાય હોય અને છોકરો બીજું કરીને આવે. એને કીધું હોય કે આમ નથી કરવાનું. છતાં કરીને આવે. પછી શું એને ગમે ? અણગમો થાય. એમ અભિપ્રાય વિરૂદ્ધ પોતાના પરિણામ થાય તો અણગમો થયા વગર રહે નહિ એને અંદરમાં. અભિપ્રાય બદલવો જોઈએ. જે કામ કરવાનું છે એ અભિપ્રાય ઘડવા માટે કરવાનું છે. પછી ત્યાગ વૈરાગ્ય છે. અભિપ્રાય બદલાયા વિના ત્યાગ વૈરાગ્ય કરે તો નિષ્ફળ જાય.

મુમુક્ષુ :- પૂર્વના એના સંસ્કાર પડેલા છે એ સંસ્કાર પણ એને ..

લાગે કે ... એના પૂર્વના સંસ્કાર તો કાંઈક કામ કરતા હોય...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું છે કે પૂર્વ સંસ્કારને વશ પરિણામ થઈ જાય. પણ જો અભિપ્રાય એથી વિરૂદ્ધ ઘડ્યો હોય તો એ દોષનો નિષેધ આવે એને. અણગમો થાય. તો એ દોષિત પરિણામનું બળ ઘટી જાય. અને દોષિત પરિણામ થવા છતાં એનો નિષેધ ન આવે તો એનો પક્ષ આવ્યો છે. છૂપો છૂપો પણ એનું અનુમોદન છે એ એનો પક્ષ છે. તો એનું બળ મળે છે. કેમકે એને આત્માનો ટેકો છે. અને આત્મામાં શક્તિ ઘણી છે એટલે અનંત શક્તિવાનનો ટેકો છે એને. એટલે પાંગરશે. એ દોષ બધા પાંગરશે આગળ જતાં. અને નિષેધ આવશે તો એનું બળ તૂટશે. બળ તૂટશે તો નાશ પામશે. નાશ પામવાની બે પ્રક્રિયા છે. પહેલું બળ તૂટે અને પછી એનો અભાવ થાય. બળ તૂટ્યા વગર સીધો અભાવ નથી થતો. આ એક પગથિયું વચ્ચે આવે.

મુમુક્ષુ :- સાચું સમજાય નહિ ત્યાં સુધી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે સાચું સમજાય. સમજાય અને અભિપ્રાય બદલાય જાય આખો. સાચી સમજણ પ્રમાણેનો અભિપ્રાય ઊભો થાય. ત્યારે એનું બળ તૂટે. નહિતર સમજાય તોય બળ ન તૂટે. પાછું જોર કરે. કેમકે જૂના સંસ્કાર તો ઘણા ખરાબ છે. અનાદિનો જીવ પરિભ્રમણ કરે છે એમાં જૂના સંસ્કાર તો એના સારા નથી. આ રસ્તે આત્માના શુદ્ધિના રસ્તે, નિર્દોષતાના રસ્તે ચડ્યો નથી, પવિત્રતાના રસ્તે ચડ્યો નથી. એટલે એણે જેટલા પરિણામ કર્યા છે એ તો સંસારના જ કર્યા છે. પૂર્વ સંસ્કાર બધાય સંસારના છે. કેટલા છે, કેટલા બધા સંઘર્યા છે અને કેવા છે એ પોતાને ખબર નથી. પણ વગર બોલાવ્યા સામે આવે છે ત્યારે એમ થાય છે કે અંદર ખાણ ભરી છે એ નીકળે છે. કાંઈ વાંધો નહિ. હવે એનું બળ તોડી નાખવું જોઈએ. જો એનું બળ તૂટે તો દબાય. તો એને ઉપશમ કીધો જ્ઞાનીઓએ. વૈરાગ અને ઉપશમમાં જે ઉપશમ શબ્દ વાપર્યો છે 'કૃપાળુદેવે'. એ એનું બળ તોડવાની વાત છે. અને વૈરાગ્ય છે એ એનો રસ તોડવાની વાત છે.

શું કહ્યું અહીંયાં ? '**(તમે) થાક્યા નથી. બહુ દુઃખી થવાં છતાં પર ગ્રહણનું બાણ (લક્ષ, લાલસા, ટેવ) તમે છોડતા નથી.**' લાલસા છોડતા નથી, ટેવ છોડતા નથી. એ તો કહે છે. '**શાહપદ તો પોતાના**

**ધનથી પામશો.**' સાચી સંપત્તિ આત્માની હોય તો શાહપદ પામશો. આનાથી શાહપદ પામશો નહિ. એ તો ચોરી કરેલી વાત છે. '**તેથી સ્વપરના વિવેકી બની આત્મધનને ગ્રહો, પરનું મમત્વ સ્વપ્નાંતરમાં ન કરો.**' જાગતા તો નહિ પણ સ્વપ્નામાં પણ ન કરો એમ કહે છે. અહંબુદ્ધિ તોડવાની વાત છે, અહંકાર છોડવાની વાત છે.

'**તમારી પાસે અખંડ રત્નત્રયાદિ અનંતગુણનિધાન છે, (તમે) દરિદ્રી નથી, જે દરિદ્રી હોય તે એવાં કામ કરે.**' ચોરી કરવા કોણ જાય ? દરિદ્રી હોય એ જાય. તમારી પાસે તો ધન ઘણું છે. શું કરવા પારકું લેવા જાવ છો ? આ રીતે 'અનુભવપ્રકાશ'માં થોડો વિષય આપણે આગળ ચાલ્યો છે. Time થયો.

મુમુક્ષુ :- સ્વાધ્યાય આદિ કરવામાં આવે એમાં મૂળ તો અભિપ્રાય ઘડવાની વાત છે.

નિજ અવલોકનમાં રાગનું અને પર્યાયનું લક્ષ છોડાવવાનો હેતુ છે. તેમજ એકાંત પર તરફના વલણનો પ્રવાહ બદલાઈ સ્વતરફ વલણ થાય તેવો હેતુ છે. પરલક્ષી જ્ઞાન વડે માત્ર તર્કયુક્તિથી અનુભવમાં આવતા ભાવોનું ભાવભાસન થઈ શકે નહિ, તેથી તેવી અભ્યાસની અયોગ્ય પદ્ધતિ બદલીને, ભાવભાસન થાય, તેવો ખાસ હેતુ છે. સ્વભાવના ભાવભાસનથી સ્વભાવનું લક્ષ થતાં, રાગ અને પર્યાયનું પરલક્ષ સહજ છૂટે છે. યથાર્થપણે અવલોકન થવાનું ફળ પર્યાય બુદ્ધિ છૂટવામાં આવે છે. કારણકે આ અનુભવ પદ્ધતિ છે. પર્યાયબુદ્ધિમાં દીનતા આવે છે. (અનુભવસંજીવની - ૧૧૮૪)

## તા. ૨૫-૧૧-૧૯૯૨, પાના નં. ૩૫, પ્રવચન નં. ૧૮૧

'અનુભવપ્રકાશ'. પાનું-૩૫. નીચેના Paragraph થી.

**'બરાબર નિહાળો !'** શું કહ્યું ? જુઓ અથવા નિહાળો. જુઓ, નિહાળો, અવલોકો. એટલે વિચારથી આગળ જઈને વાત છે. વિચારમાં વસ્તુ પરોક્ષ છે. આત્મવિચાર કરતા પણ આત્મવસ્તુ પરોક્ષ છે. અને જોવામાં જેને જોવું છે એને પ્રત્યક્ષ કરવી જોઈએ તો જોવાય. કેમકે જોવાનું તો પ્રત્યક્ષમાં છે. પરોક્ષ ચીજ હોય એને જોવાય કેમ ? આ એક અધ્યાત્મના વિષયમાં વિશેષ વાત છે. અને આ શૈલી 'દીપચંદજી'એ ખૂબ સુંદર લીધી છે, આ અધ્યાત્મ ગ્રંથમાં. કેમકે અનુભવનો ગ્રંથ છે ને ? એટલે આ અનુભવપદ્ધતિ છે. અવલોકવું, નિહાળવું, જોવું એ અનુભવ પદ્ધતિ છે.

શ્રવણગોચર થતો અધ્યાત્મનો વિષય અને ગ્રંથમાંથી વાંચનગોચર થતો અધ્યાત્મનો વિષય એ નિમિત્ત નૈમિત્તિક સંબંધે વિચાર સાથે સંબંધ ધરાવે છે. બંને કથનો છે. એક ગ્રંથમાં લખાયેલા કથનો છે, બીજા બોલાતા એવા શબ્દમાં પરિણમતા વચનગોચર જે ભાવો છે. એ બંનેનો શ્રોતાને કે કોઈપણ મુમુક્ષુને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થાય ત્યારે એનો વિચાર કરે છે. એટલે એની મર્યાદા વિચાર સુધીની છે. એ અધ્યાત્મિક વિષયની મર્યાદા વિચાર સુધીની છે. અને એનું જે અભિપ્રેત વાચ્ય છે, એ વચનોનું જે અભિપ્રેત વાચ્ય છે તે વાચ્ય છે એ વેદનગોચર થતું પરિણમન છે. એટલે જો અધ્યાત્મના વિષયમાં એ હદે ન આવવામાં થાય તો અધ્યાત્મનો વિષય માત્ર વિચારનો વિષય રહી જાય અને એ અનુભવનો વિષય ન થાય. ત્યારે એનો અભિપ્રેત વિષય તો અનુભવ છે. એટલે બહુ ઓછા જીવોનો અહીં સુધી પ્રવેશ છે એનું આ કારણ છે કે આ વિષયનું થોડુંક ઊંડાણ વિચારથી આગળનું છે.

વિચારમાં પણ જે વિચારણા છે એના પણ સ્થૂળ સૂક્ષ્મ એવા ઘણા ભેદ છે. બાહ્ય અંતરંગ એવા પણ ભેદ છે. અને વિચારણામાં પણ અધ્યાત્મનો વિષય તો અંતર વિચારણાનો હોવો ઘટે છે. સૂક્ષ્મ અને અંતર વિચારણાનો વિષય થવો ઘટે છે. તો હજી કાંઈક એ વિષય

ઉપર ખ્યાલ સરખો પહોંચે. નહિતર એ વિષયનો ખ્યાલ સરખો ન આવે. છતાં એ વિષય વેદનનો અને અનુભવનનો હોવાને લીધે આખરમાં જ્યાં સુધી એટલે ઊંડે ન જવાય ત્યાં સુધી એ વિષય ખરેખર સમજાતો નથી.

અધ્યાત્મના ન્યાયો સમજાય, એ સંબંધીના આગમ વચનોનો શબ્દાર્થ, ભાવાર્થ બંને સમજાય. એ સંબંધીની કોઈ દૃષ્ટાંત યુક્તિ હોય તો એ પણ સમજાય. કેમકે એ બધો વિચાર અને બુદ્ધિનો વિષય છે ખરો. પણ મૂળ વિષય તો, અનુભવન તો વેદન સહિત છે. એટલે જ્ઞાનમાં જે જ્ઞાનવેદન છે એ વેદન સુધી વળીને જ્યાં સુધી એ વિષયની સ્પર્શના ન થાય ત્યાં સુધી એ વિષયનું હાર્દ શું છે, એનો મર્મ શું છે, એનું રહસ્ય શું છે એનો પત્તો નથી લાગતો. એટલે વિદ્વાનોનો જે વિષય છે એ વિચારની મર્યાદામાં પૂરો થાય છે. જ્યારે જ્ઞાનીનો વિષય એથી આગળ છે. આમ વિદ્વાન અને જ્ઞાની વચ્ચે ફરક છે. ઘણો ફરક છે. પછી એવા કોઈ વિદ્વાન જ્ઞાનદશાને પામે ત્યારે તો બીજાને પણ ઘણું લાભનું કારણ થાય છે. કેમકે એ વિષયને વધારે સ્પષ્ટપણે અભિવ્યક્ત કરે છે, કરી શકે છે.

અહીંયાં પદ્ધતિ જુઓ ! '**બરાબર નિહાળો ! આ શરીરમંદિરમાં આ ચેતનદીપક શાશ્વતો છે.**' વિચારો એમ ન કહ્યું. અત્યારે જ તમે પ્રત્યક્ષ જુઓ વર્તમાનમાં મોજૂદ છે, હયાત છે. તમારા શરીર પ્રમાણ ચૈતન્યદીપક છે. એ જ્ઞાનની જ્યોતિ છે. એ ઝળહળતી જ્યોત છે. એ વેદનમય છે. સીધું વેદન ન પકડાતું હોય તો એને જાણવાથી પકડવામાં આવે છે કે જાણી રહ્યો છે તે આત્મા છે, જાણી રહ્યો છે તે આત્મા છે. પણ જાણવામાં એને અભ્યાસ અન્ય પદાર્થોનો છે. સ્વસ્વરૂપને જાણવાનો અભ્યાસ નથી. મુમુક્ષુજીવને અનાદિથી સ્વસ્વરૂપને જાણવાનો અભ્યાસ નથી. પણ એને રાગ અને દેહ ઉપરથી ઉઠાવીને જ્ઞાન સુધી લાવવા માટે એ જાણી રહ્યો છે એમ કહેવું છે.

જાણી તો રહ્યો છે. ઘણું જાણે છે. અનેક પદાર્થોને જાણે છે. આખો દિવસ-રાત જાણ્યા જ કરે છે. શું શું જાણે છે એ જો ગૌણ કરી શકે તો સારું. કેમકે જે કાંઈ જાણે છે એનાથી આ આત્માને જાણવાથી કંઈ સુખ નથી. 'રાજમલજી'એ પહેલા કળશની ટીકામાં લીધું કે છ

દ્રવ્યને જાણવાથી જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. અને પ્રયોજન તો સુખનું જ છે આપણને. અનુભવ કરીને પણ પ્રયોજન સુખનું છે. અને જાણીને કે કાંઈપણ કરીને પ્રયોજન તો સુખનું જ છે જીવને.

તો જો સુખનું પ્રયોજન છે તો અન્યને જાણતા સુખ નથી. કેમકે મુમુક્ષુ જીવ અન્યને જાણતા અન્ય સન્મુખ થાય છે, પરસન્મુખ થાય છે. પર સાથે એકત્વ એને થઈ જાય છે, સ્વરૂપનું એકત્વ નહિ હોવાને લીધે. સ્વરૂપની દૃષ્ટિ નહિ હોવાને લીધે. એટલે એ Side ને ગૌણ કરાવે છે. એક અનિવાર્ય પરિસ્થિતિ છે કે જ્ઞાન પોતે દર્પણવત્ હોવાથી અન્ય પદાર્થોનું પ્રતિબિંબ આવ્યા વગર નહિ રહે. કોઈ એમ કહે કે મારે નથી કોઈને જાણવા. તો એમ બની નહિ શકે. કૃત્રિમતા કરે કે ન કરે તોપણ એ બની નહિ શકે. કેમકે જે મુમુક્ષુની ભૂમિકામાં, છદ્મસ્થની ભૂમિકામાં એનો દેહ સહિતનો વ્યવહાર જ અન્ય પદાર્થો સાથેનો છે. ખાવું, પીવું અને જેટલી કોઈ પ્રક્રિયા છે એ જ આખો દિવસ એને અન્ય પદાર્થો સાથેનો વ્યવહાર છે. હું જાણું જ નહિ બીજા પદાર્થને એમ ગમે તેટલો વિચાર અને નિર્ણય કરે તોપણ એ તો બનવાનું નથી. બનશે શું ? કે જે કાંઈ જાણવા મળે છે એને ગૌણ કરવું છે. જે કાંઈ જ્ઞેયો જણાય છે એવા જ્ઞેયાકાર જ્ઞાનને ગૌણ કરવું છે. એમ એમાંથી તાત્પર્ય નીકળે છે. જ્ઞાન વિશેષને કહો કે જ્ઞેયાકાર જ્ઞાનને કહો, એને ગૌણ કરવું છે. એમ ત્યાં કહેવાનો અભિપ્રાય છે.

જો હું સતત જાણ્યા કરું છું. એમાં જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ એક જાણવું સામાન્ય છે. વિશેષ જ્ઞેયોના આકારો સાથે પણ મારે કોઈ સુખનું પ્રયોજન નથી. તો મુખ્યતા તો સુખના પ્રયોજનથી થાય છે. સુખબુદ્ધિએ મુખ્યતા આવે છે, સુખબુદ્ધિએ રસ આવે છે. જ્યારે એ વાત વિચારથી અમલમાં પ્રયોગમાં મૂકવામાં આવે છે, ત્યારે પહેલા પ્રયોગમાં એને જ્ઞાનવિશેષ ગૌણ થાય છે અને જ્યારે જ્ઞાન સામાન્યના અવલોકન ઉપર આવે છે, હવે નિહાળવાની વાત છે, જ્યારે પોતે જ પોતાનું જ્ઞાનસામાન્યને જોવે તો એ જોવે કોણ ? વિશેષ હોય તે જ જોવે. અહીંથી અંદર વળવું થાય છે. જે જ્ઞાનવિશેષ પરને જાણતા પરસન્મુખ આમ થતો હતો, એને પોતાને જાણવા માટે આમ થાવું પડે. જ્ઞાન સામાન્યને જોવા માટે. અને

જો જ્ઞાનસામાન્યને જોવે તો એમાં એને વેદન છે એમ માલુમ પડે.

વેદનના વિષયથી અધ્યાત્મ શરૂ થાય છે કેમકે એ વેદન ખુદ અનુભવસ્વરૂપ છે. એટલે વેદનના વિષયથી અધ્યાત્મ શરૂ થાય છે. જ્યાં સુધી વેદનના વિષય સુધી ન આવે ત્યાં સુધી આધ્યાત્મિક વિષય ઉપર આવવું બની શકે નહિ. એટલે એમની પદ્ધતિ જ આ છે. 'અનુભવપ્રકાશ'માં 'દીપચંદજી' સાહેબની પદ્ધતિ જ આ છે.

**'બરાબર નિહાળો ! આ શરીરમંદિરમાં આ ચેતનદીપક...'** જુઓ ! બે જગ્યાએ લીધું. આ-આ કરીને. પ્રત્યક્ષ લેવું છે. 'ઈસ શરીર મંદિરમેં યહ ચેતનદીપક શાશ્વતા હૈ.' બે જગ્યાએ આ લીધું. **'આ શરીરમંદિરમાં આ ચેતનદીપક...'** બેય વર્તમાન લઈ લીધા. **'શાશ્વત છે.'** કેમ ? કે **'મંદિર (શરીર) તો છૂટે છે, પણ શાશ્વત રત્નદીપક જેવો ને તેવો રહે છે.'** શરીર છૂટી જશે. આત્મા એમ ને એમ રહી જવાનો છે. શરીર છૂટતાં આત્માનો અભાવ કે આત્માનો વિનાશ નહિ થાય. અરે..! શરીર છૂટતા આત્મામાંથી કાંઈ ઓછું પણ નહિ થાય.

અમારે ભાઈના Accident વખતે આ ચર્ચા ચાલતી હતી. કે આ હાથ કપાઈ ગયો છે એ તો તમને ખબર પડી ગઈ ? કહે હા. એ ખબર પડી ગઈ કે હાથ તો કપાઈ ગયો છે. તમે હવે તપાસીને કહો, જોઈને કહો કે તમારા આત્મામાંથી શું કપાઈ ગયું ? કેમકે હવે તો વિચારવાનો શબ્દ નથી. આ તો નજર સામે છે. જે દેખાતો હતો હાથ એ અહીંયાં નથી. તો હાથ નથી તો હાથ કપાઈને ક્યાંક ગયો એ તો ખોવાઈ ગયો. પણ આત્મામાંથી શું ગયું ? એ કહો જોઈ. કાંઈ અનુભવ થાય છે આત્મામાંથી ગયું હોય એવો ? તમને કાંઈ અનુભવ થાય છે કે આત્મામાંથી કાંઈ કપાઈ ગયું ? કટકો થઈ ગયો આત્માનો ક્યાંય ? શરીરનો જરૂર કટકો થઈ ગયો. એ પ્રત્યક્ષ વાત છે. તમારા આત્મામાંથી કાંઈ કટકો થયો હોય એવું અનુભવાય છે ? કહે, નહિ. બિલકુલ નહિ. એવું કાંઈ નથી લાગતું. અમારી ચર્ચાનો વિષય હતો.

જુઓ ! શરીરની સત્તામાં અને શરીરની વેદનાની સત્તામાં, કેમકે એ શરીરની પર્યાય છે, ચૈતન્યની સત્તા નથી. આત્માની સત્તા નથી. આત્માની હયાતી છે એ એક એવું અખંડ દ્રવ્ય છે, શાશ્વત દ્રવ્ય છે કે વિનાશ તો થવાનો પ્રશ્ન જ નથી, એ તો વિચારવા જેવી પણ વાત

નથી, પણ એમાંથી કાંઈ ઘટતું નથી. એક પ્રદેશ ઘટે નહિ, એક ગુણ ઘટે નહિ. અને અનંત ગુણમાં જે સુખ ગુણ છે એ અનંતા સુખમાંથી કાંઈ પણ ઓછું થાય નહિ. ચિંતા કોની કરવાની કહો હવે ? પરથી હું શૂન્ય છું અને મારા અનંત સુખાદિ ગુણોથી ભરપૂર છું. ઓથ કેટલી છે ? અનંત ગુણોની ઓથ છે પોતાને અને અનંત સુખની ઓથ છે.

એટલે સમ્યગ્દૃષ્ટિ નિઃશંક છે. આ વિષયમાં જ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ નિઃશંક છે, નિર્ભય છે. કેમકે **'ज्ञानं सदा विन्दति'**. 'નિર્જરા અધિકાર'માં 'અમૃતચંદ્રાચાર્યે' સાત કળશ લીધા. સમ્યગ્દૃષ્ટિ સદાય જ્ઞાનને અનુભવતો હોવાથી તે નિઃશંક અને નિર્ભય છે. નિઃશંક સતત સહજ એમ કરીને શબ્દો લીધા છે. **'ज्ञानं सदा विन्दति'**. એટલે એને પોતાની સંપત્તિનો વિચાર નથી કરવો પડતો. કેમકે જે વેદન છે એમાં અખંડ સ્વરૂપના અનુભવના અવલંબને એ વેદન છે. લક્ષમાં અખંડ સ્વરૂપ છે, વેદનમાં વર્તમાન જ્ઞાન છે.

તેના ઉપરથી કહે છે કે **'મંદિર (શરીર) તો છૂટે છે, પણ શાશ્વત રત્નદીપક જેવો...'** રત્નદીપક લીધો. ઘીનો દીવો ન લીધો, તેલનો દીવો ન લીધો, Electric નો Bulb ન લીધો. રત્નદીપક. કેમકે ઓલવાતો નથી. રત્નનું તેજ છે એ ઓલવાતું નથી. **'જેવો ને તેવો રહે છે. વ્યવહારમાં તમે અનેક સ્વાંગ નટની જેમ ધરો છો, નટ તો જેવો ને તેવો રહે છે.'** Actor કોઈ વખત ભિખારીનો વેશ લે, ભિખારીનો અભિનય કરે, કોઈ વખત મુગટ પહેરીને રાજાનો વેશ લે, રાજાનો અભિનય કરે. પણ એ સમજે કે હું જે છું એ છું. રાજાનો વેશ ધારણ કર્યો ત્યારે રાજા નથી અને ભિખારીનો વેશ કર્યો ત્યારે ભિખારી નથી. હું તો નટ જેવો ને તેવો છું.

**'તેવી રીતે બદ્ધ વા સ્પૃષ્ટ ભાવ કર્મનો છે.'** જે કાંઈ શરીર આદિ બંધાયેલો બદ્ધ છે, કર્મ આદિ સ્પર્શાયેલા છે અને જે કાંઈ કર્મનો ઉદય પ્રસંગ છે એ બધું કર્મનો ભાવ છે, કર્મનો પ્રસંગ છે. આત્મા એમાં સદંતર નથી. ક્યાંય આત્મા એમાં નથી. **'જેવી રીતે માટી અન્ય અન્યભાવ (આકાર) ધરવા છતાં એક છે,...'** માટીનો પિંડ છે. એ જ માટીના પિંડમાંથી પહેલા રામપાત્ર બનાવ્યું, કોડિયું બનાવ્યું. એને ગમ્યું નહિ કે આ બરાબર નથી. કાંઈક બીજો ઘાટ કરીએ. તો વળી લોંદો

કરીને પાછા એમાંથી કોઈ બીજો આકાર બનાવ્યો. તાવડીનો આકાર બનાવ્યો. તો માટી તો માટી જ રહી. આકાર ગમે તે થવા છતાં માટી તો માટી જ રહી.

**'જેવી રીતે માટી અન્ય અન્ય ભાવ (આકાર) ધરવા છતાં એક છે, તેવી રીતે (જીવદ્રવ્ય) અન્ય અન્ય પર્યાય ધરવા છતાં એક છે.'** મનુષ્યમાં, તિર્યંચમાં, દેવલોકમાં, તિર્યંચમાં અનેક પ્રકારના આકારો ધરવા છતાં જીવ એક જ છે. ભલે એના ભિન્ન ભિન્ન આકારો શરીર અનુસાર થયા, જે જીવ એકસરખો છે. બીજો દૃષ્ટાંત. **'જેમ સમુદ્ર તરંગો વડે વૃદ્ધિહાનિ કરે છે, તોપણ સમુદ્રપણાથી નિશ્ચલ છે,...'** ગમે એટલા મોજા ઉછળે. ભરતી આવે કે ઓટ આવે. સમુદ્ર એવડો ને એવડો ને એટલો ને એટલો જ છે. સમુદ્ર તરીકે એમાં કાંઈ વધઘટ થઈ નથી. ક્યારેય સમુદ્ર ઘટી ગયો ઓટ આવી ત્યારે અને ભરતી આવી ત્યારે સમુદ્ર વધી ગયો નથી. એની મર્યાદા બહાર સમુદ્ર જતો નથી.

**'જેમ સમુદ્ર તરંગો વડે વૃદ્ધિ હાનિ કરે છે, તોપણ સમુદ્રપણાથી નિશ્ચલ છે, તેવી રીતે (જીવદ્રવ્ય) વિભાવ વડે વૃદ્ધિ-હાનિ કરે છે,...'** જુઓ ! સ્વભાવ વડે ન લીધું. **'તેવી રીતે (જીવદ્રવ્ય) વિભાવ વડે વૃદ્ધિ-હાનિ કરે છે, (પણ) વસ્તુ નિજ અચલ છે.'** જે ગુણસ્વરૂપ છે એ પોતાના સ્વરૂપથી જરા પણ ચલાયમાન થતું નથી. ગુણનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યધાતુ એ એમ ને એમ જ રહે છે હંમેશા. એના વિભાવને લઈને વૃદ્ધિ હાનિ જોવામાં આવે છે.

**'જેવી રીતે સુવર્ણ વાનભેદ હોવા છતાં અભેદ છે,...'** એમાં બારવલું કર્યું, ચૌદવલુ કર્યું, સોળવલું કર્યું એ તો જે હતું એ જ રહ્યું છે. બીજી ધાતુની વધ-ઘટ કરી છે. મૂળ સોનું જેટલું હતું એટલું રહ્યું છે. આઠ વલ્લું કર્યું ત્યારે એટલી ને એટલી ચાંદી નાખી. અડધું થઈ ગયું સોનું ? કે નહિ. સોનું એટલું ને એટલું જ રહ્યું છે. વજન Double થયું છે. સોનું એટલું ને એટલું રહ્યું છે. એમાં કાંઈ ફેરફાર નથી.

મુમુક્ષુ :- પર્યાયમાં ફેરફાર થાય તો ..

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુ જેવી ને તેવી છે. પર્યાય તો તરંગ જ છે. સમુદ્રમાં તરંગમાંથી શું વધ-ઘટ થાય ? સમુદ્રમાં તરંગ ઊઠે એટલે કાંઈ વધ-ઘટ થઈ ? મોજું ઊછળ્યું, બેસી ગયું, ઊછળ્યું, બેસી ગયું. એમાં

શું વધ્યું ? પાણી આવ્યું ? ઉછળ્યું ત્યારે બહારથી પાણી આવ્યું ? કે નહિ. એ તો હવાની લહેર હતી. એ મોજું બેસી ગયું ત્યારે પાણી ઘટી ગયું ? કે નહિ. એમ છે. પર્યાય તો એવી રીતે તરંગવત છે.

**'તેવી રીતે કર્મથી અનેક ભેદ હોવા છતાં વસ્તુ (ચૈતન્ય) અભેદ છે.'** કર્મથી અનેક ભેદ છે. આ તિર્યંચ થયો, આ એકેન્દ્રિય થયો, આ બે ઇન્દ્રિય થયો, પંચેન્દ્રિય થયો, મનુષ્ય થયો. એ બધા ભેદ કર્મને કારણે છે. મૂળ વસ્તુમાં એવા કોઈ ભેદ નથી. એટલે એમ કહેવું છે કે જ્યારે કોઈ આત્માને પોતાના મૂળ સ્વરૂપનું અનુભવજ્ઞાન થાય છે ત્યારે એને એમ લાગે છે કે અનંત કાળમાં જેટલા ભવ મેં કર્યા એ ભવરૂપ હું ક્યારેય થયો નથી. હું મૂળ સ્વરૂપે એમ ને એમ રહી ગયો છું. અને અત્યારે આ જે ભવ વર્તમાનમાં વર્તી રહ્યો છે એ ભવસ્વરૂપે પણ હું નથી. આ એક વેશ છે. Temporary અમુક સમય પૂરતો મર્યાદિત. મૂળ વસ્તુ શાશ્વત એમ ને એમ રહે છે. અનાદિઅનંત હું એવો ને એવો છું. મારામાં કોઈ ફરક નથી. એવું એક અનુભવજ્ઞાન થાય છે કે ચૈતન્ય અભેદ છે.

મુમુક્ષુ :- પર્યાયને જોનારાને બધા ભેદ દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય જેવડો અને જેટલો જોવે તો. પણ જો મૂળ વસ્તુનું જ્ઞાન હોય તો પર્યાય ગૌણ થઈ જાય છે. એટલે તો 'આનંદઘનજી'એ ગાયું ને કે 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.' આપ તો બધાને શુદ્ધ સત્તાએ એકસરખા જુઓ છો. એને દ્રવ્યદૃષ્ટિ કહી, એને સમ્યગ્દૃષ્ટિ કહી. દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. એને દ્રવ્યથી મુક્તપણે જોવે છે. પર્યાયમાં..

'સોગાનીજી'એ એક પત્રમાં લખ્યું. અજ્ઞાની જીવને જ્ઞાની કેવી રીતે જોતા હશે ? જ્ઞાની એવી રીતે જોવે છે કે આ જીવ પોતાની વર્તમાન અવસ્થામાં પોતાના મૂળ સ્વરૂપને ભૂલ્યો હોવાથી અનેક પ્રકારની પોતાના વિષે કલ્પના કરે છે કે અત્યારે હું મનુષ્ય છું, પહેલા હું બાળક હતો, હવે હું યુવાન થઈ ગયો, હવે હું વૃદ્ધ થઈ ગયો. પણ એ મૂળ સ્વરૂપને ભૂલીને બધા પરિણામ કરે છે. એનું-પરિણામનું માત્ર એ જ્ઞાન કરે છે, મુખ્ય કરતા નથી. એ પોતાના સ્વરૂપને ભૂલ્યો છે ત્યારે એમ કરે છે ને ? બાકી એનું મૂળ સ્વરૂપ તો એવું જ છે. મૂળ સ્વરૂપ તો મારું

જેવું છે એવું જ એનું છે.

એટલે ૨૫૪ (પત્રમાં) 'કૃપાળુદેવે' બહુ ગંભીર વાત કરી દીધી કે જ્યારે જ્ઞાનીમાં પરમેશ્વરબુદ્ધિ થાય છે ત્યારે એનું જે મૂળ પરમસ્વરૂપ છે એ જોયું, પ્રગટ જે પરમેશ્વરપદ થયું એમની દશામાં એ દશાના અવલંબનભૂત જે પરમતત્ત્વ છે ત્યાં સુધી એમણે જ્ઞાનીના દર્શન કર્યા, મુમુક્ષુએ. જ્યારે એ જ એને દર્શન થયા ત્યારે એને એમ લાગ્યું કે ઓહો..! આ તો કોઈ મનુષ્યપણે પરમાત્મા છે. એનો અત્યારનો વેશ મનુષ્યનો છે પણ છે તો પરમાત્મા. ત્યારે સર્વ પ્રાણીઓને વિશે દાસત્વ મનાય છે. ક્યાં અનુસંધાન લઈ લીધું ? કે તમામ આત્માઓ આવા છે. હું આવો છું અને તમામ આત્માઓ આવા છે. હવે કોના પ્રત્યે રાગ-દ્વેષ કરું ?

માણસને શું છે, કોઈ પોતા પ્રત્યે રાગ-દ્વેષ કરે ને ત્યારે એને અસર બહુ થાય છે. કેમકે પોતે એમ માને છે કે જુઓ, મને આમ કહી દીધું, મને આવો કીધો, મને સારો કીધો અથવા મને ખરાબ કીધો. ત્યારે જ્ઞાની એમ જોવે છે કે એ તો બિચારો એને પોતાને ભૂલ્યો છે ને એટલે એવો જરાક થઈ જાય છે. પણ મૂળમાં એની વસ્તુ એવી નથી અને એ કહે છે એવો હું નથી. એ કહે છે એવો હું સારો પણ નથી અને એ કહે છે એવો હું ખરાબ પણ નથી. એ પોતાને જોવે છે માટે ગમે તેમ કલ્પે છે. પોતાને વિષે ગમે તેમ કલ્પે છે તો બીજાને વિષે પણ ગમે તેમ જ કલ્પે. અમે તો બધાને એક સત્તાએ જોવાવાળાએ છીએ, દ્રવ્યદષ્ટિએ જોવાવાળા છીએ. અમારી નજર એ છે. એનો ખ્યાલ આવે છે એના દોષનો, ગૌણ કરી નાખે.

મુમુક્ષુ :- 'બહેનશ્રી' કહેતા ને અમે તો બધાને ભગવાન જોઈએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- અમે તો બધાને સિદ્ધ જ જોઈએ છીએ. કેવા જીવને ? કે માથાનો વાઢનાર હોય એને પણ સિદ્ધ જ જોઈએ છીએ. એ ભલેને પોતાને ગમે તેમ માને. ... બહુ સાદી ભાષામાં Tone કેવો સરસ છે મૌલિક ! એ ભલેને પોતાને ગમે તેમ માને. અમે તો બધાને સિદ્ધ જ જોઈએ છીએ. એવી રીતે કર્મભેદથી ભેદ હોવા છતાં મૂળ ચૈતન્ય એવું ને એવું અભેદ છે. ઘણાં દષ્ટાંત લીધા છે.

'**(જેમ) સ્ફટિકમણી પુરી (રંગીન વસ્તુ)...**' કપડું હોય, ફૂલ હોય

ગમે તે. તેનાથી '**લીલો, લાલ ભાસે છે,...**' જેવી રંગીન ચીજ હોય એવો આખો સ્ફટિક દેખાય. એટલી બધી ઝાંય ઊઠે, નિર્મળતાને લઈને. '**(છતાં પણ) સ્વભાવ તો શ્વેત...**' એટલે નિર્મળ પારદર્શક છે. જ્યારે લાલ ઝાંયથી પરિણમી ગયો છે અને આખો સ્ફટિક લાલચોળ દેખાય, પોતાના સ્વરૂપે કરીને નિર્મળ પારદર્શક છે. માટે એવું દેખાય છે. જો નિર્મળ પારદર્શક ન હોય તો એવું દેખાત નહિ. લાલ ઝાંય જોવી છે કે સ્ફટિકનું મૂળ સ્વરૂપ જોવું છે ? જો લાલ ઝાંય જોઈશ તો તને સ્ફટિક નહિ દેખાય. એક લાલ પત્થર દેખાશે. આ કોઈ લાલ પત્થર જેવી ચીજ પડી છે. સ્ફટિક જોઈશ તો તને એની ઝાંયનું પણ જ્ઞાન થશે અને સ્ફટિકનું પણ જ્ઞાન થશે. બેય જ્ઞાન તને થઈ જશે.

'**પર તે પર છે.**' પર તે હંમેશા પર છે. '**નિજ ચેતનામાં પર નથી.**' અસ્તિત્વ નથી. નિજ ચેતનામાં પરનું અસ્તિત્વ નથી. ભલે એનું પ્રતિબિંબ પડ્યું હોય, તોપણ ઓલી ચીજ તો બહાર પડી છે. એનું અસ્તિત્વ આમાં આવ્યું નથી. અને જે ભ્રાંતિ થાય છે તે એનું અસ્તિત્વ ત્યાં હોવા છતાં પોતામાં અવધારી લે છે. આ એને સુખ-દુઃખનું કારણ છે. પર ચીજને જાણતા કાંઈ દુઃખ નથી. પરને પર તરીકે જાણતા કાંઈ દુઃખ નથી. પણ એમાં પોતાને ભૂલીને અસ્તિત્વ ગ્રહણ કરે છે. કાં પરમાં પોતાનું, કાં પોતામાં પરનું. એ રાગ-દ્વેષ અનેક પ્રકારના દુઃખભાવનું ઉત્પાદક થઈ જાય છે.

'**નિજ ચેતનામાં પર નથી. ષડ્‌ભાવ ઉપર ઉપર જ રહે છે.**' હાનિવૃદ્ધિના. છએ પ્રકારના ભાવ તો ઉપર ઉપર જ રહે છે. મૂળ વસ્તુમાં તો વધ-ઘટ થતી નથી. હાનિ-વૃદ્ધિ, ષટ્‌ગુણહાનિવૃદ્ધિ છે એ મૂળ સ્વરૂપમાં નથી. એ તો ઉપર ઉપર જ રહે છે. '**જળ ઉપર સેવાળની માફક.**' લીલ. સેવાળ એટલે લીલ હોય છે ને ? એકેન્દ્રિય છે. એકેન્દ્રિયના શરીર છે. એક કણીમાં પણ અસંખ્ય શરીર અને એક શરીરમાં નિગોદના અનંતા જીવ. જેમ જળ ઉપર સેવાળ રહે છે તે જળનું સ્વરૂપ નથી. જળ એવું નથી. કૂવો હોય, સરોવર હોય, શાંત પાણી હોય તો આખું લીલુછમ જેવું લાગે. ઉપર આખું પાણી જ એવું હોય એવું લાગે. પણ એ ઉપરની સેવાળ છે. આખું પાણીનું દળ છે એ સ્વચ્છ નિર્મળ છે.

એની ગુપ્ત શક્તિને વ્યક્તપણે જોઈ તમે. એવી રીતે આ આત્મામાં અનંત સામર્થ્ય ભરેલું છે એને વ્યક્તપણે જોઈને ભાવવું કે હું આવો છું. આમાં ભાવ શબ્દ લીધો છે. થોડી વિશેષ વાત છે. ઓલું તો પરદ્રવ્ય છે ને ? પણ એ પરદ્રવ્યના અસ્તિત્વને પોતામાં પકડી લે છે કે આ ફૂટે તો આ શરીરના રજકણો હાથમાં ન આવે. એટલા ફૂરચા-ફૂરચા બોલાય જાય મકાનોના અને શરીરના ત્યાં જે હોય એના, કે કોઈનો ક્યાંય પત્તો ન લાગે કોણ ક્યાં ગયું એ. તો એણે શું કર્યું ? પોતામાં ભાવી લીધો. એ Bomb ને વગર ફૂટ્યે પોતામાં ભાવી લીધો. હવે પર છે તો પોતામાં ભાવી લીધો. આત્મામાં ન આવી શકે. આત્માને તોડી-ફોડી ન શકે. આત્માને કાંઈ હાનિ ન કરી શકે. આત્માને સ્પર્શી પણ ન શકે, ફૂટે તોય. પણ પોતાને શરીરપણે કલ્પ્યો છે અને શરીરને તો હાનિ થવાની છે. એટલે એનું અસ્તિત્વ પોતામાં લઈ લે છે.

એમ કહે છે કે તું આત્માના અનંત સામર્થ્યને વ્યક્તપણે ભાવ. જે ગુપ્ત શક્તિ છે એને વ્યક્તપણે ભાવ તું. આવો હું મહાન છું. જેમકે જ્ઞાન શક્તિ છે તો કેવળજ્ઞાન જેટલો હું મહાન છું. અનંત સુખ મારામાં જાણે વ્યક્ત થતું હોય એવી રીતે એને ભાવ તું. આ શક્તિને વ્યક્ત કરવાની એક કાર્યપદ્ધતિ છે. શક્તિને વ્યક્ત કરવાની પરિણામની કાર્યપદ્ધતિ આ છે. એ કાર્યપદ્ધતિ. એમનો વિષય વિધિનો છે. આખા ગ્રંથમાં અનેક રીતે કઈ વિધિથી પોતાના અનુભવનું કાર્ય થાય એનો Practical sideનો બધો ચિતાર આપે છે, એમના શબ્દો છે એ. કે આમ કાર્ય થાય છે. જે પોતાની અવ્યક્ત શક્તિને વ્યક્તપણે ભાવે છે એને તે વ્યક્ત થાય છે. **'જેથી તે વ્યક્ત થાય.'**

શું લીધું ? કે હે '**ચિદાનંદ તમારી ગુપ્ત શુદ્ધશક્તિને વ્યક્તપણે ભાવ, જેથી તે વ્યક્ત થાય.**' આ એનું Science છે. એનું વિજ્ઞાન આ છે કે અવ્યક્ત શક્તિને વ્યક્તપણે ભાવવામાં આવે તો એ શક્તિ પરિણમીને વ્યક્ત થઈ જાય. બસ ! આટલું જ એનું વ્યક્ત કરવાનું આ વિજ્ઞાન છે.

ધ્યાતા પુરુષ ધ્યાનમાં શું કરે છે ? હવે વિચારો. ધ્યાતા પુરુષ આ જ કામ કરે છે. જો અંદર અનંત શક્તિનો ખજાનો, ભંડાર ભરેલો છે તો એને વ્યક્તપણે ભાવવું એકાગ્ર થઈને. એકાગ્ર Means કોઈ Disturbance

વચ્ચે ન જોઈએ. વિક્ષેપ પડ્યા વિના. એકધારું પોતાના સ્વરૂપને ભાવવું, અવ્યક્તને વ્યક્તપણે ભાવવું અને એ ભાવનામાં એકાગ્ર થવું એને ધ્યાન કહેવાય છે અને એને નિશ્ચયભાવના પણ કહેવાય છે. ચારિત્રને ભાવના પણ કહેવાય છે.

'નિયમસાર' આખો ગ્રંથ એ ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની ભાવનાનો ગ્રંથ છે. અને એમાં એમણે કારણ પરમાત્માને એવો ભાવ્યો છે અથવા એવો ધ્યાવ્યો છે. એમ કહો. એક સમયની ક્ષાયિક પર્યાયને પરદ્રવ્યં પરભાવં હેયં ઈતિ કહી દીધું છે. કેમકે એકલો પરમાત્મા લે છે. અવલંબનનો વિષય એક સમયની પર્યાય નથી. અવલંબનનો વિષય એ સમયની શુદ્ધ કેવળજ્ઞાનની પર્યાય અવલંબનનો વિષય નથી. એટલે કારણ પરમાત્મા જે અવલંબનભૂત તત્ત્વ છે એને વ્યક્તપણે ભાવે છે. અવ્યક્તને વ્યક્તપણે ભાવે છે.

મુમુક્ષુ :- આ અવ્યક્તને વ્યક્તપણે ભાવવાનું જે કાર્ય છે એ કાંઈ વિકલ્પરૂપ થોડું થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એમાં શું છે એ પ્રશ્ન ઉઠવાનું કારણ છે કે જેને ભાવવું છે એ નિર્વિકલ્પ છે. જે શક્તિરૂપ ગુપ્ત તત્ત્વ છે એ શક્તિમાં તો વિકલ્પ ક્યાંથી હોય ? વિકલ્પ-નિર્વિકલ્પ બંને તો અવસ્થાનો ધર્મ છે. મૂળ ચીજ તો શક્તિરૂપ હોવાથી નિર્વિકલ્પ છે. પછી એને વિકલ્પથી ભાવનાનું સાધન બનાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. કેમકે એને જોઈને ભાવવું છે, વિચારીને ભાવવું નથી.

આપણે શું કરીએ છીએ ? કે આપણી જે મુમુક્ષુદશામાં ભાવના છે એ સવિકલ્પાત્મક છે. વિકલ્પની સ્થિતિમાં ભાવના છે આપણી. અથવા ભાવુકતા છે એમાં વિકલ્પ મુખ્ય છે અને વિકલ્પનું અવલંબન છે. સ્વદ્રવ્યનું અવલંબન નથી ત્યાં સુધી પર્યાયનું અવલંબન છે અને એ વિકલ્પરૂપ પર્યાયનું અવલંબન છે. એ જે વિકલ્પથી સ્વરૂપને ભાવવાની પદ્ધતિ છે મુમુક્ષુની ભૂમિકાની, એ વાત કાર્યપદ્ધતિ જ અહીંયાં નથી. જ્ઞાનમાં નિર્વિકલ્પ તત્ત્વ છે. જે નિજ સ્વરૂપગ્રાહક જ્ઞાન છે. કાલે આવ્યું નહિ ? ૧૨૬માં કળશમાં. જે નિજસ્વરૂપ ગ્રાહક જ્ઞાન છે એમાં નિર્વિકલ્પ તત્ત્વને સ્વસ્વરૂપે ગ્રહણ કર્યું. પછી વચ્ચે વિકલ્પની આવશ્યકતા ક્યાં રહી ? જ્ઞાનનો તો એવો સ્વભાવ છે કે જેને જ્ઞેય

બનાવે એવા આકારે પરિણમી જાય. હાથીને જોવે તો અંદર હાથીનો આકાર ઊભો થાય. સર્પને જોવે તો સર્પનો આકાર ઊભો થાય છે જ્ઞાનમાં. ... નિર્વિકલ્પ તત્ત્વ છે અને પોતે છે. ઓલા તો બધા પરદ્રવ્ય છે. છતાં અંદર આવી ગયો હોય એવું લાગે ને ? આ તો પોતે જ છે. જે નિર્વિકલ્પ તત્ત્વ લક્ષમાં છે એટલે જ્ઞાનના લક્ષમાં છે એ હું છું એમ એને જ્ઞાન સીધું ભાવે છે. એકાગ્ર થાય છે. ભાવે છે એટલે શું કરે છે ? એકાગ્ર થાય છે. એકાગ્ર થાય છે એને ધ્યાન કરે છે એમ કહેવાય છે.

એમાં એકાગ્ર થવાની ઘણા Practice કરે છે પણ વસ્તુ જ્ઞાનમાં આવ્યા વિના નિજ સ્વરૂપના અવલંબન સિવાય જે કાંઈ અવલંબન છે એ પરતત્ત્વનું છે. અને પરતત્ત્વનું અવલંબન નિશ્ચંચળ દશા ન કરાવે. પરતત્ત્વના અવલંબને ચંચળતા રહે, રહે ને રહે છે. કેમ કે અચળ વસ્તુનું ધ્યાન નથી એમાં. જે કાંઈ ધ્યાન અંદરમાં અચળ વસ્તુનું હોવું જોઈએ એ અવલંબન નથી. પરપદાર્થ તો અમસ્તો પણ વિનાશક છે. એ તો શું કરે છે ? પવનને લ્યે છે. યોગના અભ્યાસીઓ છે એ શું કરે છે ? શ્વાસોશ્વાસ એની કલ્પના કરે છે એ. ચક્રની કલ્પના છે એ બધી. પણ એ થોડીક ચંચળતાને ઉપર ઉપરથી ઘટાડે છે.

આત્મધ્યાનનો વિષય સાવ જુદો છે. આત્મધ્યાનમાં તો આત્મા અનંત સુખનું ધામ હોવાથી જીવ ત્યાં સહજ આસક્ત થાય છે. જ્યાં જ્યાં સુખ જણાય, ન હોયને જણાય, તોપણ ત્યાં એકાગ્ર થઈ જાય. કલ્પનામાત્રથી. તો જ્યાં વાસ્તવિક સુખ ભરેલું હોય એ જો જ્ઞાનમાં આવે તો કેટલો આસક્ત થઈને એકાગ્ર થાય સ્વરૂપને વિષે ? એ અકૃત્રિમપણે એકાગ્રતારૂપ ધ્યાનની સાધના છે. અને પેલી કૃત્રિમતા છે. આત્મા અનાદિઅનંત અકૃત્રિમ ચૈતન્ય પદાર્થ હોવાને લીધે એને કૃત્રિમતા સાથે સુસંગતતા નથી. એને કૃત્રિમતા સાથે વિસંગતતા છે. સુસંગતતા નથી એને. આ સિદ્ધાંત છે. માટે સહજ સહજસ્વરૂપ છે આત્મા, સહજજ્ઞાન, સહજાનંદ, સહજ ચૈતન્ય. એ સહજ સ્વરૂપે રહેલું જે અકૃત્રિમ ચૈતન્યબિંબ છે એમાં સહજપણે જ સુસંગતતા સાધી શકાય છે. અસહજપણે કૃત્રિમપણે સુસંગતતા નથી સાધી શકાતી. અને એ ત્યારે જ સાધી શકાય કે જ્યારે એમાં અનંત સુખ દેખાય ત્યારે.

જ્યાં સુધી અનંત સુખ છે, છે એ ન ભાસે, આ તો છે એ

ભાસવાની વાત છે, નથી એની કલ્પના નથી કરવાની પરપદાર્થની જેમ, છે એને ભાસે એટલે એકાગ્રતાની ચારિત્રગુણમાં પરિણામની સ્થિતિ Automatic ઉત્પન્ન થાય. કૃત્રિમતા ન કરવી પડે. સહજપણે ઉત્પન્ન થાય. એને સહજ ધ્યાન કહે છે. એને સહજ સ્વરૂપનું સહજ ધ્યાન કહેવામાં આવે છે. અને એની આ રીતિ છે કે અવ્યક્તને વ્યક્તપણે ભાવવું. અવ્યક્ત શક્તિને વ્યક્તપણે ભાવવી. અનંત સુખ અવ્યક્ત પડ્યું છે એને વ્યક્તપણે ભાવવું એટલે અવસ્થામાં સુખની શરૂઆત થઈ જશે.

'**તું અવિનાશી રસનો સાગર,...**' એમ કહે છે. '**તું અવિનાશી રસનો સાગર, પરરસ કેમ મીઠો દેખ્યો...**' પરરસ એટલે સ્વાદ છે, સુગંધ છે, સુસ્વર છે એ પરરસને તેં મીઠો કેમ દીઠો ? તું જ ચૈતન્ય અમૃતરસનો સાગર છો. '**કે જેના નિમિત્તથી સંસારની ઘૂમરીઓ થઈ...**' સાગરમાં ઘૂમરીઓ થાય છે ને ? ઘૂમરીમાં વહાણ આવે એટલે ઊંધું પડી જાય. સવળું હોય એને ઊંધુ નાખી દે. એમ પરરસ ઉત્પન્ન થવાથી ચૈતન્યને વિષે, શાંત સમુદ્રને વિષે ઘૂમરીઓ ઉત્પન્ન થઈ. એ સંસારની ઘૂમરી ઉત્પન્ન થઈ. અને એ ઘૂમરીને '**ભલી જાણે સેવે છે** ?' ઘૂમરીમાં તો ચક્કર... ચક્કર... ચક્કર... એવો ફરીશ કે તારું ભાન ભૂલી જઈશ તું.

જેવી રીતે મદ્ય પીનારો મદ પીતો જાય અને દુઃખ પામતો જાય. એને એમ થાય કે મને સુખ વધે છે. જેમ વધારે પીવે તેમ વધારે સુખ થાય છે. વાસ્તવિકતાએ જેમ જેમ પીએ છે એમ દુઃખી થતો જાય છે. એમ વધારે ઘૂમરીઓમાં ભલું જાણી જાણીને સેવે તેમ તું ભૂલ્યો છો. એ રીતે પરપદાર્થમાં સુખબુદ્ધિએ જેટલો રસ આવે છે એટલો સંસાર વૃદ્ધિગત થાય છે. એટલો જીવ પોતાના સ્વરૂપને ભૂલીને ભાવથી દૂર જાય છે અને એનું જ્ઞાન કરાવીને ત્યાંથી જ્ઞાનીઓ જીવને પાછો વાળે છે. અહીં સુધી રાખીએ... સમય થઈ ગયો છે.

અનુભવપ્રકાશ' તો બહુ સુંદર અનુભવનો ગ્રંથ છે. શૈલી એવી લીધી છે. એકદમ વિધિનો વિષય, રીતનો વિષય બહુ ચોખ્ખો કર્યો છે. ફેરવી ફેરવીને. રીત તો એક જ પ્રકારે છે. એમનું કહેવાનું સામર્થ્ય ઘણું છે. એટલે પદ્ધતિ જુદી જુદી, કથનની પદ્ધતિથી વિધિના વિષયને 'દીપચંદજી' પોતે બહુ વ્યક્ત કરે છે.

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજું કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય - | |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમકિતનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ-૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ-૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ-૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૮૬ | રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૧ | રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૪ | રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૫ | રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૬ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૭ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૮ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૯ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૦ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मुल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाइ द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |

| | | |
|---|---|---|
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्धिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |

| | | |
|---|---|---|
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |

| | | |
|---|---|---|
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मस्धा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ | मुक्तिनो मार्ग (गुजराती) | १००० |
| ११२ | प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ | प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ | प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ | प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |

| | |
|---|---|
| ११६ धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० जिन प्रतिमा जीन सारखी | ५०० |
| १२१ स्मरण संचिका | १५०० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी) | १००० |
| १२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी) | १००० |
| १२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी) | १००० |
| १२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी) | १००० |
| १२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी) | १००० |
| १२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी) | १००० |
| १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १३५ राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ राज हृदय (भाग-११) (गुजराती) | १०० |
| १३८ राज हृदय (भाग-१२) (गुजराती) | १०० |
| १३९ राज हृदय (भाग-१३) (गुजराती) | १०० |
| १४० राज हृदय (भाग-१४) (गुजराती) | १०० |
| १४१ राज हृदय (भाग-१५) (गुजराती) | १०० |
| १४२ राज हृदय (भाग-१६) (गुजराती) | १०० |
| १४३ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १४४ अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |
| १४५ अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती) | १५० |
| १४६ अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती) | १५० |
| १४७ अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती) | १५० |
| १४८ अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती) | १५० |
| १४९ अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती) | १५० |
| १५० अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती) | १५० |

## પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે